यके शिक्षित युवा महाशयोंकी सभा है उसने भारतवर्षीय दिगम्बर महासभाके सालाना जलसेमें शामिल होकर गत दिसम्बर मासके बडे दिनोंकी छुट्टियोंमें अम्बाला छावनीके अन्दर खास करके एक यह प्रस्ताव प्रगट करके स्वीकार कियाके इस समय जैन श्वेताम्बर और दिगाम्बर सम्प्रदायको मुनासिब है के आपसमें सम्प करके अपने समुदायकी उन्नति करें और अपने धर्मकी उन महाशयोंके अनुचित हुमलोंसे रक्षा करें के जिनको इस धर्मका पूरा बोध नहीं है. इस शुभ प्रस्तावके अनुकूल दिगाम्बर सम्प्रदायके साथ पत्रव्यवहार हो रहा है और दिगाम्बर सम्प्रदायकी तरफसे इस बातकी सूचना दिई गई है के इस प्रस्तावके मुवाफिक श्वेताम्बर सम्प्रदायमेंभी प्रस्ताव किया जाकर इस कार्यवाहीको सफलताके साथ प्रचारमें लाई जावे तो श्रेष्ठ होगा. यह बिचार दिगाम्बर भाईयोंका स्तुति पात्र है के उनोंने उस प्रबल अरुचिको के जो चिरंकालसे मिथ्याभिमान करके हृदगत होरही है, नष्ट करके परस्पर मैत्री भाव बढानेमें उद्यत हुये है. हम आशा करते हैं के हमारे श्वेताम्बर भाई इस प्रस्तावपर पूरा ध्यान देंगे. और सम्पका जो अच्छा अवसर मिला है उसको हाथसे न जाने देंगे.

---

## શ્રી વીર ભગવાનના ચરિત્ર ઉપરથી

# જન સમાજે ગ્રહણ કરવા યોગ્ય બોધ.

(લખનાર—ઝવેરી માણેકલાલ ઘહેલાભાઈ-મુંબઈ.)

અહો માનવ બાંધવો! જે કાળમાં વિચાર કરવાનો સમય મળ્યો છે કે હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, ક્યાં જવાનો છું, આ દૃશ્ય જગત શું છે, મારો અને તેનો શું સંબંધ છે, અને મારૂં શું કર્ત્તવ્ય છે, તે કાળને હું ખરેખર શ્રેષ્ઠ માનું છું.

અન્ય મતવાળા આ સાંપ્રત કાળને કળીયુગ કહે છે અને જૈન ધર્મમાં તેને પાંચમો આરો કહે છે. આ ભર્તક્ષેત્રમાં કાળના બે વિભાગ થાય છે તેમાં એક ઉત્સર્પિણી અને બીજો અવસર્પિણી છે. આ બે વિભાગના પેટા વિભાગો ૧૨ છે અને તે દરેકને આરા કહેવામાં આવે છે. આ રીતે ઉત્સર્પિણીના છ આરા છે; ઉત્સર્પિણીમાં દિન પ્રતિ દિન આયુષ્ય, બળ, સુખ, જ્ઞાન અને તેનાં સાધનો સારાં થતાં જાય છે અને તેથી વિપરીત અવસર્પિણીમાં આયુષ્ય આદિ હીન થતાં જાય છે. એટલે કે ઉત્સર્પિણીમાં હંમેશ ચઢતી થાય છે અને અવસર્પિણીમાં પડતી થાય છે. હાલ આપણે અવસર્પિણી કાળમાં છીએ અને તેમાં પણ ચાર આરા ગયા છે એટલે પડતીની સીમાની નજીક આવી પહોંચ્યા છીએ. આ ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ત્રીજા અને ચોથા આરામાં આ ક્ષેત્રમાં ધર્મનું સ્થાપન કરનાર ચોવીસ તિર્થંકર ભગવાનો થાય છે. અને તેઓ લોકોને દુઃખમાંથી છોડાવી પરમાનંદ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. આ અવસર્પિણીમાં પણ તેવા ચોવીસ

મહાત્માઓ થઇ ગયા છે અને આપણા પરોપકારી શ્રી વીર ભગવાન કે જેમના ચરિત્ર ઉપરથી આપણે કેમ વર્તવું તે વિચાર કરવા બેઠા છીએ, તેઓ શ્રી ચોવીસમા તીર્થંકર મહારાજ થયા છે.

આ છેલ્લા ભગવાનનો જન્મ વિક્રમ સંવત પહેલાં ૪૭૦ વર્ષ અગાઉ ચૈત્ર સુદી ૧૩ તેરસને દિવસે ઉત્તર હિંદુસ્તાનના બિહાર પ્રાંતમાં ક્ષત્રિયકુંડ નામના ગામમાં થયો હતો. ભગવાનના પિતાશ્રીનું નામ સિદ્ધાર્થ રાજા હતું અને માતાજીનું નામ ત્રીશલા દેવી હતું. આ સિદ્ધાર્થ રાજા ઇક્ષ્વાકુ વંશના હતા અને તેમને પ્રથમ પુત્ર નંદીવર્ધન નામના હતા અને એક દુહિતા સુદર્શના નામની હતી. એટલે ભગવાનને એક જેષ્ઠ બંધુ અને એક જેષ્ટ ભગીની હતાં. સિદ્ધાર્થ રાજાએ ભગવાનનું વર્ધમાન એવું નામ પાડયું અને શક્રેન્દ્રે ભગવાનનું મહાવીર નામ પાડયું. બૌદ્ધ શાસ્ત્રમાં તેમને નિગ્રંથજ્ઞાતપુત્ર પણ કહે છે. માતાપિતાના આગ્રહથી યોગ્ય વયે ભગવાને સમરવીર રાજાની પુત્રી યશોદાદેવીનું પાણીગ્રહણ કર્યું અને તેમનાથી પ્રિયદર્શના નામે દુહિતા થઈ હતી જેમને મહા કુળવાન અને સમૃદ્ધિવાન રાજપુત્ર જમાલી સાથે પરણાવી હતી. આ પ્રમાણે ભગવાનનાં નામ, કુળગોત્ર અને નિકટ સંબંધીઓના નામ માત્ર જણાવી હવે પ્રસ્તુત વિષય ઉપર વાંચકોનું ધ્યાન ખેંચું છું.

## ભગવાને કરેલી માતૃપિતૃ ભક્તી.

તિર્થંકરો હંમેશ ત્રણ જ્ઞાન સાથે ગર્ભાવસ્થામાં હોય છે અને તે નિયમ પ્રમાણે આ વીર ભગવાન પણ મતી, શ્રુત અને અવધી જ્ઞાન સહીત ગર્ભાવસ્થામાં હતા. પોતે કોણ છે અને કયાં છે તે પોતાની સ્થિતીને જાણતા હતા. પોતાના હલન ચલન આદિ કરવાથી માતાને દુઃખ થશે તેથી તેમ ન કરવાનો ભગવાને વિચાર કર્યો અને તે પ્રમાણે સર્વ અંગોને સંકોચીને યોગીની પેઠે ગર્ભાવસ્થામાં ભગવાન નિશ્ચય રહ્યા હતા.

ભગવાનના આ કાર્ય ઉપર વિચાર કરી જે ભગવાન ગર્ભમાંથી માતાને દુઃખ થાય તેની કાળજી રાખતા હતા તે ભગવાન કોઈપણ સમયે માતાના મનને જરા પણ કલેશ થાય તેમ કરવાની વાત પણ કરે ? અને તેમ કરનારને સારો ધારે ? માતાપિતા કેવાં ઉપકારી છે અને તેમનો કેવે પ્રકારે વિનય કરવો જોઈએ તે વાત પોતે સ્પષ્ટ પણે ભગવાને કરેલી આજ્ઞાઓમાં જણાવેલી છે. અને કહ્યું છે કે માતાપીતાના ઉપકાર પુત્ર કોઈ પણ રીતે ફેડી શકતો નથી. કદિ કોઈ પુત્ર પ્રાતઃકાળમાં ઉઠીને માતાપિતાને નમસ્કાર કરે, તેઓને અંગે તેલાદિક ચોળીને તેમને પોતાને હાથે નવડાવે અને યોગ્ય ભોજન જમાડે અને તે પ્રમાણે યાવત્ જીવ સુધી કરી તેમની આજ્ઞા માને તોપણ તેમણે નિઃસ્વાર્થપણે પ્રથમ કરેલો ઉપકાર તે ફેડી શકતો નથી.

આ પરમ પુજ્ય ભગવાને આ પ્રમાણે કહ્યું છે. એટલુંજ નહિ પણ તે પોતે કરી બતાવ્યું છે. પોતાની સંસાર પ્રત્યે ઉદાસીન વૃત્તિ છતાં પણ માતાપિતાના આગ્રહથી

વીવાહ કરી ભગવાને સંસારમાં સામાન્ય માણસોની પેઠે ગૃહસ્થાશ્રમ સ્વિકાર્યો છે અને પોતાનાં માતાપિતા જીવ્યાં ત્યાં સુધી નિવૃત્તિ માર્ગ પણ અંગીકાર નહિ કરવાનો નિશ્ચય કર્યો છે. અને તેજ પ્રમાણે માતાપિતાના સ્વર્ગ ગમન થતાં સુધી એ નિયમ પાળ્યો પણ છે. ભગવાનનું આ ચરિત્ર ખરેખર અનુકરણ કરવા યોગ્ય છે.

અન્ય ધર્મમાં માતાપિતાની ભક્તિનાં અનેક દ્રષ્ટાંતોમાં શ્રવણ નામના બ્રાહ્મણનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે અને તે શ્રવણ નામના બ્રાહ્મણે પોતે જીવ્યો ત્યાં સુધી એક નીષ્ઠાથી માતા પિતાની ભક્તિ કરી છે. વળી જગ પ્રસિદ્ધ શ્રી રામચંદ્રજીએ પિતાના એક વચનને પાળવાને માટે ચૌદ વર્ષ સુધી વનવાસ સ્વીકાર્યો હતો તે વાત પણ પ્રસિદ્ધ છે. જો મહાત્માઓના ચરિત્રો ઉપર વિચાર અને મનન કરવામાં આવે તો તેનાથી ઘણા લાભો થાય તેમ છે. પણ હાલમાંની પ્રવૃત્તિ એવી થઇ ગઈ છે કે શાસ્ત્ર વાંચતાં સુધી કે સાંભળતાં સુધી તેના ઉપર લક્ષ રાખવામાં આવે છે અને જ્યારે પોતાને કસોટીઉપર ચઢવાનો પ્રસંગ આવે ત્યારે શાસ્ત્રો અને ગુરૂ વાકયોને બાજુપર નાંખવામાં આવે છે. આથી વાસ્તવિક રીતે શાસ્ત્રાદિથી વિપરીતપણે પ્રવૃતિ કરનારને લાભ ન થતાં ઉલટી હાની થાય છે અને તેના પ્રત્યક્ષ દાખલા જોવામાં આવે છે. વડીલોપાર્જીત મીલકતમાંથી બાપથી છૂટા પડી ભાગ માગનારા પુત્રોએ અને નવપરણીત વધુના શબ્દથી માતા સાથે કલેશ ઉત્પન્ન કરનાર અને તેને દુઃખ દેનાર પુત્રોએ ભગવાનના ચરિત્રનો વિચાર કરવાનો છે. ભગવાન પોતે કૃત કૃત્ય હતા અને તેજ ભવે મુકત થવાનું જાણુતા હતા છતાં પણ માતાપિતાની આજ્ઞાનું ઉલંઘન કર્યું નથી તો પછી હાલમાં પોતાના શા હવાલ થનાર છે તે પણ નહિ જાણનાર પુજ્ય માતાપિતાનાં મન અલ્પ કારણને લઈને દુભાવે, તેમણે કરેલા ઉપકાર પર પાણી ફેરવે અને તે ઉપકારને બદલે અપકાર કરે તેવા પુત્રના આ લોકમાં અને પરલોકમાં શું હાલ થશે તેનો ખ્યાલ પણ થઈ શકતો નથી. માટે હે બાંધવો! આ ભગવાનના ચરિત્રમાંથી માતાપિતાની ભક્તિ કરવાનો પાઠ શીખી તે પ્રમાણે પ્રવર્તન કરી સુખી થાઓ.

( અપૂર્ણ. )

---

### શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરી તૈયાર કરવા સારૂ

## જૈન ભાઇઓને વિનંતી.

( લખનાર—મોહનલાલ ચુનીલાલ દલાલ. બી. એ. મુંબઈ. )

વાંચક વર્ગને સારી પેઠે યાદ હશે કે બીજી અને ત્રીજી કોન્ફરન્સની બેઠકો વખતે હિંદુસ્તાનની જૈન ડીરેકટરી તૈયાર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને તે ઠરાવને પહેલ વહેલો અમલમાં મુકવાનું માન આપણા ભાવનગર વાસી જૈન ભાઈએ પોતાના શહેરની ડીરેકટરી કરીને ખાટી ગયા છે. હજારો માઇલની મુસાફરીની જહેમત ખેંચીને અને હજારો રૂપીયાના ભોગે વર્ષમાં એકવાર આયાણે કોન્ફરન્સમાં જે ઠરાવો પસાર

કરીએ છીએ તેનો બેશક એકદમ નહીં તો ધીમે ધીમે અમલ થયા કરવો જોઈએ અને અમને જણાવતાં ખુશી ઉત્પન્ન થાય છે કે અત્યાર સુધીમાં મળેલી કોન્ફરન્સની બેઠકોમાં પસાર થયેલા ઠરાવો અમલમાં મુકવાની શરૂઆત થવા માંડી છે અને ખાત્રીથી માનીએ છીએ કે આ પ્રમાણેના થોડા વર્ષના ઉત્સાહ ભરેલા ચાલુ પ્રયાસથી કોન્ફરન્સના સઘળા ઠરાવો અમલમાં આવેલા જોવાને આપણે ભાગ્યશાળી થઈશું. પરંતુ આ સઘળા ઠરાવોમાં હીંદુસ્તાનની જૈન ડીરેકટરી તૈયાર કરવાનો ઠરાવ એક એવા પ્રકારનો છે કે અમુક એક વ્યક્તિ યા સ્થળ આ ઠરાવને અમલમાં મુકવાને તદન અશક્ત છે જોકે તે સાથે એટલું પણ નક્કી છે કે દરેક જૈન વસ્તીવાલાં સ્થળની બલ્કે દરેક જૈનભાઇની મદદ વગર તેવી ડીરેકટરી તૈયાર થવી અશકય છે. આ ઠરાવ આવા પ્રકારનો હોવાથી જો દરેક સ્થળ પોતાની ડીરેકટરી તૈયાર કરે તો પછી તે ઉપરથી હીંદુસ્તાનની ડીરેકટરી તૈયાર કરવાનું ઘણુંજ સુગમ થઇ પડે. આપણે સઘળા સારી પેઠે જાણીએ છીએ કે ડીરેકટરી જેવી એક નોંધ વગર આપણા ધર્મ તેમજ આપણુ ધર્મી ભાઈઓ સંબંધીની ઘણીએક હકીકતથી આપણે બીનવાકીફ રહીએ છીએ અને હાલમાં આપણી કોન્ફરન્સ જે ધોરણથી કામ કરેછે તેને માટે તો ખાસ કરીને પોતાની મદદ યોગ્ય સ્થળે પહોંચે તેટલા સારૂ આવી ડીરેકટરીની ખાસ અગત્ય છે. આ ડીરેકટરી તૈયાર કરવા માટે આપણા શ્વેતાંબર મુર્તિપુજક જૈન ભાઈઓની વસ્તી કયાં કયાં સ્થળોમાં છે તે જાણવાની પહેલ વહેલી જરૂર છે કારણ કે જ્યાં સુધી આપણને તેવાં ગામોનાં નામોની ખબર નથી ત્યાં સુધી તેવાં ગામોની હકીકત પત્રવ્યવહાર યા માણસો મોકલી મેળવવી અશકય છે. આ સંબંધમાં કોન્ફરન્સમાં પસાર થયેલા ઠરાવમાં બતાવ્યા મુજબ આપણી વસ્તી, મંદિરો અને પ્રતિમાઓ, જ્ઞાન ભંડારો, પાઠશાળાઓ, પુર્વાચાર્ય પ્રણિત ગ્રંથો વીગેરે સંબંધી હકીકત આ પુસ્તકમાં એકઠી કરવાની છે. અને તેથી સર્વે ભાઈઓ સહેજ સમજી શકશે કે આવી ડીરેકટરી કેટલી બધી ઉપયોગી થઈ પડવાનો સંભવ છે. આવી ડીરેકટરીની અગત્યતા સર્વમાન્ય છે અને તેથી તે સંબંધમાં કાંઈપણ વિશેશ કહેવાની જરૂર નથી. આ બાબતમાં મુખ્ય સવાલ આ સઘળી હકીકત કેવી રીતે એકઠી કરવી એટલોજ છે. આવી ડીરેકટરી સંબંધી હકીકત એકઠી કરવા માટે શરૂઆતમાં આપણી વસ્તીવાળાં સ્થળોનાં નામોની પ્રથમ જરૂર છે અને જ્યાં તે સઘળાં તે આપણા જાણવામાં આવ્યાં એટલે ડીરેકટરી તૈયાર કરવાનો પહેલો અંક સમાસ થાયછે. આવી રીતે સ્થળોનાં નામો જાણ્યા પછી તે સંબંધી હકીકત એકઠી કરવી તે આ કાર્યનો બીજો અંક છે અને ઘણાં પાત્રોની મદદ વગર તે પુર્ણ રીતે ભજવવો મુશ્કેલ છે. દરેક ઠેકાણાની જૈન વસ્તીની જુદી જુદી હકીકત સાથે મનુષ્યવાર ગણત્રી કરવા સારૂ ઘણા માણસોની જરૂર છે અને તે માટે જેવી રીતે નામદાર બ્રીટીશ સરકાર તરફથી વોલંટીયરો મારફતે દર દશ દશ વર્ષે વસ્તીની ગણત્રી કરવામાં આવે છે તેવીજ રીતે જો આ કાર્ય કરવામાં આવે તો ઘણીજ સહેલાઈથી અને ઓછે ખર્ચે આપણા સંબંધી સર્વે ઉપયોગી હકીકત થોડી મુદતના અરસામાં આપણે મેળવવા શક્તીવાન થઈએ. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની મુંબઈની ઓફીસ તરફથી આવી રીતે ડીરેકટરી તૈયાર કરવાની શરૂઆત થોડા વખતમાં થનાર છે પરંતુ તે સંબંધમાં જુદા જુદા સ્થળોના જૈન ભાઇઓ પોત પોતાના

સ્થળની હકીકત પુરી પાડે નહીં ત્યાં સુધી સંપુર્ણ ડીરેક્ટરી તૈયાર થવી અશક્ય છે. આ પ્રમાણે હોવાથી આવી ડીરેક્ટરી સંપુર્ણ બનાવવા સારૂ નીચેની બે બાબતો ઉપર અમારા જૈન બાંધવોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

૧. આ માસીક જે જે ગૃહસ્થોના વાંચવામાં આવે તેઓને હીંદુસ્તાનના કોઈપણ ભાગમાં મોટા યા નાનાં જથ્થામાં આપણા જૈન ભાઈઓની વસ્તી ધરાવતાં પોતાની જાણમાં હોય તેવાં નાનાં યા મોટાં સ્થળોનાં જીલ્લાવાર નામો મુંબઈની કોન્ફરન્સ ઓફીસને મેહેરબાની કરીને બનતી ત્વરાએ લખી જણાવવાને વિનંતી છે.

કદાચીત કોઈ ગામમાં શ્રાવકનું ફક્ત એકજ ઘર હોય તોપણ તેવા ગામનું નામ લખી જણાવવું જોઈએ.

૨. જૈન વસ્તીવાળાં સ્થળોનાં નામો મળ્યા પછી તેવા સ્થળોની હકીકત અને ખાસ કરીને હજારો જૈનોની વસ્તીવાળાં ગામોની હકીકત એકઠી કરવાને ઘણાં માણસોની જરૂર છે અને તે માટે કોન્ફરન્સના કાર્ય તરફ દીલસોજી ધરાવનાર જૈન યુવાનોને પોતાના સ્થળની જોઈતી હકીકત એકઠી કરી આપવા માટે વોલંટીયર તરીકે કામ કરવાને વિનંતી કરવામાં આવે છે. આ પ્રમાણે ઇચ્છા રાખનાર ગૃહસ્થોએ તેમ કરવા પોતે ખુશી છે તે સંબંધી પોતાનાં નામો ગામ અને ઠેકાણાવાર મુંબઈની કોન્ફરન્સ ઓફીસને બનતી ત્વરાએ મોકલી આપવા મેહેરબાની કરવી.

આ પ્રમાણે પુરતી સંખ્યામાં વોલંટીયરો બહાર પડે તો ડીરેક્ટરી તૈયાર કરવાનું કાર્ય કોઈપણ રીતે મુશ્કેલ નથી. એ માટે આપણા ધર્માભીમાની યુવાનો કે જેઓ પોતાના જૈન ભાઈઓની સેવા બજાવવામાં સદા તત્પર રહે છે તેઓના ધર્માભીમાન તરફ નજર કરતાં અમને સંપૂર્ણ ખાત્રી છે કે તે બાબતમાં કોઇપણ પ્રકારનો વાંધો આવશે નહિ. એકઠી થએલી હકીકતની તારવણી કરીને તેને પુસ્તક રૂપે પ્રગટ કરવામાં આ કાર્યના ત્રીજા અંકનો સમાવેશ થાય છે. અને તે સાથે આ અતિ-ઉપયોગી કાર્ય પૂર્ણ થશે. છેવટે આ પ્રયોગ આપણા જૈન ભાઇઓ પોત પોતાનો યોગ્ય ભાગ આ કાર્યમાં જોઈતી મદદ આપીને સંપૂર્ણ અને યોગ્ય રીતે ભજવશે તેવી અમારી નમ્ર વિનંતી છે.

---

# આગમોદ્ધારની આવશ્યકતા.

## પીસ્તાળીસ આગમોમાંનું એક મળતું નથી.

## મુની મહારાજો તથા સુજ્ઞ શ્રાવકોને વિનંતી.

જૈન ધર્મનો મુખ્ય આધાર આગમો અથવા સૂત્રોઉપર છે. આ સૂત્રો ગણધર મહારાજાએ રચેલાં છે અને તેના ઉપર જુદા જુદા આચાર્ય ભગવાનોએ ભાષ્ય, ટીકા, નિર્યુક્તિ અને ચુર્ણિ રચી છે અને આ તમામ પંચાંગી કહેવાય છે.

સંવત ૫૦૦ ની સાલમાં દેવર્દ્ધી ગણી ક્ષમાશ્રમણ નામના આચાર્ય મહારાજાએ મહા પ્રયાસે હાલના ૪૫ આગમ છે એમ સિદ્ધ કરીને તે વખતે તાડપત્રો ઉપર મોટી મુશ્કે

લીથી લખાવી રાખ્યાં છે. જ્યારે આ દેવર્દ્ધી ગણી મહારાજાને લાગ્યું કે ધર્મના આધાર રૂપ આગમોનું જ્ઞાન મુની મહારાજાઓ ભુલતા જાય છે ત્યારે તેઓશ્રીએ તમામ અથવા જેટલા બને તેટલા મુનીઓને પાલીતાણે ભેગા કર્યા હતા અને ત્યાં જે જે મુનીમહારાજાઓને જેટલાં જેટલાં સૂત્રો યાદ રહ્યાં હતાં તેટલાં તેમાં લખાવી કહાડયાં. આ પ્રમાણે હાલનાં આગમો સાચવવાનો ઉપકાર આપણા ઉપર કરનાર દેવર્ધી ગણી ક્ષમાશ્રમણ માહરાજ છે.

શાસ્ત્રમાં આગમોનું વર્ણન સાંભળીએ છીયે ત્યારે જણાય છે કે આચારંગજીની પદ સંખ્યાથી સૂગડાંગજીની પદ સંખ્યા બમણી અને એમ બીજા સૂત્રની પદ સંખ્યા ઠામ બમણી હતી. તે હીસાબે હાલના આગમો ¼ જેટલાં પણ રહેલાં લાગતાં નથી.

આ પ્રમાણે મુળ આગમોનો ઘણો મોટો ભાગ આજથી ૧૪૦૦ વર્ષ પહેલાંનોજ અદ્રશ્ય થયોછે અને હવે આપણે જો પ્રમાદ કરીશું અને આ શેષ રહેલા આગમોની પણ રક્ષા કરીશું નહીં તો આમાંથી પણ આગમો ઓછાં થશે માટે જે જે મુનીરાજો પાસે અથવા ગૃહસ્થોપાસે જે જે આગમોની પ્રતો હોય તેનાં નામ, લખાયાની સાલ અને ટીકા, ભાષ્ય કે નિર્યુક્તિ જે હોય તે લખીને જૈન કોન્ફરન્સની મુંબઈની ઓફીસને લખી મોકલવા કૃપા કરવી.

હાલમાં આ શેષ રહેલા આગમોની મુળ શ્લોક સંખ્યા લગભગ ૮૦૦૦૦ થી ૯૦૦૦૦ ની ધારવામાં આવે છે અને ટીકા, ભાષ્ય, નિર્યુક્તિ અને ચુર્ણી વિગેરે મળી તમામની શ્લોક સંખ્યા સાતથી આઠ લાખની હોવાનું અનુમાન છે.

જેમ સરકાર તરફથી અનેક વિદ્વાનો રાખી શાસ્ત્રોની શુદ્ધ પ્રતો છપાવવાનું થાય છે તેમ આ આગમોની અનેક પ્રતો મેળવી તેમાંથી એક શુદ્ધ પ્રત કપડાપર (ટ્રેસીંગ કલોથપર )લખવાનો વીચાર કર્યો છે અને તેમ કરતાં શુદ્ધ કરામણી તથા ઘણાજ સરસ અક્ષરે લખામણીનો ખર્ચ દર એક હજાર શ્લોક પાછળ રૂ. ૨॥ નો થવાનો ધાર્યો છે અને આ પ્રમાણે આગમોના ઉદ્ધારના ખર્ચનો આંકડો રૂ. ૧૮૦૦૦ નો થાય છે તેમાં કપડું, ટપાલ ખર્ચ વીગેરેના રૂ. ૨૦૦૦ ગણતાં રૂ. ૨૦૦૦૦ ને આશરે ખર્ચ થવાનું અનુમાન છે.

જે મુની મહારાજાઓ, યતી મહારાજો અને ગૃહસ્થો તરફથી આ આગમોદ્ધાર કરવાના કામ માટે પોતા તરફથી જે આગમની પ્રત મોકલી આપવામાં આવશે તેમને આ કામ પુરૂં થતાં તેમણે મોકલેલી પ્રત તથા તે સાથે ઘણાજ મજબુત અને આ કામ માટે ખાસ બનાવેલા કાગળ ઉપર ફોટોટાઈપથી ઉતારેલી શુદ્ધ પ્રત આપવાનો વીચાર રાખ્યો છે અને આ કાર્યમાં તેઓશ્રીએ મદદ કરી છે તેથી તેમને મોકલી આપવા ધારેલી પ્રત નીચે તેમનો ફોટોગ્રાફ પણ છાપી આપવાનું રાખ્યું છે અને આ પ્રમાણે ભેટ આપવાની પ્રતો વીગેરેનો ખર્ચ રૂ. ૫૦૦૦ થવો ધાર્યો છે.

આ પ્રમાણે કુલ રૂ. ૨૫૦૦૦ કોન્ફરંસ ફંડમાંથી કે બીજા જ્ઞાન ખાતાઓમાંથી અથવા ટીપ કરી ભેગા કરવાનું થાય તો આ કાર્ય પુર્ણ થવા સંભવ છે.

ઘણીજ ત્વરાથી આ કાર્ય કરવામાં આવે તો પણ તમામ આગમોદ્ધાર થતાં ત્રણથી ચાર વર્ષ થવાનો સંભવ છે અને છેવટની પ્રત સાંપ્રત કાળમાં આગમોનું જ્ઞાન ધરાવનાર અને આ કાર્યને મદદ કરવા ઈચ્છનાર મુની મહારાજોને બતાવી પછી કપડાઉપર લખાવવાનું ધાર્યું છે.

કોન્ફરંસના સેક્રેટરી સાહેબોની મંજુરી મળતાં આ કાર્ય શરૂ કરવાનું છે અને તે માટે તમામ જૈન ભાઇઓને અને વિદ્વાન મુની મહારાજોને અમારી વિનંતી છે કે સર્વેએ આ કાર્યમાં પોતાનાં તન, મન અને ધનથી મદદ કરવી.

જો કોઈ ગૃહસ્થ પાસે યા દેરાસરજીમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય હોય અને તેઓ જો ખુશીથી તેમાંનું થોડું યા બહુ આ ખાતામાં આપશે તો તેઓને પણ આગમની રક્ષા રૂપ મોટો લાભ થવાનો છે.

તેમજ જો કોઇ મુની મહારાજ આ પીસ્તાળીસ આગમો પૈકી પોતાની ઇચ્છાનુસાર અમુક આગમની શુદ્ધ પ્રત લખાયા પછી તપાસી આપી તેમાંની દૃષ્ટીદોષથી રહેલી અશુદ્ધતા દુર કરી આપવાની ઈચ્છા બતાવશે તો તે પણ અરેખરૂં પુન્ય ઉપાર્જન કરી આગમ રક્ષાના મહત્ કાર્યમાં ભાગીદાર થશે. આ સંબંધી વિશેષ માહીતી મુંબઇની કોન્ફરંસ ઓફીસમાંથી મળી શકશે.

લી.

| | |
|---|---|
| સરાફ બજાર, મુંબઈ.<br>તા. ૨૮—૨—૧૯૦૫ | શ્રી સંઘનો દાસાનુદાસ<br>માણેકલાલ ઘેલાભાઈ જવેરી,<br>રેસીડંટ જનરલ સેક્રેટરીની એડવાઈઝરી<br>બોર્ડના મેંબર. |

---

જૈન ડીરેકટરી તૈયાર કરવા સારૂ જૈનભાઇઓને

## જાહેર ખબર.

હિંદુસ્તાનની જૈન ડીરેકટરી તૈયાર કરવાનું કાર્ય મુંબઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી શરૂ કરવામાં આવ્યું છે. અને તે માટે હિંદુસ્તાનના જુદા જુદા ભાગોના જૈન ભાઈઓની વસ્તીવાળાં ગામોનાં નામો જાણવાની જરૂર છે તો દરેક જૈનભાઈઓને જેટલાં ગામોનાં નામો પોતાની જાણમાં હોય તેટલાં બને તો જીલ્લાવાર નીચેને સરનામે લખી મોકલવા વિનંતી કરવામાં આવે છે.

શ્રી જૈન કોન્ફરન્સ ઓફીસ.
સરાફ બજાર, મુંબઈ.

---

## જૈન ભાઇઓને અગત્યની સુચના.

પોત પોતાના સ્થળમાં જૈન ધર્મ અને જૈન કોમની ઉન્નતીને લગતી દરેક બાબતની ખબર આ માસીકમાં પ્રગટ કરવા માટે દરેક માસની તા. ૧૫ મી, પેહેલાં અમને મળે તે પ્રમાણે મોકલી આપવા જૈન બંધુઓને ખાસ વિનંતી કરવામાં આવે છે. વિદ્વાન જૈન બંધુઓને પણ લોકોપયોગી વિષયો આ માસિક માટે લખવા સારૂ અરજ કરવામાં આવે છે.

અધિપતિ.
જૈન કોન્ફરન્સ હેરલ્ડ, જયપુર.

### શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ.

# જાહેર ખબર.

## ૧. જુદા જુદા ધંધાઓ શીખવા માટે મદદ.

| ધંધો | હાલમાં મંજુર થએલી સંખ્યા. | માસિક સ્કોલરશીપ રૂપીઆ. |
|---|---|---|
| કમ્પોઝીટર | ૧૦ | ૫ |
| સ્ટીરીઓટાઈપ અથવા રસાયણી ક્રીયાથી પુસ્તકો છાપવાની રીત | ૫ | ૫ |
| લહીઆનું કામ | ૧૫ | ૫ |
| બુક-કીપીંગ ઇંગ્રેજી | ૫ | ૮ અને ફી. |
| શોર્ટ હેન્ડ રીપોર્ટીંગ ઇંગ્રેજી | ૫ | ,, |
| ટાઇપ રાઈટીંગ | ૫ | ,, |
| ઘડીઆળ દુરસ્ત કરવાનું કામ. | ૨ | ,, |
| ગીલીટ કરવાનું કામ. | ૨ | ,, |
| રબર સ્ટેમ્પ બનાવવાનું કામ | ૨ | ,, |

ઉપર પ્રમાણેની સ્કોલરશીપો તથા મોટાં શહેરોમાં જુદા જુદા પદાર્થોની ફેરી કરવાની ઈચ્છા રાખનારને ખાત્રી આપ્યેથી રૂપીઆ પાંચથી દસ સુધીનો માલ ધીરાવી આપવાની સવડ કરી આપવામાં આવશે. વધુ ખુલાસા માટે જાતે મળવું અથવા પત્રવ્યવ્હાર કરવો.

૨. આંધળાં પણ જુવાન અને કામ કરવાને શક્તિવાન જૈનોને સારી રીતે ગુજરાન ચલાવી શકાય તેવા ધંધાઓ શીખવવાની તજવીજ શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ તરફથી કરાવી આપવામાં આવશે. અને જ્યાં સુધી તેઓ શીખી રહે ત્યાં સુધી ખાવા પીવા તથા રહેવા વીગેરેની ગોઠવણ પણ કોન્ફરન્સ તરફથી કરી આપવામાં આવશે. એ પ્રમાણે ઇચ્છા રાખનારે અમને લખી જણાવવું.

૩. મા બાપ વગરનાં બાળકોને તથા જેઓનાં માબાપ પોતાના બાળકોને કેળવણી આપવાની શક્તિ ધરાવતાં ન હોય તેવાં બાળકોને કોન્ફરન્સ તરફથી ખાવાપીવા વીગેરેની તથા કેળવણી આપવાની સવડ પડતે સ્થળે ગોઠવણ કરી આપવામાં આવશે. આવાં બાળકોના વાલી અથવા લાગતા વળગતાઓએ તે માટે અમને નામ ઠામ સાથે લખી જણાવવું.

૪. જૈન સ્ત્રી શીક્ષકો થવા માટે જૈન સ્ત્રીઓને ભલામણ:—બહાર ગામમાં ગૃહસ્થ વર્ગની જૈન સ્ત્રીઓ માટે સ્ત્રી શિક્ષકો તરીકે તૈયાર કરવા સારૂ જૈન સ્ત્રીઓ જોઇએ છે. સ્ત્રીઓને શરૂઆતમાં મુંબઇ શહેરમાં કેટલાંએક સારાં ઉપયોગી કામો કાબેલ સ્ત્રી શિક્ષકોના હાથ તળે શિખવવામાં આવશે અને તે વખતે તેમને માસિક રૂ ૧૦ થી ૨૦ ની સ્કોલરશીપ આપવામાં આવશે. તે પછી બહારગામમાં સ્ત્રી શિક્ષક તરીકે સારા પગારથી મોકલવામાં આવશે. તે પ્રમાણે ઇચ્છા રાખનારી જૈન સ્ત્રીઓએ નીચેને સરનામે લખવું. આવી સ્કોલરશિપો ૧૦ થી ૧૫ આપવાનો વિચાર છે. ભણેલી બહેનોએ આ તકનો લાભ લેવા ચુકવું નહિ.

સરાફ બજાર, મુંબઈ.<br>ફેબ્રુઆરી સને ૧૯૦૫.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.<br>સરાફ બજાર, મુંબઈ.

# कायदे.

१ हर महिने के अखीर में पत्र छपकर प्रगट होगा.

२. छपने के लिये विषय हर महिने की १५ तारीख तक पहुचना चाहिये.

३. छपने के लिये विषय जहां तक मुमकिन हो संक्षिप्त हो और सिर्फ कॉन्फरन्स सें सम्बन्ध रखते हों.

४ नाम निर्देश करके आक्षेप न किया जावे.

५. वार्षिक मूल्य अगाऊ देना चाहिये.

६. काम काज सम्बन्धी–जैसे के रुपय्या भेजना, ग्राहक बनना, पत्रके देरसे पाना, न पहुचने की शिकायत वगैरह वगैरह—पत्र व्यवहार आसिस्टैन्ट सेक्रिटरी जैन कॉन्फरन्स, श्राफ बाजार, मुम्बई के साथ करना चाहिये, और विषय छपाने वगैरह के सम्बन्ध में पत्र व्यवहार मिस्टर गुलाबचंद ढढ्ढा, जनरल सेक्रिटरी, जयपुर के साथ करना चाहिये.

७. जैन श्वेताम्बर ग्रेज्युएट्स एसोशियेशन के मेम्बरोंको और उनके साथ हमदर्दी प्रगट करनेवालों को पत्र मुफत मिलेगा.

८. नमूने की कापी असिस्टैन्ट सेक्रिटरीको दरखास्त करनेपर मुफत मिलेगी.

# જોઇએ છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં ગુજરાતી યા હિંદી ભાષામાં છટાદાર ભાષણો કરી શકે તેવા ઉપદેશકો જોઇએ છે. પગાર લાયકાત મુજબ સારો આપવામાં આવશે. તે માટે નીચેને સરનામે અરજીઓ કરવી:—

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ,
સરાફ બજાર, મુંબઈ.

દરેક જૈન કુટુંબમાં અવશ્ય હોવોજ જોઇએ.

# બીજી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સનો

# રિપોર્ટ.

મુંબઈમાં ભરાયેલી બીજી શ્રી જૈન ( શ્વેતાંબર ) કોનફરન્સનો રીપોર્ટ ત્યાંની રીસેપ્શન કમીટીના રીપોર્ટ સહીત તૈયાર છે. આ રીપોર્ટ સુંદર ગ્લેઝ કાગળ ઉપર બાલબોધ ટાઈપથી છાપેલ લગભગ ૪૦૦ પાનાનું કપડાના પુઠાનું સુંદર પુસ્તક છે. બીજી કોન્ફરન્સમાં બીરાજેલા ડેલીગેટોનું તથા તે વખતે જુદાં જુદાં ખાતાંઓમાં નાણાં ભરનારા ગૃહસ્થોનું લીસ્ટ, રીસેપ્શન કમીટીની જુદી જુદી સબ કમીટીઓના રીપોર્ટો વીગેરે ઘણીજ ઉપયોગી બાબતોથી ભરપુર છે. જુજ નકલો બાકી છે માટે વહેલો તે મંગાવો. આ રીપોર્ટ શ્રી જૈન ( શ્વેતાંબર ) કોનફરન્સ ઓફીસ તરફથી પ્રગટ કરવામાં આવ્યોછે અને તેથી તે પડતર કીંમતેજ વેચવામાં આવેછે. મૂલ્ય ફક્ત રૂ. ૦-૧૨-૦. બહારગામથી મંગાવનારાઓને વી. પી. થી મોકલવામાં આવશે.

મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન ( શ્વેતાંબર ) કૉન્ફરન્સ ઓફીસ,**

સરાફ બજાર—મુંબઈ.

# શ્વેતાંબર જૈન વિદ્યાર્થીઓને જાહેર ખબર.

વ્યહુવારીક અને કોઇપણ જાતના ઉદ્યોગને લગતી કેળવણી માટે જે કોઈ મુર્તિપુજક શ્વેતાંબર જૈન વિદ્યાર્થીને મદદની જરૂર હોય તેમણે પોતાની લાયકાત અને જરૂરીયત માટે બે સારા ગૃહસ્થોના સર્ટીફીકેટ તથા જ્ઞાતી, ઉમર, અભ્યાસ અને જોઇતી મદદ વીગેરે હકીકત સાથે નીચે જણાવેલ ઠેકાણે અરજી કરવી:—

**લાલભાઈ દલપતભાઈ,**

જનરલ સેક્રેટરી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

અમદાવાદ.

Registered " No. B. 525.

विर सम्वत् २४३१. ॐ विक्रम सम्वत् १९६१.

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A Conference monthly Journal conducted in English and Vernacular.)

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हैरैल्ड.

(मासिकपत्र.)

Vol. I, No. 3. पुस्तक १, नंम्बर ३.
March 1905 मार्च १९०५.

*Conducted by,*
GULAB CHAND DHADDA M. A. JAIPUR.

*Published by*
THE JAIN S. CONFERENCE OFFICE. BOMBAY.

संपादक
**गुलाबचंद ढढ्ढा एम्. ए.**

प्रगट कर्ता
**श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफ़िस–मुम्बई.**

Annual Subscription with postage Re. 1.

**वार्षिक मूल्य डाक महसूल समेत सिर्फ रु. १.**

## विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| Necessity of a Jain College. ... | 33 | ઉપદેશકનો રીપોર્ટ. ... ... | ... ૪૮ |
| Society for the Protection of Orphans. ... ... ... | 35 | જીવ દયા પ્રચારનો યોગ્ય રસ્તો. | ... ૫૧ |
| Hostel for Jain Students at Bhownagar. ... ... | 37 | આપણાં પિસ્તાળીસ આગમો.... | ... ૫૬ |
| श्री आगमोद्धार. ... ... ... | ३९ | પ્રાંતિક જૈન કોન્ફરન્સો. ... | ... ૫૭ |
| जैन कॉंग्रेसका विज्ञापनपत्र. ... ... | ४२ | આગમોદ્ધાર માટે વિનંતી. ... | ... ૫૮ |
| साधु मूनिराजोंके बिहारकी आवश्यकता. ... | ४४ | દક્ષિણ પ્રાંતિક કોન્ફરન્સની કમીટીઓ. | ૫૯ |
| જૈન સમાજે ગૃહણ કરવા યોગ્ય બોધ. | ૪૬ | ગુજરાત પ્રાંતિક કોન્ફરંસ.... | ... ૬૦ |
| | | વર્તમાનસાર. ... ... | ... ૬૩ |



# જાહેર ખબર.

## શ્રી લાલબાગ જૈન બોર્ડીંગ.

સર્વે જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવે છે કે ઇંગ્રેજી પ્રાથમીક અને કોલેજનો અભ્યાસ કરવા ઇચ્છનાર અને ટાઇપ રાઇટીંગ વીગેરે ધંધાઓનો અભ્યાસ કરવા ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓને નીચે લખ્યા પ્રમાણે સગવડ કરી આપવામાં આવે છેઃ—

રહેવાના મકાન ઉપરાંત પ્રત્યેક વિદ્યાર્થીને ખુરશી એક, ટેબલ એક, સુવાનો ખાટલો અને દીવાબતી.

જો કોઈ કલબમાં જમવા ખુશી હશે તો તેમને દરમાસે રૂ. ૧૦) સુધીના ખર્ચે જમવાની ગોઠવણ કરી આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમ કરી શકે તેવા નહિ હોય તેઓ જો કોન્ફરન્સના સેક્રેટરી સાહેબને મળશે તો તેમને ભોજન ખર્ચ પણ કોન્ફરન્સ તરફથી આપવાની તેઓ વ્યવસ્થા કરશે. ચાલુ વર્ષની બીજી ટર્મ જુન મહીનાના પહેલા અઠવાડીયામાં શરૂ થશે તેથી જે વિદ્યાર્થીઓ દાખલ થવા ઇચ્છતા હોય તેમણે પોતાની અરજીઓ તા. ૧૫ મી મે પહેલાં નીચેને ઠેકાણે કરવીઃ—

મુંબઈ, સરાફ બજાર,
કોન્ફરન્સ ઓફીસ.
તા. ૨૬–૨–૧૯૦૫.

મોહનલાલ હેમચંદ.
ઓ. સેક્રેટરી.
લાલબાગ જૈન બોર્ડીંગ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैवशोकाः नकलहकलनाः नारिमारिप्रकाशः,
नैवाधिर्नो समाधिर्नैव दुरदुरिते दुष्टदारिद्रतानो;
नो शाकिन्यो ग्रहानो नहरिकरिगणव्यालवेतालजालाः,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्तिभाजां ॥


# The Jain Swetamber Conference Herald.

Vol. I | *March, 1905.* | No. III.


## THE NECESSITY OF A JAIN COLLEGE.

There are two phases of a man's life—secular and religious. The former concerns with the existence of his clay cottage whereas the latter is required for the emancipation of the bird that lies imprisoned in this Cottage. Those who believe in the transmigration of the soul are prone, and their inclination is natural, to give precedence to the religious phase, as it is the only means of evolving the being from the lowest form of creation to the highest. They who neglect the development of religious element neglect their first and foremost duty to self directly and to others indirectly. The earlier development of both the phases depends solely on the general training of the female sex who have the sole charge of the child in its infancy. Man is an imitative creature and he learns by copying what is set before him. The child, wherever and in whatever age, born, is the child of the human being. The body, the limbs, head, &c. are common to all children, but the difference in the conduct of their parents creates a corresponding difference in the children. The child of an Englishman will learn to speak English, that of an Arab will learn to speak Arabic and that of a Hindu will begin speaking Hindustani by imitating the spoken language of its parents. These several children will necessarily be inclined towards the creed of their parents. They will cultivate the habit of cleanliness, truthfulness, uprightness, sobriety, &c., or the reverse according as they find their models laid before them for imitation.

To make exemplary Jains of your children, train their parents, and specially their mothers in the best possible way. Sound female education taken up in right earnest will help us three-fourths in our work of rightly educating our children. Our best thanks are due to Seth Lalbhai Dalpatbhai, the Supervising Secretary for Education, who has shewn keen tact and insight into matters educational, by giving prominence to female

education. All the great worthies, such as Napoleon, Washington, Macaulay &c., are the best and undefatiguable proofs of the good results of educated mothers. The soft and pliant mind and body of a child are susceptible to impressions from without and education begins not only when a child is born but from the very time when the child is in the embryo. It is therefore of vital importance that the mother ought to be well trained and the Jains of the present day would do well, instead of feasting so many hundreds, thousands, nay, tens of thousands of persons, to educate their females.

If a child receives sound religious education at home and imbibes the truths of those principles, there is no fear for him to spoil at school: rather the more he makes progress in his studies, the more convinced he becomes of the truths learnt in his infant days. But if he is let loose like an unbroken colt to graze wherever he can, you can easily conjecture the result. Better to remain satisfied with true and faithful Jains destitute of modern learning than to be encumbered with some of the long tailed but sceptic *alamni* of the present day. But the fault is not theirs. The blame lies immediately at the doors of their parents who, being themselves ignorant of their own religion, neglected the timely religious training of their children. The home education thus badly begun ruins future religious aspects and school education given as it is at present seals the fate of the man for ever.—He is irrevocably lost to self and to society of which it has been his fate to be a member.

The results will not be good if such revolutionary turn of things is allowed to pass current. Sooner or later we must reap according to what we sow. To keep pace with the advancing time, and to remain true to the points of heaven and home, it is the incumbent duty of the leaders of society in addition to educating the female sex to found such a national institution which would afford means for the true and right cultivation of the brain in religious and secular education. The late Babu Panna Lal of Bombay had got this idea uppermost in his mind when he endowed the princely sum of faur lacs of rupees towards the establishment of a Jain College. But the trustees, for reasons best known to themselves,

are still procrastinating, and are thereby depriving the whole Jain Community of the blessings of such an institution. What a boon it would be bestowed upon us if this College is soon brought into existence ! A boarding-house, capable of lodging so many students coming from outside, would be a necessary adjunct to the College. How satisfactory would it be to see all Jain students, under the supervision of a strictly pious Jain, rise up early in the morning, perform *Pratikramana*, then bathe and worship in the temple ; how beneficial it would be for all Jain students to eat food allowed by their religion, and how wholesome would it be to receive daily religious training ? Daily exercise would form into habit and there would scarcely be a day when this-second nature will find one disobedient to its mandates. Above all daily contact with one another would strengthen the chords of friendship and in the immediate future we can get model Jains of our progeny.

The Jains of Bhownagar have taken the initiative in the matter of opening a Jain Hostel at Bhownagar and we are glad to take note of their religious attitude. We hope our brothers of the Punjab, who have been astounding us from a long time with their intention of creating a Jain College in the Punjab, and other provinces, will be awakened to the necessity of bringing such institutions into existence as early as possible and confer an everlasting boon on the Jain Community.

---

## "Jain Society for the Protection of Orphans."

We are glad to note that our educated Jains of this generation are in no way behind our old orthodox Jains in working for the improvemet of their caste and creed. We may not be blamed if we dare to say that our young Jains have gone a step further and proved themselves more philanthropic and sympathetic than our co-religionists of the Seventies and Eighties. In addition to their intention of alleviating the sufferings and miseries of their own destitute widows, orphans and the invalids, they have bethought of bringing up " the orphans belonging to twice-born classes and Sparsha Sudra class." They are thus the true followers of the tenets of Sri Mahavir whose aim and object was to initiate all beings into the true path to Heaven. By trying to lessen the cares and anxieties of the poor and helpless, no matter to what class and religion they belong, the pious Jains have fairly come up to the mark of discharging fraternal duty towards all beings who are eternal and who come of a common source. Babu Banke Rai B. A., L. L. B., Pleader of Hissar, is instrumental in bringing about a Jain Society for the protection of orphans and we cannot do better than quoting the full text of his appeal for funds and programme of the work

intended to be done by the Society. He invites the attention of his readers as follows :—

" DEAR BROTHER !

Consider for a moment the miseries of those poor orphans who have lost their parents in their very infancy, who being penniless have been left to their fate by those who once were called their 'near and dear,' and who at present are quite destitute of food or clothes.

Poor widows ! Ah, they too deserve your sympathy. To say the least their husbands' untimely death has reduced them to such a state that they get up all hungry and go to bed just the same.

Here they are : the lame and blind, destitute of life and limb, fortune's direct pray. This class, too, entirely depends upon your charity.

Gentleman! I ask you in the name of the institution which undertakes to meet the requirements of all the three classes above mentioned, is it not an institution which really deserves your deepest sympathy above all?

Blessed are those who out of their earnings set apart something for the help of the orphans and the needy.

Oh! Take compassion upon poor waifs and do your best to help them."

The objects of the society are shewn in the following terms:—

"1. (a) To provide for the maintenance of the orphans, helpless widows and invalids of the Jain Community (whether Digamber, Swetamber, or Thanak Panthe &c, &c, ) throughout India, as well as to bring up the orphans belonging to twice-born classes and the Sparsha Sudra class.

(b) To impart to the orphans, religious, secular, and technical education, and to teach them other useful arts.

2. To help the famine-striken people with food and raiments.

3. To invite attention of the people of the country to the support and care of the orphans, and to encourage such people as take some interest in this noble cause, by means of rewards and expression of good wishes.

4. To do such other acts which the managing committee of this society may from time to time deem fit, for the realisation of the objects of this Society.

Fee for the membership of this Society:—

| | | |
|---|---|---|
| Ordinary Member | ... ... | Rs. 5 per year. |
| Life Member | ... ... | Rs. 100 in advance. |

N. B.—This Society is to be registered in the near future and its rules and regulations wil be published very soon."

We hope our Swetamber Jains wil not lack in the zeal evinced by our learned brother Babu Banke Rai. Co-operation and mutual help will soon produce the desired results and the whole Jain Community will find an immortal place in the history of the world so far as absolute charity is concerned.

## The Opening Ceremony of the Hostel for Jain Students at Bhownagar.

" A highly interesting meeting of the citizens of Bhownagar was held in the Dadasaheb Vadi Jain temple, presided over by His Highness Sir Bhavsingji, K. C. S. I., Maharajah Saheb of Bhownagar at the request of the Jain Community.

The object of the meeting was to request His Highness to open a newly constructed Jain boarding-house, affording sufficient accommodation for 28 students studying in the local college and schools.

The proceedings began with a brief but eloquent speech, delivered by Principal Unwalla in which the speaker referred to the fact that the institution was the outcome of a few suggestions thrown out by him at a public function about a year ago.

He feelingly exhorted the citizens of Bhownagar to imitate the noble example of self-help as shown by the Jains in setting up this institution and added that he could confidently state that in the course of his long experience of native states all over India Bhownagar yielded to none in its loyalty to the ruling chief.

He further asked his hearers to meditate daily upon the virtues of loyalty, self-help and toleration in their public life, and he mentioned with approbation the names of Ratanji Virji, Tribhovandas Bhanji and Kuverji Anandji, who worked hard in raising subscriptions for the building as well as in its construction.

He then thanked the Jain community for the opportunity they had given him to serve them as he had been doing in the case of other similar communities.

Mr. Unwalla finally requested Mr. Kuvarji Anandji, one of the secretaries, to give a detailed report of the origin and able manner in which the scheme was brought to a successful issue.

His Highness was then requested by Mr. Motichand Jhaverchand Mehta, the Joint Secrtary, to perform the opening ceremony, which His Highness did by opening a silver lock, attached to the door of the central hall, with a silver key, both of which he was requested to retain as a suvenir of the interesting ceremony.

After his return to the *Shamiana* His Higness was thanked by Mr. Motichand Girdhar Kapadiya, B. A., L. LB., and was blessed by Shastri Narinadashanker.

Then in a felicitious speech His Highness endorsed in appriciative terms all the remarks made by Principal Unwalla with reference to the virtue of self-help as an important factor in securing the welfare and prosperity of the people.

His Highness was glad to find that the boarding-house was situated in a pleasant spot in the vicinity of the Jain holy temple, and trusted the Jain community would secure to the students living there religious and moral instruction.

The Maharajah further advised the community to secure a permanent fund for the maintenance of the boarding-house.

He concluded by wishing every success to the institution. After the usual distribution of *pan-supari* the proceedings terminated."

Advocate of India.

# श्री आगमोद्धार.

इस पञ्चम काल म चरम तीर्थङ्कर श्रीमन्महावीर स्वामी के मोक्ष पधारने के पश्चात् भव्य जीवों के लिये उनकी प्रतिमा तथा उनकी आगमारूढ बाणी आधार भूत हैं. प्रतिमा के दरशन से साक्षात् वह स्वरूप याद आता है के जिस के साधन से अनेक भव्य जीव मोक्ष को प्राप्त हुवे हैं. इस कारण जिनप्रतिमा और उनके बिराजने के स्थान अर्थात् मन्दिरों का रक्षण करना कुल जैन समुदायका मुख्य कर्तव्य है. इसही खयाल से जीर्ण मन्दिरोद्धारका खाता कोनफरन्स में खोला गया है. तथा अन्य सद्गृहस्थ भी यथाशक्ति रुपय्या लगाकर जीर्ण मन्दिरोद्धार कराते हैं परंतु अबतक किसी प्रबन्ध का उस पूर्ण रीतिसे होना ज्ञात नहीं होता है के जिस से यह विश्वास हो जावे कि जिस कदर जैन मन्दिर हिन्दुस्थान में हैं उनका उद्धार जरूरत के समय अवश्य होता ही रहेगा इस विषय में उचित स्थानपर चर्चा चलाई जावेगी. इस समय हमारा बिचार यह है के हमारे परमोपकारी शासन नायक बीर परमात्मा की बाणी जो गणधरोंद्वारा आगमारूढ हो कर हम को अमूल्य विरासत के तोरपर मिली है और जिसका एक अक्षर भी कम ज्यादा होजावे तो फिर बहुत परिश्रम करने से भी ऊसकी कमी दूर नहीं हो सकती है यह बिरासत अच्छी स्थितिमें बनी रहे तो उसके रक्षणसे हमको और हमारे वारिसोंको तथा अन्य दरशनिको बडा भारी फायदा पहुंच सकता है. यह बात सब सज्जनुं को अच्छी तरह मालुम है के बीर परमात्मा के निर्वाण के पीछे उनके पदधारियों को उनके बचन कण्ठस्थ रहते थे इस कारण उस समय पुस्तकों के लिखने लिखाने की आवश्यकता नहीं थी परन्तु जैसे २ काल के प्रभावसे इसके महातम्यमें कमी आती गई, मनुष्यों की बुद्रि कम होती गई और वारा २ बरष के दुःकालों के पडने से कई साधु महातमा परलोक सिधारे. बाकी जो रहे उनको समय के दोषसे कुल परम्परा से चली आई परिपाटीके अनुसार पूरा ज्ञानका कंठस्थ रहना मुशकिल होगया; इस कारण दो दफा साधु मुनिराजोंका समागम होकर जो २ बातें उन सबको यादथी उनको एक जगह इकट्ठी किई और इन को बल्लभी और माथुरी वांचना के नाम से प्रगट करनेमें आया. बीर परमात्मा के ९८० वर्ष पश्चात् श्रीदेवर्द्धीगर्णाक्षमा श्रमण सूरीजीनें इस बाणी को पुस्तकारूढ किया और जबहीसे परमात्मा की बाणी पुस्तक द्वारा प्रचालित हुई.

समयमें हमेशा फेरफार हुवा करता है. उसका असर धर्म परभी जरूर पडता है. हिन्दुस्थानमें आपसकी लडाई, षट्दर्शनोमें बिरोध वगैरह से कईबार हरधर्म की पुस्तकों पर तथा मूर्तियोंपर आपत्ति आई है. और सैंकडों तथा हजारों पुस्तकें नष्ट होगई हैं कि जिनसे धर्म को पूरी हानि पहुंची है. इस नुकसान को तो सहन करके फिर धर्म मार्गमें प्रवर्तने की

कोशिश किई गई परन्तु घरकी फूट के नुकसान का कुछ पार नहीं, हमारी अज्ञानता और जड़ बुद्धि की वजहसे जो २ नुकसान कुल समुदाय को पहुंच रहे हैं उन को कहांतक लिखा जावे ? अवल तो जितना आगम वगैरह का ज्ञान का प्रचार श्रीवीर परमात्मा के पश्चात् था वह नष्ट हुवा पीछे दुःकालों के पडने से हानि हुई, फिर श्रीदेवर्द्धीगणीक्षमा श्रमण सूरीजीनें जिस ज्ञान को पुस्तकों में लिखवा कर बचाया उसमें से भी बहुतसा नष्ट हुवा, जो शेष बचगया था उसमें कई तरह का नुकसान कम समझ पुस्तक लिखने वालों नें पहुंचाया के जिसके सबबसे फरक पडा. इसके सिवाय जो २ पुस्तक जिस २ मनुष्य या समुदाय के पास रही व उनके ममत्व भावसे जहां २ रखे गये वहां ही प्रायः करके रहे. उदई वगैरहने उनको अच्छी तरह अवलोकन करके जैनियों के परिश्रमको कम कर दिया और इनसे भी जो कुछ बचा बचाया ज्ञान हाथ लगा उसमें भी अकसर प्रतियों के मूल पाठ वगैरहमें फरक मालूम देता है.

कुल जैन समुदायने पुस्तकोद्धारकाभी खाता खोला है और प्रथम जैसलमेर भण्डार की टीप कराने का काम शुरू किया गया, परन्तु जैसलमेर के जैनी भाई अपने बचनपर कायम नहीं रहते हैं और अकसर भण्डार को बंध कर देते हैं और फिर खोले तो सिर्फ एक घण्टा दो घण्टातक काम करने देते है. जिस कारण से ज्यादा व्ययसे कम काम होता है, इस तरह पर प्रायः अन्य २ स्थलों के भण्डारोंका हाल है. इस कारण हमारे तृतीय कोनफरन्सकी आगतस्वागत कमिटी के चीफ सेक्रेटरी बडोदा निवासी शेठ माणकलाल घेलाभाई जोहरीने इस विषयपर अपना अभिप्राय इस तरह प्रगट किया है.

" हालमां जैसलमेरना भण्डारनी टीपनुं काम बंध पडयुं छे तेथी जीर्ण पुस्तकोद्धारनुं कांई पण चालतुं नथी, एम कहेवामां खोटूं नथी.

धारोके जैसलमेरनो भण्डार खोलवामां आवे अने ए टीपनुं काम चाले तो पण जीर्ण पुस्तकोद्धारनी आजे रु. १९०००, रकम आपणा हाथमां खर्चवानी बाकी रहेशे.

आपणां ४९ आगमो छे अने तेनी टीका, भाष्य, निर्युक्ति, चुर्णी अने केटलाकना टबो पण लखायला छे. आ तमाम सूत्रो शुद्ध एक ठेकाणे मलवानुं साधन नथी. जैन धर्मनो मूल आधार आगमो उपर छे अने आ आगमोनी सरकार तरफथी छपाएली नकलो सिवाय बाबुसाहेब अने बीजाओए छपावेली नकलमां सेंकडो भूलो छे. आ बाबत इंग्रेज लेखकोए पण आपणी भूल बतावी छे. तेथी आपणी कॉन्फरन्स तरफथी आगमोनी प्रतो जुदे २ स्थलोएथी मंगावी तेमांथी इंग्रेजी रीत प्रमाणें एक शुद्ध प्रत विद्वानो पासे तैयार करावी ते कोई मुनि महाराज पासे वंचावी पछी तेनी कपडा उपर ( ट्रेसींग पेपर

उपर ) सारा लहीआ पासे हाथवती नकल करावबी अने ते नकल अत्रे मुंबाईमां राखवी अने फेरो टाईपनी प्रोसेसथी कोई पण गाम वाला सूत्रनी प्रत मांगे तो ज्यारे जोइए त्यारे टुंक वखतमां खरेखरी शुद्ध प्रत जूज खर्चे आ कॉन्फरन्स तरफथी आपवानी व्यवस्था राखवी अने आम करी आपणा आगमोनो उद्धार करवो. आ करवामां नीचे प्रमाणे व्यवस्था करवाथी काम सहज बने तेवुं छे.

१. आ काम करवा कोई कमिटी नीमवी अथवा ज्ञान प्रसारक मण्डलने ए काम सोंपवुं अथवा कॉन्फरन्स ओफीसनी देखरेख नीचे आ खातुं काहाडवुं.

२. आ कामनी शुरुवात करवा कॉन्फरन्सना जीर्ण पुस्तकोद्धार फंडमांथी रु. ३००० या ४००० भरवा अने आगमोद्धार टीप चालु करवी अने तेमां जुदा जुदा गामोमांना ज्ञान खातामांथी मदद करवा लोकोने विनंती करवी अने तेम करीने ओछामां ओछा रु. २५००० नी टीप थवी जोइए. उपर प्रमाणे टीप थवानी आशा छे कारणके मुनि महाराजोनो आश्रय मले तेम छे. मात्र शुरुआत करवानी जरूर छे.

३. आगमोद्धारनुं काम कोई मुनि महाराजोनी देखरेख नीचे चलाववुं होय तो तेम पण बने छे अने तेम करवाथी लोक लागणी पण कॉन्फरन्स प्रत्ये सारी थशे.

४. जो सेक्रेटरी साहेबो आ स्कीम मंजूर करशे तो आ बाबत अंतरव्यवस्था केम करवी ते दर्शाववानुं थशे.

आ विशे जैसलमेरना भण्डारनी टीप तथा आ आगमोद्धारनुं काम आपणे करीए तो पण कॉन्फरन्से श्रीसंघनी सारी सेवा बजावी एम गणाशे. आ आगमोद्धारनुं काम पुरु थया पछी प्राचीन आचार्योना ग्रन्थोनी शोध करी तेमनुं रक्षण करवानुं छे. आपणो जैन धर्मनो मूल आधारज सूत्रो पर छे तेनुं रक्षण करवा प्रयास करवो ते अवश्यनुं छे."

यह खयाल एक धर्म की लागणी वाले जैनकी तरफसे प्रगट हो इस मे कोई आश्चर्य की बात नहीं है बल्के हमको अत्यन्त खुशी उत्पन्न होती है के धर्म के रक्षणार्थ हमारे आगेवान सद्‌गृहस्थ इस तरह पर बिचार करते है और जिस तरह मुमकिन हो धर्म और जातिकी उन्नति करना चाहते है.

यह आगमोद्धार इस तरह पर हो सकता है के पूरी पूरी कोशिश करके प्राचीन अर्वाचीन हस्तलिखित तथा छपी हुई पुस्तकें भण्डारोंमें से तथा साधु मुनिराजों, यतियों सद्‌गृहस्थों के पास से मंगवाई जावें. इस तरहपर एक २ आगमकी कई प्रतें इकठी होसकती

है. उन कुल पुस्तकों का मुकाबला किया जाकर देखा जावे के उनमें किस २ जगह फरक है. मूल, टीका वगैरहमें क्या २ फर्क है इस तरह मुकाबला करने के बाद एक प्रति लिखवाई जावे जिसमें जहां २ जो २ फरक हो वह अपनी तरफ से राय प्रगट किये बिना जैसा जिस पुस्तकमें हो वैसाही इस नई लिखवाई हुई पुस्तकमें दरज करदिया जावे. इस तरहपर जो २ फरक कई कारणोंसे प्रतियोंमें पड गये हैं वे सब एक जगह आ सकते हैं और फिर उन फरकों का निरधार गुरु गम्यताके मुताफिक पंडित साधु कर सकते हैं.

अगरचे इस तरहपर आगमोद्धार अन्य पंडितों के मारफतभी होसकता है परन्तु हमारी राय यह है के पण्डित साधु मुनिराजों की निगरानिकी जरूरत है. आगमों की विरासत ऐसी अमूल्य है के इसका भरोसा साधु मुनिराजों पर ही हो सक्ता है हम आशा करते है के हमारे इस समयके पण्डित मुनिराज इस प्रार्थना पर पूरा २ ध्यान देकर अपना अभिप्राय प्रगट करेंगे और हमारे स्वामिभाईभी अपनी राय बतलावेंगे.

---

## जैन ( श्वेताम्बर दिगाम्बर ) कॉंग्रेस का एक विज्ञापनपत्र.

"दक्षिण हिंदुस्थान के वराड जिलेमें खामगाम नामका एक शहर है के जहांपर गत माघ सुदि ११ को नवीन मंदिरमें श्री रिषभदेवस्वामीकी प्रतिमा स्थापनका महोत्सव हुवा था. आसपासके गांवों के हजार बारासों मनुष्य इकट्ठे हुवेथे उस समय सभा होकर सम्प के विषय पर अच्छे मनोरंजक भाषण हुवे थे, और ज्यादा करके श्वेताम्बरी और दिगाम्बरी जैनियों को परस्पर सम्प कर के रहने की सूचना दिई गई थी. तिस पर यह ठहराव हुवा के भारत वर्षीय श्वेताम्बर दिगाम्बर समुदायकी एक महासभा किई जावे और उस का नाम " इन्डियन जैन जनरल कॉंग्रेस " ( Indian Jain General Congress ) रखा जावे. इन्तजाम करने वाली कमिटी के प्रेसीडेन्ट सेठ पूरणलालजी श्यामलालजी, आनररी माजिस्ट्रेट खामगांव वाले और सेक्रेटरी कल्याणचन्दजी लालचन्दजी एवलावाले मुकरर हुवे हैं. इस कोंग्रेस नामी सभा का जलसा चैत्र सुदि १-२-३ बुध, बृहस्पत, शुक्र मुताबिक तारीख ५-६-७ अप्रेल को करार पाया है. इस बातका विज्ञापन पत्र प्रेसीडेन्ट तथा सेक्रेटरी की तरफ से जगह २ भेजा गया है. इस विज्ञापनपत्र के अनुसार इस महा सभाको करके जैनियों की धर्मिक तथा सांसारिक उन्नति के बारे में सर्वोपयोगी विषयोंकी चर्चा किई जावेगी."

यह विचार जो वराड के जैन समुदाय की तरफसे प्रगट किया गया है साधारण तौरपर ठीक होने से स्तुतिपात्र है परन्तु यह काम इतना बडा है के इसको अच्छी तरह

साफल्यता के साथ पार पटकने के लिये ज्यादा विचार और ज्यादा मनुष्यों की सम्मति की अत्यावश्यकता है. आज कल श्वेताम्बर दिगाम्बर समुदायों में महासभायें होने लगीं है. दिगाम्बर समुदायमें " भारत वर्षीय महासभा " तथा जैन यङ्ग मेन्स एसोसिएशन आफ् इन्डिया ( The Jain Young Men's Association of India ) के सालाना जलसे उत्तरी हिंन्दुस्थानमें होते हैं. और दक्षिणी दिगाम्बरीयों की कॉन्फरन्स दक्षिण में होती है. जैन श्वेताम्बर ) कॉनफरन्स के नाम से श्वेताम्बर सम्प्रदायके सालाना जलसे होते है. श्वेताम्बर सम्प्रदाय के दक्षिणी जैनियोंकी प्रान्तिक सभा अब होनेही वाली है. फिर समझमें नहीं आ सकता है के इस कोंग्रेस के नाम से जो सभा किई जावेगी उसमें क्या अधिक्यता बिचारी गई है. जो २ सभायें दोनों सम्प्रदायकी होती चली आती है उस सब में धार्मिक तथा सांसारिक सुधारेकी ही चरचा होती है उन बातों पर ही सबका ध्यान खेंचा जाता है. अलबत्ता प्रान्तिक सभाओंकी यों आवश्यकता है के कोन्फरन्स की कार्यवाही को पृथक् २ प्रान्तमें सभा करके प्रचलित किया जावे. परन्तु इस कोंग्रेस की इस समय आवश्यकता नहीं देखते है क्यों कि थोडा मीठा अच्छा मालुम होता है. ज्यादा मीठा होने से गला सक जाता है और उस वस्तुसे अरुचि होजाती है. सम्प्रदायों की महासभाओं का पृथक् २ नामसे जल्दी इकठ्ठा होना असम्भव है. हम को सब तरफ गोर कर के काम करना उचित है. अभी श्वेताम्बर और दिगाम्बर कोनफरन्स के जलसों को हुवे सिर्फ दो तीन महिने गुजरे है. और कई महाशय अपने २ कार्योंसे मुशकिल छुटकारा पाकर उनमें शामिल हुवे हैं. अब दो महिने के पीछेही वे सज्जन दूर २ की मुसाफरी उठाकर हमारे इस कोंग्रेस नामी सभा कैसे शामिल होसकते हे ? खामगांवके भाईयों को जो कुछ बिचार प्रगट करना था खुशी से साथ बडोदा की कोनफरन्स में पधार कर खुद अथवा किसी के द्वारा करते कराते. हमारी रायमें तो इस तरह की कोंग्रेस के होने से इस समय ज्यादा फायदा नजर नहीं आता है.

इस कोंग्रेस के लिये अवल तो समय बहुत कम मिला. दूसरे मोसम ठीक नहीं लि गया. तीसरे सब के अनुकूल स्थान नहीं मुकरर किया गया. चोथे दोनों सम्प्रदायके मेख्य गृहस्थों की सलाह लिये बिना इस काम का प्रारम्भ किया गया, पांचवें कोई खास वि ऐसा नहीं सोचा गया कि जिसकी चर्चा या तसफिया समुदाय की महासभाओंमें नहीं हु हो. गरज के हम जहांतक खयाल करते हैं इस समय ऐसी कोंग्रेस के होनेकी कोई आवश्यक नहीं समझते हे न हम को यकीन हो सकता है के इस समय संख्याबंद श्वेताम्बर दिगा आगेवान वहां पधार सकते है. हमारे बन्धुवर्गों से हमारी यह ही प्रार्थना है के इस गा प्रवाहको छोडकर पृथक २ उन्नति के मार्गोंको अंगिकार करके जैन धर्म की प्रभावना क ठीक है. अबभी यदि इस बातपर विचार किया जाकर कार्यवाही किई जावे तो अच्छा होग

# जैनी साधूमुनिराजों के बिहार की आवश्यकता.

हिन्दुस्थान के बडे २ तीर्थ - समेत शिखर, पञ्चकल्याणक, हस्तिनागपुर, रिषभदेव, पार्श्वनाथ, आबू, तारङ्गा, भोयणी, गिरनार, सिद्धाचल, संखेश्वरा, थम्भण, ऐवन्ती, मक्षी, वगैरह—पूरब, पञ्जाब, राजपूताना, मालवा, गुजरात, दक्षिण कुल प्रान्तों में हैं और राजपूताना मालवामें छोटे २ गांवोंमें श्रावक संख्या ज्यादा है प्राचीन भव्यमन्दिर भी मोजूद हैं परन्तु उपदेष्टावोंका बिहार न होनेसे धर्मका रहस्य उन लोगोंको माल्म नहीं होसकताहै और धर्मका यथोचित ज्ञान न होनेसे वे लोग धर्मकार्य जैसा के चाहिये नहीं करसकते हैं. बहुधा स्त्रियोंके भिनभिज्ञ होनेसे ऐसे विलक्षण आचरण देखनेमें आये है के जिनका सुधारणा होना अत्यावश्यक है. मन्दिर दर्शन सेवा न करना, चैत्य वन्दन विधि न जानना, ठण्डी बासी रोटी खाना, अथाना आचार खाना, रात्री भोजन करना, कंदमूलका कुछ परहेज न होना, अभक्ष भक्षणका त्याग न होना, करवाचोथका व्रत करके रात्रीको भोजन करना, मिथ्यात्वी देवों की मानता करनी, मरे हुवे के पीछे नुकताका जीमण करणा, रोना कूटना वगैरह २ कुरीति रिवाजोंके ढेरमेंसे कुछ नमूनेके तोरपर यहां दर्ज किये गये हैं. ये सब बातें साधूमहाराज और साध्वियोंके जगह २ बिहार करके न पहुंचनेके कारणसे पाई जातीहैं. अगर राजपूताना, मालवा, पूरब, दक्षिण वगैरहकी तरफ इन महात्मावोंका बिहार हो तो कुल जैन समुदायको फायदा पहुंच सकताहै और साध्वियोंके उपदेशसे स्त्रियोंके सुधरनेसे जैनकोमकी तरक्की शीघ्रही हो सकतीहै. हमारी कुल साधु मण्डलसे नम्रता पूर्वक प्रार्थनाहै के गुजरात, काठियावाडसे पूरब, दक्षिण, पञ्जाब, राजपूताना, मालवाके बडे छोटे गांवोंमें बिहार करके वहांके श्रावकोंके आचरणको सुधारें और जहां २ मन्दिरोंमें सेवा पूजाका प्रबन्ध ठीक तोर पर नहीं है उपदेश करकर पूरा २ बन्दोबस्त करावें. साधुमहाराजावोंमें अवल तो ज्ञानका बल होताहै; दूसरे उनके त्यागी बैरागी होनेसे उनके उपदेशका असर ज्यादा होताहै; तीसरे उनको गुरु बुद्धिसे माननेकी हालतमें उनके कथनको स्वीकार करना पडता है. जो काम सैकडों आदमियोंकी कोशिशसे पार नहीं पडता वह काम उनके उपदेशसे शीघ्र सिद्ध होताहै. दृष्टान्त तरीक जयपुरके इलाकेमें मालपुरा नगरमें आजतक मुनियोंके न पधारनेसे वहांके समुदायको धर्मका उपदेश यथोचित न मिलनेसे मन्दिरोंकी सेवा पूजाका जैसी कि चाहिये इन्तजाम नहीं था, नवकार मन्त्रतकभी तो श्रावक समुदायको नहीं आताथा, देव गुरु और धर्मका तो बोध होताही कैसे? इस समय पुज्यश्री १०८ मोहनलालजी महाराजके शिष्य श्री हेममुनिजी महाराजके इधर पधारने और धर्म कथा करनेसे जैनी और बैष्णवोंने कन्दमूल, अभक्ष, रात्री भोजन वगैरहके नियम लियेहैं और कई श्रावकोंने नित्य प्रति मन्दिर पूजा करनेके नियम

किये है, और सेवा पूजाके केशर, चन्दन, धूप, दीपके वास्ते रु. १२५ के करीबकी सालान टीप किई है; उसके अनुसार हरसाल कार्यवाही होती रहैगी.

जैसा उपकार मुनि विहारसे इस मालपुरामें हुवा उसही मुवाफिक छोटे २ गांवोंमें मुनि विहारसे बहुत सुधारा हो सकताहै.

---

## શ્રી વીર ભગવાનનાં ચરિત્ર ઉપરથી

# જૈન સમાજે ગ્રહણ કરવા યોગ્ય બોધ.

---

( ગયા અંકથી ચાલુ. )

બાંધવો ! ગયા અંકમાં ભગવાનની માતાપીતા તરફની ભક્તિ અને તે સંબંધે તેઓએ કરેલી આજ્ઞા વિષે કહ્યું છે અને આ માતાપીતાની ભક્તિ કરવાની તેમની બુદ્ધિ કેમ થઈ, વળી ગર્ભાવસ્થામાં પણ ભગવાનને જ્ઞાન શાથી રહ્યું કે જેથી તેમણે માતાના દુઃખને ટાળવાને પોતે નિશ્ચયપણું ધારણ કર્યું તે વિષે વિચાર કરીએ.

હરેક કાર્ય થવાને તેનાં કારણો હોય છે; કારણવિના કાર્ય થતું નથી. આવાં કારણો બે જાતનાં હોય છે. એક ઉપાદાન કારણ અને બીજું નિમિત્ત કારણ. જે વસ્તુમાંથી નવી વસ્તુ ઉત્પન્ન થાયછે, તે પુર્વની વસ્તુ પછી તેમાંથી થનારી વસ્તુનું ઉપાદાન કારણ છે જેમકે માટીનો ઘડો થાય છે તેમાં માટીમાંથી ઘડો થાય છે તેથી માટી તે ઘડાનું ઉપાદાન કારણ છે.

હવે ઉપાદાન કારણને વસ્તુ થવામાં જે સહાય કરે તે નિમિત્ત કારણ છે એટલે માટીનો ઘડો થવામાં સાહ્ય કરનાર કુંભારનો ચાક કુંભારનો ચાક ફેરવવાનો દાંડો એ નિમિત્ત કારણો ગણાય છે.

આપણા સમસ્ત જૈનધર્મી ભાઈઓની માન્યતા એવી છે કે આત્મા એ સિધ્ધનું કે પરમેશ્વરપણાનું ઉપાદાન કારણ છે અને દેવગુરૂ અને ધર્મ એ નિમિત્ત કારણો છે એટલે દેવગુરૂ અને ધર્મની સાહ્યતાથી આપણે (આત્મા) પરમાત્માકે પરમેશ્વરકે સિધ્ધપણું પામી શકીએ છીએ એવો જૈનમતનો સિધ્ધાંત છે અને તેથી આપણે દેવ તથા ગુરુમાહારાજની ભક્તિ કરીએ છીએ.

ત્યારે આ સિધ્ધાંતપ્રમાણે ભગવાન માહાવીર સ્વામી પણ આપણા જેવા સામાન્ય આત્મા હોવા જોઈએ અને તેઓ શ્રીએ પોતેજ કહ્યું છે કે તેઓપણ સામાન્ય આત્મા હતા. અને તેમાંથી પોતાના સ્વપરાક્રમથી અને સતત્ ઉદ્યોગથી પરમાત્મતાને તેઓ પામ્યા છે અને તે પ્રમાણે જે કરશે તે પરમપદને અને અનંત આનંદ અનંત સુખ, અનંત જ્ઞાન વીગેરેને પામશે એમાં સંશય નથી. આમ ઉપદેશ કરી દરે

જીવને પોતાનું સામર્થ્ય પ્રગટ કરવાને આ પ્રભુએ ઉપદેશ કર્યો છે અને તેથી પોતાના પુર્વ ભવો પણ આવા સંસારથી છુટવાનું ઇચ્છિનારને ઉપયોગી થવા સારુ યથાતથ્યપણે એ ભગવાને કહેલા છે.

આપણે પુનર્જન્મ માનીએ છીએ અને પુનર્જન્મમાં પણ જાત્યાંતર થતો માનીએ છીએ એટલે કેટલાકો થીઓસોફી જેવા પુનર્જન્મ માનીને પુરૂષ મરીને પુરૂષ થાય એવું માનનાર આપણે નથી. આપણી માન્યતા તો એવી છે કે, આત્માને જાતીકે લીંગ નથી. જેવાં કર્મ તે કરે છે તેવું ફલ અનેક યોનીમાં અને સ્ત્રી પુરૂષ કે નપુસંક થઈને તે પામી શકે છે અને તેજ પ્રમાણે આ વીર ભગવાનનો આત્મા અનાદી કાળથી આપણા આત્માઓની સાથે સંસારમાં પરિભ્રમણ કરતો હતો એવું તે ભગવાને કહ્યું છે અને જયારથી તેમને સમ્યક્તની પ્રાપ્તિ એટલે મોક્ષ જવાનો અથવા પરમપદ પ્રાપ્ત કરવા ખરો માર્ગ હાથ લાગ્યો ત્યાર પછી પણ સત્તાવીસ જન્મો ગ્રહણ કરવા પડયા છે તેથી તે પણ વીર ભગવાનના ચરિત્રમાં ગણાય છે. આ આત્માના અસંખ્યાતી ભવો થયેલા તે બે ગ્રંથમાં લખવામાં આવે તો ગ્રંથનો પાર પણ ન આવે તેથી જૈન ધર્મની શ્રધ્ધા થઈ હોય ત્યારથી ભવગણવાનો શાસ્ત્રકારોએ રીવાજ રાખ્યો છે અને તેથી વીર ભગવાનના આત્માને મોક્ષનું નિમિત્ત કારણ સમ્યક્ત એ નયસાર નામના ગામેતીના ભવમાં પ્રાપ્ત થયું છે અને ત્યારથી તેમના ભવ ગણવાની શાસ્ત્રકારોએ શરૂઆત કરેલી છે.

હાલની આપણી અવસર્પિણી કાળની શરૂઆત પહેલાં આ ભગવાનના આત્મા પશ્ચિમ વિદેહમાં જયંતી નામની નગરીના શત્રુમર્દન નામે રાજાના પૃથ્વી પ્રતિષ્ટન ગ્રામમાં " નયસાર " નામનાં ગામેતી પટેલ હતા અને રાજાની આજ્ઞાથી એક વાર તે પટેલ લાકડાં કાપવા મોટા જંગલમાં ગયો હતો. મધ્યાનનો સમય થયો હતો. સૂર્ય બરાબર તપેલો હતો અને જમીન પણ તેના તાપથી અગ્નિ જેવી થઇ ગઈ હતી તે વખતે આ નયસાર પટેલ પોતાનું લાકડાં કાપવાનું કામ બંધ કરી બપોરે જમવા બેસતાં વિચાર કરવા લાગ્યા કે આ વખતે કોઈ અતિથી આવે તો તેને કાંઈ આપીને જમાય તો સારૂં. આવો નયસારના મનમાં વિચાર થતો હતો તે વખતે કેટલાક મુનીઓ ક્ષુધાતુર, તૃષાતુર, શ્રાંત અને પરશેવાથી જેમનુ અંગભીજાઈ ગયું હતું એવી હાલતમાં ભુલા પડેલા ત્યાં આવી પોહોંચ્યા.

આ મુનીને જોઇને નયસારના મનમાં આનંદ થયો અને વિચારવા લાગ્યો કે મારા ભાગ્યોદયથીજ આ મુનીઓ અત્રે આવ્યા લાગે છે. પછી પરોપકાર કરવાની બુદ્ધિવાલા એ પુન્યસારે આ મુનીઓને નમસ્કાર કર્યો અને આવા મોહા વીકટ જંગલમાં તેઓ કેમ અને કયાંથી પધાર્યા તે પુછયું. મુની મહારાજાઓ બોલ્યાં કે અમે એક સાર્થની સાથે નીકલેલા હતા. માર્ગે જતાં રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં અમે ભિક્ષાને માટે ગયા અને સાર્થ અમને છોડી ચાલ્યો ગયો. ગામમાંથી અમને કાંઇ ભીક્ષા મળી નહીં તેથી અમે પાછા આવી અમારી સાથેના સાર્થને શોધતા ચાલ્યા અને માર્ગ ભુલી જવાથી આ વીકટ જંગલમાં આવ્યા છીએ.

આ પ્રમાણે મુનીનું વાકય સાંભળી પરોપકારવૃત્તિવાલા નયસારે મુનીઓને વિજ્ઞપ્તિ કરી "આપ મારે માટે તૈયાર કરેલા ભોજનમાંથી આહાર લ્યો અને તે આરોગો. પછી હું આપની સાથે આવીને માર્ગ બતાવી નગરમાં પોહોંચાડીશ."

મુનીઓએ સમયને અનુકુલ એવી નયસારની વિનંતી સ્વીકારી તેની પાસેથી શુધ્ધ આહાર ગ્રહણ કરી ત્યાં બાજુ ઉપર જઇ વિધીપુર્વક તે આહાર વાપર્યો (ખાધો) અને શ્રમ ઉતારી આ નયસાર પટેલની સાથે તેણે બતાવેલ માર્ગે પ્રયાણ કર્યું. આ મુનીરાજોના સતસંગમાં ધર્મ વાર્તા નીકળી અને એક વૃક્ષની નીચે વિશ્રામ લેવા બેઠા તે વખતે મુનીરાજોએ આ નયસારને યોગ્ય જાણી ધર્મોપદેશ કર્યો અને મોક્ષનો અથવા પરમાનંદ પ્રાપ્તી કરવાનો ખરો માર્ગ (જૈનધર્મનું તત્વ) બતાવ્યો અને અનંત કાલથી સંસારમાં ભ્રમણ કરતાં વીર ભગવાનના આત્માને સંસારથી મુક્ત થઈ પરમાનંદ પ્રાપ્ત કરાવનાર નિમીત્ત કારણ રૂપ દેવતત્વ, ગુરૂતત્વ, અને ધર્મનુ યથાર્થ સ્વરૂપ નિસ્પૃહી મુની માહારાજાઓએ બતાવ્યું.

આ પ્રમાણે પરોપકાર વૃત્તિથી નયસારને સતસંગ થયો અને તે મુનીઓના સહવાસથી અમુલ્ય એવા મોક્ષમાર્ગને આ નયસારે સહજમાં પ્રાપ્ત કર્યો.

એ માર્ગનું આરાધન કરી ભગવાન માહાવીર સ્વામીએ નયસારનાં ભવમાં સૌધર્મ દેવ લોકમાં દેવત્વ પ્રાપ્ત કર્યું અને એક પલ્યોપમ એટલે આપણાં કરોડો વર્ષ સુધી દેવપણાના સુખો ભોગવ્યાં અને પોતે સ્વપરાક્રમથી દેવાધિદેવપણું પ્રાપ્ત કરાય એવી યોગ્યતા મેળવી. આ ઉપરથી આપણે શું વિચાર કરવો યોગ્ય છે તે જુઓ.

## ભગવાને કરેલું મુનીઓનું આતિથ્ય.

### અને તેથી દરેક માણસની આતિથ્ય કરવાની ફરજ.

જે ભવમાં ભગવાને સમ્યક્ત પ્રાપ્ત કર્યું છે તે ભવમાં પૂર્વથી ધર્મનું તેમને મુદલ જ્ઞાન નહોતું પણ મુનીઓનું આતિથ્ય કર્યું તેથી તેમને અતી ઉત્તમ જ્ઞાન દર્શન અને ચારીત્રરૂપ ત્રણ રત્નો મળ્યાં. બાંધવો, હાલમાં આપણી પ્રવૃત્તિ પર વિચાર કરો.

અરે, પારકાની વાતતો દૂર રહી પણ પોતાના ઓળખાણવાળા મળે તોપણ કયારે પધાર્યા, કયાં ઉતર્યા છો, કયારે જશો અને જાણેપોતે ઘણા કામમાં હોય એમ બતાવત અને સાહેબજી કરીને વીદાય થતા.

આપણી હાલની આતિથ્ય કરવાની ખુબી તો વીચારો! કોઇ ગુણવાન માણસને પોતાને પ્રસંગ મલે તેને માટે પૂર્વે કેવું વર્તન થતું હતું તે ખરેખર વિચારવા જેવું છે પોતાની પાસે લાખો રૂપીયા હોય, પોતે લાડી વાડી અને ગાડીની સેહેલ કરતા હોય

તેવે સમે પણ મુનીરાજની સરભરા પોતાના સ્વામી ભાઇથી અથવા બીજા ખાતે થી ભક્તિ કરવાનો વિચાર પણ આધુનીક કાલમાં શેહરોમાં અને તેમાં પણ મુંબઈ જેવા શેહરમાં દુર્લભ થઈ પડયો છે. જૈનધર્મી માત્ર બે આના એટલે ૧૨॥ દોકડાની પુંજીવાલા પુણીઆ શ્રાવકપણ રોજી જેટલી પુંજીમાંથી પોતાની સાથે કોઈપણ સ્વામી ભાઇને જમાડીને જમવાની ઈચ્છા રાખતા હતા અને તે પ્રમાણે પ્રવૃત્તિ પણ કરતા હતા. બંધુઓ એ આવો વીરભગવાનના સમયનો વિચાર જો આપણા હાલના ધનાઢ્ય શેઠીયાઓના અને સામાન્ય વર્ગના આપણા ભાઈઓના મનમાં હોયતો શું જૈનોને યાચના કરવાનો વખત આવે ? પુણીઆ શ્રાવકથી ઓછી પુંજીવાલો જૈન હોય એવુ બનવું આ સમયમાં તો અસંભવીત છે અને જ્યારે તેના મનમાં અતિથીનો આદરસત્કાર કરવાના વિચાર હોય ત્યાં તેનુ અનુકરણ કરવામાં આવે તો તેથી કેટલું શ્રેય થાય એ કહેવું અશકય છે.

અરે, આ ભગવાનના પોતાના ચરિત્રમાં આ મત છે એટલુંજ નહીં પણ ગૃહસ્થોના બાર વ્રતમાં છેલ્લું વ્રત અતિથી સંવિભાગ નામનું ભગવાને કહ્યું છે અને તેનો અર્થ દરેક ગૃહસ્થે અતિથીનો આદરસત્કાર કરવાનો એવો સ્પષ્ટ છે પણ હાલ તો એ બારવ્રતપર ઘણું થોડું જ્ઞાન અપાય છે. મુનીમાહારાજાઓ વ્યાખ્યાનમાં મોટા મોટા આગમો વાંચે છે અને તે સાંભલનાર શ્રાવકો પણ આવા આગમ સાંભલનારા શ્રાવકો પૈકી મારી અલ્પ મતી પ્રમાણે આગમોની વાત તો દુર રહી પણ ગૃહસ્થને કરવાના અવશ્ય કર્મની વાતો પણ આવા મહાન વ્યાખ્યાન શ્રવણ કરનાર મારા બાંધવોના અને ભગનીઓના લક્ષમાં ચોકસ રહેતી હોય એમ હું ધારતો નથી. વ્યાખ્યાનમાં શાની કથા ચાલે છે અને આજ શી વાત આવી એ પરજ પ્રાય ધ્યાન રહેતું હોવાથી ગ્રંથ લખનારના આશયનું દુર્લક્ષ્ય થાય છે અને જો એમ ન થતું હોય તો અતિથી આદરસત્કાર કરવાનું હાલમાં તે અલ્પ જોવામાં આવે છે તે જરૂર વિશેષ જોવામાં આવત અને હાલમાં આપણા ભાઇઓ જેઓ ગામડામાં રહે છે તેઓના જેટલે પણ અતિથીનો આદરસત્કાર કરવાનું મોટા મોટા નગરોમાં વસ્તા વૈભવવાલા સ્વામી ભાઈઓમાં જોવામાં આવતું નથી.

આપણે વીર ભગવાનનું ચરિત્ર દરવર્ષે સાંભલીએ છીએ અને ભગવાનના ભવની વાતો પણ જાણીએ છીએ તો જે કૃત્યથી ભગવાને સમ્યક્ત પ્રાપ્ત કર્યું તે અતીથી આદરસત્કારનું પુન્ય અને તેને અંગે થતો સત્‌સંગનો લાભ જરૂર જવા દેવા જેવો નથી. આપ કોઈ ગુણવાન મુનીને અથવા શ્રાવકને યા બીજાને પોતાના અતિથી કરશો તો તેની વડે ઘણો નહીં. તો અલ્પ કાલનો પણ સત્‌સંગ થશે અને તેથી આવા અલ્પ કાળના સતસંગથી જેમ ભગવાનને સમ્યક્ત પ્રાપ્ત થયું તેમ આપણામાં પણ કોઈ નવો ગુણ ઉત્પન્ન થશે. આ અતિથી સંવિભાગમાં જો તીર્થંકર માહારાજના ભવ અથવા ગણધર માહારાજનો જીવ અથવા તેમાં જે કોઈ મહા તપસ્વી માહાત્માને દાન આપવામાં આવે તો તે દાનનું ફળ જેમ તુરતજ તે ભવે મળે છે અને કદી તેમ ન થાય તો આવા દાનનું ફળ પરલોકમાં મળ્યા વિના રહેતં નથી. માટે મારા માનવ બાંધવો, આપણે પોતાની શક્તિ અનુસારે

અતિથીનો આદરસત્કાર કરવામાં ચુક કરવી નહીં અને શ્રી માહાવીર ભગવાને જે રીતે પોતે નયસારના ભવમાં અતિથી મુનિઓનો આદરસત્કાર કરીને જે દાખલો આપ્યો છે તે બરાબર ધ્યાનમાં રાખવા જેવો છે અને યશ કે બીજો લાભ મેલવવાની આશા વિના શ્રી વીર ભગવાને પોતાનાજ દાખલા પ્રમાણે વર્ત્તવા માટે ઉપદેશ કર્યો છે એટલુંજ નહીં પણ આ કોમના ગૃહસ્થોને માથે ફરજ નાંખી છે તો તે વાત લક્ષમાં રાખી ભગવાનની આજ્ઞા પાળી સુખી થવું યોગ્ય છે. અતિથી સંવિભાગ રોજ કરવો. આમ કરવાથી કોઈ વખત મોટો લાભ થશે એમ ખાત્રીથી જાણવું. માત્ર મુનિ માહારાજાને દાન આપવું એજ અતિથી સંવિભાગ વ્રત છે એમ સમજવામાં ખરેખરી ભુલ થાય છે. મુનિ માહારાજા દાન આપવાના પાત્રોમાં સૌથી ઉત્તમ પાત્ર છે એ વાત ખરી છે પણ તેથી મધ્યમ પાત્ર એવા વ્રતધારી શ્રાવકોનો અતિથી સંવિભાગ ભૂલવાનો નથી. તે શ્રાવકો મધ્યમ પાત્ર છે અને ત્યાર પછી સમ્યકતવી અને ત્યાર પછી અનુકંપાથી બીજાઓને પણ દાન આપવું તે યોગ્ય છે. આમ પાત્ર પ્રત્યે ફળ વિશેષ છે એ વાત ખરી છે પણ તેથી વિશેષ ફળ મળેતોજ લેવું અને સામાન્ય ન લેવું એમ કરવું તે મુર્ખાઈ છે માટે જૈનધર્મી બાંધવોએ ખાસ કરીને અને બીજા બાંધવોએ પણ અતિથી સંવિભાગ અવશ્ય કરણીય છે.

---

## આપણા ઉપદેશક મિ. ટોકરશી નેણશી લોદાયાનો દક્ષિણ પ્રદેશમાં પ્રવાસ.

તા–૬–૩–૧૯૦૫—દભાડા તળેગાંવ-મુંબઈથી નીકલી તળેગાંવ આવ્યા અને ત્યાં મીટીંગ કરી. લગ્ન પ્રસંગે ઘણા ભાઈઓ બહાર ગામ ગયેલા હોવાથી કાંઈ ચોકસ ઠરાવો થઈ શકયા નહિ પરંતુ પાછળથી સુધારો કરવા હાજર રહેલા ભાઈઓએ કબુલાત આપી. કોન્ફરંસ હરૈલ્ડ માટે પણ ઉપદેશ કર્યો.

તા–૭–૩–૧૯૦૫. પુના. અત્રે આવ્યા પણ કેટલાએક કારણોને લીધે મીટીંગ થઈ શકી નહીં અને તેથી નીરાશ થઈ આગળ વધ્યો.

તા–૯–૩–૧૯૦૫. અડંદી. પુનેથી તા. ૯ ની બપોરના નીકળી લુની સ્ટેશને ઉતર્યા. લુનીમાં જૈનોનાં માત્ર પાંચેક ઘર છે. તે સર્વે ત્યાંથી દોહોડ કોસ ઉપર આવેલ અડંદી નામના નાના ગામડાંમાં કે જ્યાં જૈનનાં ફક્ત બેજ ઘર છે ત્યાં લગ્ન પ્રસંગે ગયેલા હતા. વળી વધુ ખબર મલીકે આસપાસના નાનાં ગામોના લગભગ સો ભાઈઓ ત્યાં લગ્ન પ્રસંગે એકઠા થયા છે. આ પ્રમાણે હોવાથી બેલ ગાડી કરી અડંદી ગયા. રાત્રે ત્યાં સભા ભરી. સૌ ભાઈઓ અને બાઈઓ ત્યાં હાજર થયાં. આશરે બે કલાક વિવેચન કરી કોન્ફરંસના ઠરાવો, તેનો અમલ અને જીવદયા સંબંધી બોધ કર્યો જે સૌએ ધ્યાન પૂર્વક સાંભળ્યો. શ્રાવકભાઈઓ ઉપરાંત ત્યાંના ખેડુતો પણ મીટીંગમાં આવ્યા હતા.

તા–૧૦–૩–૧૯૦૫. અડંદીથી રાત્રે નીકળી તા. ૧૦ મીએ ધોંડ ઉતર્યા. માર્ગમાં ચેવત વીગેરે ગામોના ભાઈઓ અડંદીમાં હતા તેથી ત્યાં ઉતર્યા નહીં. ધોંડમાં જૈનોનાં ૨૦ ઘર છે તેમાં ગુજરાતી જૈનોનાં ૧૨ ઘર છે. ગામમાં દેરાસરજી છે તે જીર્ણ અવસ્થામાં છે. રૂ. ૨૦૦૦, આશરેનું કામ છે અને જો તરત કામ ન થાય તો થોડા વખતમાં ધસી પડે તેમ છે. આ બાબત લક્ષમાં લેવા જેવી છે. આમલનેર કોન્ફરંસ વખતે તે માટે હીલ-ચાલ કરવામાં આવશે. સાંજના સર્વે ભાઈઓને એકઠા કરીને વ્યાખ્યાન આપ્યું.

તા–૧૨–૩–૧૯૦૫. ધોંડથી અહમદનગર આવ્યા. તા. ૧૨-૧૩ બે દીવસ રહ્યા. ઘણા ભાઈઓ સાથ મળ્યા છતાં મીટીંગ થઈ શકી નહીં. અત્રે ગુજરાતી કરતાં મારવાડી જૈનોનો સાથ મોહોટો છે. અત્રેના દેરાસરજીની પ્રતિષ્ઠા દશ વર્ષથી થતી નથી. પાંચ ખાતાને અંગે નીચે પ્રમાણે રકમો ભરાવી.

| | | |
|---|---|---|
| રૂ. ૧૦૧) | શેઠ, | વાડીલાલ હાથીભાઈ. |
| ,, ૨૫) | ,, | બાહાદર પુરશોત્તમ. |
| ,, ૨૫) | ,, | વીરચંદ હરીચંદ. |

તા–૧૪–૩–૧૯૦૫. એવલા. અહમદનગરથી રવાના થઈ તા. ૧૪ મીના રોજે એવલે આવ્યા. દક્ષિણના જૈનોમાંથી અત્રેના જૈનો દરેક બાબતમાં ઘણો આગળ પડતો ભાગ લે છે. મુનિ મહારાજ શ્રી રાજ વિજયજીનો મુકામ પણ હાલ અત્રે છે. અત્રે પહેલેથીજ કેટલા-એક અગત્યના ઠરાવો અમલમાં મુકાયા છે. અત્રે પાઠશાલા-શ્રાવીકાશાળા ઘણા સારા પાયા ઉપર ચાલે છે જેમાં વિશેક બાઇઓ તથા છોકરાઓ અભ્યાસ કરે છે. બન્ને માટે એક પંડીત છે જે બપોરે સ્રીઓને અને રાત્રે છોકરાઓને શિખવે છે. સીમંત ( અધરણી ) પ્રસંગે સ્રીને ગામમાં ફેરવવા, મૃત્યુ પાછળ કુટવા વીગેરે રીવાજો અત્રે બંધ થયા છે. ધર્માદા હિસાબની ચોખવટ રાખવા તથા પ્રાણીજન્ય પદાર્થો ન વાપરવા વીગેરે ઠરાવો પણ અમલમાં છે.

તા–૧૮-૩-૧૯૦૫. જળગામ. તા. ૧૬ મીના રોજ એવલાથી રવાના થઈ પાચોરા ગયા અને ત્યાંથી તા. ૧૮ મીના રોજ જળગામ આવ્યા.

અત્રે પ્લેગને લીધે જૈન ભાઈઓ ગામથી દુર ઝુંપડાંઓમાં રહેતા હતા છતાં પણ પ્રયત્ન કરીને કેટલાએકને એકઠા કરી મીટીંગ કરી. યથાશક્તિ સમજ આપી. સુકૃત ભંડાર મંજુર રાખવામાં આવ્યો. માસીકનાં તેર નવાં ગ્રાહકો કર્યા.

તા. ૨૩-૩-૦૫–ભુસાવળ—તા. ૨૩ મીના રોજ અત્રે આવ્યા. બીજે દીવસે જૈન ભાઈઓની મીટીંગ કરી. સુકૃત ભંડાર મંજુર રહ્યો. આ વર્ષના આશરે રૂ. ૫૦) ની ઉત્પન્ન થઇ છે જે ઑફીસ તરફ મોકલવાનું નક્કી થયું છે. માસીકના ત્રણ ગ્રાહકો કર્યા.

તા. ૨૫-૩-૦૫-મલકાપુર તા.—૨૫ મીના રોજ મલકાપુર આવ્યા. અત્રે પણ પ્લેગને લીધે અવ્યવસ્થા છે. રાત્રે કોશેસ કરીશું. અહીંથી આવતી કાલે બાલાપુર જઇશું. ત્યાંના પ્રખ્યાત શેઠ અને આપણા મો. સેક્રેટરી શેઠ હીરાલાલજી પાનાચંદજીને ત્યાં લગ્ન પ્રસંગ છે અને આજુબાજુના ઘણા ગૃહસ્થો ત્યાં આવવા સંભવ છે.

---

# જીવદયા પ્રચાર કરવાનો યોગ્ય રસ્તો.

(એક જૈન ગ્રેજ્યુએટ)

"अहिंसा परमो धर्मः" એ આપણ જૈનો માત્રનો સિધ્ધાંત છે એમ નથી પરંતુ પ્રાચીન કાળથી તે અત્યાર સુધીમાં હિંદુસ્તાનમાં ચાલેલા અને ચાલતા સર્વે જુદા જુદા ધર્મો અને મતોએ આ સિધ્ધાંતને સ્વિકારેલો છે તે આપણ સઘળા સારી રીતે જાણીએ છીયે. પરંતુ આપણા પવિત્ર જૈન ધર્મમાં આ સિધ્ધાંતનું જે દરજ્જે પ્રાધાન્ય માનવામાં આવ્યું છે તે દરજ્જે બીજા ધર્મોમાં અને સંપ્રદાયોમાં જોવામાં આવતું નથી. મનુષ્યની માફકજ સુખ દુઃખને અનુભવી શકે તેવાં પશુપક્ષી આદિના જીવ છે એમ સઘળા ધર્મો અને ધર્માચાર્યો એકે અવાજે કબુલ કરતા આવ્યા છે પરંતુ જૈન ધર્મ તેથી પણ વધુ આગળ વધીને વાયુ, પાણી, પથ્થર, ધાતુ, વનસ્પતિ વિગેરે વસ્તુઓમાં સુખ દુઃખ અનુભવી શકે તેવા જીવો માને છે અને આ સંબંધમાં તેઓની માન્યતાને આધુનીક કાલની વિદ્યાએ સંપુર્ણ રીતે પુરવાર કરીને પુષ્ટી આપી છે. હાલ સુધી અને હજી સુધી પણ જૈનોની જીવદયાને બીજા મતવાળાઓ હદ પારની અને સંસારીક વ્યવહારને ખલેલ કર્તા માનેછે અને એટલે સુધી આગળ વધીને કહેછે કે જો જૈનોના સિધ્ધાંત અનુસાર સર્વ જગત જીવદયા માને તો આ સંસાર ચાલવો અશક્ય થઇ પડે. આ સંબંધમાં તેઓનું માનવું કેટલે અંશે ખરૂંછે તે માત્ર જૈનો પોતે સંસારમાં રહીને પોતાની જીંદગી કેવી રીતે ગુજારે છે તે જોયાથીજ આપોઆપ જણાઈ આવશે. અસ્તુ, તે ગમે તે હો પરંતુ જીવ દયાથી મનુષ્ય માત્રના આચરણ અને કહેણી કરણી ઉપર સારી અસર થાય છે. તે વાત સર્વ કોઈ મંજુર કરે છે અને માંસાહારી પ્રજાઓ કરતાં ફક્ત વનસ્પતિના ખોરાક ઉપર ગુજરાન ચલાવતી પ્રજાઓ શરીરે તંદુરસ્ત અને શાંત પ્રકૃતિ વાળી તથા માનસીક વૃત્તીઓને તાબે થવાને બદલે વિશેષ ધાર્મીક વૃત્તીઓવાળી જોવામાં આવે છે. આ સાથે હાલની વૈદક વિદ્યાથી વનસ્પતિ ખોરાક માંસાહાર કરતાં વિશેષ સુખકારી અને નિરોગી સિદ્ધ થયો છે. પરંતુ કેટલેક અંશે પડી ગયેલી ટેવ અને કેટલેક અંશે દુરાગ્રહને લીધે આપણી બીજી ભાઈબંધ પ્રજાઓ તેમનામાં કેટલાંએક કારણોને લીધે પ્રચલીત થયેલા માંસાહારના રીવાજને મકી શક્તી નથી.

આપણા પોતાના જેવાંજ સુખ દુઃખને અનુભવી શકે તેવાં અસંખ્ય પ્રાણીઓને હણીને તેઓને માટે જે ખોરાક તૈયાર કરવામાં આવેછે તેનો ઉપયોગ કરતી વખત તેમાંના સેંકડે નેવું ટકા મનુષ્યોને તે પ્રાણીઓ ઉપર કેટલું ઘાતકીપણું ગુજારવામાં આવેછે તેનો બીલકુલ ખ્યાલ હોતો નથી અને ફક્ત એક સાધારણ સંસારના વ્યવહાર તરીકે તેઓ આવા ખોરાકનો ઉપયોગ કરે છે. પરંતુ આપણે ખાત્રીથી માનીએ છીએ કે માંસાહારી મનુષ્યો તેમનો જ્યાં ખોરાક તૈયાર કરવામાં આવે છે તે કસાઇખાનાઓની જો ફક્ત એકજ વાર મુલાકાત લે તો તેઓને અર્થે બીચારાં નીરાધાર પશુઓ ઉપર જે જુલમ અને ક્રૂરતા ગુજારવામાં આવે છે તે જોઇને તેમાંના ઘણાખરા માંસાદિ પદાર્થનું સેવન વગર વિલંબે છોડી દે એ સંભવીત છે. પરંતુ જ્યાં સુધી આ બાબત તેઓના લક્ષપર યોગ્ય રીતે લાવવામાં આવી નથી ત્યાં સુધી આ વિષે તેઓનાં મગજમાં કાંઈ પણ ખ્યાલ આવવો અશકય છે. આવું પરિણામ લાવવાને માટે જ્યાં બીચારાં પશુ પક્ષીઓને તેનું માંસ કાઢવાને મારી નાખવામાં આવેછે તેવાં કસાઈખાનાંઓમાં જે ઘાતકીપણું વાપરવામાં આવે છે તેનું અને તે બાપડાં પ્રાણીઓનો મરતી વખતનો ફફડાટ અને તેમની કર્ણને પ્રહારરૂપ ભયંકર ચીસો વીગેરે બાબતોનો તાદૃષ્ય ચીતાર જો તેઓ સમક્ષ રજુ કરવામાં આવે તો અમે ધારીએ છીએ કે જરુર માંસાહારીઓમાંના કેટલાએક કે જેઓનાં હૃદય ક્રુરતાની પૂર્ણતાને પામ્યાં નથી, તેઓ ઉપર તે સારી અસર કરશે અને તે પછી તેવો ખોરાક લેવા પેહેલાં પોતે વાંચેલો ચીતાર તેઓનાં ચક્ષુ સમક્ષ રજુ થઇને તેવો ખોરાક લેવો કે નહીં તે વિચારમાં તેઓ જરૂર પડી જશે. તે પછી જો આવી રીતે ઉત્પન્ન થયેલી તેમની લાગણીઓને યોગ્ય રીતે દોરવામાં આવે તો મોડા વહેલા પણ જરૂર તેઓ આવી જાતનો ખોરાક લેતા અટકશે. આ સંબંધમાં અમારે જણાવવું જોઇએ કે આવા ઘણા એક દાખલાઓ બન્યા છે કે જેમાં કેટલાએક માંસાહારી મનુષ્યોએ માંસ તજી દીધું છે. આ પ્રમાણે તેઓનામાં દયાના જે અંકુરો સ્ફુરશે તે તેઓના સંસારિક વ્યવહારના દરેક પગલામાં જોવામાં આવશે અને તેને લીધે તેઓની જીંદગીમાં મોટો ફેરફાર થવાનો સંભવ છે. જીવદયાના ખરા સીધ્ધાંતોનો ફેલાવો કરવાનો ફક્ત આજ ખરો માર્ગ છે કે જે હંમેશાં સારૂં પરિણામ લાવ્યા વગર રહેતો નથી. આપણા દેશમાં જીવદયા કેમ કરવી તે વિષે કંઈ ગેરસમજુતી થતી લાગેછે. આપણી જીવદયા ફક્ત કસાઈઓના હાથમાંથી જીવોને છોડવવામાંજ સમાઈ જાય છે. આ પણ જીવદયાનો એક માર્ગ છે અને તેમાં કંઈ ખોટું નથી પરંતુ તે કસાઈઓ અને તે પ્રાણીઓનું માંસ ભક્ષણ કરનારા મનુષ્યોને તેમનાં દુષ્ટ વર્તનથી રાંક પશુ પક્ષીઓ ઉપર જે ઘાતકીપણું ગુજરે છે અને તેમને જે મહા વેદના ભોગવવી પડે છે તેથી જો યોગ્ય રીતે વાકેફ કરવામાં આવે તો અમને ખાત્રી છે કે કસાઇઓના હાથમાંથી પશુપક્ષીઓને છોડવવામાં આપણે અત્યારે જેટલાં નાણાંનો વ્યય કરીએ છીએ તેટલાંજ નાણાં જો ઉપર બતાવ્યા પ્રમાણે પ્રજાના વિચારો કેળવવા પાછળ ખર્ચ કરવામાં આવે તો ઘણુંજ ઉપયોગી અને સંગીન પરિણામ આપણે લાવી શકીશું. સુધરેલા દેશો જેવા કે ઈગ્લાંડ, અમેરિકા, જર્મની

વીગેરેમાં આવી મજબુત લાગણી ફેલાતી જાય છે અને તે ધોરણે કાર્ય કરવા સારુ કેટલાંએક મંડળો પણ ઉભાં થયાં છે. આપણા દેશમાં પણ જુનાગઢવાલા નાગર ગૃહસ્થ મી. લાભશંકર લક્ષ્મીદાસ આ ધોરણ ઊપર કાર્ય કરી રહ્યા છે. અને તેમના તે કાર્યમાં જીવદયાના સિદ્ધાંતને માનનારા દરેક મનુષ્યે પોતાથી બની શકતી મદદ આપવાની જરૂરછે. ગયા ફેબ્રુઆરી માસમાં મી. લાભશંકર લક્ષ્મીદાસની સલાહુથી આપણી કોન્ફરસના જીવદયાના ખાતામાંથી ૪૩ પૌંડ એટલે રૂ ૬૪૫ ઇંગ્લંડની (વૈદક) મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓમાંથી જીવદયાના વિષયો તથા વનસ્પતિ આહુાર ઉપર સૌથી સારો નિબંધ લખનારને ઇનામો આપવા તથા તે માટેના ખર્ચ સારૂ લંડનના "ધી હુમેનીટેરીઅન લીગ" (The Humanitarian League) ઉપર મોકલવામાં આવ્યા હુતા. આ મોકલવાની મતલબ એ હુતી કે હાલમાં વૈદક કોલેજમાં જે વિદ્યાર્થીઓ છે તેઓ દાકતરો થઇને માંસાહુારનાં માઠાં પરિણામથી પોતાના સમાગમમાં આવનાર દર્દીઓને વાકીફ કરે. આ ઇનામનું પરિણામ એ આવવાનું કે ખોરાક વિગેરેની બાબતમાં પ્રમાણુરૂપ મનાતા વૈદકી વીચારો આપણી તરફેણમાં આવે અને તેમ થવાથી ભવિષ્યની પ્રજાને માંસાહુારને બદલે વનપસ્તી આહુાર તરફ દોરવાને આપણે શક્તીવાન થઇએ. આ સંબંધમાં આપણા તરફથી જે ૪૩ પૌંડની રકમ મોકલવામાં આવેલી તેની પહોંચ સ્વીકારતાં તે મંડળના સેક્રેટરી આપણી ઉપર નીચે પ્રમાણે પત્ર લખી મોકલે છે.

The Humanitarian League.
53 Chancery Lane
London W. C.
February 20, 1905

DEAR SIR,

I beg to thank you most sincerely on behalf of the Humanitarian league for the very generous gift of £ 43—which you have sent us from the Jain Conference to be used in the cause of Vegitarianism. We will do our utmost to expend the money in the way most calculated to produce the besireb result. We think that it would be wiser to publish some good vegitarian literature, rather than to offer prizes to medical students and I understand from our friend Mr. Labhashanker Laxmidas that your society will be willing to leave us to use our own judgement in this matter.

In any case I will acquaint you with the decision of the Committee when they have had time to consider in the matter more fully.

With many thanks

Yours faithfully
HENRY S. SALT.

To the Secretary of the Jain Conference

## ઉપરના ઇંગ્રેજી પત્રનો તરજુમો.

અરનેસ્ટબેલ, ખજાનચી.
હેનરી એસ સૉલ્ટ, ઑ. સેક્રેટરી.
કે. વ્હીટેકર, એ-સેક્રેટરી.

૫૩ ચાન્સરી લેન
લંડન, ડબ્લ્યુ. સી.
ફેબ્રુઆરી ૨૦, ૧૯૦૫.

પ્યારાં સાહેબ,

જૈન કોન્ફરન્સ તરફથી વનસ્પતી આહારના ફેલાવા અર્થે વાપરવા સારૂ આપે મોક-લેલ ૪૩ પૌંડની ઉદાર સખાવત માટે હ્યુમેનીટેરીઅન લીગ તરફથી આપનો અંતઃકરણથી ઉપકાર માનું છું. સારામાં સારૂં પરીણામ લાવે તેવા યોગ્ય માર્ગે આ નાણાં ખર્ચવાને અમે અમારાથી બનતું કરીશું. વૈદક વિદ્યાર્થીઓને ઈનામો આપવા કરતાં વનસ્પતી આહાર સંબંધી સારૂં સાહિત્ય પ્રગટ કરવું અમે વધારે ડહાપણ ભરેલું સમજીએ છીએ અને અમારા મિત્ર મિ. લાભશંકર લક્ષ્મીદાસ તરફથી અમે સમજીએ છીએ કે તમારી કોમ આ બાબતમાં અમારા ઉપર છોડી દેવાનું પસંદ કરશે. તેમ છતાં પણ અમારી કમી-ટીએ તે બાબત ઉપર પુખ્તપણે વિચાર કર્યેથી તેમના ઠરાવથી આપને જાણીતા કરીશું.

રવાને
ધી સેક્રેટરી
જૈન કોન્ફરન્સ,

ઘણા ઉપકાર સાથે,
આપનો વિશ્વાસુ,
(સહી) હેનરી એસ, સોલ્ટ.

આ પત્ર વાંચીને અમારા ધર્મ બંધુઓની ખાત્રી થશે કે જીવદયાના મોક્ષ માર્ગનો ફેલાવો કરવાનો આ એક ઉત્તમ માર્ગ છે અને તેથી આપણા સધળાઓનું એ તરફ ધ્યાન ખેચાવું જોઇએ છે. આપણા પોતાના દેશમાં પણ આવા સાહીત્યની ઘણીજ જરૂર છે અને અમે આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં તે સંબંધી યોગ્ય કરવાને આપણે શક્તિવાન થઈશું.

---


### शुद्ध और चरबी रहित

# पवित्र मोमबत्तीयां.

### खास जैन धर्मियोंके वास्ते.

हमारे यहां मुखतलिफ् किसम् वजन् सफेत मोंबत्तीयां बनती है. इस्की बनावटमें कोई नापाक जानवरोंका जुझ नहीं है. इस्की रोशनी दूसरी बत्तीयोंसे कम नही हय और ये उन्से ज्यादा देरतक जल्ती है. और इन्ही औसाफ् के सबब पांच सोनेके और एक चांदीका तमगा याने आलासनदें और सिवाय बहो-तसी सनदे मिली हय. चूंके आपके यहां मोंबत्तीयां इस्तेमाल और फरोक्त होती है इस लिये अगर आप एक दफे हमारी वत्तीयां मंगवायेंगे तो आपको उन्की खुबीयोका यकीन होगा.

हमारा पत्ता:—मोतीलाल कशळचंद शाह. मेनेजर—गुजरात केन्डल फॅक्टरी ॲन्ड एस्बेस्टॉस वर्क्स, जुबिली बाग, ताडदेव, मुंबई.

# આપણાં પિસ્તાળીસ આગમો.

एक्कारस अंगाइं–बारउवंगाइं दस पयन्नाइं,
छ छेअ मूलचउरो–नंदी अणुओग दाराइं. १

(અગ્યાર અંગ, બાર ઉપાંગ, દશ પયન્ના, છ છેદ, ચાર મુળ, અને નંદી તથા અનુયોગદ્વાર મળીને પિસ્તાળીસ આગમ ગણાય છે.)

| ૧૧ અંગ | શ્લોક | ફોટોટાઇપપ્રતની પડવાધારેલી આશરે કિંમત. | ૧૨ ઉપાંગ | | આશરેકિંમત |
|---|---|---|---|---|---|
| | | રૂ. આ. | | | રૂ. આ. |
| ૧ આચારાંગ | ૨૫૦૦ | ૧—૪ | ૧ ઔપપાતિક | ૧૫૦૦ | ૦—૧૨ |
| ૨ સૂત્રકૃતાંગ | ૨૦૦૦ | ૧—૦ | ૨ રાજપ્રશ્નીય | ૨૦૭૮ | ૧—૨ |
| ૩ સ્થાનાંગ | ૩૭૫૦ | ૧—૧૪ | ૩ જીવાભિગમ | ૪૭૦૦ | ૨—૬ |
| ૪ સમવાયાંગ | ૧૬૬૭ | ૦—૧૩ | ૪ પ્રજ્ઞાપના | ૭૭૮૭ | ૩—૧૪ |
| ૫ ભગવતી | ૧૫૭૬૦ | ૭—૧૩ | ૫ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ | ૪૧૪૬ | ૨—૨ |
| ૬ જ્ઞાતધર્મકથા | ૬૦૦૦ | ૩—૦ | ૬ ચંદ્રપ્રજ્ઞપ્તિ | ૨૨૦૦ | ૧—૨ |
| ૭ ઉપાશકદશા | ૮૧૨ | ૦—૭ | ૭ સૂર્યપ્રજ્ઞપ્તિ | ૨૨૦૦ | ૧—૨ |
| ૮ અંતકૃદ્દશા | ૮૭૯ | ૦—૭ | ૮ નિરયાવલિકા | | |
| ૯ અનુત્તરોપપાતિક | ૧૯૨ | ૦—૨ | ૯ કલ્પાવતંસિકા | | |
| ૧૦ પ્રશ્નવ્યાકરણ | ૧૨૫૦ | ૦—૧૦ | ૧૦ પુષ્પિકા | ૧૧૦૯ | ૦—૮ |
| ૧૧ વિપાકસૂત્ર | ૧૨૧૬ | ૦—૧૦ | ૧૧ પુષ્પચૂલિકા | | |
| | | | ૧૨ વૃષ્ણિદશા | | |
| | ૩૫૯૫૬ | ૧૮ રૂપીયા | | ૨૫૭૨૦ | ૧૩ રૂપીયા |

| ૧૦ પયન્ના | | | ૭ છેદ | | |
|---|---|---|---|---|---|
| ૧ ચઉસરણ | ૬૪ | ૦—૧ | ૧ નિશીથ | ૮૧૫ | ૦—૮ |
| ૨ આઉરપચ્ચખાણ | ૧૩૪ | ૦—૧ | ૨ બૃહત્કલ્પ | ૪૭૩ | ૦—૪ |
| ૩ ભક્તપરિજ્ઞા | ૧૭૧ | ૦—૧ | ૩ વ્યવહાર | ૬૦૦ | ૦—૬ |
| ૪ સંથારા | ૧૨૧ | ૦—૧ | ૪ દશાશ્રુવ્યકલ્પ | ૧૮૩૦ | ૦—૧૪ |
| ૫ તંદુલવિયાળી | ૪૦૦ | ૦—૩ | ૫ પંચકલ્પ | ૧૧૩૩ | ૦—૧૨ |
| ૬ ચંદ્રવેધક | ૧૭૪ | ૦—૧ | ૬ મહાનિશીથ | ૪૫૦૦ | ૨—૪ |
| | | | | ૯૩૫૧ | ૫ |
| ૭ દેવેંદ્રસ્તવ | ૩૦૩ | ૦—૩ | ૪ મુળ | | |
| ૮ મરણ સમાધિ | ૬૫૬ | ૦—૩ | ૧ આવશ્યક | ૧૨૫ | ૦—૨ |
| ૯ મહાપચ્ચખાણ | ૧૪૩ | ૦—૧ | ૨ દશવૈકાલિક | ૭૦૦ | ૦—૭ |
| ૧૦ ગણિવિજ્જા | ૮૫ | ૦—૧ | ૩ ઉત્તરાધ્યયન | ૨૦૦૦ | ૧—૦ |
| | ૨૨૫૧ | ૧—૦ | ૪ પિંડનિર્યુક્તિ | ૭૦૮ | ૦—૭ |
| | | | | ૩૫૩૩ | ૨—૦ |
| ૧ નંદીસૂત્ર | ૭૦૦ | ૦—૪ | | | |
| ૨ અનુયોગદ્વાર | ૧૯૦૦ | ૦—૧૨ | ટોટલ શ્લોક | ૭૯૪૧૧ | ૩૪૦ |
| | ૨૬૦૦ | ૧—૦ | | | |

**નોટઃ**—આ શ્લોકસંખ્યામાં જૂદી જૂદી પ્રતોના જૂદા જૂદા પાઠાંતરો આવવાથી કદ સવાયું થશે. એમ ધારીયે છીયે તેથી લખેલી કિમ્મતથી સવાઈ કીંમતે પુસ્તક અપાઈ શકાય એમ અનુમાન છે.

# આ વર્ષ દરમીયાન મળનારી પ્રાંતિક જૈન કોન્ફરન્સો.

( એક ગ્રેજ્યુએટ. )

આપણી શ્રી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરંસને શરૂ થયે ફક્ત ત્રણજ વર્ષ થયાં છે અને જે ત્રણ વર્ષો દરમીયાન જેની ફક્ત ત્રણજ બેઠકો મલી છે તેટલામાંજ આપણા સર્વે જૈન ભાઇઓ કોન્ફરંસથી થતા ફાયદાઓ પૂર્ણ રીતે સમજવા લાગ્યા હોય તેમ માલમ પડે છે અને તે ઘણાજ હર્ષની વાત છે. મહાસભાના ફાયદાઓથી વાકીફ થઇને આપણા દક્ષિણ નિવાસી જૈનભાઈઓએ દક્ષિણ પ્રાંતિક કોન્ફરંસ એપ્રીલ તા૦ ૨૨।૨૩ ૨૪ ના રોજ આમલનેરમાં મેળવવાનું નકી કર્યું અને જે માટેની તૈયારીઓ કરવામાં તેઓ હાલ દોડધામમાં પડી ગયા છે. પોતાના દક્ષણી ધર્મ બંધુઓ કે જેઓ પહેલ વહેલી પ્રાંતિક સભા બોલાવવાનું માન ખાટી ગયા છે તેમનું અનુકરણ કરીને અમારા ગુજરાતી જૈનભાઇઓએ પણ પોતાની એક પ્રાંતિક સભા તા. ૧૧-૧૨-૧૩ મે ના રોજ પેથાપુર મુકામે મેળવવાનું નકી કરી કોન્ફરંસમાં ભેગા મળીને પોતાની ધાર્મીક અને સંસારીક ઉન્નતી કેવી રીતે થાય તેનો વિચાર કરવાનો ઠરાવ કર્યો છે. શ્રીજૈન ( શ્વેતાંબર ) કોન્ફરંસની વાર્ષિક બેઠકોમાં આપણે જે ઠરાવો કરીએ છીએ તેનો જ્યાંસુધી અમુક ગામો યા જ્ઞાતિઓ યા વ્યક્તીઓ અમલ કરે નહીં ત્યાંસુધી તે કેવળ કાગળ ઉપરજ રહેછે અને તેથી આ પ્રમાણે પ્રાંતિક કોન્ફરંસો કે જે આ દેશના અમુક વિભાગના ગામોના પ્રતિનિધિઓનાં બનેલાં છે તેમાં મહાસભામાં થએલા ઠરાવો ઉપર વિચાર ચલાવી પોતપોતાની સ્થિતી અને સમયાનુસાર તે ઠરાવો અમલમાં લાવવાનું નકી કરવામાં આવે તે બેશક અતિ જરૂરનું છે. આવી પ્રાંતિક કોન્ફરંસોમાં અમુક ઠરાવો અમલમાં લાવવા એવું નકી થયું એટલે આપણે જરૂર સમજવું કે તે ઠરાવો ખરેખરા અમલમાં આવવાનાજ કારણ કે એક મહા સભા કરતાં નાના મંડલો પોતે કરેલા ઠરાવો અમલમાં લાવવાને માટે ઘણા સારા ઉપાયો યોજી શકે છે તથા તે માટે ઘણું સારૂં બંધારણ બાંધી શકે છે. વળી તેથી બીજો મોહોટો ફાયદો એ છે કે આવાં પ્રાંતિક કોન્ફરંસોમાં જોડાતાં સ્થળોના રીતીરીવાજ લગભગ એક એકને મળતા યા સરખા હોય છે અને તેથી કરીને મુખ્યત્વે કરી સંસારીક રીવાજોનો સુધારો ઘણીજ સારી રીતે અને સહેલાઈથી થઈ શકે છે કારણ કે મહાસભામાં જે ઠરાવો કરવામાં આવે છે તે સઘળા પ્રાંતોને અનુસરતા કરવામાં આવે છે જ્યારે આવા પ્રાંતિક કોન્ફરંસો પોતાની સ્થિતીથી વધારે સારી રીતે માહીતગાર હોઇને તેમાં રહેલી સઘળી બદીઓ દુર કરવાને યોગ્ય માર્ગો યોજવાને શકતીવાન થાય છે. આ સાથે આવાં કોન્ફરંસો મળવાથી તેજ પ્રદેશને લગતી કેટલીએક ખાસ બાબતોનો ત્યાંને ત્યાંજ નિકાલ થઈ જાયછે, અને તેથી કરીને મહાસભા ઉપરથી કાર્યનો કેટલોએક બોજો ઓછો થઈ શકે છે. આવી રીતનાં જુદે જુદે ઠેકાણે પ્રાંતિક કોન્ફરંસો મળવાથી આખા દેશમાં કોન્ફરંસના ઠરાવો પુર્ણ રીતે અમલમાં આવી શકશે અને તેમ થવાથી આપણી ધાર્મીક અને સંસારીક ઉન્નતી જલદીથી થઈ શકશે. આપણા દક્ષીણી અને ગુજરાતી ભાઇઓએ પોતાની ઉન્નતી અર્થે

પોતાની જે પ્રાંતિક કોન્ફરંસો મેળવવાનો વિચાર રાખ્યો છે તેજ પ્રમાણે બીજા પ્રાંતોના અમારા જૈન ભાઈઓ તેમનું અનુકરણ કરે તો ઘણોજ ફાયદો થવાનો સંભવ છે. તો અમે આશા રાખીએ છીએ કે અમારી આ સુચના ઉપર તે લોકો યોગ્ય લક્ષ આપશે. છેવટે આ બે પ્રાંતિક કોન્ફરંસોને અમે ફતેહ ઇચ્છીએ છીએ.

---

## સુશ્રાવકો, પુસ્તકના ભંડારો સાચવનાર માહાશયો, યતિજી માહારાજાઓ અને મુની માહારાજાઓને વીનંતી.

આ કોનફરન્સ તરફથી આગમોદ્ધાર કરવાનું કામ ચૈત્ર સુદી પ્રતિપદાને દિવસે શરૂ કરવાનું ઠર્યું છે અને તે સંબંધે આપ શ્રીને યત્કિંચિત તસ્તી આપવી પડે છે તેની ક્ષમા કરી નીચે પ્રમાણે આ કાર્યમાં મદદ આપશો એવી આશા છે.

૧ આપની પાસે આપણા ૪૫ આગમો પૈકી જેટલાં આગમોની પ્રાચીનમાં પ્રાચીન અને શુદ્ધ પ્રત હોય તે બનતી ત્વરાએ આપ અત્રે મોકલી આપશોજી.

૨ કદી કોઈ આગમની નકલ કપડાં ઉપર લખતાં પહેલાં આપશ્રીને શુદ્ધાશુદ્ધ તપાસવા મોકલવામાં આવે તો તે આપશ્રી તપાસી આ કાર્યને ઉત્તેજન આપશો કે કેમ તે જણાવશોજી.

હાલમાં આવતી કોનફરન્સ પાટણમાં મળે તે પહેલાં ૪૫ આગમોના મુળ સુત્ર પાઠનો સંગ્રહ કરવાનો છે. આ સંબંધી ઝવેરી માણેકલાલ ઘેહેલાભાઈની સુચના ઉપર સેક્રેટરી સાહેબોએ ધ્યાન આપી તે પ્રમાણે વ્યવસ્થા કરવા મંજુર કર્યું છે એટલે કે છાપખાનામાં આગમની આશાતના બીલકુલ ન થતાં જ્યારે જોઇએ ત્યારે રસાયણી રીતે (ફેરોટાઈપની રીતે) માગો તે આગમની શુદ્ધ પ્રત થાય તેવું છે. અને તેનો ખર્ચ પણ માત્ર એક પાને એક પૈસો અથવા ચાર પાઈ આવે છે. એટલે કે જુજ રકમમાં આગમની રક્ષા અને સંગ્રહ થાય એવું છે તો આપ આ કાર્યને જરૂર પુષ્ટી આપશો કારણ કે આ દુઃષમ કાળમાં આપણો આધાર જીનાગમ અને જીનપ્રતિમાપર છે.

વિશેષમાં આપના તરફથી જેટલાં જેટલાં આગમો આવશે તેની એક એક શુદ્ધ પ્રત જે ઘણાજ વિદ્વાનો પાસે શોધાવી તૈયાર કરાવવામાં આવશે તે આપશ્રીને ભેટ આપવાની છે. પુસ્તકો અત્રે મોકલવાનો તથા પાછા મોકલવાનો ટપાલ ખર્ચ પણ કોનફરન્સ ખાતેથી આપવાનો છેજી તો આપ જરૂર તાડપત્રની હોય તો તે નહીં તો કાગળપરની જુનામાં જુની અને શુદ્ધ આગમ મુળ, ટીકા, ભાષ્ય, નીર્યુક્તિ, ચુર્ણી વીગેરેની હસ્તલીખીત જે પ્રતો હોય તે અત્રે મોકલશોજી અને આ વિનંતિના પ્રત્યુત્તરમાં આ કાર્યમાં આપ કેટલાં પુસ્તકો મોકલી શકશો અને કઈ રીતે આ કાર્યને મદદ કરશોજી તે જણાવવા કૃપા કરશોજી.

આપનો દાસાનુદાસ.

એ. સેક્રેટરી. જૈન શ્વે. કોન્ફરન્સ.

---

# શ્રી દક્ષિણ જૈન (શ્વેતાંબર) પ્રાંતિક કૉન્ફરન્સ.

## કમીટીઓની નીમણુંક.

### સ્વાગત કમીટી.

**પ્રમુખ.** શેઠ દલીચંદ નથુશા.
**સેક્રેટરી.** શેઠ હરખચંદ ગુલાબચંદ.
**મેંબરો.** શેઠ છગનદાસ મગનદાસ.
,, રતનચંદ ઠગડુસા.
,, રામચંદ મોહનચંદ.
,, મોહનચંદ હીરાચંદ.
,, મોહનચંદ માણેકચંદ.
,, ભુખણદાસ વેલચંદ.
,, ભાગચંદ રાયચંદ.
,, કલ્યાણચંદ નથુશા.
,, ચુનીલાલ નહાલચંદ.
,, દેવચંદ નથુશા.
,, હરખચંદ બાલુશા.
,, રૂપચંદ મોહનચંદ.
,, ચુનીલાલ નહાનચંદ.
,, હીરજી વેલાભાઇ.
,, હીરાચંદ શંભૂરામ.
,, અમુલખ તારાચંદ.
,, વાલચંદ મોતીચંદ.
,, ભિખુશા રૂગનાથદાસ.
,, ચુનીલાલ રામચંદ.
,, વીસનજી અર્જુન.
,, હજારીમલ કોઠારી.
,, લખમીચંદ લાલચંદ
,, નથમલ છોગમલ.

### વોલંટીયર કમીટી.

**પ્રમુખ.** શેઠ ચુનીલાલ રાયચંદ.
**સેક્રેટરી.** ,, માણેકચંદ વીરચંદ.
**મેંબરો.** ,, સાકરચંદ રંગીલદાસ.
,, દેવચંદ નથુશા.
,, હરખચંદ હીરાચંદ.

### ભોજન કમીટી.

**પ્રમુખ.** શેઠ ભીખુશા રૂગનાથદાસ.
**સેક્રેટરી.** ,, ચુનીલાલ છગનલાલ.
**મેંબરો.** ,, કીશોરદાસ છગનદાસ.
,, નાનચંદ ભાગચંદ.
,, નથુભાઇ કીશોરદાસ.
,, લખ્મીદાસ રાયચંદ.
,, ખુબચંદ ગુલાબચંદ.
,, મોહનચંદ તારાચંદ.
,, વીરચંદ લવજી.
,, લીલાચંદ નથુશા.

### ઉતારા કમિટી.

**પ્રમુખ.** શેઠ ભાગચંદ રાયચંદ.
**સેક્રેટરી.** ,, મોહનચંદ હીરાચંદ.
**મેંબરો.** ,, રૂપચંદ મોહનચંદ.
,, ચુનીલાલ નાનચંદ.
,, માણેકચંદ લખમીચંદ.

### મંડપ કમીટી.

**પ્રમુખ.** શેઠ છગનદાસ મગનદાસ.
**સેક્રેટરી.** ,, કીશોરદાસ છગનદાસ.
**મેંબરો.** ,, ચુનીલાલ નાહાલચંદ.
,, હીરજી વેલાભાઈ.
,, દેવચંદ થુશા.
,, ભાગચંદ ચુનીલાલ.
,, વીસનજી અર્જુન.
,, ભીખુશા રૂગનાથદાસ.
,, ખીમચંદ ભાઇચંદ.

### આરોગ્ય કમીટી.

**પ્રમુખ.** શેઠ ભીખુશા રૂગનાથદાસ.
**સેક્રેટરી.** ,, ભોગીલાલ રતનચંદ.
**મેંબરો.** ,, ભાગચંદ ચુનીલાલ.
,, ઠગડુદાસ ઉત્તમચંદ.
,, મોતીચંદ નેમીદાસ.

કોરસપોનડન્સ કમીટી.

પ્રમુખ. શેઠ દામોદર બાપુશા.
સેક્રેટરી. ,, બાલચંદ હીરાચંદ.
મેંબરો. ,, ભાગચંદ છગનદાસ.
,, ડાહ્યાભાઇ ચુનીલાલ.
,, ભોગીલાલ રતનચંદ.
,, ભુખણદાસ ખીમચંદ.

કેશીયર કમીટી.

પ્રમુખ. શેઠ ચુનીલાલ નીહાલચંદ.
સેક્રેટરી. ,, ભાગચંદ છગનદાસ.
મેંબરો. ,, ભોગીલાલ રતનચંદ.
,, સાકરચંદ રતનચંદ
,, બાલચંદ રામચંદ
,, ભાગચંદ ચુનીલાલ.
સુપરવાઈઝર. શેઠ ભાગચંદ છગનદાસ.

નાણાં વસુલ કરનાર વોલંટીયરો.

શેઠ મગનદાસ ભુખણદાસ.
,, પોપટલાલ ચુનીલાલ.

---

## શ્રી ગુજરાત ઉત્તર વિભાગ પ્રાંતિક જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ.

મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજીના ઉપદેશથી સંવત ૧૯૬૧ના વૈશાખ સુદી ૭-૮-૯ એટલે તા૦ ૧૧-૧૨-૧૩ મે સને ૧૯૦૫ ના દીવસોએ પેથાપુર ખાતે જે પ્રાંતીક જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સ મળવાનું નકી કરવામાં આવ્યું છે તેની કંકોત્રીઓ ઉત્તરમાં પાલનપુર સુધી, દક્ષિણે કપડવંજ, પશ્ચિમમાં સાણંદ અને પૂર્વમાં ઈડર મહીકાંઠા સુધી મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે. રીસેપ્શન કમીટી તથા પેટા કમીટીઓની વ્યવસ્થા.

રિસેપ્શન કમીટી.

પ્રમુખ વકીલ ફતેહચંદ રામચંદ.

ડેપપ્રમુખો—ગાંધી રવચંદ રામચંદ
વકીલ ડાહ્યાભાઇ હુકમચંદ.
શેઠ ડાહ્યાભાઈ હઠીશંઘ.
શેઠ ફતેહચંદ રવચંદ.
શેઠ મોતીચંદ ભગવાનદાસ.

ચીફ સેકરેટરી—વકીલ છોટાલાલ લલ્લુભાઈ.

સેકરેટરીઓ—શેઠ જમનાદા મોહોકમદાસ.
,, સોમચંદ ભગવાનદાસ.
શેઠ મનસુખલાલ સુળચંદ.
,, મોહનલાલ સાંકલચંદ.

મંડપ કમીટી.

પ્રમુખ—મહેતા હાથીચંદ ઝવેરચંદ. સેકરેટરી—શા. જેશંગલાલ લલ્લુભાઈ.

હીસાબ કમિટી.

પ્રમુખ—શેઠ અમથાલાલ ટેકચંદ. સેક્રેટરી—શેઠ ચકાભાઈ લલ્લુભાઈ.

વોલંટીયર કમિટી.

પ્રમુખ—શેઠ ડાહ્યાભાઈ હુકમચંદ. સુપ્રિન્ટેંડંટ—શેઠ મનસુખલાલ ઉમેદરામ.
,, જેશંગલાલ ઉમેદરામ.

સુપરવાઈઝરો—શા. ડાહ્યાભાઈ હાથીચંદ.
,, મંગળદાસ છગનલાલ.
,, નગીનદાસ પુનમચંદ.
,, ચંદુલાલ હઠીસંઘ.
,, ઢોલાભાઈ લલ્લુભાઈ.
,, પરશોત્તમ રેવાદાસ.
,, ન્યાલચંદ ઉદેરામ ગાંધી.
,, જેઠાલાલ ફતેહચંદ.
શા. કાળીદાસ હાથીચંદ.
,, મણીલાલ રવચંદ.
,, સરૂપચંદ પુનમચંદ.
,, નાથાલાલ રણછોડલાલ.
,, ચંદુલાલ છોટાલાલ.
,, ચંદુલાલ દલસુખરામ.
,, વાડીલાલ લલ્લુભાઈ સંઘવી.

### ઉતારા કમિટી.

**પ્રમુખ**—શેઠ ફતેહચંદ રવચંદ. **સેક્રેટરી**—શેઠ જેશંગભાઇ સાકરચંદ.

### ભોજન કમિટી.

**પ્રમુખ**—ગાંધી રવચંદ રામચંદ. **સેક્રેટરી**—શેઠ ડાહ્યાભાઇ હઠીશંઘ.

### પત્રવ્યવહાર કમિટી.

**પ્રમુખ**—કારભારી ભગુભાઈ ફતેહચંદ. **સેક્રેટરી**—શેઠ ડોસલચંદ જમનાદાસ.

### આરોગ્ય કમિટી.

**પ્રમુખ**—ડાકટર રામશંકર જયાનંદ. **મેંબરો**—પટવા ગોકળદાસ બહેચરદાસ.
ગાંધી મગનલાલ વર્ધમાનદાસ.

### ડેલીગેટો તથા વીઝીટરોની ફી.

ડેલીગેટો પાસેથી આઠ આનાની ફી લેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. વીઝીટરો યાને પ્રેક્ષકો પાસેથી નીચે પ્રમાણે ફી લેવામાં આવશેઃ-

| | પુરૂષ વર્ગ. | સ્ત્રીવર્ગ. |
|---|---|---|
| પહેલો વર્ગ | ૧-૦-૦ | ૦-૮-૦ |
| બીજો ,, | ૦-૮-૦ | ૦-૪-૦ |

### ચર્ચવાના મુખ્ય વિષયો.

૧. મહાન શ્વેતાંબર કોન્ફરંસે જૈનોન્નતી માટે પસાર કરેલા ઠરાવો.
૨. જૈન ધર્મી પુરૂષ તથા સ્ત્રી વર્ગને વ્યવહારીક અને ધાર્મીક કેળવણી આપવી તથા તે માટે શાળાઓ, લાયબ્રેરીયો, બોર્ડીંગો અને સ્કોલરશીપો સ્થાપવી વીગેરે.
૩. નિરાશ્રીતોને ઉદ્યમે લગાડવા તથા યથા શક્તિ મદદ કરવી.
૪. જીવહીંસા થતી અટકાવવા પાંજરાપોળો સ્થાપવી અને હોય તેને ઉત્તેજીત કરવી.
૫. બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, જૈનશાસ્ત્ર પ્રમાણે લગ્ન વિધી ખોટા ફરજીયાત ખર્ચો કમી કરવા અને મરણ પાછળના જમણવાર, રડવા કુટવાના ચાલ વીગેરે હાનીકારક રીવાજો બંધ કરવા.
૬. ધર્માદા ખાતાના હીસાબ બરાબર રાખવા, તપાસવા તથા છપાવવા.

આ સાર્થક કોત્રીઓમાં નીચે પ્રમાણે ખુલાસાઓ માગવામાં આવનાર છેઃ-

૧. આપના ગામમાં શ્રાવકની વસ્તી કેટલીક છે? અને કઇ કઇ જાતના શ્રાવક છે?
૨. કાંઇ ઘોળ અથવા એકડા છેકે કેમ?
૩. જુદી જુદી જાતના શ્રાવકોમાં ઘોળ અથવા એકડાના કાંઈ કાયદા ધારા લખીત છે કે કેમ? જો લખત હોય તો મહેરબાની કરી તેની નકલ મોકલાવશો.
૪. કોન્ફરન્સના ઠરાવ અમલમાં લાવવા અત્યાર સુધી કંઈ યોજના થઇ છે કે કેમ અને થઇ હશે તો શું? અને તે કેવી રીતે અમલમાં આણેલ છે? તે બાબતમાં કંઇ લખીત ઠરાવ થયો છે કે કેમ? જો લખત હોય તો મેહેરબાની કરી નકલ મોકલાવશો.
૫. ગામમાં દેરાસર કેટલાં છે અને ઉપાશ્રય કેટલા છે? અને તેનો વહિવટ કેવી રીતે કરવામાં આવે છે? તેમજ પાંજરાપોળ તથા બીજાં ધાર્મીક ખાતાંઓ બાબત કેવી રીતે વહિવટ કરવામાં આવે છે તેમજ મુળનાયક પ્રતિમાજીનું નામ વીગેરે હકીકત જણાવવી.
૬. શ્રી જૈન શ્વેતાંબર મહામંડલે સુચના રૂપે કરેલા ઠરાવો અમલમાં આણવાને માટે આપ શું સુચવો છો ને તે કેવી રીતે કરવાથી અમલમાં આણી શકાશે?

ધી ગુજરાત કેન્ડલ ફેક્ટરી અને એસબેસ્ટોસ વર્કસ, જુબિલી બાગ, તારદેવ, મુંબઈ.

ધર્મિષ્ટજૈન બંધુઓ માટે ખાસ!!

ચરબી અથવા બીજા પ્રાણીજન્ય પદાર્થો રહિત

# પવિત્ર મીણબત્તી.

આવી જાતનું કારખાનું હિંદુસ્તાનમાં આ પહેલવહેલુંજ છે અને તેમાં સાધારણ બજારમાં મળતી પરદેશી મીણબત્તીઓમાં ચરબી વિગેરે હિંસાના તેમજ ધર્મ વિરૂદ્ધ પદાર્થો આવે છે, તેવા કાંઇપણ પદાર્થો વાપર્યા વિના શુદ્ધ વનસ્પતિના તેલોમાંથી વાલસેટ, ગાડીની, પેનસીલ જેવી, નકશીવાળી વિગેરે મીણબત્તીઓ દરેક કદ, વજન અને રંગની બનાવવામાં આવે છે, અને જેની સરસાઇને માટે બીજી બનાવટની મીણબત્તીઓ સાથેના મુકાબલામાં જુદાં જુદાં પ્રદર્શનોમાંથી પાંચ સોનાના અને એક ચાંદીનો ચાંદ મળવા ઉપરાંત, નામાંકિત વિદ્વાનો પાસેથી સેંકડો ઉત્તમ સરટિફિકેટ મળેલાં છે. ભાવમાં પણ બીજી બનાવટો કરતાં સસ્તી છે, અને આ મીણબત્તીઓ કોઇપણ જાતના હિંસક પદાર્થો રહિત હોવાથી દેરાસરમાં વાપરવા માટે ખાસ ઉપયોગી છે, અને તેથી આપણાં દેરાસરોમાં તેલની રોશની કરવામાં જે મેહનત અને માથાકુટ પડે છે, તે અમારી મીણબત્તીઓથી ઘણે દરજ્જે ઓછી થઇ જાય છે. વળી અમારા ધાર્મિક જૈન બંધુઓ કે જેઓ ઘર વપરાશ માટે ચરબીવાળી મીણબત્તીઓ વાપરતા નથી, તેઓને પણ આ મીણબત્તીઓ ખાસ ઉપયોગી થઇ પડશે, અને તેથી અમારા જૈન બંધુઓનું અમારી મીણબત્તીઓ તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

કિંમત તથા માહિતી માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા, તેમજ એક વખત અજમાયશ લેવા વિનંતી છે.

મોતીલાલ કશળચંદ શાહ બી. એમ. એ સી.
મેનેજર—ધી ગુજરાત કેન્ડલ ફેક્ટરી અને એસબેસ્ટોસ વર્કસ.
જયુબિલીબાગ, તારદેવ—મુંબઇ.

# આગમાં તીજોરી.

ગઈ તા૦ ૫ ફેબ્રુઆરી ૧૯૦૫ ને દીવસે ગોદરેજ અને બાઇસે મુંબઈનાં પ્રદર્શનમાં મોટી આગ કરી તેમાં પોતાની એક તીજોરી નાખી માંહેથી ૨૦૦૦૦ હુંડબીલ, કરનસી નોટ, રૂ, ટીશ્યુ પેપર, ઘડીઆળ વિગેરે સંપુર્ણ સલામત હાલતમાં કાઢી બતાવવાનો અખતરો ઑ૦ શેઠ પીઠલદાસ દામોદર ઠાકરસી, ખા૦ બા૦ મનચેરજી કાવસજી મરજબાન, શેઠ લલુભાઈ શામલદાસ અને સેંકડો ગૃહસ્થોની હાજરીમાં કરી બતાવ્યો હતો.

પ્રદર્શનના ચેરમેન તથા સેક્રેટરીઓની સહી સાથનો ઉપલા અખતરાનો સંપુર્ણ અહેવાલ મંગાવ્યાથી મળશે.

ગોદરેજ અને બાઇસને દરેક પ્રદર્શનમાં ફક્ત સોનાનાંજ ચાંદ મળ્યા છે. આવું ફક્ત ગોદરેજ અને બાઈસનાજ બાબમાં થયું છે.

**કારખાનું—ગેસ કંપનીના પાસે, પરેલ.**

**દુકાન—ત્રાંબાકાટા પાયધોની.**

# વર્તમાનસાર.

કલકત્તા ખાતે રાય બદ્રીદાસજીએ બંધાવેલા દેરાસરજીનો વાર્ષિક મહોત્સવ ગઇ તા. ૮ મીએ ભારે ધામધુમ સાથે ઉજવવામાં આવ્યો હતો. સ્વામિભાઇઓની તે પ્રસંગે ભારે ઠઠ જામી હતી. સવારથી પૂજા ભણાવવામાં આવી હતી જે સાંજે પુરી થઇ હતી. આ પ્રસંગનો લાભ લઇને એકઠા થએલા જૈન ભાઇઓએ ના. લેડી કર્ઝન બીમારીમાંથી સાજા થયાં તે માટે પ્રાર્થના કરી હતી ને સ્વામિ વત્સલ કરવામાં આવ્યું હતું જેમાં એક હજાર જૈનભાઇઓ સામેલ થયા હતા. ગરીબોમાં અનાજ વહેંચવામાં આવ્યું હતું.

મહુવાથી વિહાર કરી મુનિમહારાજ શ્રી મુકિતવિજયજી તથા મણીવિજયજી ફાગણ શુદ ૮ ને મંગળવારે ચુણેલ પધાર્યા છે. તેમના પધારવાથી ત્યાં જાગૃતિ થઇ છે. દશમના રોજ જીવદયા ઉપર એક વ્યાખ્યાન થયું. આ વ્યાખ્યાનમાં ત્યાંના તાલુકદાર દીપસંગજી તથા પટેલ દયાભાઇ ધોરીભાઇ, મથુરાભાઈ ગીરધરભાઈ વીગેરે ઘણા અન્ય વર્ગના પટેલો તથા બ્રાહ્મણો વીગેરે હાજર રહ્યા હતા. આ ભાષણ સાંભળીને ખેતરોમાં સુડકરી આગ મુકવી નહીં, બળદોને પરોણાની આર ઘોંચવી નહીં, ગાડામાં વિશેષ ભાર ભરવો નહીં, તથા શ્રાવકોએ તથા પાટીદારોએ જોડામાં લોઢાંના ખીલા તથા નાળ મરાવવા નહીં એવા નિયમ કર્યા હતા આજરોજ ત્યાં જાહેર સભા થવાની છે તેમાં મુનિમહારાજ શ્રી મુકિત વિજયજી મનુષ્યનું કર્તવ્ય શું એ વિશે ભાષણ આપનાર છે.

**શિકારનો શોખ**—જુનાગઢ ગીરના જંગલમાં લોર્ડ લેમિંગટન સાથે હાલાર પ્રાંતના પો. એજંટ મેજર કારનેગી સીંહનો શીકાર કરતા હતા તે વખતે તેની શોધમાં ગુફાના મોં આગળ જતાં સિંહે એકજ તડાકે મેજર કારનેગીને પંજામાં લેઇ મારી નાંખ્યા હતા.

મહુવાના રહીશ શા. ગોપાળદાસ તારાચંદે પોતાની નાદુરસ્ત તબીયતને લીધે વિલ કરેલ છે તેમાંથી રૂ. ૫૦૦૦ ભોયણીજી, આબુજી, સમેતશીખર, તારંગાજી અને પાલીતાણા વીગેરે તીર્થોની મદદમાં આપવા કાઢયા છે.

**દક્ષિણ જૈન ( શ્વેતાંબર ) પ્રાંતિક સભામાં ચર્ચવાના વિષયો**—આમલનેર ખાતે આવતા માસની તા. ૨૨–૨૩–૨૪ મી એ મળનારી ઉપલી સભામાં ચર્ચવાના વિષયો રીસેપશન કમીટીના ચીફ સેક્રેટરી તરફથી જાહેર કરવામાં આવ્યા છે. તેમાં ફેરફાર કરવાને તથા બીજી ઘટીત સુચના કરવાની વીનંતી કરવામાં આવી છે. એ સભામાં નીચેના વિષયો ચર્ચાવાના છે.

૧ **કેળવણીનો પ્રચાર**—તેના પેટાભાગમાં જ્ઞાન શાળાઓ સ્થાપવા, કન્યાશાળાઓ ઉઘાડવા, સ્ત્રીઓને સુશિક્ષિત બનાવવા, અને જૈન લાઇબ્રેરીઓ સ્થાપન કરવાની આવશ્યકતા બતાવેલ છે.

૨ **ધર્મોન્નતિનો પ્રયત્ન**—ધર્મોન્નતિના પ્રયત્ન તરીકે દક્ષિણ તરફ મુનિ મહારાજોને વિહાર કરવાની વિનંતી કરવાનો મુખ્ય છે.

૩ **ભ્રાતૃભાવ વધારવાનો યત્ન**—કુસંપ ટાળવા અને સંપ વધારવા વજનદાર અનુભવી અને વિદ્વાન લોકોની " જૈન ઐકયવર્દ્ધક કમિટી " નીમી ગામવાળાઓ જે વાંધાનું છેવટ ન કરી શકે તેનો ફડચો કરવાની કમીટીને સત્તા આપવી.

૪ **હાનીકારક રીવાજો દૂર કરવા**—અરહંત્ ભાખિત ધર્મવિરૂદ્ધ અને શ્રાવક નામને કલંકીત કરે તેવી લગ્નવિધિ, મરણ પાછળ જમણવારનો રીવાજ, રડવા કુટવાનો ચાલ, નકામાં ખર્ચો વીગેરે બંધ કરવા યત્ન કરવા.

૫ કન્યાવિક્રય બંધ પાડવો; તેનાં કારણો શોધી તે કારણો દૂર કરવાનો યત્ન કરવો.

૬ **યોગ્ય અને પવિત્ર વિવાહ**—બાળલગ્ન તેમજ વૃદ્ધ લગ્ન બંધ પાડી તેની હદ બાંધવાને પ્રયત્ન કરવો.

૭ **જીર્ણ મંદિરોદ્ધાર**—જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરી જ્યાં આશાતના થતી હોય ત્યાં તે દૂર કરાવવા તજવીજ કરવી.

૮ ધર્માદા ખાતાના હિસાબની ચોખવટ ધર્માદા ખાતા, પંચ ખાતા, સાધારણ ખાતા, મંદિરોનાં ખાતા વીગેરેનો ભેદ સમજાવવો ને એવા હિસાબો ચોખા રાખી બની શકે તો તે છપાવવા.

૯ પ્રાંતિક સભા જાથુકની નભી શકે તેવા ઉપાયો યોજવા.

ભાવનગરના પાંજરાપોળ ખાતા તરફથી ત્યાંના મહારાજા સર ભાવસીંહજીને કે. સી. એસ. આઇ. નો ખેતાબ મળ્યો તેની ખુશાલીમાં માનપત્ર આપવામાં આવ્યું હતું.

પાલણપુરની શહેર ફોજદારની કચેરી તરફથી જીવદયાના સંબંધમાં નીચેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

" સર્વે લોકોને જાહેર ખબર આપવામાં આવે છે કે મુસલમાન તથા ઢોર વિગેરે ચારનાર માણસોના કેટલાક છોકરાઓ રબરના ગીલોલા રાખી કબુતરોને મારે છે તેમ બીજા પરન્દાઓ કે જે બહાર ધાન્ય ન હોવાથી હેરાન છે તેમને પણ મારે છે. વળી લીડમારો તથા બીજા જાનવરોને દરવાજા બહાર હેરાન કરે છે. આ કૃત્ય અટકાવવા આપણા ખુદાવીંદ હજુરશ્રીજી સાહેબ બહાદુરનો જરૂરી ફરમાન્ય થવાથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે. કે કોઇએ કબુતર વિગેરે પરન્દાઓને મારવાં નહીં તેમ લીડમારો તથા બીજા જાનવરોને હેરાન કરવા નહીં તે વિરૂદ્ધ કોઇ વર્તશે તો તેને હુકમ તોડયાનો આરોપ રાખી યોગ્ય શિક્ષા અહીંના મે. ફ. ક. મે. સાહેબની કોરટથી થશે અને આ કૃત્ય કરનાર માણસને જે કોઇ બાતમી બતાવશે તેમ ખબર આપશે અને પુરાવાથી ગુન્હેગાર સાબીત થશે તો ખબર આપનારને રૂ. ૨-૦-૦ બે સુધી ઈનામ આપવામાં આવશે. "

મુંબઇના શ્રી લાલબાગ જૈન બોર્ડીંગમાં એપ્રિલ માસથી નવતત્વ અને જીવ વિચાર, દેવવંદન ગુરૂવંદન અને પચ્ચખાણ તથા કથાનુયોગ એ ત્રણે વિષયો ઉપર અઠવાડીયામાં ત્રણ ભાષણ આપવા જાણીતા જૈન વક્તા મિ. લાલન પાસે ભાષણો અપાવવાની ગોઠવણ કરવામાં આવી છે.

**એક સાહસ** - વઢવાણ રીલીલ સ્ટેશન અને મૂલી તથા સાયલા વચ્ચે અમદાવાદ [illegible] મિ. ભગુભાઇ શંભુનાથ ભાગીદારોની ભેગી થાપણથી ચાલતી એક કંપની ઉભી કરવાનો વિચાર રાખે છે. આ કંપની મેસર્સ મનસુખભાઈ ભગુભાઇ, ચીમનભાઇ નગીનદાસ, ચીનુભાઇ [illegible] વીગેરે જાણીતા ધનાઢ્ય ગૃહસ્થોના આશરા હેઠળ ઉભી કરવામાં આવનાર છે. આ [illegible] સુધી વધારવાનો વિચાર રાખવામાં આવ્યો છે અને તેથી કાઠીઆવાડના વ્યાપારને [illegible] થવાનો સંભવ છે.

હાલમાં કોન્ફરન્સ ઓફીસ તરફથી આગમોદ્ધાર અને ડાઇરેક્ટરી [illegible] શરૂ કરવામાં આવ્યાં છે.

કોન્ફરન્સ જીર્ણોદ્ધાર ફંડ તથા મુંબઇનાં દેરાસરોની મદદથી શા. લલ્લુભાઈ જેચંદે મેવાડમાં જીર્ણ મંદીરોદ્ધાર શરૂ કર્યો છે.

જૈનમત સમીક્ષા કેસમાં આર્યસમાજીઓએ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટના ફેંસલા ઉપર જે અપીલ કમીશનર સાહેબની કોર્ટમાં કરી હતી તે કમીશનર સાહેબે તા. ૩-૩-૧૯૦૫ ના રોજ કાઢી નાંખીને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટનો ચુકાદો બહાલ રાખ્યો હતો.

તા. ૧ લી એપ્રીલ સને ૧૯૦૫ થી હાલમાં ટપાલ ખાતાની અડધા આનાની ટીકીટથી જે અડધા તોલા વજનનો કાગલ ટપાલ ખાતા તરફથી લેવામાં આવતો હતો તેને બદલે તેજ દરથી પોણા તોલા સુધીવજનનો કાગલ જવા દેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

તા૦ ૨૨-૩-૧૯૦૫ થી હાલના મીઠાના કરમાં દર બંગાલી મણે રૂ. ૦-૮-૦ નો ઘટાડો કરવાની નામદાર સરકારે મહેરબાની કરી છે.

શ્રીનાથદ્વારાના શ્રીમાન ટીકાયત ગોસ્વામી મહારાજ શ્રીગોવર્ધનલાલજીની આગેવાની હેઠળ વલ્લભી સંપ્રદાયના આચાર્યોએ પોતાના બાલકોને કેળવણી આપવા માટેની કોલેજ સ્થાપવા અડધા લાખ રૂપયાની રકમ એકઠી કરી છે.

# कायदे.

१. हर महिने के अखीर में पत्र छपकर प्रगट होगा.

२. छपने के लिये बिषय हर महिने की १५ तारीख तक पहुचना चाहिये.

३. छपने के लिये बिषय जहां तक मुमकिन हो संक्षिप्त हो और सिर्फ कॉन्स-फरन्स से सम्बन्ध रखते हों.

४. नाम निर्देश करके आक्षेप न किया जावे.

५. वार्षिक मूल्य अगाऊ देना चाहिये.

६. काम काज सम्बन्धी–जैसे के रुपय्या भेजना, ग्राहक बनना, पत्रके देरसे पाना, न पहुचने की शिकायत वगैरह वगैरह–पत्र व्यवहार आसिस्टैन्ट सेक्रिटरी जैन कॉन्फरन्स, श्राफ बाजार, मुम्बई के साथ करना चाहिये, और बिषय छपाने वगैरह के सम्बन्ध में पत्र व्यवहार मिस्टर गुलाबचंद ढढ्ढा, जनरल सेक्रिटरी, जयपुर के साथ करना चाहिये.

७. जैन श्वेताम्बर ग्रेज्युएट्स एसोशियेशन के मेम्बरोंकों और उनके साथ हमदर्दी प्रगट करनेवालों को पत्र मुफत मिलेगा.

८. नमूने की कापी असिस्टैन्ट सेक्रिटरींको दरखास्त करनेपर मुफत मिलेगी.

---

# जाहेर खबर.

अच्छे लिखनेवाले लहियेकी जरूर है. पहले अपना दस्खतका नमुना और दररोजका पगार और कितना श्लोक लिख देवे उसकी बिना मुंबई जैन कॉन्फरन्सकी ओफिस सराफ-बजारमें भेजना चाहिये. पसंद आनेसे बुलाया जायगा.

**एसिस्टंट सेक्रेटरी,**
जैन श्वेताम्बर कॉन्फरन्स.

---

# જોઇએ છે.

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં ગુજરાતી યા હિંદી ભાષામાં છટાદાર ભાષણો કરી શકે તેવા ઉપદેશકો જોઇએ છે. પગાર લાયકાત મુજબ સારો આપવામાં આવશે. તે માટે નીચેને સરનામે અરજીઓ કરવીઃ—**

**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.**
**સરાફ બજાર, મુંબઇ.**

દરેક જૈન કુટુંબમાં અવશ્ય હોવોજ જોઇએ.

# બીજી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સનો

# રિપોર્ટ.

મુંબઈમાં ભરાયેલી બીજી શ્રી જૈન ( શ્વેતાંબર ) કોનફરન્સનો રીપોર્ટ ત્યાંની રીસેપ્શન કમીટીના રીપોર્ટ સહીત તૈયાર છે. આ રીપોર્ટ સુંદર ગ્લેઝ કાગળ ઉપર બાલબોધ ટાઈપથી છાપેલ લગભગ ૪૦૦ પાનાનું કપડાના પુઠાનું સુંદર પુસ્તક છે. બીજી કોન્ફરન્સમાં બીરાજેલા ડેલીગેટોનું તથા તે વખતે જુદાં જુદાં ખાતાંઓમાં નાણાં ભરનારા ગૃહસ્થોનું લીસ્ટ, રીસેપ્શન કમીટીની જુદી જુદી સબ કમીટીઓના રીપાર્ટો વીગેરે ઘણીજ ઉપયોગી બાબતોથી ભરપુર છે. જુજ નકલો બાકી છે માટે વહેલો તે પહેલો. આ રીપોર્ટ શ્રી જૈન (શ્વેતાંબર) કોનફરન્સ ઓફીસ તરફથી પ્રગટ કરવામાં આવ્યોછે અને તેથી તે પડતર કીંમતેજ વેચવામાં આવેછે. મૂલ્ય ફક્ત રૂ. ૦-૧૨-૦. બહારગામથી મંગાવનારાઓને વી. પી. થી મોકલવામાં આવશે.

મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન (શ્વેતાંબર) કૉન્ફરન્સ ઓફીસ,**

સરાફ બજાર—મુંબઈ.

# શ્વેતાંબર જૈન વિદ્યાર્થીઓને જાહેર ખબર.

વ્યવહારીક અને કોઇપણ જાતના ઉદ્યોગને લગતી કેળવણી માટે જે કોઈ મુર્તિપુજક શ્વેતાંબર જૈન વિદ્યાર્થીને મદદની જરૂર હોય તેમણે પોતાની લાયકાત અને જરૂરીયત માટે બે સારા ગૃહસ્થોના સર્ટીફીકેટ તથા જ્ઞાતી, ઉમર, અભ્યાસ અને જોઇતી મદદ વીગેરે હકીકત સાથે નીચે જણાવેલ ઠેકાણે અરજી કરવી:—

**લાલભાઈ દલપતભાઈ,**

**જનરલ સેક્રેટેરી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,**

અમદાવાદ.

'Registered' No. B 525.

विर सम्वत् २४३१. ॐ विक्रम सम्वत् १९६१.

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A Conference monthly Journal conducted in English and Vernacular.)

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हैरल्ड.

( मासिकपत्र. )

Vol. I, No. 4. पुस्तक १, नम्बर ४.
April 1905 एप्रील १९०५.

*Conducted by,*
GULAB CHAND
DHADDA
M. A.
JAIPUR.

*Published by*
THE JAIN S.
CONFERENCE
OFFICE.
BOMBAY.

संपादक
गुलाबचंद ढड्ढा एम्. ए.
प्रगट कर्ता
श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस-मुम्बई.

Annual Subscription with postage Re. 1.
वार्षिक मूल्य डाक महसूल समेत सिर्फ रु. १.

## विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
| --- | --- | --- | --- |
| The Swetamber and Digamber Jains, ... ... ... | 65 | प्रेरितपत्र. ... ... ... ... | ८२ |
| The Problem of the Day. | 69 | विज्ञापन. ... ... ... ... | ८३ |
| सम्पादकिय टिप्पणी. ... ... | ७३ | श्री आमलनेर कॉन्फरन्स ... ... | ८४ |
| समाचार संग्रह. ... ... ... | ७७ | શ્રી આગમોદ્ધાર. ... ... ... | ૧૨૪ |
| | | ડીરેકટરી સારૂ મદદ માટે વિનંતી. | ૧૨૫ |
| | | અકાળે મૃત્યુ. ... ... ... | ૧૨૭ |


# જાહેર ખબર.

## શ્રી લાલબાગ જૈન બોર્ડીંગ.

સર્વ જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવે છે કે ઇંગ્રેજી પ્રાથમીક અને કોલેજનો અભ્યાસ કરવા ઇચ્છનાર અને ટાઇપ રાઇટીંગ વીગેરે ધંધાઓનો અભ્યાસ કરવા ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓને નીચે લખ્યા પ્રમાણે સગવડ કરી આપવામાં આવે છે:—

રહેવાના મકાન ઉપરાંત પ્રત્યેક વિદ્યાર્થીને ખુરશી એક, ટેબલ એક, સુવાનો ખાટલો અને દીવાબતી,

જો કોઈ કલબમાં જમવા ખુશી હશે તો તેમને દરમાસે રૂ. ૧૦) સુધીના ખર્ચે જમવાની ગોઠવણ કરી આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમ કરી શકે તેવા નહિ હોય તેઓ જો કોન્ફરન્સના સેક્રેટરી સાહેબને મળશે તો તેમને ભોજન ખર્ચ પણ કોન્ફરન્સ તરફથી આપવાની તેઓ વ્યવસ્થા કરશે. ચાલુ વર્ષની બીજી ટર્મ જુન મહીનાના પહેલા અઠવાડીયામાં શરૂ થશે તેથી જે વિદ્યાર્થીઓ દાખલ થવા ઇચ્છતા હોય તેમણે પોતાની અરજીઓ તા. ૧૫ મી મે પહેલાં નીચેને ઠેકાણે કરવી:—

મુંબઈ, સરાફ બજાર,
કોન્ફરન્સ ઓફીસ.
તા. ૨૬-૨-૧૯૦૫.

મોહનલાલ હેમચંદ.
ઓ. સેક્રેટરી.
લાલબાગ જૈન બોર્ડીંગ.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैव शोकाः नकलहकलनाः नारिमारि प्रकाशः,
नै वाधिर्ना समाधिर्न च दुरदुरिते दुष्टदारिद्रतानो,
नो शाकिन्यो ग्रहानो न हरि करि गणव्या लवेतालजालाः,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्ति भाजाम् ॥


# The Jain Swetamber Conference Herald.

Vol. I | *April, 1905.* | No. IV.


## A plea for the Alliance for the Swetamber and Digamber Jains.

The cart of Phœbus has "gone round Neptune's salt wash and Tellus' orbed ground" full two hundred and two dozen and seven times since our last revered Incarnation Shri Mahavir attained Nirvan. We have therefore a vast field lying before us to scan. Mahavir took Avatar 250 years after our renowned Parasnath. His was a model life well worth of imitation by dutiful and obedient sons, affectionate brothers, and submissive desciples. While yet in the embryo, he resolved, on account of the doting affection of his mother, not to enter into the holy order so long as his parents lived, and so he remained with them—Raja Siddharath and Rani Trisla, and after them with his brother—for thirty years. Then leaving all wordly connections he entered into the holy order of ascetics and practised self-mortification for twelve years. Having extirpated all the good and evil Karmas he obtained that mos tcraved for Kevalgyan, the all seeing and knowing faculty, and during his remaining thirty years of this holy life, he preached to the world at large the true doctrines of religion which, when practised in right earnest, pave the path to Heaven. His right teaching was not an outcome of selfish, worldly or licentious motives. His was an exemplary life of self-denial. His object was to be freed from *Karma*, and leaving aside the cycle of worldly existence, to find eternal rest in Heaven. He was free from self-interest devoting himself to the purification of his soul as well as the souls of those who were

fortunate enough to understand and follow him rightly. The practical life of a preceptor is an index to his position of a leader and guide. Every soul is free to judge for himself about the capabilities and responsibilities of such a leader and to adopt him or not as the case may be.

But whatever the intuitions of such a great soul may be, those who are destined to whirl along with the wheel of the universe, find no time and inclination to be benifitted by the benign truths: rather to be born again and again in the several stages fo existence; they go against the established truth and create new moulds of thought, superficially attractive, but ruinous in the end. It was on account of this predestination that we find in the time of Mahavir as also before and after him, several heretics, seemingly imitating Mahavir or following their own way but unable to practice like him. Nature did not only stop there; it proceeded a step further and gave us schismatics who found pleasure in creating dissensions in our established church. Persecutions, internal feuds, arrogance and bad times were the chief, among many other, agents to bring about a division in the followers of Mahavir and in the year 609 A. D. i. e. in the year 139 Vikram, we see Shiv Bhooti the desciple of Krishna Sooree playing an important part in the religious and social history of the Jains. Whatever might have been the merits and demerits of the sense in which the doctrines were at that time interpreted by the great actor in this religious drama, and we are not inclined to touch upon such a delicate matter in our article which is written purely with the intention of bringing about an alliance, it is sure and certain that on account of him we the followers of Mahavir were split into two major sections known from that time as the Swetambers or white clad and the Digambers or Heaven clad. It did not only give us separate modes of worship and difference of opinion on some cardinal points of belief, but it created two distinct castes, known as the Oswals including Srimals and Porwals and the Sraogis, including Agarwal Jains. Intermarriages ceased, mutual love and fellow-feeling was lost and the two sections were inimically inclined towards each other. Their minds took a divergent course and instead of converging to the same focus became more estranged as they proceeded further on. And in the long run, *loosing sight* of the soothing influences of Mahavir's tenets, they were not ashamed to fight like irrational brutes in connection with places and images of worship often causing more harm than good to themselves, their religion, and their honour; nay, even desecrating the very holy object for which they took sides. They stood in courts of justice, opposed to each other praying to have their fates decided by those who had no concern with their religion. Better, a hundred times better it would have been for both to amicably settle the point of dispute themselves. More honorable would it have been for him who would have yielded his just claims to satisfy the whims and caprices of the other

party merely for the sake of the religion. But the times were not favourrable and we had to go through the ordeal as best as we could.

Our fate was hard and it did not end there. We see among the Swetambers, the creation of a subsection of the Dhoondhias or Sthanakbasis in the year 1709 in the time of Vijayprabha Soori. They are mostly against current image-worship. They have adopted some modes of life and religious practices in contradistinction to those followed by the Swetambers. From among them sprang the Terapanthis in 1818 Vikram whose religious beliefs are a step further removed than those of their parent. Along with the creation of such divisions, the broad view of society with which it was closely bound together, has been narrowed. Special party question, aside from the general whole, have told much upon the community which has now lost its ancient, high and honorable position. The costly temples of Mount Abu, Ranakpur and other places are not the creation of to-day ; they were built when all the Swetambers believed in one common religion.

Unsettled times in conjunction with the effects of the creation of these minor divisions, worked to undermine the whole fabric of society. Wealth gave way to poverty, learning yielded its place to ignorance, religious beliefs submitted to vulgar superstitions. In fact everything became topsy turvey, and as a drowning man falsely hopes for safety even in catching hold of a stray straw, so the man destitute of learning and religion easily became a prey of corrosive customs and habits which, in his ignorance, seemed good but which in the long run, proved baneful and nearly destroyed the originality of the real thing. Being accustomed to obnoxious and pernicious practices generation after generation the Jain of to-day who has not been fortunate enough to receive the blessings of education has for the most part still the germ of obstinately holding his own way irrespective of the sound advices given to him by his well-wishers, and as such often proves a stumbling stone to progress.

We have got enough of this, nay, more than enough if we may be allowed to call it so. We are suffocated, we are about to nauseate, if no timely medicine is administered to us. Our dissensions and disaffections have made us weak and sickly and if the same desease is allowed to rule high over our constitution, it will end only with the non-existence of our body. No true lover of society will tolerate it. We must at least find a way to achieve our purpose.

To try to make all Jains Swetambers, or Digambers, or Sthanakbasis would be as losing our exertions by taking water to the sandy deserts.

Let each follow his own way so far as his particular religious beliefs are concerned. No discussion upon the several sectarian perceptions ought to be allowed. It would only be destroying rather than producing, harmony. Leaving aside this particular branch of discussion, we have still much before us to think upon and if we agree upon those points, we would be relieved of the heaviest burden that now lies upon the shoulders of the whole Jain Community.

कलाकौशल्यमां आगळ वधवानी जरूरज छे अने ते सारू दूर देशांतर जवुं पडे तो जवुं तेवो मारो मत तो छे. कारण तेम नहीं गया तो ते शिखाशे नहीं अने ते न शिखाय तो जेम नामदार महाराजा गायकवाडे अमदावाद खातेना पोताना भाषणमां कह्युं हतुं तेम बीजी कोमोनुं पाणी भरवानुंके लाकडां चीरवानुं आपणा माथे आवशे. अत्रे रही गमे तेवी दुर्दशामां आवे अथवा गमे तेवां खराब काम करे तेवा जैनभाई करतां दूर देशावर जई आवी शुद्ध आचारवाला जैनभाईने जोवा हुं तो घणो तत्पर छुं.. बीजी कोमोए आ विषय हाथ धर्यो छे तो आपणे पण धरवो उचित छे. तमे कहेशो के अमो समता वाळीशुं ने मागी तागी जुज मळशे तेथी मन वारीशुं; बीजी कडाकुट करवानी जरूर शी छे ? तो वधुं शुं कहुं ? आ सुधरेली प्रजाओनी चढती स्थितिमां भीख मांगतां पण पेट भरवुं मुशकेल थशे; कारणके सुखीया ज्यां रहे त्यां दुखीयाने कोई राखशे नहीं. ठेर ठेर " बेगर लोझ " युरोपमां छे ने तेज ते वखते सुखी लोको अत्रे दाखल करावशे अने भीख मागतां पण पेट भरवुं मुश्केल थशे. हालमां आपणे कला-कौशल्यमां घणाज पाछळ छीए तेमां शकज नथी, ते तरफ लक्षज नथी, तेम तेनुं साधन पण नथी. तेम लक्ष नही आप्युं तो कलाकौशल्यना " मोटर " आगळ आपणुं " गाडुं " नमतुं नथी.

## विद्या एटले शुं ? बोहोळो अर्थ लेवानी जरूर.

विद्या एटले आपणां छोकरां निशाळे जाय तेटलुं समजीए छीए, पण आपणे तेनो बहोळो अर्थ लई जुदी जुदी शाखाओ शिखी तैयार थवानी खास आवश्यकता छे, कारण के फक्त निशाळमां शिख्याथी दिवसे दिवसे वधती जती हरीफाईमां आपणे नभी शकीशुं नहीं. नोकरीनी इच्छाए नीकळ्या तो तेमां एटली हाडमारी बधी जवानी के तेमां निष्फळ थईशुं. हुं तेम नथी कहेतो के तेमज करवुं पण ते एकज तरफ लक्ष न दोरतां जुदी जुदी बाबतो तरफ लक्ष खेंचवुं तेमांनी ते एक बाबत भले होय.

## वेपारीओए लक्ष आपवानी जरूर.

आपणो देश घणो बोहोळो छे अने घणी चीजो अत्रे बनावी शकिए तेम छे, पण वांधो ए छे के आपणा उछरता वेपारीओ आपणी हाजतो शुं छे, ते केवी रीते आंई पुरी थाय ते तरफ जोइए तेवुं लक्ष आपता नथी. तो परदेशी हाजतो पुरी पाडवानुं साहस तो आपणामां क्यांथीज आवे ? तेम आपणा सुखी भाईओ परदेशी चीजने बदले अत्रे बनेलो जो के किंमती पण एकवार सारो होय तो पण ते लेवा एटला खंती थता नथी. जे काम आपणे मन आगळ धर्युं छे ते एक के दश आदमीनुं नथी. ते दरेकनुं कर्तव्य मानशो अने दरेक जैन भाई कोमनी उन्नति एज पोताना जीवीतनुं कर्तव्य मानशे त्यारेज प्रयास सफळ थशे.

## वार्षिक कोन्फरन्सने महत्ववाळी बनाववा माटे राखवुं जोइतुं ध्यान.

आ साथे एकज बाबत कहेवी रहे छे अने ते ए के आवा मंडल ( प्रान्तिक कॉन्फरन्स ) भेगां करवामां बिलकुल खर्च के डोळ दमाम नज करवो, कारण तेमां जेटली आपणी सामर्थ्यता (energy) जाय छे ते बीजी रीते वापरवानी जरुर छे. अने तेवो देखाव के खर्च तो मोटी वार्षिक कॉन्फरन्समांज थोडुं घणुं करवुं. ते बाबतमां जोईतुं ध्यान नहीं आपीशुं तो आवी प्रान्तिक कॉन्फरन्सनुं आयुष्य अल्प थई जशे. छेवटे जणावीश के प्रत्येक जैन बंधुए वार्षिक महान् कॉन्फरन्सने तन, मन, अने धनथी टेको आपवो जोईए. ( ताळीओ. )

## प्रमुखनी चुंटणी.

ते पछी मि. छगनदास मगनदासे दरखास्त करी के आ कोन्फरन्सनुं प्रमुखस्थान अमदावादना जाणीता नगरशेट शेठ चिमनभाई लालभाईने आपवुं.

उपली दरखास्तने मि. भूखणदास वेलचंदे टेको आप्यो हतो तथा मि. शामदास केवळचंदे अनुमोदन आप्युं हतुं; जेथी ताळीओना अवाज वचे शेठ चिमनभाईए प्रमुख स्थान लीधुं हतुं.

बाद नगरशेट चिमनभाई लालभाईए नीचे मुजब भाषण आप्युं हतुं.

## प्रमुखनुं भाषण.

दक्षिणना प्रतिनिधी बांधवो, सद् गृहस्थो अने सुशील बेहनोः—

आजनो आ भव्य मेलावडो जोई मारूं अन्तःकरण आनंदथी उभराई जाय छे. स्वधर्मी बांधओना शुभदर्शन दरेक माणसने आनंददायक थाय तेमां आश्चर्य नथी. अने विशेषे करीने आवी सुधारानी बाबतो माटे आपे एकत्र मळी जे अन्तःकरणनो उमंग बताव्यो छे ते माटे खरेखर आपने धन्यवाद आपवानी हुं आ अमूल्य तक लउं छुं.

आपणा दक्षिणी बांधवोमां जोके माराथी वधारे अनुभवी सूज्ञ अने योग्य गृहस्थो छे छतां आ सभानुं प्रमुखपद मने आप्युं ते माटे हुं आपणो अन्तःकरणपूर्वक आभार मानुं छुं अने आशा छे के श्री परमात्मानी कृपाथी अने आपनी साह्यताथी हुं आ काम करवामां फतेमंद निवडीश.

आवा भव्य मेलावडामां प्रमुख तरीके बोलवानो मने आ पहेल वहेलोज प्रसंग होवाथी तथा आपनी साथे आवा संजोगोमां पण मारो पेहलोज प्रसंग होवाथी कदाच मारामां कांई खामी रही जाय तो हुं आशा राखुं छु के आप मने तेमां साह्य करशो अने आ मेलावडो संपूर्ण रीते फतेहमंद उतारशो.. मारुं भाषण शरु करतां पहेलां पूर्वाचार्योना पवित्र शब्दोमां चरम तीर्थंकर श्री महावीर स्वामीनुं स्तवन करवुं हुं युक्त धारुं छुं.

**वीरः सर्वसुरासुरेंद्र महितो वीरं बुधा संश्रिताः**
**वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः**
**वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपो**
**वीरे श्रीधृतिकीर्तिकान्तिनिचयः श्रीवीरभद्रं दिश ॥ १ ॥**

एवा प्रकारनुं मंगळाचरण करी आवा प्रकारनी सभानी आवश्यकता तरफ हुं आपनुं ध्यान खेंचुं छुं.

## कोन्फरन्सनी आवश्यकता.

आ भारत वर्षनी आपणी जैन कोम हाल जे संजोगोमां आवी पडी छे ते स्थिति अनुकूल छे के प्रतिकूलछे, आपणे उंची स्थितिमां आवता जईए छीए के आपणी अधोमुख स्थिति छे तेनो आपणे विचार करवो जोईए. आपणे हाल जोईए छीए के सामाजीक बाबतोमां आपणा लोको बहुज पछात पडेला छे. समाजबंधारण आपणामां बहु शिथिल थतुं चाल्युं छे. नाना प्रकारनो कुसंप, कलेश, आपणामां फेलाई गयो छे, अज्ञान, वेहेम, दुर्व्यसन, कुटेव, इत्यादि नाना प्रकारना दोष आपणामां उत्पन्न थयेला छे. जे समाज तरफ जोई बीजाओए दाखलो लेवो जोईए, ते समाजने बीजाना पगले चालवानो प्रसंग आवी गयो छे. धार्मिक बाबतो माटे तो शुं कहेवुं ? आपणा धर्मनुं रहस्य, तेनी खुबीओ, तेनुं पवित्रपणुं, तेनुं तत्त्वज्ञान, जोई " हार्मन् जेकोबी " जेवा अन्यधर्मीओ तेनो स्वाद लई आनंदित थाय छे. आपणामां विद्वान् पंडितो गण्यांगाठ्यां पण मळी आववा मुश्केल थई पडे छे. आ स्थिति जो वधारे दाहाडा चालु रहेशे अने समयानुसार तेमां सुधारो करवा जो आपणे आगळ नहीं पडीशुं तो आपणी कोम अधोगतीना रस्ते जाय तेमां नवाई शी ? राष्ट्रीय बाबतोमां पण आपणी तेवीज नबळी स्थिति थई गई छे. तेमां पण उच्चूं पद मेळववाने आपणे भगीरथ प्रयत्न करवानी खास आवश्यकता छे. ए उपरथी एटलुं तो खास सिद्ध थाय छे, के आपणामां खामीओ छे अने तेनो सुधारो करवानी पण जरुर छे.

## महान् आचार्योए प्राचीन काळमां भरेली महासभाओ.

महान् आचार्यो, पंडितो, महात्माओ, काळने अनुसरी दरेक बाबतोमां सुधारो करता आवेला छे. जे जे वेळा कांईक पण शिथीलाचारीपणुं नजरे आव्युं ते ते वेळा आवीज महा सभाओ भेगी करी सुधाराओ दाखल करेला छे. वचमां महा विद्वानो एक मोटो काळ जवाथी लोको आवी सभाओथी थोडा अपरिचित थई गया हता पण तेनो पुनरुद्वार थवा आवो काळ आवेलो छे. माटे ते काळने सानुकूल थवुं ते दरेक विचारी माणसनी फरज छे. आपणामां केहवत छे के पंच त्यां परमेश्वर. ए केहवतमां केटलो गंभीर अर्थ समायेलो छे तेनो विचार करवो जोईए. एकथी वधारे माणसो ज्यां सद्हेतुथी भेगा थाय त्यां एकएकना विचार प्रगट थवाथी सारभूत शुभ परिणाम आवे छे. माटे कोईपण एवा सुधाराओ करवानी आवी सभाओनी आवश्यकता छे. सज्जन पुरुषोनुं एकत्र मळवुं जनसमूहना चोकस हितने माटेज थाय छे. अने ते मुजब आपणा महान् पुण्य योगे सांपडेलो आ मांगलिक प्रसंग जैन शासनना कांई स्थाई अभ्युदयने माटे थाय ए प्रमाणे भविष्यने माटे आपणे मानीशुं. अने तेमांज आपणा प्रयत्ननी सार्थकता छे. आपणा कुल प्रयत्नोनो कुल सरवाळो आपणे केटलाक ठरावो पसार कर्या ते उपर नहीं रहे परंतु आपणी रेणीकेणीमां ज्ञानीमहाराजना वचनोनी अपेक्षाए केटला सुधर्या अने केटलाए शुद्ध धर्मना आलंबनो स्वीकारी हिंमत, सरळता तेमज नैतिक सत्वनुं तेज देखाडी आप्युं. माटे आवा प्रसंगो जेम बने तेम वधारे आवे तो तेथी बहुज लाभ थाय, एवी मारी खात्री छे. आवा प्रकारनो पवित्र हेतु मनमां लावी आपणामांना केटलाएक आगेवान् दूरदर्शी बांधवोए जैन ( श्वेताम्बर ) कोन्फरन्स नामनी महापरिषद निर्माण करी छे. अने आपणे सारी पेठे जाणीए छीए के आखा भारतवर्षना जैनबांधवोए तेने आनंदथी वधावी लीधी छे. आज दिवस सुधी तेनी त्रण बेठको थई ते दरमीयान जे जे कांई काम थयुं छे ते माटे खरेखर आपणे बहुज अभिमान मानवा जेवुं छे. आ कामने आखी जैनकोमे पोतानुं अनुकूळ मत बताव्युं ते तो योग्यज छे. पण तेथी पण विशेष आपणे ए जोवानुं छे के अन्य कोमना

विद्वान् बांधवोए पण आपणने संपूर्ण अनुकूळता वतावी छे. ए उपरथी खुल्लुं सिद्ध थायछे के आ आपणी महापरिषद कांई धतिंग नथी. पण अनुभवी अने परीणत मगजनो एक समुच्चयमां आवेल एक शुभ परिणाम छे. माटे बांधवो, आ सभाने संपूर्ण मदद करवी अने तेना हेतुओ पार पाडवा, ए दरेक जैननी फरज छे.

## कोन्फरन्सना शुभ हेतुओ.

कोन्फरन्सनी आज दिवस सुधी त्रण बेठको थई छे; ते दरम्यान जे जे कामो शरु थयां छे ते आपणने संपूर्ण आशा आपे छे के, भविष्यमां आपणे घणुं सारुं काम करी शकीशुं. आपणी प्राचीन तीर्थभूमिओनुं समार काम शरु थयुं छे. आपणा प्राचीनपूर्वाचार्य रचित ग्रंथोनुं पुनर्जीवन थई रहेलुं छे. ते ग्रंथो जाणे लांबा काळनी महानिद्रामांथी जागृत थवा मांड्या छे. केळवणीखातामां आपणे कांई विशेष करी शक्या नथी. ए बहुज थोडो काळ थयेलो होवाथी स्वाभाविक वात छे. पण घणा गरीब विद्यार्थीओने स्कोलरशीपो आदिक अनेक साधनोथी उत्तेजन मळी रहेलुं छे अने भविष्यमां अनेक शाळाओ, हाईस्कुलो, अने कोलेजो पण आपणे निर्माण करी शकीशुं एवी मारी खात्री छे. जीवहिंसाथी थती वस्तुओ वापरवा तरफ लोकोनी प्रवृत्ति ओछी थती जाय छे. तेना लीधे स्वदेशी मालने पर्यायथी उत्तेजन मळेछे. बाललग्न तरफ लोकोनी तिरस्कारबुद्धि उत्पन्न थई प्रौढ-विवाह तरफ लोकोनी वधारे प्रवृत्ति थती जाय छे. मरण पाछळना जमणवारो, शोक इत्यादि बाबतो तरफ वधारे अणगमो उत्पन्न थतो जाय छे. लग्नमां थतो लखलुट खर्च ओछो करवा बाबत घणा गामोमां प्रयत्न चाल्यो छे. कन्याविक्रय बंध करवा घणा लोको मथे छे. धर्मादाखाताओ उपर वधारे अंकुश मुकातो जाय छे. सारांश, आपणा कल्याण तरफ लोकोनुं अंतःकरण खेंचाई रह्युं छे. ए एक जातनी विद्युतशक्ति उत्पन्न थइ छे. जागृतीना संपूर्ण चिन्हो जणाई आव्यां छे. भविष्यना सुख स्वप्नो आपणे अनुभवीए छीए. अने आपणने आशा बंधाय छे के थोडा वखत पछी सुखकर ज्ञानरवी प्रगट थई अज्ञान अंधकारने त्वरित दूर करी नाखशे, अने आपणे सुखकर एवा पवित्र संजोगोमां आवी शांततार्थी सामाजिक, धार्मिक, नैतिक इत्यादि सुखो भोगवीशुं. ए उपरथी खुल्लुं सिद्ध थाय छे के कोन्फरन्स ए आपणुं संपूर्ण श्रेय करनारी छे अने तेमांज आपणुं श्रेय समाएलुं छे.

## प्रान्तिक कोन्फरन्सनी आवश्यकता.

आवी सभा आखा भारतवर्षनी भेगी थाय माटे तेना जे जुदा जुदा भागो छे ते दरेक भागनो सुधारो करवो ए दरेक भागनुं कर्तव्य छे. त्रण के चार दिवस चर्चा करी कांई कोन्फरन्स आखी कोमने सुधारी शकशे एम नहीं. कोन्फरन्सरूपी मोटा शरीरना जुदा जुदा प्रान्तो ए अवयवो छे. ते दरेक अवयव सारो, पुष्ट, निर्दोष, अने सुदृढ थवाथीज कोन्फरन्सनुं भलुं थवानुं छे. अने कोन्फरन्सनुं भलुं तेज आपणुं भलुं छे. ए उपरथी जणाय छे के दरेक भागे पोताना हिस्सानुं काम उपाडी लेवुं जोईए. हुं कहुंछुं के दरेक प्रान्ते पोतानुं काम करवुं एटलुं तो शुं पण दरेक जील्लाए पण पोताना भागनो सुधारो हाथ धरवो जोईए.

दरेक तालुकाए पोताना हिस्सानुं काम उपाडी लेवुं जोईए अने छेवट दरेक नाना मोटा गामे पण पोतानो भाग भजाववा तैयार थवुं जोईए. एटलुंज नहीं पण दरेक घरमां सुधारानी चर्चा थवी अत्यन्त इष्ट छे.

आपणे विचार करवानो के हाल जीर्णोद्धारनी व्यवस्था थाय छे. तेनुं जो प्रमाण जोईए तो जीर्णोद्धारने जेटली रकमनी आवश्यकता छे तेना एक शतांश जेटली पण आपणी कॉन्फरन्स पासे नथी. हालमां जे खर्च थाय छे ते आपणी कल्याणक भूमिना उपर अत्यन्त जरुरना ठेकाणे थाय छे. ए अनुक्रमनीज राह जोता बेसीशुं तो दक्षिण प्रान्तमां जे जीर्ण तीर्थो छे तेमनो वारो क्यारे आवे ? अर्थात् एकला कॉन्फरन्सना फंडथी ए काम पुरुं थाय तेम नथी. तेना माटे दरेक प्रान्तमांज तजवीजो थवी जोईए छे. दक्षिण प्रान्तमां जे जे शहेरोमां कालवशात् जीर्णप्राय मंदिरो थई गयां छे ते ते शेहरोमां जई दक्षिणी लोकोएज सुधारानो आरंभ करवो जोईए. आ विवेचन उपरथी खुल्लुं जणाय छेके प्रान्तिक सभानी अत्यन्त आवश्यकता छे, अने ते करवानो तमोए निर्णय कर्यो, ते अत्यन्त उत्तम काम विचार्युं छे. अने तमोए आपणा श्वेताम्बरी संबंधमां प्रान्तिक सभानो दाखलो पहेलोज बतावी आप्यो छे, ए पण खरेखर तमारा माटे अत्यन्त अभिनंदनीयछे. दक्षिणी बांधवोए आ सभा भरीने आखी हिंदुस्थाननी जैन कोमने सारो दाखलो बतावी आपेलो छे. अने तेमां पण विशेष अभिनंदनीय ए छे के आमलनेर जेवी नानी वस्तीमां आ काम उपाडयुं अने ते पण घणीज फतेहमंद रीते निवडयुं ते खरेखर बीजाओ माटे दाखला रूप छे. एक नानी सरखी वस्तीवाळा लोको पण धारे तो केटलुं काम उपाडी शकेछे ए तमारा दाखला उपरथी बीजाओने शीखवा जेवुं छे.

## पुरुषार्थ फोरववानी जरूर.

मनुष्य जन्म मळवो अत्यन्त दुष्कर छे, एवुं आपणा पूर्वाचार्यो अखंड वाणीथी केहता आव्या छे. ते मनुष्य जन्मनी सार्थकता पुरुषार्थ फोरववामां छे:—

एटले धर्म, अर्थ, काम, अने मोक्ष ए चारे पुरुषार्थ साधन करवानी दरेक माणसने अत्यन्त आवश्यकता छे. पुरुषार्थसाधन वगर मनुष्यनो जन्म केवळ बकरीना गळामां रहेला निरर्थक स्तननी पेठे छे. पुरुषार्थनो अनुक्रम जोके धर्म, अर्थ, काम, अने मोक्ष एवो छे पण विचार करवानो ए छे के कदाच ते माटे घणाज थोडा लोको प्रयत्न करता होय एवो संभव छे. बाकी रह्या त्रण पुरुषार्थ धर्म, अर्थ, अने काम; तेमां आपणी स्थिति केवा प्रकारनी थई गई छे तेनो आपणे विचार करीए. पेहला धर्म, पछी अर्थ, अने पछी काम एवो अनुक्रम छतां अमोए हालमां ते अनुक्रम फेरवी तदन उलटो करी नांख्यो छे. एटले पेहेलां काम–लग्न करवा, विवाह करवा, मोज शोखमां दिवस गाळवा, एमां अमारी अडधी शक्तिनो नाश थई जाय छे. आ काळमां मोक्षसाधन करवुं ए सेहेलुं नथी. सारांश, जे त्रीजो पुरुषार्थ तेने प्रथम योजवामां आवे छे, ते पछी अर्थ एटले द्रव्यसाधन; आपणे द्रव्यसाधन पेहलां करतां केटलुं वधारे अथवा ओछुं करीए छीए तेनो दरेक विचारी माणसे विचार करवो जोईए छे. आपणी कोमनी दीन पर दीन स्थिति नबळी थती जाय छे, ज्यां सेंकडो कोटी ध्वज हता त्यां हवे सहस्र ध्वज पण नजरे पडता नथी. मतलबके आपणी कोम अर्थ साधनमां पण जेवी जोईए तेवी फावी शक्ती नथी. छेल्ले रह्यो धर्म; तेनी आपणे केटली दरकार राखीए छीए ते देखीतुंज छे. धर्मना नामे वाचालता करनारा घणा नजरे पडे छे. पण धर्मनो हेतु अने तेनुं खरूं रहस्य समजनारो एक पण वीरपुरुष आगळ आवी शकतो नथी. घणाज विरला पुरुषो धर्म साधनमां लीन थयेला जणाय छे. माटे आवी अवनत स्थिति बदली पुरुषार्थ साधननी उच्च स्थिति प्राप्त करी लेवानो दरेक माणसे प्रयत्न करवो जोईए. ए पुरुषार्थ चतुष्टय—साधन करवानो मुख्य आधार शुं छे तेनो विचार करतां आचार्योए बतावेला जैन

धर्मना आधारभूत जे सात क्षेत्रो तेने यथास्थित पुष्टी आपी आपणे आपणा समाजनो उन्नति करवानो प्रयत्न करवो जोईए. ज्ञान, जिनबिंब जिन मंदिर, साधु, साध्वी, श्रावक, श्राविका ए सात क्षेत्रने पुष्टी आपवी ए आपणुं आद्यकर्तव्य छे. अने कॉन्फरन्से पण एज काम उपाडेलुं छे. कॉन्फरन्सनो पण एज अंतिम हेतु छे. माटे आपणे पण तेनेज वलगी रहेवुं एज युक्त छे.

## सात क्षेत्रने पुष्ट करवानी जरुर. केलवणीना वधारामत्यें खेंचेलुं ध्यान.

बंधुओ, आपणा सात क्षेत्र पुष्ट करवाने मुख्य साधनो शुं छे एनो आपणे विचार करीए. अने विशेषे करीने दरेक बांधवोए तेने माटे शुं करवानुं छे तेनो पण विचार करीए तो आपणने मालम पडी आवशे के प्रथम केलवणी छे.

केलवणी मनुष्यनुं उत्तम आभूषण, सत्यासत्यनी वेंचण करी न्यायपंथ उपर स्थापन करनार चालाक भूमिका समान अने आ संसारसमुद्रनी खडको अने खराबाने वटावी सीधे रस्ते मुकनार कुशल नौकापति समान छे. विद्वान गमे तेवी सामान्य स्थितिमां होय छतां अभण धनवान् करतां संपूर्ण यश कीर्तिने पात्र थाय छे. लक्ष्मीवानोने पोतानी लक्ष्मी साचववाने अथवा तेनो वहिवट करी वधारवाने भणेला पुरुषोनीज मदद लेवी पडे छे. कारण तेमनी बुद्धी वगर केळवायेल, मंद पडी गयेल होवाथी पोतानी लक्ष्मीने साचववाने अने तेने वेपार वणज करी वधारवानी पोंच तेओ धरावता नथी. वळी विद्याविलासी पुरुषो गमे तेवी स्थितिमां होवा छतां पोतानी विद्याना बुद्धिबळने प्रभावे आ संसारने स्वर्गसमान करी नांखे छे. विद्याना उद्देशो अगणीत छे. विद्या फक्त नोकरीने माटे भणवी ते तेनी अधम उपासनारूप छे; विद्या विद्याने माटे भणवी, तेना आनंदमां मशगुल रेहवुं अने परमार्थदृष्टीथी तेनी प्रसादी बोहोळे हाथे बनता विस्तारथी वेंहेंचवी तेज तेनी उत्तम उपासनारूप छे. सर्व दानमां विद्यादान श्रेष्ठ कहेलुं छे. मगजनी खीलवणीरूपी केळवणीना प्रतापे सकल जगत्मां उत्पन्न थयेला सेंकडो चळकता दाखला आपणने विद्यादेवीना चुस्त पूजारी थवानुं सूचवे छे. लक्ष्मी मेळववानुं मुख्य साधन पण केलवणी छे. कारण के भण्याविना माणस पैसा पेदा करी शके नहीं अने पैसा कमाय नहीं, तो पछी घरसंसार केवी रीते चलावी शके? माटे पोताना बालकोने केळवणीनां साधनो पुरां पाडवां जोईए. गामेगाम जैन धर्मने लगतुं तेमज व्यवहारने लगतुं तमाम शिक्षण माणसने मळवुं जोईए. केळवणीना अभावेज कुसंप, अज्ञान, द्वेष, विगेरे नाना प्रकारना दोष आपणामां उत्पन्न थाय छे. माटे केळवणीनो प्रचार आपणामां थवो जोईए. हालमां केटलीएक शाळाओ स्थपाय छे. अने लोको भणवा तरफ वधारे लक्ष आपता जणाय छे. पण तेमां अपातुं शिक्षण जेवुं जोईए तेवुं सज्जड नहीं होवाने लीधे इष्ट परिणाम आववानो घणो थोडो संभव रहे छे. माटे शिक्षण तरफ वधारे सावचेतीथी लक्ष आपी व्यवहारिक, धार्मिक; अने शारीरिक, केळवणी एकज जगे मळी शके तेवी तजवीज करवी जोईए. दक्षिण भागमां पूना, नाशक, येवला, नागपूर, नगर विगेरे मोटा गामोमां के ज्यां बहार गामथी पण विद्यार्थीओ आवी शके एवी जगे मोटी शाळा स्थापन करवी जोईए. तेमां तमाम जातनी केळवणी थोडा खरचे अने तेमां पण गरीब विद्यार्थीओने तद्दन मफत आपवी जोईए. खानगी शाळाओ स्थापन करवाथी आपणे जे इष्ट होय तेवुंज शिक्षण आपणे आपी शकीए तेम छे. माटे आवी शाळाओ जरुर स्थापन करवी. जेवी रीते आपणा बाळकोने भणवानुं तेवीज रीते आपणी कन्याओने पण ज्ञाननो आस्वाद चखाडवानी आपणी फरज छे. संसार रथना स्त्री अने पुरुष ए बे चक्रो छे. एक चक्र मजबूत होय अने बीजुं भांगेलुं जेवुं तेवुं होय तो ते

रथ वधारे वार चाली शके तेम नथी. आपणे हाल एवीज रीते चलावीए छीए. अने तेना परिणामे तेनुंज वेठीए पण छीए, माटे स्त्रीओने पण उत्तम अने योग्य केळवणी आपी ज्ञानी करवानी खास आवश्यकता छे. शिक्षणथी अंतःकरण उपर केवा संस्कार थाय छे, केटलो लाभ थाय छे ते खरेखर विचारवा जेवुं छे. अज्ञाननो नाश, कुसंप, अभिमान, मत्सर, इत्यादि दुष्ट विकारो उपर दाव बेशी सुलेह, सुसंप, आपणामां वधशे; अने अनुक्रमेज खोटा रिवाजो, फुलणजी बनवानी मूर्खपणानी टेव मटी जशे, सारांश, आपणे सुखी थई शुं.

## दक्षिणमां जामेली जैन वस्ती.

आपणामां केळवणीनो फेलावो थवा साथेज आपणा धर्मनी उन्नति थवानी पण खास जरूर छे. दक्षिण प्रान्त एवो छे के पेहेलां त्यां आपणा समाजनी वस्ती घणीज थोडी हशे पण नानाप्रकारना दुष्काळ रोग आदि संजोगोमां राजकीय उथलपाथलमां आपणा लोकोने लांबा देशावर द्रव्य साधनार्थे जवुं पडयुं. तेज कारणथी दक्षिणमां जैन समाजनी वस्ती थई जवाथी कायमना दक्षिणना रहीश थई गया, घणा लोकोना हाल पण सगावहालां गुजरात, मारवाड, काठीयावाड, आदिक देशोमां छे. घणा दिवस सुधी अहिंयानो रहेवास थवाथी अहिंयानी भाषा, पोषाक, धर्म, व्यवहार, रीत रिवाज इत्यादिक वातोनी आपणा उपर असर थई, आचारादिकोमां खामी आवी. घणा दिवसना धर्म साधनना अभावथी आपणा बांधवोने धर्मोपदेशक आदिक साधनो मेळववां मुश्केल थई पड्यां, अने तेथी घणा बांधवो पोतानो धर्म पण खोई बेठेला छे. आवा प्रकारनी अवनति थवी ए एक मोटुं दुर्भाग्य छे. पेहेला बादशाही, मराठा आदिकोना अमलमां शांतता थोडी मळवाथी लोको शिथीलाचारी थई पोतानो धर्म भूली जाय तेमां नवाई नथी, पण हवे आपणे ब्रिटिश सरकारना सुलेहना राज्यमां वसता होवाथी अनेक साधनो मेळवी शकीए तेम छे; माटे दक्षिणप्रांतमां आपणा धर्मध्वज झालनारा साधुवर्यो आवे अने तेमना पवित्र आचरणनो, शुद्ध धर्मोपदेशनो अने धर्मनी लागणीनो जो उपयोग थाय तो खरेखर तेथी घणा लाभ थवा संभव छे. आपणे जोयुं छे के थोडा मुनिवर्यो हाल आ भागमां विचरे छे तेमणे धर्मोन्नतीनां केटलांक कामो कर्या छे तेथी केटलो लाभ थाय छे. आ भव्य मेळावडो ए तेमना आगमननुंज शुभ परिणाम छे एम कहीए तो कोई जातनी हरकत नथी; माटे आवा साधुओ आपणी तरफ विचरे एवा संजोगो लाववा जोईए. बीजा विद्वान मुनिराजोने आ तरफ पधारवा विनंती करवी जोईए, जगजगे धर्मोपकरणना साधनो पुरा पाडवां जोईए अने तेमनो विहार सुकर अने छुटथी थाय तेवी व्यवस्था करवी जोईए.

## अज्ञानरूपी कुसंप टाळवा माटे दक्षिणमां सभा स्थापवा खेंचेलुं ध्यान.

आ बधा प्रकारनां साधनोमां मुख्य साधन बंधुप्रेम, भ्रातृभाव छे, अने कोन्फरन्सनो हेतु पण मुख्यत्वेकरी एज छे. आपणामां संप हशे तो आपणे घणुं करी शकीशुं. संपथी, ऐक्यताथी जे शक्ति उत्पन्न थाय छे ते अपूर्व होय छे. आपणे घणा दाखला जोया छे के, जे काम एक व्यक्तिमात्रथी आखा जन्ममां पुरुं थई शके नहीं, ते संघशक्ति, ऐक्यता एक क्षणमां करी नाखे छे, एक ठेकाणे कह्युं छे के:—

त्रणखलांओथी बनेलो दोरडो होय छे तेथी एक हाथीने पण आपणे बांधी शकिए छीए. त्रणखलुं ते शुं ? पण तेमां ऐक्यता, संप, एकीकरण उत्पन्न थवाथी केवडी शक्ति उत्पन्न थई ? मतलब के संपमां बधो सार रहेलो छे. आपणा लोको संपीला नथी, एवुं कहेती वखत आपणे ए पण समजी

राखवुं जोइए के, संप नथी ते शी बाबतमां ? अने तेनां कारणो शुं ? संप बाबत तो घणी जगे एमज छे के, केवळ मतभेद होय छे, अने ते मतभेद केवळ अज्ञानपणाथीज थएलो होय छे. बंने जणना सद्हेतु होय छे. मात्र वचमांनो भेद समजवानुं ज्ञान नहीं होवाने लीधे फोकट क्लेश वधे छे. एवा दाखला घणे ठेकाणे बने छे. सारांश, हेतुओ पवित्र छे. पौरुष कायम छे. पण तेनुं वलण सारुं नहीं होवाथी विनाकारणे कुसंप उत्पन्न थाय छे. माटे आवा कुसंप थवानो उपरनो पडदो जे अज्ञान ते दूर करवा तत्पर थवुं. ते माटे एक प्रमुख, वजनदार अने अनुभवी लोकोनी सभा स्थापन करवी जोईए. एवी सभानुं नाम " दक्षिण जैन ऐक्यवर्धक सभा " एवुं आपी एक संस्था स्थापन करवी जोइए. ते सभा दरेक गामोनां कुसंपनो छेडो लावी शके एवी तेने सत्ता आपवी जोईए, एम करवाथी बंने पक्षनुं समाधान जळवाई शांतता कायम रहेशे. दक्षिणी बांधवो माटे बहारगामना लोको घणो सारो अभिप्राय धरावे छे माटे तमो पोताना शुद्ध सुसंपथी दक्षिणी कोम सुसंपीली छे एवुं सार्थ सिद्ध करी बतावशो एवी आशा छे.

## हानीकारक सांसारिक रिवाजो शा माटे तत्काळ दूर नहीं करवा जोईए ?

बंधुओ, बीजा एक महत्वना विषय तरफ हुं आपनुं ध्यान खेंचुं छुं. आपणामां अनेक निंद्य कृतिओ अनेक कारणोथी पेठेली छे. पण हवेथी आपणे ते रीतीओने समूळ नाश करी नाखवी ए आपणी फरज छे. दक्षिणमां अनेक कृतिओ एवी नजरे पडे छे के, तेवी ते रीतीओ सेवन करनारा जैन छे के नहीं एवो शक पेदा थाय छे. लग्नकार्योमां अज्ञानताथी वगर फोकटना मोटा खर्चो करी लोको पायमाल स्थितीमां आवता जाय छे; नाचरंग, दारुखानुं, इत्यादि धर्मविरुद्ध तेमज नुकसानकारक रीतेरिवाजोथी दक्षिणी कोमने घणुं वेठवुं पडे छे माटे ते रिवाजो तदन नाबुद थवा जोईए; लग्नप्रसंगे, सीमंत (अघरणी) प्रसंगे, धर्मविरुद्ध, शिष्टाचारविरुद्ध, जे अनेक रुढीओ केवळ अंधपरंपराथी चालती आवे छे, ते रुढीओने हवे देशवटो आपवो जोईए. शुद्ध समकित जो आपणे प्राप्त करी लेवानुं छे, आपणा आयुष्यनो उपयोग जो शुद्ध समकित प्राप्त करी लेवामांज करवानो छे, तो आपणे आवी रुढीओथी दूर रहेवुं जोईए. अनेक संस्कारविधी आपणा धर्मनी विद्यमान छतां अन्यधर्मप्रमाणे आपणा संस्कार शरु राखवा एना जेवुं अज्ञानपणुं बीजुं कयुं ? लग्नविधी आपणा धर्मप्रमाणे हालमां शास्त्रमांथी शोधी काढी प्रगट थयेली छे तो हवे आपणे वगर विलंबे तेज विधी शरु करवी जोईए. शुद्ध समकितवंत श्रावके आ प्रमाणे विधी न करतां अन्य धर्मप्रमाणे विधी शरु राखवाथी महापाप बंधायछे, माटे बांधवो, मने आशा छे के हवे एक पण लग्नविधी जैनधर्मविरुद्ध नहीं थाय. लग्न प्रसंगे बीजी एक महत्वनी वात ए छे के वरानो, दापानो, सोपारीओनो, जमणवारोनो, एवा खर्चना परंपराना कुरिवाजो केवळ रुढीना प्राबल्यथी चालता आवेला छे. कोई एम कहेशे, के जे लोकोए रूढी शरु करी ते लोको मूर्ख हता शुं? हुं तेमने एवो प्रश्न करूं छुं के, एओने मूर्ख कहेवानुं कारण शुं ? कारण जे वखत जे जे संजोगो होय तेवुं माणसने वर्तन राखवुं पडे छे. आपणे विचार करीए के पेहेलां ज्यारे रेल्वेनुं साधन नहोतुं त्यारे लोको गाडांओमांज मोटा प्रवासो करता हशे, तेनो दाखलो लई हवे जो कोई एवुं कहेशे के, अमे तो रल्वेमां बेसवाना नहीं कारण, अमारा वडीलो शुं मूर्ख हता, के तेओ गाडामां बेसता हता ? एवुं कहेनारानी आपणे केटली योग्यता समजीशुं ? एनुं उत्तर एटलुं छे के तेओने रेल्वेनुं

साधन नहीं हतुं माटे तेओ तेनो उपयोग समजता हता नहीं. हवे अमोने साधन मळेलुं छे माटे अमो तेनो उपयोग करीए छीए. ए उपरथी शुं सिद्ध थाय छे के, रीतरिवाजो गमे तेमना घडेला होय पण ते जो धर्मविरुद्ध होय तो ते भांगी नांखवामां हरकत नथी. मरण पाछळ जमणवारादिक करवा सरखुं नीच काम अत्यंत लज्जास्पद छे. बीजा धर्ममां तेने गमे ते आधार होय पण जैन धर्म तेथी तद्दन विरुद्धमां छे, ए वात प्रसिद्ध छे. रडवाकुटवानो रिवाज गुजरात प्रदेश करतां अहिंयां ओछो छे ए वात खरी छे, पण ए रिवाज अत्यन्त निंद्य होवाथी तद्दन नाबुद करी नांखवो, एज युक्त छे. ए करतां बीजी पण जे रुढी तमारामां पेठी होय ते काढी नांखवानी हुं आपने वारंवार भलामण करुंछुं.

सद्गृहस्थो! विशेष करीने कन्याविक्रय जेवी अत्यन्त नीच रुढी माटे हुं आप साहेबोनुं वधारे ध्यान खेंचुं छुं. दक्षिणमां कोण जाणे ए रिवाज केवी रीते पेठो छे? कन्याविक्रय करनार माणस घणीज हलकी पंक्तिमां गणाय छे अने कन्याविक्रय बंध करवा माटे असरकारक भाषणो थवानी खास जरूर छे. ज्यां सुधी आ चाल बंध नहीं थाय त्यां सुधी तेना विरुद्धमां अखंड प्रयत्न चलाववा जोइए. तेथी पछात पडवुं नहीं. मारी धारणा प्रमाणे ए चालनुं बीज लग्ननी खरचाळ रुढीओमां छे. भयंकर खर्चनो बोजो लोको उपर पडवाथी तेओने ते खर्च पूरो करवा माटे पैसाना साधनो जोवां पडे छे. अने पेहेला निरुपायथी अने अज्ञानताथी आ मार्ग तेओ स्वीकारे छे अने कन्याओना पैसा लेवा नीकळे छे माटे पैसा आपनारा अने लेनारा बन्ने उपर अंकुश राखवो जोइए.

जैन धर्मनो मुख्य आधार अहिंसा परमो धर्मः ए पवित्र वाक्य उपर छे. माटे जीवदया तरफ लक्ष आपवुं जोइए. आपणे दया पाळीए छीए, जीवोनी रक्षा करीए छीए पण केटलाएक अजाणपणाथी प्राणीजन्य चीजो वापरवामां आवे छे तेवी चीजो माटे सावचेती राखवी, अने पांजरापोळ जेवी संस्थाओ गामोगाम सारा पाया उपर थवी जोइए अने एक मोटा गाममां एवी संस्था थवी जोइए के गामेगामनी पांजरापोळ उपर ते संस्था देखरेख राखे अने तेमां जे खामीओ जणाय ते दूर करवानो प्रयत्न करे.

आपणा धर्मनो विजय, भूषण, अने गौरव जिनमंदिरोमां रहेलुं छे माटे ज्यां ज्यां जिनेश्वर भगवाननां मंदिरो होय, त्यां त्यांनी व्यवस्था केवा प्रकारनी छे एनो शोध करी, ज्यां ज्यां आशातनाओ थती होय त्यां त्यां माणसो मोकली बनती कोशीसे ते आशातना दूर करी अने जे जे तीर्थोमां के गामोमां मंदिरो भांगी पडेलां छे त्यां दुरुस्त करावी जिनचैत्यो उत्तम हालतमां राखवानी जरूर छे. जे गाममां श्रावकोनी वस्ती नहीं होय अने आशातना टाळवी अशक्य थई पडे छे, त्यांथी ज्यां ज्यां प्रतिमाओनी जरूर होय त्यां त्यां छूटथी आपवी जोइए; अने एके जिनमंदिर अपूज नहीं रहे तेवी कोशेश थवी जोइए. दक्षिणना अन्तरिक्ष पार्श्वनाथना तीर्थ माटे हाल जेवी कमिटी निमाई छे तेवी कमिटी तमाम दक्षिण प्रांत माटे निमवामां आवे तो बहु सारुं.

आपणी अवनतीनुं बीजुं कारण आपणामां चालती कुरीतीओ छे एवुं हुं पहेलां कही गयोछुं तेमां बाळलग्न, वृद्धविवाह, अयोग्यविवाह, कजोडा इत्यादि चालोनो समावेश थाय छे. बाळलग्नथी केवा प्रकारनी पायमाल स्थिति थती जायछे तेना दाखला आपणे नित्य जोईए छीए. अपक्व वीर्यनो नाश थवाथी शौर्य, धैर्य, हुशियारी, साहस, शक्ति इत्यादि सद्गुणोथी माणस तदन विमुख थई जायछे, अने आपणी निर्वीर्य प्रजा निरुत्साही अने मंदबुद्धिनी थती जायछे अने आनुवंशिक गुणोथी तेनो प्रसार आखी

कोममां फेलातो जायछे. माटे आवां लग्न नहीं थाय तो खरेखर उत्तम छे. नामदार महाराजा सयाजीराव गायकवाडे पोताना राज्यमां आ बाबत कायदो घडी काढ्यो छे ते खरेखर प्रशंसापात्र छे. वृद्धविवाहथी केटलो त्रास, केटलो अनर्थ थाय छे तेनुं विवेचन करवानी हुं जरूर जोतो नथी. अनेक नाटकोमां पण तेथी थती विटंबनानां चित्रो प्रेक्षको आगळ हंमेश आवतां जायछे, छतां केटलाएक लोको पैसाथी खुवार थई घडपणनी घभरामणमां पण वरघोडे चढवा तैयार थायछे, ए अत्यन्त निंद्य छे. ते तरफ तिरस्कार बतावी एवां लग्नो थतां अटके एवा प्रयत्न थवानी खास जरूर छे.

## धर्मादा खाताना हिसाब.

आपणा कुसंपनुं एक कारण ए छे के, धर्मादा खाताना हिसाबो. गामेगाम आवा हिसाबो माटे नाना प्रकारना कुसंप, तडो पडी फोगटनो क्लेश थाय छे. अने देवद्रव्यना भक्षणथी उत्पन्न थता पापना लोको भोक्ता थाय छे. माटे दरेक सार्वजनिक फंडनो हिसाब चोखे चोखो राखवो जोईए. अमूक एकज माणसना हाथमां आवा हिसाबनी सत्ता राखवी ए युक्त नथी;तेने माटे कमिटीज नीमि राखवी एवी पद्धतीथी काम लेवाथी घणो लाभ थशे एवी मारी कल्पना छे.

हवे हुं छेल्ला पण घणा महत्वना मुद्दा तरफ आप साहेबोनुं ध्यान खेंचुं छुं. आपणे आजे जे भेगा थया छीए, तेनुं निमित्त आ प्रान्तिक सभा छे अने आपणे एमां जे यश मेळवीशुं एनुं श्रेय पण आ सभाने अंगेज छे; माटे आ सभाने उत्तम रीते, पोषण करी तेनुं आयुष्य वधारवुं ए आपणुं प्रथम कर्तव्य छे. हाल सुधी आ सभानी बाळवय छे अने नाना बालकने नानपणमां घणां विघ्नो नडवा संभवनीय छे. माटे आवी वखतमां वधारे काळजी राखी आ सभा दर वर्षे भराती रहे एवी तजवीज थवी जोईए. आपणुं काम जाधुकनुं नभे, आपणा ठरावो अमलमां आवे अने आपणा सर्व प्रयास सफल थाय ते माटे कॉन्फरन्सनुं बंधारण वधारे,व्यवहारीक अने संगीन पाया उपर मुकवानी जरूर छे. तेने माटे प्रान्तिक अने स्थानिक सेक्रेटरीओना काममां मदद आपवा माटे जुदे जुदे योग्य स्थले मोभादार काम करनार गृहस्थोनी कमिटीओ निमवामां आवशे तो आपणा कामने घणीज मजबुताई मळशे अने दर वर्षे वधारे संगीन अने उपयोगी कामो बतावी आपनारा रीपोर्ट आपणे रजु करी शकीशुं. तेनी साथे आपणा उमदा हेतुओ देशना चारे खुणाना जैनभाईओनी जाणमां आवे अने तेओ ते काममां उत्साह भर्यो भाग लेता थाय ते माटे पण प्रयास थवो जोईए अने आवी प्रान्तिक कॉन्फरन्सो भरी धार्मिक तेमज व्यवहारिक सवालो चर्चवा जोईए.

बंधुओ! हवे हुं आपनो वधारे वखत लेवा मागतो नथी. आपणे जे कामने माटे अहियां भेगा थया छीए ते कामथी आप संपूर्ण वाकेफ छो. माटे आपनी आगळ जे जे कामो थशे ते ते कामो शान्तवृत्तीथी सांभळी लेशो अने पोतानो आधीन मत प्रगट करशो एवी मने आशा छे. हवे विषयनी योजना करवा माटे विषयनी योजक कमिटीनी योजना करवानी छे, ते आप करशो, अने आपनी आगळ जे जे वक्ताओ भाषण करे तेमने शान्ततायी सांभळी लेई ते प्रमाणे पोताना वर्तनमां सुधारो करवो जोईए. पोते तेवुं वर्तन राखी बीजाओने पण सारो उपदेश करशो. सारा विषयोनी योजना करी आ सभा संपूर्ण रीते फतेहमंद निवडे एवी व्यवस्था करशो एवी हुं आशा राखुं छुं. आपे मारुं भाषण शान्ततायी सांभळी लीधुं ते माटे आपनो आभार मानी हुं मारुं भाषण समाप्त करुं छुं.

## साधु मुनिराजोनी पधरामणी.

प्रमुख साहेबना भाषण दरमीयान एक डेप्युटेशन जैन मुनिमहाराजोने कॉन्फरन्समां पधारवा माटे लवा गयुं हतुं, जेथी नीचेना सात मुनी महाराजो हर्षनाद वच्चे कॉन्फरन्सना तंबुमां दाखल थया हता:—मुनीराज श्री अमरविजयजी, श्री बाळविजयजी, श्री देवमुनीजी, भावमुनीजी, खेममुनीजी, सिद्धमुनीजी अने शुभमुनीजी. प्रमुख साहेबना पछी सबजेक्ट कमिटी निमातां पहेलां मुनिराज श्री अमरविजयजीए निचे प्रमाणे उपदेश कर्यो हतो:—

## मुनी महाराज श्री अमरविजयजीनुं व्याख्यान.

श्रोताजनो, धर्मोन्नति विषये तमो समक्ष थोडो जे उपदेश आपुं छुं ते श्रम लई श्रवण करशो.

धर्मोन्नति ए शद्बनो अर्थ एवो थाय छे के काळना वशथी पवित्र धर्म पण अवदशाने प्राप्त थयलो होय छे ते पवित्र धर्मने फरीथी पण प्रयत्नद्वारा उंच दशामां पहोंचाडवो तेनुं नाम धर्मोन्नति छे.

जैन धर्म ऋषभदेव स्वामीना वखतथी ते चोवीसमा तीर्थंकर सुधी अनेक प्रकारथी उलटपालट थतो आवेलो हशे. परंतु ते धर्म महावीरस्वामी पछी विक्रम संवतनी आसपासमां तेमज कुमारपाळ राजाना वखतमां तथा अकबर बादशाहना समयमां पण भारी जोरसोरथी प्रसरी रहेलो हतो. ते धर्म आज आ निर्विघ्न राज्यमां आटामां लुण तरीके जोवामां आवे छे ते केटलुं बधुं आश्चर्य सरखुं छे ? दाखलो एज छे के प्रथम खानेसुमारी ( वस्तीपत्रक ) वखते जैन वीस लाख अने आ त्रीस वर्षे त्रीजी खानेसुमारी ( वस्तीपत्रक ) थतां पंदर लाख जैन भाईओनी संख्या नोंधायली नजरे पडे छे. आ उपरथी शुं समजाय छे ? अने धर्म विषे केवी लागणी छे तथा विस्तारमां केटली खामी पडी छे ?

धर्मनी अवदशा थवानां त्रण कारण छे:—( १ ) समाजमां ज्ञाननी मंदता; ( २ ) समाजनी विभिन्नता अने ( ३ ) तेथी धननी पण निर्बळता. आ त्रणमांथी पण अज्ञानदशा जेवुं पाप तेमज समाजमां विभिन्नता करवावाळा पुरुष जेवुं बीजुं एके पण मोटुं पाप जोवामां आवशे नहीं. तेथी ए बंने धनने तेमज धर्मने पण मोटो धक्को पोहोंचाडनार पाप कहीशुं तोपण चालशेज. माटे हे धर्म वांछको, आपणा धर्मनी उन्नती करवा प्रयत्न करवा अने पापने छोडवा, निचेना कारण तरफ लक्ष आपी आपणा तेमज बीजा प्राणीओना जन्म सफळ करवा प्रयत्न करशो. ते धर्मोन्नति करवामां मुख्य कारण चार छे. तेमां प्रथम ए छे के अज्ञान दशा दूर करवा आपणा बाळकोने उंच ज्ञाननी प्राप्ती करवामां जोडवा; ( २ ) जैनोनुं उंच ज्ञान लोकोमां प्रसार करवाने पुरुषार्थ करवो; ( ३ ) अभिमाननो त्याग करी समाजनी विभिन्नता तोडवानो प्रयास करवो; ( ४ ) आजीविकाना विकल्पमां पडेला साधर्मी भाईओने वेपारादिकमां साह्यता आपी तेमनो विकल्प दूर करवो. तेमां पण अज्ञान दशा दूर त्यारेज थशे के ज्यारे गामेगाममां जैन शाळाओ अने लायब्रेरीओने प्रबळपणे चलाववा प्रयत्न जारी करशो.

उंच ज्ञाननो प्रसार त्यारेज थशे के ज्यारे सारा सारा विद्वानोने मदद आपी तत्व मिश्रित महापुरुषोना निबंधो तेमज छंदो लखावी अने तेनी चोपडीओ छपावी खंत राखीने प्रसरावशो. तेमज विद्वान मुनिओना आवागमन थये बीजा लोकोने पण प्रेरणा करी तेमना समागममां जोडशो. तेमज अजाण वर्गोमां पण वकता पुरुषोने मोकली भाषण द्वारा तेमना अंतःकरणने कोमळ कराववा मोटो

दरीश्रम लेशो. विभिन्नता दुर त्यारेज थशे के ज्यारे जगे जगे मोटी सभाओ भेगी करी आपणा शुभ मनोरथोनी धुम मचावी विवेकनी वार्ताओ प्रगट करशो. तेमज लोकोनाज हित माटे लोकलाज छोडी खराब चाल तोडी सारा रिवाज चलावशो.

आजीविकानी न्यूनताना विकल्पो त्यारेज दूर थशे के ज्यारे साधर्मी भाईयोने धनथी मदद आपी-ने निरुद्यमीपणुं मटाडी वेपारादीकमां जोडशो.

धर्मोन्नति करवानां जे मुख्य चार कारण बताव्यां हतां तेनाज आ बधा प्रगटपणे उपायो बता-व्या छे.

ए सिवाय जीर्ण मंदिरोद्धार, जीर्ण पुस्तकोद्धार, सर्वे प्राणिओनी साथे मैत्रीभाव करवो विगेरे सर्वं बाबतो धर्मोन्नतिनेज माटे समजवी अने तेथीज आपणे भवोभवमां उन्नत दशाने प्राप्त थईशुं. आ विषयने वधारे नही लंबावतां अत्रेज समाप्त करूं छुं. जैनोमां भ्रातृभाव वधशे तोज सर्व काम पार पोंहोंचशे. फक्त बोलवाथी काम सिद्ध थई शकतुं नथी. खास विचार करी पार केम पहोंचाय ते माटे तजवीज करवी जोईये. हे धर्मधुरंधरो, तमारा भाईओनी शी स्थिति छे तेनो स्वप्नामां पण विचार कर्यो होत तो हालना जेवी स्थिति थात नहीं; केटलाक कहे छे के अमारी सत्ता नथी, पण सत्ता तो घणी छे. लग्नप्रसंगे जमणवारमां नाचरंगमां हजारो रुपीया खर्चो छो, अने ज्यारे सार्वजनिक कामो तथा मंदिरोनी स्थिति सुधारवा कहीये छीये त्यारे कहो छो के छोकराने पुछी जोईये ! आवी स्थिति छे तो उन्नति क्यांथी थाय ? वळी हानिकारक रीवाजो दुर करवा, निराश्रित जैन भाईओ तथा बाईओने मदद आपी सारी स्थितिए मुकवा अने पोतानी आसपास कोण सुखी दुखी छे ते विषे ध्यान राखवा माटे तेमज कॉलेज विगेरे विद्यावृद्धिनां खातां उघाडवा तरफ तमारू ध्यान खेंची मारो उपदेश समाप्त करूं छुं.

## सबजेक्ट कमीटीनी नीमणुक.

मुनीराज श्री अमरविजयजीनुं भाषण समाप्त थया पछी बाकीनी बेठकोमां चर्चवाना विषयो वीगेरे नकी करवा सारु नीचेना गृहस्थोनी एक सबजेक्ट कमीटी नीमवामां आवी हतीः—

नगरशेठ चिमनभाई लालभाई, शेठ लालभाई दलपतभाई, शेठ जगाभाई दलपतभाई, अंबा-लाल बापुभाई, हरखचंद गुलाबचंद, बालचंद हीराचंद, दामोदर बापुसा, भागचंद छगनदास, दली-चंद नथुशा, शामदास केवळचंद, हौशीलाल पानाचंद, डाह्याभाई चुनीलाल, भोगीलाल रतनचंद, मुकुंददास वेलचंद, बालचंद चतुरचंद, रतनचंद अंबाईदास, कल्याणचंद लालचंद, मोतीचंद भगवा-नदास, वीरचंद कृष्णाजी, अनुपचंद मलुकचंद, सरुपचंद गोविंदजी, वीरचंद श्रीचंद, टोकरसी नेणसी, दगडुसा सखाराम, मुकुंददास जेठासा, हीराचंद पानाचंद, चुनीलाल न्यालचंद, भागचंद रायचंद विगेरे.

त्यार बाद रात्रीए सभानी बीजी बेठक मेळववानुं जाहेर करवामां आव्युं हतुं अने ते बाद सभा मुलतवी रही हती.

## बीजी बेठक.

ता. २३–४–१९०५ ना रोज रात्रे थयेली बीजी बेठक वखते नीचे प्रमाणे कामकाज करवामां आव्युं हतुं जे वखते पण जैन स्त्रिओ सारी संख्यामां हाजर हती.

## .पेहेलो ठराव–जैन कोन्फरन्सनी हीलचालने धन्यवाद.

प्रमुख नगरशेठ चिमनभाई लालभाईए पेहेलो ठराव सभानी वाहाली माटे नीचे मुजब रजु कर्यो हतोः—

" समस्त आर्यावर्तनी जैन कोमनुं श्रेय करावनारी, जिन बिंब, जिनमंदिरआदि सात क्षेत्रोमां समयानुसार उद्धार करनारी, स्यादनय युक्त श्री जिनाज्ञाधारक सकळ संघनी उद्धारिणी जैन ( श्वेताम्बर ) कोन्फरन्स दर वर्षे भराय छे, तेना समस्त हेतुओ आ सभा घणा आनंदथी मान्य करे छे अने तेना प्रवर्तकोनुं अने तेमने मदद करनाराओनुं हंमेश श्रेय चाह्य छे अने ते कॉन्फरन्स सदा विजयवंत वर्ते एवुं आ सभा अंतःकरण पूर्वक इच्छे छे. "

उपलो ठराव सर्वानुमते पसार करवामां आव्यो हतो.

## बीजो ठराव–नामदार शेहेनशाह तथा महाराणीनो मानवामां आवेलो आभार.

बीजो ठराव प्रमुख नगरशेठ चिमनभाई लालभाईए वाहाली माटे नीचे मुजब रजु कर्यो हतोः—

" आपणी उपर राज्य करनारा ब्रीटिश शेहेनशाह महाराजाधिराज सातमा एडवर्ड तथा महाराणी एलेक्झनद्रा जेओना आश्रय नीचे अमो शांतीथी नागरिक सुख भोगवीए छीए, तथा जेमना उदार दयाळु छत्र तळे यथेच्छ धर्म स्वातंत्र्य भोगवीए छीए, ते प्रौढप्रतापी बादशाह तथा महाराणी चिरंकाळ सुधी संतति, संपत्ति, सुख, अने आरोग्य भोगवो अने जैनसमाज जेवी शांती प्रिय कोमने तेओ सुख शांति आपो एवुं आ सभा दीलोजानीथी चाहे छे. "

उपलो ठराव सर्वानुमते पसार करवामां आव्यो हतो.

## त्रीजो ठराव–मुनिमहाराजोनो मानवामां आवेलो आभार.

त्रीजो ठराव प्रमुख नगरशेठ चिमनभाई लालभाईए वहाली माटे नीचे मुजब रजु कर्यो हतोः—

" आ काळना महापंडित जैनशास्त्रपारंगत आचार्य श्रीमद्वीज्यानंद सूरीश्वरना संघाडामांना साधुवर्यो श्रीमद् हंस वीज्यजी, श्रीमद् अमर वीज्यजी, तेमज श्रीमद् राजवीज्यजी आदि साधुमंडळे दक्षिण देशमां पधारी अमोने धर्मोपदेश करी अनेक धर्मोन्नतीनां कामो कर्यां ते माटे, तथा तेमां पण मुनिवर्य श्री अमरवीज्यजीए आ सभानुं काम हाथ धरवा माटे जे अथाग मेहेनत करी लोकोने उपदेश आपी धर्मोन्नतिनो खरो मार्ग बतावी आप्यो ते माटे आ सभा तेमनो अंतःकरणपूर्वक आभार माने छे. "

उपलो ठराव सर्वानुमते पसार करवामां आव्यो हतो.

## चोथो ठराव–केळवणीनो प्रचार.

केळवणीना प्रचारना संबंधमां मी० डाह्याभाई चुनीलाल शराफे नीचे मुजब दरखास्त मुकी हती.

" धर्म, अर्थ, काम, अने मोक्ष ए चार पुरुषार्थ साध्य थवा माटे पुरुषवर्गमां तेमज स्त्रीवर्गमां पण व्यवहारिक, धार्मिक, नैतिक, तथा शारीरिक केळवणीनो प्रचार करवा माटे,

( १ ) प्राथमिक केळवणी साथे धर्मनो अभ्यास करवा माटे शाळाओ,
( २ ) उंचा प्रकारनुं धर्म शिक्षण मेळववा माटे पाठशाळाओ,
( ३ ) केळवणीने उत्तेजन आपवा माटे स्कोलरशीपो तथा बोर्डिंगो,
( ४ ) कन्याशाळाओ,
( ५ ) पुस्तकालयो,
( ६ ) शारीरिक केळवणी माटे शारीरिक शिक्षणशाळाओ,

( ७ ) वेपारने लगतुं शिक्षण मेळववा माटे वर्गो, विगेर स्थापन करवानी खास जरूर छे अने धार्मिक पुस्तको प्रगट करवा तेमज मासिको तथा जैन समाचारोनो प्रचार वधारे करवानी आ सभा खास जरूर जुवे छे. तेमज घणा लोको धार्मिक खातांओमां पैसा खर्च करे छे तेओए आ अगत्यना खाता तरफ प्रथम लक्ष आपवानी अने मोटा फंडो आ खाता माटे उघाडवानी आ सभा घणी आवश्यकता जुवे छे. "

आ दरखास्तने मी० भागचंद छगनदासे टेको आप्यो हतो अने मेसर्स गोविंदजी खीमजी तथा मोहनलाल अमरसी तथा मि. मावजी दामजीए अनुमोदन आप्या बाद ते सर्वानुमते पसार थएली जाहेर करवामां आवी हती.

## मी० डाह्याभाई चुनीलालनुं भाषण.

मे. प्रमुख साहेब अने गृहस्थो, पृथ्वी उपरनां प्राणिओ तरफ आपणे नजर फेरवी विचार करीशुं के बधां प्राणिओमां माणसनेज केम श्रेष्ठ गण्यो छे ? आपणे कहीशुं के माणसमां शक्ति वधारे छे तेथी तेने श्रेष्ठ गण्यो छे पण बीजां घणां प्राणी एवां शक्तिवाळां छे के माणसनुं बळ तेमना आगळ कांईज नथी. साधारण दाखलो—बळद अने घोडाओमां जेटली शक्ति छे तेटली पण माणसमां नथी तो हाथी व्याघ्र अने सिंह जेटली शक्ति तो माणसमां क्यांथीज होय ? पछी माणसमां शक्ती वधारे क्यांथी अने एने श्रेष्ठ शा माटे गणवो जोईए ? गृहस्थो, हुं कहुं छुं के माणसमांज शक्ति वधारे छे अने तेथीज एने श्रेष्ठ गण्यो छे. माणसमां शारीरिक शक्ति वधारे नथी पण एनामां बुद्धिबळ छे तेज बहु वधारे छे अने तेथीज ते हाथी, वाघ अने सिंह जेवां प्राणीओने छुटां छतां बांधी शके छे अने पांजरामां नाखी शके छे अने आटलो मोटो हाथी तेने एक वेहेंत जेटला अंकुशथी वश राखे छे. ते बुद्धिबळ वधारनारूं ज्ञान मेळववा दरेक माणसे प्रयत्न करवो जोईए.

धर्म, अर्थ, काम अने मोक्ष ए चार पुरुषार्थ छे ते साधवा आपणने ज्ञाननी जरूर छे. ज्ञान ए अखंड ज्योति छे. संसारना गहन अने अंधकारमय प्रदेसमांथी जवा माटे ए ज्योति आपणे साथे राखवी जोईए. ए ज्योतीविनाना माणसने शास्त्रकारोए पशुसमान गण्यो छे.

आहार निद्रा भय मैथुनानि । समानि चैतानि नृणां पशूनाम् ॥
ज्ञानं विशेषोप्यधिको नराणां । ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥ १ ॥

अर्थः—आहार, उंघ अने मैथुन ए त्रण माणस अने पशु बंनेने होय छे पण माणसमां विशेष ए छे के तेने ज्ञान होय छे. ज्ञान जो न होय तो ते माणस पशु जेवो छे.

हमणां कहेला चार पुरुषार्थमांथी हाल फक्त त्रणज पुरुषार्थ प्रत्यक्ष रीते सधाय तेवा छे. बाकी जे त्रण रह्या तेमां पण धर्मने वधारे मान आपवुं जोइए. कारण धर्म जाण्या वगर अर्थ अने काम ए बे पुरुषार्थ योग्य रीते सधाशे नहीं. सिंदुर प्रकरणमां कह्युं छे केः—

त्रिवर्ग संसाधन मन्तरेण । पशोरिवायुर्विफलं नरस्य ॥
तत्रापि धर्मं प्रवरं वदन्ति । न तं विना यद्भवतोर्थकामौ ॥ १ ॥

अर्थः—धर्म, अर्थ अने काम ए त्रिवर्गना साधन विना माणसनुं आयुष्य पशुना आयुष्य जेवुं विफळ छे. ए त्रिवर्गमां पण धर्मने वधारे महत्त्व आप्युं छे. कारण धर्म विना अर्थ अने काम बराबर सधातां नथी.

ते माटे धार्मिक ज्ञान मेळववा बाबत सारो प्रयत्न थवो जोइए. हाल आपणा लोकोमां धार्मिक ज्ञाननी बहुज ओछाश छे. आपणामां पेहेलां बहुज विद्वान आचार्यो थई गया छे. तेओए बहुज सारा ग्रंथो लख्या छे. अन्य धर्मी विद्वानो साथे वादविवाद करी मोटा मोटा विजयो मेळव्या छे, अन्य धर्मी राजाओने जैन धर्ममां बुझव्या छे. श्रीमद् सिद्धसेन दिवाकर महाराजे कोई दिवस वैष्णव धर्म छोडी जैन धर्म अंगिकार करे नहीं एवा विक्रम राजाने पोताना प्रभावथी कल्याणमंदिरस्तोत्र रची अगियारमा श्लोकनी वखते पार्श्वनाथ स्वामीनी मूर्ति प्रकट करी ए राजाने जैनधर्म अंगिकार करवा मोह लगाड्यो हतो. तेमज चारसो वर्ष पेहेलां श्री हीरसूरीजी महाराजे अकबर बादशाहनी कचेरीमां जैनधर्मनो जय मेळव्यो छे. ते वखतना श्रावको पण बहुज विद्वान अने सारुं धर्म ज्ञान धरावनारा हता. भगवतीजीमां ज्यंती श्राविकाए प्रश्न पुछ्या छे ते उपरथी ए सिद्ध थाय छे के ते वखतनी श्राविकाओ पण बहु उंडु धर्मज्ञान धरावती हती. हालमां आपणा मुनीराजोमां विद्वान अने परधर्मी साथे वादविवाद करी जैनधर्मनो विजयध्वज फफडावनारा केटला मुनिराज निकळशे? गृहस्थो, बहुज थोडा. गृहस्थो, खरेखरज आ दयाजनक स्थिति छे. जेना उपर आपणो बधो आधार, जेनाथी आपणे बधी जातनुं सुख मेळववा यत्न करीए छीए, जेनाथी आपणो छेल्लो नेम जे मोक्ष ते मेळवी शकीशुं, ते धार्मिक ज्ञान विषे आपणी आ स्थिति ए बहुज अफसोसनी वात छे. माटे आपणामां जेम धार्मिक केळवणी वधे तेम वधारवा आपणे प्रयत्न करवो जोइए. आपणां बाळकोने नानपणमांथीज आ केळवणी मळवी जोइए, अने ते माटे छोकराओ उपर अभ्यासनो बोजो वधारे न पडे अने आपणो आ उद्देश सफळ थाय तेवी रीतना उपायो लेवा जोइए.

हालनी पद्धती प्रमाणे व्यवहारिक अभ्यासनी साथेज धार्मिक शिक्षण अपाय ते माटे आपणे हाइस्कुलो अने कॉलेजो स्थापवी जोइए अने मिशनरी स्कुलो तथा कॉलेजोनी माफक रोज अडधो पोणो कलाक धार्मिक शिक्षण अपावुं जोइए. एम थवाथी व्यवहारोपयोगी शिक्षण पण मळशे अने धर्मज्ञान पण सारुं मळशे.

व्यवहारोपयोगी शिक्षणनी बाबतमां पण हालनी शिक्षणपद्धति बदलवी जोईए. कारण के हाल जे शिक्षण होय छे एमां तो वांधो नथीज, पण एनी हाल एटली बधी जरुर नथी. बीजगणित, भूमिती अने त्रिकोणमिती जेवा वीषयो के जेनो व्यवहारमां बहुज थोडो उपयोग थाय छे तेवा वीषयो ज्योतिष शास्त्र जेवा अमुक एक वीषयने खास जरुरना छे, पण व्यवहारमां तेनो घणो उपयोग थतो नथी, माटे

ते विषयो बधा माटे न राखतां फक्त जेओने तेनी जरुर होय तेओ माटेज राखवा जोईए, अने जे विषयोनो उपयोग व्यवहारमां वधारे थाय तेवा विषयो राखवा जोईए. अने ते माटेज आपणे व्यापारोपयोगी शिक्षणनी घणी जरूर छे ते बाबत शिक्षण मळवुं जोईए. पण आ विषय लेवा पहेलां हालनी शिक्षणपद्धतीमां बीजी बे महत्वनी खामीओ छे ते हुं कही जाऊं छुं.

हाल शालाओमां अने कॉलेजोमां वधा वीषयनुं थोडुं थोडुं ज्ञान अपाय छे. एक विषयनुं पुरूं ज्ञान अपातुं नथी. मारा धारवा प्रमाणे आ सारुं थतुं नथी, कारण के तेथी कोई बाबत संपूर्ण तथा संगीन थती नथी. तेथी धार्मिक, नैतिक अने व्यवहारोपयोगी ज्ञाननुं प्राथमिक शिक्षण अपाया पछी एक चोकस बाबतनुं पुर्ण ज्ञान मळवुं जोईए.

बीजी खामी ए छे के आपणे उंची केळवणी मेळववा माटे अंग्रेजी भणवुं पडे छे तेथी थाय छे शुं के आपणी स्वभाषा आपणने पुरी आवडती नथी. अने पारकी भाषा के जेना साथे आपणी भाषाने जरीके संबंध नथी ते आपणे भणवा माटे बहुज मेहेनत पडे छे अने वखत जाय छे अने ते पण पुरी आवडती नथी अने त्यार पछी आपणने उंची केळवणी मळे छे. तेथी आ उंची केळवणी आपणने स्वभाषा मार्फत मळती होय तो पारकी भाषा भणवानो त्रास ओछो थाय अने आपणने उंची केळवणी बहु सारीरीते अने सहेलाइथी मळे.

आपणो हिंदुस्थान देश पेहेलां दरेक कळामां प्रवीण हतो अने दरेक चीज अहींया बनती हती। आपणा देशमां बनतो माल आखी दुनिया वापरती हती. ते वखते आ देश बहुज समृद्धिवान हतो अने एना माटे सुवर्णभुमि ए शब्द वापरवामां आवता हता; पण आजनी स्थिति एथी तद्दन विरुद्ध छे. आपणुं कलाकौशल्य बधुं जतुं रहयुं छे. आपणे त्यां हवे कोई जातनो माल बनतो नथी एम कहेवामां बिलकूल अतिशयोक्ती थशे नहीं. आपणे दरेक चीज माटे पारकाओनां मोंढा तरफ जोवुं पडे छे. घणुं तो शुं पण एक नानी खोली माटे पण आपणे विलायत वीगेरे तरफ ओशीयाळुं म्हों करी जोवुं पडे छे. जेम जेम शास्त्रीय बाबतोमां नवी नवी शोधो थवा मांडी तेम तेम यांत्रिक शक्तीथी वधारे वधारे काम लेवातुं गयुं अने यांत्रिक शक्ति आगळ हाथशक्तीनुं जोर फावी शक्युं नहीं. यांत्रिक शक्तीथी उत्पन्न थता पदार्थो अतिशय सुंदर बनवा लाग्या अने तेम छतां पण तेनी किंमत ओछी पडवा लागी. आथी आपणे त्यांनी हाथनी बनावटनी चीजो खपती बंध थई. चीजोनो खप बंध थयो एटले ए धंधाओ बेसी गया अने हवे आपणो वेपार एटलोज रह्यो के इंग्लंड, जर्मनी, अमेरीका, जपान ए देशोए आपणने माल तैयार करी आपवो अने आपणे ते मालने मुंबईथी हिंदुस्थानना जुदा जुदा भागमां फेलाववो. बधानो धंधो आ एक भाडुती कामनो थई गयो एटले तेमां पण कसाकसी वधारे थई. ए धंधामां पण कस रह्यो नहीं अने आजे आपणे बुमो पाडीए छीए के बधा वेपार बगड्या, कशामां कस रह्यो नहीं; अने आवी रीते आपणामां दारिद्र रुपी दुष्ट राक्षसे देखाव आप्यो अने बधाने हेरान कर्या.

गृहस्थो, आवी दुष्ट स्थितीमांथी छुटवा फक्त हवे एकज मार्ग रह्यो छे. अने ते ए छे के पदार्थविज्ञान अने रशायणशास्त्रनुं सारी रीते अध्ययन करी तेनी मददथी नवा पदार्थो बनावतां शीखवुं. ज्यां सुधी नवो माल आपणे बनावी शकीशुं नहीं त्यांसुधी आपणी सांपत्तिक स्थिति सुधरवानी नथी. अने ज्यांसुधी आपणी सांपत्तिक स्थिति सुधरी नथी, त्यांसुधी आपणे कोई पण जातनो सुधारो करी शकीशुं नहीं.

कारण के पैसा वगर आजकालमां कोइ पण काम थतुं नथी. हालतां चालतां पैसानी जरूर पडे छे ते माटे आपणे शास्त्रीय ज्ञान अने तेनी मददथी दरेक हुन्नर उद्योगनुं ज्ञान मेळववा शाळाओ अने कोलेजो स्थापवी जोईए अने त्यां आपणी भाषामां ज्ञान अपावुं जोइए के ते वीषयो सहेलाइथी समजाय.

आ बाबतमां मुख्यत्वे करीने श्रीमंत शेठीआओए लक्ष आपवुं जोइए; कारण के आवी जातनुं शिक्षण मेळववा खरच बहु वधारे थाय छे अने ते गरीबोथी थाय तेम नथी, ते छतां गरीब लोको ए ज्ञान मेळववा माटे खर्च करशे पण ए ज्ञान मेळव्या पछी मोटां मोटां कारखानाओ काढवाना ते तेओ केवी रीते काढशे ? माटे आपणा शेठीआओए आ बाजु वधारे ध्यान आपवुं जोईए.

हवे हुं खरेखरा अने विशेष महत्वना विषय तरफ वळुं छुं. जे केळवणी विषे हुं बोलवा चाहुं छुं ते जो योग्य रीते अपाशे तो आपणे जे भव्य अने मजबुत इमारत बांधवा मांगीए छे तेनो पायो पण तेवोज बांध्यो गणाशे. ए पायो सारी रीते नखायो के तेना उपरनी इमारत बांधवा जरीपण वार लागशे नहीं अने इमारत बांध्या पछी ते तुटी पडवानी जरा पण बीक रहेशे नहीं कारण के नानपणमां जेवी केळवणी माणसने मळे छे तेवीज रीतना परिणाम तेना उपर आखा जनमारा माटे थाय छे अने ते माटे ए वखते ज्ञान आपनार मातानी केळवणी बहुज उंचा प्रकारनी जोइए. सुधरेला देशो तरफ आपणे जोईशुं तो आपणने मालम पडशे के एमनामां बधे ठेकाणे स्त्रीओने केळवणी अपाय छे. संसार सुखनो पण आधार स्त्री केळवणी उपरज छे कारण के आ संसारमां पुरुष अने स्त्री ए बे संसाररूपी गाडीना चाक छे. ए बंने चाक जो सरखां हशे तोज ए गाडी सारी रीते चालशे; माटे पुरुष भणेलो हशे, अने स्त्री जो भणेली नहीं होय तो ए घरमां सुख जरीके मळशे नहीं. माटे स्त्रीओने भणाववी जोइए. हवे ए बाबत लोकोनुं ध्यान सारी रीते खेंचायुं छे अने स्त्री केळवणी विषे लोकोनुं विरुद्ध मत नथी. पण ए आपवानी गोठवण जेवी जोइए तेवी थई नथी ते माटे योग्य व्यवस्था थवी जोइए.

आ बधुं ज्ञान मेळववा वीषे थयुं पण ते ज्ञान मेळववानुं साधन जैन लायब्रेरीओ स्थापवी जोइए अने तेनी मार्फत जैन ज्ञाननो प्रसार थवो जोइए.

## मी० भागचंद छगनदासनुं भाषण.

गृहस्थो ! जग तरफ जरा नजर फेरवी माणसजाती अने इतर प्राणीनो जो आपणे थोडो वीचार करीशुं, तो तरतज एम लागशे के, माणसजातीने कांई पण चोकस कर्त्तव्य छे. ए चोकस कर्तव्य ए छे के आपणे आ भवमां आवी कांई पण मेळववुं अने ते मेळववा माटे कांई पण करवुं. माणस जातीमांज, नानाथी ते मोटा सुधी नहीं पण अणुरेणुथी पण नानां, एम दरेक प्राणीथी ठेठ पर्वत जेवा प्राणी सुद्धां सुख नथी जोईतुं एवो एके प्राणी नथी. हवे सुखमां पण पर्यवसाय सुख, अने दुःख पर्यवसाय सुख एम भेद छे. एक राजर्षीए कह्युं छे के,

> यत्कर्म कुर्वतोस्य स्वात्मपरीत्वेषोंतरात्मनः
> तत्त्र यत्नेन कुर्वीत विपरीतं तु वर्जयेत् ॥ १ ॥

एनो अर्थ ए छे, के, जेथी आपणा आत्माने संतोष थाय तेज कृत्य करवुं; तेथी विपरीत होय ते न करवुं. आ सुखपर्यवसायी सुख छे.

हवे कोई चीजथी जो के, सुख थतुं होय तोपण आत्माने खरेखर सुख थाय छे के नथी थतुं ए विद्यारंजन वगर मालम पडशे नहीं. साधारण सुख मेलववा पण, माणसने विद्यानी जरुर छे. बीजा प्राणीओने ते नथी. "आ वर्ष वरसादनो वायदो सारो नथी, वरसाद आववा आ वर्षे ग्रहस्थिति सारी नथी, तेथी आ वर्षे दुकाळ पडशे; पछी आपणी आजीविका केम थशे;" ए विचारथी माणस चिंताग्रस्त थाय छे; पण कीडीओने पोतानां इंडां भोंयमांथी लई जवां, अथवा के न लई जवां, अथवा कागडाने पोताना माळाओ झाडनां डाळाओने छेडे बांधवा के वचमां बांधवा, एवी रीतनी चिंता थवाथी तेमना हाथथी भुल थई होय, एम कोई दीवस जोवामां आवतुं नथी. एटलुंज नहीं पण सने १९०२ नी सालमां अमेरीकामां पेरी शेहेर तथा पासेना मुलकमां, पर्वतनो स्फोट थई, जे घणुं नुकसान थयुं, ते पेहेलां बे त्रण महीना, त्यांना जंगली पशु, लांबा जीव अने पंखीओ त्यांथी जतां रह्यां हतां अने घरमां राखेलां जानवरो गभरायां हतां, अने कुतराओ रोवा लाग्या हता. टुंकमां कहेवानुं ए के बीजां प्राणीओने विद्याज्ञाननी आवश्यकता नथी. पण माणस, वीधा वगरनो, अव्यवस्हीत दुःखदायक प्राणी छे.

एम जो साधारण बाबतमां विद्यानी जरुर छे, तो पछी, धर्म, अर्थ, काम अने मोक्ष, ए चार पुरुषार्थ साधवा माटे, विद्यानी केटली जरुर छे, ते जुदुं कहेवानी जरुर नथी.

सर्वद्रव्येषु विद्यैव द्रव्यमाहुरनुत्तमम् ।
अहार्यत्वानर्हत्वादक्षय्यत्वाच्च सर्वदा ॥ १ ॥

एनो अर्थ ए के, सर्व धनमां विद्याधनज श्रेष्ठ छे; कारण के ते चोरावानी के आपवाथी ओछुं थवानी, जराके भींती होती नथी. ए हितोपदेशकारना कहेवा प्रमाणे घणाओनुं कहेवुं छे.

हवे केळवणी एटले शुं ? केळवणी एटले लखवुं अने वांचवुं, एम घणाओनुं कहेवुं छे, अने ते घणे भागे खरूं पण छे, कारण केळवणरूपी जे भव्य पदार्थसंग्रहालय छे तेमां पेसवानो, लेखन अने वांचन ए दरवाजो छे. ए दरवाजानी अंदर गया पछीज, सर्व पदार्थोनुं दर्शन थवानुं अने पछी आपणी बुद्धि, शक्ति, द्रव्यबल, अने बीजी मददथी, जे वस्तु ग्रहण कराय ते करवी, ए खरी स्थिति छे माटे केळवणी मंदिरनी अंदर जवानो रस्तो मेळववोज जोईए. विशेषतः आपणा स्त्रीवर्गमां, बहुज थोडानी पासे आ रस्तो छे, माटे तेओने आ पास मेळवी आपवा माटे आपणाथी जेटली मेहेनत थाय तेटली करवी जरूरनी छे. केटलाक प्रसिद्ध ग्रंथकारोए एवी रीतना उद्गार काढया छे के "अमारी मानी साथे फरतां, ८—१० वर्षनी उमरमां, अमोने जेटलुं शिक्षण मळ्युं छे, तेटलुं अमोने आखा जन्मारामां मळवुं शक्य नथी. इंग्लंड जेवा सुधरेला राज्यमां घणाक लोकोने घणुं शिक्षण एमनी मा तरफथीज अपाय छे. जे देशमां महिला वर्ग सुशिक्षित छे त्यां पतीए हाथ झालेला काममां मदद करनारी, छोकरांओने भणावनारी, धर्म प्रसार करवा माटे खरा दीलथी महेनत करनारी, मांदा लोकोनी पोतानी खुशीथी सारवार करनारी, अने एम अनेक रीते, स्वहीत तथा परहीत साधनारी, हजारो स्त्रीओ नीकळे छे; अने महिला शिक्षणना अभावे, आपणा देशमां, कंटाळो उपजावनारो सुर काढी, रस्तेथी लटकमटक चालनारी, माणस मर्या पछी कुटयामां एकमेक साथे हरीफाई चलावनारी, वेवाई वेवण साथे कजीआनुं जोर वधारनारी, देशना भावी आधारस्तंभ जे छोकरांओ, तेमने मूर्ख अथवा अशक्त बनावनारी, अने गोकुल जेवां प्रसिद्ध कुलमां, कलहाग्नी सळगावी ज्यां त्यां वेर वसावनारि

स्त्रीओ, हजारोनी संख्यामा स्हेजमां मळी आवे छे. आपणा महिला वर्गमांना जे दोष कह्या, तेनुं कारण आपणे पुरुष वर्गज छीए. माटे आ दोषमांथी छुटा थवा, आपणे महिला शिक्षण माटे सारी तजवीज करवी ए जरूरनुं छे.

महिला वर्ग सुशिक्षित थया पछी, जे सुधाराओ करवा माटे आपणे महेनत करीए छीए, तेमांथी अडधा बल्के तेथी वधारे तो पोतानी मेळेज थशे अने बाकी रहेला सुधारा करवामां आपणने मदद मळशे.

हवे पुरुष वर्गे केळवणी मंदिरमां पेसवानो पास कोईए वधारे, कोईए ओछो एम वधाए मेळव्यो छे तेथी एमने माटे शिक्षण एटले शुं, ए बाबत थोडुं विवेचन करवुं जोइए.

लखवुं वांचवुं अने हिसाब गणवा ए कांई केळवणी कहेवाय नहीं. शिवाजी महाराजने पोतानुं नाम पण लखतां आवडतुं नहोतुं पण तेओ अशिक्षित हता एम कोण कहेशे ? तेमज विश्वविद्यालयनी परिक्षाओमां पसार थया पछी पण १०—१५ रुपयानी जगो माटे बुटांकीत सफेत पग उपर माथुं मुकवानो वखत आवे ए माटे हुं जो भुलतो न होऊं तो तेने मेळवेला ज्ञानने केळवणी कहेती वखत जीभ कचराया वगर रहेती नथी.

केळवणी एटले शुं ?:—( १ ) अमुक वात योग्य छे के नहीं ? ( २ ) अमुक वात सत्य छे के असत्य ? ( ३ ) अमुक चीज सुंदर छे के ढंगधडा वगरनी छे ? ( ४ ) बीजा उपर पूर्ण आधार राखी न बेसतां पोतानी तथा आपणा उपर जे आधार राखे छे तेओनी उपजीविका आपणे करी शकीशुं के नहीं ? आ चार प्रश्नोमांथी पेहेला त्रण प्रश्नोना उत्तर आपवानुं तथा छेल्ले कहेली जातनुं जे सामर्थ्य तेनेज केळवणी ए नाम अपाय.

मिल्टन कहे छे के " जे केळवणीने लीधे माणसने पोतानुं गृह संबंधी अने सार्वजनिक कर्तव्य, टेकथी, अकलथी अने उदार बुद्धीथी, करतां आवडे तेज केळवणीने केळवणी कहेवाशे. " आपणा एक संस्कृत कवीए " किं किं न साध्यति कल्पलतेव विद्या ? " एटले केळवणी ए एक कल्पवृक्ष छे तो पछी ते शुं नहीं आपे ? बधुंए आपशे एम कह्युं छे.

हाल पेटनो खाडो पुरवानुं काम केटलुं अघरुं थयुं छे ते जोई, विशेषतः कई केळवणी हाल जरूरनी छे ए विचारी, व्यवहार, नीति अने हुन्नरकळानुं ज्ञान मेळववा माटे शाळाओ स्थापन थशे तो घणुं सारुं थशे.

बधी जातनी केळवणीमां धार्मीक केळवणीने प्रथम मान आपवुं जोईए. कारण ।। गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ।। एटले " यमराजना हाथमां आपणी चोटली झलाएली छे एम जाणी माणसे धर्मनुं आचरण करवुं " एवुं मोटमोटा महात्माओनुं कहेवुं छे अने तेथीज जैन धर्मना ज्ञाननो प्रसार थाय ते माटे जैन लायब्रेरीओ स्थापवी जोइए तेथी जेने इच्छा होय ते माणस ग्रंथसमागम करी शकशे. ग्रंथोना महत्व माटे एक महाराष्ट्रीय साधुए कह्युं छे के,

कीं हे शब्दरत्नांचे सागर । कीं हे मुक्तांचे मुक्तसरोवर ।।
नाना बुद्धिचे वैरागर । निर्माण झाले ।। १ ।।

आ ते सद्पुरुषनुं कहेवुं केटलुं खरुं छे, ए कहेवानी जरूर नथी. माटे आटली वारसुधी जणावेली बाबतोनो वीचार करी ते माटे तजवीज करशो एवी आशा राखुंछुं.

## मी० गोवींदजी खीमजीनुं भाषण.

केळवणीनो वीषय घणो महत्वनो छे. बाळपणमां केळवणी आपवाना संबंधमां ख्याल रहेतो नथी. मा बापो जाणे छे के फायदो छे, तोपण घणाओ शीक्षण आपवामां बेदरकार रहे छे. अंग्रेजी शीखवानी हाल घणीज जरूर छे कारण के ते राजभाषा छे. कळाकौशल्य नष्ट थयाथी संपत्ती घटी गई छे अने स्थीति नबळी थती जायछे. आपणो वेपार परतंत्र थई गयो छे माटे उंची केळवणी मेळवानी खास जरूर छे. शीक्षण मेळववुं ए मुश्केलीनुं काम छे, माटे ते सारू बंदोबस्त थवानी जरूर छे. वीद्यार्थीओए आगळ वधवा खास प्रयत्न करवो जोइए छे अने स्त्रीओने आ जमानामां केळवणी आपवानी घणीज जरूर छे.

## मी० मोहनलाल अमरसीनुं भाषण.

केळवणीथी कोम वीगेरेनी उन्नती थई शके छे. ज्ञान दर्शन चारीत्रमां केळवणीनो समावेश थाय छे. केळवणी एवा प्रकारनी होवी जोइए के जेथी आत्मीक ज्ञानदर्शन वधे. पाठशाळा वीगेरे छे पण जेवां जोइए तेवां साधनो नथी. जैन वांचनमाळा माटे ज्यांसुधी प्रयास नहीं थाय त्यांसुधी धार्मीक बीज मगजमां रोपाशे नहीं. केळवणी बोर्ड स्थापी तेमां विद्वानोनी कमीटी नीमी वांचनमाळा दाखल थाय तेवो प्रयास थवो जोइए अने ते आपणी बधी शाळाओमां चालवी जोइए. जैन केळवणी खातुं स्थापी इनस्पेक्टरो, उपदेशको मोकली केळवणीनो प्रसार करवो जोइए. माताओ सुशीक्षीत थवा माटे स्त्री केळवणीनी खास आवश्यकता छे अने तेना संबंधमां पण ध्यान आपवानी जरूर छे.

## शा० मावजी दामजीनुं भाषण.

हीरो ज्यारे खाणमांथी नीकळे छे, त्यारे तेनी कींमत घणी थोडी होय छे. परंतु ज्यारे तेनापरथी माटी दुर करवामां आवे छे, हुशीआर कारीगर पासे तेने साफ करी पहेल पाडे छे, त्यारे तेनी कींमत हजारो तो शुं पण लाखो रूपीयानी थाय छे तेम नीगोदरूपी खाणमांथी नीकळतो आपणो जीव माटीवाळा हीरा जेवो छे. ज्यारे तेनापरथी कर्मरूपी माटी दुर करवामां आवे छे अने सद्गुरुरूपी कारीगर जीवनुं शुद्धस्वरूप ज्यारे समजावे छे त्यारे तेनी कींमत एक कोहीनुर तो शुं, पण लाखो कोहीनुर जेटली कीमतनुं तेनुं मुल्य थाय छे. आवी खबर आपणने कोण आपनार छे ? धर्म छे. माटे धर्मनी केळवणी प्रथम जोइए पछी धर्मनो सार, अर्थ ने काम साधवा जोइए जेथी मोक्ष पण साधी शकाय.

## पांचमो ठराव—धर्मोन्नती प्रयत्न.

धर्मोन्नतीना प्रयत्नना संबंधमां मि. दामोदर बापुसाए नीचे मुजब दरखास्त मुकी हती:—

" पुरुषार्थ चतुष्टयमां धर्मने आद्यस्थान मळेलुं छे अने तेनी उन्नती करवी ए दरेक माणसनी फरज छे अने धर्मोन्नती करनारो वर्ग आपणा पूज्य मुनीराजो छे, जेओए परमार्थ माटे दुनीयानी मोह-

जाळने तोडी नाखी छे अने जेओ परोपकारमांज पोतानुं जन्म साफल्य समजे छे तेमना पधारवाथीज आपणुं कल्याण छे माटे ( १ ) गीतार्थ मुनी महाराजाओने आपणा देशमां वीहार करवानी प्रार्थना करवी; (२) धर्मना सख्त नीयमोने बाध नहीं आवे एवी रीते तेमना वीहार माटे व्यवस्था करवी; (३) ज्यां ज्यां उपाश्रयो, धर्मशाळाओ नहीं होय त्यां बंधाववी;

( ४ ) धर्मसंबंधी अज्ञान प्रदेशमां तेमने वारंवार वीहार करवा प्रार्थना करवी;

( ५ ) ज्यां ज्यां मुनिविहार अगवड भर्यो होय त्यां उपदेशको मोकलवा;

( ६ ) अल्प समजने लीधे ज्यां देरासरो नहीं होय त्यां दर्शननी कोईपण रीते जोगवाई करवी इत्यादि धर्मोन्नतीना प्रयत्न हंमेश जारी राखवानी आ सभा खास आवश्यकता जुवे छे अने गीतार्थ मुनी राजोने आ प्रदेशमां खास प्रवास करवा नमृता पुर्वक विनवे छे."

आ दरखास्तने मी. बालचंद हीराचंदे टेको आप्यो हतो अने पंडित लालने अनुमोदन आप्या बाद ते सर्वानुमते पसार थयली जाहेर करवामां आवी हती.

## मी. दामोदर बापुशानुं भाषण.

सिंदुर प्रकरणमां सोम आचार्ये कीधुं छे के, जे कोई धर्मनी उन्नती माटे प्रयास करतो नथी ते रत्न नाखी देवानुं काम करे छे. आ उपदेश सत्य छे अने जे आवश्यकता छे ते उपदेशकोनी छे. दक्षिण देश केटलेक स्थळे अनार्य कहेवाय केमके जैन धर्मनी जाहोजलाली हाल नथी, पण मारे कहेवुं जोइए के प्राचीन वखतमां जाहोजलाली हती. जाणीता भद्रबाहु स्वामीनी आ दक्षीण देशना प्रतीष्ठानपुरमां उत्पत्ती थयेली छे. वराहमीराचार्य पण त्यांज थया हता. सीद्धसेन दीवाकर वीक्रम राजाना वखतमां थई गया तेओ पण प्रतीष्ठानपुरमां वीचर्या हता. वजबाहुस्वामीए तेमज काळीकाचार्ये पण आ देशमां वीहार करेलो छे. आ दंतकथा नथी पण पुस्तकोमा दाखला छे. प्रत्यक्ष पुरावो पंढरपुरमां विठलनाथनी मुर्ति जैननी छे. युधीष्टीर संवत १७२५ ना आषाड शुद अग्यारसे जे प्रतीष्टा नेमीनाथजीनी थई हती तेज ते प्रतीमा छे. हींदु विद्वानो तेमज अन्नासाहेब विंचुरकरने पण कबुल करवुं पडयुं हतुं. इलोरानी गुफामां जैन प्राचीनतानो भागछे. आ उपरथी जणाय छे के आवी जाहोजलाली वखते आ देशमां लाखो घर जैनोनां होवां जोईए. हालना प्रकाशीत अंग्रेजी अमलमां मुनीराजो अत्रे फरीने उपकार करशे तो घणा लाभ थशे. संप्रती महाराजाना वखतमां साधुओने अनार्य देशमां पण मोकलवामां आव्या हता. लाडवा खवराव्याथी धर्मनुं बीज रोपातुं नथी पण समकीतनुं खरुं बीज सिंचन करवुं जोइए. खिस्तिओनी माफक आपणने खर्च नथी, कारण के जैन साधुओ पैसाना रागी नथी. तेओ त्यागी छे. आ देशमां मर्हुम मि० सखाराम दुलभदासे आगेवानी करीने धर्मनी उन्नति करवा जे प्रयास करेलो छे तेने मोटा पाया उपर मुकवानी जरूर छे. मुनिमहाराजो गुजरात काठियावाडमां फरे छे तेज रीते आ तरफ फरे तेवां साधनो थवाथी धर्मनी उन्नति थशे अने दक्षिण देश लेखामां आवशे.

## मि. वालचंद हिराचंदनुं भाषण.

आ विषयमां घणो इतिहास मुकायलो छे एटले पिष्टपेषण करवानी जरुर हुं जोतो नथी. धर्मोन्नति करवानो प्रसंग क्यारे आवे छे के अवनती थई गई होय त्यारे अने तेथीज हवे सुधारो करवानी जरुर पडे छे. दक्षिणी कोममां केटलाक बांधवो एवा छे के तेओने जुदा धर्मना बांधवो कहेवामां हरकत नथी. घणा गामोमां होमो, कढंगा रिवाजो जे जैन धर्मनी विरुद्ध छे ते प्रचलित छे. आनुं कारण धर्म उपदेशकोनी गेरहाजरी छे. धर्म, अर्थ, काम अने मोक्षमां धर्मने प्रथम पदवी आपवामां आवी छे. दरेक कोमनी उन्नति धर्मथी थयेली छे. माटे धर्मप्रचार जागृत रहे एवां साधनो मेळववां हंमेश प्रयत्न करवो जोइए. तेना साधनभूत मुनिमहाराजो छे.

आ देशमां मुनीराजोना वीहारथी जाग्रती थयेली छे. माटे बांधवो, साधु उपदेशथी केटलु बधुं काम थाय छे ते जाणी शको छो.

श्रीमहावीर स्वामी जे वखते उपदेश करता हता तेवी असर हाल थती नथी, कारण के उपदेशकोनी योग्यता उपर सघळो आधार छे. मारा करतां मुनिमहाराजो उपदेश करे तो केवी छाप पडे? जेओए क्रोध, मान, माया, लोभ छोड्या छे तेओनो उपदेश केटली बधी असर करशे? सखाराम शेठे साधु विहार माटे उत्तम सगवडता करी आपी छे तेवी सगवडता करी आपीये तो कल्याण थाय. धर्मशाळा, पोषधशाळानां साधनो ज्यां न होय त्यां पुरां पाडवां जोइए, जेथी मुनिराजोने सारी सगवड थशे. जैनधर्म नास्तीक छे एवी भुल भरेली कल्पना फेलायली छे ते मुनिराजो दुर करशे अने जैनो पुरेपुरा आस्तिक छे ते बोध आपीने देखाडी आपशे. मुनीराजोना फरवाथी तथा उपदेशथी उत्तम तत्वो लोकोना जाणवामां आवशे अने तेथी धर्मनी उन्नती थशे.

## पंडित फतेहचंद लालनुं भाषण.

हुं धारुंछुं के धर्मोन्नतीनुं मुळ साधन साधुओज छे. तेओनुं आगमन आ तरफ थाय तो धर्मोन्नती थई सरल मार्ग थाय.

गुजरात काठिआवाडमां ज्यां साधुनां श्रवण हरवखत सांभळवामां आवे छे त्यां उन्नति छे अने अहीं अवनती छे एम मारु मानवुं नथी. आंकना पाठनी माफक प्रतिक्रमण मोंढेथी उतावळुं बोली जवुं एथी कंई उन्नति थती नथी. एक जण कहेशे के आ देश आर्य छे तेने हुं मळतो छुं, कारण के आ भुमीपर सिद्ध भगवाने पोतानां पवित्र पगलां मुक्यां छे, परंतु आर्य काळे करी अनार्य थाय छे ने अनार्य आर्य थाय छे, त्यारे हालमां आ देश अनार्य छे अने आर्य साधु महाराजाओनुं काम अनार्यने आर्य करवानुं छे.

श्री वीर परमात्माए अनार्यने आर्य कर्या छे. आपणे तेने वचने मात्रज नहीं पण वचने ने पगले चालवुं जोईए एटले अनार्यने आर्य करवा जोईए. गुजरातमां घणा साधु, अने आ देशमां नहीं तेनुं कारण साधुने जोईए तेवां साधनोनी खामी होईनेज. विहारस्थानो अथवा उपाश्रयो जेवां जोईए तेवां हजु बन्यां नथी ते थवां जोईए. ते उपरांत साधु महाराजनो जे रीते विनय सचवाय तेवी तजवीजो करवी जोईए.

सिद्धसेन दिवाकर आचार्ये आ देशने आर्य कर्यो छे. तेमज श्री अमर विजय महाराज आ अनार्य देशने आर्य करवानुं मथन करी रह्या छे अने साधु मुनीराज आगमननो प्रवाह चालु कर्यो छे तो आशा छे के तेवो प्रवाह अमर रहेशेज.

संस्कृतरूपी मातामांथी उत्पन्न थयेली तेमनी बे सुपुत्रीओ मराठी अने गुजराती भाषा छे. मराठी मधुर वाणीए गुजराती उपर आ देशमां सुंदर असर करेली जणाय छे जेथी आवी सारी भाषा पर गुरु वचन सारी छाप पाडी शकशे.

दक्षिण देश ए जमणो हाथ छे. जेथी जमणा हाथनी माफक ते घणुं प्रशंसनीय काम बजावी शकशे. साधु मुनीराजना आगमन पुर्वे आपणा जैन साधुओ गुरु तरीके बीजाओनी अपेक्षाए केवा छे ते समजवुं जोईए. हुं तेने माटे एक दृष्टांत आपीश. आपणा साधुओ विद्या मेळववा पुर्वे प्रथम पवित्रता मेळवे छे अने पवित्रताना निर्मळ पदपर ज्ञाननां सुंदर चित्रो पाडे छे. ज्यारे केटलाक अन्य दर्शनीओ पवित्रतापर लक्ष आप्या पुर्वे ज्ञान मेळववानो यत्न करता जणाय छे अर्थात् आपणा जैन साधुओ छे ते पवित्र ने ज्ञानी छे.

## छठो ठराव—भ्रातृभाव वधारवानो प्रयत्न.

भ्रातृभाव वधारवाना संबंधमां तेल्हारावाळा मि. हरखचंद गुलाबचंदे नीचे मुजब दरखास्त मुकी हती:—

" जिनेश्वर भगवानना उपासको एक धर्मध्वज नीचे वसनारा, एक एकना सगा बंधु सरीखा होवा जोईए, परंतु विषमकाळना प्रभावथी तेओमां कुसंप छे, एवुं जोइ खरा सधर्मिओनां मन दुखाय छे; अने कोईपण रीते संपनी वृद्धी आपणामां थाय तेवा प्रयत्नो थाय एवुं दरेक विचारशील माणस इच्छे छे माटे

( १ ) कुसंपनां बीज काढी नाखवा;

( २ ) दक्षिण जैन ऐक्यवर्धक मंडळी स्थापवा;

( ३ ) ते मंडळीने बहु मते कुसंप मटाडवा सत्ता आपवा;

( ४ ) निराश्रित जैनोने आश्रय आपी तेमने उद्योगे लगाडवा; अने,

( ५ ) जेम बने तेम संप, शांती अने सुलेह आपणामां चिरंकाल पर्यंत टकी रही, धर्मोन्नती समाजोन्नति इत्यादि करवामां आपणा लोको अकेकनी मददथी उत्साहित थई पोताने संपीला कहेवरावबामां यथास्थित प्रयत्न करे एवुं आ सभा अंतःकरण पुर्वक इच्छे छे."

आ दरखास्तने पंडित लालने टेको आप्यो हतो अने मेसर्स भोगीलाल रतनचंद तथा साकरचंद रंगीलदासे अनुमोदन आप्या बाद ते पसार थयेली जाहेर करवामां आवी हती.

## मि. हरखचंद गुलाबचंदनुं भाषण.

आपणे हिंदु लोक मनमां बहु कोमळ छीए तेमां विशेषतः आपणे जैन लोको तो बहुज कोमळ छीए. सुक्ष्म जंतु माटे पण आपणी सहानुभुति छे ते जगप्रसिद्ध छे. आ मननां कोमळपणामां आपणे

जे जोईए ते छे. आ मननुं कुमळापणुं एक वखत परिणत स्थितीने पोहोंच्युं एटले आपणी बधी मेहेनत सफळ थशे. आपणे सुक्ष्म जीवजंतु उपर पण प्रेम करनारा छीए तो पछी आपणे एकमेक उपर प्रेम करीशुं तेमां कांई पण आश्चर्य नथी एम तर्क दृष्टीथी जोतां तरत मालम पडे छे. पण व्यवहारमां बधे ठेकाणे एवुं देखातुं नथी; एनुं कारण मनुष्य स्वभावमां विचित्र वैषम्य छे. तेज सत्य, नीति, न्यायनो प्रसार थाय ते माटे आक्रंद बोलनारा लोको, व्यवहारमां तेनो भंग करे छे. प्रजापालन एज कर्तव्य छतां प्रजापतीज प्रजाने त्रास आपे छे, एवी रीतना दाखलाओ इतिहासमां जोवामां आवे छे. जीवोने मारवामां महा पाप छे, एम जाणनारा लोको तरफथी कोई कोई वखते अत्याचार थवा वीशे आपणे सांभळीए छीए. एनुं कारण माणसना स्वभावनुं वैषम्य छे, ए वैषम्य आपणे काढवुं जोइए. ते काढवा माटे निसर्गतः प्रेमना अंकुर जोसथी वधे एम करवुं जोईये. ते जोसथी वधवा माटे उदात्त कल्पना अने उंच विचार जागृत राखवा जोईए. प्रेम, प्रेमना अंकुर आपणा बधामां छे. फक्त तेने योग्य मार्ग आपवो ए आपणे करवानुं छे. ते आपवा माटे आपणे बधा एकज छीए एवो विचार मनउपर सारी रीते बींबित राखवो जोईए. एकज माना छोकराओनो एक बीजा उपर जोईए तेटलो स्वभाविक प्रेम होय तोपण सहवास विगेरेने लीधे ते दृढ थाय छे, तेवीज रीते आपणे बधा एक छीए एम जाण्या पछी पण आपणे एकमेकने वारंवार मळीशुं, एकमेकनो व्यवहार वधारे वधारीशुं, सहानुभूति जागृत करीशुं तोज आपणो प्रेम वधशे. बधा कुटुंबोमां प्रेम कल्पनानी योग्य वृद्धि थाय तोज सर्व ज्ञातिओमां ते थाय छे. ते माटे प्रथम आपणे घरमांज ऐक्य वधारवुं जोईए अने ज्ञातीओमां ऐक्य वधारवा जेटली आपणी विशेषतः जैनोनी पात्रता छे एम कोईपण वांधा वगर आपणे कही शकीशुं. प्रेमनी वृद्धी थवा मननुं कोमळपणुं जोईए छे ते आपणा बधामां पूर्ण छे. फक्त आपणे तेने योग्य दिशामां परिपक्व करवुं जोईए. एकज माने पेटे आवेला भाईओनो प्रेमभाव ज्ञाती बांधवोमां उत्पन्न करवो जोईए. सगा भाईओ माटे जे प्रेम उत्पन्न थाय छे तेवोज एकमेक विशे राखवो जोईए. एवो बंधुप्रेम उत्पन्न थशे तोज आवी बेठकोनो खरो फायदो आपणने मळशे अने तेवो प्रेमभाव वधवा माटे बेठको वारंवार थवी जोईए. आपणा लोकोमां मोटो दोष ए छे के आपणामां ऐक्यनो अभाव छे ते अभावनो नाश करवा माटे आपणे जुदी जुदी रीते प्रयत्न करी आपणामां ऐक्य करवुं जोईए. अनेक क्षुद्र विचार, विकार, भुली सार्वजानिक बाबतोमां आजना जेवुं मतैक्य करवुं जोईए. आपणे एकमेक माटे अनास्था बतावची ए व्यक्ती अने ज्ञातीना सुखनी वच्चे आववा जेवुं छे. कोईपण सार्वजनिक अथवा ज्ञाती बाबतनो प्रश्न आवे ते वखते खानगी मतभेद भुली, बधा एक दिलथी मेहेनत करीशुं तोज ज्ञातमांनो बंधु प्रेम अने ऐक्य वधतुं जशे. सार्वजनिक हीतनो संबंध आवे त्यारे एकमेकने उतारी पाडवानुं, एकने नीचो नाखी बीजाए चढती करवी, एक पक्षवाळाओए बीजा पक्षवाळाओ उपर जोसभेर तुटी पडवुं एम जो थशे तो ऐक्य कोई दिवस थशे नही. बंधु प्रेम नही होय तो ऐक्य थवानुं नथी; नहीं थाय तो ज्ञातीनी, समाजनी अने छेवटे राष्ट्रनी अवनतीज थवानी एम कोईपण देशना इतिहासथी सिद्ध थशे. भ्रातृभाव राष्ट्रोन्नतीनो मुख्य पायो छे. प्रथम आपणे बधाए एकमेक माटे पूर्ण प्रेमभाव राखवो जोईए. ते राखवा माटे मतभेद भुली, सहनशीलता, क्षमावृत्तिओनुं अवलंबन करवुं जोईए, आम थशे तोज आपणने समाजनी अनेक प्रकारे उन्नति करतां आवडशे अने एक वखत उन्नत्ती थवा मांडशे एटले स्वभावतः आपणा विचार प्रबल थशे अने जुदी जुदी ज्ञाती माटे प्रेमभाव वधशे. बीजाओ माटे लागणी थशे पण बीजा माटे प्रेमभाव वधारवो होय तो ते प्रथम आपणामांज वधवो जोईए. कुटुंबो सुधर्या वगर समाज सुधरतो नथी अने अनेक समाज सुधर्या वगर राष्ट्रोन्नत्ति थती नथी तेमज प्रथम

आपणे एकमेक माटे बंधुप्रेम वधार्या वगर खरूं देश प्रेम उत्पन्न थई शकशे नहीं. आपणे बधा एकज भूमाताना छोकरा छीए ए विचार मन उपर बिंबित थवा माटे खरी देशोन्नति शुं करवाथी थाय छे ते पूर्णपणे जाणवुं जोईए. ते जाण्या पछी ते रस्ते आपणे प्रयत्न करवा जोईए; ते प्रयत्नोमांनो एक प्रयत्न आपणी आजनी बेठक छे एने कायमनुं उत्तम स्वरूप आपवा माटेनी जवाबदारी आपणा बधा उपर छे ते जवाबदारी जाणी आपणे बधाए वर्तवुं एज परस्पर माटे खरेखरो प्रेम बतावयो ते छे. ते वगर, खरेखरा बंधु प्रेम वगर, परस्परना ऐक्य वगर आवी बेठकोनो कांई पण उपयोग थतो नथी. ते प्रेम खास आपणा बधामां जागृत छे. तेनी वृद्धि करवा माटेज आपणे बधा भेगा थया छीए. ते वृद्धिगत थशे त्यारेज आपणांमां ऐक्य वधशे; ऐक्य वधशे त्यारेज आपणी उन्नति, आपणा बंधुओनी उन्नती थशे अने उन्नती थशे तोज आपणे बधा सुखना दिवस जोइशुं.

## पंडीत लालननुं भाषण.

लालनने झाड थड जडयुं. परंतु मुळ शाखा, मुळ थड, डांखळीओ, फूलफळ शुं छे तेनो विचार करवा लाग्यो त्यारे खबर पडी. आ बधामां चित्रविचित्रता केटली बधी लागे छे? जैनरूपी वृक्षनां थड शुं छे? ते विचित्र देखाय छे. केटलाक फळनुं काम करे छे तेथी सामान्य दृष्टीवाळाने जुदुं जुदुं देखाय छे—विरोधता देखाय छे. झाडमां जेम डाळीओ छे तेम जैन वृक्षमां गच्छो छे. परंतु थड–मुळ एकज छे. जेओ समजे छे ते माने छे के तेओ एकज झाडनां फळ छे. जो ऐक्यता जोई न शकता हो तो एक झाडना फळ फूलनो विचार करो. वस्तु एकज छे. झाडना मुळीआंथी ते रस सुधी विचार करो, सर्व एकज मालम पडशे. कह्युं छे के "सर्व जीव करुं शासन रसी." क्या डाळामां ते रस नथी पोंच्यो? आपणे सघळा बांधवो छीए. आपसआपसमां कदापी वढवाढ होय ते छतां पण संघनुं नाम लेवातां एकठा थाओ छो. जिन भगवाननुं दर्शन देखाडे छे के ऐक्यता छे. संपमां कुसंप जोइए नहीं. वीर भगवान सर्व उपर दया राखे छे. प्रीतिभाव एवो जोइए के कटोरमां पण लागे नहीं. धर्मनुं मुख्य स्थान हृदय जो एकत्र छे तो आपणे पण एकज छीए.

गरीब झुंपडां, पर्णकुटी, कोटेज, घर, बंगला मेहेल होय छे तेम राजानो महेल, चक्रवर्ती महेल होय छे. इंद्र, महेंद्र जेने वंदन करे छे तेवा वीर भगवानना आपणे सगा पुत्रो–राजपुत्रो–छीए. जैन दया रुपी धनथी आपणे धनवान–धर्मवान–छीए. दयानुं लोही जेनामां स्फूर्री रह्युं छे तेना आपणे सगा पुत्रो छीए. आपणे सघळा एकज छीए. कदाचित् टोळीमां कजिओ करीए तो भूली जवुं जोइए. आपणे सघळाए संपथी रहेवुं जोइए. धार्मिक बांधवो श्रेष्ठ छे. हमणांना भणेला एम माने छे के आपणे वीस लाख कांकरा सरखा छीए. जापाननी नानी वस्ती, देशभक्ती अने देशप्रीति विशेष होईने रशिया जेवा रींछने हठावे छे. देखाती जैन पण खरी दया स्वरूप जैन कोम एकत्रताथी हिंसारुपी रशियाने हठावी शके. बंधुत्वमां जोडाया पछी तिर्थंकरने मोटा मान्या परंतु तेज तिर्थंकरे श्रीसंघने मोहोटो मान्यो छे. आ एकत्रताथी श्रीसंघ तिर्थंकर सरखाने पण वंदनीय थयो छे. कारण के तेमां गुण अधिक छे अने ते जगतनो व्यवहार छे. घरमां लडाई करीए तो केवुं लागे? जो तमे सुपुत्रो हो तो संपथी रहो अने पवित्र दया धर्मनो दुनियामां प्रचार करो.

आपणे ऐक्यता मेळववी अने तेथीज भ्रातृभाव वधी शकशे. एक पिताना प्रपुत्रो होय तो वीस हजार थई जाय. संप शुं? तेनी व्याख्या नथी. आपणा संघमां संपूर्ण प्रीति छे. जो ऐक्यबळथी

काम थाय तो शुं जेपान करतां आपणे वधारे न करी शकीए ? आपणे सघळा एकठा थया छीए ते देखाडी आपे छे के आपणामां बंधुत्वनी इच्छा स्फूरी रही छे. कॉन्फरन्सरुपी महेलना पायामां आ पहेलो पथ्थर छे. आपणामां ऐक्यता धीमे धीमे अने पगले पगले नहीं परंतु एकदम थवी जोइए. ज्यां संघ त्यां तिर्थंकर अने ज्यां तिर्थंकर त्यां संघ छे.

ज्यां आत्मा छे त्यां सर्व छे. नामदार गवर्नर जनरल हिंदनो प्रतिनिधि Viceroy कहेवाय छे. तेज प्रमाणे कॉन्फरन्सना चार जनरल सेक्रेटरीओने देशना सर्व भागनी दिलसोझीनुं बळ मळे छे. अमेरिकामां आवेला चिकागो ब्रीज–पुलनो दाखलो ल्यो. एक बार वर्षनो छोकरो कळथी बळ वापर वाने लिधे फतेहमंद थयो ते एक विचारथी थयुं तो आपणा सघळाओना एकत्र विचारनुं केटलुं बधुं बळ ? ते प्रमाणेना संपथी जरूर फतेह पामशो. धर्मनी मित्रता मोक्ष सुधी पहोंचे छे. संपमां महेनत नथी. कुसंपमां महेनत छे. ज्यां विरोध समजाय, आचारभिन्नता जणाय, त्यां कुसंप थाय. विचारनी विचित्रता ते शुं छे ? त्रण रंग जुदा छतां त्रणे शोभे छे. ज्यां विचारभिन्नता–विकारभिन्नता होय तो कुसंप जोइए के सुसंप ? कुसंप शिवाय बीजुं कांई नहीं.

जुदा जुदा गच्छो ते एक हारमोनियमना सतक बराबर छे. कदी आपणी धार्मिक क्रियाओ कंइक जुदी जुदी होय तेथी शुं आपणे जुदा थया? जे स्वरो काममां लागे छे ते लईने संप रूप सुर उभो करवो. जो ते युक्ती आवडती होय तो हाल जे तमे बोलो छो अने कार्य करी शकता नथी ते करी शकाय. आपणामां कोई पण जातनो भेद नथी. आपणे दुर्जनने सज्जन करनारा छीए. तेमने कहाडी नांखनारा नथी अने ते सारु सर्वत्र संप अने बंधुभाव होवानी जरूर छे.

## मी० भोगीलाल रतनचंदनुं भाषण.

मेहेरबान प्रमुख साहेब, प्रतिनिधि बांधवो, सद्‌गृहस्थो, अने सुशील बेहेनो,

" भ्रातृभाव वधारवानो प्रयत्न " ए रीतीना ठरावने टेको आपवा माटे हुं बे चार शब्द बोलवा आपनी रजा लऊंछुं. ए ठराव एटला महत्वनो छे के ए ठराव पसार थया पछी एनो जो पूर्ण अने खरेखरो अमल थाय तो आपणी जैन कोम हाल जे बधी बाबतमां पछातमां छे ते एक सुधरेली अने अग्रणीय कोम थाय.

गृहस्थो, भ्रातृभाव एटले भाई जेवो संबंध. भ्रातृ ए शब्दनो अर्थ भाई ए थायछे. अने तेना जेवो भाव ते भ्रातृभाव केहवाय. ते वधारवानो प्रयत्न करवा आ ठराव छे.

आपणा हिंदुस्थानदेशना इतिहास तरफ आपणे जो थोडीवार नजर फेरवीये अने विचार करीये के जे देश पहेलां धार्मिक, नैतिक, अने सांपत्तिक स्थितिमां बधा देशो करतां आगळ पडेलो हतो, जेना माटे सुवर्णमय हिंदुस्थान एम केहेवातुं हतुं, जे देशना विद्या, हुन्नर अने रीतरिवाज शिखवा माटे आ पृथ्वी उपरना दरेक देशमांथी विद्वान लोको आवता हता, ते देशनी आवी दयाजनक स्थिति केम थई ? ए देश पारका लोकोना हाथमां केम गयो ? ए देशना विद्या हुन्नर क्यां गया ? ए देशनुं सुवर्ण बधुं क्यां गयुं ? अने ए देशना लोकोने पोतानी आजीविका पण चलाववानी शक्ती केम न रही ? गृहस्थो, आ प्रश्नना उत्तरमां शुं जवाब आपशो ? ए बधानो एकज जवाब छे के ए देशमां भ्रातृभाव तदन अस्त थई गयो

छे. भ्रातृभाव न होवाथी आपणा राजाओनी सत्तानो नाश थयो अने, आपणामांनाज लोकोए पारकाओनी लांच खाई तेओने हाथ आपणो आखो देश सोंप्यो. राजकीय सत्ता जवाथी विद्या, हुन्नरने जोईतो टेको मळ्यो नहीं, अने विद्या हुन्नर डुबी जवाथी आपणि सांपत्तिक स्थिति बगडी, सांपत्तिक स्थिति बगवाथी धर्म तरफ लोकोनुं ध्यान वधारे न रह्युं अने धर्म शिक्षणना अभावे आपणी सामाजिक स्थिति बगडी अने तेथी आपणे बधी रीते पछातमां पडी गया. ग्रहस्थो, फक्त आपणामां संप न होवाथी आवि नबळी स्थितिने आपणे पोहोंच्या.

एथी तदन विरुद्ध स्थितिनुं राज्य के ज्यां भ्रातृभाव लोकोना नसोनस वशी रह्यो छे ते देशनी स्थिति जुवो. ए देश आजे आखी दुनियानुं ध्यान खेंची रह्यो छे. एशीयाखंडमां तो शुं पण आखा युरोपखंडमां पण जे राज्य माटे पूर्ण भीति राखवामां आवती हती, तेवा मोटा रशीयन राज्य साथे बाथ भीडी आजे तेना ऊपर पूर्ण जय—एक पूर्ण ऊमरना मोटा सिंह ऊपर जेम सिंहनुं नानुं पण खरेखरी शक्ति धरावनारूं बच्चुं मेळवे तेवो मोटो जय मेळव्यो छे. ते जपाननो एक दाखलो आपवो हुं युक्त धारुंछुं, ते ऊपरथी आपणने मालम पडशे के आवडो मोटो जय एणे खरेखरा भ्रातृभावथी उपजतां शौर्यना लीधे मेळव्यो छे. अने ए जपाने संपनी खरेखरी कींमत जाणी छे.

पोर्ट ऑर्थर लिधा पछी त्यां जपाननो वावटो चढावा जनारा पेहला जपानीस शीपाईने रशीयनोए मार्यो पण पेहला शीपाईना हाथमांनो वावटो जराए नमतो नथी एटलामांतो बीजो शीपाई आव्यो तेणे पण रशीएनोए मार्यो. तरतज त्रीजो शीपाई आव्यो तेने मार्यो, चोथो, पांचमो, छठो, सातमो, आववा लाग्या पण जपाननो वावटो जरी के नम्यो नहीं त्यारे रशीयनोए जाण्युं के ए लोकोमां संप बहु वधारे छे. ए मरवाने जरीके डरता नथी. बधाए मरी जशे पण वावटो चढावशे एम जाणी वावटो चढावा दीधो. गृहस्थो, जुवो ए लोकोनो संप अने जुवो ए लोकोनुं देशाभिमान! जेणे देशद्रोही थई पारकाओनी लांच खाई जपानना हितविरुद्ध आचरण करी देशनुं नुकसान कर्युं होय एवो एक पण जपानीस हजी निकळ्यो नथी अने आपणे आशा राखीशुं के निकळशे पण नहीं.

एम संप होय तो मोटमोटां कार्य कराय छे कारण के तेवां मोटां काम करवाने शक्ति संपथीज आवे छे. एक बे माणसनी शक्ति आवां मोटां कार्यो करी शकती नथी. दाखला तरीके जुवो के रूना तार ज्यारे छुटा होय छे त्यारे तदन नबळा होयछे. पण ज्यारे एमनुं सुतर थई जाडां दोरडां बणायछे त्यारे तेओमा हजारो मण बोजो उचकवा जेटली शक्ति आवे छे. तेवीज रीते लाकडीओनो भारो जुवो. आखो भारो लई तेना बे ककडा करवा जशो तो कोई पण दिवसे थशे नहीं पण एज भारो जो छुटो करी नांख्यो तो एक एक लाकडी भांगी नाखवाने जरीके वखत लागशे नहीं अने आखो भारो पळमां भांगी जशे.

माटे गृहस्थो, आपणामांथी कुसंपनो मुळथी नाश थवो जोईए. आपणामां केटलेक ठेकाणे तड होयछे. ते पण आ कुसंपना लीधेज भागवां जोईए. केटलेक ठेकाणे अभिमान अने ममत्वना लीधे जेओ लोकोमां एवां तड होयछे ते पोते भागी शकता नथी तेवी स्थितिमां आ ठरावमां जणाववा मुजब "जैन ऐक्यवर्धक सभा" काढी तेनी मददथी एवां तड भागवां जोइए. आटलुं बोली हुं आ ठरावने टेको आपी आपनी रजा लऊंछुं.

# मि. सांकलचंद रंगीलदासनुं भाषण.

आपणे एकज धर्म पाळनारा छीए, तथा आपणा एकज विचारो छतां आपणी अवनती थवा आपणा दुर्भाग्ये कुसंपरुपी राक्षस दरेक देशमां, दरेक शहेरमां, एटलुंज नहीं पण नाना गामडांओमां ज्यां थोडी वस्ती होय छे तेमां पण पोतानो निवासस्थान करवा चुकतो नथी. आ कुसंपरुपी राक्षसे कंईक राज्योनी उलटपालट करी नांखी छे तो ज्ञातोमां खळभळाट मचावी तेओने मोटुं नुकशान करे तेमां शुं आश्चर्य छे ?

सने ११९३ मां ठाणेश्वरनी बीजी लडाइमां रजपुत पड्या तेनुं कारण शुं हतुं ? बीजुं कांइज नहीं पण रजपुतोमा कुसंपरूपी राक्षसनुं प्राबल्य. कारण के ते वखते पृथ्वीराज चोहाण अने कनोजनो राजा बंने ससरा जमाईमां अत्यंत नीकट वेर चालतुं होवाथी परदेशीओ फाव्या. ए ऐतिहासिक वात कोईथी अजांनी नथी. आ कुसंपनो एकज दाखलो छे तेम नथी. इतिहास उपर नजर फेरवतां कुसंपना लीधे पोतानी, पोताना कुटुंबनी, पोतानी ज्ञातीनी अने आखरे पोताना देशनी अधोगती थएली एवा सेंकडो दाखलाओ आपणने दृष्टीगोचर थायछे. तेटला बधा दाखला टांकी आपणो अमूल्य वखत लेवा हुं चाहतो नथी. इतिहास उपरथी आ वात सिद्ध थायछे के, जो एक घरमां संप न होय तो ते घरनो, जे कुटुं-बमां संप न होय ते कुटुंबनो, जे ज्ञातीमां संप न होय ते ज्ञातीनो, अने जे देशमां संप न होय ते देशनो नाश थायछे. हालमां भाई भाईमां पण संप जोवामां आवतो नथी, तो वळी कुटुंबमां, ज्ञातीमां अने देशमां संप तो क्यांथीज होय ? एक बापना पुत्रो पैसाना लोभ अने स्वार्थमां मंदमति थई लडे छे, कोरटे चडे छे, पोताना पीताश्रीनी आबरूना कांकरा करे छे, अडधी संपति तो कजीआमां बरबाद थायछे बाकी अडधी संपत्तिथी क्रोडपति कहेवाता बापना पुत्रो हवे लक्षापति कहेवरावे छे. आगळ जतां तेओना पुत्रोमां पण तेवा कुसंपना बीज रोपाय छे. आवी रीते बे, चार पेढीओ थतां क्रोडपतिनुं नामनीशान पण रेहतुं नथी. तेज पुत्रो जो एक ठेकाणे संपथी रहे तो तेओ सघळा क्रोडपतीज कहेवाय छे माटे हे बाधवो ! भाई भाईमां कोरटना बारणे न चढतां आपस आपसमां तंटा बंध करो. आपणुं, आपणा कुटुंबनुं, आपणी ज्ञातीनुं अने छेवटे आपणा देशनुं भलुं करवुं होय तो आपणामां चालता कजीआ कंकास तथा द्वेशबुद्धि सदंतर दूर करवी जोईए.

इलीझाबेथ राणीना वारामां स्पेनना राजाओए इंग्लंड उपर पोतानुं अजित आरमाडा मोकलेलुं हतुं, ते सर्वत्र प्रसिद्ध छे. आ स्वारीना वखतमां इंग्लंडमां धर्मसंबंधमां मोटा बे फांटा पडेला हता तथा प्रोटे-स्टंट लोकोनो हाथ फाववाथी तेओ रोमन क्याथलीकने बाळी मुकता तथा क्याथलीक लोकोनी चडती थती त्यारे प्रोटेस्टंटोने मारी नाखता हता. आवी रीते केटलाक काळ सुधी चालतुं हतुं. आवी वखते इंग्लंडमां केटलांक फीतुरो थतां जोई स्पेनना राजाओनो इरादो प्रोटेस्टंट धर्मनो नाश करी नाखवानो हतो अने ते वखते ते घणोज बळवान हतो तेथी आखुं इंग्लंड गभराई गयुं. नशीबपर भरोंसो राखी तेनी सामे उभा रह्या खरा, पण तेमां तेओनो भरोंसो नहोतो एटलुं होवा छतां उपली सवारीनो पोकार थतां आखा इंग्लंडमां एवो आवेश चड्यो हतो के जुना तथा नवा धर्म एक कोरे मुकी आपणे बधा इंग्लंडना रेहेवासीओ छीए एवीज तेओने बुद्धी थई गई अने आ अजीत आरमाडाने नसाडी मुक्यो. आ वखत जो ऐक्यता न करत तो इंग्लंड उपर केवी दशा आवी पडत तेनो ख्याल करशो. आ प्रमाणे ऐक्य-ताथी सघळुं सफळ थई उन्नती थायछे.

## त्रिजी बेठक.

ता. २४–४–१९०५ ना रोज बपोरना सभानी त्रिजी बेठक मळी हती जे वखते पण आखो मंडप स्त्रीओ अने पुरुषोथी चिक्कार भराई गयो हतो. श्रीमन् मुनीराजो पण हाजर रही सभाना कार्यने उत्तेजित करता हता.

## ठराव सातमो—जीवदया.

पंडित फतेहचंद कर्पुरचंद लालने जीवदयाना संबंधमां निचली दरखास्त रजु करी हती:—

"अहिंसा परमो धर्मः" ए जैन धर्मनुं रहस्य छे अने सकळ जीवनी समान योग्यतानुं तत्त्व केवळ जैन धर्मेज उत्तम रीते प्रतिपादन करेलुं छे, माटे

(१) मुंगा जानवरो उपर गुजरतुं घातकीपणुं अटकाववा,

(२) पांजरापोळआदि जीवदयानां खातांओने मदद करवा,

(३) बनते प्रयासे जीवहत्या अटकाववा,

(४) जीवहिंसाथी बनतीं चिजो नहीं वापरवा,

(५) तथा रुढी प्रमाणे जीवदया पाळवा, आ सभा अखिल दक्षिणी जैन समाजनुं ध्यान खेंचे छे."

आ दरखास्तने शेठ अनुपचंद मलुकचंदे टेको आप्याथी ते सर्वानुमते पसार थयली जाहेर करवामां आवी हती.

## ठराव आठमो—हानिकारक रिवाजो दूर करवा बाबत.

मि० वीरचंद श्रीचंदे हानिकारक रिवाजो दूर करवाना संबंधमां निचली दरखास्त रजु करी हती:—

"श्री जिनेश्वर भगवान भाषित धर्म विरुद्ध जे अनंत कुरीतीओ आपणामां पेठी छे तेमांथी,

(१) लग्नादि प्रसंगे शिष्टाचारविरुद्ध चालती रुढीओ,

(२) अन्य लोकोनां शास्त्रप्रमाणे चालती विधि,

(३) मरण पाछळ जमणवारादिकोमां थतो अन्यथा खर्च,

(४) रडवा कुटवानो त्रासदायक अने लजामणो रिवाज,

(५) लग्नादि प्रसंगे थतो वगर फोगटनो खरच,

(६) अने मालव देशादी भागोमां चालतो मातानो भंडारो,

इत्यादि अनेक रिवाजो आपणी कोमने डुबावनारा छे ते तथा बीजा रिवाजो जे जे भागमां चालता होय तेने अति सत्वर बंध करवानी व्यवस्था करवी; तथा आपणा स्वधर्मी बांधवोमां धर्मने लगती खरी रुढीयो प्रचार पामे तेवा उपायो योजवा आ सभा समस्त दक्षिणी संघनुं ध्यान खेंचे छे."

आ दरखास्तने मि. टोकरसी नेणसीए टेको आप्यार्थी अने मि. माणेकचंद वीरचंद तथा पंडित लालने अनुमोदन आप्याथी ते सर्वानुमते पसार थयली जाहेर करवामां आवी हती.

## मि. वीरचंद श्रीचंदनुं भाषण.

बांधवो, आपणामां अविचारी रुढीनुं एटलुं तो साम्राज्य प्रवर्ते छे के तेना आपणे दास बनी बेठा छीए अने तेना दास बनी जवाने मुख्य कारण स्त्रिओनुं अज्ञानपणुं छे. माटे स्त्रिओने केळवणी आपवी जोइए एटले रुढी तमारी दास बनी जशे. आपणा बांधवोनी दुःखी स्थिति थवानुं कारण अज्ञानपणुं, अने तेनाज लीधे आपणामां पेसी गएला हानिकारक रिवाजो. हालमां जमानो एवो आव्यो छे के आपणा गुरुओनी धर्मआज्ञा मानवाने बदले आपणी आज्ञा तेओने मनाववानो प्रयत्न करीए छीए. बांधवो, ज्यारे आवो उलटो जमानो आव्यो त्यारेज आपणामां धार्मिक तेमज संसारिक हानिकारक रिवाजो कंईक अन्यधर्मीओना सहवासथी, कंईक अज्ञानताथी अने कंईक पोताना आराम माटे लई बेठा छीए. धर्मपर श्रद्धा नहीं तेथी मिथ्यात्व आवे छे. जैन धर्ममां श्री वितरागनी भक्ति विना बीजाओनी भक्ति करवानुं फरमान नहीं छतां बीजाओनी भक्ती करवामां आवे छे; एटलुंज नहीं, पण शितला पूजन, शियळ सातमे टाढुं खावुं, होळी भुख्या रेहेवुं, सोमवार करवा वीगेरे देखादेखी हजारो अन्य धर्म संबंधी रीवाजो आपणामां पळाय छे; अने विशेशतः स्त्रीयोमां वधारे पाळवामां आवे छे ते माटे स्त्रीओने विद्यानुं अवलोकन करावो एटले ते हानीकारक रीवाजो दूर थई सुमार्गने तरत अंगीकार करशे. युरोपना वीरशीरोमणी नेपोलीयन कहे छे के— कहे नेपोलीयन देशने, करवा आबादान, सरस रीत तो एज के, दयो माताने ज्ञान. ए उपरथी खुल्लुं जणाय छे के स्त्रीओने केळवणी जरूर आपवी. बांधवो ! तमारा हाथ चिंतामणी रत्न आव्युं छतां गारगोटी लेवानी इच्छा केम धरावो छो ? बांधवो ! जागृत थावो अने चालता दुष्ट रीवाजो तरत बंध थाय तेनो घटतो प्रयत्न करो.

बांधवो ! आपणामां लग्न आगोदर वेवीशाळ करवामां आवे छे ए रीत सर्वे कोममां चाले छे, पण आपणामां ए चालनो उपयोग खराब रीते करवामां आवे छे. आपणामां लग्न पेहलां पांच सात वर्ष आगोदर वेवीशाळ करवामां आवे छे, अने तेज अनर्थनुं कारण छे. गरीबने तो कन्या मळवानाज वांधा त्यारे तेना वीषे तो कांई केहवानुंज नथी. मोटाने घेर छोकरानो जन्म थयो के तेना वेवीशाळ वीषे वातो चर्चावा लागी, देशावरथी कागळ आववा मांड्या के तरत तेमना अज्ञान पिता कन्याना वय गुण तरफ नहीं जोतां, पुत्रोना आगळना सुख दुःखो तरफ नहीं जोतां, फक्त पेहेरामणी तरफ लक्ष देइ वेवीशाळ करे छे. आगळ दुःखो तेमना पुत्रोने वेठवां पडे छे, अने तेनाथीज अनर्थ थायछे. एवी तरेहना वेवीशाल पेहेलां बंध करवां एटले बाळलग्न पण बंध थशे. बाळलग्न बाबत गाइकवाड सरकारे जे कायदा कर्या छे ते बाबत आपणे तेमने अंतःकरणपूर्वक धन्यवाद आपीए छीए, माटे अग्रेसरो एवी तरेहना वेवीशाल बंध करशे एवी आशा छे.

बांधवो ! आपणामां लग्न अन्य धर्मीओना सहवासथी धर्मविरुद्ध थतां हतां पण आपणी महासभाना लीधे ते चाल घणे ठेकाणे बंध थती चाली छे पण आपणा देशमां ते घणे ठेकाणे छे माटे ते नाबुद थाय तेवो प्रयत्न करशो. आपणामां लग्न प्रसंगे नाच, दारु, फाजील जमणवार, पंचोना लागा वगेरेमां फाजील खर्च थायछे. तेवी रीतोना फाजील खर्च न थाय ते माटे गामोगामना पंचोए तथा अग्रेसरोए ए बाबत नियम करवा जोईए अने नियम करती वेलाए तेओए ए वात ध्यानमां राखवी के

जे नियमथी गरीब माणसनुं कार्य कोईनुं करज काढ्या विना सहेज थाय. लग्नप्रसंगे स्त्रीओ अनुचित गायन गाय छे. लग्न ए मंगलकार्य कहेवाय ने एवां मंगलकार्यमां स्त्रीओ अमंगल गाय ते शुं सारूं छे ? जे वेळाए स्त्रीओना मुखमांथी बीभत्स भाषण नीकळे छे ते वेळाए त्यां सांभळवा आवेला समुदायने घणुंज शरम भरेलुं लागे छे पण ते वातनी स्त्रीओने बिलकुल शरम लागती नथी. ते माटे मारी बेहेनो प्रत्ये नम्र विनंति छे के तेओ आवी रीतना अनुचित गायनो गाशे नहीं. कोई कोई ठेकाणे लग्न प्रसंगे तरगाळा जेवा लोकने जमाडी तेमनो नाच करावीने तेमना मोढेथी बीभत्स भाषणो सांभळीने तेमने शीख आपवामां फाजलि पैसानो खर्च करे छे ते नहीं करवो एवी मारी नम्र विनंती छे.

बंधुओ, मृत्यु पाछळ मिष्टान्न खवरावबानो अने भोजनो उडाववानो निंद्य भरेलो रिवाज घणोज खराब छे. मरनारनी पछवाडे दिलगिरी जणाववाने बदले आपणे तो मीठां मीठां भोजनो जमीए छीए. आपणुं हृदय केवुं निष्ठुर छे ? आपणुं मगज केवुं विचारशून्य छे ! बांधवो, विचार करो के आवा रिवाज तमो केवी रीते पसंद करशो ? ए माटेज एवा कढंगा रिवाजो बंध थाय तेवो प्रयत्न करशो.

## मरण समये रोवा कुटवानो निषेध.

रोवा कुटवानो चाल केवळ दुर्गंध समान छे, पण तेनी गंध आपणने बिलकुल आवती नथी पण आ रीत जोई अन्य लोकोना नाक तो फाटी जाय छे; कारण तेमने तेनो सहवास नथी अने तेमाथी थतुं जे जे महाभारत नुकसान तथा दुःख थाय छे, तेनुं तेओने ज्ञान छे. रोवा कुटवाना दुःखदायक चालथी घणां नुकसानो थाय छे, ए नीति अने धर्म थकी उलटा छे, अने शरीर तथा मनने बगाडनार छे. बांधवो, जे जन्म्युं ते मरवानुं छे, मरण आपणा हाथमां नथी. सर्व कर्माधिन छे. घणा दिवसना स्नेहने लीधे आपणने दुःख तो लागे पण निरुपाय वस्तुनो घेलो शोक करवो ए केवळ फळ विनानुं छे एटलुंज नहीं, पण एवी रीते शोक कीधाथी तन, मननी खराबी थाय छे. बांधवो, ए नठारी चालना गेरफायदा पोताना मनमां सारीपेठे समजी पोतानी स्त्रीओने रुडी रीते समजावी जेम बने तेम ए चालो कहाडी नांखवा जोइए. बेहेनो, तमारे सारी पेठे समजवुं के स्त्रीना धर्म शा छे? तेओए घरमां अने बहार केवा विवेक बतावबा जोइए ? छोकराओनुं आचरण तमारा उपर घणो आधार राखे छे. कई कई नीतीओ तमे तमारा बाळकना मनमां ठसावो छो ? माटे समजीने शोक करवानी नठारी चाल कहाडी नांखवी जोइए. आपणे आ संसारमां नाना प्रकारना निरपराधी अने निर्विकारी कामो करी सुख भोगववाने जन्मेल छीए; अने वगर कारणे हाथेथी खराबी करी लई दुःख पामवाने जन्म्या नथी. माटे एवी तरेहनी कुचालो बंध करी बांधवोने तारवा उद्यमवंत थाओ. बांधवो, जेओ सुधाराना सुखथी अने ए सुखना रस्तामां जे जे हरकतो आवी पडे छे तेथी अजाण्या छे, तेओने हुं दोष आपतो नथी पण जेओ समजे छे ने हरकतो दुर करता नथी तेओने माथे कायरपणानो अने देश सुधाराना काममां आळस राख्यानो मोटो दोष छे. भाईओ, विद्यानी संगतथी घणानामां विवेक आवे छे माटे मारा सुज्ञ बांधवोए अने बेहेनोए उमेद राखी देश सुधाराना काममां आगळ पडवुं जोइए. बंधुओ, देश हितने आडे आवनारी जे जे रुढीओ अने जे जे वहेमो छे, तेनुं जडमुळथी ज्यां सुधी तमो निर्कंदन नहीं करो, त्यांसुधीं तमो कदी पण देशोन्नति करी शकशो नहीं अने बांधवोने पण तारी शकशो नहीं. ए अवश्यमेव समजी राखजो.

## ठराव नवमो–कन्याविक्रयनो चाल बंध करवा बाबत.

कन्याविक्रयनो चाल बंध करवा संबंधमां मी० उतमचंद वालचंदे नीचली दरखास्त रजु करी हती:—

कन्याविक्रय जेवी अत्यंत निंद्य अने आपणा समाजने कलंकभूत चाल आपणामांथी तदन नाबुद थाय ते माटे

( १ ) कन्या विक्रयनां कारणो शोधी काढवां;

( २ ) ते कारणो मटाडवा माटे चांपता उपायो योजवा;

( ३ ) दरेक गामना पंचे योग्य नियमो घडी काढवा;

अने जेम बने तेम त्वराथी आपणामां पवित्र आचारो प्रगट थाय तेवा प्रयत्नो करवा आपणी समाजना आगेवान लोकोनुं आ सभा ध्यान खेंचे छे. ”

आ दरखास्तने मी० टोकरसी नेणसीए टेको आप्यो हतो, अने मेसर्स चुनीलाल रामचंद, हीरालाल पानाचंद, देवचंद ननुसा अने बालु रामचंदे अनुमोदन आप्याथी ते सर्वानुमते पसार थएली जाहेर करवामां आवी हती.

## ठराव दसमो–योग्य अने पवित्र विवाह.

योग्य अने पवीत्र विवाहना संबंधमां मी० गोविंदजी खीमजीए नीचे मुजब दरखास्त रजु करी हती:—

“ श्रावकोना सोळ संस्कारमांनो विवाह संस्कार अत्यंत महत्त्वनो छे अने तेनो दीर्घकाळ संबंध होय छे माटे,

( १ ) बाळविवाह, ( २ ) कजोडां, ( ३ ) बाळा-वृद्धविवाह इत्यादि अयोग्य अने आपणी कोमने डुबावनारा विवाहना रीवाजो सत्वर बंध करवानो प्रयत्न करवा तमाम लोकोनुं आ सभा ध्यान खेंचे छे अने नामदार महाराजा गायकवाड सरकारे बाळविवाह प्रतिबंधक कायदो घडी काढ्यो छे तेनी आ प्रसंगे आ सभा घणी खुशीथी नोंध ले छे, अने तेमने अंतःकरणपूर्वक धन्यवाद आपे छे. ”

आ दरखास्तने मी० दामोदर बापुसाए टेको आप्यो हतो अने मी० नरसी जादवजीए अनुमोदन आप्याथी ते सर्वानुमते पसार करवामां आवी हती.

## ठराव अगीयारमो–जीर्ण जैन मंदिरोद्धार.

जीर्ण जैन मंदिरोद्धारना संबंधमां मी० चुनीलाल नयालचंदे नीचे मुजब दरखास्त रजु करी हती:—

“ आपणा दक्षीण देशमां जे जे पवीत्र तीर्थभुमीओ छे अने वीशाळ भव्य जैन मंदीरो छे, तेमांना केटलांक कालवशात आजे घणी हीन स्थितिमां आवी गएलां छे त्यां नाना प्रकारनी थती आशातनाओ जोई भावीक हृदयमां कंपारी छुटे छे, माटे

( १ ) तेवां मंदीरोनी अने तीर्थोनी नोंध करवा; ( २ ) जीर्णोद्धार खातुं उघाडी एक कमीटी स्थापवा; अने ( ३ ) ज्यां आशातना थती होय त्यांथी योग्य कारणे अन्य देरासरोने छुटथी प्रतिमाजीओ आपवा.

आ सभा तमाम आगेवान लोकोनुं ध्यांन खेंचे छे; अने वराडमानुं पवीत्र तीर्थ श्री अंतरीक्षजी, जे पुजारी लोको दबावी बेठा हता, तेनो उद्धार करवा माटे नीमाएली " दीगंबर--श्वेतांबरी संयुक्त कमीटी " ए तथा ते कमीटीना आगेवान गृहस्थोए जे अथाग परीश्रम लीधो छे ते माटे आ सभा तेमने अंतःकरणपूर्वक धन्यवाद आपे छे अने आवां कामो करवा बीजा बांधवोने विनंति करेछे.

आ दरखास्तने मी० भागचंद चुनीलाले टेको आप्यो हतो अने तेने मी० वालचंद हीराचंदे अनुमोदन अप्याथी ते सर्वानुमते पसार थयली जाहेर करवामां आवी हती.

## ठराव बारमो–धर्मादा खाताना हीसाबोनी चोखवट.

धर्मादा खाताना हीसाबोनी चोखवट संबंधमां शेठ अनुपचंद मलुकचंदे नीचली दरखास्त रजु करी हती:—

धर्मादा अने शुभ खातांओनां हीसाबो बधे टेकाणे चोखा नहीं होवाने लीधे वारंवार घणी तकरारो थाय छे, अने तडो पडी केटलांक वर्षोसुधी काळो केर पथराय छे, ते माटे,

( १ ) तमाम देरासरो तथा शुभ खाताना हीसाबो चोखा राखवा,

( २ ) छुटथी गमे ते जैन बंधुने ते बताववा,

( ३ ) योग्य ट्रस्टीओना ताबामां व्यवस्था राखवा,

( ४ ) अने हिसाबो खास छापी प्रगट करवा

आ सभा तमाम गामोना आगेवानोनुं ध्यान खेंचे छे अने हवे पछी तमाम हिसाबो शुद्ध अने चोख्खा थशे एवी आशा राखे छे. "

आ दरखास्तने मि. कल्याणचंद लालचंदे टेको आप्यो हतो अने मि. भुखणदास मोहनचंदे अनुमोदन आप्याथी ते पसार थयली जाहेर करवामां आवी हती.

## ठराव तेरमो—सभानुं स्थैर्य.

सभाना स्थैर्यना संबंधमां मि. वालचंद हिराचंदे निचली दरखास्त रजु करी हती:—

" श्री जैन कॉन्फरन्सना तथा ' श्री दक्षिण जैन श्वेतांबर प्रांतिक सभा ' ना हेतुओ सर्व फळिभुत थाय ते माटे प्रयत्न करवानी आवश्यकता आ सभा जुवे छे. "

आ दरखास्तने मि. दामोदर बापुसाए टेको आप्यो हतो अने शेठ लालभाई दलपतभाई तथा मेसर्स पोपटलाल चुनीलाल अने साकरलचंद सोमचंदे अनुमोदन आप्याथी ते पसार थयली जाहेर करवामां आवी हती.

## ठराव चौदमो—"मुंबई समाचार" पत्रनो मानवामां आवेलो आभार.

"मुंबई समाचार" पत्रनो आभार मानवाना संबंधमां आवकार देनारी कमिटीना वडा सेक्रेटरी मि० हरखचंद गुलाबचंदे निचे मुजब दरखास्त रजु करी हती:—

" जैन कोममां तथा तमाम वेपारीओमां सारी रीते फेलायलुं " मुंबई समाचार " पत्र बीजी कोमोनी साथे जैन कोमनी जे अमूल्य सेवा बजावे छे, तथा मोटा खर्चे करीने महान समारंभ प्रसंगे पोताना खास रीपोर्टर मोकली आपीने हिंदना जुदा जुदा भागोना जैन ग्राहकोने खबरो पुरी पाडवामां जे आगेवानी ले छे ते माटे आ दक्षिण प्रांतिक जैन कोन्फरन्स "मुंबई समाचार" पत्रनो आभार मानेछे. "

कोरेसपोन्डन्स कमीटीना प्रमुख मी० दामोदर बापुसाए उपली दरखास्तने टेको आपतां जणाव्युं के " मुंबई समाचार " पत्रे अत्रे पोताना खास रीपोर्टरने मोकली आपीने जे सेवा बजावी छे तेथी आखी हिंदनी जैन प्रजा आभारी थशे, कारण के एक भागमां जे महान समारंभो थाय छे ते वीषे " मुंबई समाचार " पत्र पोताना मोटा खर्चे बीजा भागने त्वराथी खबर आपे छे अने आ सेवा कंई नानीसुनी लेखाय नहीं.

श्रीआणंदजी कल्याणजीनी पेढीना प्रमुख शेठ लालभाई दलपतभाईए उपली दरखास्तने अनुमोदन आपतां जणाव्युं के, घणो वखत थयां " मुंबई समाचार " पत्र जैन भाईओमां सारी रीते वंचाय छे अने ते पत्र खर्चनी दरकार कर्या वगर जे अमूल्य सेवा बजावे छे ते माटे ते पत्रना मालेक अने अधिपतिने धन्यवाद घटे छे. छेल्ली बंने कोन्फरन्सोमां आ पत्रे हिंदना जैन भाईओने मोटा जथामां खबरो आपीने जे लाभ आप्यो छे ते आपणे विसरी गया नथी अने तेथी ते पत्रनो आभार मानवा माटे जे दरखास्त मुकवामां आवी छे तेने हुं दीलोजानीथी अनुमोदन आपुंछुं.

आ दरखास्त ताळीओना अवाजो वच्चे सर्वानुमते पसार करवामां आवी हती.

## ठराव पंदरमो–प्रमुख नगरशेठ चीमनभाई तथा शेठ लालभाई वगेरेनो मानवामां आवेलो आभार.

आवकार देनारी कमीटीना वडा सेक्रेटरी मी० हरखचंद गुलाबचंदे आ कोन्फरन्सना प्रमुख नगरशेट चीमनभाई लालभाई तेमज श्री आणंदजी कल्याणजीनी पेढीना प्रमुख शेठ लालभाई दलपतभाई तथा तेमनी साथे आवेला गृहस्थोनो आभार मानवानी दरखास्त मुकी हती.

मी० दामोदर बापुसाए आ दरखास्तने टेको आपतां जणाव्युं के, अमदावादना नगरशेठ चीमनभाई लालभाईए आ प्रांतीक कोन्फरन्सनुं प्रमुखस्थान स्वीकारीने तेने जे प्रकाश आप्यो छे ते माटे तेमने सर्व तरफथी धन्यवाद आपवामां आवे छे. आ नगरशेठनुं कुटुंब मोगल शहेनशाहतना वखतथी सन्मान पामतुं आवेलुं छे अने हिंदना सकळ संघमां दीपतुं आवेलुं छे तेवा कुटुंबना नरे आ खानदेशने दिपाव्यो छे ते अमे अमारूं मोटुं भाग्य समजीए छीए.

वळी शेठ लालभाई दलपतभाई जेओ श्री आणंदजी कल्याणजीनी पेढीना प्रमुख, जैन कोन्फरन्सना जेनरल सेक्रेटरी अने मील मालेक छे, जेओने एक घडीनी फुरसद होती नथी, छतां पोताना अमूल्य वखतनो भोग आपीने तेमणे जे श्रम लीधो छे तथा कीमती सलाह आपी छे ते माटे दक्षीणना जैन भाईओ तेमनो अंतःकरणथी आभार माने छे. वळी तेमनी साथे आवेला बीजा जाणीता गृहस्थो तथा प्रेक्षकोनो पण उपकार मानवामां आवे छे.

आ दरखास्त ताळीओना अवाजो वच्चे पसार करवामां आवी हती.

छेवटे साधु मुनी महाराजो, कॉन्फरन्सना प्रतिनिधिओ, प्रेक्षको, वोलंटियरो, जाणीता जैन आगेवानो मेसर्स छगनदास मगनदास, हिराचंद संमुराम, दलीचंद नथुशा, रतनचंद दगडुशा, मुखणदास वेलचंद, चुनीलाल रायचंद, भागचंद रायचंद, रुपचंद रंगीलदास अने रुपचंद मोहनचंद, तेमज आ कॉन्फरन्सनुं काम यथार्थ फतेहमंद उतारवा माटे श्रम लेनारा मेसर्स भागचंद छगनदास, हरखचंद गुलाबचंद, दामोदर बापुसा, डाह्याभाई चुनीलाल अने बालचंद हिराचंद विगेरेनो प्रमुख नगरशेठ चिमनभाई लालभाई तरफथी तथा पोतानी तरफथी शेठ लालभाई दलपतभाईए आभार मान्यो हतो. जे पछी जिनेश्वर भगवाननी जय बोली कॉन्फरन्स बरखास्त थई हती.

आ कॉन्फरन्सनी बेठको दरमियान अमदावाद तथा बीजा स्थळोएथी पधारेला नगरशेठ चिमनभाई तथा शेठ लालभाई दलपतभाई विगेरे आगेवानोने जुदा जुदा प्रतिष्ठित दक्षिणी बंधुओ तरफथी मिजबानीओ तथा पानसुपारी आपवामां आव्यां हतां अने तेओना आवागमनथी पोताने भाग्यशाळी समजता हता. एकंदर मेळावडो घणोज फतेहमंदी साथे पार उतर्यो हतो.

---

# શ્રી આગમોદ્ધાર.

આગમોદ્ધાર ન કરવા બાબત તથા તત્સંબંધે લાભાલાભની બાબત કેટલાએક પત્રોમાં ચર્ચાય છે. દિલગીરીની વાત એ છે કે ચર્ચા ચલાવનાર અમારા બાંધવો આગમનું મહત્વ શું છે તેપર જોઈતું લક્ષ આપતા નથી. દરેક કાર્યની શરૂઆત કરતાં તેનો પાયો મજબુત કરવો જોઈએ. તત્રાપ જૈન ધર્મનો આધાર આગમો ઉપર છે અને તે પડતાં મુકી જે મીત્રો બીજા ગ્રંથોનો ઉદ્ધાર કરવાની સલાહ આપે છે તે પાયા વિનાનું મકાન બાંધવા કહે છે. તત્સંબંધે સૂજ્ઞોએ વિચાર કરવા યોગ્ય છે.

આગમની પ્રતો મળવી સુલભ છે એમ હમારા મિત્રો જણાવે છે પણ તેઓ સાહેબ જો કિંચિત વિચાર કરત તો લહીયાની પાસે મળતી અશુદ્ધ પ્રતોને આગમની પ્રતો કહીને મળવી સુલભ છે એમ લખત નહીં. આવા લેખકોને એટલુંજ કહેવું બસ છે કે કૃપા કરી પંચકલ્પની શુદ્ધ પ્રત પાંચ રૂપિયે હજારના ભાવથી પણ મેળવી આપવી. એ મેળવવા પ્રયાસ કરશે એટલે પછી પોતે કેવું લખ્યું છે તે સમજાશે.

આ કોન્ફરન્સના સેક્રેટરીઓ શ્રાવકોને આગમો ભણાવવાનું કામ કરતા નથી એટલે તત્સંબંધે જવાબ આપવાનું કાંઈ રહેતું નથી. પ્રાયે આગમોદ્ધાર મુનીરાજોને હાથેજ કરવાનું થશે.

મુનિ મહારાજોની સંમત્તિ વિના આ કામ કોન્ફરન્સના સેક્રેટરીઓ શરૂ કરે તેવા નથી તથા આ કોન્ફરન્સનો પૈસો તેઓ પોતાના ઘરના નાણાંથી પણ વધારે સાચવે છે.

અમારા કેટલાએક પત્રકાર અને બીજા બાંધવો કટાક્ષપૂર્વક લેખો લખે છે તે સંબંધે કોન્ફરન્સ જેવું મહત્વનું કાર્ય કરનારાઓ તેમનો બીજા શબ્દોમાં જવાબ આપવાનું ઉચિત ધારતા નથી પણ આ ભાઈઓનો ઉપકાર માને છે.

લી. શ્રી સંઘનો દાસાનુદાસ,
માણેકલાલ ઘેહેલાભાઈ ઝવેરી,
મે. એડવાઈઝરી બોર્ડ—મુંબઈ.

---

## દરેક ધર્માભિમાની જૈનને અમૂલ્ય તક.

## શ્રી જૈન (શ્વેતાંબર) ડીરેકટરી.

# જાહેર ખબર.

મુંબઈ અને વડોદરા ખાતે ભરાયેલી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરંસની બેઠકો વખતે થયેલા ઠરાવ અનુસાર હીંદુસ્તાનની જૈન ડીરેકટરી તૈયાર કરવાનું કાર્ય આ વર્ષે કોન્ફરંસ ઑફીસ તરફથી હાથ ધરવામાં આવ્યું છે અને તે તા.૧ મે સને૧૯૦૫ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. આપણાં દેરાસરો, તીર્થસ્થળો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, લાઈબ્રેરીઓ, પાઠશાળાઓ, સભાઓ વિગેરેને લગતી હકીકત એકઠી કરવા ઉપરાંત આપણી શ્વેતાંબર મુર્તિપૂજક જૈનોની સંસારીક, ધાર્મીક અને કેળવણીને લગતી સ્થીતીની હકીકત સાથે વસ્તીની ગણત્રી કરવાની જરૂર છે અને તેને માટે જુદાં જુદાં સ્થળોની તેવી વસ્તીની ગણત્રી કરવા તથા બીજી જોઈતી હકીકત પુરી પાડવા માટે તેવાં જુદાં જુદાં સ્થળોમાં અમોએ ઉપાડેલા આ મહાન કાર્યમાં મદદ કરવા સારૂ યુવાન અને ઉત્સાહી જૈન ભાઈઓની મદદની જરૂર છે તો હવે તે માટે સર્વે ભાઈઓને અમને તેઓની આ કાર્ય કરવાની ખુશી દર્શાવવાની વિનંતી કરવામાં આવે છે કે જેથી તે સંબંધી તેઓ જોડે પત્ર વ્યવહાર શરૂ કરી શકાય.

**ખાસ લાભ**—જે જે જૈન ગૃહસ્થો તરફથી અમને આ કાર્યમાં સાહ્યતા આપવામાં આવશે તેમનો હકીકત એકઠી થયા પછી છાપવામાં આવનાર ડીરેકટરીના પુસ્તકમાં તેઓની મદદની નોંધ લઈને આભાર માનવામાં આવશે. આપણી કોમને લગતી એક આવી ડીરેકટરીની કેટલી અગત્યતા છે તે વિષે કાંઈ વધુ લખવાની જરૂર નથી અને તેથી અમને ખાત્રી છે કે જુદાં જુદાં સ્થળોના અમારા ધર્માભિમાની જૈન ભાઈઓ અમોએ ઉપાડેલા આ મુશ્કેલ કાર્યમાં મદદ કરવા જરૂર બહાર પડશે. આ એક એવું કાર્ય છે કે જે સર્વે ભાઈઓની મદદ શીવાય પાર પડી શકે તેમ નથી અને તેજ કારણને લીધે વોલંટીયરો તરીકે આ કાર્યમાં પોતાની મદદનો યોગ્ય હીસ્સો આપવા તેઓને ફરીથી અરજ કરવામાં આવે છે.

## ખાસ વિનંતી.

વળી આ માટે કરવામાં આવનારવસ્તીની ગણત્રીને સંપુર્ણ બનાવવા સારૂ આપણાં મૂર્તિપુજક શ્વેતાંબર જૈનોની વસ્તીવાળાં સ્થળોનાં નામો જાણવાની અમને ખાસજરૂરછે તો દેશના જુદા જુદા ભાગમાં આવેલાં તેવાં સ્થળોનાં નામો અને ત્યાં સુધી જીલ્લાવાર અને આપણા જૈન ભાઈઓનાં ઘરની અંદાજ સંખ્યા સાથે અમને નીચેને સરનામે લખી મોકલવાં. જો કોઈ ગામમાં ફક્ત શ્રાવકોનાં એક યા બેજ ઘર હોય અથવા ફક્ત દેરાસરજીજહોય તો પણ

તેને શ્રાવક ભાઈઓની વસ્તીવાળાં ગામ તરીકે ગણીને દાખલ કરવું. વસ્તીની ગણત્રી તથા બીજી હકીકતો સંપુર્ણ કરવા સારૂ આવાં ગામોના નામોની અમને ખાસ અગત્ય છે અને તેથી પોતાથી બની શકે તેટલાં ગામોનાં નામો અમને મોકલી આપવાની દરેક ભાઈને ખાસ વિનંતી કરવામાં આવે છે.

આ સંબંધી સઘળો પત્રવ્યવહાર નીચેને સરનામે કરવાની અરજ કરવામાં આવે છે.

એસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ,
સરાફ બજાર, મુંબઈ.

---

## અમારા ગ્રાહકોને વિનંતી.

આ વખતના અંકમાં દક્ષિણમાં ભરાયેલી શ્રી જૈન (શ્વેતાંબર) પ્રાંતિક કોન્ફરંસનો રીપોર્ટ આપવામાં આવેલો હોવાથી બીજા કંઈ વિષયો લેવામાં આવ્યા નથી. વળી તે રીપોર્ટ અમારા હીંદી વાંચકોને ઉપયોગી બનાવવા સારૂ બાલબોધ ટાઈપથી આપવામાં આવ્યો છે. આ લંબા રીપોર્ટ છાપતાં આ અંક પ્રગટ થવામાં જે થોડી ઢીલ થઇ છે તેને માટે અમારા ગ્રાહકોની ક્ષમા ચાહીએ છીએ.

અધિપતી,—શ્રી. જૈ. કો. હે.

---

## ખાસ સુચના.

આ પત્રનો ગયો અંક જે જે ગૃહસ્થોને મોકલવામાં આવેલો તેમને ગ્રાહક તરીકેજ ગણવામાં આવેલા છે પરંતુ તે છતાં પણ જો કોઇ ગૃહસ્થની ગ્રાહક થવાની મરજી ન હોય તો અમને તરતજ તે બાબતની સૂચના આપવી કે જેથી હવે પછી અમને નાહક ટપાલ અને છપામણી ખર્ચમાં ઉતરવું ન પડે અને અત્યાર સુધીમાં તેઓ તરફ જેટલા અંક મોકલવામાં આવ્યા હોય તે દરેકના બે આના લેખે ગણીને અમને મોકલી આપવા. જો તેમ કરવામાં નહિ આવે તો તેમને ગ્રાહક તરીકે ગણી પત્રનું આખું લવાજમ વસુલ કરવામાં આવશે.

એસિસ્ટંટ સેક્રેટરી,
શ્રી. જૈ. શ્વે. કો. મુંબઈ.

## વકીલ મુળચંદ નથુભાઈનું અકાળ મૃત્યુ.

એક સરસ વક્તા અને જૈન ધર્મના સારા અભ્યાસી તરીકે પંકાએલા શ્રી આત્માનંદ પ્રકાશના માજી તંત્રી વકીલ મુળચંદ નથુભાઈ ભાવનગરવાલાના સ્વર્ગવાસની ખબર આપતાં અમને અત્યંત ખેદ થાય છે. આ ગૃહસ્થ આપણી જૈન કોમમાં એક વિદ્વાન તરીકે તથા માગધી સંસ્કૃતના સારા અભ્યાસી તરીકે ઘણા જાણીતા હતા. હાલમાં ભાવનગર ખાતે દુષ્ટમરકી જે ત્રાસ વર્તાવે છે તેના આ ગૃહસ્થ ચૈત્ર વદ ૩ એટલે તા. ૨૩-૪-૧૯૦૫ ના રોજ ભોગ થઇ પડયા હતા. તેઓ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના એક સ્થાપક હતા અને તેમના સ્વર્ગવાસ સમયે શ્રી જૈન આત્માનંદ સભાના એક આગેવાન સભાસદ તથા શ્રી આત્માનંદ જૈન લાઇબ્રેરીના પ્રમુખ હતા તથા ભાવનગર રાજ્યમાં એક વકીલ તરીકે પણ ઘણા જાણીતા હતા. આ ગૃહસ્થની વિદ્વતાને માટે સ્વર્ગસ્થ મુનીરાજ શ્રી આત્મારામજી ઘણો ઊંચો અભિપ્રાય ધરાવતા હતા. આ ગૃહસ્થ આપણી દરેક ધાર્મીક અને સંસારીક હીલચાલોમાં પુર્ણ ઉત્સાહથી ભાગ લેતા હતા અને તેથી તેમના સ્વર્ગવાસથી આપણે એક વિદ્વાન અને ઉત્સાહી પુરૂષ ગુમાવ્યો છે. તેમના મર્ણથી તેમના કુંટુંબીઓને થતા દુઃખમાં અમે અંતઃકરણથી ભાગ લઇએ છીએ તથા તેમના આત્માને શાંતી ઇચ્છીએ છીએ.

---


# ગોદરેજ અને બાઇસ.

## ત્રીજોરીઓ, તાળાં તથા કળ બનાવનાર.

**ગેસ કંપનીની પાસે, પરેલ, મુંબઈ.**

ગોદરેજ અને બાઈસના કારખાનાનાં માલેક ઈંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળનાં વરાળનાં ઇન્જીન્થી ચાલે છે. ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી ત્રીજોરીઓની માફક હોવાં છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીઆં સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથ વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ગોદરેજ અને બાઈસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી. આવી ખુબી ગમે એવી વેલાતી ત્રીજોરીમાં હોતી નથી.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઇનામ સોનાનાં ચાંદ મળ્યા છે.

## शुद्ध और चरबी रहित
# पवित्र मोमबत्तीयां.
## खास जैन धर्मियोंके वास्ते.

हमारे यहां मुखतलिफ् किसम् वजन् सफेत मोंबत्तीयां बनती है. इस्की बनावटमें कोई नापाक जानवरोंका जुझ नहीं है. इस्की रोशनी दूसरी बत्तीयोंसे कम नहीं हय और ये उन्से ज्यादा देरतक जल्ती है. और इन्ही औसाफ् के सबब पांच सोनेके और एक चांदीका तमगा याने आलासनदें और सिवाय बहोतसी सनदे मिली हय. चूंके आपके यहां मोंबत्तीयां इस्तेमाल और फरोक्त होती है इस लिये अगर आप एक दफे हमारी बत्तीयां मंगवायेंगे तो आपको उन्की खुबीयोका यकीन होगा.

हमारा पत्ताः—**मोतीलाल कशळचंद शाह. मेनेजर और मालीक**—गुजरात केन्डल फॅक्टरी ॲन्ड ॲस्बेस्टॉस वर्क्स, जुबिली बाग, ताडदेव, मुंबई.

---

**ધી ગુજરાત કેન્ડલ ફેક્ટરી અને એસ્બેસ્ટોસ વર્કસ, જ્યુબિલી બાગ, તારદેવ, મુંબઈ**

ધર્મિષ્ટજૈન બંધુઓ માટે ખાસ!!

## ચરબી અથવા બીજા પ્રાણીજન્ય પદાર્થો રહિત
# પવિત્ર મીણબત્તી.

આવી જાતનું કારખાનું હિંદુસ્તાનમાં આ પહેલવહેલુંજ છે અને તેમાં સાધારણ બજારમાં મળતી પરદેશી મીણબત્તીઓમાં ચરબી વિગેરે હિંસાના તેમજ ધર્મ વિરૂદ્ધ પદાર્થો આવે છે, તેવા કાંઇપણ પદાર્થો વાપર્યા વિના શુદ્ધ વનસ્પતિના તેલોમાંથી વાલસેટ, ગાડીની, પેનસીલ જેવી, નકશીવાળી વિગેરે મીણબત્તીઓ દરેક કદ, વજન અને રંગની બનાવવામાં આવે છે, અને જેની સરસાઇને માટે બીજી બનાવટની મીણબત્તીઓ સાથેના મુકાબલામાં જુદાં જુદાં પ્રદર્શનોમાંથી પાંચ સોનાના અને એક ચાંદીનો ચાંદ મળવા ઉપરાંત, નામાંકિત વિદ્વાનો પાસેથી સેંકડો ઉત્તમ સરટિફિકેટ મળેલાં છે. ભાવમાં પણ બીજી બનાવટો કરતાં સસ્તી છે, અને આ મીણબત્તીઓ કોઇપણ જાતના હિંસક પદાર્થો રહિત હોવાથી દેરાસરમાં વાપરવા માટે ખાસ ઉપયોગી છે, અને તેથી આપણાં દેરાસરોમાં તેલની રોશની કરવામાં જે મેહનત અને માથાકુટ પડે છે, તે અમારી મીણબત્તીઓથી ઘણે દરજ્જે ઓછી થઇ જાય છે. વળી અમારા ધાર્મિક જૈન બંધુઓ કે જેઓ ઘર વપરાશ માટે ચરબીવાળી મીણબત્તીઓ વાપરતા નથી, તેઓને પણ આ મીણબત્તીઓ ખાસ ઉપયોગી થઇ પડશે, અને તેથી અમારા જૈન બંધુઓનું અમારી મીણબત્તીઓ તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

કિંમત તથા માહિતી માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા, તેમજ એક વખત અજમાયશ લેવા વિનંતી છે.

**મોતીલાલ કશળચંદ શાહ જી. એમ. એ. સી.**
**મેનેજર અને માલીક**—ધી ગુજરાત કેન્ડલ ફેક્ટરી અને એસ્બેસ્ટોસ વર્કસ.
જ્યુબિલીબાગ, તારદેવ—મુંબઇ.

# कायदे.

१. हर महिने के अखीर में पत्र छपकर प्रगट होगा.

२. छपने के लिये विषय हर महिने की १६ तारीख तक पहुचना चाहिये.

३. छपने के लिये विषय जहां तक मुमकिन हो संक्षिप्त हो और सिर्फ कॉन्फरन्स से सम्बन्ध रखते हों.

४. नाम निर्देश करके आक्षेप न किया जावै.

५. वार्षिक मूल्य अगाऊ देना चाहिये.

६. काम काज सम्बन्धी—जैसे के रुपय्या भेजना, ग्राहक बनना, पत्रके देरसे पाना, न पहुचने की शिकायत वगैरह वगैरह—पत्र व्यवहार आसिस्टैन्ट सेक्रिटरी जैन कॉन्फरन्स, श्राफ बाजार, मुम्बई के साथ करना चाहिये, और विषय छपाने वगैरह के सम्बन्ध में पत्र व्यवहार मिस्टर गुलाबचंद ढढ्ढा, जनरल सेक्रिटरी, जयपुर के साथ करना चाहिये.

७. जैन श्वेताम्बर ग्रेज्युएट्स एसोशियेशन के मेम्बरोंको और उनके साथ हमदर्दी प्रगट करनेवालों को पत्र मुफत मिलेगा.

८. नमूने की कापी असिस्टैन्ट सेक्रिटरीको दरखास्त करनेपर मुफत मिलेगी.


# जाहेर खबर.

अच्छे लिखनेवाले लहियेकी जरूर है. पहले अपना दस्खतका नमुना और दररोजका पगार और कितना श्लोक लिख देवे उसकी बिना मुंबई जैन कॉन्फरन्सकी ओफिस सराफ-बजारमें भेजना चाहिये. पसंद आनेसे बुलाया जायगा.

एसिस्टंट सेक्रेटरी,
जैन श्वेताम्बर कॉन्फरन्स.

# જોઈએ છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં ગુજરાતી યા હિંદી ભાષામાં છટાદાર ભાષણો કરી શકે તેવા ઉપદેશકો જોઈએ છે. પગાર લાયકાત મુજબ સારો આપવામાં આવશે. તે માટે નીચેને સરનામે અરજીઓ કરવી:—

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.
સરાફ બજાર, મુંબઈ.

દરેક જૈન કુટુંબમાં અવશ્ય હોવોજ જોઈએ.

# બીજી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સનો

# રિપોર્ટ.

મુંબઈમાં ભરાયેલી બીજી શ્રી જૈન ( શ્વેતાંબર ) કોનફરન્સનો રીપોટ ત્યાંની રીસેપ્શન કમીટીના રીપોર્ટ સહીત તૈયાર છે. આ રીપોર્ટ સુંદર ગ્લેઝ કાગળ ઉપર બાલબોધ ટાઈપથી છાપેલ લગભગ ૪૦૦ પાનાનું કપડાના પુઠાનું સુંદર પુસ્તક છે. બીજી કોન્ફરન્સમાં બીરાજેલા ડેલીગેટોનું તથા તે વખતે જુદાં જુદાં ખાતાંઓમાં નાણાં ભરનારા ગૃહસ્થોનું લીસ્ટ, રીસેપ્શન કમીટીની જુદી જુદી સબ કમીટીઓના રીપાર્ટો વીગેરે ઘણીજ ઉપયોગી બાબતોથી ભરપુર છે. બુજ નકલો બાકી છે માટે વહેલો તે પહેલો. આ રીપોર્ટ શ્રી જૈન ( શ્વેતાંબર ) કોનફરન્સ ઓફીસ તરફથી પ્રગટ કરવામાં આવ્યોછે અને તેથી તે પડતર કીંમતેજ વેચવામાં આવેછે. મૂલ્ય ફક્ત રૂ. ૦-૧૨-૦. બહારગામથી મંગાવનારાઓને વી. પી. થી મોકલવામાં આવશે.

મળવાનું ઠેકાણું:—

શ્રી જૈન ( શ્વેતાંબર ) કૉન્ફરન્સ ઓફીસ,

સરાફ બજાર—મુંબાઈ.

# શ્વેતાંબર જૈન વિદ્યાર્થીઓને જાહેર ખબર.

વ્યવહારીક અને કોઇપણ જાતના ઉદ્યોગને લગતી કેળવણી માટે જે કોઇ મુર્તિપુજક શ્વેતાંબર જૈન વિદ્યાર્થીને મદદની જરૂર હોય તેમણે પોતાની લાયકાત અને જરૂરીયત માટે બે સારા ગૃહસ્થોના સર્ટીફીકેટ તથા જ્ઞાતી, ઉમર, અભ્યાસ અને જોઇતી મદદ વીગેરે હકીકત સાથે નીચે જણાવેલ ઠેકાણે અરજી કરવી:—

લાલભાઈ દલપતભાઈ,

જનરલ સેક્રેટરી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

અમદાવાદ.

'Registered' No. B 525.

विर सम्वत् २४३१. ॐ विक्रम सम्वत् १९६१.

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A Conference monthly Journal conducted in English and Vernacular.)

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हरैल्ड.

(मासिकपत्र.)

Vol. I, No. 5. पुस्तक १, नम्बर ५.
may 1905 मे १९०५.

*Conducted by,*
GULAB CHAND DHADDA M. A.
JAIPUR.

*Published by*
THE JAIN S. CONFERENCE OFFICE.
BOMBAY.

संपादक
गुलाबचंद ढढ्ढा एम्. ए.

प्रगट कर्ता
श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस-मुम्बई.

Annual Subscription with postage Re. 1.

वार्षिक मूल्य डाक महसूल समेत सिर्फ रु. १.

# विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ |
|---|---|
| पेथापुर कोन्फरन्सनो रिपोर्ट. ... ... ... ... | १२९–१७६ |


## ग्राहकोने खास सूचना.

आ वर्ष अडधुं वीतवा आव्युं परंतु दीलगीर छीए के घणा खरा ग्राहको तरफथी आ मासीकनुं लवाजम हजी सुधी आव्यु नथी तो ते जेम बने तेम जलदीथी मोकली आपवा विनंति छे, नहीं तो आवतो अंक व्ही. पी. थी मोकलवामां आवशे.

एसीस्टंट सेक्रेटरी,
जैन श्वेतांबर कोनफरन्स.
सराफ बजार–मुंबई.


# જાહેર ખબર.

## શ્રી લાલબાગ જૈન બોર્ડીંગ.

સર્વ જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવે છે કે ઇંગ્રેજી પ્રાથમીક અને કોલજના અભ્યાસ કરવા ઈચ્છનાર અને ટાઇપ રાઈટીંગ વીગેરે ધંધાઓનો અભ્યાસ કરવા ઇચ્છનારા જૈન વિદ્યાર્થીઓને નીચે લખ્યા પ્રમાણે સગવડ કરી આપવામાં આવે છે:—

રહેવાના મકાન ઉપરાંત પ્રત્યેક વિદ્યાર્થીને ખુરશી એક, ટેબલ એક, સુવાનો ખાટલો અને દીવાબતી.

જો કોઈ કલબમાં જમવા ખુશી હશે તો તેમને દરમાસે રૂ. ૧૦) સુધીના ખર્ચે જમવાની ગોઠવણ કરી આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ તેમ કરી શકે તેવા નહિ હોય તેઓ જો કોન્ફરન્સના સેક્રેટરી સાહેબને મળશે તો તેમને ભોજન ખર્ચ પણ કોન્ફરન્સ તરફથી આપવાની તેઓ વ્યવસ્થા કરશે. ચાલુ વર્ષની બીજી ટર્મ જુન મહીનાના પહેલા અઠવાડીયામાં શરૂ થશે તેથી જે વિદ્યાર્થીઓ દાખલ થવા ઈચ્છતા હોય તેમણે પોતાની અરજીઓ તા. ૧૫ મી મે પહેલાં નીચેને ઠેકાણે કરવી:—

મુંબઈ, સરાફ બજાર,
કોન્ફરન્સ ઓફીસ.
તા. ૨૬–૨–૧૯૦૫.

મોહનલાલ હેમચંદ.
ઓ. સેક્રેટરી.
લાલબાગ જૈન બોર્ડીંગ.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैव शोकाः नकलहकलनाः नारिमारि प्रकाशः,
नै वाधिर्ना समाधिर्ने च दुरदुरिते दुष्टदारिद्रतानो,
नो शाकिन्यो ग्रहानो न हरि करि गणव्या ल्वेतालजालाः,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्ति भाजाम् ॥


# The Jain Swetamber Conference Herald.

Vol. I | *May, 1905.* | No. V


# पेथापुर खाते भरायेली
# श्री उत्तर गुजरात प्रांतिक जैन श्वेतांबर कोनफरन्सनो
# रीपोर्ट.

## प्रमुखनुं आवागमन.

ता. १०—५—१९०५

जयपुर तरफथी आवतां फास्ट पेसेनजरमां मि. ढढा जेओने पेथापुर खाते मळनारी प्रांतिक जैन कोनफरन्सना प्रेसीडंट तरीके पसंद करवामां आव्या हता, तेमने आदरसत्कार आपवा माटे पेथापुरना केटलाक प्रतिष्ठीत गृहस्थो कलोल गया हता, जेमां वकील फतेहचंद रामचंद, शेठ हाथीचंद झवेरचंद, वकील नगीनदास सांकलचंद, भगु फतेहचंद कारभारी विगेरे हता. वळी पेथापुरथी एक खास डेप्युटेशन पण कलोल गयुं हतुं, जेमां वकील डाह्याभाई हकमचंद, वकील छोटालाल लल्लुभाई, शेठ मनसुख रवचंद, शेठ जमनादास वगेरे केटलाक गृहस्थो हता; तेमज केटलाक वोलन्टीयरो खास आव्या हता. बरोबर ९ वागे अजमेर तरफथी गाडी आवतां तपास करतां मि. ढढा ते गाडीमां आवेला हता. तेमनी साथे मालपुराथी एक गृहस्थ नामे जमनालाल पोरवाड तथा अजमेरवाळा धनराजजी कासटीया पण हता. तेमने जोतां हाजर रहेला गृहस्थो आनंदथी उभराई गया हता अने तेमनो सामान तुरतज वोलंटीयरोए लेवा मांड्यो हतो अने वकील फतेहचंदे उक्त गृहस्थोने हार तोरा आप्या हता.

खास कलोलना केटलाक गृहस्थो पण हाजर हता जेमां त्यांना गायकवाडी डाक्टर जेठालाल, मास्तर गोरधनदास विगेरे हता. अवेला गृहस्थो माटे कलोल स्टेशन मास्तरे वेटींग रूममां खास सगवड करी आपी हती, केमके कलोलथी रांधेजानी त्रेनमां जवा माटे बे कलाकनी वार हती. आ दरमीयान बधा हाजर रहेला गृहस्थोनी मि. ढढा साथे ओळख करावबामां आवी हती अने तेओए बधी जैन कोममां केळवणी केम बधे, जैनोनुं श्रेय केम थाय विगेरे बाबतना विचारमाज पोतानो वखत गाळ्यो हतो.

## रांधेजा तरफ विदायगिरी.

बरोबर चार वागे अमदावाद तरफथी फास्ट पेसेंजर आव्या पछी बधा गृहस्थो रांधेजा तरफ जवानी तैयारी करता हता पण ते तरफ उपडती त्रेनने थोडी वार होवाथी आ त्रेनमां आवेला केटलाक गृहस्थो पण मि. ढढाने जोवा टोळे टोळां मळ्यां हतां. छेवटे रांधेजा तरफ जनार त्रेननी तैयारी थतां तेमने लेवा आवेला तमाम गृहस्थो साथे मि. ढढा रांधेजा त्रेनमां सवार थया हता. कलोल विजापुर लाईनमां रांधेजा स्टेशन पहेलुंज होवाथी थोडा वखतमां ते स्टेशन आवी पहोंच्युं.

**स्टेशन उपर थयेली गीरदी**—एटली बधी हती के आवी गीरदी भाग्ये कोई वखत स्टेशन उपर जोवामां आवी हती, केमके आ गीरदी उतारूओनी नहीं पण मि. ढढानी मुखमुद्रा जोवा माटेनी हती. राधेजाना तमाम जैनो तथा त्यांना मुखीमतादारो अने ते शीवाय बीजा गृहस्थो वगेरे त्यां हाजर हता. त्रेनमांथी उतरतांज तेमने रांधेजाना स्टेशन मास्तरे हारतोरा आपी पोताना दर्शननो लाभ आप्यो ते माटे तेमनो आभार मान्यो हतो अने बधा गृहस्थोने वेटिंग रूममां लई जई पाणी वगैरे पाई आराम आप्यो हतो. स्टेशन मास्तर मि० रतनचंद जैन छे अने जैन तरीके तेमणे पोतानी फरज बजावी हती. रांधेजा स्टेशनथी पेथापुर फक्त त्रण माईल छे अने तुरतज त्यांथी जो नीकळ्या होत तो पेथापुर सांजे सात वाग्या पहेलां जई शकात पण त्यां वसवाट करता शा० जेसींग उमेदराभे कोई पण गृहस्थ अने वोलंटीयरने जवानी मना करी अने पोताने त्यां बधाने लई गया. आ गृहस्थोने तेमने त्यां लई गया पहेलां रांधेजाना स्टेशन मास्तरे पानसोपारीनी बेठक पोताना मकानमां करी हती, तथा सर्वने चहा, दूध विगेरे आपवामां आव्यां हतां. शा० जेसिंगभाईने त्यां आशरे ६० माणसो जमनार हतां अने बधांने जमाड्यापछी मि० ढढाए देरासरमां जई शांतिनाथ प्रभुना दर्शन करी देरासरमां आरती उतारी हती, तेमज आ वखते प्रभुने आंगी रचवामां आवी हती. आ गाममां जैनो आशरे वीस रहे छे, अने देहेरासर हालमांज सुधरावेलुं जणाय छे. वळी आ गामना जैनोनी स्थिति बहु सारी नथी. केटलाक सामे आवेला गृहस्थो तुरतज पेथापुर गया हता पण मि० ढढा अने तेमनी साथे आवेला माणसो तेमज वकील डाह्याभाई हकमचंद, मि० भगु फत्तेचंद कारभारी, शेठ हाथीभाई झवेरचंद, शेठ जमनादास महोकमदास वीगेरे तेमज केटलाक वोलंटीयरो रात्रे त्यां रह्या हता. आ बधा गृहस्थोने सुवा माटे स्टेशन मास्तरे स्टेशन उपर सवड करी हती अने बधा आराममां रह्या हता. बीजे दिवसे सहवार थतां एटले बुधवारना रोज दातण आदि कर्याबाद स्टेशन मास्तरे तेमज गामवाळा शेठ जेसिंगभाईए चहा पाणी कर्यां हतां. अने ते पछी बधा गाडीओमां स्वार थई पेथापुर तरफ विदाय थया हता. पेथापुर लगभग पोणो माइल हतुं तेटलामां वोलंटीयरोनी एक मोटी तुकडी जेमां आशरे सो करतां वधु वोलंटीयरो हाजर हता ते त्यां उभेला जोवामां आव्या हता आ बधा वोलंटीयरो पोताना युनीफोर्म

ड्रेसमां हता एटले बधाना माथे एकज रंगना फेंटा हता तेमज सफेद कोट पाटलुन पण एकज जातना कपडांना हता; आथी जाणे एक लष्करी टुकडी उभी होय तेवो देखाव देखातो हतो. थोडेक दूर जतां वोलंटीयरोए गाडीना बळद छोडावी नाख्या हता अने तेओ बधा एकठा थइ मि० ढड्डानी गाडी खेंची लई गया हता. थोडाएक कदम गाडी खेंची तेटलामां मि० ढढाने खबर पडतां तेओए घणी मना करी परंतु वोलंटीयरो एटला तो उमंगमां आवेला हता के तेओए करेली मनानी दरकार न करतां जय जिनेंद्रनी ध्वनी साथे गाडी लगभग एकसो कदम खेंची गया अने मि० ढढा के जेओ आ प्रमाणे गाडी खेंचवानुं बीलकुल पसंद नहीं करता हता अने गाडीमांथी उतरी जवा मांगता हता तेमने उतरवा दीधा नहीं. आ गाडी पेथापुर गामनी भागोळे जाणीता मोतीवक आगळ लाव्या हता ज्यां गादी-तकीयानी बेठक तैयार राखी हती अने गामना तमाम जैनो अने स्त्रीओ सामां आव्यां हतां. जैन वर्ग शिवाय बीजी कोमना सैंकडो लोको तेमने जोवा आव्या हता. गाडीमांथी उतरी बेठक लीधा पछी मि० ढढाने गांधी रवचंद रायचंदनी पुत्री बहेन मणीए फुलनो हार पेहराव्यो अने तिलक कर्युं हतुं. तेमज श्री संघ तरफथी गांधी रवचंदे श्रीफळ तथा रुपीयो आप्यो हतो. आ पछी ब्राह्मण पंडीत नानुपंथे एक संस्कृत श्लोक कही तेमने आशीर्वाद आप्यो हतो अने त्यार पछी हाजर रहेला गृहस्थोनी ओळख करावबामां आवी हती तेमज श्री संघ तरफथी वकील डाह्याभाई हकमचंदे मि. ढड्डा घणे दुरथी श्रम लई आव्या अने तेमणे तेमना आमंत्रणने मान आप्युं ते माटे मि. ढड्डानो आभार मान्यो हतो जेनो जवाब आपतां मि. ढड्डाए कह्युं के तेओ श्री संघना दास छे अने श्री संघनो हुकम मानवो ते तेमनी फरज छे. आटलुं कर्या पछी तमाम गृहस्थोए सरघसना आकारमां गाममां प्रवेश कर्यो हतो. गाममां जतां केटलीक स्त्रीओ पाछळ मनोहर गीत गाती हती, अने आगळ वांजित्र वागतां हतां. गाममां जतां प्रथम निशाळ आगळ वकील छोटालाल लल्लुभाईनी दीकरी बहेन मणीए मि. ढड्डाने हार पहेराव्यो हतो अने तेज वकीलना दीकरा रसीके मि. ढड्डा केळवणी पाछळ केटलो श्रम ले छे अने तेओ दिर्घायुष रहो एवी मतलबनुं एक टुंक पण जुस्सादार अने मधुर भाषण कर्युं हतुं. आ विद्यार्थी मात्र सात वर्षनो हतो. गाममां जतां आखुं गाम वावटा अने चंदरवाथी शणगारवामां आवेलुं जणातुं हतुं तेमज बंने बाजुए सैंकडो प्रेक्षकोनी ठठ जोवामां आवती हती. वळी ठेर ठेर " कॉन्फरन्सना पिता मि. ढढा दीर्घायुषी रहो " तेवी मतलबना बोर्डो मारेलां जोवामां आवतां हतां. बरोबर आशरे नव वागतां तेओ वकील डाह्याभाईना घर आगळ आवी पहोंच्या हता अने तेमना घरमां प्रवेश करतां तेमना मोटा भाई रतनचंद हकमचंद के जेओ आंबलीआराना कारभारी छे तेमणे हार तोरा आप्या हता. थोडो वखत आराम लीधा पछी तेओ श्री देरासरमां तेमज त्यां पधारेला पन्यास आनंदसागरजी, पन्यास वीरविजयजी, मुनी बुद्धीसागर आदि मुनिराजोना दर्शने गया हता ज्यां आगळ पन्यास आनंदसागर साथे घणी बाबतोना विचार करवामां आव्या हता.

## मंडप.

गामनी बीजी बाजुए कॉन्फरन्सनी बेठक सारु एक खास मंडप उभो करवामां आव्यो हतो जेमां स्त्रीओ माटे प्लाटफोर्मनी बंने बाजुए खास बेठको गोठववामां आवी हती. प्लाटफोर्म उंचा ओटला उपर हता अने ते उपर केटलीक खुरसीओ अने बेंचो हती. सामां वर्तमानपत्रोना रिपोर्टरो माटे तथा

जुदा जुदा गामना रिपोर्टर प्रतिनिधिओ माटे गोठवण राखवामां आवी हती. मंडपनो विस्तार १०० चोरस फीट हतो. आराम अने बीजी बेठको माटे मंडपनी आसपास केटलाक तंबु पण नांखवामां आव्या हता. मंडपमां बे हजार माणसो माटे सगवड हती. मुंबई अने वडोदरानी माफक स्त्रीओनी बेठक आगळ पडदा नांखवाना हता अने नांखवामां पण आव्या हता परंतु गुजरातमां पडदानो रीवाज नहीं होवाथी स्त्रीओए वांधो लईने पडदो कढावी नांख्यो अने विना पडदे प्लाटफोर्मनी बंने बाजुओने शोभावती नजरे पडती हती.

## डेलीगेटो अने प्रेक्षको.

डेलीगेटो अने प्रेक्षकोनी नीचे प्रमाणे लगभग २१००नी संख्या मंडपमां हाजर हती:—

३५० स्त्रीओ.
२५० प्रेक्षको—टीकीटवाळा.
५०० बहारगामना डेलीगेटो.
४०० गामना डेलीगेटो.
२०० स्वागत कमिटीना सभासदो.
१०० पुरुषो. } वगर टीकीटना प्रेक्षको.
१०० स्त्रीओ. }
१५० वोलंटीयरो.
५० मानवंता परोणाओ.
———
२१००

जाणीता गृहस्थो—शेठ मनसुखभाई भगुभाई, शेठ लालभाई दलपतभाई, शेठ चिमनभाई नगीनदास, तेमज मुंबईथी पंडित लालन, प्रो० नथु, मि. परमार, शेठ देवकरण; सुरतथी शेठ जीवणचंद धरमचंद झवेरी वगेरे घणा जाणीता गृहस्थो आववानार हता परंतु कांई कारणथी आवी न शक्या. पेथापुरना टाकोरसाहेब, तथा महीकांठाना नेटिव एसिस्टंट पोलिटिकल एजंट साहेब. आ. सरजन, पोलीस इन्स्पेक्टर विगेरे घणा गृहस्थो पधार्या हता. डेलीगेटो माटे केटलाक खास उतारा तेमज तेमने जमवा माटे खास रसोडां हतां. वळी केटलाक जाणीता गृहस्थो वकील फतेहचंद रामचंद, वकील डाह्याभाई हकमचंद, वकील छोटालाल लल्लुभाई, वकील मनसुखराम मुळचंद, शेठ अमथालाल टेकचंद, शेठ हाथीचंद झवेरचंद. शेठ छोटालाल वीगेरेने त्यां उतर्या हता. परदेशथी आवेला तमाम डेलीगेटोने गुरुवारना दिवसे शेठ रवचंद रामचंदने त्यां जमाडवामां आव्या हता. आखुं गाम उत्साहथी उभराई गयुं हतुं अने ज्यां त्यां कॉन्फरन्सनी वातो थती हती. वळी सुप्रसिद्ध मुनिराजो अत्रे होवाथी घणोज लाभ थयो हतो. वळी महीकांठाना पोलिटिकल एजंटे गाममां सारो बंदोबस्त राखवा तेमज डेलीगेटोनी तंदोरस्ती संबंधी जाळवणी राखवा खास बंदोबस्त करवा पोताना नेटिव आसिस्टंटने फरमाव्युं हतुं. मुनिराज भ्रातृचंद्रजी पण पधार्या हता.

## प्रथम बेठक.

गुरुवार, ता. ११-५-१९०५.

गुरुवारे सहवारे दश वागे कोनफरंसनी पहेली बेठक थई हती, अने तेमां आगळ जणाव्या प्रमाणे डेलीगेटो, प्रेक्षको विगेरे मळी लगभग २१०० स्त्री पुरुषो हाजर हतां.

बधा लोको बेठा पछी मि० ढढाने लेवा माटे एक डेप्युटेशन गयुं हतुं, अने मि० ढढा आवतां मंडप हुररेना तथा जय जिनेन्द्रना पोकारथी गाजी रह्यो हतो.

शरुआतमां मि० ढढाने हार तोरा आपवामां आव्या हता अने ते पछी तिलक कर्या बाद त्रण जैन बाळकीओए नीचे प्रमाणे मंगळाचरण हार्मोनियमना सुर साथे गायुं हतुः—

### शार्दुलविक्रीडीत.

प्रारंभे विभु पासजी नमु मुदा जे विघ्नहारे सदा,
जैनोना समुदायनो जयकरी आपे सदा संपदा;
आ मोटा अभिवृंदनी प्रतिदिने वृद्धी करो सर्वदा,
जैनोना व्यवहारिक धार्मीक नीती त्राता सुधारो सदा. १
आपो श्री सुवधि जिणंद सुमती कल्याणकारी विभो,
पेथापुर सुदगाम धाम जिननो राजे सदा ज्यां प्रभो;
ते त्राता सुवधी जिणंद नमतां इच्छानुं योगे फळे,
श्री शांति मति कांति किर्ती प्रसरे आ जैनमां मंडळे. २

त्यार बाद नीचे प्रमाणे कंकोत्री चीफ सैक्रेटरी मि० छोटालाल ललुभाईए वांची संभळावी हतीः—

स्वस्ति श्री पार्श्वजिन प्रणम्य श्री महा शुभस्थाने पुजाराधे, दृढ धर्मवान, देवगुरु भक्तिकारक, धर्मप्रभावक, परमपवित्र, परमप्रीतिपात्र सुश्रावक, इत्यादि अनेक शुभ गुणालंकृत श्रीनी सेवामां एतान श्री पेथापुरथी ली० श्री संघ समस्तना प्रणाम स्वीकारशोजी. विशेष विनंति ए के अनेकांत हितकारी सर्वोत्कृष्ट श्री जैन धर्म अने जैन धर्मी समुदायनी उन्नति माटे सर्व स्थळना प्रतिनिधीओनुं महामंडळ श्री फलोधी तीर्थमां ने मुंबई तथा वडोदरामां मळी केटलाक ठरावो सूचनारूपे धार्मिक तथा संसारीक सुधारा माटे करेला छे; ते ठरावोमांथी जे हालमां अवश्य अमलमां लाववा जोईए, तेम करवामां शुं योजनाओ करवी तेनो विचार करी अमलमां लाववा घटतो बंदोबस्त करवा गुजरातनो उत्तर विभाग के जे केटलीक बाबतमां बिजाना मुकाबले पाछळ पडे छे; तेवा जैन धर्मीओनी उन्नति माटे ते भागना श्री संघना प्रतिनिधिओनुं एक प्रांतिक मंडळ अहींना मुकामे संवत् १९६१ ना वैशाख सुदी ७-८-९ तारीख ११-१२-१३ माहे मे सने १९०५, वार गुरु, शुक्र अने शनीना दिवसे भरवा अहींना श्री संघे ठराव कर्यो छे. माटे आपना तरफना श्री संघना योग्य प्रतिनिधी श्री संघे मळी पसंद करी ते दिवसो उपर अहीं मोकलाववानी महेरबानीथी तजवीज करशो. आ साथे प्रतिनिधी पत्रिका भरी छापेलुं फार्म मोकल्युं छे ते चैत्र वद्य ५ पहेलां अमारी तरफ भरी मोकलवानी कृपा करशो. श्री जैन ( श्वेतांबर ) महामंडळ एकठुं थई आपणा हितार्थ सरळ अने सरस रीते विवेचन करी सूचना

रूपे ठराव पसार करे छे ते ठराव आपणामां जो कोई रीते अमलमां आवे तो कंई अंशे आपणे सुधारा तरफ वळ्या एम कही शकाय अने ते श्री संघ महामंडळनो प्रयास व्यर्थ गयो नथी, एम समजी ठराव अमलमां लाववाना हेतूथी आ प्रांतीक मंडळ एकठुं करवानुं ठराव्युं छे. तेथी बनतां सुधी योग्य लायकातवाळा एटले जेओ अहींना जे ठराव थाय ते ठराव पूर्ण उत्साहथी मनमां धरी लागवगथी अमलमां आणी शके तेवा प्रतिनिधी मोकली आपवानी तजवीज करवी जोईए. आ साथे मोकलावेला सवालोना जवाब जो हरकत न होय तो ताकीदथी आपवानी पण कृपा करशो. अहीं पधारवाथी श्री संघना दर्शनना लाभ साथे अत्रे सुविधीनाथ महाराज मुळनायकनो जैन प्रासाद छे तेना दर्शननो पण मोटो लाभ थशे.

ते पछी स्वागत कमिटीना प्रमुख वकील फतेचंदे नीचे प्रमाणे आवकार देनारूं भाषण आप्युं हतुं.

## स्वागत कमिटीना प्रमुखनुं भाषण.

प्रिय स्वामि बंधुओ, सद्गुणी बेहनो अने सद्गृहस्थो,

आजे पधारेला आप साधर्मी बंधुओने आवकार आपवानुं सुभागि काम मने सोंपवामा आव्युं छे अने ते माटे हुं मने भाग्यशाळी मानुंछुं, जो के मारा करतां कोई वडील आ काम बजाववाने वधु लायक गणात परंतु ज्यारे संघे आ काम मनेज सोंप्युं छे तो हुं श्री संघनो अंतःकरणथी आभार मानी संघनी तरफथी आप सघळाओने वधावी लेवाना आ कामथी एक मोटामां मोटुं मने मान मळेलुं समजुं छुं, एटलुंज नहीं पण जैन शासनमां श्री संघने जे पदवी आपवामां आवेली छे तेनो विचार करतां पण आपना दर्शन मात्रथी हुं मने पावन थएलो मानुं छुं अने "मने घेर बेठां गंगा मळी" ए सामान्य कहेवत अनुसार मारी पश्चात्य जींदगी पावन थई छे एम कहेवुं जैन शासन प्रमाणे वधु पडतुं नथी. दीकरा दीकरीनां लग्न जेवां मांगलीक कामो करतां पण श्री संघनो मेळावडो वधु आनंदकारक तथा पावन करनार छे अने तेथी पण वधु आनंद तो आप सघळाओए वैशाख महीनाना सख्त तापमां फक्त फरजनो विचार करी पेथापुर जेवा एक खुणे पडेला गाममां पधारी अत्रेना संघने जे मान आप्युं छे ते वास्तविक रीते तपासतां एकला पेथापुरनेज नहीं पण आखा उत्तर प्रांतना जैन समुदायने आपेलुं छे. आप सघळाओनी सगवड साचववी ए जो के मोटुं काम छे छतां अमारी अदना गुंजाश प्रमाणे अमो जे कांई यथाशक्ति अने यथामति आपने निवेदन करीशुं ते आप स्वीकारी अमोने उपकृत करशो. स्वागतना नियमो बहु भारे छे परंतु ए प्रमाणे वर्तता अमो कदाच फावी शक्या न होईए तो ते तरफ दरगुजर करशो अने आपनी तरफना अमारा भावनेज लक्षमां राखी आपनी उदार लागणीनी प्रसादी अमोने देखाडशो. पेथापुर प्रांतिक कोनफरन्समां अमदावादथी उत्तरना पालणपुर सुधीना अने पश्चिमे साणंदथी पूर्वमां इडर सुधीना जैन बंधुओने पधारवानुं आमंत्रण काढेल छे. आप सघळा सारी पेठे जाणो छो के आखा उत्तर गुजरातमां केळवणीनो फेलावो हजु जेवो जोईए तेवो थयो नथी अने केटलेक ठेकाणे तो तेवी केळवणी लेवानां साधनो पण हयातीमां नथी; वळी उत्तर गुजरातमां नाना नाना गामडाओमां आपणी वस्तीना छुटां छवायां घरो छे के ज्यां देरासरोनी पण सगवड नथी तो पण आ भुमिमां मुनि महाराजोनुं आगमन कांइक अंशे वधु थतुं होवाथीज आपणे आवो मेळावडो मेळवी शकवाने भाग्यवंत थया छीए अने आ काममां आपणा पूज्य मुनि श्री बुद्धिसागर आदिए आपणने प्रेर्या छे, जेना प्रभावे

आपणामां आजे नवुं कौवत व्यापि रहेलुं छे. यथायोग्य ज्ञान नहिं, पण आपणा धर्म तरफना रागने लीधे तथा जैन ( श्वेतांबर ) कोनफरन्सनी रोशनीथी आपणे आपणी भूल भाळी शक्या छीए अने ते महान् योजनाने मजबूत बनाववा माटेज आवी

## प्रांतिक कोनफरन्स

मेळववानी जरूर आपणे जोई छे. जनरल कोनफरन्समां थएला टरावो अमलमां मुकवाथीज ए महान् सभानो हेतु पुरो पडशे तथा जुदा जुदा विभागोमां रहेला जैनबंधुओने तेना महान् काम तरफ प्रेरी शकाशे, अने सर्वथी महत्वनुं काम तो ऐक्य सधाशे एम लागवाथी प्रांतिक कोनफरन्सो भरवानी योजना अमलमां आवी छे. उत्तर गुजरातमां जैनोनी सारी वस्ती छे, पण तेओ जाहेर कामोमां भाग लेवाने पछात पडेला होवा छतां आ कोनफरन्स पेथापुर खाते भरवानुं नकी करवामां आव्युं अने सघळा गामना जैन बंधुओ ते विचारने संमत थया एज बीना हुं तो आपणी भविष्यनी उन्नति समान लेखुं छुं. वर्षमां एकज वखत जनरल कोनफरन्स मळे अने अमुक ठरावो करे तेथी कांई जोईतो लाभ मळी शके नहीं एतो आप पण कबुल करशोज, अने तेटला माटे आवी प्रांतिक कोनफरन्सो मेळववी खास जरुरनी छे. गृहस्थो, आवी प्रांतिक कोनफरन्सो मेळववाथी मोटामां मोटो लाभ आपणने ए थाय छे के संसारिक गमे तेवा मांगलिक प्रसंग उपर आपणे आजना जेटली संख्यामां एकठा थई शकता नथी पण आ सामाजिक हितना काममां मारा जैन बंधुओ खुशीथी तकलीफ उठावीने आजे एकत्र थया छे. ऐक्यना फायदा आपणने समजाववा पडे तेम नथी. आ लाभ कांई जेवो तेवो नथी. ऐक्यथी शुं नथी थई शकतुं? संप छे त्यां जंप छे ने जंप एज सुख छे. आपणो मुख्य हेतु कोई पण प्रकारनुं सुख मेळववानोज छे. परंतु आपणे आम एकठा थई जे करवानुं छे ते जो यथार्थ रीते न करी शकीए तो पशु अने आपणामां फेर पडे नहीं. आपणी सामाजिक अने धार्मिक उन्नति करवा माटे आपणे एकठा तो थया छीए परंतु तेमां एक तत्वना फेलावानी खास आवश्यकता छे अने ते तत्व ते

## केळवणी छे.

केळवणी अथवा तो विद्या जे माणसमां नथी ते माणस मनुष्य नथी पण पशुसमान छे ऐवुं नीति वाक्य छे, माटे आपणे उन्नति करवा इच्छता होइए तो प्रथम स्थान केळवणीने आपवुं जोइए अने जेम बने तेम पुरुषोमां तेमज स्त्रीओमां पण केळवणीनो फेलावो वधु ने वधु थाय तेम यत्न आदरवो जोइए. आजना जमानामां आपणा करतां पारसी जेवी नानी कोम पण केळवणीना प्रतापे देशमां केवी अग्रेसर कोम थई पडी छे ? बीजी कोमो पण जाग्रत थएली छे, अने धन्य छे आपणा आ कॉन्फरन्सना निमायला मानवंत प्रमुखने के तेमनी कोम तरफनी जिगरनी काळजीथी आपणे पण आजे आवी वातो करवाने भाग्यशाळी थया छीए. ज्यां सुधी आपणी सामाजिक ने धार्मिक स्थितीमां सुधारो नहीं थाय त्यां सुधी आपणे देशनी हरीफाईवाळी शरतमां कदी पण आंगळीचींध थईशुं नहीं, अने जगतमां जन्मीने जे व्यक्ति के मंडळ मोखरे आवतुं नथी तेनो जन्म निरर्थक छे.

## धार्मिक केळवणी.

हालमां अपाती केळवणी एकतरफी केळवणी कहेवाय छे, अने धर्मनुं शिक्षण न मळवाथी

आपणामां पण घणा अनर्थो थाय छे छतां ज्यारे ए एकतरफी केळवणीना लीधे पण आपणी बुद्धि विकास पामी छे अने आपणी वास्तविक स्थितीनो आपणने ख्याल थयो छे तो ते केळवणीनी साथे धार्मिक शिक्षण मळे तो "सोनामां सुगंध" भळवा जेवुं थाय. तेमज केटलाक एवो पण विचार धरावनाराओ छे के आपणी सामाजिक स्थिति सुधरतां आपणे धर्मना कामने वधु आश्रय आपी शकीशुं. तेओना आ कथनमां कांइक सत्य होय तेम लागे छे अने आमलनेर खाते शेठ लालभाईए पण एवाज विचारो जाहेर कर्या हता के आपणा दुर्बळ जैन भाइओनी स्थिति जो नहीं सुधरे तो तेओ पेटना पोषण माटे अन्य धर्मनो आश्रय लेई जैन धर्मथी पतित थशे, माटेज आपणी सामाजिक स्थिति सुधरतां धर्मना काममां पण सुधारो थई शकशे, ए कथन सो ए सो टका खरुं छे.

## सामाजिक स्थिति शाथी सुधरे ?

आपणी सामाजिक स्थिति सुधारवानो आधार आपणा पोता उपरज रह्यो छे, अने ते माटे जैन शासननां फरमानोने वळगी रहीने जो संसारिक रीत रिवाजोमां फेरफार करवामां आवे तो मारा आधिन मत प्रमाणे आपणो घरसंसार स्वर्ग समान थतां विलंब थाय नहीं. आपणे संग दोषथी के लांबा परिचय दोषथी अन्य मतोना आचार विचारने आपणा करी मानी बेठा छीए अने तेवा आचारविचारने सहेलाईथी तजी शकता नथी. आवा रीत रिवाजोमां मरण पाछळनां खर्चो, रडवा कुटवानो हानिकारक रिवाज, वरघोडा, कंचनीयोना नाच, बाळलग्न, कजोडां, कन्याविक्रय, अने अन्य धर्मने अनुसरती लग्ननी विधि विगेरे अधार्मिक रिवाजोए आपणामां जड घाली छे, ने ते जड ज्यां सुधी उखडशे नहीं त्यां सुधी आपणी सामाजिक उन्नति थई पण शकशे नहीं. घर संसारनी बदीयो नाबुद करवा माटे स्त्रीओनी मददनी मोटी जरुर छे छतां आपणे तो स्त्री केळवणी तरफ जोइए तेवा खंतीला नथी अने पुरुषोमां पण आ तरफना भागोमां छुटथी केळवणी फेलायली नथी माटे मुख्य तो ए छे के आपणे केळवणीनो जेम बने तेम वधु प्रमाणमां फेलावो करवो जोइए, अने तेटलाज माटे आपणी कॉन्फरन्सो केळवणीने वधु अगत्य लागु पाडे छे. बंधुओ, आ काम एकना प्रयासथी कदी थई शकशे नहीं माटेज समुदायना बळनी जरुर छे अने समुदायनी शक्ति शुं करी नथी शकती ते कहेवा जेवुं नथी. समुदाय जे धारे ते करी शके छे. केमके "पंच त्यां परमेश्वर" ए सादी कहेवत छे ने पंचमां कुदरती शक्ति आवे छेज जेथी आवा मेळावडामां एकत्र थवानी आपणी योजना सत्य रस्तानी छे एम कही शकाशे. आ कॉन्फरन्समां घणा अगत्यताना विषयो चर्चाशे, एटले हुं विशेष कहीश नहीं पण एक बाबत मारे इसारा रुपे जणाववी जोइए के बहु दुरअंदेशी अने ऐक्यवर्धक तथा देशकाळने अनुसरीने एक बाबत खास विचारवी योग्य छे ने ते ए छे के जैनोनी एक बीजानी साथना तकरारना केसोने कोर्टे न लेई जतां तेनो पंचथी निकाल करवो. आ बाबत घणीज महत्वनी छे. आप सघळा जाणो छो के कजियानुं मूळ कुसंप होय छे तेज कुसंपने मूळमांथी छेदी काढवा माटे आ बाबतनो पूरेपूरो अमल थवानी जरुर छे. वळी एनो अमल करतां जैन भाईओनी घणा प्रकारनी धार्मिक वृत्ति पण केळवाशे अने व्यवहारिक तथा धार्मिक लाभ तेथी मळशे. कोर्टनी देवडीए चडी फक्त संपना अभावे पैसानुं पाणी थवा साथे कोममां झेर वेर वधवा पामे छे ने ममत्व बंधाता ए नठारी लागणी मजबुत थती जाय छे विगेरे कारणोथी आ बाबत चर्चवाने लायकनी गणी छे.

## मुनी महाराजो

आपणा आ काममां मददगार थाय छे अने आ तरफना भागोमां विहार करी जैनोनी सांसारिक तथा धार्मिक स्थिति केवी रीते सुधरे ते माटे सतत् प्रयास करवा लाग्या छे. आ तरफ मुनी बुद्धिसागरजीना विहार पछी आपणामां घणी स्फुरती आवी छे अने जैन धर्म प्रत्येनी आपणी लागणी प्रकाशी नीकळी छे, तेवीज रीते अन्य मुनी महाराजो पण सामान्य कॉन्फरन्सना ठरावोने लोकप्रिय बनाववा यत्न करे छे अने आ कॉन्फरन्सनो हेतु पण एज छे. जो प्रांतिक कॉन्फरन्सो बोलाववामां न आवे तो एक जनरल कॉन्फरन्सनो गमे तेटलो महान यत्न छतां तेनो हेतु जोइए तेवो संतोषकारक रीते पुरो पडी शके नहीं, वास्तेज प्रांतिक कॉन्फरन्स मेळववा आ तरफना आगेवानोए श्रम उठाव्यो छे. बंधुओ, अमारा आ कामने अमारा धारवा करतां घणो सारो आवकार मळ्यो छे ए आपना अत्रे आवा बहोळा समुदायमां पधारवाथी देखाई आवे छे, तेथी तेमज आगेवान जैन बंधुओए तन मन ने धनथी मदद आपवा पोतानी फरज विचारी छे तेथी अमे ए अर्थे आभार मानिये छीए तथा हर्ष बतावीए छीए. सौथी छेल्ली पण एक घणा महत्वनी बीनाना संबंधमां हुं हवे बोलीश के प्रतापी अंग्रेज सरकारना रामतुल्य राज्यमां आपणा जेवी सुलेहने चाहनारी आबरुदार अने शांतिप्रिय कोमने धर्म फोरववानी जोगवाई मळी छे, के जेवी जोगवाई पहेलांना वखतमां नहोती छतां ते वखते पण धर्मनी अभिवृद्धि थती गई हती छतां आजना आवा समयमां जो आपणा धर्ममां घुसेली अन्य मतावलंबीओनी कुरीतीओ दुर न करी शकीए तो आवा शांतिना समयनो आपणे लाभ लीधो नहीं एवी आपणी थेकडी करावीए, माटेज ए बदनामीमांथी बची जवा ना. शहेनशाह एडवर्डना राज्यनी शांतिदाता राज्यनीतिनो लाभ लेवो आवश्यक छे. मध्य काळमां मारफाड ने जुलमना लीधे तथा केळवणीना अभावे आपणा जैन संसारमां पण अनेक रीतनी कुरीतीओ अने आचार विचार घुसी गया छे अने तेनी तरफ आपणी आजे नजर गई छे तो आपणुं ए कर्तव्यज छे के आपणे ए आचार विचारने तजी देवो ने जैन शासननो विजय वावटो फरकाववो.

## एकला हाथे कदी ताळी पडशे?

बंधुओ, आपणा धर्मधुरंधर मुनि महाराजो, आपणा मील मालेको अने शेठीयाओ, सराफो अने नाणावटीओ, वकीलो अने बेरिस्टरो, अमलदारो अने खानदानो, डाक्टरो अने वैद्यो, वेपारीओ अने दलालो, टुंकामां जैन कोमना जवाहीर तुल्य गणाता आपणा आगेवानो जेओ आपणा हित माटे जैन (श्वेतांबर) कॉन्फरन्सना स्थापको, उत्पादको, व्यवस्थापको, अने कार्यकारो छे, तेओ आपणी सामाजिक तथा धार्मिक उन्नति करवा भगीरथ प्रयत्न करवा लाग्या छे तेओने तेमना काममां मदद मळे अने सहेलाई थाय ए माटे शुं आवी प्रांतिक कॉन्फरन्सो मेळववानी जरुर नथी? वहाला वीरो, हुं जणावुं छुं के कांई एकला हाथे ताळी पडती नथी, ने मोर पींछीओ वडेज रळीयामणो लागे छे माटे आपणी आ कॉन्फरन्स मेळववानी जरुरीयात सिद्ध थाय छे अने जो ए जरुरीयात आपणे न पुरी पाडी होत तो आपणे आपणी फरजथी चुक्या गणात. बंधुओ, आपणी कोम साधारण रीते सुखी गणाय छे परंतु कांई कोममां सघळाज सुखी छे एम कहेवाय नहीं. केटलाको एवा पण हशे के जेओने नाणानी मददनी जरुर हशे, केटलाको बुद्धिशाळी छतां शक्ति विना पुरती केळवणी लेई शकता नहीं पण होय, घणाओ ऊंचा प्रकारनी केळवणीथी साधनना अभावे बेनसीब रही जता हशे, अने थोडाओ मदद विना

निराधार स्थितिमां अथडाता पण हशे. आवा आपणा बंधुओने जोइती मदद आपवी ए आपणी जैन तरीकेनी आइन फरज़ छे केमके आपणे तो जिव दया धर्मने पुजनारा छइए जेथी कीट जेवा जंतुओने पण बहु काळजीथी बचावाय तो बचावी लेवा बंधाएला छीए, तो पछी आपणा सहधार्मिक जैन बंधुने तो गमे ते जोखमे मदद आपवाने पछात पडवुं ए तो आपणा पवित्र धर्मथी पतित थवा बराबर गणी शकाय.

## मुसलमान कोमनो दाखलो मोजुद छे.

आपणा करतां साधारण रीते अज्ञान गणाती मुसलमान कोमनो दाखलो आपणी नजर आगळ तरे छे. ए कोम मिस्कीन कोम तरीके जाहेर छे छतां पण अलीगढ कॉलेज जेवी नमुनेदार कॉलेज स्थापी छे, वळी पोतानी कोमनां अनाथ बाळको माटे यतीमखाना पण उघाडवा शक्तिमान थई छे अने दरवर्षे केळवणीनो सवाल चर्चवा कॉन्फरन्सो मेळवे छे, अने पोताना दिनदार मुसलमानभाईओनी स्थिति सुधारवा आगेवानो महेनत ले छे तेने आखी कोम जिगरथी यथाशक्ति मदद आपे छे अने केळवणीनो फेलावो करवा छुटथी स्कोलरशिपो स्थापि ते नभाववा रुपीस्कीम अमलमां मूकी छे. मुसलमान जेवी पैसे टके ओछी गणाती कोम जमानाने वरती गई छे छतां आपणे के जे पैसे टके जरा ठीक गणाइए छीए ते पछात पडीए तो आपणे आपणा धर्मनुं रहस्य समजी शकता नथी एम कही शकाय. परंतु सुभाग्ये आपणे आपणा आगेवानोनी दुरंदेश नजरथी वखतसर जाग्या छीए अने जाग्या पछी पण आवी कॉन्फरन्सो मेळवी बीजा बंधुओने जगाडवानो यत्न करीए छीए एज आ कॉन्फरन्सनो खास हेतु छे. हिंदना चारे खुणे नजर फेंकतां जणाय छे के शीख, कायस्थ, मेश्री तथा अगरवाल वणीक, बंगाळी बाबुओ, मराठा तथा दक्षणी ब्राह्मणो अने गुजरातनी घणी खरी जातो तेमज पारसी अने मुसलमान कोम पण जागी छे ने जाग्या त्यांथी सहवार गणीने पोत पोतानी कोमनी स्थिति सुधारवा मंडी पडी छे. आपणे पण अंते जाग्या छीए अने आज चार वर्षथी परिश्रम करवा मंड्या छीए. जनरल कॉन्फरन्स ठरावो करे छे तेने अमलमां मूकवा ठामोठाम मुनिमहाराजो उपदेशो आपता फरे छे अने ए माटे अमुक विभागना जैन समुदायमां ए ठरावो अमलमां मूकाय तेनी व्यवस्था करवा आवी कॉन्फरन्सो मळे छे, अने तेने आप पधारीने आपनी अनुमति आपो छो एज कही आपे छे के आवी कॉन्फरन्सोनी खास जरुर छे.

## आ कॉन्फरन्सथी थवाना लाभो.

आ तरफ गामडांओना घणा लोको जो के बहार देशावरना वेपारी छे तो पण मोटो भाग एवो छे के जेओ मुंबाई, वडोदरा विगेरेनी कॉन्फरन्समां भाग लेई शक्यो नहीं होय तेवाओने माटे आ कॉन्फरन्स खास जरुरनी छे; वळी आवा मेळावडाथी भ्रातृभावमां वधारो थई अरसपरसनी मददनी किंमत आंकी शकशे अने जैन समुदायनुं हित तेज आपणुं हित छे एवो विचार द्रढ करतां पण शीखशे. आ कांई जेवो तेवो लाभ नथी.

## आ कॉन्फरन्सने मदद आपनारनो उपकार.

जे जे जैन बंधुओए आ मेळावडाने फतेहमंद उतारवा तन मन धनथी मदद आपी छे ते सव ळानो उपकार मानतां मने आनंद थाय छे केमके आपना जेवा गृहस्थो दुर पल्लेथी पधारी तेमां सामेल

थवाने आकर्षाया छो ते तेवाओना परिश्रमने लेईनेज छे अने जे कांई अल्प सेवा बजाववा अमे शक्तिमान थया छीए ते पण तेओनेज लीधे छे.

## छेवट

आप सघळा स्वधर्मी भाइओनो छेवटे हुं आपे लीधेली तकलीफ माटे आभार मानुं छुं अने आप आपनी दानाईथी अमारी खामी तरफ दरगुजर करी जे कांई यथाशक्ति आपनी सेवा करवामां आवे ते फुल नहीं ने फुलनी पांखडी समजी अमारी सेवा वधारशो कारण के यजमान परोणाओने राजी राखवा बंधायलो छतां अमारी स्थानिक अगवडोने लीधे अमे जोईए तेवी सगवड करी पण न शकीए. संघनी सेवा करवानुं काम आपणा धर्ममां बहु श्रेष्ठ गणेलुं छे अने तेवा श्रेष्ठत्वने पामवा अमे उत्सुक छतां अमारा मानवा प्रमाणे केटलीक अडचणोने लीधे ए काम अमे सांगोपांग उतारी पण न शकीए. तेथी आपे मोटुं मन राखी माफ करवुं आपने उचित छे. छेवटे आप सघळा बंधुओ आ कॉन्फरन्सना काममां उलटथी सामेल रही तेने फतेहमंद उतारवा कमीना नहींज राखो एवा विश्वासमां हुं आपनी रजा लेई मारुं बोलवुं पूर्ण करुं छुं.

## प्रमुख नीमवानी दरखास्त.

त्यार बाद प्रमुख तरीके मि० ढढानी निमणुक करवानी दरखास्त करतां वकील डाह्याभाई हकमचंदे नीचे प्रमाणे भाषण कर्युं:—

"मानवंता शेठसाहेबो सद्गृहस्थो अने बानुओ:—

पेथापुरना संघ तरफथी नीमाएली रीसेप्शन कमिटीए आ प्रसंगे मने जे काम बजाववा फरमावेलुं छे ते बजाववामां मने घणो आनंद थाय छे. ते कयुं ? तो ते आपणी आ गुजरात उत्तर विभागनी प्रांतीक कोन्फरन्सना प्रमुखनी नीमणोक करवा संबंधीनुं छे अने तेथी ते प्रमुख नीमवानी दरखास्त मुकतां पेहेलां मारे कहेवुं जोईए के प्रमुख केवा गुणवाळा होवा जोईए. तेमनामां बीजा गुणोनी साथे ते लोकोमां सारी प्रतिष्टा पामेला, विद्वान, धर्ममां पूर्ण श्रद्धावाळा अने सारी वक्तृत्वशक्तीवाळा एटले जेमनी वाणी एवी मधुर अने प्रीय होवी जोईए के सभासदोनां मन तेथी रंजन थई जाय तेवा होवा जोईए. वाणी ए केवो उत्तम गुण छे ते माटे एक नीतिशास्त्रकार कहे छे के—

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजाः ॥
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

एटले पुरुष केयुराथी ( कंकणथी ) शोभतो नथी तेमज चंद्र जेवा उज्वल हार पेहेरवाथी शोभतो नथी तेमज स्नानथी अथवा विलेपनथी अथवा तेल अत्तरथी वाळ ओळावी तैयार राखवाथी ते शोभतो नथी पण जेनी वाणी घणी शुद्ध अने मधुर होय तेज शोभे छे एटले बीजा दागीमानो नाश थाय छे पण वाणी ते खरुं भूषण छे.

आवी रीतना प्रमुखना गुण जोइए अने तेवा गुणोयुक्त प्रमुखने लायक आपणामां गण्यागांठा माणसो छे तो पण मने आ प्रसंगे कहेवाने खुशी उपजे छे के आपणा अमदावादना शेठीआओ तेमां मोटो भाग धरावे छे अने तेनो ताजो दाखलो आपणा अमदावादना नगरशेठ चिमनभाई लालभाईए थोडा दिवसपर आमलनेरमां भरायेली कॉन्फरन्सनुं प्रमुखपणु स्वीकारी जे फतेह मेळवी छे ते कही आपे छे, तेमज शेठ लालभाई पण पोतानी लायकात आपणने घणी रीते बतावी चूक्या छे, तेमज अमारा शेठ मनसुखभाई भगुभाई तथा तेमना भाई शेठ जमनाभाई जे अत्रे पधारेला छे तेओ हमेशां जैनोने मदद सारी आपे छे अने आशा छे के तेज प्रमाणे बीजा शेठीया अने विद्वानो हिंमत करी बहार पडशे.

मारा मुळ विषयपर आवतां उपर बतावेलां गुणयुक्त प्रमुख थवाने मि. गुलाबचंदजी ढढा बधी रीते लायक छे एम अमे मानीए छीए अने तेथी हुं मि. गुलाबचंदजी ढढाने आ प्रांतिक कॉन्फरन्सना प्रमुख निमवाने दरखास्त करुं छुं.

आप साहेबो तेमना पोताना केटलाक गुणोथी सारी रीते वाकेफ छो एटले ते संबंधी जो के वधारे कहेवानी जरुर रहेती नथी तो पण वधु ओळखने माटे मारे कहेवुं जोइए के तेओ एक तवंगर उमदा कुटुंबना नबीरा छे. तेमना वडील तीलोकशाजीसंगजी हता तेओ करोडाधीपती हता अने तेमना वडीले आपणा जैन मंदिर बनाववामां तेमज यात्रा करवामां मोटी रकमो खरचेली छे अने अजमेरवाळा रायबहादुर शोभागचंदजी तेमना नजीकना पीत्राई थाय छे. मि. गुलाबचंदजीना पिता सागरचंदजी एवा मातबर हता के तेओ प्रथमनी ओरत परण्या ते वखते बंने बाजुवाळाए लग्नमां सुमारे ४ लाख रुपीआ खर्च्या हता अने ते ओरत गुजरी गया पछी तेओ किसनगढना मोटा आबरुदार जागीरदारनी पुत्री जेमनुं नाम बाई राजकुंवर छे तेमनी साथे लग्न कर्यां हतां अने तेमणे नानपणथीज धर्मसंबंधी सारुं ज्ञान आपवामां आव्युं हतुं अने तेज बाईसाहेब मि. ढढाना मातुश्री छे. तेओनी धर्म उपर घणी सारी श्रद्धा छे अने पोते भणेलां छे अने तेवी स्त्री केळवणीथी केवुं सारुं परिणाम आवे छे ते तेमना दीकरा आपणी कॉन्फरन्सना प्रमुख मि. ढढानी धर्म उपरनी श्रद्धाथी जणाई आवे छे.

मि. ढढा पोते इंग्रेजीनी ऊंची परीक्षा जे एम. ए. नी छे ते ऊंचा नंबरे पास थया छे अने जो के तेओनुं इंग्रेजी ज्ञान ऊंचा प्रकारनुं छे तेना साथे धर्मपर पूर्ण श्रद्धा छे तेथी आपणा ग्रेज्युएटोपर धर्मनी श्रद्धा होती नथी एवो जे आक्षेप करवामां आवे छे ते तेओ साहेबना वृत्तांतथी केवो खोटो छे ते जणाई आवे छे.

वळी तेओ साहेब जेपुर स्टेटना डिस्ट्रिक्ट माजिस्ट्रेट अने रेवन्यु कमिशनरना मानवंता ओद्धापर हाल बिराजे छे.

आपणामां जे कांई कॉन्फरन्स भरवानी जागृति थई छे ते तेओ साहेबनी मेहेनतनुं फळ छे. केमके तेओए घणी मेहेनत लीधाथी आपणी जैन कॉन्फरन्स हस्तीमां आवी छे अने तेओने "कॉन्फरन्सना पिता"नुं जे नाम आपवामां आवे छे ते तमाम रीते व्याजबी छे.

तेओ साहेब आपणी जैन कोमनी उन्नती माटे तन,मन अने धनथी सतत् प्रयास करता रह्या छे अने आपणा जैन बंधुओने उंची स्थिति उपर चढता जोवा ते हमेशां घणा आतुर छे एटलुंज नहीं पण तेने माटे तेओ पोताना अमुल्य वखतनो घणो भोग आपे छे.

तेओ साहेबनां मातुश्रीना सामान्य उपदेशथी अने धर्म संबंधी ऊंचा ज्ञानना लीधे तेओ आवी सारी लागणीवाळा थया छे अने आवा सारा उमदा कुटुंबना धर्मनी श्रद्धावाळा अने विद्यावंत नरने पेथापुरनो संघ प्रमुख तरीके मेळववाने भाग्यशाळी थयो छे तेथी अमोने घणो आनंद थाय छे अने ते आनंदनी साथे हुं आ दरखास्त आप साहेब रुबरु मुकुं छुं तो तेने वधावी लेशो. "

आ दरखास्तने टेको आपतां शेठ मोतीचंद भगवाने प्रमुख साहेबनी प्रसंशा करी हती अने तेने **शेठ** मनसुख रवचंद, शेठ जेशिंग साकरचंद अने वकील मनसुखराम मुळचंदे अनुमोदन आपतां मि० ढढाए ताळीओना अवाज अने जय जिनेंद्रना पोकारो वचे प्रमुखनी खुरशी लीधी अने नीचे प्रमाणे पोतानुं भाषण आप्युं हतुं.

---

## प्रमुख साहेबनुं भाषण.

### ॥ ॐ नमः सिद्धेभ्यः ॥

### तत्रादौ मंगलाचरणम्.

प्राकारैस्त्रिभिरुत्तमा सुरगणैस्संसेविता सुन्दरा
सर्वाङ्गैर्मणिकिङ्किणीरणरणज्झाङ्काररावैर्वरा ॥
यस्यानन्यतमासु भूमिरभवद् व्याख्यानकाले ध्रुवं
स श्रीदेवजिनेश्वरोऽभिमतदो भूयात्सदा प्राणिनाम् ॥ १ ॥

नमितनम्रसुरासुरकिन्नरचरणपङ्कजबोधिदपारग ॥
प्रथमतीर्थंकरप्रविशारदप्रभवभव्य जनायसुसौख्यदः ॥ २ ॥

ये पूजितास्सुरगिरौ विविधैः प्रकारैः
क्षीरोदसागरजलैरमरासुरेशैः ॥
जन्माभिषेकसमये वरभक्तियुक्तै-
स्ते श्रीजिनाधिपतयो भविकान् पुनन्तु ॥ ३ ॥

गतौ रागद्वेषौ विविधगतिसंचारजनकौ
महामल्लौ दुष्टावतिशयबलौ यस्य बलिनः ॥
प्रभोर्देवार्यस्य प्रचुरतरकर्मारिविकलं
नमामो देवं तं विबुधजनपूजाभिकलितम् ॥ ४ ॥

प्रियधर्म बांधवो, गुजराती डेलीगेटो, अन्य सद्‌गृहस्थो और सूशील बहेनो!

श्रीजिनेश्वर देवकी इस समयपर मांगलिक स्तुति करते हुवे आज मुझे अत्यंत हर्ष उत्पन्न होता है कि में मेरे प्यारे गुजराती भाईयोंकी इस प्रान्तिक समाजमें उपस्थित होकर कृतार्थ हुवा. और जो २ शुभ कर्तव्य आप महाशय यहांपर पधारकर करनेकेलिये कटिबद्ध हुवे हैं उनकी कार्यवाहीमें में शामिल होसका. मुझे इसही प्रकारकी खुशी आमलनेर दक्षण प्रांतकी समाजमें शामिल होनेसे उत्पन्न होती परन्तु कई कारणोंसे वहां न जासका और इस जगहभीमें अपनी हाजरी दैवयोगसेही समझता हूं. और इसही लिये मुझे और भी ज्यादा खुश होनेका मोका मिलाहै, और आप साहबोंनें कृपा करके इस प्रांतिक कोनफरन्सके प्रमुखके पदकी महान् इज्जत जो मुझे बक्षी है उससे मुझे इतना ज्यादा आल्हाद हुवा है कि उसको शब्द द्वारा प्रकट करने और आप साहबोंका उपकार माननेमें में असमर्थ हूं. राजपुताना, पंजाब, गुजरात, काठीयावाडमें कइबार जगह २ सभावें करके मेंनें आप साहबोंकी सेवा करके अपनी जात और धर्मोन्नत्तिके वास्ते भाषण दिये हैं और आप साहबोंकी सम्मत्तिसे श्रीफलोर्द्धातीर्थ क्षेत्रपर अपनी महान सभाका पाया डाला है और फिर इस महासभाके जलसोंमें बक्तातरीके आपकी सेवा बजाइ है और आप साहबोंनें विश्वास करके चारों जनरल सैक्रैटेरीयोंकी पंकतिमें रखकर कोनफरन्सके एक खास रेजोल्यूशन द्वारा आपनें हमको आपकी सेवा करनेका मान दिया है परन्तु इस प्रसंगपर जो बेहद इज्जत और आबरू आप साहबोंनें मुझे बक्षी है उसका आपको अधिक धन्यवाद देते हुवे इस बातको प्रगट करना मे मुनासिब और जुरूरी समझता हूं कि में अपने आपको इस कदर इज्जत और मानके लायक नहीं समझता हूं. बहतर होता कि इस प्रान्तिक कोनफरन्सके प्रमुखके जिमेदार पदके लिये आप साहब इस ही प्रांतके किसी विद्वान, बुद्विवान, धर्मवान, आगेवान, लायक सद्‌गृहस्थको पसंद करते; क्योंकि यद्यपी यह प्रान्तिक सभा अपने कुल जैन समुदायकी एक बडी शाख है और इसका काम काज उसही महासभाके अनुकूल और उसको पुष्टी देनेवाला होगा तोभी इस सभामें उत्तर भाग गुजरात प्रान्तकी खुसुसियत लगी हुई है, कि जिसकी कार्यवाही उमदा तौरसे गुजरातके सद्‌गृहस्थ सेही होना संभव था परन्तु इज्जत पर इज्जत बक्षना पसंद करके आप साहबोंनें उमंग और उत्साहपूर्वक जो इस सभाका प्रमुखका पद मुझे दिया है—कि जिस श्रीसंघकी दीहुई आबरूको में अपने दुनियाकी कुल इज्जत व आबरूसे कइ दरजे अधिक समझता हूं—उसके लिये में श्रीसंघको अपने अन्तःकरणसे कोटीशः धन्य बाद देता हूं; और परमात्मा देवसे प्रार्थना करता हूं कि आपने जो विश्वास मेरे अंदर कीया है उसही मुवाफिक मेरे अन्दर भी वह शक्ती दैवयोगसे पैदाहो कि जिससे में आपकी सहायताके साथ इस सभाके शुभकार्यको इच्छित कामयाबीके साथ पार उतारूं. मैं फिर एक बार इस बातको प्रगट करनेके लिये इजाजत लेताहूं कि इस वक्त मेरे रुखसत लेकर यहां आनेमें कइ मुशकिलात दर पेश आई हैं परन्तु पेथापुर संघके बेहद आग्रहसे और जैन समुदायकी जहांतक मुमकिन हो सेवा बजानेकी नियतसे में बगैर किसी तरहकी तय्यारी और सोच विचारके आपके रोबरू हाजर हुवा हूं और यह प्रार्थना करनाभी मुनासिब समझता हूं कि आपके स्थनिक रीतीरिवाजसे में सम्पूर्ण तोरसे वाकिफकार नहीं हूं इसलिये अपनी इस शुभ प्रांतिक सभाके कामकाजमें मेरी तरफसे नावाकफितके सबबसे जो कमी रहजावे तो आप साहब क्षमा करेंगे और इसही लिये में आशा करता हूं कि आप सब साहब एकमन, एकदिल, एकवचन होकर इस कामको खास अपना समझकर और मुझेभी खास आपका सेवक समझकर बहुत खुशीके साथ समाप्त करेंगे.

इस मोके पर श्री पेथापुर निवासी जैन भाईयों की हिम्मत, बल और पराक्रम की नोंध लेते हुवे मुझे खुशी होती है कि थोडे दिनों पहिले जो स्तुतिपात्र कामे दक्षिण प्रांत की जैन समुदाय ने आमलनेर में प्रांतिक कोनफरन्स करके महा सभा की पुष्टि के वास्ते किया है उसही का अनुकरण करते हुवे इस पेथापुर गांम की नानी जैन समुदाय नें खास करके इस हालत में कि यहां पर अच्छी तालीम पाये हुवे जैनियोकी संख्या बहुत ही कम है उत्तर विभाग गुजरात प्रान्तिक कोनफरन्स इकट्ठी करनेकी भारी महनत उठाकर महासभा के कामों में बडी भारी मदद दी है और अन्य शहरों व प्रांतों के धनवान, बुद्धियान, विद्वान, धर्मात्मा जैन महाशयों के वास्ते एक बेनजीर नमूना पैदा किया है कि जिस हिम्मत के लिये में अपनी तरफ से तथा आप सब साहबों की तरफसे पेथापुर के संघ को अपने खरे अन्तःकरण से धन्यवाद देता हूं.

सबसे पहीले में आप का ध्यान इस तरफ खेंचना उचित समजता हूं कि आप सब साहबों को महासभा तथा प्रान्तिक सभा की आवश्यक्ता पर पूरा पूरा ध्यान देकर ऐसा विचार करना चाहीये कि जिससे हमलोगों का परिश्रम उठाकर दूर दूरसे आना और हमारे स्थानिक स्वामि भाईयों का अथाग श्रम और द्रव्य व्यय सफल होवे. आपलोगों को अच्छी तरह मालुम है कि अपनी जात और अपना धर्म इतफाक ( सम्प ) से कायम है और इस सम्प का महातम्य अपने देव और गुरुनें भली प्रकार बतलाया है—जिस समय श्री तीर्थंकर भगवान की समवसरण रचना होती है उस समय देव देवांगना, मनुष्य, स्त्रियां, साधु, साधवियें और हर किस्म के तिर्यंच उस समवसरण में अपने २ स्थान पर बैठते हैं. इनमें कई प्राणीयों में परस्पर विरोध भी होता है-तिर्यंचों में बहुत से तिर्यंच एसे होते हैं कि जिन में परस्पर से जाती द्वेष चला आता है और जो अन्य स्थल व अन्य समय में ऐक दूसरे पर हमला करके प्राणघात करने को तय्यार होते हैं परन्तु श्री वीतराग के अतिशय से उन प्राणीयों के परस्पर का विरोध शम हो जाता है और वह सब आपसमें अपनी अदावत को, तडों को, बैर भाव को छोड कर प्रीति भाव को गृहण करते हैं और प्रीतिपूर्वक जिनेश्वर भगवान की वाणी को सुनते हैं. हमेशा किसी खास काम को किसी खास कायदे के मुवाफिक करते रहने से उस काम के करने की आदत पड जाती है और इस आदत के मुवाफिक तीर्थंकर देवके अभावमेंभी वह विरोधी जीव परस्पर मित्राइ रखते हैं. सच्या जैनी वह ही है कि जिसका घर हर गांवमें हो. इस पर गौर करने से मालुम होसकता है कि यह बात तो सब जैनीयों के लिये नामुमकिन है कि वह अपना २ घर हर गांममें बनावें. इसका मतलब यह ही है कि जैन धर्मानुयायी को हर गांमके जैनीयों के साथ ऐसी प्रीति करना वाजिब है कि जिस गांममें वह जावे वहां उसको अपने घरका सा आराम मिले—यह बात उसही वक्त हो सकती है कि जब आपस में सम्प हो. इस ही तरह पर तीर्थयात्राके निमित्त संघ के निकालने से धर्मलाभ होने के उपरांत देशदेश के जैनीयों में सम्प की वृद्धि होती है क्योंकि अवल तो उस संघमें ही कइ अन्य गांवों के मनुष्य इकट्टे होते हैं जिनमें कइ दिनों तक एक साथ रहने से आपस का मेल जोल बढता है और जिस २ गाममें होकर वह संघ जाताहै उस २ गांमके जैन समुदाय के साथ अवश्य प्रीति बढती है. जब नंद राजाके समय में बारा वर्षका दुःकाल हुवा उस वक्त भिक्षाके न मिलनेसे एक भद्रबाहू स्वामीको वर्जके सब साधु महात्मावों के कंठामसे द्वादशांग के

पुस्तक सब विस्मृत होगये थे. दुर्भिक्षके मिटने पर पाटलीपुत्र नगरमें सब साधू इकठे हुवे और सम्मण कोनफरन्स करके जिस २ साधू की जो जो पाठ कंठ रह गया था उस सबको संधान करके एकादशांग तो पूरे किये-और नैपाल देशमें श्री भद्रबाहू स्वामीके पास श्री स्थूल भद्रजीनें पहुंच कर दश पूर्व सूत्रार्थ से और चार पूर्व सूत्र मात्र पढे—पीछे श्री स्कंदिलाचार्य के समय में बारा वर्षीय पुनःकाल पडा जिसमें क्षुधादोषसे चमत्कार दिखलाने वाले बहुत से शास्त्र नष्ट हो गये--परन्तु सुभिक्ष होनेसे मथुरा नगरीमें श्री स्कंदिलाचार्य प्रमुख श्रमण संघनें एकत्र होकर अपनी २ यादके मुवाफिक मथुरा नगरी में पुस्तक जोडे. और इसहीं वास्ते इसको " माथुरी वांचना " कहते हैं. और जो सूत्रार्थ श्री स्कंदिलाचार्यनें संधान करके कंठाग्र प्रचलित कीयाथा उसको श्री देवर्द्धिगणि क्षमाश्रमणजीनें एक कोटी अर्थात् एक करोड पुस्तकों में आरुढ कीयाथा. और अब इसही ज्ञान का एक अंश अपनी समुदाय में फैला हुवा है.

मेरे ऊपर के विवेचनसे आप साहेबोंको विदित हूवा होगा कि सम्पसे क्या फायदे होते हैं और कुसम्प से क्या क्या नुकसान पैदा होते हैं. अगर अपने महान पूर्वाचार्य अभिमान के छाजे बैठकर गच्छ, विद्या, बडे छोटेका खयाल करके आपसमें न मिलते और हरेकको याद रहे हुवे ज्ञानको एकत्र नहीं करते तो क्या जो अंश ज्ञानका इस वक्त रहगया है वह मिलसकता था ? धन्य है उन महात्मावोंको कि जिनहोंनें परोपकारार्थ इतना श्रम उठाकर हमारेवास्ते एक अमूल्य विरासत छोडी है. अगर आजकलके प्रचलित खलायात उन महात्मावोंके दिमागोंमें भी ठसेहुवे होते तो मैं नहीं कह सकता कि ज्ञानके अभावमें हमारी क्या दुर्दशा होती. उनके पश्चात मुसलमानी राज्यके गडबडमें अपने पुर्खावोंको एसी समाजोंके इकठे करने का मोका नहीं मिला और इसही कारणसे जो भ्रातृ भाव कुल हिंदुस्थानके जैनीयोंमें जो होना चाहिये वह देखनेमें नहीं आता और जो जो खराबीयां धर्म और समाज पक्षमें देखी जाती हैं वह सब इसहीका नतीजा है. परन्तु अब अंग्रेजी राज्यमें हमलोगोंको फिर वह मोका मिला है कि हम अपने बुजुर्गोंके रस्तेमें चलकर महासभायें करके अपने जात और धर्मकी उन्नत्ति करें.

इस जगह यह प्रश्न होसकता है कि सम्प सम्प पुकारनेसे सम्प कैसे हो ? वह रस्ता कोनसा है कि जिसमें चलनेसे सम्पदेवीकी सहायता मिले ? इस प्रश्नका उत्तर तो आसान है परन्तु उस उत्तरके मुवाफिक आचरण करना आप सब साहबोंके हाथमें है. हमारी समाजमें वृद्ध, युवा और बालक, धनाढ्य और गरीब, विद्यावान और भोले, बुद्धिवान और कम फहम, आजवान और साधरण स्थितीके भाइ मोजूद हैं. इन सबकी रहनुमाइके वास्ते दो दिलचस्प दृष्टांत देनेकी आवश्यक्ता समझकर अवलतो आपका ध्यान उन ५०० सुभटोंकी तरफ खेंचना चाहताहूं कि जो नोकरीकी तलाशमें निकलकर एक राजाके पास पहुंचे. राजानें उनकी परिक्षा करनेके लिये कि इसमें आपसमें सम्प है या नहीं और इनका बरताव फौजी कायदेके मुवाफिक है या नहीं, उस सबके वास्ते एक खाट, एक बिछूना, एक पानीकी मटकी भेज दी और उनकी चेष्टा देखनेके वास्ते अपने नोकरोंको उनकी निगहबानीपर बैठा दिया. उक्त सुभटोंनें अपने आपको एक दूसरेसे ज्यादा अकलमंद और उंचा समझकर राजाकी भेजी हुइ वस्तुके हरेकने गृहण करनेकी अभिलाषामें आपसमें लडाइकी इसकी खबर राजाको मिलनेसे राजानें उनका अनादर करके निकाल दिया कि जिसके सबबसे उनको उनका इच्छित फल नहीं मिलसका.

इन सुभटोंकी जैसे अगर आप सब साहब मानके छाजे चढकर एक दूसरेसे लडोगे या अपनेसे ज्यादा श्रेष्ठ और बुद्धिवानका आदर न करके अपनी बुद्धिका अभीमान करोगे तो आप सब साहबोंका इस कदर श्रम उठाना फोकट जावेगा. हम लोगोंको हमारे कोनफरन्सकी तरक्कीके वास्ते कि जिसके साथ हमारी सामाजिक और धार्मिक उन्नति लगीहुई है उस भोले जीवके मुवाफिक बरताव करना चाहिये कि जिसकी कथा इस तरह पर है:—एक भोले जीवकी स्त्री हमेशा कथा सुनने जाया करतीथी और वापस आकर अपने पतिसे कहा करतीथी कि कथामें अमृत बरसता है. एक दिन उस भोले प्राणीके मनमें अमृत पान करनेकी इच्छा हुइ तो अपनी स्त्रीके साथ कथामें गया. परमाद बस होनेसे नींद आगई, आंख मिचगई, मूंह खुलगया इतनेहीमें एक श्वानने मोका पाकर उसके खुले हुवे मूंहमें पेशाब करादिया कि जिसका स्वाद खराब लगा. घर आकर अपनी स्त्रीसे बोला कि मेरे मूंहमें तो अमृतकी जगह कुच्छ खराब स्वाद आया. स्त्री चातुरा थी जबाब दिया कि कल जुरूर अमृतका स्वाद आवेगा. अमृतके लालचसे फिर दुसरे दिन वह भोला जीव कथामें गया और परमादबस हुवा. स्त्रीनें मोका पाकर मिश्रीकी डली उसके खुले मूंहमें डालदी कि जिसके स्वादसे वह भोला मनुष्य आनंदित होकर कथामें हमेशा जाने लगा किजिस कारणसे उसको धर्ममें रुचि होकर वह धर्मात्मा होगया—इस द्रष्टान्तसे अपने लोगोंको यह सारांश निकालना चाहिये कि जिस तरहपर वह भोला मनुष्य अपनी स्त्रीके कथनपर दृढ रहकर प्रथमदिन खारा स्वाद आने परभी अमृतके लालचसे फिरभी वह कथामें गया और ज्ञानका उपदेश सुनकर धर्मात्मा होगया वैसेही चाहो अपनी बुद्धि अपनी महासमाजके काम-काजमें दोडे या नहीं अथवा हम महासमाजके फायदोंसे वाकिफ हो या नहीं परन्तु हम सबको एक यह दृढ विश्वास होना चाहिये कि हमारी कोमके आगेवान, धनवान, बुद्धिवान जिस कामको तन मन धन लगाकर प्रयत्न कररहे हैं वह अवश्य श्रेष्ठ है और हमको उनके बतलाये हुवे रस्तेमें चलकर उनकी मदद पर रहना श्रेष्ठ है. जब यह दृढ विश्वास हरेक जैनीके दिलमें पैदा हो जावेगा सम्पका संगीन पाया डाला जावेगा और जिस कामको करना विचारेंगे करसकेंगे क्यों कि एक तृण किसी कामके करनेको अशक्तहै परन्तु जब कई तृण मिले जाते हैं और एक डोरीके साथ बन्ध जातेहैं तो हर जगह सफाइ करदेतेहैं. अपनेभी सम्पकी डोरीके अन्दर बन्धनेसे अपनी समाजभी कंइ शुभ कार्य करसकती है. एक बिन्दू पानीका पृथ्वीपर पडते ही सूकजाताहै परन्तु कई बिन्दूवोंका समूह होनेसे नदी बहकर जो मुकाबला करताहै उसहीको अपने प्रवाहके वेगमें तृणसमान बहा ले जाताहै. हमलोग पृथक २ कुच्छनहीं करसकते जब नदी के प्रभा के मुवाफिक हम सबका सम्प होकर एक प्रवाह चलेगा तो आजकल जो जो शंकट दुष्ट जीवोंकी तरफसे अपने समाजपर डाले जाते हैं उन दुष्ट जीवोंका पराजय होकर तृणवत वह पापी हमारे सम्पके प्रवाहमें ठोकर खाते टक्कर खाते बुरी हालतके साथ बहते हुवे चले जावेंगे. अच्छे समझदार राजावोंका Divide and rule अर्थात् तड डालकर निर्विघ्न राज्य करनेका विचार रहताहै परन्तु जिनमें तड पडजाती है उनका सत्यानाश होजाताहै. "घरकी फूट घर को खाये" इस कारण चाहो किसीभी समय किसीभी खयालसे अपने अन्दर तडें पडी-हो उन तडोंको अब कायम रखनेसे अपना भला और सुधारा हरगिज नहीं होसकताहै. उन तडोंको तोडकर एक होकर सुधारा करनेका अब समय आगया है. और यह सुधारा इसही तरहपर होसकताहै कि जो जो प्रस्ताव अपनी महासभामें हों या उनका अनुकरण करते हुवे जो जो प्रस्ताव अपनी प्रांतिक सभावोंमें हो उन प्रस्तावोंकी पावंदी पूरे तौरपर की जावे और यह पावन्दि जबही होसकती है कि जब

हर गांमके जैन मर्द और औरत इस बातपर कमर बान्धें. जिस तरहपर एक गांममें एक ज्ञातकी खास पंचायत होती है और उसके कायदोंकी पाबंदी सबको करनी पडती है और जो मनुष्य अपनी उलट बुद्धिसे उसके विरुद्ध आचरण करताहै तो उसके साथ पंचायती व्यवहार बन्ध करदिया जाताहै वैसेही ग्रामीन पंचायतकी जगह प्रान्तिक कोनफरन्सके कायदे समझे जावें. गांवके पुरुष स्त्रीकी जगह प्रान्तके मर्द औरत समझे जावें और जिस तरहपर गांवकी पंचायतके विरुद्ध चलनेसे वह मनुष्य पंचायतसे खारिज रहताहै वैसेही प्रान्तकी पंचायती सभाके कायदोंके खिलाफ जो कोइ आचरण करे उसको प्रान्तकी पंचायतमें शामिल न समझाजावे और उस प्रान्तमें उसके साथ कोइ व्यवहार नहीं रखाजावे. अगर यह प्रबन्ध कुल हिन्दुस्थानके पृथक् २ प्रान्तमें होजावे तो आशा की जाती है कि अपनी महासभाकी धारी हुई कार्यवाही बहुत जल्द फलीभूत होसकती है. मैं आशा करताहूं कि इस मामले पर प्रथम गौर करके आप साहब एक नकी ठहराव करके सिर्फ कागजी काम नहीं बलके एक या कई प्रबन्ध ऐसा करेंगे कि जिससे हमारा सुधारा बहुत जल्द होसके.

इस मामलेमें हरगिज दो राय नही हो सकती है कि सामाजिक और धार्मिक कॉन्फरन्सोंके इकठे होने की बहुतही जुरूरतहै परंतु कॉनफरन्समें सिर्फ छटादार भाषणोंके होनेसे या सभामंडपमें बैठकर परस्पर मुलाकत करनेसे ही कुच्छ सिद्धि नही हो सकती है. प्रथमकी दोचार कॉनफरन्सोंमें तो इतनी बातका पैदा हो जाना ही गनीमत समझा जाता है क्योंकि जो मसाला खंड विखंड पडा हुवा होता है उसको छांटछूंट कर किस्म वार करनेमें महनत पडती है परंतु एकदफे यह महनत उठा कर जुदे २ मसालेका ढेर अलहदा २ कर दिया जावे और फिर भी उस ढेरको उसही हालतमें रहने दिया जावे तो उससे कुछ फायदा नही पहुंच सकताहै. अपनी महासभाके तीन जलसोंमें यह महनत कर लीगई उसका नतीजा यह हुवा कि दक्षिणमें तथा उत्तर विभाग गुजरातमें प्रांतिक सभाये हुइ परंतु इन प्रांतिक सभाओंमें भी सिर्फ कागजपर प्रस्ताव लिखे जावें और तीन दिनकी मोज शोकके बाद तालिया बजाकर अपने २ घरोंको सिधारें तो मैं तो इस कार्यवाही को अब अपनी तरक्की पाई हुइ हालतमें फतेहमंद नही समझ सकता हूं. मेरी राय यह है और मैं उमेद करता हूं आप इस रायको पसंद करेंगे कि इस प्रांतिक सभामें आप साहब खास २ जरूरी बातों पर कि जिनके सुधारेकी आवश्यक्ता है ध्यान देकर उन पर चरचा करके खास एक ठहराव पर आकर उस ठहरावकी पूरे तौर पर पाबन्दी करनेकी अपने देवगुरुके समक्ष प्रतिज्ञा करेंगे.

भाईसाहबो ! मैं इस विषयपर और ज्यादा विवेचन करना चाहता था परन्तु एकही विषयपर ज्यादा विवेचन करनेसे उसकी ताजगीमें फरक आताहै. श्रोताओंका दिल और नये २ पुष्पों और फलोंपर दोडता है. अकल मंदोंको एक इशाराही काफी होता है इस लिये इस इशारेको आपके इनसाफपर छोडकर मे खुशीके साथ प्रगट करताहूं कि जिस महासभाको अनुमोदन करती हुई यह प्रान्तिक सभा हुई है उसमें मुख्य करके जीर्णमंदिरोद्धार, जीर्ण पुस्तकोद्धार, व्यवहारीक तथा धार्मिक केलवणी, निराश्रिताश्रय, जीवदया, जैन डाइरेक्टरी, हाणीकारक रीतरिवाज दूर करनेके बाबत और धार्मिक तथा अन्य शुभ खातोंका हिसाब बराबर साफ रखनेके बाबत विषय चर्चे गये है और इनहीपर सामाजिक और धार्मिक उन्नत्तिका आधार रखा जाकर कार्यवाही शुरु की गई है. अपने धर्ममें मुख्य तीन तत्व हैं:—१. देव, २. गुरु. ३. धर्म. चुनाचे इन तीन तत्वोंको पुष्ट करनेवाले यह ९ विषय हैं कि

जिनको अपनी महासभाने अपने हाथमें लिये हैं. अगरचे इस विषयोंपर अपने बुद्धिवान् भाईयोंने छटा-दार भाषण देकर श्रोताओंकी प्यासको अपनी सुशोभित ध्वनिद्वारा अमृतपान कराकर तृप्त किया है तौभी अपने इस प्रान्तके और खास करके उन भाईयोंके निमित्त कि जो अपनी महासभाके जल्सोंमें शामिल नहीं होसकेहैं किंचित उन विषयोंपर विवेचन करना मुनासिब समझताहूं कि जिनकी इस समय अपने इस प्रांतके भाइयोंके सुधारेके वास्ते आवश्यक्ता समझी जाती है.

सज्जनो ! सबसे पहिले मैं आपका ध्यान "निराश्रिताश्रय"के विषयकी तरफ खेंचना चाहताहूं अगरचे जोजो विषय अपनी महासभामें जिसजिस आरडरमें चर्चे गये हैं उनके खिलाफ इस जगहमें इस विषयको सबसे लेताहूं परंतु इस पर पहिलेही पहिले विचार करना बहुत जरूरी है. एक पुन्यवान धनाढ्य मनुष्यके परिवारमें सो सवासो मनुष्यथे उनके रहने के वास्ते उस भाग्यवाननें द्रव्य खर्च करके एक बड़ा बाग लगाया और उसमें अनेक प्रकारके मेवोंके और फूलोंके दरख्त लगाये उसही बागमें उनके आरामके वास्ते एक आलीशान मकान बनाया. पहननेके वास्ते उम्दा २ कपडे और गहने बनवाये, कई तरह की सवारीयां तय्यार कराई गरजके उसने बेशुमार धन खर्च कर अपने कुटुम्बको आराम देनेकी नियत से सब सामान तय्यार किया इतनेहीमें महामारीके पंजेमें आकर उस मनुष्यका कुटुम्ब सब नष्ट हो गया. ख्याल कीजये कि उस मनुष्यके दुःख की सीमा कहां कायमकी जा सकतीहै. इसही तरहपर चाहो हम केलवणीमें तथा जीवदयामें तथा डाइरेक्टरीमें तथा हानिकारक रीतरिवाजको दूर करने वगरहमें बेशुमार द्रव्य खर्च कर सुधारा करले परंतु जब उनका अनुभव करनेवाला प्राणि नष्ट हो जावेगा तो क्या हमारी हालत अफसोसके लायक नहीं हो जावेगी ? इस लिये पहिले वह साधन करने चाहीये कि जिनसे अपनी समाजकी स्थितीको नुकसान पहुंचकर अगर तरक्की भी न हो तो हालत मोजूदापर तो बनी रहै. पूर्व कालके महा प्रतापी आचार्योंने अपने तपोबलसे लाखों जीवोंको प्रतिबोध कर जैनी किये हैं आजकल वह रस्ता बिलकुल बंध है इस कारण अपनी समाजमें आदमी ज्यादा बढनेकी आशा करना तो अवकाश के फूल या घोडेके सींगवत है परंतु जो मोजूद है उन की संभाल करना हर जैनीका प्रथम कृत्य है. अपन लोग प्रायः करके महाजनी काम करते है इन दिनोंके दुकालोंनें तथा खोटे खोटे रीतरिवाजोंनें अपने स्वामिभाईयोंकी दशा खराब करदीहै. बहुतसे मरगये बहुतसे भूखे मरते हुवे स्वधर्मको छोड-कर रोटीयोंके लालच अन्य धर्मको गृहण कीया है. कितनी बडी शरमकी बातहै कि अपने लोग दिनमें अपनी २ शक्तिके मुवाफिक पेटभरकर मेवा मिष्टानका भोजन करें और अपने स्वामीभाई भूखे मरते हुवे इस चिंतामणी रत्नको हाथसे छोडकर अन्य धर्मको गृहण करें ? कितने बडे भारी शरमकी बात है कि जैनीयोंकी तरफसे ढोरोंपर तो दया लाई जाकर जगह जगह ढोरोंके आरामके वास्ते पांजरापोलें खोलीजायें और अपने स्वामीभाईयोंके ढोरों-सेभी कमदरजेके समजेजाकर उनकेवास्ते कोई आश्रम न खोला जावे. गाडर मुवाफिक इसवक्त अपनी गती होरही है परन्तु जबतक उसगती को न छोडा जावेगा अपना भला हरगिज नहीं होसकता है! मेरे इस कथनसे मेरा यह मनशा हरगिज न समझा जावे कि में पांजरापोलके खिलाफ हूं बल्के मेरा कथन यह है कि पहिले अपनी डाढीकी आग बुझाकर अपने पडोसकी डाढीकी आग बुझावेंगे तो अपना कल्याण होगा और अगर पहिले अपनें पडोसीकी डाढीकी आग बुझाने दौडेंगे तो न तो उसकी आग बुझासकेंगे न अपने प्राणको अपनी डाढीकी आग पहिले न बुझानेसे बचासकेंगे, इसही तरहपर हमारा इस वक्त उत्कृष्ट फर्ज है कि हमारे भाईबन्धोंमें जो भूखकी आग लगीहै.

उसको पहिले शांत करके पीछे दूसरे दरजेपर ढोरोंका खयालकरे—भाईयों, सोचो क्या हमारे भाइबन्ध ढोरोंसेभी गये बीते हैं कि जिनपर हमको दया नहीं आती? जब भूखसे मरकर या अन्यधर्मका अंगीकार करके अपने स्वामीभाई अपनी संख्याको कम करदेवेंगे तो अपने अंदर बल पराक्रम कहांसे आवेगा? गोया अपने भाईयोंकी सार संभाल न करनेसे अपने अंगोपांगको दुर्बल करनाहै. अपना फर्ज है कि अपने निराश्रित भाईयोंको और बहनोंको आश्रम देवें. अपने यतीम (मातापितारहित) बच्चोंकी परवरिश करके उनको पढाकर हुशयार करें तो अपना बल प्राक्रम बढसकता है. दुकालमें सैकडों हजारों बच्चे भूखसे मरजाते हैं अथवा रोटीके लालच अन्यधर्मको अंगीकार करते हैं यह कितने बडे अफसोसकी बातहै? दिन बदिन अपनी संख्या कम होती जातीहै—इस विषयको चर्चते हुवे मेरा हृदय फटता है और जहांतक विवेचन किया जावे थोडा है परन्तु अन्य विषयों परभी हमको इनसाफकी नजरसे देखनाहै इस कारण इस विषयको आप सब साहबोंके खोलेमें डालकर आपसे उम्मेदकी जाती है कि आप उसको जुरूर अंगीकार करेंगे और जैन समाजके सच्चे खैर खुहा बनेंगे.

## व्यवहारिक तथा धार्मिक केलवणी.

बांधवो! निराश्रिताश्रयके साथही साथ और उसही दरजेका जरूरी कर्तव्य विद्याप्रचारका है—मनुष्यमें और पशुमें विद्याकाही फरक है. विद्या न होनेसे मनुष्य पशुसमान है. पशूके सिंग पूंछकी जगह मनुष्यके डाढी मूंछ हैं—इस केलवणीमें पूर्वकालमें अपना समाज जो बहुत श्रेष्ट गिणी जातीथी उसकी आज यह दशा होगई है कि इस खातेमें अपना समाज सबके पीछे है और खास कर अहमदाबादसे उत्तर विभागके जैनी जिनके सुधारेके वास्ते यह कोनफरन्स इकट्ठी कीइ गई है बहुतही पीछे सुननेमें आये हैं और इस अफसोस दिलानेवाली दशाके कारण कुसम्प, कलह, कदाग्रह, ईर्षा, स्वार्थबुद्धि वगैरही होसकते हैं कि जिससे कोइ प्रबन्ध तालीमका नहीं होसकताहै. आप साहब अच्छी तरह जानते हैं कि अपने धर्म और समाजकी उन्नत्ति तालीम अर्थात शिक्षापर मुनहसिर है. यह शिक्षा दोप्रकारकी है:—१. धार्मिक. २. व्यवहारीक. आत्माको परमात्मा बनानेके वास्ते इन दोनों प्रकारकी शिक्षाकी आवश्यकता है. परन्तु अपने लोगोंमें इस तरक्कीके जमानेके मुवाफिक विद्याका ज्यादा प्रचार देखनेमें नहीं आता है क्योंकि अपने अंदर लिखना पढना सीखकर चिट्ठी लिखलेनेकोही पूरी तालीम समझ लीगई है और खयाल यह कियाजाता है कि क्यों ज्यादा लिख पढकर हमको नोकरी करना है? यह खयाल बिलकुल नेस्त नाबूद करदेनेके लायक है क्योंकि केलवणी अपने आत्माके सुधारेके वास्ते है अपनी बुद्धिके प्रकाशके वास्ते है अपनी जिम्मेदारीयोंका अनुभव होकर उन फर्जोंके अदा करनेके वास्ते है, अपने कर्तव्यके ठीक तोरपर समझनेके वास्ते है. इस लिये हे सज्जनो! मनुष्यको मनुष्य बनानेके वास्ते उसको ऊंचे दरजेकी तालीम देनेकी आवश्यकता है. परन्तु कहते हुवे अफसोस होताहै कि जिस प्रान्तकी यह कोनफरन्स है उसके लाखों जैनीयोंकी बस्तीमें शायद, अहमदाबादको छोडकर, पांच सातही जैनीग्रेज्यूएट हों अथवा ऊंचे दरजेकी संस्कृत तालीम पाई हो. और अहमदाबादमेंभी जैनीयोंकी संख्याके मुवाफिक ऊंची तालीम पानेवालोंका नम्बर नहीं है.

केलवणी मर्द और स्त्री दोनोंके वास्ते बराबर जरूरी है क्योंकि शिक्षासे ज्ञान होता है, ज्ञानसे कर्म क्षय होते हैं और कर्मके क्षय होतेसे मोक्ष होती है. जब अपने शास्त्रोंके हुक्मके मुवाफिक स्त्रीलिंगसेभी मोक्ष मिलता है तो फिर आजकलकी रुढीके मुवाफिक स्त्री शिक्षाको बिलकुल हाथसे छोड देना अवल तो

इसने प्राणीयोंके मोक्ष प्राप्त करनेके साधनमें खामी डालना है. दूसरे जो कलह, कदाग्रह, दुराचार, दुष्ट रिवाज वगरह इसवक्त हमारी स्त्रीसमाजमें प्रचलित होकर हमको तकलीफ दे रहे हैं वह सब स्त्रीयोंके सुशिक्षित होनेसे स्वयंमेव दूर होसकते है. तीसरे स्त्रीवर्गके शिक्षापानेसे उनके संतान अच्छे होसकते हैं क्योंकि बचेका शुरु जमाना जिन्दजीका उसके माता, बहिन, भुवा वगरह स्त्रीयोंकी सहोबतमें गुजरता है और पंदरह वर्षकी उम्र पहीले उसका दिमाख ऐसा कोमल और स्वच्छ रहता है कि उसवक्त जो बात अच्छी या बुरी उस बचेके दिमागपर नक्श कर दी जाती है वह उसकी आयंदाकी उम्रमें उसके भले बुरेके वास्ते हमेशा कायम रहतीहैं और उन आदतोंके मुवाफिक ही वह अपना भला बुरा आचरण रखताहै. अगर माता सुशिक्षित हो, धर्ममें दृढ हो, अन्य देवको न पूजतीहो, होली, दीवाली, सीतलाअष्टमीके प्रचलित बुरे रिवाजोंको न मानतीहो तो उसके संतानभी उसहीके मुवाफिक करेंगे. घरके अच्छे बुरेकी मुंतजिम स्त्री है और जब स्त्री मूर्ख हो तो उस घरकी उच्च दशा कहांतक आ सकती है आप साहब विचार कर सकते हैं. जितने दुनियामें बडे २ आदमी मसलन नैपोलीअन, वाशिंगटन, मेकाले वगरह हुवे हैं वह सब अपनी माताओंके सुशिक्षित होनेसे हुवे हैं. अपने इतिहासपर नजर डालनेसे मालूम होगा कि अपने सब तीर्थंकरोंके बारेमें साधुओंसे साधवीओंकी और श्रावकोंसे श्राविकाओंकी संख्या ज्यादा रहीहै तो खयाल करनेकी बात है कि उनको धर्मका तत्व और रहस्य मालुम हुवा जब उनकी संख्या बढी और बगर इल्मके ऐसा ज्ञान होना असंभव है इसवास्ते अपनी आयंदाकी बहबूदी और बहतरीके वास्ते हर सचे जैनीका प्रथम कर्तव्य है कि स्त्री शिक्षाकी तरफ ज्यादा तवजह देवे. अकसर यह सुननेमें आता है कि स्त्रीयोंको पडाकर क्या उनसे कमाइ करावोगे और इसका जबाब यह सुननेमें आताहै कि नहीं कमानेको तो हमही बहुत हैं परन्तु यह जबाब ना काफी और नादुरुस्त है. स्त्री शिक्षासे हमारा मतलब यहही है कि अवल तो उन का खुदका कल्याण हो और दूसरे हमारी संतान अच्छी हो. जब संतान अच्छी होगी तो हमारे स्त्री वर्गने हमारी कमाईमें इनडाइरैक्ट ( indirect ) मदद दी. अलावा इसके जब हम अपने व्यापार, धंधे या नोकरीमें हमारा बहुतसा वक्त लगाकर काम करते हैं तो फिर घरके इन्तजाम का बोझभी हमारे ही शिर पर डालना कितने बडे जुल्मकी बात है? अगर हम अपने घरका इन्तजामभी खुद ही करते हैं तो तो हमारे दिमागपर ज्यादा महनत डाली जाती है कि जो हमारे दूसरे कामों के लिये फिर निकम्मा हो जाता है और हम को उसही कदर नुकसान पहूंचता है और जो हम अपने घरका काम नहीं देखते हैं तो उसमें नुकसान लगता है अगर स्त्रीवर्ग सुशिक्षित हो तो वह घरका काम अच्छी तरह चलाकर हमारी कमाईमें बराबर मदद देनेवाली हो जाती है. स्त्री शीक्षाको पुष्ट करने वाली सबसे ज्यादा, मजबूत और अंगीकार करने लायक एक यह दलील है कि अपने परमोपकारी श्री रिषभ देव स्वामी नें अपनी पुत्री ब्राह्मीको अठराह प्रकार की लिपि सिखवाई है और स्त्रीका पढाना ठीक न होता तो अपने आदीदेव आदी गुरु यह बात कैसे करते--आजकल जो एक यह खयाल प्रचलित होरहा है कि स्त्री पढनेसे रांड होजाती है यहभी मूर्खताका चिन्ह है अगर ऐसाही हो तो कुल यूरोप की स्त्रीयां रांड होनी चाहीये और कुल हिंदुस्थान की स्त्रीयां सवागण होनी चाहीये परन्तु देखने में इसके विप्रित आता है. अपनी समाजमें कर्म को प्रधान माना है कर्मो के फलोंसेही अपनी अच्छी और बुरी हालत होतीहै फिर उसके खिलाफ किसी तरह का फुजूल डर अपने दिलों में

घुसाकर अनर्थ का बीज बोना सुज्ञ पुरुषों का काम नहीं है. स्त्री शिक्षाके समय इस बात पर अलबत्त अवश्य ध्यान दियाजावे कि उन को एसी तालीम दी जावे कि जो उन के शीलरत्नकी पुष्टि करनेवाली हो.

मर्दके वास्ते मुख्य दो तरह की तालीम है. व्यवहारीक कि जिसके कई भेद है और धार्मिक यह दोनों प्रकार की शिक्षा आदमी को अपना स्वरूप पहीचाननेके वास्ते बहुत ही जुरूरीकी है इन दोनों प्रकारकी तालीममें मुख्य स्थान धार्मिक केलवणीको देना उचित है क्योंकि धर्मसे भ्रष्ट अगर हमारी समाजमें करोडपतिभी है तो हमको लजानेवाला है और धर्मश अगर हमारी समाजमें साधारण स्थिति का है तो भी हमको शोभा दिलानेवाला है इस कारण बच्चे की धर्म शिक्षा उसही वक्तसे सुरू हो जाना मुनासिब है कि जबसे वह होश संभाले अगर इस वक्त इतनी गुंजाइश न समझी जावे तो धार्मिक और व्यवहारीक केलवणी साथ साथ दीजावे परंतु यह बात कभी न विचारी जावे कि अवल बचेको व्यवहारीक शिक्षा देते धार्मिक शिक्षा खुद लेलेगी ऐसा ख्याल करनेसे धर्मबीजको नष्ट कर दिया जाता है क्योंकि आजकलके समयमें जो शिक्षा मिलती है वह अपने धर्मके असूलोंसे विपरीत मिलतीहै और स्कूलोंकी तालीमसे अपने बचोंको पहिलेसे अपने धर्मकी शिक्षा न दीजावे तो वह प्राय: धर्मभ्रष्ट हो जातेहै.

इस बातकी मैं खुशीके साथ नोंध लेताहूं कि इस प्रान्तमें शिक्षाके वास्ते जगह २ पाठशालायें खुली है और उनमें अपनी संतानको धर्मशिक्षा दीजाती है अगरचे अभी इस कार्यवाहीका परिणाम जैसा अच्छा चाहीयें देखनेमें नहीं आताहै और उसके कारण अपनी तड़ें, ईर्षा, माया, द्वेष वगरह ही परंतु अगर यह सिल सिला जारी रहा तो अखीरमें इसका नतीजा बहुत ही अच्छा होगा. इस समय पर आपको ख्याल करना चाहीये कि जब मेघ बरसताहै तो घरोंका पानी रस्तोंके नालेमें मिलताहै, रस्तोंका पानी बाजारके नालोंके शामिल होताहै, बाजारका पानी बहकर एक छोटासा पानीका नला हो जाताहै और वह किसी स्थानिक छोटी नदीमें शामिल होताहै. वह नदी किसी महानदीमें शामिल होकर अखीरमें समुद्रमें पहुंच जाती है. इस ही तरह आपने जगह जगह पाठशालायें तो कीई परंतु उन पाठशालाओंमेंसे उतीर्ण होनेके पश्चात छात्रोंका कोई प्रबन्ध कीया हूवा नजर नही आताहै और जब तक ऐसा प्रबन्ध न किया जावे एक मनुष्य जमीन परसे दसवीस गज ऊंचा उठा कर फिर उसको वापस जमीनपर गिरानेके मुवाफिक है और एसे अर्धदग्ध दीन और दुनियां दोनोके वास्ते खराब हैं क्योंकि कहाहै की

" A little knowledge is a dangerous thing,
Drink deep or taste not the eternal spring. "

इस लिये जो हजारों उपायोंका व्यय आप लोग प्राथमिक स्कूलों अर्थात पाठशालाओंमें कर रहे है उसका सारांश और उसकी सफलता उसही वक्त हो सकती है कि जब आप अपने छात्रोंको आगे बढनेका उत्तेजन दे. क्युं कि इस प्रान्तका मुख्य स्थान अहमदाबाद है और अपने अहमदाबादके शेट लोग मातबर है, आगेवान हैं, धर्ममें सालाना हजारों उपाये खर्च करते है. इस कारण इस प्रांतके जुदे जुदे स्थानके लडके अपनी स्थानिक पाठशालासे उतीर्ण होनेके बाद अहमदाबाद पहूंचकर आगे पढनेका सिलसिला जारी रखें तो अच्छा. अगर अपना जैन कालेजही अहमदाबादमें कायम किया जावे

तो कोई बडी बात नहीं है परंतु इस वक्त अगर उसका कायम होना सम्भव न हो तो जैनीयोंका बोर्डिंगहाउस तो अहमदाबादमें होना जरूरही है कि जहांपर इस प्रांतके लडके रहें और उनके खान-पानकी तथा धर्मशिक्षा बदस्तूर जारी रहनेका प्रबंध कीया जावे इसही तरहपर दूसरा बोर्डिंगहाउस मुम्बइमें किया जावे और इस वक्त जो लालबागमें एक बोर्डिंग हाउस खोला गया है परंतु उसके उप-योगी होनेके वास्ते ज्यादा उम्दा प्रबंध की जुरूरत मालूम देतीहै. अगर इस तरह पर प्रबंध किया जावेगा तो जिस सुस्तीके साथ इस वक्त तक अपनी संतानको तालीम मिली है वह सुस्ती स्वप्नवत होकर बहुत ताकीदके साथ इल्मका फैलाव होना सम्भवहै.

आजकलका जमाना वह आगयाहै कि जिसमें हुन्नर, उद्योग, कला वगरहको न सीखनेसे हमको दुनीयादारीके मामलोंमें बहुत नुकसान पहूंचताहै. कहावत है कि "फिरै सो चरै." अगर हम लोग एक जगहही सबर करके बैठे रहेंगे तो हमारी दशा खराबसे ज्यादा खराब होती जावेगी इसलिये इसकी आवश्यकता मालुम पडती है. इस विषयमें उत्तेजन देना आप साह्बोंकी मरजी और रायपर मुनहसिर है.

अपने धर्माचार्योंका हमेशा खयाल अपने धर्मकी फिलॉसफीको तरकी देनेका रहाहै और धर्मके फैलानेकी गरजसे आर्य अनार्य क्षेत्रोंमें भ्रमण करके बहुतसे प्राणीयोंपर उपकार कीयाहै. जमाने हालमें स्वर्गस्थ श्रीमद्विजयानंद सूरीजीनें देशाटन करके पंजाबमें सुधारा किया है. मरहूम मिसटर वीरचंद्र राघवजी गांधीनें देशाटन करके अनार्य क्षेत्रमें अपने धर्मकी फिलॉसफीकी छाप जमाई है. अब समय वह आगया है कि अपने धर्म और समाजकी उन्नतिके वास्ते खास मुनिराजों व सद्गृहस्थोंको इस मिशनके वास्ते तयार कीया जावे तो समयानुसार ठीक मालुम होता है. इसपर ज्यादा विवेचन करनेकी आवश्यकता नहीं है. यह सब बात आप साहबोंके विचार पर छोडी जाती है.

## पुस्तकोद्धार.

निराश्रिताश्रय और केलवणीके साथसाथही पुस्तकोद्धारका विषय गोरतलब है क्योंकि निकटोपकारी श्रीमहावीरस्वामीके मोक्ष पधारे पीछे हम लोगोंका आधार उनकी प्रतिमापर और उनकी आगमारूढ बाणीपर है. अवलतो दोदफैके बारा बरसी काल पडनेसे बहुतसा ज्ञान नष्ट होगया फिर जो कुछ संचय कीया गया वह आपसके झगडोसे और मुसलमानी राजके जुल्मसे नाशको प्राप्त हुवा. बाकी रहाहुवा ज्ञान हमारे अज्ञानता और धर्मसे नष्ट होताहै. अन्य धर्मियोंके हाथसे बचानेके वास्ते अपने वडेरोंनें जैसलमेर, पाटन, खंभात वगरहमें पुस्तक भंडार कराये थे अब उनका भय तो मिटगया लेकिन घरहीमें न्हार पैदा होगया उसका क्या इलाज कियाजावे. उसवक्त जिनजिनकी सिपुर्दगीमें अपनी अमूल्य पुस्तकें दीईथीं अब उनहोंने ऊनपर ममत्वभाव रखछोडा है और न खुद देखकर सार संभालकी ताकत रखते हैं न दूसरोंसे सार संभाल करना बरदाश्त करते हैं यहांतककि वह अपूर्व ज्ञान जिसका एक २ अक्षर अमूल्य है और जिसकी खामी इस जमानेमें पूरी नहीं होसकती है; उधई और कीडोंका भोग होगयाहै. इसलिये यह विषयभी ज्यादा गोरतलब है और मैं आशा करताहूं कि आपलोग इस बातपर पूरा लक्ष देकर जलदी चेतोगे.

## जीर्ण मन्दिरोद्धार.

जिसतरह परमात्माकी वाणी पुस्तकोंद्वारा मालुम होतीहै वैसेंही उस परमात्माका स्वरूप उसकी प्रतिमा द्वारा मालुम होताहै और इस स्वरूपके मालूम होनेसे अपना धर्मकृत्य ठीक तोरपर सध सकताहै. इसही कारणसे अपने बडेरों ने करोडों उप्पये खर्च करके आबू राणकपुर जैसें भव्य मन्दिर बनवाये हैं. हिंदुस्थानमें लगभग ३६००० जिन मन्दिर कहे जाते हैं ऊनका रक्षण करना जैन समाज का मुख्य कर्तव्य है. जहांपर मन्दिर जीर्ण हो गये हैं वहांपर उन के सुधराने का प्रबन्ध करना, जहांपर पूजावगरह का इन्तजाम ठीक नही है वहां पर पूजा का बन्दोबस्त करना, जहापर जैनी समुदाय के होते हुवे मन्दिर नहीं है वहांपर नवीन मन्दिर का बन्दोबस्त करना उचित है.

## जीवदया.

जिसतरह अपने स्वामीभाईयो की मदद के वास्ते निराश्रिताश्रम खोलकर उनकी भक्ति करना अपना कर्तव्य है उसही तरह लूले, लंगडे, बुढे, अशक्त ढोरोंका रक्षण करना अपने दयामई धर्म का एक जुरूरी अंग है इस लिये जगह जगह हर तरह के ढोरों की रक्षा करने के लिये अवश्य कारवाई होनी चाहीये. इस वक्त बहुत सी जगह पांजरापोल वगरह मोजूदभी हैं परन्तु अफसोस इस बातका है कि उनमें से बहुतसी पांजरापोल एसी हैं कि जिनकी देखरेख जिनका वहीवट ठीक तोर पर नहीं होता है. जानवरोंकी सार संभाल ठीक तोरपर नहीं होती है. इस कामको कोई सज्जन निजका नही समजते हैं न इस काममें जैसी सलाह सूतकी मदद चाहीये देते हैं. पांजरापोलसे मतलब यह है कि दुःखी जानवरोंको सुख मिले उनकी आत्माको संतोष मिले. परन्तु अकसर पांजरापोलोंमें इससे विरुद्ध देखने में आया है किसीके पास घास नहीं तो किसीके पास पानी नहीं तो कोई गोबर और मूत में ही लेटता है तो किसी के जेवडे की फांसी लगी हुई है तो कोई बीमारी में फसा हुवा महान कष्ट सहन कर रहा है. इसतरह की जीव दया एक दिखलाने मात्र जीव दया है. पालीताणामें बोकडों को दूध पिलाकर उनपर उपकार किया जाताहै जब सेठ कल्याणजीके वहीवटकी सभा अहमदाबादमें हुई उस वक्त मालुम हुवा कि हजारों रुप्पयोंका दूध बोकडोंको पिलाया जाताहै और संख्या बंद बोकडे चारों तरफसे आते हैं परन्तु जब यह प्रश्न किया गया कि अगर पांच हजार बोकडे आये तो उनमेंसे जिन्दा कितने बचे तो दिलगीरीके साथ जवाब यह मिला कि आयेसो सब मरगये. खयाल करनेकी बातहै कि पांच सात हजार रुप्पया लगाकर बोकडोंको दूध पिलावें और सब मरजावें ? इसका कारण तलाश करनेसे मालुम हुवा कि अवल तो जो दूध खरीदा जाता था ठीक नहीं आता था फिर बोकडे उपर तली पडकर पीतेथे कोई ज्यादा पीनेसे कोइ न पीनेसे कोइ चिथकर मर जाताथा. इस तरहकी हालतमें यह जीवदया कहांतक जीवदयाकी पंक्तीमें आसकतीहै और इस तरहका पैसा खर्च करना कहांतक धर्मकार्यमें खर्च किया हुवा शुमार किया जा सकता है आप साहब खुद खयाल करसकतेहैं.

जीवदयाका प्रचार रीतसर करनेके वास्ते अवल्तो पांजरापोलोंका मकान अच्छा कुशादा बनना (चाहीये. दूसरे उसकी देखरेख सार संभाल उम्दा होनी चाहिये; तीसरे कोई वैटैरीनरी डाकटर Veterinary Doctor ) उन बीमार जानवरोंके इलाजके वास्ते मुकरर किया जावे; चोथे अच्छे

और तनदुरुस्त जानवरको विना महनत खडा रखकर बिगाडना नहीं चाहीये बलके उससे उसकी शक्ती प्रमाण काम लेकर उसकी तनदुरुस्ती को ठीक रखना चाहिये और उसकी आमदनीसे पांजरापोलको तरक्की देना चाहिये.

## धर्मादाखाता बराबर रखना.

अपने आचार्योंके धर्मोपदेशके मुवाफिक अपने सात क्षेत्रोंका तथा साधारण खाता तथा अन्य कइ तरहके शुभ खाते होते हैं और उन सब खातोंमें अपनी शक्ती प्रमाण रुप्पया दियाजाता है उस रुप्पयेका बराबर हिसाब रखकर उसको छपाकर प्रसिद्ध करनेकी आवश्यकता है. अपने अपने धर्मशास्त्रोंकी आज्ञाके मुवाफिक इस धर्मादेखातेका पैसा एसा है कि अगर कोइ मनुष्य मन वीगाडकर इसको खाना चाहे तो उसका सब ऐश्वर्य नष्ट होजाताहै उसका कुटुम्ब नष्ट हो जाताहै और वह प्राणी अनंता संसार बढाकर नरक और तिर्यन्च योनीके कष्ट सहन करता है. एक कुत्तेका दृष्टांत यहांपर ठीक घटता हुवा होनेसे कहा जाताहै:—अयोध्यामें एक बाजारमें श्रीरामचन्द्रजीकी समयमें एक कुत्ता बैठा हुवा था उस कुत्तेके एक मनुष्यनें रस्तेके बीचमें बैठनेसे लकडी मारी. कुत्तेनें मनुष्यकी भाषामें पुकारकी कि अगर रामके घर इनसाफ होता हो तो तुझे सजा मिलना चाहीये. इस आश्चर्यकारी बातकी इत्तला फोरन रामको हुई तो उस कुत्ते और उसको तकलीफ पहुंचानेवाले मनुष्यको रोबरू बुलाया गया. कुत्तेनें अरज कीई कि मैं राजमार्गमें बैठा हुवा था मुझे इस मनुष्यनें नाहक मारा अगर इसको उस रस्ते होकर जानाही था तो वह मुझसे बचकर चला जाता. कुत्तेकी दलील ठीक होनेसे उस मनुष्यको सजा देना मुनासिब समझा गया चुनाचे उस कुत्तेहीसे पूछा कि तू इसको क्या सजा दिलाना चाहताहै. कुत्तेनें कहा कि अगर मेरी रायपर इस इनसाफको छोडा जाता है तो इस मनुष्यको सोरठ देशका राज्य दियाजावे. रामको यह बात सुनकर और भी आश्चर्य हुवा और कुत्तेसे पूछा कि तेरे ऊपर अपकार करनेवालेपर तू उपकार कैसे करता है? तो कुत्तेनें जवाब दिया की आप उस मनुष्यसे पूछो तो सही कि वह सोरठका राज्य कुबूल करता है या नहीं. जिसपर राजानें उस मनुष्यसे पूछा कि तू सोरठका राज्य नदें मंजूर करताहै? जिसपर हाथ जोडकर उस मनुष्यने अर्ज किया कि मुझे आप चाहो फांसी देदें परन्तु सोरठका राज्य यह बात औरभी आश्चर्यकारी हुई तो राजानें इसका कारण पूछा जिसपर उस मनुष्यनें जवाब दिया कि मैं और यह कुत्ता पूर्वजन्ममें भाई थे. और सोरठ देशमें रहतेथे. इस कुत्तेका जीव मंदिरमें पूजा वगरह बहुत किया करताथा और हमेशा घरपर आकर अपने हाथोंको अच्छी तरह धोकर साफ करके केशर चन्दन घृत वगरह मंदिरका कोइभी हाथके न लगारहै इस तरहपर शुचि करके रोटी खाया करताथा. एक दिन मन्दिरके घृतका कुच्छ अंश इसके नाखूनमें लगा रहगया वह इसके पेटमें चलागया जिसकारणसे यह मृत्यु पाकर यहांपर कुत्ता हुवा जब यह एक घृतके अंशमात्र पेटमें जानेसे मरकर कुत्ता हुवा तो सोरठके राज्यमें तो जगह जगह मन्दिर और तीर्थ हैं मैं अगर वहांका राज्य मंजूर करूं और वहांपर अगर किसी कारण मेरे पेटमें मंदिरका पैसा चलाजावे तो न मालुम मेरी क्या गति हो इसलिये मैं सोरठका राज्य मंजूर नहीं करता आप चाहो मुझे फांसी देदें तो वह मैं खुशीके साथ मंजूर करूंगा परन्तु सोरठका राज्य हरगिज मंजूर नहीं करूंगा. भाइसाहबो! इस द्रष्टान्तसे आपको विदित होगा कि जब अजानपनेमें नाखूनमें रहेहुवे मंदिरके घृतको वह मनुष्य खा गया तो उसको मरकर कुत्ता होना पडा तो जो साहब कि धर्मादेके खातेको अपना घरूखाता समझकर उसमें गोटाला करते हैं

उसकी जो गती होगी शानी महाराज जानें ! या आप साहब इसका ख्याल करसकते हैं. इसलिये अपनी आत्माका कल्याण होने और धर्मादेका पैसा व्यर्थ में जावें अपना सबका फर्ज है कि धर्मादाखाताको बहुत सही और साफ रखें उसको छपाकर प्रगट करें और अपनी मिलकियत न समझकर जो जैनी उसको देखना चाहे उसको फोरन दिखलाया जावे.

## जैन डाइरैक्टरी

जैन डाइरैक्टरी का तयार करना बहुतही जरूरी है कि जिससे अपने समाज की स्थिती का पूरा खयाल हो जावे ताके उसकी उन्नत्ति और तरक्कीकी सूरत विचारी जावे. और इस जैन डाइरैक्टरी का काम जबही ठीक पार पड सकता है कि जब महासभा के ठहराव के मुवाफिक प्रान्तिक सभामें इस कामको हाथ में लेकर अपने २ प्रान्त की डाइरैक्टरी तय्यार करें और प्रान्तिक सभाके मारफत इस का तय्यार होनाभी आसान है क्यों कि उस प्रान्तमें जितने गांव हैं उन गांवों की अलहदा २ डाइरैक्टरी तय्यार होकर एक प्रान्तिक डाइरैक्टरी तय्यार होसकती है और प्रान्तिक डाइरैक्टरीयों से कुल समाज की एक डाइरैक्टरी होसकती है.

## जैनीयों के आपस के तकरार का पंचायाति फैसला.

सज्जनो ! आप सब साहबों को आजकल के न्याय की पद्धती अच्छी तरह से मालुम है कि जिसमें दाखिल होने से बे शुमार खर्च लगता है और कई घरों के ताले लग जाते है. और जैसे गंज्या आदमी अपने माथे की खाज कुचरते हुवे खून निकलआने परभी उस माथे को दूणा खजाता है इसही तरह पर मुकदमे वाले को एक कोर्ट से फतह न मिलने से अपना जेवर मालमता बेचकर दूसरे कोर्टमें चडाई करना पडता और वहां से तीसरे और चोथे में. कोर्ट के खर्च के सिवाय अपने आजकल के वकीलों, बारिष्टरों का खर्च बे शुमार बढ गया है और इस की तसदीक अपने इस मंडल में आये हुवे बहुधा अहमदाबाद निबासी जैन वकील करेंगे. अगरचे में इस विषयकी सूचना देकर अपने भाईबंद वकीलो की आमदनी और [illegible] में कमी करने की सूचना देरहा हूं परन्तु आप साहब इस विषय में जो इन सज्जनु सेही राय लेवेंगे तो यह लोग आपको खरी सल्लाह देवेंगे कि कोर्टमें चढकर न्यायको प्राप्त होना बहुत महंगा पडता है और इस तरहकी लडाई अपने धर्मशास्त्रोंके फरमानको भी विरुद्ध है क्योंकि हमको अपनी आत्माको स्वच्छ करनेकी नियत से किसीके साथ रागद्वेष नही रखना चाहिये किन्तु समान दृष्टीसे वर्तना चाहिये तो फिर कोर्टमें चढकर दुतरफा नुकसान पहुंचानेपर क्यों व्यर्थ कमर बांधि जावे. दुनियादारीके सम्बन्धमें आपसमें तकरारका होना नामुमकिन नहीं है परंतु इसका समाधान कोर्टमें न कराते हुवे अपनी समाजके आगेवानोंको पञ्च मुकरर करके उनसे उस तकरारका समाधान कराया जावे तो अपनी समाज की तरक्की और बहबूदी हो सकती है. आशा कीई जाती है कि आप इस बात पर पूरा ध्यान देकर इस पर विचार करेंगे.

## शत्रुंजय महातीर्थ.

यद्यपि शत्रुंजय महातीर्थ इस प्रांतके अन्दर नही है तो भी इस महातीर्थ सम्बन्धि चर्चा इस सभामें चला कर किसी पुरता विचार पर आना बहुतही जुरूरी है क्योंकि आज कल कोई दिन खाली

आता होगा कि जब जैनियोंपर पालीताना ठाकोरसाहब की तरफसे किसी न किसी प्रकारकी तहोमत न लगाई जाती हो. इस पवित्र तीर्थ की यात्राके निमित्त कुल हिन्दुस्थानके जैनि जातेहै और यात्री लोग प्रायः करके ब्रिटिश सरकारके या अन्य देशी राजाओंकी प्रजा होतेहै फिर समझमें नहीं आता कि सुलह शान्तिके साथ रहनेवाले जैनसमुदायको पालीताना दरबारकी तरफसे इतनी तकलीफ क्यों दीजाती है. कमतीसे कमती दरजेवाले मनुष्यकोभी अपना धर्म वल्लभ होताहै एक दफे एक महेतरको बादशाहके पास लाकर हुक्म दिया गया कि तू अपना धर्म छोड कर मुसलमान हो जावें तो उसे जागीर दीजावेजी जिसपर उस भंगीने कहाकि मैं अपना धर्म हरगिज नहीं छोड सकता हूं. सच है धर्म की लागणी हरशख्सको एसीही होतीहै. धर्मके संरक्षणार्थ लढाईयां होंकर खूनकी नदीयां वह जातीहै. फिर समझमें नहीं आता कि हमारे धर्मकी ठाकोरसाहब क्यों असातना करतेहै ? हमारे देव और गुरुकी ठाकोरसाहब जानकर असातना करते हैं. हमारे टोंकोंमें खुद बीडी पीते हुवे–और जूता पहिने हुवे गये और अपनी पूलीसको जबरदस्ती भेजा, अंग्रेज और हिन्दुस्थानी आदमीयोंको अपना महिमान तरीके रखकर उनको खास हिदायत करके अपना आदमी साथदेकर भेजते हैं कि टोंकमें जातेहुवे जूता हरगिज न उतारना. हमारे साधु मुनिराजोंको कि जो शीलवान संतोषवान होते हैं फोजदारी कोर्टमें बुलाकर जमानत तलब करतेहै. बारैढ लोगोंको कि जो एक जाचक ग्रोह है उशकेरकर हमारे मुकाबलेमें खडे करातेहै उनकी झूटी फरयादको सुनते हैं हमारी वाजबी दरखास्तको बाबत डाक्टरी इमतिहान उन बदमाशोंके कि जो मजरुबी शरीरके बहानेसे शफाखानेमें झूट झूट पडे हुवे हैं नामंजूर करते हैं गरज कि विनाशकाले विप्रित बुद्धि इस समय पालीतानामें होरही हैं तोभी सुशील जैनी इन आपत्तियोंको समताके साथ सहन कररहे हैं. जैनियोंमें अपना अस्ली क्षत्रिय पराक्रम और पुरुषार्थ मोजूद होते हुवेभी दयामई धर्मके प्रभावसे वह इस बातका इन्तजार कर रहे हैं कि अबभी ठाकोर साहबकी बुद्धि ठीक हो जावे तो अच्छा है हम उनकी बुराईके निमित कारण क्यों बने. भलाई और नेकीका नतीजा हमेशा नेक है बुराई और बदी यद्यपि किसी कारणसे थोडी देरके वास्ते सारी दुनियाकी नेकीको ढांक ले परन्तु अन्तमें तेलकी गादकी जैसे बुराई नीचे बैठ जाती है और अपनी बदीका मजा चखकर एक कोहनेमें बैटकर अपने कुकर्मोंपर पश्चाताप करतीहै. परन्तु फिरपछताये क्याहो जब चिडियाचुग गई खेत–कवि मिलटननें इस नेकी और बदीपर बहुत अच्छा कहाहै:—

" Virtue may be assailed but never hurt,
Surprised by unjust force, but not enthralled;
Yea, even that which mischief meant most harm,
Shall in the happy trial prove most glory.
But evil on itself shall back recoil,
And mix no more with goodness, when at last,
Gathered like scum, and settled to itself,
It shall be in eternal restless change,
Self fed and self-consumed. If this fail,
The pillared firmament is rotteness,
And earth's base built on stubble."

पालीतानाके ठाकोर साहब अबभी अगर खुदका भला चाहते हैं तो उनको अपने साथ अच्छा बरताव रखनेकी इच्छा प्रगट करनी चाहिये तोमें आशा करताहूं कि शायद आप साहब आपकी हमेशाकी दयालुताके मुवाफिक अपराधकी क्षमाकरें अगर एसा न होते, हे वीरपुत्रो ! सिर्फ नाममात्रही वीरपुत्र मत बनो बल्के अपना असली वीरपना प्रगट करके दुनियाको दिखलादो कि अत्याचार करनेवालेका क्या हाल होताहै ? अब हमारा पेट इन जुल्मूकी खूराकसे नाकतक भर गयाहै कि जिससे हमको सासतक नहीं आताहै. दोमेंसे एकबात अवश्य करो. यातो अपने धर्मको छोडकर ठाकोरकी गुलामी मंजूर करो या धर्मपर दृढहोकर एसाकाम विचारो और करो कि जिससे ठाकोरकी दृष्टितक हमारे उपर न पडे. यह विषय में आप साहेबोंके खास विचारपर छोडताहूं.

## पबलिक ओपीनियन.

आजकलके समयानुसार अपन लोगोंका फर्ज है कि अपन अपने सामाजीक और धार्मिक मामलत की—चाहे वह भारी हों या हलके हों—इतला, इल्म, आगाही हर खास व आम जैनीकेपास, ख्वाह वह किसी हिस्से हिन्दुस्थानमें रहता हो, पहुंचाकर कुल समाजकी राय हर मामलेमें एक त्रिया करें और उस बातोंको उन लोगोंतक पहुंचाकर उनको अपनी राय कायम करनेका मोका देवें. अपने गुरु महाराजाओंके देश परदेशके विहारसे अपने ऊपर इस मामलेमें बहुत उपकार होता है परन्तु इसको कामयाबीपर पहुंचानेके वास्ते कई विद्वान उपदेशकों की अवश्यकता है कि वह लोग जगह जगह फिरकर सभाए इकट्ठी करके हर जैनीको अपनी राय कायम और जाहर करनेका मोका देवें. अपने मासिक पत्र—जैनधर्म प्रकाश, आत्मानंद जैन प्रकाश, (अफसोस कि इस पत्रके सम्पादककी ताजा मृत्युने हमारी समाजके रत्नोंमेंसे एक रत्नको उठालिया) आत्मानंद जैनपत्रिका, कोनफरन्स हैरैल्ड—और अपना साप्ताहिक पत्र "जैन" अपनी समाजकी अच्छी सेवा कररहे हैं परन्तु इनके सिवाय प्रान्त २ में और अल्हदा २ भाषाओंमें कई पत्रोंका प्रगट होना जुरूरी है. साप्ताहिक पत्रोंमें बधारा होनेकी आवश्यक्ता है और दैनिक पत्रके शुरू करनेका समय आगया है. मेरे नजदीक मुनासिब मालुम होता है कि आप साहब इस बाबपरभी पूरा लक्ष देवेंगे.

## हानीकारक रीतरीवाज.

अगरचे इस विषयको मैंनें सबसे पीछे लिया है परन्तु लडाइका कायदा यहही है कि या तो पहीले कुछ जोर आता है या अन्तमें जोर आता है. इसही तरहपर जब कि हम लोक अवनतिकी हालतसे लडकर उन्नत्तिका राज्य जमाना चाहते हैं तो यह आखरी हमला ऐसा है कि जिससे अपने पक्षकी जय होनेवाली है इसलिये मेरी यह प्रार्थना है कि इस हमलेमें एकमन एकचित्त होकर दुशमनकी फोजपर गिरोंगे तो जीत हाथमें रखीहुई पावोंगे. अपने शास्त्रोंमें किसीभी हानीकारक रीतरिवाजका हुक्म नहीं है और जिस सत्यधर्मको अपन लोगोंनें अंगीकार किया है उसमें कोइ आचरण एसा नहीं है कि जिससे अपन लोगोंका दिल खराब रस्ते जानेको चाहै. इन हालतोंमें यह बात गोरतलब है कि अमृतमें यह जहर किसतरह घुसपडा ? सूर्यके प्रकाशको इस अन्धकारनें किस तरह ढकलिया ? सफेद चीरके ऊपर यह चिकणाईका मैला धबा कैसे लगा, अपने मुक्तीमार्गको इस कुमतिपंथनें आडा पडकर कैसे भुलादिया ? जरा गोर करनेसे मालुम होगा कि, अज्ञानता और खास करके स्त्रीवर्गकी अज्ञानतानें

हमारे समाजरूपी महलको मिथ्यात्वरूपी अंधकारसे ढकदिया है. जबतक यह मिथ्यात्व हमारा हाथ न छोडे हम किसी तरहकाभी सुधारा करनेमें अशक्त है. अज्ञानता फैलनेके कई सांसारिक कारण थे कि जिनको यहांपर बतलानेकी विशेष आवश्यक्ता नहीं है. अज्ञानताके फैलनेसे, वहम, गरीबी, मिथ्यात्व फैला और इनके प्रधान होनेसे अपने आचरण धर्मविरुद्ध होने लगे और जैनी कहलाकर अपन लोगोंने अन्य देवको मानना पूजना शुरु किया, मिथ्यात्वीयोंके त्योहारोंको मानने लगे, ठंडी बासीरोटी खाने लगे, बाललग्न, वृद्धलग्न करनेलगे, कन्याका पैसा लेने लगे, अन्य शास्त्रोंके बताए हुवे हिंसक रीतसें लग्न करने लगे. मरनेके पीछे नुकतेके नामसे जीमनवार करने लगे, हांसी कराने लायक मरनेके पीछे छाती माथा कूटनेके रिवाजको जारी किया, लग्न समय भूंडे खराब निर्लज्य गीतगानकी प्रवृत्ति चली, संतानकी तालीमका कुच्छ खयाल नहीं किया गया. इन खोटे रिवाजोंका विषयवार विवेचन इसवास्ते किया जाता है कि आप साहब और खास करके मेरी बहनें पूरा ध्यान देकर इन नुकसान पहूंचाने वाले रीतरिवाजोंको एकदम अपनी समाजमेंसे दूर करके इसवक्त जो रेतके साथ सुवर्ण मिल करके मलीन हो रहा है उसको स्वच्छ करके तमाम दुनियांमें उसकी अस्ल कदरको प्रगट करदें.

१. वहमके कारण अन्य देव, तिथि और त्योहारका मानना—इतवारकी इतवार भैरव, क्षेत्रपाल वगरह मिथ्यात्वी देवोंके दरशनका नियम; मावडीयों देवीकी प्रायः करके संतानकी खातर स्त्री वर्गमें मानना; विवाह समय गणेशकी स्थापना, घरके दरवाजेपर गणेशकी स्थापना और महान पर्वके (भाद्रवासुदि ४) दिन उसकी पूजा करना, दसेरेके दिन देवीकी पूजा करना, दीप मालकाके दिन शासन नायक वीर परमात्माके मोक्षकल्याणकको भूलकर लक्ष्मी देवीकी पूजन करना, उससे धन मागना; गुजराती माघ १३ ( मारवाडी फागण बुदि १३ ) को शिवकी पूजा करना उसके निमित्त उपवास करना; होलीके दिन अपनी उच्च करणीको छोडकर भांडोंकी जैसे कुचेष्टा करना, तहर्जीबको हाथसे छोड देना, होलीको जलाना, पूजना, धूल उडाना; गुजराती फागण बुदि ( मारवाडी चैत्र बुदि ) ७–८ को शीतला देवीको पूजना, पहिले दिनका पकाया हुवा बासी ठंडा धान खाकर अनेक बेंद्री जीवोंकी हानी करना अथवा इस दिन शीतला देवीके मठपर गाजे बाजेके साथ जाकर पूजा प्रतिष्ठा करना, चैत्र सुदि ३,४ को गणगोर देवीको इस ख्यालसे पूजना कि यह सुहाग देगी, रंडापेको मिटावेगी; श्रावण सुदि १५ के दिन रक्षाबंदन कराना, इत्यादि अन्य धर्मके त्योहारोंको मान कर अपनी पवित्र श्रधाको मलनि करना पडता है. इस के सिवाये व्यापार, धंदे, रोजगारकी खातर या अपने लडके लडकीको जिलानेकी खातर हे मेरे गुजरातनिवासी प्यारे भाईयो! आप लोगोंको पैंड पैंड पर अपने ज्ञानी धर्मगुरुमहाराजकी जोगवाई मिलनेपर और उनका धर्मोपदेश सुननेपर आप लोग ऊपर लिखे हुवे कई बातों की तथा पीरकी, अम्बाकी, कालकाकी, भैरवकी, और अन्य देवोंकी मानता मानते हो, होलीके दिन भूखे रहते हो, सीतलाके दिन ठंडा खाते हो, भूत, पलीत, डाकण साकणको मानकर अपने घरोंमें स्याणे, भोपे इलाजयींको बुलाकर भूत भूतणी कढानेकी मोटी धमास करते हो. कहो, यह कुल बातें कितनी निंदनीय है और विचार करो क्या तुम्हारे करनेके लायक है और क्या एसा वर्ताव करनेसे हम जैनी कहला सकते है और क्या इन बातोंको छोडना मुशकिल है ! कहाहै कि

" परम गुरु जैन कहो क्यों होवे
स्याद्वाद पूरण जो जाने
नय गर्भित जसु वाचा गुण पर्याय
द्रव्य जो बुजे, सोही जैन है सांचो ॥ परम: ॥
पर परिणति अपनी कर मानें
क्रिया गर्भे गहलो
उनको जैन कहो क्यों कहीये
सो मूरखमें पहीलो ॥ परम ॥—"

आशा कीई जाती है कि आप इस शिक्षाको याद रख कर इस वर्तावको एक दम अपनी समाज में से दूर कर देवेंगे—

## २ मरणे पीछे नुकता की जीमण वार

वैष्णव धर्मशास्त्रमें स्वकर्म को प्रधान समझ कर अपने पुत्र की क्रियाको मेरे हुवे पिता की कुगती से सुगती करने वाली मानी गई है. इस समय इस धर्म पक्ष के भले बुरे मतलब की तरफ तवजह करने की जुरूरत नहीं है परन्तु यह बात मानने योग्य है कि वैष्णवों में अगर यह रिवाज प्रचलित है तो उन के धर्म शास्त्र की आज्ञा के मुवाफिक है. जैन धर्ममें स्वकर्म को प्रधान मान कर अपनी करणी ही मुख्य रखी गई है और जीते जी जो प्राणी सुकृत्य कर लेता है वह उसका आगामी कालमें सहाई होता है. जब के यह हालत है तो फिर अपने कुटुम्बी के मरने के पीछे उस का नुकता करके अपने अशुभ कर्म क्यों बांधे जावें? अज्ञान दशा के कारण अथवा अन्य कारण से यह प्रवृती पडभी गई तो अब इसकी कोई आवश्यक्ता नजर नहीं आती है. घरमें मौत होवे और पडोंसी यों के जीमने की खुशी होय कहो कैसा अनुचिताचरण है? मैं आशा करता हूं कि इस बुरे, जैनधर्म की आज्ञाके खिलाफ रिवाज को आप साहब अवश्य बंद करेंगे.

## मोत होनेपर रोने कूटनेका रिवाज.—

जीवात्मा अनादि कालसे इस संसारमें भ्रमण करताहुवा अनेक वार अनेक योनीमें सम्बन्ध करताहुवा माता, पिता, बहीन, भाई वगैरहकी पदवीको प्राप्त हुवाहै और जहां संयोग है वहीं वियोग अवश्य है इसलिये वियोगकी हालतमें मिथ्यात्व और मोहनीके उदयसे इतना रोया है कि अगर अबतकके रोनेके आंसूको इकठा किया जावे तो इतनी प्रबल नदी बहे कि शायद उसके सामने गंगा सिन्धु नदियांभी लज्जा पावें. यह असार संसार एकसराय है जिसमें कई मुसाफर कई जगहसे आकर बसेरा लेतेहैं और कम ज्यादा स्थिती रखकर फिर अपना अपना रस्ता पकडते है. इसही तरहपर जीवात्मा अपने २ कर्मोंके प्रेरे हुवे आकर सम्बन्ध करते हैं और सम्बन्ध टूटनेसे फिर अपनी अपनी गती अंगीकार करके दूसरी जगह सम्बन्ध करतेहैं—यह बात जुरूर है कि सम्बन्ध होनेसे प्रीति

उत्पन्न होतीहै और उस प्रीतिके कारण वियोग होनेसे शोक होताहै और शोक होनेसे अश्रुपात बहताहै यहांतक तो कुदरती बरतावहै परन्तु उस मरे हुवे प्राणीका सोग लेकर बरस छ महिनेतक बैठे रहना, धर्मकृत्यमें शामिल नहीं होना, अथवा जिस तरहपर इस प्रांतमें स्त्रीयोंको बचपनसे छाती खुली करके बाजारमें खुली छाती छाती कूटनेकी तालीम दीजातीहै और स्त्रीयोंका टोलाका टोला होडाहोड छाती कूट २ कर लोहीतक निकाल लेतीहैं यह सब बातें अकदम नेस्तनाबूद कर देने लायक हैं. अरे भाईयो, सर्वज्ञके धर्ममें चलकर तुम्हारी यह कुचेष्टा कैसा लांछन लगानेवालीहै और क्या आजकलके कालमें आपलोग इस गवारूं रूढीको जारी रखना कभी पसंद करेंगे? मैं आशा करताहूं इस बातपर आप पूरा ध्यान देवेंगे.

## बाललग्न.

अपने धर्मशास्त्रोंमें बाललग्नका किसी जगह हुक्म नहीं है न पहीले अपनलोगोंमें बाललग्न होताथा. मुसलमानी राज्यमें कन्यावोंपर जुल्म होनेसे बाललग्न शुरू हुवा और वैष्णवधर्मशास्त्रमें बाललग्न करनेके हुक्मके श्लोक नवीन बढाये गये. उस समय अगर बाललग्न प्रचलित हुवा तो उस समय उसकी आवश्यक्ताथी परन्तु अब वह जमाना बदलगया. इसलिये इस रिवाजको अपने समाजमेंसे उठादेना बहुतही जुरूरी है. बाललग्नसे स्त्रीपुरुष कमजोर होजाते हैं, संतान निर्बल होती है, धर्मकृत्य नहीं होता, विद्याभ्यासमें कमी होती है और आखिर कार वह वह कजीये, कदाग्रह होते हैं कि जो रातदिन देखनेमें आते हैं. यह बाल लग्न दीन और दुनियाके वास्ते बहुत खराब है इसलिये इसका विचार पूरा पूरा करना मुनासिब है.

## वृद्धलग्न.

बाललग्नसे ज्यादा निन्दनीय वृद्धलग्न है. विवाह विषय सेवनके वास्ते अथवा संतानोत्पत्तीके वास्ते है, बुढापेमें इन दोनों बातोंका बल नहीं रहता है फिर समझमें नहीं आता कि साठ बरसका डोसा, जिसके पेटमें आंत नहीं, मूंहमें दांत नहीं, कानसे सुनता नहीं, आंखसे दीखता नहीं, नाड (गरदन) हिल २ कर उसको शादी करनेको मनाकरती है, मसाणमें लकडे पहुंचे हुवे है, यमराज गलेमें फांसी डालकर उसकी रूहको निकालना चाहता है, घरमें एक दो युवावस्था वाली बहीन बेटी रांड होकर छातीपर बैठी है एसी हालतमें जो मेरे प्यारे भाईबंद विवाह करते हैं अपने शिरमें धूल डालते हैं और वह अपना विवाह नहीं करते हैं किन्तु उनके पडोसीयोंके लिये वह शादी करके अपने जन्मको बिगाडते हैं और उस गरीब बालाको घोर समुद्रमें डुबाता है. इसही वृद्धलग्नसे कन्याविक्रयका धंधा शुरू हुवा है अगर यह लग्न बंद होजावे तो कन्या विक्रयभी बंद होसकता है. एसे वृद्ध काकावोंके निसबत तजवीज मुनासिब करना उचित है:—

विवाह समय फटाणा—( निर्लज्य बकणी गीतगाल ) और अनुचित खर्च.—

विवाह समय हरशख्स अपनी जिन्दगीमें मांगलीक समय समझताहै. इस मंगलकारी विवाहमें मांगलिक अथवा खुशी करना चाहीये परन्तु स्त्रीयों उस मांगलिक समय अमंगलकारी बकणीनिर्लज्य गीतगाल गाकर अपनी बनीयतको खुश करती हैं—पर उनकी खराब इच्छाको दरसाती है. मातापिता,

सासू सुसरा, देवर, जेठ, पति वगरह सबके बैठे हुवे सबके सामने यह बकणी गालीयां गातीहैं कि जो उनके मूहपर कभी न आना चाहीये. इस बातकी देखने और सुननेवाले हमारी स्त्रीयोंके शीलका कहांतक खयाल करेंगे. अलावा इसके इन गीतगालसे मिथ्यात्व मोहिनी कर्मका बन्धन होताहै कि जिससे अनेक भव करने पडते है और सम्यक्तसे विमुख होना पडता है.

इसही तरहपर एक २ शादीमें हजारों लाखों रुप्ये खर्च करना अथवा आतशबाजी छोडना, रंडीयोंका नाच कराना, हजारों आदमीयोंको जिमाना अपनी मर्यादाके खिलाफ है और जैनीयोंके साधारण स्थितीमें आजानेका यह भी एक कारण है. मैं इस सब बातोंके आपके खयाल करके उचित प्रबन्ध करनेपर छोडताहूं.

## जैन विवाह विधिके मुवाफिक लग्न.

अन्य दर्शनियोंकी विधि मुआफिक अबतक जो लग्न होते है उनसे जीवहिन्सा बहुत होती है जब कि हमारे धर्ममें सोला संसकार मोजूद है कि जो स्वर्गस्थ श्रीमद्विजयानंद सूरीजी कृत "तत्व निर्णय प्रासाद" ग्रंथमें बालबोधमें छपकर प्रगट हो चुके है तो फिर अन्य विधिके मुवाफिक अपने यहां लग्न करना बिलकुल ठीक नहीं है. मेरा मत है कि अब अपनी कुल समुदायमें जैनविधि मुवाफिक लग्न हुवा करें.

### कन्याविक्रय

सज्जनो! अब एक एसा खेद जनक विषय आया है कि जो अपनी उत्तम समाजपर कलंकलगाने वाला है जो "अहिंसा परमो धर्मः" माननेवाले जैनीयों को जीवता मांस बेचने वाले कसाई साबित कर रहा है, जो जैनीयों को पैमालमें मिलाकर बिलकुल नेस्तनाबूद करनेवालाहै, जो जैनियोंकी स्थितीको धक्का देनेवालाहै--यह सब कामका करनेवाला महान दुष्टकर्म कन्याविक्रयका है. अरेरे, सख्त अफसोस, हम जैन धर्मको धारण करके अपने बच्चोंके मांसको बेचें. हमारे बीच अंग्रज अच्छे जिन्होंने आदमीयोंकी खरीद फेरोख्त बंद करेदी. गुजरातमेंही नहीं बलके मारवाड मेंभी यह दुष्ट कर्म ज्यांहा फैलता जाताहै, दक्षिणभी इससे बचा हुवा नहींहै. कैसे शरमकी बातकि हम ढोरूंको कसाईके हाथसे बचावें और अपने संतानको कसाईके हाथ बेचें! संतानके साथ प्रेम होते हुवेभी नाणा देखकर मूंहमें पाणी आ जाताहै और पैसेके लोभमें आकर अबला कन्याको बहेरा, लूला, लंगडा, काणा, और वृद्ध मनुष्यके सिपुर्द करदेतेहै और यह जान करकि इस विवाहसे मेरी छोरी जल्दी विधवा होनेवालीहै तोभी पैसेके लालचमें आकर प्यारी कन्याको अंधकूपमें धक्का देदिया जाताहै. यह कुल नतीजा अज्ञानता और वृद्ध विवाहकाहै. मैं उम्मेद करताहूं कि सबसे ज्यादा इस बातपर ध्यान देकर आपसाहब इस रिवाजको बिलकुल बंद करके इस कसाइ खानेको बंद करके पुन्योपार्जन करेंगे.

सज्जनो, मेने इशारे मात्र यह सब आपको सूचना आपको कीईहै. आप खुद अक्लमंद, दाना, तजुर्बेकार और हुशयारहैं. इन विषयोंपर या अन्य विषयोंपर आपको विवेचन करना मुनासिबहै. मेरे इस कथनमें जो कुछ भूल चुक रहीहो या जो कटुवचन कहे गयेहो उनको आपअपनी दयालुता

पूर्वक माफ करेंगे. अखीरमें मैं सिर्फ यह कहना चाहताहूं कि आपसाहब मेरे कथनपर पूरा लक्ष देकर अपने यहां आनेको सफल करके श्री पेथापुर संघको कृतार्थ करेंगे.

प्रमुख साहेबनुं भाषण पुरुं थया बाद बाकीनी बेटकोमां चर्चवाना विषयो तथा वक्ताओ विगेरे नकी करवा सारु नीचेना गृहस्थोनी एक सबजेक्ट कमिटी निमवामां आवी हती:—

मि. गुलाबचंदजी ढढा, शेठो जमनाभाई भगुभाई, मोतीचंद भगवानदास, गांधी रवचंद रामचंद, वकील फतेहचंद रामचंद, शेठो फतेहचंद रवचंद, हाथीचंद झवेरचंद, भगुभाई काळीदास, डाह्याभाई हठीसंग; वकीलो डाह्याभाई हकमचंद, छोटालाल लल्लुभाई, नगीनदास सांकलचंद, मनसुखराम मुळचंद, डोसलचंद जमनादास, जेशिंग लल्लुभाई, छोटालाल काळीदास, शा. जमनादास मोहोकम, मि. मनसुखराम रवचंद, मि. रतनचंद हकमचंद, भगुभाई फतेहचंद, मनसुख लल्लुभाई, चदुलाल छगनलाल, केशवलाल अमथालाल बी. ए., सांकलचंद मोहोकमचंद बी. ए., हाथीभाई मुळचंद, डाह्याभाई हाथीचंद, लल्लुभाई करमचंद दलाल, नारणजी अमरशी, नथुभाई मंछाचंद, परीख जेसंगभाई साकरचंद, नेमचंद भगवानदास, बालुभाई मंछाराम, गांधी दलसुखभाई मगनलाल, लल्लुभाई रामचंद विगेरे आशरे १५० गृहस्थो.

त्यार बाद मेळावडो बीजा दिवसने माटे विसर्जन थयो हतो.

---

## बीजो दिवस.

शुक्रवार, ता. १२–५–१९०५.

सभानो वखत के जे अगियार वाग्यानो राखवामां आव्यो हतो ते पहेलां डेलीगेटो, प्रेक्षको, स्त्रीओ विगेरेथी मंडप भराई गयो हतो; अने वोलंटियरो योग्य बंदोबस्त राखी सर्वेने पोतपोतानी जग्याए बेसाडता हता. बराबर अगियार वागे प्रमुख साहेब मि. गुलाबचंदजी ढढा मंडपमां पधारतां हर्षना अवाजोथी तेमने वधावी लेवामां आव्या हता. सरेस्ता मुजब त्रण बालिकाओए नीचे प्रमाणे स्तुति हारमोनियमना सुर साथे गाई हती:—

### मंगळाचरण.

( १ )

### हरीगीतछंद.

देवाधिदेवा चरण शेवा नित्य मेवा आपजो,
करि विजय जैनसमाजनो शांति सकळ स्थळ स्थापजो;
आ भरत भूमिना जैनी जनना संकटो सौ संहरो,
श्रीशांतिनाथ कृपानिधी श्रीसंघमां शांति करो.

( २ )

(सुंदर शामळीया नाम जपीश नित्य तारुं—ए राग.)

समाज जैन मळीयो, पेथापूरमां आज, आज वांछीत फळीयो.
सफळ थयां सौ काज, समाज जैन मळीयो. पेथापुरमां०
प्रांतीक आज समाज बिराजे, वक्ता श्रोता ज्यां बहु छाजे
वाणि जेम गंभीर घनगाजे; मंगळवाजिंत्रो बहु वाजे.
गीत संगीतना साज समाज जैन मळीयो. पेथापुरमां०
सफळ दिवसने घडिपळ आजे, कंचन वरणो ज्यां रविराजे,
तरीयां तोरण द्वार बिराजे, चोघडियां वाजे घनगाजे,
सांकळचंद सुकाज, समाज जैन मळीयो. पेथापुरमां०

( ३ )

## लावणी.

(मुज उपर गुजरी पिता पादशाह जाणी—ए राग.)

ज्यां संप जंप त्यां वसे लक्ष्मि स्थिरताथी, बहु तंतु मळी बंधाय दोरडे हाथी.
तेम करो ऐक्यता जैनी बंधुओ आजे, पेथापुर प्रांतिक कॉन्फरन्स भरी आजे. १
वक्ता कहे श्रोता सुणो बंधुओ मारा, तजी हानिकारक चाल करो सुधारा;
सौ बाळलग्न निषेध करो सुखकाजे. पेथापुर. २
विधि जैन लग्न संस्कार सदा आदरीए, कन्याविक्रयनो दुष्ट चाल परहरिए;
अपशब्द फटाणां गातां जननि लाजे. पेथापुर. ३
वरघोडो ते वरने एक घोडो जाणो, झाझे घोडे नाहक वितनो व्ययमानो;
रडवे कुटवे मरनार न आवे साजे. पेथापुर. ४
स्त्री केळवणी आपो शाळा बहु स्थापो, निज संततिपर पडशे मातानी छापो;
जियाजिब तत्वनुं भान ज्ञानथी राजे. पेथापुर. ५
लखलूट खरच करी न्यातवरा न जमाडो, साधरमी निराश्रित फंड अखंड उघाडो,
नोकारशि कहो नवपद भक्तो सुखीयाजे. पेथापुर. ६
पुण्यक्षेत्र सात देवादिक द्रव्य संभाळो, कंइ डुबता जैनो उद्धरी सन्मुख भाळो;
साधर्मि समो परमार्थ न बीजो आजे. पेथापुर. ७
श्रुत ज्ञान समान न वस्तु कोई कहावे, अज्ञान तिमिर दुर थाय ज्ञान परभावे;
ते ज्ञानोद्धार करो भविजन शुभ साजे. पेथापुर. ८
जिनआगम ग्रंथो घणा जिर्णता पावे, बहु कुंथ्था करडी खाय कमकमी आवे;
शोधन करी संग्रह करो डिरेक्टरी काजे. पेथापुर. ९
वळि जीर्ण चैत्य उद्धार करो भक्तिभावे, संभा तीर्थनी ल्यो भविजन बहु लावे;

ए परम धरमनां काज कर्यां जिनराजे. पेथापुर. १०

इत्यादिक हेतु कॉन्फरन्सथी सीझे, पण संप ऐक्यता थकी सरस फळ लीजे;

सुण सांकळचंद तु कॉन्फरन्स गुणगाजे. पेथापुर. ११

त्यार बाद नीचे जणावेला गृहस्थो तरफथी कॉन्फरन्सना कार्यप्रत्ये दिलसोजी दर्शावनारा तारो तथा पत्रो आवेला, ते मि. डाह्याभाई हकमचंदे सभा समक्ष रजु कर्या हताः—

तारोः—शेठ चिमनभाई नगीनदास, अमदावाद; शेठ वेणीचंद सुरचंद, मेसाणा; मि. मोहनलाल पुंजाभाई, मुंबाई; सेक्रेटरी–श्री हेमचंद्राचार्य प्रसारक सभा, पाटण; मि. रणछोडलाल छगनलाल, महीकांटाना मे. पो. एजंटना शिरस्तेदार, ईडर; मि. मोहनलाल हेमचंद, मुंबई.

पत्रोः—पारसी जैन मि. माणेकजी, डुमस; शेठ वीरचंद दीपचंद सी. आइ. इ., महाबलेश्वर; शेठ वसनजी त्रिकमजी, डुमस; वकील पोपटलाल अमथासा, डुमस; वकील मोहनलाल हीमचंद, पादरा; मि. दामोदर बापुसा, येवला; मि. वालचंद हिराचंद, अधिपति–"सत्यमित्र," मालेगाम; मि. अनुपचद मलुकचंद, भरुच; शेट दीपचंद नहालचंद, नाशीक; वकील नंदलाल लल्लुभाई, वडोदरा; मुनीमहाराज श्री धर्मविजयजी, बिनारस; शेठ जीवणचंद धर्मचंद, मुंबई; मि. दोलतचंद पुरुषोत्तम बरोडीया बी. ए., जुनागढ; शेठ कुंवरजी आणंदजी, भावनगर; माणसाना ठाकोरसाहेब राओल श्री तख्तसिंघजी, माणसा.

तारो तथा पत्रो वंचाई रहेवा बाद तालीओना अवाज वचे प्रमुख साहेबे नीचेना ठरावो प्रमुखस्थानथी सभानी वहाली माटे रजु कर्या हता जेने तालीओना अवाजोथी वधावी लई, सर्वानुमते पसार करवामां आव्या हता.

## ठराव पहेलो—ना. ब्रिटिश सरकारनो उपकार.

हिंदना शेहेनशाह नामदार सातमा एडवर्ड अने शहेनशाह बानु अलेक्झांद्रा जेमना प्रतापी राज्यनी शीतल छाया तळे सर्वे धर्मवाळाओ शांती अने निरांतथी पोतपोतानो धर्म साचवी रह्या छे, तेओनुं राज्य अमर तपो अने सर्वे धर्मवाळाओ पोतपोतानो धर्म निर्विघ्नरूप पाळवा समर्थ थाओ, एम आ कॉन्फरन्स इच्छे छे.

## ठराव बीजो—महान कॉन्फरन्सना ठरावोने वहाली.

छेल्लां त्रण वरसमां मळेली जैन (श्वेतांबर) कॉन्फरन्से जे जे ठरावो कर्या छे ते स्तुतीपात्र छे अने ते आ कॉन्फरन्स मान्य करी अमलमां आणवा दरेक धर्मबंधु अने बहेनोने आ प्रोविन्शियल कॉन्फरन्स खास भलामण करे छे.

## ठराव त्रीजो—मुनीमह[illegible] [illegible]र.

जे जे पवित्र मुनिराजो सीधी या आडकत[illegible] [illegible] हितमां भाग लेई ते प्रती दिलसोजी धरावे छे तथा तेमां पसार थयेला [illegible] [illegible]ाइओ तथा बेनोने उपदेश

करता रह्या छे तेओ बधानो आ कॉन्फरन्स उपकार माने छे अने तेओने तथा बीजा सर्वे मुनीराजोने ए प्रमाणे उपदेश करवा नम्रतापुर्वक विनवे छे.

वळी मुनी महाराज श्री सुखसागरजीना शिष्य मुनी श्री बुद्धिसागरजी महाराज जेमना सदुपदेशथी आ प्रोविन्शियल कॉन्फरन्स अत्रे भेगी थई छे तेमनो आ कॉन्फरन्स अंतःकरणपुर्वक उपकार माने छे तथा आ प्रसंगे मुनी महाराज श्री आनंदसागरजी विगेरे पधारेला छे तेमनो पण आ कॉन्फरन्स उपकार माने छे.

## ठराव चोथो—परदेशगमन तथा केळवणीने उत्तेजन आपवानी जरुर.

हानिकारक रिवाजो, अधर्माचरण थवानुं तथा ते जारी रहेवानुं कारण अज्ञान छे ते अज्ञानंधकार ज्ञान रुपी दिवाथी दुर थाय छे माटे ते प्रगटाववा जैन भाईओ तथा बहेनोमां समयोचित धार्मिक तथा व्यवहारिक केळवणीना वहोळा फेलावानी अवश्यकता आ कॉन्फरन्स जुवे छे; अने ते अर्थे निचेनी बाबतोपर जैन बंधुओनुं खास ध्यान खेंचे छेः—

१ धार्मिक शिक्षण साथे जमानाने अनुसरती व्यवहारिक केळवणी बाळक तथा बाळकीओने माटे एवी शाळाओ स्थापवी तथा मोटी उमरनी स्त्रीओने माटे पण आवी शाळाओ स्थापवी;

२ अमदावाद, मुंबई आदी जेवां स्थळ ज्यां उंची केळवणीनुं साधन होय त्यां जैन बंधुओने भणवामां सहायरुप थाय तेवी बोर्डिंगो स्थापवी;

३ जैन बंधुओने उंची केळवणी माटे उत्तेजनार्थे स्कॉलरशिपो काढवी;

४ श्री बनारसनी श्रीमद्‌यशोविजयजी जैन पाठशाळा जे श्रीमन् मुनी महाराज श्री धर्मविजयजी आदीना सतत् प्रयास अने निस्वार्थ लागणीथी जैन शास्त्र शिक्षण माटे उपदेशको तैयार करवा त्रण वरस थयां स्थपाई छे तेने हरेक प्रकारे मदद आपवी अने संस्कृत, प्राकृत भाषा तथा जैन सिद्धांतो शिखी सारो जैन विद्वान वर्ग तेमांथी पेदा थाय एवी एनी मुळ नेम बर आववा दरेक प्रकारे जोइती मदद आपवा तत्पर रहेवुं;

५ उद्योग वेपारार्थे हुन्नरादि शिखवा माटे योग्य जैन भाईओ युरोप, अमेरिका, जापान आदि स्थळे जाय ते अति लाभकारी छे, एम मानी तेम करवा आ कॉन्फरन्स भलामण करे छे.

**दरखास्त करनार**—मि. घेलाभाई छोटालाल बी. ए. अमदावाद.

**टेको आपनार**—मि. मणीलाल नथुभाई डोशी बी. ए.

,, केशवलाल अमथाशा बी. ए.

,, सांकळचंद मोहोकम बी. ए., अमदावाद.

,, नारणजी अमरशी, वढवाण.

वकील फतेहचंद रामचंद, सादरा.

## मि. घेलाभाई छोटालालनुं भाषण.

मारे आजे जे विषय उपर बोलवानुं छे ते नैतिक, सांसारिक अने धार्मिक केळवणी जेवा अगत्यना सवाल उपर बोलवानुं छे. मारा करतां कोई वधारे अनुभवीने ते विषय आपवामां आव्यो होत तो ते वधारे ठीक थई पडत. केळवणीना संबंधमां जुदा जुदा ग्रंथकारो जुदी जुदी जातनो उपदेश करी गया छे पण ते सघळानो उद्देश एवो छे के माणस जातनी बुद्धीने एवी रीते खीलववी के जेथी तेने सांसारिक तेमज आत्मिक लाभो प्राप्त थाय. आपणो आत्मा जेम जेम उंची पंक्तीए चहडतो जाय छे अने ते ज्यारे ज्ञानमां वधारे आनंद ले छे त्यारे एवुं परमसुख प्राप्त थाय छे के जे लाखो या करोडो रुपया खर्चवाथी पण मळतुं नथी. तेज कारणने लीधे शास्त्रोमां पण ज्ञानने पहेली पंक्ती आपवामां आवी छे. ज्यां सुधी आपणे ज्ञान लेवामां अने आपवामां साधनभुत थवामां पाछळ रहीशुं त्यां सुधी आपणी मनोकामना कदी पण सिद्ध थवानी नथी. दरेक जैन भाईए आ काममां कमर कसीने आ भवनी तेमज परभवनी उन्नती करवानी तक लेवानी छे. केळवणी लेवानो खरो वखत बाल्यावस्थानो छे. जो बाळकोने बचपणथीज सारी जातनुं शिक्षण आपवामां आवे तो घणो लाभ थाय. जे पिता पोताना पुत्रने केळवणी आपतो नथी, ते ते बाळकनो पिता नथी, पण वेरी छे. जर्मनी, जेपान आदि देशोनां सरकारे दरेक माबाप उपर पोताना बाळकोने प्राथमिक शिक्षण आपवानी फरज नांखी छे पण कमनसीबे आपणा देशमां तेवुं नथी, तेम होवाथी आपणे पोते जेपाननो दाखलो लेवो घटे छे. जेपान जेवो नानो देश पण एशिया खंडमां पहेलो आवी शक्यो छे अने रशिया जेवा एक महान राज्यने हंफाववाने शक्तिवान थयो छे. केळवणीना संबंधमां जैन शास्त्रो सौ करतां आगळ पडतां छे. स्त्री केळवणीमां पण आपणा तिर्थंकर, रीखबदेव स्वामी पोतेज सरस दाखलो बेसाडी गया छे. तेमणे पोतानां मातुश्री अने बहेनोने केळवणी आपी हती अने तेवा बीजा जोइए तेटला दाखला मोजुद छे. जो स्त्रिओने केळववामां आवशे तोज आपणे आगळ वधी शकीशुं अने आपणो संसार सुखी निवडशे. तेओ पारकी कुथली करवाने बदले धार्मिक वृति तरफ दोरवाशे अने तेथी पण आपणने घणो लाभ थशे. हालनो जमानो सखत हरिफाईनोज छे अने तेने लीधे आपणे जो बीजाओनां करतां पछात पडीशुं तो कदी पण हरिफाईमां टकी शकवाना नथी. आपणा वडीलो आगला वखतमां लखामणीना भारे दरो होवा छतां घणां किंमती पुस्तको लखावी गया छे अने हालमां जो ते पुस्तकोनुं संशोधन करावी तेमने छपाववामां आवशे तो तेथी घणो लाभ थवानी वकी छे. धार्मिक केळवणी आपवा माटे दरेक स्थळे एवी शाळाओ कहाडवी जोइए के जेमां धार्मिकनी साथे व्यवहारीक केळवणी पण लइ शकाय. तेवी शाळाओ उपरांत कोलेजोमां भणता जैन विद्यार्थीओने हालमां पडती हाडमारीओ दूर करवा माटे अने तेमनी धार्मिक वृत्तीमां थती शीथीळता अटकाववा माटे जैन बोरडींग जेवां स्थलोनी घणी जरूर छे अने ते माटे जैन भाईओए एक फंड करवुं घटे छे. मुनी महाराज श्री धर्मविजयजीना उपदेशथी बनारसमां एक संस्कृत पाठशाळा स्थापवामां आवी छे अने ते घणी उपयोगी थई पडवानी वकी छे; माटे दरेक जणे ते पाठशाळाने योग्य मदद करवानी जरूर छे. वळी जैन कोममां उंचा प्रकारनी केळवणीनो प्रसाद पामेलाओनी संख्या घणी नहानी छे, तेथी जैन पाठशाळा बलके कोलेज जेवुं एक खातुं स्थापवानी घणी जरूर छे.

## मी. मणीलाल नथुभाई डोशीनुं भाषण.

धार्मिक अने व्यवहारीक केळवणीना संबंधमां जेम बीजनी अंदर रहेली गुप्त शक्तिओ पाणी,

जमीन, ताप आदि अनुकुळ संजोगो मळतां खीली नीकळे छे अने ते बीज वृक्षरूपे थाय छे तेज प्रमाणे मनुष्यनी शक्तिओ केळवणीथी खीले छे. केळवणी कोने आपवी जोइए? केळवणी लेनार मनुष्यनुं बंधारण तपासतां आपणने चार तत्वो तेनी अंदर जणाइ आवे छे. प्रथम स्थूल शरीर, बीजुं मन, त्रीजुं इच्छाओ, अने चोथो सर्वनो साक्षीभूत आत्मा. तो आ चारे तत्व संपूर्ण रीते खीली नीकळे तेवा प्रकारनी केळवणीनी खास आवश्यक्ता छे; बीजा शब्दोमां कहीये तो शारीरिक, मानसिक, नैतिक अने धार्मिक केळवणीनी जरूर छे.

प्रथम स्थुल शरीरने खीलववा अने ते योग्य साधन थाय ते सारू कसरतनी जरूर छे. चारे बाजुए दृष्टि फेरवतां आपणने भणेला वर्गनो शरीरनो बांधो घणो निर्बळ, फीको अने मंद पडी गयेलो जणाय छे. डो. केल्होगना मत प्रमाणे The weaker and the wiser the world in growing, दुनिया दहाडे दहाडे वधारे डाही पण वधारे निर्बळ थती जाय छे. भूतकाळना महान पुरूषोना ज्ञान साथे अनुभव रुपी ज्ञान प्राप्त करवाथी डहापण वधे पण शरीरनी बाबतमां तो आपणे घणाज निर्बळ छीए. माटे जे जे शाळाओ स्थापवामां आवी होय अने बीजी स्थापवामां आवे त्यां शारीरीक केळवणीने सारू योग्य कसरत आदि सामग्रीनी खास जरूर छे. तेथी करी शरीर मजबुत थशे अने ते मनुष्य पोतानुं काम सारी रीते बजावी शकशे.

बीजी मानसिक केळवणी-बुद्धि, तत्व अथवा मनने केळववानी जरूरथी तो कोई अजाण्युं नथी कारण के ते केळवणीथी मन सांकडुं रहेतुं नथी पण विशाळ ने उदार बने छे. पुर्व काळनो इतिहास, सायन्स, नीतिना प्रश्नो सर्व बाबतो जाणवाने केळवायेलुं अने सुशीक्षित मन वधारे उपयोगी छे. केळवणी शिवाय हालना समयमां ओक पगलुं पण आगळ भरी शकाय तेम नथी. दरेक धंधामां पण केळवायेलो वर्गज आगळ वधी शके छे अने सारूं धन पेदा करी शके छे. हालनो जमानो हरीफाइनो छे. पण ते साथे जणाववुं जोइओ के फक्त गोखी मारी मगजने बहारना विचारोथी भरवुं ते खरी केळवणी कही शकाय नहि. मानसिक शक्तिओ वधे अने तेथी originality नवुं उत्पन्न करवानी शक्ति पण वृद्धि पामे तेवी केळवणी मळे तोज उपर जणावेला केळवणीना लाभ प्राप्त करी शकाय.

त्रीजी नैतिक केळवणी. आपणी अंदर जुदी जुदी लागणीओ, इच्छाओ छे तेमां केटलीक आत्मविकाशमां सहाय करे तेवी छे अने केटलीक तो मनुष्यने नीच बनावे छे तो पहेला प्रकारनी वृत्तिओ, दया, करुणा, बंधुत्वभावना, प्रेम, भक्ति, निःस्वार्थता खीले अने बीजा प्रकारनी वृत्तिओ—क्रोध, द्वेष, अदेखाइ, मान, कलह करवानी इच्छा संयममां रहे तेवी केळवणी मानसिक अने शारीरिक केळवणी करतां पण वधारे अगत्यनी छे.

मनुष्यनुं मन केळवायेलुं होय, तेनुं शरीर मजबूत होय पण जो ते केळवणीनो दुरुपयोग करे, अने पोतानुं ज्ञान स्वार्थ साधवामां अने बीजाने छेतरवामां वापरे तो ते कुपात्रने हाथ पडी कही शकाय. केळवणी ओ ओक शक्ति छे. तेनो उपयोग अथवा दुरुपयोग थइ शके. माटे जे लोको तेनो दुरुपयोग करे छे तेओ केळवणीना पवित्र नामने कलंकित करे छे. अने अभण वर्गने खोटे रस्ते दोरवाने सहायभूत थाय छे. माटे ते दुर करवाने नैतिक केळवणी आपवी जोइए.

नीतिनो पायो धर्म उपर रचायलो छे; धर्म विना नीति टकी शके नहि. दया करवी, ओ नीतिना प्रश्नो आधार सघळा आत्माने ओक सरखो छे. ओ धार्मीक सिद्धांतपर रहेलो छे. जेम शरीरने टकाववा खोराकनी जरूर छे तेम आत्मोन्नतिने वास्ते धार्मीक केळवणीनी जरूर छे. अतींद्रिय वस्तुओ संबंधीनुं ज्ञान आपणने धर्मथी मळे छे. अने तेथी घणा प्रश्नोनुं समाधान थइ जाय छे अने आपणुं इष्टमां इष्ट कर्तव्य बजाववा आपणे शक्तिवान थइओ छीओ. फक्त प्रतिक्रमण के तेनो अर्थ जाणवामां धार्मीक केळवणी समाइ जती नथी. ते पण जरूरनुं छे पण तेनी साथे जैन धर्मनां तत्वो जेमां रहेलां होय तेवा पुस्तको प्रगट करवानी जरूर छे के जे वांचवाथी भणनारना वर्तन चारित्र उपर असर थाय अने तेथी तेओ शुद्ध रीते जीवन व्यवहार चलावी शके.

आवी चार प्रकारनी केळवणी मनुष्यने मळे तो थोडा समयमां जैन समुदायमां ओवा नर रत्नो पाके के जेओ पोताना उपदेशथी तथा आचारथी थोडा समयमां जैनोनी सांसारीक तथा धार्मीक स्थीति सुधारी शके.

पुरुषोने आवी केळवणी मळे तेथी बस नथी. स्त्रीओने पण केळवणीनी जरूर छे. रथनुं ओक पैडुं बगडेलुं होय तो रथ चाली शके नहि. तेम स्त्रीओ अभण होय तो जे हानिकारक रीवाजो आपणे दुर करवा मागीओ छीओ ते कदापि दूर थाय नहि. माटे स्त्रीकेळवणीनी आवश्यकता छे. स्त्रीओने कांइ डीग्रीओ मेळववानी जरूर नथी. पण जेथी तेओ सुशील बेहनो, माताओ, गृहीणीओ थाय, पोतानुं गृहकार्य यथायोग्य करी शके, धर्मनुं ज्ञान प्राप्त करे, रांधता, शीवता, गुंथता आवडे, तेवी केळवणीनी जरूर छे. केळवणीथी तेओनुं वर्तन उच्च प्रकारनुं थशे अने दुष्ट रीवाजो स्वयमेव नाश पामशे. वधारे आ संबंधमां बोलवानुं हतुं पण वखत थइ जवाथी तेओने केळववाने शाळाओ स्थापवानी दरखास्तने अनुमोदन आपी हुं बेसवानी रजा लऊं छुं.

## मि० केशवलाल अमथाशानुं भाषण.

मारा केटलाक मित्रोने लीधे मने मळेला अंगत अनुभव उपरथी हुं कही शकुं छुं के, आपना स्वधर्मी विद्यार्थीओने माटे अलग गोठवणो नहीं होवाथी तेमने अन्यधर्मीओ साथे सहवास राखवो पडतो होवाने लीधे रात्रीभोजन तथा कंदमुळ आहार वगेरे करवां पडे छे, आ कारणने लीधे बोरडींग हाउसनी घणी जरूर छे. केळवणी एक उत्तममां उत्तम आभुषण तेमज आ विकट संसारसागरमांथी तरवाने माटे मनुष्यने वहाण समान छे माटे केळवणी जेम बने तेम वधारवी. जेवी रीते एक जंगलनुं लाकडुं पण केळववाथी केवुं सारूं अने शोभितुं बने छे के जे मनुष्य जेवा प्राणीनी जिंदगीने बचावनार अने टकावनार थई पडे छे, तो माणस के जेनी अंदर ज्ञान छे तेने केळववाथी केवो सारो अने उपयोगी थई पडे. केळवणी वगरनुं मनुष्य जीवन फोकट छे, माटे केळवणी जे जे साधनोथी जैन बालको तेमज युवानोमां मोटा प्रमाणमां विस्तार पामे तेवा साधनो योजवा दरेक जैन बंधुनी अने खास करीने श्रीमंत जैन बंधुओनी फरज छे. केळवणी केटली बधी उपयोगी अने लाभ कर्ता छे ते आगल बतावी आपवामां आव्युं छे. माटे ते उपर वधारे विवेचन करवानी जरूर नथी तेथी हवे हुं मुल साधन उपर आवीश. आपणा राज्यकर्तानी भाषा अंग्रेजी छे ते भाषा तथा तेनी साथे बीजा विषयोनो अभ्यास करवाने माटे नाना गामडाना विद्यार्थीओने मोटा शहेरमां रहेवानी जरूर पडे छे. तेवा

परदेशना विद्यार्थीओने रहेवाने माटे पुरेपुरी सगवड होती नथी. माटे मोटा शहेरोमां के ज्यां कॉलेजो तथा हाइ स्कुलो छे त्यां रेहेवाने माटे बोरडींग हाऊस स्थापवां जोईए, जेथी ते लोकोने भणवामां वचे आवती हरकतो नडे नहीं, केमके, तेओ पोताना अभ्यासनी अंदर साधनोनी अगवडताने लीधे बराबर चित्त राखी अभ्यास करी शकतां नथी. बोरडींग हाउस ए एक केलवणीज छे, केमके दुनीयानी अंदर पण कारणज कार्यने उत्पन्न करणार होवाथी कारण मेलवी आपनारे कार्य कर्युं कहेवाय छे. जेम ओसड मनुष्यनी जिंदगी बचावे छे छतां कहेवामां आवे छे के, अमुक वैद्ये आ माणसनी जिंदगी बचावी, कारण के ओसडनो प्रयोग करनार ते वैद्य छे. तेवीज रीते केळवणी ( भणवुं गणवुं ) नां साधनो पण केळवणी तरीकेज केहेवाय. शास्त्रकारो पण चिथरांना बनेला कागळो अने काजलनी बनेली रूसनाईथी लखाएलां पुस्तकोने ज्ञान कहीने आपणने जणावे छे के पुस्तक के जे आपणने ज्ञान मेळववानुं साधन छे तेज ज्ञान छे. तेवीज रीते बोरडींग हाऊस एटले विद्यार्थीओने माटे खावापीवा तथा रेहेवानी गोठवण ए केळवणीनुं मुख्य साधन होवाथी ते पण केळवणीज छे. माटे दरेक श्रीमंत बंधुओ तेमज दरेक जैन बंधुओए पण पोतानी शक्ति प्रमाणे तेवां मकानो तेमज तेवी गोठवण करवा प्रयास करवो घणोज जरूरनो छे. परदेशथी आवतां विद्यार्थीओने बोरडींग हाउस एटलुं तो अगत्यनुं साधन छे ते आपणने एटलाज उपरथी जणाई आवशे के आपणे सामान्य काम माटे परदेश जतां पहेला उतारानें तथा भोजनने माटे सगवड करवी पडे छे, तेज मुद्दाथी साधुओने निर्विघ्ने सज्झायध्यान थई शके तेवा उपाश्रय स्थापवामां पुण्यानुबंधी पुण्य मानेलुं छे जेने माटे शास्त्रकारनी कहेली वंकचुलादिकनी कथा प्रसिद्ध होवाथी मारे कहेवानी जरूर नथी. जैन बोरडींग हाउस मोटां शहेरोमां स्थापवाथी जैन विद्यार्थीओने भण-वाथी ते आजिवीकाने माटे एक मोटुं उपयोगी साधन थई पडशे, एटलुंज नहीं पण ते विद्यार्थीओनी नरम पडेली धार्मीक श्रद्धाने द्रढ करवाने मुख्य साधन थई पडशे. जैन विद्यार्थीओ अंग्रेजी भणी पोताना धर्मनी सर्वज्ञताने सुचवनारा अत्यंत तत्वज्ञानवाळा सिद्धांतो अने खुबीओ समज्या वगर परधर्मीओना हाथ नीचे भणवाथी तेमज परधर्मीओना साथे घणो वखत सहवासमां रहेवाथी पोतानो धर्म छोडी दई अने जैन शास्त्रमां सख्त रीते मना करेलां कंद मुलादीक उघाडी रीते खाय छे अने घणी शरमनी वात छे के तेनुं प्रतीपादन करवा उघाडी रीते बहार पडे छे. माटे विद्यार्थीओने परधर्मथी थती असरमांथी बचाववाने माटे जैन बोरडींग हाउस मोटा शहेरमां स्थापवानी खास जरूर छे. साधारण रीते विद्यार्थीओनो वर्ग गरीब होय छे. माटे मोटा शेहेरमां बोरडींग हाउस इत्यादिनी सगवड न होवाथी तेओने पोतानो अभ्यास छोडी देवो पडे छे. माटे बोरडींग हाउस पण ज्ञानदान आपवा जेवुंज श्रेष्ठ छे. एम धारी ते स्थापवा प्रयत्न करवोज जोईए. मारा सांभळवा तेमज मारा अनुभव प्रमाणे केटलाक जैन विद्यार्थीओने कॉलेजमां आव्या अगाउ कोई दिवस नहीं खावेलुं कंदमुलादिक खावां पडे छे, तेमज रात्री भोजन करवां पडे छे त्यारे तेओ अफसोस करे छे के अमदावाद जेवां शहेरमां जैन बोरडींग हाउस नहीं होवाथी तेमज जैन कलब पण नहीं होवाथी अमारे अमारी अंतःकरणनी लागणी धर्म साचववानी छतां पण कंद मुलादिक खावानी जरूर पडे छे. दरेक काममां दुनीयानी अंदर पैसा अने मेहेनतनी जरुर पडे छे, माटे गरीबोने पोतानी शक्ती मुजब तन, मन अने धनथी ज्ञाननां साधनो योजवा प्रयास करवो जोईए. ते जैन बोरडींग हाउसमां जैन धर्मनुं शिक्षण फरजीयात राखवुं जोइए के जे शिक्षण ते विद्यार्थीओने दुनीयानी अंदर पण सदाचारे वर्तावनार, आत्मानुं कल्याण करावनार, माता पितानी प्रत्ये सारी लागणी आपनार थई दाक्ष-णीयता अने विनय जेवां अमुल्य गुण उत्पन्न करे के जेथी केळवणी पामेलाने माथे पोतानी बेदरकारी

माटे नास्तीक–उद्धत–आदी मुकातां अत्यंत खराब आक्षेपो मुकाबा संभव रहे नहीं. माटे बोरडींग हाउस एटले विद्यार्थीओने माटे खावापिवा तथा रेहेवानी गोठवण ए केळवणीनुं मुख्य साधन होवाथी अने तेम करवाथी मोटुं पुण्य उपार्जन थतुं होवाथी दरेक जैन बंधुओनी तेमज खास करीने श्रीमंत भाईओनी बोरडींग हाउस स्थापवानी आवश्यक्ता तेमज प्राथमीक फरज छे. छेवटमां हुं एटलुंज जणावुं छुं के दीगंबर जैन जेओ थोडाज नजरे पडे छे, तेओए पण ज्यारे मोटा शहेरोमां बोरडींग हाउसो स्थाप्यां छे, तो वळी मोटी श्रीमंत, वगवाळी, केळवणीना फळ चाखनारी आपणी कोम पाछळ रहे ते केवळ अफसोस करवा जेवुं अने घणुंज दुःखदायक छे.

## मी. सांकलचंद मोहाकेमनुं भाषण.

स्कोलरशीपोनो विषय हालना समयमां घणोज अगत्यनो छे केमके हालमां केळवणीनो प्रसार अन्य कोमोमां बधु चाल्यो जाय छे अने तेना प्रमाणमां आपणे घणाज पाछळ पडी गया छीए. आपणामां वस्तीनुं प्रमाण जोतां केळवणीनी बाबतमां पारसीओ करतां आपणे बीजे नंबरे छीए पण आप जोशो के आपणी कोम वणीक होवाथी लखवा वांचवा करतां विशेश केळवणी लेती होय एम जणातुं नथी, अने आ सवाल उंची केळवणीना संबंधमां छे जे केळवणी साधारण अने मध्यम वर्गना लोकोने घणीज मोंघी पडे छे अने विगत तपासतां मालुम पडे छे के जैन ग्रेज्युएटो तथा वकीलोनी संख्या मात्र सोनी अंदर छे. पंदर लाख जैननी वस्तीना प्रमाणमां फक्त सोनी संख्या घणीज शोचनीय छे. मुसलमान कोम जे केळवणीनी बाबतमां घणीज पछात गणाती हती ते पण जोतजोतामां केळवणीनी बाबतमां आगळ वधवा मांडी छे तेनुं कारण एज छे के उंची केळवणी लेवाने माटे तेओए अलीगढ जेवी कोलेज स्थापी छे अने ज्यां विद्यार्थीओने मफत राखी भणाववामां आवे छे अने ते शिवाय तेमने स्कोलरशीपो आपी जुदी जुदी कोलेजोमां भणाववामां आवे छे. दाखला तरीके आपणा गुजरातनी अंदर मोहोबत फेलो-शीप नामनी एक स्कोलरशीप छे, अने मुंबई इलाकामां काझी शहाबुदीन नामनी केटलीक स्कोलरशीपो मुसलमान विद्यार्थीओने अपाय छे.

अफसोसनी वात ए छे के आपणा जैनोमां घणा धनाढ्यो छतां अने केळवणीनी जरूरीआत सम-जवा छतां आ विषय उपर बिलकुल ध्यान आपवामां आवतुं नथी. मुसलमान उपरांत पण पारसीओमां मर्हुम मि. ताता तरफथी मोटी रकमनी स्कोलरशीपो उंचा अभ्यास माटे आपवामां आवे छे. तेमज आपणा हिंदुभाईओ तरफथी उंचा प्रकारनी केळवणी माटे सारी स्कोलरशीपो आपवामां आवे छे पण तेनी गेरहाजरी आपणा जैन भाइओमां जोवामां आवे छे. आपणा जैनोमां मि. प्रेमचंद रायचंद तथा मर्हुम शेठ मगनभाइ करमचंद तरफथी केटलीक स्कोलरशीपो आपवामां आवे छे पण आ स्कोलरशीपो बधी कोमना विद्यार्थीओ माटे होवाथी तेनो लाभ जैनोने घणे भागे मळी शकतो नथी. हालना स्पर्धाना वखतमां आपणे जोइए छीए के आपणा जैन बंधुओ घणा अन्न उत्पादक खर्चोमां जेवा के वरघोडा, ज-मणवार, न्यातो विगेरे करीने उतरे छे पण अनुत्पादक खर्च ओछो करीने आपणा उंची केळवणी लेनारा युवान जैन अभिलाषीओने मदद करी शकीए तेम छे. दाखला तरीके अमदावादनी वीसा पोर-वाडनी नातनी केळवणीनी बाबतमां मुख्य भाग लेनार अमारी न्यातना अग्रेसर अत्रे बिराजेला शेठ जम-नाभाई तथा तेमना वडील बंधु शेठ मनसुखभाईना अथाग प्रयासथी वरघोडा विगेरेना पैसा बंध करी पोतानी नातना विद्यार्थीओने मदद आपवा एक फंड थयुं छे, तेमज दसा श्रीमाळीनी नातना अग्रेसर

शेठ चीमनभाई नगीनदासना श्रमथी तेमनी न्यातमां एवो ठराव करेलो छे के दरेक पोतानी न्यातना केळवणीना फंडमां अमुक रकम आपे अने ते फंडनो श्रीमंतो तथा गरीबना छोकराओ लाभ ले एवुं फरज्यात करेलुं छे. अने आनी रूए ते न्यातमां भाग्येज कोई केळवणीनो लाभ लिधा सिवाय रहेशे, अने अत्रे एकठा मळेला डेलीगेटो तथा श्रोताजनो आ दाखलाओनुं अनुकरण पोतपोतानी न्यातना लोको पासे करावशे.

## मि॰ नारणजी अमरशीनुं भाषण.

व्यवहारिक केळवणी आपवानी फरज नामदार सरकारे उपाडी लिधी छे पण हिंदमां भिन्न भिन्न धर्मो होवाने लीधे धार्मिक केळवणी आपवानो बोजो आपणे पोते उपाडी लेवो घटे छे. आपणी वस्तीवाळा केटलांक स्थळोमां तेवी शाळाओ स्थापवामां आवी छे. पण ते माटे जोइए तेवा शिक्षकोनी खामी जोवामां आवी छे. केटलेक स्थळे तो अन्य धर्मी शास्त्रीओने हाथे काम लेवुं पडे छे अने तेने लीधे तेओ संपूर्ण रीते सारूं शिक्षण आपी शकवानी स्थितीमां नथी. श्रीमद् यशोविजयजी महाराजने पण बनारसमां अभ्यास करवा जतां आवीज जातनी मुश्केली नडी हती, अने तेमने पण अन्य धर्मी शास्त्रीओ पासेथी शिक्षण लेवुं पडयुं हतुं. तेवी जातनी मुश्केली दूर करवा माटे मुनी महाराज श्री धर्मविजयजी महाराजे जे पाठशाळा बनारसमां स्थापी छे ते माटे महाराज श्रीनो उपकार मानवो घटे छे. बंगाल अने बिहार तरफना आपणा स्वधर्मी बंधुओ उपदेशकोनी चालु मागणीओ करता रह्या छे. पण तेवा उपदेशको मळवाना वांधा थई पडया छे. अन्य धर्मीओ तरफथी आपणा धर्म उपर करवामां आवता हुमलाओ सामे आपणा धर्मनुं रक्षण करवा माटे आवी जातना उपदेशकोनी घणी जरूर छे. देशनां जुदा भागोमां चालती पाठशाळाओए पोताना बंधारणो वगेरेना संबंधमां तथा शिक्षण पद्धतीना संबंधमां आ मोटी पाठशाळाने पुछावीने काम लेवुं जोइए छे. आवती ता० २८ मी मेने दिने बनारस खाते ए पाठशाळानो एक मेळावडो करवामां आवनार छे जेमां ते शाळाने मजबुत पाया उपर मुकवानो विचार करवामां आवनार छे. आ मेळावडामां मुंबईवाळा मि० वीरचंद दीपचंद हाजर रहेवाना छे अने तमो भाईओ पण तेमां हाजर थवानी तक लेशो एवी हुं आशा राखुं छुं.

## वकील फतेहचंद रामचंदनुं भाषण.

आपणो मोटो भाग वेपार करनारानो छे अने हालना जमानामां तेनां साधन—टपाल—तार—रेल्वे—आगबोट आदीमां सुधारो वधारो थतां वेपारमां घणी हरीफाई थई छे. हालनां वखत प्रमाणे कोई पण वेपार बेठा बेठा करी शकावानो नथी पण तेमां कुशळ थई करकसर करी कमावानुं शीखवानो छे. लाखो अने करोडो रुपीआना मालनो वेपार युरोप, आफ्रीका, अमेरीका अने एशीआना बीजा देशो साथे चाले छे, पण आपणामां देशावर जवानो घणो प्रचार नहीं होवाथी आपणने परदेशीओना आधारे रहेवुं पडे छे अने वर्तमानपत्रो वगेरेथी सांभळीए छीए के युरोप अमेरीकामां करोडो नहीं, पण अबजो रुपीआनी दोलत धरावनारा गृहस्थो हस्ती धरावे छे ते बधा वेपारथीज थया छे. प्रथम ज्यारे आपणो देश हुन्नरनी बाबतमां चढीआतो हतो ते वखते युरोपना लोको तेथी अजाण हता. तेओ वेपार अर्थे आ मुलकमां आवी अहींनो माल तेमना मुलकमां लई जता पण आज आपणे दरेक पहेरवानी, ओढवानी, वापरवानी अने खांड—साकर जेवी खावानी वस्तु माटे परदेशथी आवता माल उपर आधार राखीए छीए तेथी दर

वर्षे असंख्य धन अहींथी घसडाई परदेश जाय छे. ए अटकाववाने माटे आपणां देशमां ते बधा हुन्नर, दाखल करवा शीखवा सारु विद्यार्थीओ मोकलवा जोईए. मीलोनो उद्यम थवाथी आपणा देशना हजारो लोकोनो निभाव थवा मांडयो छे पण ते शिवाय बीजा अनेक तरेहना हुन्नर शीखीने आ देशमां दाखल करवानी जरूर छे. आपणामांथी कोई लायक शखस आवो हुन्नर शीखी आवे तेने आपणां श्रीमंत शेठीयाओ आश्रय आपे अने तेवां हुन्नरनां कारखानां अहीं कराववामां आवे तो तेथी आ देशना लोकोनो रोजगार वधे अने ते द्वारे परदेश जतुं द्रव्य अटके. सिवील सरवीसनी परीक्षा मात्र विलायतमां थाय छे अने तेमां पास थया शिवाय तेवी नोकरी मळी शके नहीं. तेवी उंची सरकारी नोकरीमां आपणा श्रावक भाईओ जोडाय तो तेथी आपणी कोमने घणो लाभ थाय ए देखीतुं छे. आ देशमां हालमां आपणे फक्त खेती उपर आधार राखीए छीए तेथी ज्यारे पण वरसादना कमी थवाने लीधे अथवा बीजा प्रकारे खेतीना पाकने नुकसान थाय छे तो देशमां दुष्काळ पडे छे अने तेमां हजारो मनुष्यो अने ढोरोनो नाश थाय छे. जो आपणे खेती शिवाय बीजो धंधो मोटा पाया उपर चलावीये तो एवो वखत आवे नहीं अने ते पण मोटुं पुन्यनुं काम छे. प्रथमथी कहेवत चाली आवे छे के—" जे गाम जावे ते खाली हाथे पाछो नहीं आवे. " मतलब के देशावरना वेपार सिवाय भुखमरो नहींज जाय. आगळना वखतमां जे जे लोकोए राजा अने बादशाहने दुकाळमां मदद करी हती तेओए पण देशावरना वेपारथी अखुट धन मेळव्युं हतुं. शेठ मोतीशाए द्रव्य खर्च्युं ते पण देशावरना वेपारथी मेळव्युं हतुं, अने हालना समयने अनुसरी चालवा माटे ते दरेक बाबतमां केळवणी लेवानी जरुर छे. ते मेळववानां साधन जे जे देशमां होय त्यां जवा माटे आपणा युवकोने आपणे प्रतीबंध नाखवो जोईए नहीं. घणी खुशीनी वात छे के आणंदजी कल्याणजीनी पेढीना प्रमुख अने कोन्फरन्सना एक जनरल सेक्रेटरी शेठ लालभाईए वडोदरानी जैन श्वेतांबर कोन्फरन्समां तथा आमळनेरनी प्रांतीक कोन्फरन्समां पोताना तरफथी बंगाळामांथी लायक उमेदवारने बेरीष्टर या सिविलीअन थवा माटे स्कोलरशीप आपी मोकलवानी इच्छा जाहेर करी छे. मी. महीपतराम रुपरामना जई आव्या पछी आ देशमां केळवणीमां घणो सुधारो थयो छे ते पछी बीजा घणां जई आव्या छे तेना प्रत्यक्ष दाखला छे. थोडी मुदतमां आपणामांथी पण घणा त्यां वेपारार्थे गया छे अने तेथी घणा लाभ थाय छे. वळी जेम राली ब्रदर्स जेवा वेपारी आ देशमां आवी खेडुतने त्यांथी माल लेवा लाग्या छे तेवे प्रकारे आपणा वेपारीओ देशावर जई काम करे तो घणो लाभ थाय.

## एक बालके करेलुं भाषण.

नगीन मनसुख नामना एक दसेक वर्षना विजापूरना एक बाळक विद्यार्थीए जणाव्युं हतुं के तमो सर्व भाइओए अमारा उपर खास ध्यान आपवानुं छे. जे खुरशीओ उपर आजे तमो विराजो छो, तेज खुरशीओ उपर अमारे बेसवानो वखत आवशे. अमारे सोनानी कळीओ पेहेरवी नथी पण मात्र सारी केळवणी तमो अमोने अपावो एटलीज मारी तमोने प्रार्थना छे.

## प्रमुखनुं विवेचन.

बाद मत लेतां प्रमुखे हिंदी भाषामां जणाव्युं हतुं के:—आ बाबद उपर घणा भाइओए विवेचन कर्युं छे. तेनो सार एटलो तो खुल्लोज छे के दरेक प्रांतना मोटा स्थळोमां एकेक बोरडींग हाउस स्थापवानी जरूर छे. अमदावाद जेवा शहेरमां बोरडींगनी बिलकुल खामी छे. एक भाईए कह्युं छे

के जो मध्य स्थितीना लोको मदद आपवानुं शरु करशे तो श्रीमंत वर्ग तो मदद आपवाने तैयारज छे. आ वात तदन साची छे. जो आपणां बच्चांओने धार्मिक अने संसारीक केळवणी बर्णा सारा प्रकारनी मळे तोज तेथी घणो लाभ थवानी वकी छे. जो तमो आ सवालनी अगत्यता समजता हो तो तमारे कांइक कहेवारु काम करी बतावबुं घटे छे. त्रण दिवस सुधी खाली बेसीने सांभळीने चाली जवुं ए वाजबी नथी, पण तेनो अमल करवो घटे छे. बोरडींग हाउसनी गेरहाजरीमां विद्यार्थीओने रात्री भोजन तथा कंदमुळ आहार करवुं पडे छे, ते जोतां जो तमो भाईओ अमदावादमां एक बोरडींग हाउस स्थापवानी जोगवाई करी आपो तो पेथापुरनी कॉन्फरन्से घणुं सरस करेलुं कहेवाशे. जो तमो अमदावादमां बोरडींग स्थापवानी जरूर जोता हो अने तेम करवा इच्छता हो तो हाथ उंचा करी बतावशो. ( अत्रे सर्वेए हाथ उंचा करी पोतानी संमती बतावी हती. )

जो तमो तेम करवाने इच्छा राखता हो तो एक फंड अत्रे उभुं करवुं जोइए. विद्यादाननी बरोबर बीजुं कोइ पण दान छेज नहीं. शेठ जमनाभाइ भगुभाइ ते काममां मदद करवाने घणा खुशी छे अने तेमनी सहायतार्थी आपणे आ कामने पार पाडी शकीशुं. तमारी स्थिति सो रुपिया भरवानी हो तो तमो हजार रुपिया भरो एम कहेवानी मारी मतलब नथी पण तमो यथाशक्ती नाणा भरो एम मारुं कहेवुं छे.

ए फंड माटे निचे जणविला गृहस्थोनी एक कमिटी निमवामां आवी हती:—

मि० फतेचंद रामचंद वकील, प्रमुख.
मि० छोटालाल ललुभाइ वकील, सेक्रेटरी.
मि० मनसुखराम रवचंद, खजानची.
मि० हाथीचंद झवेरचंद.
मि० डाह्याभाइ हुकमचंद वकील.
मि० जमनादास मोहकमचंद.
मि० नगीनदास साकळचंद वकील.
मि० जेसंगभाइ साकळचंद पारेख.
मि० रवचंद रामचंद गांधी.
मि० अमथालाल टेकचंद मेहेता.
मि० हाथीभाइ मुळचंद.
मि० नथुभाइ मंछाराम.

आशरे दोहोड कलाक जेटलो वखत टीपना काममां जवा पछी कोन्फरन्सनुं कामकाज पाछुं हाथ धरवामां आव्युं हतुं अने उपला टराव उपर मत लेतां ते सर्वानुमते पसार थयेलो जाहेर करवामां आव्यो हतो.

अत्रे नाणांनी टीप शरु करवामां आवी हती जेमां नीचे प्रमाणे रकमो भरवामां आवी हती.

( अपुर्ण. )

### શ્રી જૈન ( શ્વેતામ્બર) સંઘ તથા પ્રાચીન કારાગીરીના અભ્યાસીકોને

## જાહેર આમંત્રણ પત્ર.

ચાંદવડ લસણુ ગામ સ્ટેશનથી ( જી. આ.ઈ. પી. રેલવે ) ૬ કોસ ( ૧૨ માઇલ ) છે. પ્રથમ રેલવે નહોતી તે વખતે આગ્રા રોડની સડક પગરસ્તાની હોવાથી આ શહેર વેપારમાં ચડીયાતું હતું તેમ આગળ જૈનની વસ્તી પુષ્કળ હતી. હાલ વખતના બદલાવાથી અત્રેના પહાડમાં જૈન, તીર્થ દહેરૂં તથા મુર્તીઓ સઘળું પહાડમાંથી કોતરી કાઢેલું છે. જેઓએ ધારાપુરી તથા બોરીવલીની ગુફાઓ જોઈ હશે તેઓનેજ તેનો કંઈ વિચાર મનમાં આવશે.

જૈનોને તો બંને લાભ આ તીર્થની જાત્રા કરવાથી થશે કારણ કે ચંદ્રપ્રભુનું આ તીર્થ ઘણુંજ પ્રાચીન અને ભવ્ય છે અને મુર્તીઓ પણ સંખ્યાબંધ છે.

વળી ગામમાં પણ ૧ દહેરાસર શ્વેતાંબરનું છે તથા ૧ ડીગંબરીનું છે. જાત્રા આવનારાઓને વિષેષ માહીતી માટે શા. રતનચંદ નાનચંદ, કીશનદાન ભાઉસાને લખવાથી ઉતર મળશે. મુંબાઈથી લસણગામ રૂ. ૧॥= ભાડું ત્રીજા વર્ગનું છે. અંદરથી તીર્થ જોવા જેવું છે. પણ જૈનોની મંદવસ્તીથી બહારની દેખરેખ તથા સંભાળ સારી નથી. વીર સં. ૨૪૩૧—૧૯૬૧ મિ. જેઠ શુ. ૧૪.

સંઘનો સેવક.
મુનિમાણેક.
મુ. વડનેર, તા. ચાંદવડ. જી. નાસીક.

---

ધી ગુજરાત કેન્ડલ ફેકટરી અને એસ્બેસ્ટોસ વર્કસ, જુબિલી બાગ, તારદેવ, મુંબઇ.

ધર્મિષ્ટજૈન બંધુઓ માટે ખાસ!!

ચરબી અથવા બીજા પ્રાણીજન્ય પદાર્થો રહિત

# પવિત્ર મીણબતી.

આવી જાતનું કારખાનું હિંદુસ્તાનમાં આ પહેલવહેલુંજ છે અને તેમાં સાધારણ બજારમાં મળતી પરદેશી મીણબત્તીઓમાં ચરબી વિગેરે હિંસાના તેમજ ધર્મ વિરૂદ્ધ પદાર્થો આવે છે, તેવા કોઇપણ પદાર્થો વાપર્યા વિના શુદ્ધ વનસ્પતિના તેલોમાંથી વાલસેટ, ગાડીની, પેનસીલ જેવી, નકશીવાળી વિગેરે મીણબત્તીઓ દરેક કદ, વજન અને રંગની બનાવવામાં આવે છે, અને જેની સરસાઇને માટે બીજી બનાવટની મીણબત્તીઓ સાથેના મુકાબલામાં જુદાં જુદાં પ્રદર્શનોમાંથી પાંચ સોનાના અને એક ચાંદીનો ચાંદ મળવા ઉપરાંત, નામાંકિત વિદ્વાનો પાસેથી સેંકડો ઉત્તમ સરટિફિકેટ મળેલાં છે. ભાવમાં પણ બીજી બનાવટો કરતાં સસ્તી છે, અને આ મીણબત્તીઓ કોઇપણ જાતના હિંસક પદાર્થો રહિત હોવાથી દેરાસરમાં વાપરવા માટે ખાસ ઉપયોગી છે, અને તેથી આપણાં દેરાસરોમાં તેલની રોશની કરવામાં જે મેહનત અને માથાકુટ પડે છે, તે અમારી મીણબત્તીઓથી ઘણે દરજ્જે

ઓછી થઇ જાય છે. વળી અમારા ધાર્મિક જૈન બંધુઓ કે જેઓ ઘર વપરાશ માટે ચરબીવાળી મીણબત્તીઓ વાપરતા નથી, તેઓને પણ આ મીણબત્તીઓ ખાસ ઉપયોગી થઇ પડશે, અને તેથી અમારા જૈન બંધુઓનું અમારી મીણબત્તીઓ તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

કિંમત તથા માહિતી માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા, તેમજ એક વખત અજમાયશ લેવા વિનંતી છે.

**મોતીલાલ કશળચંદ શાહ જી. એમ. એ. સી.**

**મેનેજર અને માલીક**—ધી ગુજરાત કેન્ડલ ફેકટરી અને એસબેસ્ટોસ વર્કસ.

જ્યુબિલીબાગ, તારદેવ—મુંબઇ.

---



## સેંકડો મેકરોમાંથી ચુંટી કહાડેલાં ચોકસ ભરૂંસાદાર ઘડીઆલો.

લાંબી ગેરંટી અને અયુક્ત પ્રસંશાના તડાકા મારવા કરતાં એટલુંજ કહેલું બસ થશે કે નહીં પસંદ પડેલો માલ પાછો લઈ પૂરા પૈસા પાછા આપી શું. જેઓ ઘડીઆળની બાબતમાં જરાપણ જાણકાર હશે તેમને નીચેની જાહેર ખબર વાંચ્યાથી માલૂમ પડશે કે નીચે જણાવેલી ઘડીઆળો તદન ભરૂંસાદાર છે અને તે માટે અમારી કીંમતો બીજા વેપારીઓ કરતાં લગભગ ૨૫ ટકા જેટલી ઓછી છે. દરેક ઘડીઆળ ચાલુ મધ્યમ કદનું છે અને સુંદર કાચ કમાન અને પેટી સાથે મોકલવામાં આવેછે.



| | | | કી. રૂપીઆ. | | |
|---|---|---|---|---|---|
| સીસ્ટમ રોસ્કોપ લીવર | | પ્રીમા નં. ૧. | ૭ | ગેરંટી | ૨ વર્ષ. |
| ,, | ,, | સસ્તા | ૬ | ,, | ૧ વર્ષ. |
| ,, | ,, | રીતા | ૫॥ | ,, | ૧ વર્ષ. |
| ,, | ,, | ચાંદીના કેસનું | ૧૦ | ,, | ૨ વર્ષ. |
| હાયર ગ્રેડ મેરીડીયન લીવર | | | ૧૧ અને ૧૩ | ,, | ૩ વર્ષ. |
| ,, | ,, | ચાંદીનું | ૧૫ અને ૧૭ | ,, | ૩ વર્ષ. |
| ,, | ,, | નક્કર સોનાનું | ૪૫ અને ૫૦ | ,, | ૩ વર્ષ. |
| આઠ દીવસની ચાવીનું ચાંદીનું લીવર | | | ૧૯ અને ૨૨ | ,, | ૨—૩ વર્ષ. |

હાથના પટાનું નાનું મેરીડીઅન ચાંદીનું કી. રૂ. ૧૩ અને ૧૭. ગેરંટી ૨ અને ૩ વર્ષ.

ચાંદીની ગળાની ચેન કી. રૂ. ૧|=, ૨|. ચાંદીના હોલમાર્ક છેડા રૂ. ૩ થી ૫. ચાંદીના સંચામાં બનાવેલા બટન તોલાનો રૂ. ૧. નીકલનો છેડો ०|=. પીંચ ગોલ્ડનો છેડો રૂ. ૪॥ થી ૭ સુધી. પેકીંગ મુફત. પોષ્ટેજ અને વ્હી. પી. અધીક.

**મણીલાલ સી. મોદી, મેન્યુફેકચરર્સ એજન્સી.**

ચંપાગલી—**મુંબઈ.**



---

### शुद्ध और चरबी रहित

# पवित्र मोमबत्तीयां.

### खास जैन धर्मियोंके वास्ते.

हमारे यहां मुखतलिफ् किसम् वजन् सफेत मोंबत्तीयां बनती है. इस्की बनावटमें कोई नापाक जानवरोंका जुझ नहीं है. इस्की रोशनी दूसरी बत्तीयोंसे कम नही हय और ये उन्से ज्यादा देरतक जलती हैं. और इन्ही औसाफ् के सबब पांच सोनेके और एक चांदीका तमगा याने आलासनदें और सिवाय बहोतसी सनदे मिली हय. चूंके आपके यहां मोंबत्तीयां इस्तेमाल और फरोक्त होती है इस लिये अगर आप एक दफे हमारी बत्तीयां मंगवायेंगे तो आपको उन्की खुबीयोका यकीन होगा.

हमारा पत्ताः—**मोतीलाल कशळचंद शाह. मेनेजर और मालीक**—गुजरात केन्डल फॅक्टरी ॲन्ड ॲस्बेस्टॉस वर्क्स, जुबिली बाग, ताडदेव, **मुंबई.**

---

## હરેક ધર્માભિમાની જૈનને અમૂલ્ય તક.

## શ્રી જૈન (શ્વેતાંબર) ડીરેકટરી.

# જાહેર ખબર.

મુંબઈ અને વડોદરા ખાતે ભરાયેલી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરંસની બેઠકો વખતે થયેલા ઠરાવ અનુસાર હીંદુસ્તાનની જૈન ડીરેકટરી તૈયાર કરવાનું કાર્ય આ વર્ષે કોન્ફરંસ ઑફીસ તરફથી હાથ ધરવામાં આવ્યું છે અને તે તા.૧ મે સને૧૯૦૫ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. આપણાં દેરાસરો, તીર્થસ્થળો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, લાઈબ્રેરીઓ, પાઠશાળાઓ, સભાઓ વિગેરેને લગતી હકીકત એકઠી કરવા ઉપરાંત આપણી શ્વેતાંબર મુર્તિપૂજક જૈનોની સંસારીક, ધાર્મીક અને કેળવણીને લગતી સ્થીતીની હકીકત સાથે વસ્તીની ગણત્રી કરવાની જરૂર છે અને તેને માટે જુદાં જુદાં સ્થળોની તેવી વસ્તીની ગણત્રી કરવા તથા બીજી જોઈતી હકીકત પુરી પાડવા માટે તેવાં જુદાં જુદાં સ્થળોમાં અમોએ ઉપાડેલા આ મહાન કાર્યમાં મદદ કરવા સારૂ યુવાન અને ઉત્સાહી જૈન ભાઈઓની મદદની જરૂર છે તો હવે તે માટે સર્વે ભાઈઓને અમને તેઓની આ કાર્ય કરવાની ખુષી દર્શાવવાની વિનંતી કરવામાં આવે છે કે જેથી તે સંબંધી તેઓ જોડે પત્ર વ્યવહાર શરૂ કરી શકાય.

**ખાસ લાભ—જે જે જૈન ગૃહસ્થો તરફથી અમને આ કાર્યમાં સાહ્યતા આપવામાં આવશે તેમનો હકીકત એકઠી થયા પછી છાપવામાં આવનાર ડીરેકટરીના પુસ્તકમાં તેઓની મદદની નોંધ લઈને આભાર માનવામાં આવશે. આપણી કોમને લગતી એક આવી ડીરેકટરીની કેટલી અગત્યતા છે તે વિષે**

કાંઈ વધુ લખવાની જરૂર નથી અને તેથી અમને ખાત્રી છે કે જુદાં જુદાં સ્થળોના અમારા ધર્માભિમાની જૈન ભાઈઓ અમોએ ઉપાડેલા આ મુશ્કેલ કાર્યમાં મદદ કરવા જરૂર બહાર પડશે. આ એક એવું કાર્ય છે કે જે સર્વે ભાઈઓની મદદ શીવાય પાર પડી શકે તેમ નથી અને તેજ કારણને લીધે વોલંટીયરો તરીકે આ કાર્યમાં પોતાની મદદનો યોગ્ય હીસ્સો આપવા તેઓને ફરીથી અરજ કરવામાં આવે છે.

## ખાસ વિનંતી.

વળી આ માટે કરવામાં આવનાર વસ્તીની ગણત્રીને સંપુર્ણ બનાવવા સારૂ આપણાં મૂર્તિ પુજક શ્વેતાંબર જૈનોની વસ્તીવાળાં સ્થળોનાં નામો જાણવાની અમને ખાસ જરૂર છે તો દેશના જુદા જુદા ભાગમાં આવેલાં તેવાં સ્થળોનાં નામો બને ત્યાં સુધી જીલ્લાવાર અને આપણા જૈન ભાઈઓનાં ઘરની અંદાજ સંખ્યા સાથે અમને નીચેને સરનામે લખી મોકલવાં. જો કોઇ ગામમાં ફક્ત શ્રાવકોનાં એક યા બેજ ઘર હોય અથવા ફક્ત દેરાસરજીજ હોય તો પણ તેને શ્રાવક ભાઈઓની વસ્તીવાળાં ગામ તરીકે ગણીને દાખલ કરવું. વસ્તીની ગણત્રી તથા બીજી હકીકતો સંપુર્ણ કરવા સારૂ આવાં ગામોના નામોની અમને ખાસ અગત્ય છે અને તેથી પોતાથી બની શકે તેટલાં ગામોનાં નામો અમને મોકલી આપવાની દરેક ભાઈને ખાસ વિનંતી કરવામાં આવે છે.

આ સંબંધી સઘળો પત્રવ્યવહાર નીચેને સરનામે કરવાની અરજ કરવામાં આવે છે.

આસીસ્ટંટ સેક્રેટરી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ,
સરાફ બજાર, મુંબઇ.

---

## અમારા ગ્રાહકોને વિનંતી.

આ વખતના અંકમાં પેથાપુરમાં ભરાયેલી શ્રી જૈન (શ્વેતાંબર) પ્રાંતિક કોન્ફરંસનો રીપોર્ટ આપવામાં આવેલો હોવાથી બીજા કંઈ વિષયો લેવામાં આવ્યા નથી. વળી તે રીપોર્ટ અમારા હીંદી વાંચકોને ઉપયોગી બનાવવા સારૂ બાલબોધ ટાઈપથી આપવામાં આવ્યો છે. આ લંબા રીપોર્ટ છાપતાં આ અંક પ્રગટ થવામાં જે થોડી ઢીલ થઇ છે તેને માટે અમારા ગ્રાહકોની ક્ષમા ચાહીએ છીએ.

અધિપતી,—શ્રી. જૈ. કો. હે.

## कायदे.

१. हर महिने के अखीर में पत्र छपकर प्रगट होगा.

२. छपने के लिये विषय हर महिने की १५ तारीख तक पहुचना चाहिये.

३. छपने के लिये विषय जहां तक मुमकिन हो संक्षिप्त हो और सिर्फ कॉन्स-फरन्स से सम्बन्ध रखते हों.

४. नाम निर्देश करके आक्षेप न किया जावै.

५. वार्षिक मूल्य अगाऊ देना चाहिये.

६. काम काज सम्बन्धी—जैसे के रुपय्या भेजना, ग्राहक बनना, पत्रके देरसे पाना, न पहुचने की शिकायत वगैरह वगैरह—पत्र व्यवहार आसिस्टैन्ट सेक्रेटरी जैन कॉन्फरन्स, श्राफ बाजार, मुम्बई के साथ करना चाहिये, और विषय छपाने वगैरह के सम्बन्ध में पत्र व्यवहार मिस्टर गुलाबचंद ढढ्ढा, जनरल सेक्रिटरी, जयपुर के साथ करना चाहिये.

७. जैन श्वेताम्बर ग्रेज्युएट्स एसोशियेशन के मेम्बरोंको और उनके साथ हमदर्दी प्रगट करनेवालों को पत्र मुफत मिलेगा.

८. नमूने की कापी असिस्टैन्ट सेक्रिटरीको दरखास्त करनेपर मुफत मिलेगी.

---


# ગોદરેજ અને બાઇસ.

## ત્રીજોરીઓ, તાળા તથા કળ બનાવનાર.

ગેસ કંપનીની પાસે, પરેલ, મુંબઈ.

ગોદરેજ અને બાઇસના કારખાનાનાં માલેક ઇંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળનાં વરાળનાં ઇન્જીનથી ચાલે છે. ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ હરેક રીતે ઉત્તમ વેચાતી ત્રીજોરીઓની માફક હોવાં છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીઆં સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથ વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી. આવી ખુબી ગમે એવી વેચાતી ત્રાજોરીમાં હોતી નથી.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઇનામ સેનાના ચાંદ મળ્યા છે.

દરેક જૈન કુટુંબમાં અવશ્ય હોવોજ જોઈએ.

# બીજી શ્રી જૈન (શ્વેતાંબર) કોન્ફરન્સનો

# રિપોર્ટ.

મુંબઈમાં ભરાયેલી બીજી શ્રી જૈન ( શ્વેતાંબર ) કૉનફરન્સનો રીપોટ ત્યાંની રીસેપ્શન કમીટીના રીપોર્ટ સહીત તૈયાર છે. આ રીપોર્ટ સુંદર ગ્લેઝ કાગળ ઉપર બાલબોધ ટાઈપથી છાપેલ લગભગ ૪૦૦ પાનાનું કપડાના પુઠાનું સુંદર પુસ્તક છે. બીજી કોન્ફરન્સમાં બીરાજેલા ડેલીગેટોનું તથા તે વખતે જુદાં જુદાં ખાતાંઓમાં નાણાં ભરનારા ગૃહસ્થોનું લીસ્ટ, રીસેપ્શન કમીટીની જુદી જુદી સબ કમીટીઓના રીપાર્ટો વીગેરે ઘણીજ ઉપયોગી બાબતોથી ભરપુર છે. જુજ નકલો બાકી છે માટે વહેલો તે પહેલો. આ રીપોર્ટ શ્રી જૈન ( શ્વેતાંબર ) કૉનફરન્સ ઓફીસ તરફથી પ્રગટ કરવામાં આવ્યોછે અને તેથી તે પડતર કીંમતેજ વેચવામાં આવેછે. મૂલ્ય ફકત રૂ. ૦-૧૨-૦. બહારગામથી મંગાવનારાઓને વી. પી. થી મોકલવામાં આવશે.

મળવાનું ઠેકાણું:—

શ્રી જૈન ( શ્વેતાંબર ) કૉન્ફરન્સ ઓફીસ,

સરાફ બજાર—મુંબઈ.

---

# શ્વેતાંબર જૈન વિદ્યાર્થીઓને જાહેર ખબર.

વ્યવહારીક અને કોઇપણ જાતના ઉદ્યોગને લગતી કેળવણી માટે જે કોઇ મુર્તિપુજક શ્વેતાંબર જૈન વિદ્યાર્થીને મદદની જરૂર હોય તેમણે પોતાની લાયકાત અને જરૂરીયાત માટે બે સારા ગૃહસ્થોના સર્ટીફીકેટ તથા જ્ઞાતી, ઉમર, અભ્યાસ અને જોઇતી મદદ વીગેરે હકીકત સાથે નીચે જણાવેલ ઠેકાણે અરજી કરવી:—

લાલભાઈ દલપતભાઈ,

જનરલ સેક્રેટરી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

અમદાવાદ.

Registered No. B 425.

विर सम्वत् २४३१.　　ॐ　　विक्रम सम्वत् १९६१.

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A conference monthly Journal conducted in English and Vernacular.)

# श्री जैन श्वेताम्बर कॉन्फरन्स हैरल्ड.

( मासिकपत्र. )


Vol. I. No. 6.　　पुस्तक १, नम्बर ६.

June 1905.　　जून सन १९०५.



Conducted by, GULAB CHAND DHADDA M. A. JAIPUR



Published by THE JAIN S. CONFERENCE OFFICE. BOMBAY.



संपादक—गुलाबचंद ढढ्ढा एम्. ए.



प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस–मुम्बई.

Annual Subscription with postage Re. 1.

वार्षिक मूल्य डाक महसूल समेत सिर्फ रु. १.

Printed at the Indu-Prakash Press.

## विषयानुक्रमणिका.



| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| पेथापुर कोन्फरन्सनो रिपोर्ट. | ...१७७–२१० | चर्चापत्री. ... ... ... | २१८. |
| स्फुट विचार. .. ... | ...२१०–२१४ | जाहेर खबर. ... ... ... | २२० |
| संपादकिय टिप्पणी. ... | ...२१४–२१७ | | |



## आ मासिकना ग्राहकोने खास सूचना.

लवाजम उघराववा सारु आ वखतना अंकथी वी. पी. थी मोकलवानुं शरु करवामां आव्युं छे तेथी लवाजमना पैसा भरी वी. पी. स्वीकारवा आ मासीकना ग्राहकोने नम्र विनंति करवामां आवेछे. वी. पी. पाछुं फेरवी, कोनफरन्स फंडने नाहक नुकसान करवामां नहीं आवे एवी आशा राखवामां आवेछे.

एसीस्टंट सेक्रेटरी,

**जैन श्वेतांबर कोनफरन्स—मुंबई.**

# विज्ञापन.

## हरेक धर्माभिमानी जैनके लीये.

## श्री जैन श्वेतांबर डिरेक्टरी.

### वॉलंटीयरोंकी जरूरत है.

गुजरात, काठीआवाड व दक्षिणमें जैन डिरेक्टरीका काम खतम होनेकी तय्यारी है और एक दो पक्षमें खतम होगा. मध्यप्रांत, निजाम स्टेट, मद्रास इलाखा, सेंट्रल इंडिआ, मालवा, राजपूताना, मारवाड, इत्यादि मुल्कों के जहां हिंदी और मारवाडी भाषा प्रचलित है उन मुल्कोंकी श्वेतांबर मूर्ति पूजक जैनवस्तीकी डिरेक्टरी करनेके वास्ते वॉलंटीयरोंकी जरूरत है. कोनफरन्सकी ओरसें हम अपने प्रत्येक धर्मबंधुको अपने ओर अपनी आसपासके गांवोंकी डिरेक्टरी तैयार करनेको ओर अपने मुल्कमें श्री जैन श्वेतांबर वस्तीवाले गांवोंके नाम, उन गांवोंकी पोस्टओफीस ओर जैन अग्रेसरका नाम, जीतना होसके उतना लिख भेजनेके वास्ते प्रार्थना करतें हैं और उमेद रखतें हैं की; हरेक महाशय हमको इस उत्तम कार्यमें मदद करेंगे.

पत्रव्यहवार करनेका पत्ता—

एसीस्टंट सेक्रेटरी,

**श्री जैन श्वेतांबर कॉनफरन्स.**

सराफ बजार—बम्बई.

॥ ॐनमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैव शोकाः नकलहकलनाः नारिमारि प्रचाराः,
नैवोंध्यम् समाधिर्न च दरदुरिते दुष्टदारिद्रतानो,
नश्शाकिन्यो ग्रहानो न हरि करि गणव्याल वैतालजाला,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्ति भाजाम् ॥

The Jain Swetamber Conference Herald.

Vol. I — *June, 1905.* — No. VI

# पेथापुर खाते भरायेली

## श्री उत्तर गुजरात प्रांतिक जैन श्वेताम्बर कोन्फरन्सनो

# रीपोर्ट.

( गया अंकथी चालु ).

### फंडमां भराएला नाणानी टीप.

| नाम. | रुपीआ. | गाम. |
|---|---|---|
| शेठ. जमनाभाई भगुभाई. | ५०१ | अमदावाद. |
| प्रमुख मि. गुलाबचंदजी ढढा साहेब. | १०० | जेपुर. |
| वकील फतेचंद रामचंद. / वकील डाह्याभाई हकमचंद. | २०० | पेथापुर. |
| शेठ मोतीचंद भगवान. | १०१ | पुणा. |
| शा. मेठा मोतीचंद. | ५५ | पेथापुर. |
| वकील छोटालाल ललुभाई. | ५१ | ,, |
| वकील नगीनदास साकरचंद. | ५१ | ,, |

| | | |
|---|---|---|
| महेता खेमचंद नानाभाई. | ५१ | पेथापुर. |
| गांधी चुनीलाल डोसलचंद. | ५१ | ” |
| शा. भगवानदास वर्धमानदास. | ५१ | ” |
| सतलासण महाजन. | ३५ | सतलासण. |
| शेठ नागरदास त्रिभोवनदास. | ३५ | पेथापुर. |
| शा. मगनलाल कंकुचंद. | ३५ | विजापुर. |
| शा. मनसुख ललुभाई. | २५ | पेथापुर. |
| शा. गणेश नथु. | २५ | ” |
| शा. ललुभाई. | २५ | ” |
| शा. हकमचंद सुरचंद. | २५ | ” |
| शा. काळीदास वनमाळी. | १५ | ” |
| गांधी दलसुख मगनदास. | १५ | ” |
| महेता काळीदास देवचंद. | ११ | ” |
| वकील मनसुख मुळचंद. | ११ | ” |
| गांधी. भीखाभाई देवचंद. | ११ | अमदावाद. |
| शा. चंदुलाल छगनलाल. | १० | ” |
| वकील छगनलाल लखमीचंद. | १० | अमदावाद. |
| कोठारी ललुभाई झवेरदास. | ११ | प्रांतीज. |
| शा. नथुभाई मंछाराम. | १० | विजापुर. |
| शा. पुरुषोत्तम रेवादास. | १० | सादरा. |
| शा. गुलाबचंद प्रेमचंद. | १० | ” |
| डोशी मलुकचंद गणेश. | ५१ | गुंजा. |
| बाइ गंगाबाइ रतनचंद हकमचंद. | १० | ” |
| शा. नथुभाइ जोइता. | १० | पिपरज. |
| शा. हरगोवम अमीचंद. | १० | आग्लज. |
| शा. मोतीलाल पानाचंद. | १० | पेथापुर. |
| शा. सीरचंद रगनाथ. | ६ | माणेकपुर. |
| शा. मनसुखराम खेमचंद. | ५ | डभोडा. |
| शा. परसोतम मंछाराम. | ५ | माधवपुरा. |
| पटवा वनमाळीदास नथु. | ५ | खोरज. |
| पटवा भोगीलाल छगन. | ५ | खोरज. |
| शा. चुनीलाल नागजी. | ५ | इटादरा. |

| | | |
|---|---|---|
| नारदीपर महाजन ह. काळीदास त्रिभोवन. | ५ | नारदीपर. |
| शा. पुंजाराम मानचंद. | ५ | खेरवा |
| शा. लेहरचंद जोईता. | ५ | अमदाबाद. |
| शा. व्रजलाल सेवराम. | ५ | ” |
| शा. अमृतलाल ललुभाइ | ५ | ” |
| शा. मोहनलाल मगनलाल. | ५ | ” |
| शा. नानचंद छगनलाल. | ५ | माणसा. |
| शा. मोतीलाल हकमचंद. | ५ | पेथापुर. |
| शा. चतुरदास साकरचंद. | ५ | अमदाबाद. |
| दलाल सांकळचंद मोहकम बी. ए. | ५ | ” |
| दोसी. मणीलाल नथुभाई. बी. ए. | ५ | ” |
| मि. केशवलाल दौलतराम. | ५ | ” |
| कुल रु. | १७३३ | |

वली शेठ जमनाभाई भगुभाईए पेथापुरनी पांजरापोलना फंडमां रु. ५०० आप्या हता अने बीजा गृहस्थोए पण पोतानी खुशीथी तेमां नाणा भर्या हतां. जेथी तेमां पण एकंदर रु. १२०० ना आशरे थया हता.

## ठराव पांचमो. स्वधर्मी बंधुओने मदद करवानी भलामण.

स्वधर्मी भाइओ तथा बेनोने आश्रय आपवा तथा कामे लागी शके तेवांओने कामे लगाडवा श्रीमंत धंधादारी मीलमालेको वीगेरे मोटा वेपार आदी साधनवाळा जैन बंधुओने आ कोनफरनस खास भलामण करे छे.

**दरखास्त करनार**—वकील छोटालाल ललुभाई.

**टेको आपनार**—लाला चीरंजीलाल पंजाबवाला.

## मि० छोटालाल ललुभाइनुं भाषण.

आपणा भाइओ जमणवारो वीगेरे पाछळ अने तेवांज बीजां वगर जरूरना कामो पाछळ भारे खर्च करवामां उलटमंद रहे छे, पण आपणा निराधार थइ पडेला बंधुओ तरफ तेओनी लागणी बराबर उतपन थइ नथी. जीवनना नीभाव अर्थे जोइता अनाजनी तंगीथी पीडाता भाइओने अनाज वीगेरे पुरूं पाडवाने बदले तेने तथा बीजाओने अेकाद वखते मीष्टान आपवा पाछळ हजारो रुपीया खर्चवा अे शुं व्याजबी कहेवाय? वधारे अफसोसनी वात तो अे छे के आपणा बंधुओ दरेक न्हानामां नहाना जीव तरफ दया धरावनारा होवां छतां पोताना स्वधर्मी बंधुओनेज तदन भुली जाय छे. दरेक भाइए एटलुं तो समजवुं जोइए के दुनीया उपरना कोइ पण प्राणीना करतां

जैन बंधु तरफनुं तेओनुं सगपण सौथी वधारे छे. आपणे कांइ पण अेवी गोठवण करवी जोइए के जेथी जैन कोममां नीराधारोनी हस्तीज नहीं होय. ईंगलंडमां एक बखत एवो हतो के त्यां भीखारीओनां टोळेटोळां रखडतां हतां पण ते पछी सरकारे ज्यारथी जाहेर फंड उघाडी भीखारीओने भीख मांगतां अटकाववानो कायदो बांध्यो त्यारथी ईंगलंडमां भीखारीओ तदन गुम थइ गया छे. आपणे आपणा पेट तो भरीये तेमां कांइ नवाइ नथी. पण ज्यारे आपणां स्वधर्मी बंधुओमांना गरीबो अने नीराधारोने मदद करी तमने सहायभूत थइशुं त्यारेज व्याजबी रीते करेलुं कहवाशे. पोताना धन वीगेरेनो उपयोग करतां योग्यायोग्यनो वीचार करवो घटे छे.

आपणे आपणा अनाथो अने विधवाओ माटे साधननी गोठवण करवी जोइअे. आपणामां पुनर्लग्न नथी अने ते रीवाज आपणामां दाखल करवा पण मागता नथी तो विधवाओ माटे आपणे कांइ खास गोठवण करवानी जरूर छे अने आपणा मोहोटा मील मालेको अने शेठीयाओनी तेम करवानी पहेली फरज छे. खानगी मदद आपवाने बदले तेने माटे एक जाहेर फंड उघाडवुं जोइए छे. केटलाको आपणने "नाना जीवने पाळनार अने मोहोटा जीवने मारनार" एम कही आपणी मश्करी करेछे ते आवी कांइ गोठवण करी बंध करवुं जोइए छे.

## लाला चीरंजीलालनुं भाषण.

ओ निर्धनता! तारुं सत्यनाश जजो. जे घरमां निर्धनतानो वास थयो तेनुं सर्व सुख तेनी साथे गयुं छे. एक पती अने पत्नी एक बीजाने गमे तेटलां चाहतां होय तोपण मात्र मुफलेसीने लीधे एक बीजाने तजी दे छे. घणाओ गरीबीने लीधे आपघात करे छे. एवी मुफलेसीमां सपडावानो कोई पण माणसने माटे संभव छे. एवा घणाओ छे के जेओने चार चार दिवसो सुधी खावानुं मळतुं नथी. छपनना दुष्ट दुकाळमां दुकाळीयांओनी जे छबीओ लेवामां आवी छे ते जोईने छाती फाटी जाय छे. जे माता पोतानां बाळकने एक घडीभर पण छुटुं मुकवाने खुशी होती नथी ते माताओए मात्र एक रोटलीने खातर पोताना वहालां बच्चांओने अन्य धर्मीओने वेची नांख्यां छे. एक घरमां एक बीछाना उपर बाप मांदो पडयो छे, बीजी बाजु मा मरी गयली पडी छे अने बाळको पोतानी माताने जीवती जाणीने स्तन मोंहडामां पकडीने धावण मेळववा मथे छे एवा देखावो घणा नजरे जोया छे. आ बनावो शुं जैन भाईओनी लागणी उश्केरवाने माटे बस नथी? जेओ शरमने मारे काम करवाने शरमाय छे तेओ आवी जातनी पीडाओथी पीडाई पीडाईने अंते प्राण छोडीने चाल्यां जाय छे. मारी कहेवानी मतलब तो एटलीज छे के एक पण जैन पछी ते श्वेतांबर होय, दीगंबर होय के साधु मार्गी होय पण ते भीखारी नहीं होवो जोईए. घणी कोमोमां भीखारी छे पण जैन कोममां भीखारी वर्ग नथी परंतु एवी सेंकडो वीधवाओ छे के जेओ पोतानी खानदानयत जाळवीने दुःखी जिंदगी पण निभावी ले छे. मरदो आ दुख समजवाने अशक्त छे कारण के तेओ तो पोतानी पत्नी मरण पामवाने बीजेज दिवसे परणे छे. विधवाओना दुःखनुं पुरुं वर्णन आपवाने हुं तदन अशक्त छुं कारणके ते दुःख असह्य छे. आवी विधवाओ अने मरी गयलां

माबापोना अनाथ बाळको तरफ दया राखवी एज खरूं कर्तव्य छे. तमारी तमाम मालमीलकत मरण पछी कोंकरा मीसाल छे तो पछी आवा कोमळ बाळको तरफ तमो शुं दया बतावी नहीं शको? लाहोर तरफना जैनोओ अेक यतीमखानुं (अनाथाश्रम) उघाडयुं छे अने तेमां गरीब अनाथ बाळकोन राखवामां आवे छे, जेओमांना बे चारने सीरपुर खातेनी कोनफरनसमां मोकलवामां आव्यां हतां. आवां अनाथ बाळको तरफ पण तमो सर्वे भाइओ दीलसोजी बतावशो एवी मने आशा छे.

बाद मत लेवामां आवतां ए ठराव सर्वानुमते पसार थएलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव छठो. हानीकारक रीवाजो दूर करवा बाबत.

" नीचेना कुरीत रीवाजो, हानिकारक चालो, अधर्म आचरणो जे जैन भाईओमां संग प्रसंग तथा परंपरा दोषथी जडमूळ घाली बेठा छे ते प्रति आ कोनफरन्स अणगमो बतावी तेने बनती त्वराए दूर करवा आ कोनफरन्स भलामण करे छेः—

१ बाळलग्न;
२ वृद्धलग्न;
३ एक स्त्री छतां बीजी परणवी;
४ कन्याविक्रय;
५ मरण पाछळ रडवुं, कुटवुं.
६ फटाणादि बिभत्स गाणा.
७ अन्य धर्मशास्त्र मुजब लग्नादि करवां."

**दरखास्त करनार**—वकील छोटालाल कालीदास गांधी.

**टेको आपनार**— ,, छोटालाल ललुभाई.
,, डाह्याभाई हकमचंद.
लाला चीरंजीलाल.
मि. छोटालाल मनसुखराम.
,, मनसुखराम मुलचंद.
,, केशवलाल अमथाशा.

---

## मी. छोटालाल कालीदासनुं भाषण.

अगाउना बे ठरावो अमलमां मुकवा माटे नाणानी जरूर हती पण हुं जे ठराव तमारी समक्ष मुकवानो छुं ते ठराव अमलमां मुकवा माटे मात्र तन अने मननीज जरूर छे. आपणामां जे कांई रीवाजो हालमां दाखल थया छे ते धर्मने लीधे, सोबतने लीधे अने परंपराने लीधे दाखल थया छे. धर्मने लीधे जे कांई रीवाजो दाखल थया छे ते साराज होय छे पण सोबत वीगेरेने लीधे घणा खोटा रीवाजो दाखल थवा पाम्या छे अने ते दुर करवानी घणी जरूर छे. अमारा बापदादाओ भुल करता आव्या हता माटे अमो पण ते करीशुं एवी दलीलो कोईना तरफथी करवामां आवशेज नहीं एवी हुं आशा राखुं छुं.

" " लग्ननुं कार्य आपणामां सौथी मोटुं अने आनंददायक गणाय छे. आनंदना आ काममांज वधारे खोटुं काम गुजरातमां करवामां आवे छे. एक माणसने एक घोडो लेवो होय तो ते स्वारी या गार्डाने माटे लायक छे के केम ते जोवानी तजवीज करशे पण एक छोकराने माटे वहु लाववानी हशे अथवा तो छोकरी माटे वर शोधवानो हशे त्यारे एटली पण काळजी राखवामां आवशेज नहीं. ते वखते तो बाप मात्र पोतानी वाहवाह कहेवडाववानीज दरकार राखे छे. में एक दाखले एवो जोयो छे के एक खानदान गृहस्थे पोतानी त्रण वरसनी छोकरीनुं वेशवाळ एक मासना छोकरा जोडे कर्युं छे. हवे ज्यारे छोकरी चार वरसनी थशे त्यारे ते पोताना छ आठ मासना पतीने केडमां तेडीने फेरववाने लायकनी थशे. आवी जातनां लग्नो केवां नीवडे ते जोवुं सहेलुं छे. जो वस्तीपत्रक उपर जरा नजर फेरवशो तो छोकरीओ सत्तर अढार वर्षनी वय सुधीमां घणी मोटी संख्यामां मरण पामे छे. तेनुं कारण काची वये गर्भ धारण करवानुं छे अने आपणामां तो एवी कहेवतज छे के "सुवावड तो मरणनो खाटलोज छे." शुं आनो अर्थ एवोज छे के माताओ पोतानी बाळकीने वहेली मारी नांखवा माटेज परणावे छे? केटलाको कहे छे के जैनोमां बाळलग्न नथी पण वस्तीपत्रक उपरथी जोतां मालूम पडे छे के अमदावादमांज सात वर्षनी एक जैन विधवा छे अने वडोदरामां दश वर्ष अंदरनी विधवाओ छे. शुं आ ओछुं शरम भरेलुं छे? आवी रीते छोकरीओनी संख्या घटवा साथे छोकराओ एक, बे, चार पत्नीओ करवाने अचकाता नथी. तेथी घणा जुवानोने कुंवारा रहेवुं पडे छे. बाळलग्न करतां पण वृद्धलग्न वधारे खराब छे. नानी वये परणेलुं जोडुं तो पांचे पंदरे पण ठेकाणे पडे, पण साठ वरसना डोसा जोडे परणेली बार वर्षनी बाळकीओने तो दुःखमांज संसार गाळवानो रह्यो छे. हवे ए रीते छोकरीओनी संख्या तो घटतीज रही छे, तेमां वळी एक करतां वधु पत्नीओ करवानो रिवाज तो घणो फेलायलो छे. आवा पतीओना केवा भवाडा थाय छे अने तेओ केवा दुःखी थाय छे ते आपणे सारी रीते जाणतां होवाथी ते उपर हुं वधारे बोलीश नहीं. आपणामां सौथी वधारे खराब रीवाज कन्याविक्रयनो छे. कसाइओ तो जानवरोने मारी नांखीने वेचे छे पण आ माबापो तो जीवतां बाळकोनुं मांस वेचे छे. रडवा कुटवाना संबंधमां हुं मात्र एटलुंज कहीश के उघाडी छातीए कुटवानो रीवाज तो तद्दन शरम भरेलो छे अने बैरांओए ते रीवाज बंध पाडवो जरूरनो छे. लग्न विधीना संबंधमां हुं कहीश के बीजा दरेक कार्यमां जैनधर्म मुजबनी क्रिया करवामां आवती होवा छतां लग्न बीजा धर्मप्रमाणे करवां ए शुं वाजबी कहेवाय के?

## मि. छोटालाल लल्लुभाइनुं भाषण.

आपणी प्रजा वीर्यहीन अने बळहीन थती जाय छे ए बीना तो घणी जाणीती छे. आपणी वय पंचावन अने साठ वरस करतां वधारे लंबावानी आशा तो राखवी नहीं. घणा खरा पचासनी अंदरज मरण पामे छे. आ बीना आपणे सारी रीते जाणीये छीए छतां पण तेना कारणनो आपणे कांई पण विचार कर्यो नथी. जुवान वये एक छोकरो मरण पामतां तेनां माता पीता आक्रंद करीने रडे पीटे छे पण तेना करतां तेओ जो बाळलग्ननो अटकाव करे तो आवी तको घणी ओछी आवे. मनुष्यना शरीरने पाकवा माटे जेटलो वखत जोईए तेटलो आपवा पहेलां तेनां लग्न करी तेनी परीपक्वतामां काणुं पाडवामां आवे छे अने परीणाम ए आवे छे के वायु वनस्पतीनो बचाव करनाराओ पोतानां बाळकोनां मरणनुं कारण थई पडे छे. बाळलग्न करनाराओ हत्यारा छे एम कहेवाने अचकावाने कारण नथी. आपणी प्रजा दीन

प्रती दीन उतरती जाय छे एम जाणवा छतां तेनो इलाज करवामां आवतो नथी ए बनाव तद्दन बेहूदो छे.

## मि. डाह्याभाई हकमचंदनुं भाषण.

कन्याविक्रयनो रीवाज गुजरातना घणा भागमां बीजा करतां हालमां वधारे प्रमाणमां चालतो होवाथी ते बाबत उपर खास वधारे ध्यान आपवाथी प्रमुख साहेबे तेवा वीषय उपर बोलवानुं मने फरमावेलुं होवाथी ते विषय उपर बोलवा रजा लउं छुं. कन्याविक्रय ए संस्कृत भाषानो बोल छे अने "विक्रय" ए बोल "क्री" धातु उपरथी नीकळेलो छे. एटले के कन्याना बदलामां कांई पण अवेज लेवो तेवो अर्थ कन्याविक्रयनो थाय छे. केटलेक ठेकाणे साटां, त्रेखडां, चोखडां अने वेलथी कन्याओनां लग्न करवामां आवे छे. बे माणसो पोतानी कन्याओ अरसपरस आपीने लग्न करे तेने "साटां" कहेवाय छे. त्रण शखसो पोतानी कन्याओ तथा छोकराओनां अरसपरस लगन करे तेने त्रेखडुं कहेवाय छे. तेज रीते केटलीक वखते चार शखसो एक एकनी कन्या अने छोकराओने एक बीजा साथे गोठवी आपे तेने चोखडुं कहेवाय छे. वळी केटलीक वखत दश या पंदर माणसो मळी अंदर अंदर एवी गोठवण करे के एक गृहस्थ पोतानी कन्या बीजाना छोकरावेरे आपे अने तेना बदलामां कोई त्रीजाज गृहस्थनी कन्या पोताना छोकरा माटे मेळवे पण ते एवी शरते के ते त्रीजा गृहस्थना छोकराने पण तेओमांनो एक गृहस्थ वगर पैसे कन्या आपे. आवी जातनी गोठवणोने "वेल" कहेवामां आवे छे. जेओने मात्र कन्या होय तेओ तेमना बदलामां रुपिया ले छे पण ज्यारे छोकरो छोकरी साथे होय त्यारे कन्याना बदलामां रुपिया नही लेतां सारी कन्या मेळवे छे. तेओ पोताने कन्याविक्रयना दोषथी मुक्त माने छे पण हुं तो धारूं छुं के तेओनो दोष कोई पण रीते ओछो थतो नथी, कारणके तेओ पण पोतानी कन्याना बदलामां रोकड नाणुं नहीं पण बीजी कन्याना रूपमां पुरतो अवेज मेळवे छे. कन्याओने योग्य स्थळे, योग्य कुटुंबोमां अने योग्य वरनी साथे परणाववानी तेमना वालीओनी फरज छे एम आपणा शास्त्रोमां खुली रीते जणाववामां आव्युं छे. परंतु उपर जणाव्या मुजबना कन्याविक्रय करनाराओमां ते समजनी गेरहाजरी जोवामां आवे छे. केटलाको तो लीलांउमां मुकेली एक चीजनी माफक वधारे दाम आपनारा माणसनेज पोतानी कन्या आपे छे, पछी ते माणस लुलो, लंगडो, बहेरो, आंधळो वृद्ध अथवा गमे तेवो खामीवाळो होय तेनी तेओ कांई पण दरकार करताज नथी. आवां मावापोने मावापनी उपमा आपवाने बदले मावाप रूपे निर्दय शत्रुओनी उपमा आपवी जोईए अने तेमने माटे जेटलो धिकार बतावीए तेटलो ओछो छे. कन्याना मावापो सामावाळाने बनी शके तेटलो वधारे नीचोववामां पोतानी बहादुरी माने छे अने ते पछी पोतानुं फरजंद थोडा वखतमां कंगाल हालतमां आवी पडे या दळणां दळीने पेट भरवानी स्थितीमां आवी पडे तोपण तेनी दरकार करता नथी. जे कन्याओने फक्त पैसाने खातरज वृद्धो जोडे परणाववामां आवे छे तेओ लग्न पछी थोडा वखतमांज दुखी हालतमां आवी पडे छे अने आखी जिंदगी तेवीज हालतमां पुरी करे छे. जीवदया प्रतिपाळ होवानो दावो करनारी आपणी कोमना जे गृहस्थो आवां कसाइओना जेवां काम करे छे, तेओने तेवां कामो करता अटकाववा माटे, दाखलो बेसाडवा माटे न्यातोना आगेवानोए केटलाकोने घटती सजा करवी जोइए. रांक कन्याओने पोतानां मूर्ख अने लोभी मावापोना भोग थइ पडता अटकाववा माटे न्यातोना आगेवानो जो कांइपण करशे

तो तेओ सेंकडो गरीब कन्याओनो आशीर्वाद मेळवी शकशे. केटलाको एवी जातनी दलील करे छे के अमारा छोकराओने कोइ कन्याओ आपतुं नहीं होवाने लीधे जो कन्याना बदलामां नाणां नहीं लईए तो पछी छोकराने परणाववो क्यांथी? तेओने हुं मात्र एटलोज जवाब आपीश के छोकराने खातर छोकरीनो स्वार्थ बगाडवामां शुं एक पीता व्याजबी छे के? वळी छोकराओने जमानाने अनुसरती केळवणी आपी ते दुनीयामां उपयोगी थई पडे तेवी रीते तैयार करवामां आवशे तो तेने कन्या मळवामां कांइ पण मुशकेली पडे तेम हुं मानतो नथी. वळी स्त्री केळवणी फेलाववाथी पण आवां अघोर कर्मो आपोआप बंध पडशे. केळवायली माताओ पोतानी वहाली पुत्रीओने कुवामां कदी पण नाखवा देशेज नहीं एवी मने खात्री छे.

## लाला चिरंजीलालनुं भाषण.

एवो कोण कमअकल छे के जे पोतानां प्यारां संतानने कुवामां फेंकी देइ तेनी साथे एवो विरोध करे? पण मात्र एकज चीज एवी छे के जेने माटे एवुं काम पण थाय छे. ते चीज पैसो छे. मुझफराबादना स्टेशन उपर में एक डोसाने नानी वयनी बाळकी साथे जोयो अने में तेने पुछयुं के आ तमारी पुत्री छे के? पेलो डोसो मारा उपर गुस्से थयो. पण में तो तेने कह्युं के अरे बेवकुफ, तूं तो बे मास पछी कबरमां चाली जईश अने आ बिचारी शुं करशे? ज्यारे एक कन्यानुं वेविशाळ करवामां आवे छे त्यारे तेणीने कदी पण आशा होतीज नथी के जे सहेलीओ आजे आनंद करे छे तेओज थोडा मास पछी तेणीनी चुडी तोडवानी छे. जैनोमां एवा हजारो लोको छे के जेओ पोतानी पुत्रीना घरनुं पाणी पण पीता नथी तेमां पण केटलाक पापीओ एवा छे के जेओ पोतानी प्यारी पुत्रीओने वेचीने आखी कोमने लांछन लगाडे छे. जे माबापोए पोतानी कन्याने वेची छे तेओए सुखनी आशा तो कदी पण राखवीज नहीं. पण नर्कना द्वारमां जवा माटे तैयार रहेवुं जोईए.

पोताना भाषण दरमीयान लाला चिरंजीलाले वृद्धविवाहना संबंधमां नीचेनी कविता गाई हती:—

मेरा हरीयाला बना, तेरी सूरत पर खूरबान,<br>
गाल बने सुर्खी नारंगी, मुखमें एक न दांत,<br>
कमर कुबडी चलने न देवे, सर के उजले बाल,<br>
वाह वाह २ कह करलो तिलक, डिगमिग करती चाल,<br>
नाक बहै और लाल टपकती, पिचक गये दोनों गाल,<br>
नई दुलहन सुखकी अभिलाषी, सर पर नाचत काल.

## मि० छोटालाल मनसुखनुं भाषण.

मि० छोटालाल मनसुख रायचंद नामना विजापुरथी आवेला एक नहाना विद्यार्थीए अत्रे प्रमुख पासे बाळलग्नना संबंधमां थोडा बोलो बोलवानी रजा मांगी हती. तेणे पोतानुं भाषण घणी छटादार रीते वांची संभळाव्युं हतुं अने श्रोताजनोए तेने ताळीओना अवाजोथी वधावी लीधो हतो. पोताना भाषण दरम्यान तेणे जणाव्युं हतुं के:—

विवेकी जैन बंधुओ अने सुज्ञ बेहेनो, बाळलग्ननो जे प्रचार आपणा देशमां वधी पड्यो छे ते तरफ प्रथम लक्ष आपवुं एम धारी आ जगोए बोलवानी रजा मागुं छुं. कृपाळु सार्वभौम ब्रिटीश सरकारना इनसाफी अमलमां आ आर्यावर्तमां आपणा लोकोए विद्यादेवीनुं चरणसेवन करवा माडयुं छे. विद्या वडेज सत्यासत्य, सारासार विगेरेनी समजण पडे छे, पण हालमां विद्याना अभावे आपणी स्थिति आगळ करतां दीन प्रतिदिन घणीज नबळी थती देखाय छे. दिवसे दिवसे लोकोमांथी समजशक्ती घटवा लागी छे अने तेना लीधे अनेक प्रकारनी खराब रूढीओ आपणामां दाखल थइ गइ छे. जे रीवाजो विषे शास्त्रमां स्पष्ट मना छे ते रीवाजो दाखल करी विरुद्ध आचरण करवा मांड्या छे, पण ए बधुं विद्याना अभावेज बनतुं आव्युं छे अने ए प्रमाणे आपणामां बने एमां कांइ नवाइ जेवुं नथी, कारण अविद्या अवळे रस्ते चडावनार छे ए आपणा जैन भाइओना जाणवा बहार नथी.

आ प्रमाणे विद्याना अभावे मारा जैन भाइओ भुला पडी अवळे रस्ते चढ्या अने अन्य दर्शनीओनां कार्य जोइ तेवां कार्यो पोते करवा लाग्या.

एक वखत एवो पण हतो के आपणुं वर्तन निहाळी अन्य धर्मीओ अनुकरण करता अने आज एवो पण वखत आव्यो छे के अन्य धर्मीओना वर्तननुं अनुकरण आपणे करीए छीए. अहो, केटली बधी दीलगीरीनी वात छे? केटलो बधो अफसोस ! लोकोनी आटली बधी गैरसमजण थइ एनुं कारण शुं ? बीजाना पगले आपणे चालवा लाग्या तेनुं प्रयोजन शुं ? मात्र विद्यानो अभाव. पण बंधुओ, हवे ज्ञानना प्रकाश वडे वहेमादि अंधकार नाश पामवा लाग्यो छे. प्रथमनी विद्या अने कीर्ति मेळववानो समय लगभग नजदीक आव्यो छे. माटे सुज्ञ बंधुओ, आवा सुसमयनो लाभ लेवा एक संप थइ उठो अने आजे आपणे जे कार्य माटे अत्रे भेगा थया छीए तेवांज कार्योना विचार हंमेशा घर आगळ पण करता रहो के जेथी करी आपणी आर्यावर्तनी प्रजा सारा पाया उपर चढे.

एक तरफ प्रतापी ब्रिटिश सरकारना सुराज्यथी विद्यारूपी सूर्यनो उदय थयो छे. बीजी तरफथी मुंबईनी जैन एसोसिएशन ऑफ इंडिया तथा जाहेर कोनफरन्सो, संसारीक, धार्मिक अने राजकीय सुधारा माटे मथन करे छे. हवे कोण कहेशे के प्रथमनी स्थिति संपादन करवानो समय नजदीक नथी आव्यो ? कोइज नहीं. माटे सर्व भाइओ, आवा सरस वखतनो लाभ लेवा तत्पर थाओ एज मारी विज्ञापना छे. बाळलग्ननो जे प्रचार आपणा देशमां वधी पड्यो छे, ते तरफ प्रथम लक्ष आपवुं एम धारी बोलवानी रजा मागुं छुं. संसारीक हानिकारक रीवाजोमांनो आ एक रीवाज छे. आ दुष्ट रीवाजेज आपणा हिंदना लोकोनी पायमाली करी नाखी तन, मन, धन, अने विद्या ज्ञाननी संपत्तीथी दूर करी मुक्या छे. आ दुष्ट रीवाजेज आपणा आर्यावर्तनुं सत्यानाश वाळी मेल्युं छे. छतां पण कोइ वीर नरोए, अरे! भरतखंडना भूपतीओए अत्यार सुधी आंख उघाडी जोयुं होय एम जणातुं नथी ! पण आ भरतखंडना अनेक भूपतीओ पैकी नामदार वडोदराना महाराजा श्रीमंत सरकार सेनाखासखेल समशेर बहादुर सयाजीराव महाराजे स्वदेशाभिमानार्थे कमर कसी आगेवानी करी पोताना राज्यमां बाळलग्न प्रतिबंधनो कायदो बहार पाड्यो छे, तेथी ते नामदार महाराजाश्रीने आ शुभ मांगलीक प्रसंगे हजारो धन्यवाद घटे छे. (ताळीओ) ए सार्वजनिक उन्नतीना अर्थे नामदार महाराजाश्रीए जे स्तुत्य काम हाथ धर्युं छे तेमां जरूर जगत्नीयंता फत्तेह आपे एम इच्छीए छीए. आ दुष्ट रीवाजे आपणने जे अधोगतीए पोंचाड्या छे, तथा जनसमुदायने भयंकर हानीओ करी छे ने

हजु करे छे तेथी कोइ पण माणस अजाण्युं नथी. आ दुष्ट रीवाजे आपणा लोकोना शरीरनी छेकज पायमाली करी नाखी छे. कोईना पण मुख उपर नुर रहेवा पाम्युं नथी. चहेरा तो तद्दन फिका पडी गया छे. उत्साह तो बिलकुल जणातो नथी. आजे माथुं दुखे तो काले पग दुखे, परम दहाडे पेटमां दुखे तो वळी चोथे दिवसे तो कांइ बीजुंज थाय. पंदर सोळ वर्षनी वयना उछरता बाळकोने चश्मा चढाववा पडे छे. ए रीते आ रीवाजे आपणा आयुष्य उपर पण छलंग मारी छे. आ दुष्ट रीवाजे आपणी शक्तीनुं हरण करी बस कर्युं नथी पण आपणी संततीने वधारे ने वधारे अशक्त तथा ओछा आयुष्यवाळी दीन प्रतिदीन करी नाखे छे. आ दुष्ट रीवाज आपणा उपर ज्यारथी मुसलमान लोकोनी सत्ता शरू थई त्यारथी आपणामां दाखल थवा पाम्यो होय एम जणाय छे. आगळना बादशाही अमलमां हिंदुओनी कुंवारी कन्याओने परधर्मिओ जोरजुलमथी लइ जता अटकाववाना हेतुथी आ दुष्ट रीवाज दाखल थवा पामेलो छे. हाल कांई तेवो समय रह्यो नथी, तेथी आपणा लोकोए ए दुष्ट रीवाजने वळगी रहेवुं जोईतुं नथी; कारण के हालनी सार्वभौम ब्रीटीश सरकारना अमल नीचे कोई वातना जोर जुलमनो संभव नथी, तेथी ए नेकी राजकर्तानो आ मांगलीक प्रसंगे उपकार मानवो जोईए. जय जय, श्री एडवर्डनो जय जय. नानपणमां लग्न करवाथी स्त्रीना उपर मरदनो जे दाब रहेवो अवश्यनो छे ते रही शकतो नथी ने मरद तरफ जे माननी दृष्टीए जोवुं जोइए ते बनी शकतुं नथी. आ जंगली रीवाजे ब्रह्मचर्य अवस्थारूपी प्रथम आश्रम तेनो तो समूळगोज नाश करी दीधो. तेनां कडवां फळ आपणने भोगववां पडे छे अने भविष्यनी प्रजाने भोगववां पडशे ए खुल्लुंज छे. बंधुओ ! ए दुष्ट रीवाजने नाबुद करवा तत्पर थई श्री सयाजीराव महाराजा साहेबने साह्यभूत थाओ, एज मारी प्रार्थना छे. विद्या संपादन करवामां आ दुष्ट रीवाज मोटी अडचणरूप छे. विद्याथी केटला लाभ थाय छे ने विद्या खरा सुखनुं साधन शी रीते थई पडे छे ते यथार्थ रीते तो फक्त विरलाओज जाणी शके छे. विद्याथी जे एक अलौकीक आनंद थाय छे ते महोडे कही शकाय एवो नथी. हवे ब्रह्मचर्य विषे बे बोल बोलीश. बधा जीवोना प्राण रक्षणनुं मुख्य साधन ब्रह्मचर्य छे. ते शरीरना आरोग्यनुं मुख्य कारण छे. ब्रह्मचर्य वडे शरीरनुं पोषण थाय छे, बळ बुद्धी ने तेज वधे छे, ने आयुष्यने वधारे छे, वृद्धावस्थाने रोके छे, रोगनो नाश करे छे, मृत्युथी बचावे छे, अने मोक्षमार्गनी बारी देखाडे छे, अने मनने सदा प्रफुल्लीत राखे छे. आ सर्व बाळ वयमां ब्रह्मचर्य नष्ट थवाथी नाश पामे छे अने अनेक प्रकारनां कष्ट उभां थाय छे, जेथी बाळलग्ननो रीवाज बंध करी पोतानां संतानोमां इहलौकिक अने परलौकिक सुखनी वृद्धी करवाने ब्रह्मचर्य पळाववुं ए मावापोनी मुख्य फरज छे. ज्यारे आपणा आर्यावर्तमां ब्रह्मचर्य धर्म प्रबळ हतो अने बाळ लगन थतां नहीं हतां त्यारे आपणो देश सर्व प्रकारनी उन्नतीना शीखर उपर हतो; परंतु ज्यारथी ब्रह्मचर्य नाश पाम्युं त्यारथी आपणो देश नष्ट भ्रष्ट थई गयो छे. बळ, बुद्धी, धन, महाशयता अने पुण्यनी वृद्धी ब्रह्मचर्यथी थाय छे; तेनो महीमा अगाध छे. जेनुं ब्रह्मचर्यपणुं भ्रष्ट थाय छे तेनी घणी दुर्दशा थाय छे. ज्यांसुधी आपणा देशमां ब्रह्मचर्यनी स्थापना थशे नहीं त्यांसुधी देशनी उन्नती थवी दुर्लभ छे. ब्रह्मचर्यथी सर्व सत्ताधीश थवाय छे. पुर्वकाळे ऋषी, महर्षी अने राजा महाराजा ब्रह्मचर्यनेज परम धर्म मानता हता अने पूर्ण ब्रह्मचर्य पाळीने शत्रुनो पराभव करता हता. युरोपियन लोको लांबी जिंदगी भोगवे छे तेनुं कारण तेमनामां मोटी उमरे लग्न थाय छे एज छे. सद्‌गृहस्थो, आगलना पुरुषो ब्रह्मचर्यथीज बुद्धीवान अने बलवान हता. जे गृहस्थ नानाप्रकारना सुखनी आशा राखतो होय तेणे ब्रह्मचर्यनुं सेवन करवुं अने पोतानी संततीने तेनुं सेवन कराववुं. बाळ लग्नथी विधवाओनी

वृद्धी थाय छे एना सविस्तर आंकडा आपवा बेसुं तो आजनो विषय वधी जाय. अने मारे बीजुं बोलवानुं छे ते रही जाय; तोपण मारे कहेवुं जोईए के आ दश वरसनी खानेसुमारीना आंकडा जोतां घणो मोटो भाग विधवाओ होवानुं जणाय छे. आ उपरथी सहज जणाशे के बाळलग्ननो प्रचार ते वखतथी मांडीने आज सुधी चालु रह्यो छे ए घणुं खेदजनक छे. आपणा आर्यावर्तना प्रत्येक प्रांत तरफ द्रष्टी करीए तो ठेकाणे ठेकाणे आपणा देशीओनी वृद्ध आकृती, फीका चहेरा, नीस्तेज दुर्बळ शरीर, उंडी बेशी गयेली नाजुक आंखो अने क्षय आदीक अनेक रोगो जोवामां आवे छे. आ भयंकर सडो आ भारत भुमीमांथी नीकळवा पामशे नहीं त्यांसुधी आ हिंदनी प्रजा कदी पण सुखी थशे नहीं एटला माटे सौने मारी प्रार्थना छे के आ महा रोगने मारी काढवा पुरुषार्थ करवो ए दरेक माणसनुं कर्तव्य छे एटलुं बोली बेसवानी रजा मांगु छुं.

## मि. मनसुखराम मुळचंदनुं भाषण.

जे स्त्रीओ पोतानी नाकनी दांडी पण बीजाओने बतावती नथी तेओ रस्तानी वचे उघाडी छाती-ए कुटे ते केवुं शोकजनक छे! रांडनारी एक अने रडावनारीओ हजार होय छे अने तेओ एक बीजाने उश्केरणी करीने एवी रीते रडवानी फरज पाडे छे के रडनारी कुटनारी स्त्री घणी वखत बेभान थईने नीचे पडी जाय छे अने मरण पामे छे. दरेक माणसने मरवानुं तो छेज. जे जुवान पुत्रने आखी जिंदगीना सुखनुं साधन मान्युं होय तेने पोतानेज बाळीने राख करीने पाछा आव्या पछी अतिशय रडवाथी शुं वळ-वानुं छे! तेम करवाथी कांईपण लाभ थवाने बदले हानी थाय छे, माटे दरेक बाईओने मारी नम्र अरज छे के तेमणे रडवा कुटवानो रीवाज छोडी देवो. कोई स्त्रीना सांभळतां जो कोईनाथी कांई अप-शब्द बोलाई गयो होय तो ते स्त्री पोते कचवाय छे एटलुंज नहीं पण ते वखते हाजर रहेला बीजा पुरुषो पण पोतानी लागणी दुखायली समजे छे. परंतु लग्न वखते स्त्रीओ पोते कांई पण मर्यादा राखवा वगर पोतानां सगां वहालाओ तथा बीजा अन्य पुरुषोनी हाजरीमां गमे तेवा नहीं पसंद करवा जोग शब्दनो उच्चार करे छे ते शुं ओछुं नीचुं जोवडावनारुं छे? हाजर रहेली बानुओने मारी अरज छे के तेओ पोताने त्यां लग्न अवसर आवतां फटाणा गावानो रीवाज बंध करशे.

## मि. केशवलाल अमथाशानुं भाषण.

अन्य धर्मनी विधी मुजब लग्न करवानो जे रीवाज हालमां प्रचलीत छे ते घणो खेदजनक छे. ब्राह्मणो हालमां जे रीते लग्न करावे छे तेमां तेओ गमे तेवा ओटा गोटा वाळी दे छे अने ते वखते वर कन्या केवी केवी जातनां पवीत्र वचनोथी बंधाय छे तेनो तेओने कांई ख्याल पण होतो नथी. जो आपणे जैन विधी मुजब लग्न कराववानी हठ पकडीशुं तो ब्राह्मणो आपोआप जैन विधी शीखशे अने कदाच तेओ तेम पण नहीं करे तो पछी आपणा जैन भाईओने ते माटे तैयार कराववा घटे छे.

बाद मत लेवामां आवतां ते ठराव सर्वानुमते पसार थयलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव सातमो. आपसनी तकरारोनो पंचथी नीकाल करवा बाबत.

" जैन बंधुओमां व्यवहार योगे आपस आपसमां कांई तकरार टंटो थाय तो ते माटे सरकार दर-

बारमां जई पैसानी खुवारी नहीं करतां पंचद्वारा के अंदर अंदर समाधानी करवानी आ कोनफरन्स जैन बंधुओने खास भलामण करे छे. ”

दरखास्त करनार—वकील छोटालाल कालीदास.

टेको आपनार—वकील डाह्याभाई हकमचंद.

## मि. छोटालाल कालीदासनुं भाषण.

ज्यारे एक माणसने अन्य बंधु उपर रोष चहडे छे त्यारे पछी ते तेनी पाछळ गमे तेटलो खुवार थवाने पण अचकातो नथी अने तेने लीधे आपणी कोममांथी लाखो रुपीयां कोर्ट दरबारोमां खर्चाय छे माटे ते खोटो खर्च जेम बने तेम ओछो करवानी अने गामना सारा अने आबरूदार गृहस्थोने पंच तरीके नीमीने इनसाफ करावबानी घणी जरूर छे.

## मि. डाह्याभाई हकमचंदनुं भाषण.

आपणे भ्रातृभाव राखवो जोइए, ऐक्य वधारवुं जोईए अने आपणे अत्रे एकठा थवानुं कारण पण तेज छे. कजीआ कंकासथी पैसा खर्च थाय छे, वकीलो बारीस्टरोना घर भराय छे माटे कजीआ ओछा करवा जोईए. न्यातमां आबरूदार माणसो होय छे तेमनी सलाह लेवामां आवे तो कजीआओ ओछा थाय अने तेम करवानी आप सघळाओने हुं भलामण करूंछुं.

बाद मत लेतां ठराव सर्वानुमते पसार थएलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव आठमो. पांजरापोळो बाबत.

“ पांजरापोळो स्थळे स्थळे छे ए खुशी थवा जेवुं छे पण ते माटे डाक्टर तथा दवानी जोगवाई करवा दरेक पांजरापोळवाळाओने आ कोनफरन्स भलामण करे छे. अने एम न थई शके तो सारी हवा पाणी तथा घासचारो विगेरेनी सगवडवाळी तथा अनावृष्टी जेवा प्रसंगमां घास सहेलाईथी लावी शकाय तेवी जग्या पसंद करी केटलांक गामनी एक भेगी पांजरापोळ करवी अने त्यां डाक्टर तथा दवा आदिनी जोगवाई करवानी आ कोनफरन्स भलामण करे छे. ”

दरखास्त करनार—मि. ललुभाई करमचंद दलाल.

टेको आपनार—मि. कालीदास वनमालीदास.

## मि. ललुभाई करमचंदनुं भाषण.

आपणी आवी गंजावर बेठकमां बोलवानी में आजेज पहेली हिंमत करेली होवाथी तेमज मारे कंई पण बोलवाने जग्या रहेशे, एवी मने बिलकुल आशा न हती तेथी टुंक वखतमां तैयार थई तमो सन्मुख हुं जे बे बोलो बोलवानी रजा लउं छुं तेमां जणाती भुलो क्षमा करशो.

जीवदयानो विषय अर्थात् जीवोनी रक्षा करवी ए जैन धर्मनो एकलानोज सिद्धांत नथी पण ते सिद्धांत दुनियाना सर्वे धर्मोने एकसरखो लागु पडे छे, अने तेमां जैन धर्म विशेषे करी पोतानी फरज बजाववा तत्पर होय तेमां कंई नवाई जेवुं नथी. मि, बाळ गंगाधर तिलक जेवा नरे भार मुकी आपणी

महान् कोनफरन्सना मेळावडा वखते जणाव्युं हतुं के जो कोई पण धर्मनो सिद्धांत दयामां वधारे बारीक होय तो जैन धर्मनोज छे अने बीजा धर्मोमां जो कोईपण धर्मनुं अनुकरण थयुं होय तो जैन धर्मनुंज छे. आ शब्दो शुं सुचवे छे ? आपणे एकला जंतुओ, पशु, पक्षीओनी दया करी बेसी रहेवानुं नथी पण आपणा बंधुओ बलके आखी दुनीया तरफ दयानी लागणी धरावबानी जरूर छे. आ शब्दो हालना समये अशक्तपणानुं भान करावशे. पण आपणा पूर्वजो जगडुसा जेवाए दुष्काळमां थोडुं नथी कर्युं अने केटलाक बंधुओ थोडा प्रमाणमां पण ते रस्ते चाले छे ते खुशी थवा जोग छे. आ विषय जीवदयामां सामेल होवाथी विवेचन कर्युं अयोग्य नही लागे. पण मारे मात्र पांजरापोळो विषे वधारे बोलवानुं होवाथी हवे हुं ते विषय उपर आवीश. घणुं करीने पांजरापोळो जैनोज चलावता होय छे अने तेमां अन्य बंधुओनी शामेलगीरी पण होय छे ते खुशी थवा जोग छे, पांजरापोळो घणे स्थळे छे अने जीव-दयाना नामे आपणे तेमां लाखो रुपीआ खर्चीए छीए, छतां दिलगिरी साथे जणावबुं पडे छे के मात्र तेना उपर योग्य देखरेख अने लंबाण विचारनी खामीने लिधे आपणो हेतु जोइए तेवो फळीभूत थतो जणातो नथी. पांजरापोळो उपर केटलीक जगोए बिलकुल देखरेख रेहेती नथी. घणां जनावरो घणां जुज वखतमांज मरण पामे छे. मने कहेवाने हरकत नथी के घणी पांजरापोळोमां मरणनुं प्रमाण सेंकडे ७५ टका आवे छे. आपणी दयानी लागणीनो अमल करवामां मात्र अव्यवस्थाने लीधेज आवी स्थिती थई पडी छे. केटलीक जगोए जग्या नानी अने जनावरो वधारे तेमज तेमने गंदकीमां रखातां जणाय छे. तेओने पुरतुं अने चोखुं घास मळतुं नथी. तेमज तेओना आगळ एकदम वधारे घास नाखवामां आवतुं होवाथी ते खराब थयलुं घास पेटमां जवाथी पण केटलीक रीते जनावरोनुं मरणप्रमाण वधे छे. वळी वखतसर दवा मळी शकती नहीं होवाने लीधे तेमज वैद्यनुं ज्ञान धरावनार माणसनी देखरेखना अभावे पण मरणनुं प्रमाण वधारे जणाय छे. पाणी गाळीने पीवानी खास संभाळ राखवामां आवती नथी तेमज कुंडीओ अने तेवी चीजोमां पाणी भरी राखेल होय छे ते पाणी पीवा वखते न भरतां अगाउं भरेलुं होय तो तेमज जुनुं पाणी कहाडी न नाखतां तेमांज नवुं नाखवामां आवे तो तथा जुदी जुदी कुंडीओ न राखतां थोडी राखवाथी पण रोगो लागु पडवानां कारणो उत्पन्न थाय छे. आवी बाबतो पांजरापोळोना कार्यवाहकोए पुरेपुरी ध्यानमां राखवा जेवी छे अने बनती रीते तेमां सुधारो करवानी पेहेली जरूर छे.

केटलीक जगाए छते पैसे जनावरो न राखतां बीजी जग्याए ज्यां नाणानी तंगी होय छे त्यां मोकले छे तेम पैसानी मदद पण नथी मोकलता ते पण योग्य नथी. पांजरापोळमां लुलां, लंगडां, घरडां, अशक्त जनावरोने लावी पुरी मुकवाथी के संख्या वधारवाथी आपणे जीवदया पाळीए छीए एम मानवा करतां तेओने रीबातां केम ओछां करवां, तेओनुं दरद केम मनाबुद थई शके, तेओ तडको न वेठतां खुली अने स्वच्छ हवा केम लई शके अने टुंकमां कहीए तो तेओना आत्माने संतोष मळे एवा प्रकारनी गोठवण राखवी जोईए अने ते माटे नीचे मुजबनी केटलीक गोठवण थवी जोईए. प्रथम तो पांजरापो-ळोनुं मकान सुंदर सगवड भर्युं अने मोटुं जोईए. जे गामे पांजरापोळ होय त्यांना केटलाक गृहस्थोनी कमिटी नीमी तेनो वहीवट चलाववो जोईए. ते कमिटीए ओछामां ओछुं महीनामां एक वखत मलवुं जोईए अने सुधारो वधारो शुं करवानो छे ते विचार करी निर्णय करवो जोईए. बनी शके तो कमि-टीना गृहस्थोमांथी एक जणे दररोज ते स्थळे जवुं जोईए ने त्यां राखेला माणसो केवी दरकारथी काम करे छे ते अचानक तपासवुं जोईए. जणाववुं जरुरनुं छे के त्यां राखवामां आवता माणसोना उपरी तरीके एक अनुभवी अने लागणीवंत माणस जरुर जोईए; जे उपर जणाव्या मुजबनी बाबतोनुं ज्ञान

धरावी शकतो होय. जे स्थळो चालु खर्च निभावी शकता होय छतां मकान वगेरेमां खर्च करवा शक्तीवान न होय त्यां मदद मोकली मकान बंधावी आपवुं जोईए. वधु जरूर पडे तो कोन्फरन्सनी ऑफिसथी मदद मागवी जोईए. घणुं करी पांजरापोळोनुं खर्च पोतपोताना आसपासना गामोमांथी लागा वगेरेनी चालु उपजनी योजना करीने निभाववुं जोईए. हुं नथी धारतो के पांजरपोळोने मदद आपवा कोई पण हिंदु शात इच्छा न राखती होय. जे गाममां लागा होवा छतां आपस आपसना कारणोए करी लागा वसुल थई शकता नथी, वसुल आपता नथी, ते दिलगीरी भर्युं छे. नानां गामनी पांजरापोळोमांथी मोकलवामां आवतां जनावरो राखवा माटे पांजरापोळो लवाजम मागे छे, अने खुलेखुलुं कहीए तो लवाजम लेवा छतां पण संघरता नथी. आ माटे शुं कारण होय छे ते हुं जाणी शकतो नथी. छतां तेम न थवुं जोईए एम भार मुकीने कहेवुं पडे छे.

दरेक पांजरापोळे पोतानो वहीवट तेमज हिसाब प्रजानी जाण माटे खुलो राखवा तथा बाहेर मेलवामां जरा पण ढील न करवी जोईए अने आपणी दर वर्षे मलती कोन्फरन्सनी बेठक पहेलां तेनो योग्य रिपोर्ट कॉन्फरन्सने पोंहचाडवो जोईए. एक बीजी बाबत खास ध्यान खेंचवानी जरूर छे के आपणे हरेक प्रसंगे घणा जीवो छोडावीए पण ते लावनारा हरामखोरो ते पैसानां बीजा तेवांज ढोरो लावी धंधो करे छे अने आडकतरी रीते आपणी अज्ञानताने लीधे आपणे हिंसाना भागी थईए छीए माटे ते बाबत दीर्घ दृष्टी पोंहचाडवी जोईए के जेथी ते लोको धंधा अर्थे ढोरो लावताज अटके एवा प्रकारनो रस्तो लेवो जोईए. वळी एक उपदेशक राखी दया धर्मनो प्रचार वधारे थाय तेम करवुं जोईए तथा पांजरापोळो वीषे निबंधो लखावी जाहेरमां छुटथी वहेंची जेम बने तेम हिंसा करनाराने अटकाववा जोईए. केटलीक नानी पांजरापोळोनी एक मोटी पांजरापोळ करवी जोईए अने त्यां सर्वे प्रकारनी उत्तम सगवड करवी जोईए. छेवटमां हुं एटलुंज जणावीश के द्रव्यवानोए द्रव्यथी अने ज्ञानवानोए ज्ञानथी जेवी जेनी शक्ती होय तेवो उपयोग करी आपणो दयानो हेतु बर लाववा पोतानी फरज समजवी जोईए.

## मि. कालिदास वनमालीदासनुं भाषण.

आ प्रांत तरफ जे जे गामोमां पांजरापोळो छे ते करतां गामना प्रमाणमां नानी या मोटी वधारे पांजरापोळोनी जरूर छे. आ तरफ विशनगर, पाटण, मेसाणा, विजापुर, वडनगर, माणसा, पेथापुर विगेरे गामोमां पांजरापोळो छे. ते पांजरापोळोमां आसपासना गामोमांथी खोडां ढोरो मोकलवामां आवे छे. आवी रीते आशरे १०० माईलना लंबाणमां आटली पांजरापोळो छे, ते तेना खप करतां घणीज थोडी छे. मारे कहेवानी मतलब ए छे के ज्यां ज्यां मोटी पांजरपोळो छे, त्यां ढोरो दूर गामोमांथी मोकलवां पडे छे अने तेमां केटलांक बीचारां लुलां, लंगडां ढोरोने दूर लइ जवां पडे छे, ते काम घणुं मुश्केल पडे छे. केटलीक वखत तो अशक्त बिचारां ढोरने दूरनी पांजरापोळमां लइ जइ शकवानुं अशक्य थइ जाय छे, तेथी बिचारां ढोरो सार संभाळ अने डाक्टरी दवा वगर जेम तेम रीबाईने मरण पामे छे, माटे नाना या मोटा गाममां तेना प्रमाणमां पांजरापोळ अथवा तेना जेवुं नानुं खातुं उघाडवानी जरूर छे. केटलाक सारी स्थितीवाळां गामोमां ज्यां पांजरापोळो छे, त्यां आवदानी सारी होवाथी जेटलां ढोरो आवे तेटलां राखवामां आवे छे, अने ज्यां ज्यां आवदानीमां तोटो होय छे, त्यां ढोरोने राखवा माटे आनाकानी करवामां आवे छे अगर अमुक फी दरेक ढोर दीठ मागवामां आवे छे, तेवी वखते जो फी आपी शके तेम न होय तो ते माणस ढोरने एमने एम मुकीने जता रहे छे, त्यारे पांजरापोळवाळा तेवां पछी रहेलां

ढोरनी बराबर मावजत करतां खर्चनी बाबतमां आंचको खाय छे. एटला माटे ज्यां ज्यांनी पांजरापोळोमां आवदानीमां तोटो नही होय ते पांजरापोळवाळाए बीजी पांजरापोळवाळाने पोतानामांथी नाणांनी मदद आपवी जोइए अने एक गामनी पांजरापोळ बीजा गामनी पांजरापोळ करतां इलायदी नथी एम समजवुं जोइए, अने तेम थवाथी आ तरफ जे थोडीज पांजरापोळो छे अने ते पण सारी स्थितिमां नथी तेमां वधारो थशे अने ते सघळाओनी स्थिति सुधरशे.

आपणो धर्म दयामय छे अने तेथी करीने आपणे आ मुंगा प्राणीओ तरफ बहु लागणीथी जोइए छीए पण जेम मनुष्यनां तमाम अवयवो कामे लगाडवानां छे तेम आवां प्राणीओनां अवयवो पण कामे लगाडवाना छे एटले आपणी पांजरापोळोमां आवतां जनावरो जो मांदां होय तो तेनी सारवार कर्या पछी ते ज्यारे साजां थाय त्यारे तेमने कामे लेवां अगर योग्य सारा गृहस्थोने त्यां ते वेचवां जोईए. वळी दुधाळां ढोरोनुं दुध वेची पैसा करी पांजरापोळोनां फंडमां वधारो करवो जोइए. आ पांजरापोळनुं खातुं सार्वजनीक छे एटले एकला जैनोज ते प्रत्ये दयानी लागणीथी जुए छे तेम नथी पण अन्य कोमो पण ते तरफ घणीज दयानी लागणीथी जुए छे. दाखला तरीके मुंबई, पुना आदि स्थळे आवेली पांजरापोळोना वहीवटदारो पारसी छे. पांजरापोळो एकली हिंदुस्तानमां छे तेम नथी पण अमेरिका जेवा दूर देशोमां पण आवी पांजरापोळो छे.

वळी पाडा आदी जानवरो एवां छे के जो तेओने भार खींचवामां, पाणी सींचवामां वगैरेमां काममां लेवामां आवे तो तेनो उपयोग थाय अने आ जानवरो कीमती निवडवाथी तेनो वध थतो पण अटकशे. वळी सुरतनी पांजरापोळ माटे एवो बंदोबस्त छे के त्यां जानवरोना चारा माटे इलायदी मोटी जमीन लेवामां आवी छे अने आवी जमीनमां उगतां घासनो त्यां उपयोग करवामां आवे छे. आथी ढोरोने सारूं घास मळतुं होवाथी तेओ तनदुरस्त जणाय छे. अमदावादनी पांजरापोळे छप्पनीआ दुकालमां जनावरोनुं रक्षण करी सारो वखत आवे तमाम ढोरो बीजाओने उपयोगने माटे आपी गरीबोनी आशीष लीधी हती. आवी रीते आपणी पांजरापोळो नानी होय तो तेना नीभाव माटे खर्च विशेष थाय माटे जो नानी पांजरापोळ बधी एकत्र थाय अने आवी मोटी पांजरापोळने आसपासनां गामनां लोको अमूक मालनां वेचाण उपर अमूक लागो आपे अने पोतानां फंडो एकठां करे तो थोडा वखतमां आपणी पांजरापोळनी स्थिति सुधरे अने तेथी घणी टीपो करवानी जरूर रहे नहीं अने वखतोवखत टीप करी लोकोने तस्दी आपवी पडे नहीं.

बाद मत लेतां ठराव सर्वानुमते पसार थयलो जाहेर करवामां आव्यो हतो, ते पछी डेलीगेटो विगेरेने जमणवारोना आमंत्रण जाहेर करवामां आव्यां हतां अने वखत थई जवाथी सभा बीजा दिवस माटे मुलतवी रही जयजीनेंद्रना पोकारो साथे बरखास्त थई हती.

---

## त्रीजो दिवस.

शनिवार ता. १३-५-१९०५.

आज रोज कॉन्फरन्सनी त्रीजी बेठक हती. गई काले सांजे अमदावादथी शेठ लालभाई दलपतभाई पधारेला हता तेनी खबर सर्वेने पडवाथी विशेष उत्साह जणातो हतो. आजे कॉन्फरन्सनुं कामकाज पुरुं करवानुं हतुं तेथी बराबर ११ वागे सर्वेने हाजर रहेवानी प्रमुख साहेबे गई काले भलामण

करी हती; परंतु काम बराबर १२ वागे शरु थई शक्युं हतुं. मंडप प्रेक्षको तथा डेलीगेटोथी चीकार भराई गयो हतो. प्रमुख साहेब ११–३० वागे मंडपमां आव्या हता जे वखते तेमने तालीओना हर्षनादथी वधावी लेवामां आव्या हता. शरुआतमां नीचे प्रमाणे मंगळाचरण बाळकीओए हारमोनियमना सुर साथे गाई संभळाव्युं हतुं:—

## मंगळाचरण.

( वंदन करिए प्रभु तुज चरणमां अमे—ए राग. )

सुविधिनाथ चरण शरण आविया अमे, चरण कमळ अमर भ्रमर रुप थई रमे.
सुविधिनाथ चरण शरण आविया अमे, देवा...सेवा...मेवा...आपो मने आप,
जपु जिन जाप, मटे भव ताप, तारजो तमे. सुविधि०
जुक्ति...भक्ति...मुक्ति...आपो शिरताज, गरिबनिवाज, नमु जिनराज;
सकल सुर नमे. सुविधि०

२

( जपती प्रितमनी जपमाळ जुवती जो अलबेली—ए राग. )

प्रांतिक कॉन्फरन्स भरी आज, पेथापुरमां भारी, मळीया जैनो नरनारी; अहा सुखकारी (२)
करवा संसारिक धार्मिक स्थिति सारी. प्रांतिक०

## साखी.

श्वेतांबरी जैनोतणी, प्रांतीक भरी समाज, सजन वर्गना वृंदमां, सफळ थवां सौ काज;
ल्यो गुणमार्गानुसारी, उर अवधारी. (२) करवा संसारिक.........
हानीकारक रुढी तजो, सजो सरस आचार; निंदेजन तेवी कृति, करो न गुणि नरनार;
जैन धर्मनी बलिहारी, जाऊं वारी वारी, (२) करवा संसारिक.........
पायो उन्नति मेहेलनो, चणो ऐक्यता आज, संसारिक धार्मिक स्थिति, सूधरे जैनसमाज;
सांकळचंद संप भारी, कर सुखकारी (२) करवां.

३

## राग धनाश्री.

गुर्जर जैन समाज, मळीयो गुर्जर जैन समाज;
पेथापुरमां प्रांतिक मेळो, जैनोनो मळ्यो आज. मळीयो०
धिरवीर मतिमान महाजन, दक्ष मळ्या शुभ साज. मळीयो०
स्वपर विचारोथी दूर कीधा, हानिकार रिवाज. मळीयो०
संसारिक धार्मिक बाबतनां, सफळ थयां सौ काज. मळीयो०
वीरबाळा विर पुरुष पधारी, आभारी कीध आज. मळीयो०
धर्म टेक धरी संप ऐक्य करी, स्वपर सुधार्या काज. मळीयो०
कोमतणुं कल्याण करे जे, एवा नर विरलाज. मळीयो०
आशिरवाद वदे सांकळचंद, सुधरो जैन समाज. मळीयो०

### आर्यागीती छंद.

राजनगरमां राजे, सभासरस्वति सागर सम काव्ये,
सहज कलानिधि भाळी, भारति सभाब्धिमां भरती थावे.
ते सरस्वति सभानुं, रोप्युं बीज जे सद्गुरु महाराजे,
अभिवंदन करी तेने, रचना रचि आ कॉन्फरन्स काजे.
जैन महामंडळनी, वडतरु सम वृद्धि प्रतिदिन थाशे,
जनमनरंजन कविता रचिने सांकळचंद सदा गाशे.

## ठराव नवमो.—जीवदया बाबत.

कचकडां तथा पींछां वीगेरे माटे प्राणीओने दुःख देवामां तथा तेमनो वध करवामां आवे छे तेनो अटकाव थाय एटला माटे ते वस्तुओनो उपयोग बंध करवा आ कोनफरन्स भलामण करे छे.

दरखास्त करनार—मि. नारणजी अमरशी.

टेको आपनार—मि. मोहनलाल सांकळचंद.

## मि. नारणजी अमरशीनुं भाषण.

गृहस्थो, आ ठराव नवो नथी. पण आ कोनफरन्समां हाजर थनाराओनी वाकेफगिरी माटे जणाववुं जोइए के कचकडां ए जीवता काचबानी पीठ उपर अंगारा मुकी उतारी लीधेली ढालमांथी बनावाय छे अने तेनां बट्टण, लीखीआ अने विंटीओ विगेरे बनाववामां आवे छे. श्रीमंतो वहेमनी खातर कचकडानी विंटीओ वापरे छे. कुदरती रीते गर्भधारणनो समय सौन्दर्य दर्शक होय छे तेथी पक्षीओनी मादा गर्भवंत होय छे त्यारे पापी पेटनी खातर पिंछा मेळववा माटे तेने मारी नांखवामां आवे छे. आ वखते ते प्राणीने असह्य वेदना प्राप्त थाय छे. तेथी आपणने पींछावाळी वस्तुओ वापरवी ए आपणा धर्मनी विरुद्ध छे. दिलगिरी साथे जणाववुं पडे छे के आ सभामां पण केटलाक धर्मबंधुओ पिंछावाळा पंखा वापरी मोज ले छे. तेओ आज दिनथी ते वापरवुं बंध करशे. चमरो अने चमरीओ घोडा अने गायना पुंछडा कापी बनाववामां आवे छे. कापेलां पुंछडांने धग धगता तावेताथी डामे छे. तेथी तेने असह्य पीडा थाय छे अने मोत पण थाय छे. आवी वस्तुओ जो आपणे वापरवी बंध करीए तो नाह्या एटलुं पुण्य ए कहेवत माफक जीवहिंसा ओछी थाय. तेज प्रमाणे चरबीनी मीणबत्तीओ नहीं वापरतां आज गामना रहीश आपणा स्वामी बंधु मि. केशवलाल भगवानदास जेओए मुंबईमां वनस्पतिमांथी मिणबत्तीओनुं कारखानुं काढयुं छे जे मिणबत्तीओ रोशनी आपवामां, बळवामां तथा टकवामां हिंसक मीणबत्तीओ करतां घणा दरजे सरस अने उत्तम छे माटे ते वापरवानी हुं कुल जैन समुदायने भलामण करूं छुं. परदेशथी आवता खोराक जेवा के इंडां, बीस्कुट, वगेरे पुष्टी मळवाने बहाने वपराय छे तेमज केटलीक दवाओ पण ते बहाने वपराय छे तेमां पण हिंसानो हाथ छे माटे ते नहीं वापरतां आपणां आर्यवैदके फरमावेली दवाओ वापरवी जोइए. आ विचार जैन बंधुओमां फेलाववा माटे आपणे मिशनो स्थापवां जोईए जेथी भुलवामां पडेलाओने सत्य रस्ते लावी शकाय.

# मी. मोहनलाल सांकलचंदनुं भाषण.

आ कोनफरनसना जुदा जुदा वीषयोमां जीव दयानो वीषय हाथ धरेलो छे, जेना वीशे नारण भाइअे वीवेचन करेलुं छे, अने तेनुं अनुमोदन करवानुं मारा प्रत्ये फरमान थयेलुं छे. आ भवमांथी छुटी संवर धारण करवानुं आपणा धर्मनुं महा फरमान छे, अने बीजा धर्मवाला सांभळीने अजायब थशे के आपणे कोइपण जीवने हण्या सीवाय, हणाव्या सीवाय, अने बीजो हणतो होय तेने अनुमोदन दीधा सीवाय पृथ्वी उपर जे जे हींसा थती होय अथवा हरगीज जे जे वनस्पतीनो नाश थतो होय तेना पापनो कांइक अंशे दरेक मनुष्यनो जीव ओसरावे नहीं त्यांसुधी तेमां भागीदार थाय छे ए बहु उंडो अने महत्वनो सीध्धांत छे अने तेनुं यथार्थ तात्पर्य समजवामां न आवे त्यांसुधी बीजा माणसने गळे ए सीध्धांत उतरवो मुश्केल छे, तथापि जैन धर्म जीव प्रत्ये दया पाळवामां केटलो उंडो उतरेलो छे ते तेमांथी मळी आवती अनेक बीनाओ बतावी आपे छे.

आपणो प्राचीन धर्म कहे छे के तमाम पृथ्वी अने वायु जीवथी भरेला छे. पचीस वरस पहेला आ वात आधुनीक कहेवाता सुधरेला माने तेम नहोतुं. पण आ वात सर्व प्रकारे मान्य थइ पडी छे. घणा रोगोनां कारणो समजवामां नहोतां आवतां, पण हवे ए सीद्ध थयुं छे के वायुना तमाम रजकणो जीवमय छे, अने ते जंतुओ एक जगाएथी बीजी जगाए प्रसार थइ चेपी रोगने फेलावे छे तेथी ते सुक्ष्म जीवो पोतानुं अस्तीत्वपणुं बतावी आपे छे.

सुक्ष्म जीवो सीवाय स्थुल जीवो प्रत्ये जैनोनी लागणीनो दाखलो आखी आलमने लेवा जेवो छे, अने ते दरेक प्रकारे बीजा धर्मवाळाओए पण मान्य करेल छे अने महाभारतमां पण कह्युं छे के,

**अद्रोहः सर्वभुतेषु, कर्मणा मनसा गिरा**
**अनुग्रहश्च दानं च, सतां धर्मः सनातनः**

अर्थः—मन, वचन कायाए करी कोइ पण प्राणीनो द्रोह न करवो, दया राखी उपकार करवो ए सत्पुरुषोनो सनातन धर्म छे. मांसाहार करनार माणसो पण जनावर उपर घातकीपणुं गुजारवानुं नापसंद करे छे, तेना माटे सरकारे कायदा बांध्या छे; सोसाइटीओ स्थपाइ छे. कोइ पण प्राणीने मारी नांखवुं तेना करतां तेने दुःख देवुं ते गुन्हो मोटो छे, ऐम मानवुं ए आ काळनी बलीहारी छे. आपणा भाइओ जाणीने खुशी थशे के युरोप अने अमेरीका खंडमां वेजीटेरीयन सोसाइटीओ स्थपाइ छे, एटले ते सोसाइटीमां दाखल थनारा मांसाहार नही करतां वनस्पतीनो आहार करे छे. तेओ अटलुंज करी बेसी रहेता नथी.

आपण अने युरोपीअन लोको वच्चे ऐटलोज तफावत छे के आपणे कहेवामां होशीआर छीए पण तेओ पग उपर कोवाको लेइ करी बतावबामां हुशीआर छे. आपणे "पेसीव" छीए अने तेओ "एकटीव" छे. आपणे आपणुं घर पकडी बेसी रहीए छीए पण तेओ उभा थइ पारका घरमां डोकीआं करे छे, अने तेओ लाग आवे तो पचावी पण पाडे छे. आपणे युरोपीअन अने अमेरीकन लोकोने जैन करवा वीचार आण्यो नथी, पण तेओना पादरीओ अने मीशनरीओनां टोळे टोळां आवी

आपणी उपर शीकार करवा तैयार थयां छे, ने मी० वीरचंद राघवजीए जे हींमत करी अमेरीकामां जइने जाहेर भाषणो करी घणा लोकोने आपणां तत्त्वो समजावी उपदेश कर्यां छे तेने माटे आ स्थले तेओ साहेबनो हुं उपकार मानुं छुं.

वळी युरोपीअनो पोते मांसाहार छोडी बेसी रह्या नथी पण रणसंग्राम करी पोतानी कोममां वधारो करता जाय छे तेम आपणे पण उपदेशको मोकली मांसाहार थतो अटकाववानी खास जरूर छे. वधारे क्रूर थीना ए छे के वीना कारणे वीना फायदे बीचारा हजारो बलके लाखो प्राणीओने मारी नाखवामां आवे छे ऐनुं कारण शुं छे? ते आपणी फेशन छे. जे मडमो पीछानी टोपीओ पहेरी पोताना शरीरने शणगारे छे, अने तेनो चेप आपणा लोकोमां लाग्यो छे ए पीछांने माटे बीचारा गरीब अने कुमळां पक्षीने मारी नाखवामां आवे छे!

तेवीज हकीकत कचकडानी छे. जेनो आपणामां बोहोळो वपरास थयो छे, ते काचबान अंगोपांगमांथी केळवी बनाववामां आवे छे. अने ते कचकडानी खातर तेवां गरीब प्राणीओने मारी नाखवामां आवे छे ज्यारे आपणे दया मय धर्म धारण करीए छीए अने मन वचन कायाए ते धर्मनुं पालन करीए छीए त्यारे ते चीजो वापरवी ते शुं शरम भरेलुं नथी? जुओ, बीजाओ पण हींसा नहीं करवा उपर केटली पसंदगी बतावे छे? पालणपुर नवाब साहेबे पोताना राज्यनी अंदर एक जाहेर हुकम फरमान कर्यो छे के कोइ पण पशु कींवा पंखीने कोइ पण माणसे इजा करवी नहीं, अने तेवी इजा करनारने पकडी गुनेहगार ठराव्यो छे, अने तेवा गुनेहगारो जे माणस पकडी आपे तेने रू. २ इनाम आपवामां आवे छे. आ धारो स्तुती पात्र छे अने बीजा देशी राज्यकर्ताओ, पण आवा धारा पसार करे तेवी हुं उमेद राखुं छुं. आपणे आटलुं कही बेसी रहेवानुं नथी पण हींसा थती केम अटके तेना उपायो लेवानी खास जरूर छे. भाइओ 'टींपे टींपे सरोवर भराय, ने कांकरे कांकरे पाळ बंधाय'; एक माणस कचकडो तथा पीछां वापरवां बंध करे ने तेना जोडे बीजो बंध करे ने त्रीजो माणस पण तेनुं अनुकरण करे, आम करतां करतां नहीं वापरनारी संख्या वधती जाय तो छेवटे एवो पण दीवस आवे के कोइ पण माणसने वापरतां आपणे नजरे जोइ शकीए नहीं. जैन बंधुओ, उपर कहेला तमाम वीषयो उपर योग्य मनन करी तन मन अने धनथी कोइ पण प्रकारे कोइ पण प्राणीनी रक्षा करवा तत्पर रही जेमां हींसा थती होय तेवी चीजो जेम बने तेम नहीं वापरवा तत्पर रहेशो.

आ ठराव उपर मत लेतां प्रमुख साहेबे जणाव्युं के साचां मोती वापरवा बाबत एक गृहस्थ मने लखीने पोतानो मत जणावे छे के साचां मोती वापरवां ए पण गैरव्याजबी छे. बाद मत लेतां आ ठराव सर्वानुमते पसार थयेलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव दसमो.—धर्मादा खातांओना हिसाब बाबत.

पांजरापोळो, देरासरो आदि धर्म खातांओना हिसाब बराबर राखी तेने दरसो वरस जाहेर जाण खातर बाहेर पाडवानी आ कोनफरन्स अगत्यता जुवे छे अने ते माटे धर्मादा खातांओना व्यवस्थापकोने एम करवा आ कोनफरन्स भलामण करे छे.

दरखास्त करनार—मि. केशवलाल जमनादास.

टेको आपनार—मि. मगनलाल मोईचंद.

## मि. केशवलाल जमनादासनुं भाषण.

धर्मादा खातांना पैसानो हिसाब बराबर राखवो जोइए अने तेनी आवक खरच तथा शिलकना आंकडाओ बराबर जाहेर करवा जोईए. जो एक "सेनत्रल" मंडळ स्थापीने तेओनी पासे तमाम देरासरोना हिसाबो रजु करवामां आवे तो तेथी जे कांइ भुलो विगेरे थई होय ते सुधारी शकाय एटलुंज नहीं पण तेने लीधे आपणा उपर मुकवामां आवता खोटा आरोपो पण तदन दूर थाय.

## मि. मगनलाल भाईचंदनुं भाषण.

मने जे विषय उपर टेको आपवानुं फरमान थएल छे तेने टेको आपतां मने आनंद थाय छे के, भाईओ ! आपणे वेपारना विषे, धंधा रोजगारना विषे अने कोई पण बाबतनी चोखवट राखवाने माटे उत्कंठीत अने काळजीवान छीए ते विचारो. पाईनी भूल मेळवतां पाशेर तेल बाळी अमूक वखत गुमावीए छीए; पण भाईओ खरूं जोतां आपणे ते वखत नकामो गुमावता नथी पण खरेखरो तेनो सदउपयोगज करीए छीए. जेटली आपणे आपणा व्यवहारीक कार्य माटे खंत राखी काम करीए छीए तेथी हजारो दरज्जे धर्मादाना काममां खंत राखी काम करवानी तेमज हिसाब विगेरे चोखा राखवानी आपणी दरेक जैन बंधुओनी तेमज आपणा ते कामना आगेवानोनी फरज छे. अने दरेक भाईओने ते प्रमाणे वर्तवा मारी नम्र विनंति छे. हिसाबथी आपणने बधी जातनो विचार करवानुं सुजे छे, अने तेवां खातांना हिसाबो हमेशां श्री संघनी जाहेरातमां मुकवानी जरूर छे अने तेवा खातांना हिसाबमां दरेक जैन बंधुओनो हक छे अने तेवा हिसाबो कोई पण जैन बंधु तपासवा सारू मागे तो तेने तेना हकमांथी मुक्त नही करतां बताववा जोईए. प्रिय बंधुओ ! आपणे आ बाबतमां तदन पछात छीए एम हुं मारा पोतानाज अनुभवना दाखलाथी जणाववानी रजा लउं छुं. मारा वडीलोना नामथी पोसातीने माटे अमूक रकम आपेली एवी रीते के ते रकमना व्याजमांथी पोसाती जमाडवा. हवे ए रकमना व्याजनो केवो उपयोग थाय छे ते जाणवाने हुं घणो यत्न करूं छुं, पण ते हीसाबथी हुं अजाण छुं अने तेना हीसाबने माटे घणी महेनत करतां छतां शुमारे पच्चीस वरसथी अजाण छु. गृहस्थो, आ मारो दाखलो कोईने माठुं लगाडवाना हेतुथी आपतो नथी, पण आपणामां हीसाबना संबंधमां केटली खामी छे ते मात्र बताववाने खातर आ स्थळे आपवानी में योग्यता विचारी छे अने तेथी हुं तेम करवाने भूल करतो होउं तो माफी मागतां विनंति करवाने रजा लउं छुं के आ कदाग्रहने मारा बंधुओ दूर करशे. हुं हिसाबने माटे अनुभवथी सिद्ध थएली रीते सुचववानी रजा लउं छुं के जेम सरकार अथवा रजीस्टर थएली कंपनीओमां जे हीसाबो चोखा राखवामां आवे छे तेम चोखा राखवा. आवक जावकना आंकडा स्वच्छ राखी लोकोनी जाण माटे बहार पाडवा अने कोई पण जातना खर्चमां उतरतां पहेलां बजेटनी सीस्टम दाखल करवी ते उचित छे जेथी हिसाब बरोबर रहेशे. आवक उपरांत खर्च नहीं थाय अने दरेकने पोतपोतानो अभिप्राय जणाववाने तक मलशे. गृहस्थो, देवद्रव्यने माटे तथा बीजा धार्मिक द्रव्यने माटे जे हमेशां पोकार करवो पडे छे, ते पोकार अने तेनी अव्यवस्था आथी थतां अटकशे एटलुंज नहीं पण ते द्रव्यनो किंचित गेरउपयोग थाय तो तेनुं केवुं माठुं परीणाम आवे छे, तेना माटे आपणा मानवंता प्रेसिडंट साहेबे असरकारक विवेचन करेलुं छे ते उपर आप सद्गृहस्थो पूर्ण विचार करशो.

बाद मत लेतां ठराव सर्वानुमते पसार थयेलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव अगीआरमो—जीर्णोद्धार बाबत.

"जीर्ण जैन मंदीरो माटे टीप करी तेनो उद्धार करवानी आ कॉन्फरन्स आवश्यकता जुए छे."

दरखास्त करनार—मि. ललुभाई करमचंद दलाल.

टेको आपनार—शेठ नानचंद भगवानदास.

## मि. ललुभाई करमचंदनुं भाषण.

पुर्वनो काळ याद करतां शुं आपणी नबळी स्थिति माटे शोच थतो नथी? आपणा पुर्वजो केटला रीध्धीवान, ज्ञानवान हता ते मात्र थोडा दाखलाथीज समजाय तेवुं छे. अशोकना पुत्र श्री शम्प्रती राजा जेनुं नाम भाग्येज कोई नहीं जाणतु हशे तेमणे २६००० तो नवां मंदीरो बंधावेल छे अने लगभग ४ गणा करतां कंइकज ओछी संख्या एटले ९९००० नो जीर्णोधार कराव्यो छे. बंधुओ, समय शुं आव्यो छे? हाल एवो एक पण जैन राजा दृष्टीए पडतो नथी के जेणे एक पण जीर्णोद्धार कराव्यो होय! एटलेथी अचकतुं नथी पण आपणा पवित्र तीर्थो जेवां के श्री सिध्धाचळजी, गिरनारजी आबुजी, समेत सिखरजी, राणकपुरजी, तारंगाजी वगेरे तिर्थो उपर एटले बधे उंचाण उपर मोटां भव्य मंदीरो बांधनारा आपणा श्रावको पण ओछी रीध्धीवाळा नहता. वस्तुपाळ, तेजपाळ, विमळशाह आदी, करोडपतीओ बलके अब्जपतीओ हता नहीं तो जेनी गणत्री जलदीथी न थई शके तेवां भव्य मंदीरो केम बांधत? कुमाळपाळ राजाना नामथी पण कोई अजाण्युं नथी. तेणे तारंगाजी आदी घणां मंदीरो नवां कराव्यां छे अने तेणे पण नवां करतां जिर्णोध्धारज वधारे कराव्यो छे. शास्त्रकार पण शुं कहे छे? नवां मंदीरो करवा करतां उध्धारनुं आठ वणुं पुण्य बतावामां आव्युं छे. आ शुं आपणा हालना ओछी शक्तीवाला बंधुओ पुज्य मुनी वर्ग तरफथी नथी जाणता? जाणे छेज; परंतु 'ठाली चणो वागे घणो' तेवी रीते आपणा घणा बंधुओ मोटी नामनाने लीधे नवां मंदीरो वधारे बांधतां जाय छे, अने तेने योग्य रीते निभाववानी गोठवण न करता होवाथी तथा वस्तु मात्र विनाश थवानीज ए नियमे तेना बंधावनाराओनी अछते जे स्थितीए आपणे मंदीरो निहाळीए छीए ते शुं आपणे माटे शरम भर्युं नथी? बंधुओ, ज्यां बिलकुल मंदीर न होय ते जग्या विषे हुं कांई दबाण करतो नथी पण जे ठेकाणे वस्तीना प्रमाण करतां वधारे देरासरो होय त्यां जिर्ण मंदीरोनी स्थिति सुधरतां पहेलां नवुं बिलकुल बांधवुं न जोईए. हुं नथी धारतो के आ विचारथी बीजा बंधुओ जुदा पडे. मने कहेवा दो के तमो ज्यारे पुरेपुरा समृद्धिवान थाओ—तमारा माटे मंदीरोद्धार करवानो शब्द सदंतर नाश थाय ते पछी तमो तमारा पैसानो नवा कामोमां भले उपयोग करो. आ विषय उपर घणी वखत बोलाई चुक्युं छे. बंधुओ उपर कंइक असर थई पण हशे. हवे मात्र जणाववानुं के ते जिर्णोद्धार कई रीतीए करवो? गृहस्थो, तमारा अंतःकरणमां जो खरेखर छाप पडी होय तो, तमोने तमारा पईसानो खरेखरो उपयोग करवो होय तो एक मोटी टीप करो अने तमारी शक्तीना प्रमाणमां लांबे न पोहोंची शकाय तो पहेलां पोताना गाममां अने पोताना जिल्लामां तो जरुर जिर्णोधार करो तेमज ज्यां वस्तीनुं प्रमाण बिलकुल घटी जवाथी श्री राणकपुर, मारवाड आदी देशोमां ज्यां घणीज जरूर छे ते स्थळे खास मदद मोकली ते स्थळोनां मंदीरोनो योग्य उद्धार करो अने तमारी प्राचीनता जाळवी राखो. एक पिताना हजारो पुत्र होय अने कोई सुको रोटलो न मेळवी शके अने बाकीना वडेरवां थईने गाडी वाडीमां फरे ए शुं ठीक कहेवा

य! सुखी पुत्रोने माटे ते शुं शरम भर्युं नथी? ते सुखी पुत्रोए वधारे नहीं तो तेओने जमाडवामां तो ढील करवी न जोईए. आ जणाववानी मतलब शुं छे? बंधुओ, आपणां घणां देरासरो पैसेथी भरपुर छे. मोटा मोटा वहीवटो चाले छे अने चालु उपज जबरी होवा छतां, तेओनी नजीकनां बीजां देरासरोने केसर सुखड पण न मळे ते शुं ओछुं शोकजनक छे? अरे! दिलगिरी साथे जणाववुं पडे छे के केटलीक जगाए अपुज प्रतिमाओ रहे छे. देरासरमां सेंकडो मण कचरो—गंदकी पण होय छे! अने एवीज बीजी अव्यवस्था माटे शुं आपणां जाहोजलाली भोगवतां मंदिरो, तेना व्यवस्थापको हजु पण प्रमादमां रहेवुं ठीक समजशे? टीप करवानुं में जणाव्युं ते एकला जैनमांथी नहीं पण दरेक देरासरोमांथी पण योग्य फाळो मळवो जोइए. तेना माटे दरेक गामवालाओए भेगा मळी देरासरोनी पुंजी ने आवकना प्रमाणमां एक वरसमां अमुक सारी रकम कहाडवी जोइए अने बनी शके तो पोतानी देखरेख नीचे जिर्णोद्धारनुं काम त्वराथी चलाववुं जोइए. वितरागवाणी पुस्तकोथी जाणी शकाय छे तेमज परमात्मा स्वरुप जाणी शकवाने माटे प्रतिमा कारणरूप छे अने प्रतिमा स्वरुप जाणी शकवाथी आपणा आत्मानुं कार्य सफळ थाय छे, मोक्ष गतीने माटे लायक थवाय छे अने एवां कारणोए करी आपणा पूर्वजोए करोडो रुपीआ खर्ची भव्य मंदिरो बनावेलां छे. हिंदुस्थानमां लगभग ३६००० जिन मंदिरो गणाय छे अने तेमांना घणां जीर्ण स्थिति भोगवे छे तो जैन समाजनुं कर्तव्य छे के तेनो सुधारो करे, पुजा विगेरे व्यवस्थानो बंदोबस्त करे.

सुज्ञ गृहस्थो, सामान्य जैनो करतां समजु विद्वान अग्रेसरोने माथे लाख घणो बोजो कर्तव्य बजाववानो छे. पूर्व पुण्यना उदयथी जे समृद्धि तमने प्राप्त थई छे तेनो सदुपयोग करवानी जरुर छे. छती शक्ति नहीं फोरवशो तो याद राखवा जरुर छे के आव्या तेवाज वगर भाताए चाल्या जवानुं छे. जिंदगी सदाकाळ रहेती नथी. रिद्धी साथे आवती नथी, पण सत्कृत्य दुष्कृत्यज साथे आवे छे. जो तमोने जैनीपणानुं अभिमान होय, तमारा धर्मनी तमोने लागणी होय तो तमारी लायकातनो सदुपयोग करो. संपत्ति परोपकार माटेज छे एम समजो. जेणे पोतानी शक्तीनो सदुपयोग कर्यो छे तेनाज नामो शास्त्रोमां, इतिहासमां अने ज्ञानीओना मुखे आव्यां छे. आजे कोई द्रव्यवान, ज्ञानवान, बुद्धिवान जणाय पण सृष्टीना स्वभाव अने काळने लीधे बीजाओ तेनी जग्या ले ते वखते जगतमां हता न हता थई जशे. पण योग्यता मुजब कार्यो करी जशो तो प्रजामां तमारुं गुणगान थयां करशे, नहीं तो कोई याद पण करशे नहीं. द्रव्यवान द्रव्य खर्चशे पण ज्ञानना अभावे अनुपयोगी जेवुं छे. जेम विद्वानो के भाषणकार वक्ताओ लांबा भाषणो करशे पण द्रव्यवान सांभलशे नहीं, तो जंगलमां बुम पडवा जेवुं थशे. माटे एक बीजानी सहायतानी जरुर छे. हमे प्रमुख, हमे सेक्रेटरी, हमे अमुक ओध्धेदार एम थवाथी कंई मोटाई नथी, पण ते कामना ओध्धानी सार्थकता करवाथी मोटाई छे ते भुली जवुं जोईतुं नथी. अंते परमात्मा प्रत्ये आपणे प्रार्थना करशुं के आपणे सर्वे दुराग्रहने न वळगी रहेतां बुद्धिमानोना मार्ग तरफ प्रयाण करीए अने कर्तव्यनी बुद्धि आपणामां दिवसे दिवसे वृद्धि पामे. छेवटे जणाववा रजा लईश के, आपणे कॉन्फरन्सना ठरावो अमलमां आणवा, आपणी न्यातोना पंचोए धारानो भंग न थाय तेवा खास धारा घडी आपणी आ सर्वे महेनत वर लाववी जोइए अने तेम थशे त्यारेज खरेखर आपणो उदय थई शकशे.

शेठ नानचंद भगवानदासे टेकामां जणाव्युं के जिर्णोद्धार करवो ए जरुरनुं छे. नवां मंदिरो

बंधाववा उपर ओछुं लक्ष आपो. आपणी पासे जे मुंडी होय ते जाळवी राखवी जोइए. शास्त्रमां उद्धारनुं पुण्य वधु कहेलुं छे.

बाद मत लेतां आ ठराव सर्वानुमते पसार थयेलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव बारमो—जीर्ण पुस्तकोद्धार बाबत.

"जीर्ण पुस्तकोद्धारनी तथा प्राचीन प्रकरण आदि ग्रंथो ज्यांथी अभ्यास आदि माटे मळी शके एवी जाहेर भव्य पुस्तकालय स्थापवानी आ कॉन्फरन्स आवश्यकता जुए छे."

दरखास्त करनार—वकील नगीनदास सांकळचंद.
टेको आपनार—शेठ हाथीभाई मुळचंद.

## वकील नगीनदास सांकळचंदनुं भाषण.

निराश्रिताश्रय अने केळवणीना विषयोसाथे जीर्ण पुस्तकोद्धारनो विषय घणो अगत्यनो छे. आपणा चोविसमा तिर्थंकर श्री महावीर स्वामीना मोक्ष पधार्या पछी आपणो आधार तेमनी प्रतिमापर अने तेमनी आगमारूढ वाणीपर छे अने मारे तमने कहेवुं जोइए के आपणा धर्मना ग्रंथो तथा आपणां मंदिरो आपणो धर्म साचवी राखवानां साधनो छे अने जेम राणकपुर वगेरे स्थळोए आपणा प्राचीन देवालयो जेम आपणा जैनोनी प्राचीनता तथा धर्मनुं भान करावे छे तेम पुस्तको पण आपणा तिर्थंकरोनुं भान करावे छे. हालमां श्री महावीर स्वामीनुं शासन वर्ते छे अने तेमना निर्वाण पछी ९९९ वरस पछीथी आपणा आचार्योए तथा गणधरोए भविष्य उपर विचार करीने आपणा धर्मनां पुस्तको लखेलां छे. आपणामां प्रथमना वखतमां आचार्योए टुंकी अवस्थामां घणांज पुस्तको लखेलां छे. तेनो ख्याल थवा हुं एक बे दाखला आपीश. आवा पंचम काळमांज थयेला जैन हेमचंद्राचार्ये पोतानी ८४ वरसनी टुंक उमरमां कुल साडात्रण करोड जेटला श्लोक रचेला छे अने तेमां व्याकरणना पण सवा करोड श्लोक रचेला छे, अने हरीभद्राचार्ये १४४० पुस्तको बनावेलां छे. पण अफसोसनी वात ए छे के तेमांना १०० पुस्तको पण हालमां हयाती भोगवतां नथी. प्राचीन काळमां बार बार वरसना बे दुकाळ पडवाथी घणा पुस्तको नाश थई गयां के जेनां नाम के लखाणनी कोईने पण खबर नथी, अने जे कांई रहेलां तेमनो वचला राज्यना वखतमां नाश थयो अने वळी घणी दिलगिरीनी वात ए छे के आपणा स्वामीभाईओमां अरसपरस झगडा थयाथी, कुसंपनी लागणी दाखल थवाथी, भ्रातृभाव कमी थवाथी पण घणां पुस्तको नाश थई गयां.

फुल नहीं पण फुलनी पांखडीनी माफक जे कांई पुस्तको रह्यां ते आपणामां अज्ञानरूपी अंधकारनो नाश करवा अने जिनेश्वर भगवाने भाखेला धर्मनुं प्रदीप्त करवा माटे वडिलोए जेसलमेर, खंभात आदि स्थळोए पुस्तको जाळवी राखवा भंडारो कराव्या. पण वचलां राज्यनो अमल बदलाया छतां अने आपणा प्रतापी ब्रिटिश राज्यनी शीतळ छाया नीचे दरेक कोमना धर्मनुं पुरेपुरुं संरक्षण थयां छतां पुस्तको बहार नीकळवा पाम्यां नहीं कारण के मालकीनो सवाल प्रबळ थवा पाम्यो अने केटलेक स्थळे अरसपरस भिन्नभाव अने कुसंपनी वृद्धि थवाथी तथा तड आदि तकरारोथी 'हाथमां ए बाथमां' ए कहेवत मुजब ए भंडारो उघड्या नहीं अने अफसोस के जिनेश्वर भगवानमी अमृतरस वाणीओने हंमेशने माटे केटला

कने केदनी अने केटलांकने जन्मदेशनिकालनी सजा करी अने कलकताना ब्लेक होल जेवा केदखानामां तेमने राखवामां आव्यां अने तेनी देखरेख अगर सार संभाळ लीधी नहीं अने बीजा कोईने पोते गेरव्याजबी रीते बथावी पडेला वारसाने हाथ अडकाडवा पण दीधो नहीं. परिणाम ए थयुं के घणा अमुल्य पुस्तको नाश थयां के जेनी खामी आ जमानामां पुरी पडी शकवानी नथी. आपणे आपणी, आपणा माबापनी अने कुटुंबनी छबीओ पडावीए छीए एटलेथी संतोष नहीं पामतां आपणा देशना हितचिंतकोनी अने आवी महान अने प्रोविन्शियल कॉन्फरन्सोनी छबीओ पडावीए छीए अने घरमां सौथी सरसमां सरस एटले के आपणा घेर आवतो दरेक माणस जोई शके तेम लटकावी राखी जाळवीए छीए. कारण एज के तेमना रूप तथा गुणनुं भान करावना अने तेमनी यादगिरी जाळवी राखवा छतां अफसोस ए थाय छे के आपणां धर्म साचववानां साधनो, के जेथी आपणी, आपणी कोमनी अने आपणा देशनी उन्नती थवानी तेवां पुस्तकरूपी साधनोनो नाश थवा दईए छीए ए घणुं दिलगिरी भरेलुं छे. आटली बधी दिलगिरी फेलाया छतां कांईक संतोष थवा पाम्यो छे, अने ते ए छे के आपणा मुनी महाराजाओ भंडार उघडाववा प्रयास करे छे अने मुनीमहाराज श्री हंसविजयजी तथा श्री कांतीविजयजीना प्रयासथी पाटणना भंडारनां ताळां उघड्यां छे, अने नामदार गायकवाड सरकार आपणा धर्म उपर एटली आस्ता राखे छे के तेमणे प्रयास लई टीप करावी छे तेमज केटलांक पुस्तकोना भाषांतर करी छपाव्यां छे माटे आपणे तेमनो आ स्थळे उपकार मानवो जोइए अने आपणा प्रमुख साहेब गुलाबचंदजी ढड्ढा एम० ए० ए जन्म आपेली महान कॉन्फरन्सना प्रती वर्षे मळवाथी जेसलमीर-नो भंडार उघड्यो छे, अने ते उघाडवा तेमना भाई मि. लक्ष्मीचंदजी ढड्ढाए पोताना भाईनी साथे मळीने जे श्रम लीधो छे ते माटे ते बंने भाईओने धन्यवाद घटे छे अने तेमनो समस्त जैन भाईओए आ स्थळे उपकार मानवा भुली जवुं जोइए नहीं अने जेसलमीरमां पण टीप थई छे ने उद्धार करवानुं काम शरु छेज.

खंभातमां बे तड छे अने तेमनी अरसपरस तकरारोथी ते बेमांथी एक पण भंडार उघडवा पाम्या नथी अने तेथी तेने टीपनी वात तो होयज नहीं. ए कांई थोडी दिलगिरीनी वात नथी. माटे हवे भविष्यमां जे कांई पुस्तको रह्यां छे तेनो नाश थतो अटके तेवी योजनाओ त्वराए करवी जोइए, अने आ काळमां पूर्व थई गयला महा मुनिराजो, आचार्यो विगेरे मळवाना नथी अने जे खोही बेठा ते तो गया अने फरी मळवाना नथी तेथी खरो धर्म जाणीशुं नहीं. ज्ञान उपगरण माटे उजमणां करी घणा रुपिआ खर्च करीने पुंठीआं, चंदरवा तथा रुमालने कसब, जरी तथा मोतीथी भरावयामां आवे छे पण तेमां ज्ञाननी चोपडी तथा ते राखवानी पेटीओ मुकवामां आवे छे ते जेम बने तेम हलकी कीमतनी खरीद करवामां आवे छे माटे उजमणानो जे खरो मूळ हेतु ज्ञान छे ते उपर अवश्य प्रथम ध्यान दरेक जैन भाईए आपवुं जोईए. एक सार्वजनिक लायब्रेरी करी प्राचीन पुस्तकोनो संग्रह करवो अने आपणामां उपदेशको नथी ते तैयार करवा ए आपणी प्रथम फरज छे अने उपदेशको तैयार कर्या पछी तेमने पुरतां साधनो करी आपी देशो देश जैन धर्मनी उन्नती माटे मोकलवा जोईए. पण ते काम पुरेपुरुं पार पाडवाने आपणां प्राचीन पुस्तकोनो संग्रह करवानी जरूर छे. ते पुस्तकोपर आपणा धर्मनी तेमज आपणी उन्नतीनो आधार छे, अने ते माटे एक अगर बे सवड प्रमाणे सार्वजनिक अने मफत लायब्रेरीओ एटले पुस्तकशाळाओ स्थापवी जोईए. युरोप अने अमेरिका वीगेरे स्थळे तेवी पाठशाळाओ छे. लंडनमां ब्रिटीश म्युझीअम ए आखी दुनियामां बीजा नंबरनी लायब्रेरी छे अने तेमां जुदी जुदी

भाषानां पुस्तको रखाय छे अने त्यां दरेकने मफत उपयोग करवा देवामां आवे छे तेवीज रीते जर्मनीमां आवेला बोन शेहेरमां पुस्तकशाळा छे जे पहेला नंबरनी गणाय छे अने तेमां विशेष खुशी थवानुं ए छे के आपणा धर्मनां पण पुस्तको छे अने डा. बुलर, डा. कीलहोर्न के जेणे संस्कृत भाषामां व्याकरण बनावेलुं छे तेओ हिंदुस्थानमां जुदे जुदे स्थळे फरी घणो खर्च करी मळी आव्यां तेटलां पुस्तको लई गया छे तथा संग्रह करेलो छे.

हालमां ब्रिटिश म्युझीअमने अनुसरीने नामदार लार्ड कर्झनना प्रयासथी "इम्पीरिअल इन-स्टिचुट" नामनी एक लायब्रेरी कलकतामां उघाडवानो उद्यम थाय छे अने तेमां दरेक धर्मना पुस्तको राखवानी गोठवणो करवामां आवनार छे ज्यारे एक परदेशी राज्यकर्ताने आवी लायब्रेरीनी जरूर जणाय छे तो आपणे आ कुंभकरणनी उंघमांथी क्यारे उठीशुं ने तेवी योजनाओ क्यारे करीशुं? मोटा वेपारीओ तथा मीलमालेको वीगेरे पोतपोताना चोपडा उधाई आदी न लागे तेम अने जरूर प्रसंग उपयोगमां आवे ते माटे दरेक सालवार राखे छे तो आ दाखलाथी पण सिद्ध थाय छे के आपणे आपणा उद्धार अर्थे पण आपणां प्राचीन तथा अर्वाचीन पुस्तकोनो समुदाय करी एक जनरल लायब्रेरी स्थापन करवी जोईए के जेथी आपणने, आपणा मुनीराजो वीगेरेने पुस्तको मेळवतां जे श्रम वेठवो पडे छे ते दुर थाय. आपणा तीर्थंकर भगवानना तत्वोथी आपणो मोटो भाग अजाण्यो छे ए दिलगीर थवा जेवुं छे पण खुशी थवा जेवुं ए छे के अमेरिकामां केटलेक स्थळे मर्हुम मि. विरचंद राघवजी गांधी तथा मि. फतेचंद कपुरचंद लालनना प्रयासथी जैन धर्मना तत्वो दाखल थवा पाम्यां छे, अने आपणो धर्म महावीर स्वामिना वखतनो नथी अने अन्य दर्शनीओ माने छे तेम बौद्ध धर्ममांथी नवो निकळेलो नथी परंतु प्रथम तिर्थंकर श्री रीखभदेवना वखतथीज चालतो आवेलो छे तेवुं तेमणे अनार्य भुमीओमां सिद्ध करी आप्युं छे. आपणी आर्य भुमीमां पण आपणां धर्मना तत्वो अन्य धर्मीओ पण समजवा लाग्या छे ए खुशी थवा जेवुं छे.

## शेठ हाथीभाई मुळचंदनु भाषण.

आपणा पुर्वजोए पुस्तकोनो जे वारसो आप्यो छे तेने उधाई खावा देवी न जोईए. ग्रंथो उपर आपणो आधार छे. गुजरात वर्नाक्युलर सोसाइटीना धोरण उपर जैन पुस्तकालय स्थापवुं जोईए. जेसलमीरना भंडार माटे थती हीलचाल सारु आपणे आपणां मानवंता प्रमुख साहेबनो उपकार मानवो जोईए अने तेवो आपणे यत्न करवो जोईए.

बाद उपलो टराव सर्वानुमते पसार करवामां आव्यो हतो.

## पेथापुरना ठाकोर साहेबे दर्शावेलो आनंद.

आ वखते पेथापुरना सगीर ठाकोर श्री फतेहसींहजीए पोतानी मातुश्री तरफथी जणाव्युं के आप सघळाए पधारी मारुं गाम शोभाव्युं छे तेथी मारी मातुश्रीने तथा मने परम आनंद थयो छे. आ काम तरफ हुं तथा मारी मातुश्री संपूर्ण दिलसोजी धरावीए छीए. आना जवाबमां प्रमुख मी. ढढाए कुमारश्रीने धन्यवाद आपी तेमनी मातुश्रीनो उपकार मानतां जणाव्युं के तमारी मातुश्रीने तेमनी अमारी तरफनी आवी लागणी माटे संघ तरफथी हुं उपकार मानुं छुं ते जणावशो.

आगळ कामकाज चालतां पहेलां प्रमुख साहेबे जणाव्युं के पंजाबमां आवेला हीसार शेहेरमां कोइपण जातना भेद वगर एक अनाथाश्रम खोलवामां आव्युं छे जेना संबंधमां तेना वहीवटने लगती हकीकत त्यांथी आवेला उपदेशक लाला चीरंजीलाल आपने कही संभळावशे. तेमज शेठ लालभाई दलपतभाई पण कांईक विवेचन करशे.

## लाला चीरंजीलालनुं भाषण.

जे कारणने लीधे आपणी जैन कोम अधोगतीमां आवती जाय छे ते कारण हुं अत्रे बतावचा मागुं छुं. एक भारी जंगल छे अने तेनी वचमां केटलाक घोडेस्वारो शरत दोडवाने तैयार छे. दरेक स्वारनी इच्छा सौथी पहेलो नीकळुं अने इनाम मेळवुं एज छे. पण रस्तामां कोइ घोडा उपरथी पडी जाय छे त्यारे लोको " हीपहीप हुर्रे " करी ताळीओ पाडे छे. आ मेदान संसाररूपी छे अने तेमां शरत दोडवा माटे तैयार थयला सवारो जुदा जुदा धर्मोना अवलंबीओ छे. दरेकनी इच्छा एवी छे के हुं पोताना धर्मने सौथी आगळ पडतो करूं अने तेमां ज्यारे आपणे पाछळ पडीये त्यारे लोको ते जोइ ताळीओ वजावे छे. मात्र थोडां वरसो थयां उत्पन्न थयेलां केटलांक समाजो आपणा अनादी काळना जैन धर्मनो पग पण कहाडवानी तजवीज करे छे. संवत १९५६ ना वरसमां अन्य धर्मीओए अनाथाश्रमो उघाडीने हजारो बाळकोने पोताना स्वाधीनमां लीधां छे. शुं ते वखते जैन धर्मीओ कांइ करी शके तेम नहीं हता? आवी जातनां कामोमां अन्य समाजो आपणा करतां घणां आगळ वधी गयां छे अने आपणी कोमने ते माटे घणुं शोचवानुं छे. तेज कारणने लीधे हीसार मध्ये श्वेतांबर, दीगंबर, साधुमार्गी या स्थानक पंथी तमाम जैनो तेमज बीजा लोकोथी ते छेक उंची पंक्तोना शुद्र सुधीनां बाळको माटे एक अनाथाश्रम खोलवामां आव्युं छे अने तेमां जैनोने पेहेलां दाखल करवामां आवे छे. आजथी सवा वरस उपर ज्यारे आ अनाथाश्रम खोलवामां आव्युं त्यारे पांचसो रूपीया हता पण ते पछीथी गया डीसेम्बर मास सुधीमां तेने पांच हजार रुपीया आवक थइ हती. पहेली जानेवारीए सत्तरसो पचास रुपीया सीलकमां हता. हवे आ अनाथाश्रमनी सोसायटीनी पासे बीजा अढीहजार रुपीया छे. अंबालामां भरवामां आवेली दीगंबर कोनफरनसमां एवी हीलचाल करवामां आवी हती के ते अनाथाश्रमने दीगंबरोने माटेज राखवुं पण सोसायटीए ते वात मंजुर राखी नहीं कारणके ते अनाथाश्रमने सार्वजनीक राखवामां आव्युं छे. तेनी मुलाकात लेनाराओए तेने माटे घणा सारा उद्‌गारो कहाड्या छे. तेनी मेनेजींग कमीटीमां ग्रेज्युएटो तथा सारी केळवणी पामेला गृहस्थोने नीमवामां आव्या छे. वीधवाओने मदद आपवानी पण तेमां गोठवण राखवामां आवी छे. कोइ पण जातनी के गामनी वीधवाओने तेना गामना गृहस्थोनी भलामण मळवा पछी तेणे नीतीथी रहेवुं अने भीख मांगवी नहीं एवी शरते दर मासे त्रण रुपीआ, मनीओरडर करीने मोकलवामां आवे छे. ते वीधवाओनी एक फाइल राखवामां आवे छे. अनाथाश्रममां दस वीद्यार्थीओ छे के जेमने सांसारीक तथा धार्मिक शिक्षण घणा उतम प्रकारनुं आपवामां आवे छे. दरेक विद्यार्थीने अहींसा परमो धर्मनुंज ज्ञान आपवामां आवे छे. माटे आवां खातांने तमो मदद करशो एवी आशा छे.

## शेठ लालभाई दलपतभाईनुं भाषण.

प्रीय मी० ढड्डा, बेनो अने भाईओ, आपणुं मोटुं कोन्फरन्स कहो के आ प्रांतीक कोन्फरन्स कहो, ते संबंधमां बे बोल कहेवा आपनी रजा लउं छुं. आ विषय उपर घणीवार अने घणुं बोलाई गयुं छे तेथी

बोलवानुं रह्युं नथी, पण विषय एवो मोटो अने गंभीर छे के गमे तेटलीवार ते बाबत विचार कराए तो पण ते बाबत विचारो अव्याज जाय.

कोन्फरन्सनो हेतु एकज छे ने ते ए के आपणा जैन भाईओनी पुर्वे जे संसारीक तेम धार्मिक जाहोजलाली हती ते फरी सतेज केम कराय ते बाबत विचार करवा उपाय योजवा, तेम स्थळे स्थळना आपणा भाईओनी स्थीती जोवा आपणे एकठा मलीए छीए. दाखला तरीके हालमांज अमलनेरने खाते आवी बेठकमां हुं पण गयो हतो. त्यांना आपणा जैन भाईओनी एकंदर संसारीक स्थीति आ तरफना आपणा भाईओनी स्थिती करतां घणीज सारी जणाई हती. धार्मीक स्थिती सुधारवा पुज्य मुनीराज अमरविजयजी विगेरे साधुओ महेनत करी रह्या छे तेथी तेमां पण फतेहमंद नीवडीशुं. त्यांना भाईओ घणाखरा आ तरफना छे अने पाटण तेम बीजे स्थळेथी जईने वसेला छे. मारा विचारमां एम आवे छे के जे भाईओनी स्थीति पोताना गाममां अधम थई गई होय तेओए हाल लांबे नहीं तो हिंदुस्थानमांज बीजी कोई जग्याए नजर दोडाववी उचीत छे; तेथी लाभ थवा संभव जणाय छे.

कोन्फरन्स शब्द इंग्रेजी छे अने मेळावडा पण जेम बने तेम रुपमां इंग्रेजी रीत उपर चलाववा ठेर ठेर तजवीज नजरे पडे छे जेम के सेक्रेटरी, ट्रेझरर, विगेरे योजनाओ पण इंग्रेजीज छे तेमां कशो वांधो नथी पण ज्यारे आपणे आ पोशाक इंग्रजी धारण कर्यो त्यारे काम करवानी शक्ती अने दढता पण तेमनीज ढब उपर आववी जोईए. ए वात तो निर्विवाद छे के ते लोक निकाल करवानी तेम एकवार पाछा हठ्या तोपण फरी प्रयास अने प्रयत्न करवामां आपणा करतां घणा चढीयाता छे. दाखला तरीके तारीख पांचमी मेना एडवोकेटमां सर ज्योर्ज मेरेडीथ नामनो गृहस्थ हाल सोतेर वर्षनी उमरे जे बेरन थवा पाम्यो छे तेणे त्रण वरस मोचीनो धंधो कर्यो, बार वर्ष उननां कारखानामां काम करतो हतो, अने चौद वर्ष सुधी ओस्ट्रेलीयानी पोलीसमां नोकरी करी हती. ते हवे बेरन थवा पाम्यो छे. मुद्दो ए छे के वीपत्तीमां ते लोक नासीपास थई बेशी रहेता नथी. आपणे आवां सामाजिक कार्योमां काम लेवा बाबतमां मारो विचार एवो छे के चालु रीवाजोमां एकदम फेरफार करवा अथवा कोन्फरन्सना नामे कोईने दबाववा तजवीज नज करवी. तेमां कदी फतेह पामीशुं नहीं कारण तेवा रीवाजो वर्षेना वर्ष सुधी उंडां मुळ नाखी बेठा छे ते एकदम खसी न जवाना. दाखला तरीके आपणे दस स्थळे अमुक नातना काय-दाओ शा छे के अमुक शुं छे पुछवा नीकळ्या तो जे भाईओनी लागणी हजी आपणी साथे सामेल नहीं होय तेवाओने ते वात एक हथीयार रुप जडशे अने कहेशे, "जुओ हजी उभा थया नथी तेटलामां तो आ लई बेठा." माटे तेम न करतां आपणे मुख्य विचार करी अमुक बाबत सारी जणाई तो तेम करवा आपणे प्रयत्न करवो. पछी आपणा अन्य स्नेहीओने ते तरफ दोरवा अने जेम जेम तेनी सरसाई बीजा भाईओने जणाशे तेम तेओ पण जोडाशे. नानाथी मोटा थवानी तजवीजमां आपणे फतेह पामीशुं तेम न करतां एकदम मोटुं मंडल करी धारा बांधवा नीकल्या तो फतेह पामीशुं नहींज. सवाल एज त्यारे थाय छे के आम न करीये त्यारे केटलाक भाईओ कहे छे के तमे कर्युं शुं? वातो करे वलवानुं शुं? हुं कहुं छुं के वरसोनां वरसो थयां कारणोने लईने जे रुढीओ पेठेली अने पाछळथी कारण नाश पाम्यां छतां रुढीओ रही गयेली ते एकदम नीकळशे नहीं. तेने सारु तो घणोज वखत अने घणो प्रयत्न जोईशे. दाखला तरीके कुमळी वयना बच्चां पासेथी केटलां कामनी उमेद रखाय अने ते नानी वयना बच्चां माथे पण वरड थयेल रीवाजो अने विचारोने समजावी फेरवीने

पोतानी तरफ खेंचवानुं आवी पडेलुं छे छतां पण हुं हींमतथी कहुं छुं के आवा मेळावडानी असर नानी सुनी नथी. दाखला तरीके अत्रे मळेला २००० गृहस्थो अने ते साथे तेमना कुटुंबीओना मनमां ते बाबत सेज पण विचार आव्या सिवाय रहे नहीं पण दरेक बाबतमां तेम आ विषयमां पण जे नजरे जोईशुं तेवुं ते आपणने जणाशे. दाखला तरीके सगी मा अने ओरमान मा. मिठी नजरे जोतां गुणज्ञ जणाशे पण दूषण शोधवांज होय तो गुण नजरे आववो मुश्केल छे. आवां दरेक सामाजिक कार्यमां नवा तेमज जुना जमानाना माणसोए साथे रही काम लेवानी घणीज जरूर छे. घणे खरे ठेकाणे जोवामां एम आवे छे के जे नातना शेठो आगेवानो होय छे तेमनी स्थिती काळे करी बगडी होय छे, त्यारे बीजा नवा गृहस्थो सुखी थएला नजरे पडे छे. हवे जरूर एवी छे के तेवा शेठो अगर आगेवानोए पोताना माननी खातर नवा गृहस्थोने सामील करी काम फतेह पाडवा तजवीज करवी जोईए तेमां तेमनी शोभा छे कारण तेम न कर्युं तो वखत जतां तेमनुं तेटलुं पण मान सचवावुं मुश्केल थशे त्यारे बीजा हाथपर नवा थएला गृहस्थोए पोते बे पैसे सुखी थया होय ते तरफ लक्ष न आपतां जुना वखतथी मान पामेला गृहस्थोनी तरफ माननी लागणी राखी पोताना विचारोनी उतावळ कर्या सिवाय धीमे धीमे असर करवा तजवीज करवी. आ रीते बन्ने तरफनी मददनी खास जरूर छे. कारण तेम न थयुं तो गमे तेटला नवा विचारो हशे पण जुना गृहस्थो विना ते भागी पडवा संभव रहेशे अने जुना गृहस्थो नवा गृहस्थो साथे सामेल थवा इच्छा नहीं करे तो तेमना चालता आवेला मान अकामने धोको पोहोंचवा संभव रहेशे. हवे एकज बाबत रहीछे ने ते ए के जे गाममां अथवा जील्लामां लोको उलट धरी पोताना आसपासना गामना निराधार तेम विद्यार्थीओने मदद आपवा तजवीज करे तेमणे ते नाना कोनफरन्समां फतेहज मेळवी हुं तो मानुं छुं. हेतु एवो छे के जैन समुदायनी स्थिती सुधारवी तो ज्यारे प्रथक् प्रथक् तेवी ठेर ठेर हीलचाल थई तो अलबत कोनफरन्सने तेवा स्थळथी तेटली मदद थई गणाय. तेवां दरेक शुभ कार्यनी नोंध आपणी मोटी कोनफरन्समां लेवी बटीत छे. मारो एम मत तो छे के मोटी कोनफरन्स तो एकज राखवी अने नानी मंडळीओ अगर कार्य सहायी सभाओ तो ठेर ठेर होय. खरां कार्यनी आशा तो तेमनाथी अने मोटा कोनफरन्समां तो तेवां कार्योनी बहु मान्यता थाय. मोटा कोनफरन्सनी बराबरी करनारा मेळावडा वारंवार कर्या तो तेटलो आपणी शक्तिनो विन उपयोगे व्यय थशे अने वारंवार थतां तेनुं महत्व नाश थशे तेमां खर्च पण जरूरनुं होय तेटलुंज करवुं तेवो मारो निश्चय मत छे कारण दाखला तरीके अमलनेर खाते एक मारा स्नेही जेमने त्यां उतरेल ते भाइए ते कोनफरन्स तरफ दोडसो के बसें रुपीआ भर्या हशे. तेओ मारा स्नेही रुबरू कोनफरन्स विरुद्ध बोलता हता. मुद्दो ए छे के मोटा आरंभो करतां वधु खर्च लागे अने वधु खर्च सारु वधु माणसो पासेथी वधु पैसानी जरूर पडवानी ने तेम करतां कोइने अनुकुळ न पडयुं तो तेवा भाईओ कोनफरन्स तरफ कोदाळी, पावडो लईने आववाना तेथी तेवा मेळावडामां जरूरी खर्च सिवाय बीजुं कांइ नज करवुं अने तेने घणुं उपयोगी भविष्यनुं आशादायक खातुं टाळी एक वरघोडो जेम कहेवत छे के “ वाणीया वरघोडे ” तेवा निर्माल्य रूपने प्राप्त न थवा देवुं एवी मारी भलामण छे. ( ताळीओ ).

## ठराव तेरमो—संपनी वृद्धि बाबत.

जैनोनी केटलीक ज्ञातोमां तडो पडेलां छे तेओ अरसपरस भेगा जमवा विगेरे वहेवार राखता

नथी तेथी कुसंपनी वृद्धि थाय छे ने संसारिक तथा धार्मिक कार्योमां विघ्नो आवे छे ते बंध पाडव तथा संपनी वृद्धि करवा आ कॉन्फरन्स भलामण करे छे.

दरखास्त करनार—मि. छोटालाल लल्लुभाई वकील.

टेको आपनार—शेठ सीरचंद मोहोकमदास.

## मि. छोटालाल लल्लुभाइनुं भाषण.

आशरे चाळीस वरस पेहेलां आपणामां कोईपण जातनां तडो विगेरे हतांज नहीं अने ते वखते आपणे एक बीजा साथे घणो सारो संबंध धरावता हता पण आपणां कमनसीबे छेल्ला थोडा वखतमां कुसंपना बीज ववायां अने तेना झाड वधारे ने वधारे मजबुत थतां गयां. आ कॉन्फरन्सनो हेतु संप वधारवानो छे अने ते फळीभुत थाय एम हुं इच्छुंछुं. मने याद छे के मारी विशा पोरवाळ न्यातमां आजथी चाळीस वरस अगाऊ एक पण तड नहीं हतुं पण केटलांक मोटा गामवाळाओए अभिमानना बळे नाना गामो साथे कन्या वहेवार बंध करवाथी आ तडो थवा पाम्यां छे पण हवे ते तरतमां दुर थाय एवी हुं प्रार्थना करुं छुं.

## शेठ सीरचंद मोहोकमदासनुं भाषण.

कुसंपथी हिंदुस्ताननुं नखोद वळ्युं छे माटे आपणामांथी तेनुं मुळ काढी नांखवुं जोइए. आपणे आ कॉन्फरन्सना ठरावो अमलमां मुकवा एक संपथी काम लेवुं जोइए. व्यवहारनी बाबतमां दुराग्रह नहीं करतां वधु मतथी निवेडो लाववो जोइए.

बाद मत लेतां आ ठराव सर्वानुमते पसार थयेलो जाहेर करवामां आव्यो हतो.

## ठराव चौदमो—श्रीशेत्रुंजय उपरनी आशातना बाबत.

पालीताणाना नामदार ठाकोर साहेब श्रीमानसिंहजी श्री पवित्र शेत्रुंजय तीर्थमां पोताना परोणा आदिने चामडांना बुट साथे ते पर केनवासनी मोजडीओ पहेरी जवा प्रेरणा करी आ पवित्र तीर्थनी आशातना करवानो प्रयत्न करे छे; तेथी समस्त जैनोनी लागणी घणी दुभाय छे अने तेथी ते बाबत आ कोनफरन्स अत्यंत खेद प्रदीप्त करे छे. आ ठरावनी नकल गोहीलवाड प्रांतना पोलीटीकल एजंट टु धी गवर्नर अने नामदार मुंबई सरकारने मोकलवा आ कोनफरन्स प्रमुखने अधिकार आपे छे.

दरखास्त करनार—स्वागत कमीटीना प्रमुख साहेब.

आ ठराव सर्वानुमते पसार करवामां आव्यो हतो.

## ठराव पंदरमो—भाटलोकोना वर्तन बाबत.
### प्रमुख स्थानेथी.

आपणा पवित्र शेत्रुंजय तीर्थमां भाटलोको आपणां धर्म विरुद्ध वर्ती आपणी धर्मनी लागणी दुखावे छे ते माटे आ कोनफरन्स पोतानी दिलगीरी जाहेर करे छे अने दरेक जैनबंधु तथा बेहेनोने भलामण करे छे के तेवानी साथे कोई पण प्रकारनो वहेवार राखवो नहीं.

## ठराव सोळमो—पालीटाणाना संबंधमां वर्तमान पत्रोए बजावेली सेवाना संबंधमां तेमनो मानवामां आवेलो उपकार.

### प्रमुख स्थानेथी.

श्री पालीताणा ठाकोर साहेबना आ खेदकारक वर्तन सामे "जैन" तथा जैन मासिको तथा प्रजाबंधु, सांजवर्तमान पत्रोए पोकार उठावी खरी हकीकत जाहेरमां लावी तथा चर्चा जैनोनी सेवा बजावी छे ते माटे तेओनो आ कोनफरन्स आभार माने छे.

## ठराव सत्तरमो—प्रमुखनो उपकार

" जैन ( श्वेतांबर ) कोनफरन्सना पीता " नुं उपनाम पामेला बाहोश धर्मवीर मि. गुलाबचंदजी ढढाए जयपुरथी अत्रे पधारी आ कोन्फरन्सना हितमां भाग लइ प्रमुख तरीके जे अमुल्य सेवा बजावी छे ते माटे आ कोनफरन्स तेमनो अत्यंत आभार माने छे."

दरखास्त करनार—मि. डाह्याभाई हकमचंद वकील.
टेको आपनार—मि. छोटालाल कालीदास गांधी.

## मि. डाह्याभाई हकमचंदनुं भाषण.

आप सवळाओ सारी रीते जुओ छो के आपणा प्रमुख साहेब छेला त्रण दिवस थया आपणी वचे बेसीने केवी खंतथी काम करे छे. तेओ हमेशां तेवुंज काम करता आव्या छे अने करे छे. आपणे माटे तेओ आवी सखत गरमीमां जयपुरथी खास अत्रे आव्या छे. तेमनाज प्रयासथी आपणे एक फळ प्राप्त कर्यु छे अने ते ए छे के गुजरातना मुख्य स्थळ अमदावाद खाते एक बोर्डींग स्थापवानी हीलचाल शरु करी छे. जो ते बोर्डींग स्थपाशे तो तेथी घणा गरीब विद्यार्थीओ केळवणी लइने आगळ पडता थइ शकशे. तेवीज रीते शेठ लालभाई जेओ मि. ढढाना जेटलीज महेनत कोनफरन्सने माटे लेता रह्या छे तेमनो पण उपकार मानवानी रजा लउं छुं.

## मि. छोटालाल कालीदासनुं भाषण.

प्रमुखे जणाव्युं हतुं के आ कोन्फरन्सना प्रमुख गुजरातमांथी शोधी काढ्या होत तो ठीक थात पण हुं जणावीश के तेमना वडवा सिधपुरना हता तेथी तेओ गुजरातनाज छे. जैन कोनफरन्सनी शरुआत करनारा आ गृहस्थने आपणे प्रमुख तरीके मेळव्या ते माटे आपणे मगरुर छीए. तेमनी हाजरीथी अने तेमना प्रभावथी आ कोनफरन्स फत्तेहमंद रीते अने शांतीथी पसार थइ छे. तेमनो आभार आपणे मात्र शब्दोथीज नहीं पण अंतःकरणथी मानवो जोईए.

### पेथापुरवासीओनो उपकार.

प्रमुखे ते पछी जणाव्युं हतुं के अत्रेना जे जैन भाईओ तथा बाईओए डेलीगेटो वगेरेने माटे तकलीफ उठावीने जे मदद करी छे तेमने कोनफरन्स तरफथी धन्यवाद आपवानी हुं रजा लउं छुं. मंडप बनावनार कोनटराकटरने आ सारो मंडप बनावी आपवा माटे आ सोनानो चांद आपवानी रजा लउं छुं.

# प्रमुखस्थानेथी.

## ठराव अढारमो—कॉन्फरन्सना कार्यमां मदद करनाराओनो उपकार.

आ कॉन्फरन्स फतेहमंद उतारवामां वोलंटियरोए तथा बीजा भाईओए मदद करी छे तेमनो तथा ' मुंबई समाचार, ' ' सांज वर्तमान, ' ' महीकांठा गेझेट, ' तथा ' जैन ' वर्तमानपत्रोए पोताना प्रतिनिधीओ मोकली मदद करी छे तेमनो आ कॉन्फरन्स आभार माने छे.

## ठराव ओगणीसमो—महीकांठाना पो. एजंटनो उपकार.

महीकांठाना मे. पोलीटिकल एजंट मि. पी. वी. एस. फिटझिराल्ड साहेबे आ कॉन्फरन्सनुं काम निर्विघ्ने पार पडे तेवा हेतुथी मदद करी छे ते माटे तेओ साहेबनो आ कॉन्फरन्स अंतःकरणथी आभार माने छे.

## ठराव वीसमो—आ कॉन्फरन्सना ठरावो श्री जैन श्वेतांबर कॉन्फरन्सना जनरल सेक्रेटरीओने मोकली आपवा बाबत.

आ कॉन्फरन्सना तमाम ठरावो आपणी जनरल कॉन्फरन्सना सेक्रेटरीओने तेमनी जाण माटे मोकलवा आ कॉन्फरन्स ठराव करे छे.

## ठराव एकवीसमो—श्री पेथापुरना संघनो तथा रिसेप्शन कमिटीनो उपकार मानवा बाबत.

श्री पेथापुरना श्री संघे आ कॉन्फरन्स मेळववामां तथा तेने पार उतारवामां जे श्रम उठाव्यो छे तेने माटे तेमनो तथा रीसेप्शन कमीटीना प्रमुख, सेक्रेटरी अने जुदी जुदी सब कमीटीओना समासदोनो तथा वोलंटीयरोए जे खास श्रम उठाव्यो छे ते माटे तेमनो आ कॉन्फरन्स उपकार माने छे.

प्रमुखस्थानेथी मुकवामां आवेला आ सघळा ठरावो सर्वानुमते जयजिनेंद्रना अवाजो साथे पसार करवामां आव्या हता.

त्यार बाद कॉन्फरन्सना कार्यने समाप्त करतां प्रमुख साहेबे नीचे प्रमाणे भाषण हिंदी भाषामां आप्युं हतुः—

## प्रमुख साहबका भाषण.

प्रिय धर्म बान्धवो और बहिनो !

आप सब सज्जनोंकी सहायता और स्वधर्मोन्नतिकी अभिलाषासे श्रीपेथापुरके संघकी इच्छित मुराद निर्विघ्नतासे पूर्ण हुई. तीन दिन तक इस गरमीकी उष्णताको सहन करके इस मंडपमें भातृ भावके साथ इकठे होकर अपनी सामाजिक और धर्मोन्नतिके वास्ते आपने एकमत होकर जो जो ठराव पास किये हैं वे सब स्तुतिपात्र हैं और वे सब ठहराव अपनी महासभाको पुष्टी देनेवाले है. इस प्रान्तिक सभामें आपने अपने डाहपन और चातुर्यके दो बातें खास तौरपर प्रदर्शित की हैं कि जिनके सबबसे आयंदा कोनफरन्सोंमें इस पेथापुर कोनफरन्सको प्रथम पद दिया जावेगा और अपनी उन्नति उत्तरोत्तर

जल्दी होना संभव है कि जिस कदर आयंदा कोनफरन्सोंमें इन दो बातोंपर लक्ष्य दिया जाकर कार्य-वाही होगी. वह दो बातें यह हैं कि अवलतो मेरी पेथापुरनिवासी बहिनोंनें दूसरी और तीसरी कोनफरन्सोंसे बढकर बहुतही सब्र और शान्तताके साथ तीन दिन और रात्रीके समयभी हाजरी देकर अपनी उन्नत्तिकी बातोंको बहुतही उत्कंठाके साथ सुना है. और सिर्फ सुनकर ही चुप नही होगई हैं बलके उन सब बातोंपर लक्ष्य देकर उनहोंनें सुधारा करनेका रायभी प्रगट कीहै. यह विचार बहुतही स्तुतीपात्र है और यह पहिलाही समय है कि जिसमें स्त्री वर्गकी तरफसे ऐसी प्रशंसनीय कार्यवाही देखनेमें आई है. मैं अपने खरे अतःकरणसे अपनी बहिनोंको धन्यवाद देता हुआ अन्य स्त्रीवर्गको कि जो अन्य २ कोनफरन्सोंमें शामिल हों इनसे सिक्षा लेनेकी सूचना करताहूं. दूसरा यह है कि अबतककी कुल सभा-वोंमें प्रायः कुल कार्यवाही सिर्फ कागजीही होती रही है क्योंकि शुरूही शुरूमें काम का ढचर बान्धनेके वास्ते इसही तरहपर कागजी कार्यवाही करना पड़ता है परन्तु इस कोनफरन्सनें बोर्डिंग हाउसके निमित्त फन्ड कायम करके इस कामको कार्यरूपमें भली प्रकारसे दिखला दिया है. मैं आशा करताहूं कि अपनी कुल समाजका ध्यान इस कामकी तरफ अवश्य जावेगा.

अपने तीन दिनकी कार्यवाहीपर नजर डालनेसे मालूम होता है कि कुल २१ ठहराव इस सभामें पेश होकर पास हुवे हैं उनमेंसे पहिला और दूसरा ठहराव मामूली और वाजबी हैं; उनपर मेरे जिदाया बिवेचन करनेकी आवश्यक्ता नहीं है. तीसरा ठहराव मुनि श्री बुद्धि सागरजी वगरहको धन्यवाद देनेका है. इस शुभ प्रसंगपर मुनि श्रीबुद्धि सागरजी व पन्यासजी श्रीआणंद सागरजी व मुनिश्री भाईचन्दजी तथा पन्यासजी श्रीबीरविजयजीनें कृपा करके अपने २ शिष्य मंडळीके साथ पेथापुरको शुसोभित कियाहै इससे कोनफरन्सके काम काजमें पूरी मदद मिलीहै. मुनिश्री बुद्धि सागरजीनें अथाग श्रम उठाकर इस प्रान्तिक सभाकी नींव डाली और इस सभाको इकठी करनेमें कोशिश की उससे कुल समाजपर बडा भारी उपकार हुवा है. बाकीके मुनिराजोंनें इस सभा संम्बधि जो जो अनुकूल कार्यवाही की है उससे कुल जैन समाजको बहुत संतोष उत्पन्न हुवा है. इस तीसरे ठहरावमें पेथापुरमें बीराजे हुवे मुनिराजोंका जो उपकार माना गया है इससे जैन संघकी गुरु भक्ति प्रदर्शित होती है. हम आशा करते हैं कि हमारे अन्य मुनि मंडल इसही प्रकार सामाजिक और धार्मीकोन्नत्तीमें कमर बान्धकर कोशिश करते रहेंगे.

चोथा ठहराव व्यवहारिक और धार्मिक केलवणीके बाबत है कि जिसकी आवश्यक्तापर अच्छे २ वक्तावोंनें भली प्रकार विवेचन कियाहै और इस बातको अच्छी तरह सिद्ध कर दिया है कि अपनी उन्नत्तिका पाया व्यवहारिक और धार्मिक केलवणीपरही कायम हो सकता है. समयानुसार बोर्डींग हा-उसका विषय बीचारते हुवे आप सज्जनोंनें इस प्रस्तावको कार्यरूप करके दिखला दिया है और अपनी हमेशाकी उदार वृत्तिसे करीब २०००, दो हजार रुप्पया एकदम इकठा करके बोर्डिंग हाउसके फन्डकी शुरूआत करदी है. अगरचे यह छोटासा फन्ड बोर्डींग हाउसके वास्ते काफी नहीं हैं. परन्तु आपनें अपनी शक्तिके मुवाफिक इस फन्डको शुरू करके अन्य महाशयोंकी तबियतको उकसाया है उम्मेद की जाती है कि निकट समयमें यह फन्ड कई गुणा होजावेगा और अहमदा-बादमें एक जैन बोर्डींग हाउस जल्दी दृष्टीगोचर होगा. यद्यपि अपनी कोनफरन्सका यह विचार होता रहा है कि अपनी सभावोंमें पैसेका सवाल बिलकुल हाथमें न लियाजावे तोभी कई विषय ऐसे जुरुरी आ जाते हैं कि जिनके वास्ते खुशीके साथ अपनी शक्तिके मुवाफिक पैसा देनेमें उत्कंठा होही जाती है. परन्तु जहां तक मुमकिन हो इस मामले में विचार पूर्वक काम करने का मोका

मालूम होता है. इसही केलवणी के विषय को चर्चते हुवे व्यापारादि के निमित्त परदेश गमन का संकेत कियागया हैं. आजकल के देश परदेशके तालुकात और उनकी आमद रफ्त जारी रहने से नफे नुकसान की चर्चा जो आमतोर पर जगह जगह होती रहती है उसका यह संकेत ऐक अक्स है. परदेश गमनसे केलवणी, हुन्नर, कला, व्यापारादि में जो तरक्की होसकत्ती है उस हेतूसै समाज के बीचार के वास्ते इस बातको सूचना के रुपमें दर्शाया गया है. आपलोग खुद् चतुर हैं, अपनी हालत और जुरुरियात पर नजर डालकर फैसलाकर सकते हैं.

पांचवा ठहराव निराश्रित जैनियोंको आश्रय देनेके बारेमें है. यह विषय सबसे जियादा जुरुरी और लक्ष्य देने लायक है क्योंकि अपनी संख्या के कम जियादा होने परही अपनी उन्नत्ति और अवनति का फैसला है. अपनी संख्या जियादा होनेसे अपना भला और कल्याण होगा. दिन प्रति-दिन अपनी संख्यामें कमी होनेसे अपना हर तरहका नुकसान है. अपना फर्ज है कि अपने भाई बान्धवोंकी और अपने स्वधर्मियोंकी रक्षा करें.

The following letter having been addressed by the General Secretary of the Jain Swetamber Conference to the Director of Public Instruction, Punjab, along with the reply received from the Registrar of the Punjab University is published for general information:—

No. 1204

The JAIN SWETAMBER CONFERENCE,

*Dated Jaipur, the 14th June, 1905.*

To,

THE DIRECTOR OF PUBLIC INSTRUCTION,

*Punjab, Lahore*

Sir,

You are, I presume, aware of the Government of India having decided to classify the Jains as a separate body in the census of 1901. They are not included in the Hindoos as they are a community by themselves and named after the religion they follow. As such Jain students appearing in the University examinations ought to be marked 'Jains' so that the number of passes may be known to the community. We have lately resolved to provide scholar-ships to Jain students prosecuting higher studies, but in the absence of special classification of Jains we remain in the dark and are put to much inconvenience. I hope you will be good enough to move in the matter and let me know the result.

I have the honour to be

Sir,

Your most obedient servant

GOLABCHAND DHADDA

General Secretary

Jain Swetamber Conferance

## REPLY.

*No. 968.*

*From*

A. C. WOOLNER ESQR. M. A.

Registrar, Punjab University

*Lahore*

To,

LALA GULABCHAND DHADDA

General Secretary,

Jain Swetamber Conference

Jaipur,

*Dated, Lahore 12-7-1905.*

Sir,

With reference to your letter dated the 14th ultimo, I have the honor to inform you that in the forms of applications for the different examinations of the University a column will be provided for the classification of '*Jains*' as a separate caste.

I have &c. &c.

( Sd. ) P. V. PITT,

Assistant Registrar

Punjab University.

---

# હવે કરવું શું ?

( લખનાર–મોતીચંદ ગિરધરભાઈ કાપડીયા, બી. એ. એલ. એલ. બી. મુંબાઈ. )

ચાલુ જમાનો અનેક પ્રકારના ફેરફારો બતાવનારો છે. એક તરફથી આખા દેશમાં સુલેહશાંતિ પથરાણી છે અને તેથી કરીને લોકોને પોતા તરફ, પોતાની કોમ તરફ, પોતાના દેશ તરફ ફરજ શું છે તેનો વિચાર કરવાની, વિચાર કરવાની યોગ્યતા મેળવવાની અને તદનુસાર કાર્ય કરવાની તક મળે છે. બીજી તરફ વિશાળ દુનિયાના કાર્ય પરિણામનું અવલોકન કરવાનો અને અવલોકન કરી તેનો અનુભવ કરવાનો પ્રસંગ મળે છે. આવા પ્રસંગમાં એક તરફથી પશ્ચિમ બાજુના વિચારો ધોધબંધ ઝરણા પેઠે આખા દેશમાં વ્યાપી રહ્યા છે અને બીજી તરફ હજારો વરર થી દેશકાળને અનુકુલ થયેલા પ્રચલિત વિચારો લોકોના મનપર મજબૂત છાપ મારીને ઘર કરી રહ્યા છે અને આ વિચાર–વ્યવહારમાં દેશકાળ અનુસાર ફેરફાર કરવો એ ત ;ન માનસિક વ્યવસ્થાની બહાર કેટલાકને લાગે છે. આવા આવા અનેક કારણોથી આ સમય બહુ અગત્યનો ગણાયછે અને તેને વિદ્વાનો transitional period અથવા "ફેરફારનો જમાનો" કહે છે.

દરેક દેશ અથવા કોમના ઈતિહાસમાં આવા પ્રસંગો વારંવાર આવે છે, અને તે પ્રસંગને કેવું વળણ આપવું તે દેશ અને કોમના આગેવાનોના બુદ્ધિબળ અને દીર્ઘદૃષ્ટિ પર આધાર રાખે છે. જો દેશ અને કોમના આગેવાનો સમયને જોઈ વિચારી તદનુસાર વિવેક કરે છે તો આખો દેશ અને આખી કોમ તેને અનુસરીને ઈતિહાસમાં પોતાનું નામ અમર રાખે છે, પણ જો આગેવાનો સ્થુલ દૃષ્ટિવાળા, જરા તરા ફેરફાર તરફ પણ અણગમો બતાવનારા અને અલ્પ પ્રયાસવાળા હોય છે તો તે કોમ તે ઈતિહાસપરથી નાબુદ થાય છે, નાબુદ થયા બરાબર જણાય છે. તમે ગમે તે પ્રજાનો ઈતિહાસ તપાસશો તો જણાશે કે આ સત્ય ખરેખરૂં છે અને તે સત્ય બરાબર સમજવા ઉપર હવે પછી વિચારવાના ઘણા સવાલોનો આધાર રહે છે. દાખલા તરીકે ફ્રાન્સની પ્રજાને આ સમય ૧૨૫ વરસ પહેલાં આવ્યો હતો અને અમેરિકન પ્રજાને તેની પહેલાં ૨૦ વરસે તે સમય આવ્યો હતો. તેવીજ રીતે રૂશિયન પ્રજાને તે સમય હાલમાં આવી લાગ્યો છે જ્યારે જાપાનને તે સમય ૪૦ વરસ પહેલાં આવ્યો હતો. પારસી કોમને તે સવાલ ૪૦ વરસ પહેલાં આવ્યો હતો જ્યારે જૈન કોમને તે સવાલ ત્રણ વરસથી ઉત્પન્ન થયો છે. જાપાને

તથા પારસી કોમના આગેવાનોએ તે સવાલનો કેવી રીતે નિર્ણય કર્યો તે આપણે જોઈ શકીએ છીએ, કારણ કે ઘણા ખરાની દૃષ્ટિ તળે તે બનાવ બન્યો છે જ્યારે રૂશિયા તે સવાલપર શું કાર્ય કરે છે તે જોવા જેવું છે

જૈન કોમને આ સવાલ વધારે અગત્યનો છે, કારણકે તે કોમ ઘણી નાની છે. કોમ નાની હોય તેથી ગભરાવાનું કાંઈ કારણ નથી. કારણકે નાના સમૂહમાં કાર્ય કરવું સહેલું પડે છે એટલુંજ નહિ પણ કાર્ય ધારેલ પરિણામ થોડા વખતમાં નીપજાવી શકે છે. વળી નાની કોમ હોય તો સપાટા ઉપર તુરત આવી જાય છે. આ બાબતમાં પારસી કોમનો દાખલો બસ છે. તેઓના સુધારા આપણને આદરણીય હોય કે નહીં તે જુદી વાત છે, પણ કેળવણી વિગેરે અગત્યની બાબતમાં આગેવાનો અને દરેક વ્યક્તિએ યોગ્ય સમયે ધ્યાન આપવાથી તે નાની કોમ સપાટા ઉપર તરી આવી છે; તે બતાવે છે કે યોગ્ય રીતે અને રસ્તે પ્રયાસ કરવાથી ધારેલ પરિણામ નીપજાવી-શકાય છે.

આગેવાનોની આ પ્રમાણે ફરજનો વિચાર કર્યા પછી આગેવાનો કોણ હોઈ શકે અથવા હોવા જોઈએ એ સંબંધમાં એટલુંજ જણાવવાનું છે કે દરેક કાર્યમાં આગેવાનોમાં વિચાર કરી શકે તેવો વર્ગ હોવો જોઈએ. કેળવણી લીધેલ માણસ આ બાબતમાં વધારે યોગ્યતાવાળા હોય એમ સહજ લાગશે, પણ તે તદ્દન સાચું નથી. એકલી કેળવણીથી માણસ વિચાર કરવાને અથવા કોમ કે દેશના અગત્યના સવાલો પર વિચાર કરી નિર્ણય કરવાને યોગ્ય થઈ શકતો નથી, પણ તેણે તે બાબતમાં પ્રયાસ કરવો જોઈએ, અને મનનું વલણ તે તરફ દોરવું જોઇએ. વળી અનુભવ એ અનોપમ વસ્તુ છે અને જ્યારે એકલા વિચાર અસ્તવ્યસ્ત થઈ અમુક નિશાન દૃષ્ટિબિંદુમાં રાખી શકતા નથી ત્યારે અનુભવીઓ સર્વ દૃષ્ટિથી વિચાર કરી શકે છે, આટલા માટે આગેવાનોમાં કેળવણી અને અનુભવવાળા માણસોનો સમાવેશ થાય છે. દ્રવ્યવાન વર્ગ ઉપર બધો આધાર છે પણ કોમનું ભવિષ્ય દ્રવ્યવાનને દોરનાર અનુભવી કેળવાયલા નર ઉપર રહે છે. આવા માણસોની બહુ જરૂર છે અને જૈન કોમે આવાં રત્નો હજુ બહુ ઓછાં ઉત્પન્ન કર્યા છે તે શોચનીય છે.

જૈન કોમને એક કોમ તરીકે ઘણા સવાલોનો નિર્ણય કરવાનો છે, આખા દેશમાં ચાલતા ચર્ચાના સવાલો ઉપર ધ્યાન આપવા ઉપરાંત જીર્ણ દેરાસરો, જ્ઞાન ભંડારો વિગેરે કોમને લગતા અગત્યના સવાલો પર વિચાર કરી કાર્ય કરવાની જરૂરીઆત છે. આ સર્વ સવાલો પર વિચાર કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવાની પણ જરૂર છે. જૈન કોમને કેટલા સવાલોપર વિચાર કરવાનો છે તે કોન્ફરન્સના કાર્યપત્ર પરથી જણાઈ આવે છે. કામ ઘણું આકરૂં છે, આક્ષેપનો ભય છે, સંપની ખામી છે અને અતુલ્ય ધીરજ, ખંત અને મક્કમપણાની બહુજ આવશ્યકતા છે. આ સર્વ બાબતો પર વિચાર કરતાં વિચાર શીળ માણસ પણ થાકી જાય તેવું છે, માટે હવે આ બાબતમાં શું કરવું તે સંબંધમાં સીધો, અનુકુળ અને સોંઘો રસ્તો શોધી કાઢવા પ્રયાસ કરીએ.

હવે ત્યારે પહેલાં તો કઈ બાબતો હાલમાં આગેવાનોને અગત્યની લાગી છે તે જોઇએ. પ્રથમ આપણી કોમને પુસ્તકોનો મોટો વારસો મળ્યો છે. અનેક મહાત્માઓ આખા જીવન પર્યંત દીર્ઘ અભ્યાસ કરી સંતતિ અથવા ભવિષ્યની જૈન પ્રજાના લાભ માટે અનેક ગ્રંથોની રચના કરી ગયા છે. એક એક ગ્રંથ વાંચતાં તેના રહસ્યનો સાર મનને

આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે છે. વચ્ચેના મુસલમાનના જુલમમાં અને જૈન ધર્મના અનુયાયીઓના પ્રમાદમાં અનેક ગ્રંથોનો નાશ થયો છતાં પણ જે જળવાઈ રહ્યું છે તે ઘણું છે અને તે જાળવવા પ્રયાસ કરવો એ જૈન કોમનું પ્રથમ કર્તવ્ય છે.

ત્યાર પછી બીજો મોટો વારસો જૈન મંદિરોનો છે અને રાણકપુર, આબુ, ગિરનાર, શત્રુંજા વિગેરે તીર્થસ્થાનકો અને બીજી પૂર્વ અને મારવાડની જગાઓએ આર્યાવર્તની ઉત્તમ કારીગીરીના નમુનાઓ જોઈ કોઈ પણ સહૃદય હૃદયને આનંદ થાય છે અને જૈનને મગરૂરી થાય છે. આ સ્થાનકોને જાળવી રાખી જૈન કોમની ભૂત સંપત્તિના ચિતારના આદર્શ તરીકે દુનિયાની દૃષ્ટિમાં રાખવા અને પોતાની ભક્તિયુક્ત સ્તવન કીર્તનના સ્થાનો તરીકે અને અનેક મહાત્માઓના આગમનથી પવિત્ર ભૂમિના સ્પર્શ વખત થતા લાગણીના માનખાતર જાળવી રાખવા એ પણ મુખ્ય કર્તવ્ય છે.

આવી રીતે ચાલુ જમાનામાં બાળ ગ્લાન જૈનને આશ્રય અને શક્ત જૈનને ઉદ્યોગને રસ્તે ચડાવવા, સામાન્ય પ્રાકૃત જૈનને યોગ્ય રસ્તે દોરવા, બાળલગ્ન, વૃદ્ધવિવાહ, મરણ સમયે રડવાકુટવાનો રિવાજ, મરણ પાછળ જમણ વિગેરે વિગેરે સાંસારિક રિવાજોને સુધારવા એ વિગેરે અનેક કાર્ય કરવાની જરૂર છે. સ્થિતી એવી આવી ગઈ છે કે આ બાબતમાં ધ્યાન આપવું જોઈએ. ચાલુ જમાનાની જરૂરીઆત શું છે તે જે જે કોમ સમજી નથી તે તે પાછળ પડી જાય છે, ઓછી થતી જાય છે અને છેવટે ઇતિહાસના પાનાપરથી નાશ પામી જાય છે. અત્યારે કેટલાક સવાલો જૈન કોમને માટે એવા ઉત્પન્ન થયા છે કે તે સવાલોના નિર્ણય પર તેની હસ્તીનો આધાર છે. કેટલાકને એમ લાગશે કે આ વાતમાં અતિશયોક્તિ છે, પણ આગળ સાબીત કરવામાં આવશે કે અમુક સવાલો પર જો પૂરતું ધ્યાન આપવામાં નહીં આવે તો ઉપર લખેલી બીના સત્ય થશે.

આવી રીતે અનેક સવાલો ઉત્પન્ન થાય છે, થતા જાય છે અને હજુ થશે. ઉપર લખેલી બાબતોનું લીસ્ટ વધારી શકાય તેમ છે. તેથી સવાલોની ગંભીરતા અને સંખ્યા ઉપર હાલ ધ્યાન આપતાં જણાય છે કે આટલા બધા સવાલો પર વિચાર કેમ થાય અને તેની સાથે વળી જવાબદારી પણ બહુ મોટી નાખવામાં આવે છે. કેટલાક માણસો આવો વિચાર કરી કાળને અને કર્મને માથે દોષ નાખે છે. " એતો પાંચમાં આરાના ભાવ છે " અથવા " કાળસ્થિતિ એવી છે. " " લોકો હીનપુણીઆ છે. " જવાબદાર ગણાતા માણસોના મુખમાંથી આવા શબ્દો સાંભળીને ખરેખર ખેદ થાય છે. પુરૂષાર્થ ન કરવામાં બ્હાના માટે અથવા મનન શક્તિના ઓછા પરિબળથી અથવા આખા આર્યાવર્તની અધમ સ્થિતિના ભાગીદાર તરીકે આવોજ વિચાર આવે છે. પણ તે તદ્દન ખોટો છે. ખોટો છે એટલા માટે કે શાસ્ત્રમાં તેથી જુદોજ ખુલાસો છે. આ જરા આડી બાબત છે પણ અત્ર તે લખવાની ખરૂર છે. વિદ્વાન માણસોના લેખમાં આ હકીકત વારંવાર વાંચી છે તેથી અત્ર તે પર જરા લખવાની ઈચ્છા થઈ છે.

પ્રથમ વિચાર કરોકે દેશકાળ હિંદુસ્તાનને માટેજ છે કે આખી દુનિયા માટે છે. આખી દુનિયાની દૃષ્ટિએ જોતાં આ વિચાર ખોટો લાગશે. પ્રથમ વીર પરમાત્માના શબ્દો કહે છે કે બે હજાર વરસ ભસ્મ ગૃહના અને ત્યાર પછી પાંચશે વરસ ઉતર કાળના આવી રીતે પચીસસો વરસ સુધી દુઃખ રહેશે ત્યાર પછી ઉદય થશે. આવી રીતે જોતાં પણ,

વિક્રમ સંવત ૨૦૩૦ થી ઉદય થવો જોઈએ. ઉદય થાય તે સુર્ય એકદમ ઉગતો નથી, પણ પહેલાં અરૂણોદય થાય છે અને સાડા છ વાગે સુર્ય ઉગવાનો હોય તો સાડા પાંચ વાગ્યાથી પ્રકાશ થવા માંડે છે. લેખકનું અંતઃકરણથી માનવું છે કે જૈન કોન્ફરન્સ એ જૈન કોમનો "અરૂણોદય" છે. બીજું વીર પરમાત્માના વચન પ્રમાણે આ સમય દુઃખનો છે તો પણ તેના વચ્ચે કેટલાક ઉદય થવાના છે. કેટલાક પ્રભાવિક પુરૂષો થવાના છે અને કેટલાક યુગ પ્રધાનો થવાના છે. આ સર્વ શું છે? એક ઉદય કેટલા વરસ ચાલે તે કહી શકાય નહીં. કદાચ હજારો વરસ ચાલે; કાંઈ ઉદય એ વીજળીનો ચમકારો નથી. આટલા ઉપરથી અને બીજી કોમોના અનુકરણથી સમજવાની જરૂર છે કે પુરૂષાર્થ કરવો. નશીબને કે કાળને ઠપકો આપવો એ પથ્થરને લાત મારવા બરાબર છે અથવા આળસને ઉત્તેજન આપવા બરાબર છે.

હવે આ પ્રસંગે બીજી પણ એક વાત જણાવી દેવામાં આવે છે કે આ વખત કાર્ય કરવા માટે બહુ અનુકુળ છે. રાજ્ય પ્રતિકુળ નથી, ઘણી રીતે અનુકુળ છે, લોકોના વિચાર પણ ફરવા માંડ્યા છે અને ઘણી રીતે અનુકુળતા છે.

આવી લાંબી પ્રસ્તાવના કરી હવે જે કહેવાનું છે તે એ છે કે આવી રીતે જોતાં સવાલો અનેક છે, કાંઈ કરવાની ઉતાવળ છે, સમય પાકી ગયો છે, ત્યારે કરવું શું? ઉત્તરમાં કહેવામાં આવશે કે "કામ કરો" "વાતો શું કરવા કરોછો?" દીલગીરી એ છે કે "કામ-કરો" કે "કોન્ફરન્સે શું કર્યું?" એમ કહેનાર પોતાની જાતનો વિચાર કરતો નથી. કોન્ફરન્સ શું કરે? કોન્ફરન્સએટલે શું? જૈન કોમના પ્રતિનિધિઓનું મંડળ. પ્રતિનિધિઓને નીમનાર કોણ? દરેક ગામનો સંઘ અથવા સંસ્થાઓ. આ દરેક ગામના સંઘની વ્યક્તિઓ અથવા સંસ્થાના સભ્યોના કાર્યોનો સરવાળો તે કોન્ફરન્સના કાર્યનો સરવાળો માટે દરેકે પોતાનું કાર્ય કરવું જોઈએ. કોન્ફરન્સની ફરજ માત્ર વિચાર કરવાની, જાગૃતિ કરવાનીજ છે અને તેથી વિશેષ થાય તે સંઘના કાર્ય તરીકેજ થાય છે. માટે હવે કરવું શું? એ સવાલ પાછો ઉત્પન્ન થાય છે.

અનેક કાર્યો તરફ ધ્યાન આપવું મુશ્કેલ છે, અથવા બીજી રીતે કહીએ તો અનેક કાર્યો તરફ ધ્યાન આપતાં એક પણ કાર્ય સંપૂર્ણપણે થવું અશક્ય છે. ત્યારે પછી રસ્તો એજ રહ્યો કે કોઈ એવી યુક્તિ શોધવી કે જેથી જૈન મંદિરોનો ઉદ્ધાર અનુક્રમે થઈ જાય, પુસ્તકોની લાઈબ્રેરીઓ થઇ જાય અને સાંસારિક અનર્થકારક રિવાજો લોકો પોતાની મેળે તજી દે. આવો રસ્તો શું છે? તે કેમ પ્રાપ્ત થાય? તે સારૂં શું કરવું જોઇએ? અને તે રસ્તો મેળવવા પહેલાં કેવો મહાભારત પ્રયાસ કરવો જોઇએ તે સમજી શકાય તેવું છે. કારણકે આ એક સવાલના ખુલાસામાં બધા સવાલો પતી જાય એવી કુંચી હોય તો તે સવાલ ખાતર ગમે તે વ્યય કે પ્રયાસ કરવો પડે તે યુક્ત છે. ત્યારે હવે તે રસ્તો કયો છે તે પર ધ્યાન આપીએ. (અપુર્ણ.)

# श्रीमद्यशोविजयजी जैन संस्कृत पाठशाला-बनारस.

मनुष्य चेतन और जडके संयोगसे इस असार संसारमें क्षणिक देह धारण किये हुवे चिकनाचुपडा रातामाता फिरता है परन्तु विकराल कालके माथेपर घूमनेका कि जो जब चावे लात मारकर प्राणरहित कर सकता है हजारोंमें गिणेगांठे मनुष्योंहीको खयाल होता होगा. इसही कारण इस समयमें पौद्गलिक शरीरको पुष्ट करनेवाले जीव जियादा देखनेमें आते हैं और आत्माके सुखको चाहनेवाले बहुत कम नजर आते हैं. हिंदुस्थान एक ऐसा स्थान है कि जिसमें पौद्गलिक सुखको छोडकर जीव अपनी आत्माका कल्याण करना चावे तो उनको उसहीके मुवाफिक सब सामग्रियां मिल सकती हैं और इसही सबबसे इस मुल्कमें अनादि कालसे दयामय जैन धर्मका प्रवाह अखंड चलाआ रहाहै. इस धर्ममें आत्मा और कर्मका सम्बन्ध अनादि माना गया है. और आत्माको कर्मसे छुडाकर मोक्षमें पहुंचानेके उपायभी बतलाये गये हैं, उनमें मुख्य प्राणिमात्रपर दया रखकर अन्य जीवके प्राणके अपने जीवके प्राण समान समझकर उसकी रक्षा करनेका फरमान है, इसहीसे अंतरात्माकी निर्मलता प्रगट होती है और छाया समान जो पौद्गलिक सुख मिथ्या सुख है उसकी तरफ स्वमेव अरुचि पैदा होजातीहै. जिसतरह सोनेको रेतसे अलहदा करनेके वासते उसको अग्नीके तापके संतापमें डालना पडता है परन्तु इस कष्टको एकवार सहन करनेपर फिर सोना अपनी अस्ली स्वच्छ हालतको प्राप्त होजाता है इसही तरहपर यह आत्मा कि जो सुवर्णके समान अनादि कालसे कर्मोंके साथ सम्बन्ध रखती हुई मलिन होरहीहै उसको अपनी अस्ली हालत-पर लानेका यह ही उपाय है कि इसको खानके निकले हुवे सुवर्णवत् तप जपके तापके संता-ममें डालकर निर्मल किया जावे. इस संतापको सहन करनेसे आत्मा कर्मोंसे भिन्न होकर स्वच्छ सुवर्णके मुवाफिक अपने असली स्वरूपको प्राप्त होताहै. इस आत्माके शुद्ध करनेवाले तापके दो बराबरके दरजे हैं:—१ ज्ञान, २ क्रिया. इन दोनोंके मिलापसे वह गर्मागरम महान भट्टी तय्यार होती है कि जिनके तापमें कर्मवत् इन्धन जलकर खाक होजाता है और स्वच्छ आत्मा प्रगट होजाती है. यद्यपि ज्ञान और क्रियाका जोडा रखागया है तोभी प्रथम स्थान ज्ञानको दिया गया है और सम्पूर्ण ज्ञान की जिसको केवल ज्ञान कहते हैं उसके प्राप्त होनेसेही जीवात्माकी मोक्ष होती है इस ज्ञानके पांच भेद है. महात्मा समय सुन्दरजीने कहाहै:—

"पंचमी तप तुमे करोरे प्राणी,
जेम पामो निर्मल ज्ञान रे ॥
पहेली ज्ञान ने पाछे क्रिया,
नहीं कोइ ज्ञान समान रे ॥ पंचमी० ॥ १ ॥
नंदी सूत्र मां ज्ञान वखाण्युं,

ज्ञान ना पांच प्रकार रे ॥
मति श्रुत अवधि ने मनपर्यव,
केवल एक उदार रे ॥ पंचमी० ॥ २ ॥
मति अठावीश श्रुत चवदह बीश,
अवधि छे असंख्य प्रकार रे ॥
दोय भेदें मन पर्यव दाख्यो,
केवल एक उदार रे ॥ पंचमी० ॥ ३ ॥
चन्द्र सूर्य नक्षत्र तारा,
एकथी एक अपार रे ॥
केवल ज्ञान समोनहीं कोई,
लोका लोक प्रकाश रे ॥ पंचमी० ॥ ४ ॥
पारसनाथ प्रसाद करीने,
म्हारी पूरो उम्मेदरे ॥
समय सुन्दर कहे हूं पण पामुं,
ज्ञान नो पांचमो भेद रे ॥ पंचमी० ॥ ५ ॥

इस वृत्तांतसे ज्ञानकी महिमा अच्छी तरह मालूम हो सकती है. ज्ञान और क्रियाका ाडा इसतरहपर बतलाया गयाहै कि जिस तरहपर राजा और मुसाहिबका एक दूसरेके मिला- ते जो कार्य होताहै उसमें सिद्धि अवश्य होती है. सिर्फ ज्ञानही ज्ञानके अभिमानमें क्रियाको ड बैठनेसे अपने इच्छित स्थानपर पहुंचना असंभव होजाताहै. इसही तरहपर सिर्फ क्रि- को ग्रहण करके ज्ञानको प्राप्त न करनेसे अन्धकूपके अन्धेरेमें डावाडोल होना पडता है ार अज्ञानताके साथ क्रिया करनेका श्रम व्यर्थ होता है. ज्ञानको चक्षुसहित पंगू मनुष्यकी मा दी है. क्रियाको पैर सहित अन्धेकी उपमा दी है. यह दोनों प्रकारके मनुष्य भिन्न २ सी इच्छित वस्तुको प्राप्त नहीं कर सकते हैं परन्तु दोनोका समागम होनेसे ज्ञान क्रियापर ार होकर विचारा हुवा काम करसकता है.

ज्ञानके प्राप्त होनेसेही सच्ची और असली क्रियाका बोध होसकताहै. इसही कारण ई महात्मावोंनें परिश्रम उठाकर बलके अपने प्राणोंपर बाजी खेलकर जिस जगह उनको नकी प्राप्ति हो सकती थी वहां जाकर कष्ट सहन करके ज्ञानको प्राप्त किया है. हमारे सुप्र- द्ध श्रीहरीभद्र सूरीजीके दो शिष्य हंस और परमहंसनें व्याकरण, न्याय, अलंकार, काव्य, और जैन शास्त्रोंका पूरा अभ्यास करके बौद्ध धर्मका न्याययुक्त खंडन करनेकी अभि- बौद्ध धर्मके ग्रंथोंका अभ्यास करनेके लिये गुरु महाराजकी आज्ञा लेकर बौद्धोंके

मुल्कमें गये और वहांपर गुरु महाराजकी आज्ञानुसार दोनों शिष्य वेषांतर करके रहे और बौद्ध धर्माचार्योसे उनके धर्मका ज्ञान प्राप्त किया और इस खबरदारी और हुशयारीके साथ रहे कि बौद्धोंको अपने जैनि होनेका हाल माळूम नहीं होने दिया. कालांतरमें कई कारणोंसे बौद्ध धर्माचार्योंको खयाल हुवाकि यह दोनों विद्यार्थी जैनी हैं इस लिये उनकी परीक्षा करनेके वास्ते धर्मशालाके नालके पगतियापर जैन श्वेताम्बर प्रतिमाका चित्र लिखा. अन्य विद्यार्थी तो उस चित्रको उलांघकर चले गये परन्तु इन दोनों जैन मुनियोंनें उस चित्रपर बुद्ध मुनिकी तीन रेखा करके फिर उसको उलांघकर चले गये और यह विचार करके कि इस परिक्षामें किसी प्रकारका प्रपंच है वहांसे अपने गुरुके वास्ते रवाना हो गये. इस खबरके मिलनेपर उस मुल्कके बौद्ध राजाकी सेना उन दोनोंपर चढी और उनमेंसे एक हंसको तो रसतेमेंही मारडाला, दूसरा परमहंस बचकर चीतोडतक पहूंचा और अपने गुरुको अपनी प्राप्तकीई हुई पुस्तकें समर्पण करके खुद एक स्थानकमें जाकर सोगया वहांपर बौद्धोंकी सेना पहूंचकर उसकोभी मारडाला. श्रीहरीभद्र सूरीजीको यह बात माळूम होनेपर उन्होंनें आकर्षक शक्तिसे बौद्धोंके सैनिकोंको आकर्ष करके चूलेपर कढा चढाकर उनको होम डालनेका प्रपंच किया यह बात उनके गुरू महाराजको माळूम होनेपर उन्होंनें दो साधुओंको उनके पास भेजा कि जिन्होंनें गाथा बोलकर उपदेश किया कि जिससे श्रीहरीभद्रजीका क्रोध शम होगया.

इस वृत्तांतसे माळूम हो सकताहै कि हमारे महान् पूर्वाचार्यो और मुनियोंनें अपने प्राण नष्ट होन तकभी ज्ञानकी प्राप्तिके वास्ते क्या क्या उद्यम किये हैं. कष्ट बलके महाकष्टके साथ खुदनें ज्ञानकी प्राप्ति करके हमारे वास्ते किस कदर अमूल्य विरासत छोडी है हम उनके उपकारका अंश मात्रभी बदला नही दे सकते है. महात्मा हंस और परमहंस का साही कष्ट सहन करके अपने परमपूज्य विख्यात महामहोपाध्याय न्यायविशारद वाचक श्रीयशोविजयजीनें वेषान्तर करके बनारसमें रहकर वहांके विद्वान् पंडितोंसे सम्पूर्ण ज्ञान हासल किया. और अपने अपूर्व ज्ञान बलके आठ बडी बडी सभायें जीतकर जैनका डंका बजाया. महा पंडित होनेके कारण कई विद्वान् विप्रोंनें इस महात्माको अपनी २ कन्यावें अर्पण करनेकी प्रार्थना की परन्तु कामदेवके बाणसे युद्ध करनेमें प्रबल होकर पौद्गलिक सुखकी अभिलाषा न करके इस त्यागी बैरागी महात्मानें इन सब बातोंको छोडकर जैन धर्मको अच्छी तरहपर दिपाया.

समयके फेरफारसे इन दिनोंमें जैन धर्मके शिक्षणका प्रबन्ध ठीक तौरपर न होनेसे अक्सर मुनिराजोंको पठन पाठन बहुत कष्ट सहनकर करना पडताथा और फिरभी उनका श्रम साफल्य नहीं होता था. पंडितोंको मूंह मांगी तनख्वाह देनेपरभी जैन शैलीके जानने विद्वान् मुशाकिलसे मिलतेथे. इस कमीको पूरा करनेकी गरजसे मुनिश्री धर्म विज

विचार किया और अपने विचारको श्रावकोंपर प्रगट करके एक कमिटी मुकर्ररकी कि जिसके गंभीर विचारका सारांश यह आया कि जैन मुनियों तथा गृहस्थोंकी शिक्षाके वास्ते एक संस्कृत पाठशाला बनारसमें अथवा जयपूरमें खोली जावे क्योंकि पंडितोंकी संख्या और उनके विद्वत्ताके हिसाबसे जयपुर छोटी काशी कहलाती है. परन्तु मुनिराजश्री धर्म विजयजीनें काशीमें एसी पाठशालाका होना इस कारणसे मुनासिब समझा कि अवलतो काशी जैन क्षेत्र है यहांपर बहुतसे कल्याणक हुवे हैं और श्रीपार्श्व प्रभूकी जन्मभूमी है और दूसरे काशीमें इल्मके प्रचारसे पंडितोंकी सहोबतसे विद्या जल्दी हांसल हो सकती है. इसलिये उक्त मुनि महाराज ६ अन्य साधूओंको तथा १३ श्रावकोंके लडकोंको साथ लेकर गुजरातसे मक्षीपार्श्व नाथ स्वामिकी यात्रा करते हुवे काशी पहूंचे. इस तरफ कितनेक समयसे मुनि विहार न होनेसे इन महात्मावोंको रस्तेमें बहूत कष्ट सहन करना पडा. परन्तु मुनिमंडल इस संसारमें जन्मही कष्ट सहन करके आत्माको स्वच्छ करनेको लेते हैं इसलिये कुलतकलीफोंको तकलीफें न समझकर बनारस पहूंचे. पूर्व देशमें जैन मुनियोंके वेषको कितनेक कालसे न देखनेसे वहांके मनुष्योंको इन महात्मावोंकी क्रिया, बर्ताव, बेषको देखकर आश्चर्य मालूम हुवा और थोडेही दिनोंमें इन महात्माओंनें अपने सदाचार द्वारा बनारस निवासियोंपर अपने महत्वताकी अच्छी छाप जमादी.

पाठशालाका नाम श्रीमद्यशोविजयजी संस्कृत पाठशाला रखकर आज दो सालका अरसा हुवा जबसे पठनपाठनका काम चलाया गया. इस दो सालमें मुनि संख्या तो वहही ७ की रही परन्तु श्रावक लोग १३ से ३४ के नम्बरपर पहूंचे. अबतक पाठशालामें संस्कृत और धर्मतत्वकी शिक्षा दीगई है परन्तु अब अंग्रेजी भाषाकी शिक्षा दिए जानेकाभी बेचार किया गया है. शिक्षाके सिवाय श्रावकोंके आचारपर पूरी निगरानी रखी जाती है; और सामायक प्रतिक्रमण, देव पूजा नित्यकर्मका पूरा ख्याल रखाजाकर श्रावकाचारमें इस पाठशालाके शिष्योंको दढ किया जाता है. अगर इसही तरहपर अच्छे प्रबन्धके साथ इस पाठशालाकी कार्यवाही चली और कुल जैन समुदायकी इस पाठशालाकी तरफ लागणी रही तो बहूत जल्द इस पाठ शालाका उम्दा नतीजा देखनेमें आवेगा. इस पाठ शालाके वास्ते एक अच्छे मकानकी तजवीज अपने कोनफरन्सके जनरल सैक्रैटरी मुम्बई निवासी सेठ वीरचन्दजी दीपचंदजी, सी. आई. ई. जे. पी. और सेठ गोकुलभाई मूलचंदजीनें अपने पाससे एक मोटी रकम खर्च करके खरीदी है और पाठशालाका खर्च निभानेका फन्ड अपने महसानानिवासी डोसी बेणीचन्द सूरचन्दनें बहूत प्रयास करके इकठा किया है. पाठशालाके मन्दिर तथा पुस्तकालयकी व्यवस्थामें अपने विख्यात सेठ वीरचन्दजी दीपचन्दजी की धर्मपत्नी सेठाणी डाई बाईनें अच्छी मदद दी है.

गत २८ मे सन १९०५ के दिन वार्षिक रीपोर्ट पढकर सुनानेका तथा इनाम बांटनेका जलसा बडे ठाठमाठसे किया गया था. जिसपर मुम्बईसे सेठ वीरचन्द दीपचन्द, सेठ गोकुलभाई मुलचन्द अपनी धर्म पत्नियों समेत तथा कलकत्तासे राय बहादुर बद्रीदासजी मुकीम अपने पुत्र राजकुमार सिंहजी साहित तथा अन्य सद्गृहस्थ पधारेथे. इनामकी रकमपर नजर डालते हुवे माल्लम हो सकता है कि सेठ वीरचन्द दीपचन्द इस पाठशालाकी तरफ पूरी लागणी रखते है. पाठशालाके जलसेमें बनारस वगरहके विख्यात सद्गृहस्थ पधारेथे और मुनिश्री धर्म विजयजीसे मिलकर तथा पाठशालाकी कार्यवाहीकी बहूत प्रशंसा की. हम वीतराग प्रभुसे प्रार्थना करते है कि श्रीधर्म विजयजीका प्रयास बहूत जल्दी सफल होवे.

इस पाठशालाके मुतालिक जो पचास पचास रुपयोंकी तीन स्कालरशिपका दो वर्षके वास्ते किसीभी यूनिवरसीटीके जैन ग्रेज्यूएटोंके वास्ते प्रबन्ध किया गया है बहूतही उत्तम है. कौनफरन्सकी तरफसे दो स्कोलरशिप तथा सेठ वीरचन्द दीपचन्द, रायबहादुर बदरीदासजी और सेठ गोकलभाई मूलचन्दकी तरफसे एक स्कालरशिपके देनेसे भाग्यशाली तीन ग्रज्यूऐट इस तरहकी उम्दा तालीम पा सकैंगे कि जो देश परदेशमें पहूंचकर जैन धर्मकी ध्वजा पताका फरकावैंगे. इस बातकी बहूतही आवश्यकताथी कि जिसको उक्त महाशयोंने दृढ विचारके साथ सम्पूर्ण किया है.

पाठशालाके अध्यक्षोंका विचार हम इस तरफभी खेंचना जुरूरी समझते है कि जितने लडके इस पाठशालामें पढते है उनकी परीक्षा लेकर जो जो लडके लेकचर अर्थात् उपदेश देनेकी शक्ति अच्छी रखतें हों उनको चुनकर खास उपदेश देनेकी उत्तम शक्ति पैदा करनेकी तरफ उनको रूजूकरें क्योंकि इस पाठशालाके साथ अपनी समाजकी महासभाका बडा भारि ताल्लुक है कि जिसका हाल इस पाठशालाके वास्ते कोनफरन्सकी तरफसे पचास पचास रुपयेकी मासिक स्कालरशिपके अर्पण करनेसे माल्लम हो सकता है. एसे उपदेशकोंकी अपनी सामाजिक तरक्कीके वास्ते हमको बहूत आवश्यकताहै और हम सबके साथ उस दिनका इन्तजार कर रहे है कि जब हमको इस पाठशालाकी तरफसे पाच सात अच्छे उपदेशक तय्यार करके दिये जावें. ग्रज्यूएटोंमेंसे यद्यपि अच्छे उपदेशक पैदा होनेकी आशा है परन्तु उन लोगोंकी सर्विस हम बडे कामोंके वास्ते रीजर्व रखना चाहते है कि जिसका हाल समय आनेपर माल्लम होसकता है.

हम इस पाठशालाका अपने खरे अन्तःकरणसे भला चाहते हुवे और मुनि श्रीधर्म विजयजी आदि अन्य मुनियोंको और पाठशालाके विद्यार्थियोंको उनके श्रमके लिये धन्यवाद देते हुवे हमारे मुनि मंडलका ध्यान इस पाठशालाकी तरफ खेंचना चाहते हैं और उनसे

प्रार्थना करते है कि इस पाठशालाको किसी तरहपर अमुक गच्छ या अमुक श्रावक या साधूकी न समझकर बलके इसको कुल जैन समुदायकी समझकर इसमें तालीम पानेके लिये जुरूर उत्कंठित होवेंगे और जिस तरहपर श्रावकोंके लडकोंका नम्बर दो वर्षमें ३४ पर पहूंचा है इसही तरह साधू मुनि राजोंका नम्बरभी आयंदा २ बर्षमें ४० या ५० तक पहूंचा हुवा देखकर खुश होनेकी अभिलाषा करते है.

---

# हिंदमां एक सामान्य भाषा थवानी जरूर.

(लखनार-मी० अमरचंद पी० परमार, मुंबई.)

हिंदुस्थानमां त्रीस करोड माणसनी बस्ती छे. ए देशमां पोषाक, रीतरीवाज अने धर्म जेम भिन्नभिन्न छे तेमज भाषा पण जुदाजुदा भागमां जुदी जुदी बोलायछे. एवी गणत्री करवामां आवी छे के हिंदमां एकसो पंचोतेर जुदी जुदी बोली बोलायछे. कहेवत छे के बार गाउए बोली बदलाय ते मुजब एक भाषामां पण बोलीनी जुदी जुदी ल्ढण अने जुदा शब्दोच्चार थता जोवामां आवे छे.

हिंदुस्ताननी भाषाओ मोटे भागे संस्कृतमांथी नीकळेली होवाथी संस्कृत साहित्यना व्याकरणनुं धोरण अने मूल अथवा अपभ्रंश थयेला संस्कृत शब्दो ते भाषाओमां बहुधा जोवामां आवेछे. संस्कृत भाषामांथी उत्पन्न थयेली हिंदुस्ताननी भाषाओ बोलनाराओनी मनुष्य संख्या (छेल्ला वस्तीपत्रक परथी मालम पडे छे) अराड करोड अने वीस लाखनी थायछे. तेमांथी आठ करोड अने वीस लाख एटले लगभग अडधो अडध हिंदी—हिंदुस्तानी—नागरी भाषा बोले छे. आसरे चार करोड वीस लाख ऐटले ५१ भाग बंगाली भाषा बोलेछे; आसरे एक करोड साठ लाख मराठी बोलेछे अने आसरे एक करोड गुजराती बोलेछे.

आठ करोड अने वीस लाख मनुष्यनी मातृभाषा हिंदी होवा उपरांत बाकीना दस करोड मनुष्य ए भाषा सारीरीते समजी शकेछे.

हिंदी भाषा अने उरदुभाषा उत्तर हिंदुस्तानमां खास करीने बोलायछे. हिंदी भाषामां शब्दो संस्कृतमांथी बनेला अथवा संस्कृत विशेष जेवामां आवे छे त्यारे उरदु भाषामां फारसी अने अरबी भाषाना शब्दो विशेष होयछे. मुसलमानी राज्य अमलमां उरदु भाषानो प्रचार घणो वधी गयो अने उत्तर हिंद, पंजाब, रजपूताना वगेरेनी कोरटोमां हजु ते भाषानो प्रचार विशेष जोवामां आवेछे. मुत्सदी वर्ग हिंदु या मुसलमान पोताना घरमां पण उरदु भाषा बोलता जोवामां आवेछे. ताजुब जेवुं ए छे के हिंदी—नागरी भाषाना बोलनाराओ उरदु तेमज उरदुना बोलनाराओ नागरी भाषाना बोलनाराओ साथे वगर अटके भाषा व्यवहार चलावे छे.

कोईपण प्रजानी ऐक्यता करवामां बीजा कारणोनी साथे एकज सामान्य भाषा होवानुं पण समजवामां आवे छे. जो हिंदुस्तानमां कोईपण सामान्य भाषा थई शके एवुं होय तो ते हिंदी छे. एक पंजाबी अथवा बंगालीने कोई गुजराती जाणनारो अजाण्यो माणस मळे तो प्रथमज ते हिंदी भाषामांज बोलवानो प्रयत्न करे छे. एक नवो आवेलो युरोपीयन देशी भाषानी शरुआत भागातुटा हिंदुस्थानी शब्दोथी करे छे. अने गुजरात, दक्षिण वगेरे स्थळे पण ते युरोपीयन पोताना लांबा वसवाट पछी पण हिंदुस्तानीमांज देशीओ साथे वातचीत करे छे.

युरोप खंडमां फ्रेंच भाषा सामान्य अने सौथी मधुर गणायछे. अने एशिआ खंडमां फारसी भाषा मीठाशवाळी केहेवाय छे, त्यारे भरत खंडमां **हिंदी भाषा** सौथी वधारे मधुर अने जोशदार गणाय छे. ए भाषानुं साहित्य पण पूर्णताए पहोंचेलुं छे.

कवि लोको हिंदुस्ताननी वखणाती वस्तुओना मुकाबलामां कहे छे के—**वाणी पाणी अने गायन हिंदुस्तानमां**—एटले उत्तर हिंदनुं पाणी मजबूत, गायननो शोख विशेष अने वाणी—भाषा सर्वोत्तम. जुदी जुदी भाषाओनो मुकाबलो करतां एक केहेवतमां कह्युं छे केः—

ईधर किधरकी सोल आनी,
ईकडुन तिकडुनकी बार,
अठे कठेकी आठ आनी,
मुंसांके पैसे चार.

एटले ईधर किधर—हिंदी भाषानी कीमत रुपीयामां सोल आना, इकडुन तिकडुन—मराठीना बार आना, अठे कठे—मारवाडीना आठ आना त्यारे सुंसां—गुजराती भाषाना चार पैसा—(कदाच चार आना) गणवामां आव्या छे. भाषानो जुस्सो अने मीठाश एज प्रमाणमां हालमां जोवामां आवे छे.

गुजराती. मराठी, बंगाळी, मारवाडी, वगेरे भाषा बोलनाराओपण सामान्य कहेवतो, साखी, दोहरा, अने कवितो द्रष्टांतरूपे हिंदुस्तानी भाषामांज बोलता जोवामां आवे छे.

संस्कृत भाषानुं व्याकरण घणुंज कठण छे. हिंदी भाषाना शब्दकोशमां लगभग तमाम शब्दो संस्कृतज जोवामां आवे छे ए रीते जोतां संस्कृत भाषानी तमाम माधुर्यता अने सुंदरता हिंदी भाषामां टकी रहेली छे. त्यारे संस्कृत भाषानुं मुशकेल व्याकरण हिंदी भाषामां नहीं होवाथी मोटी कडाकुट मटी जायछे. मराठी भाषाना व्याकरणमां पण अनेक रुपो जोवामां आवे छे.

ए रीते जोतां हिंदुस्ताननी कुल वस्तीमांथी ओछामां ओछा अराड अने वीस लाख माणसने माटे एक सामान्य भाषा उत्पन्न करवा माटेना साधनो आपणी सनमुख तैयार पडेलां छे.

एक विद्यार्थीने भूगोलनुं ज्ञान प्राप्त करतां जेटलो समय जोईए ते करतां ओछो वखत अने खर्च हिंदी भाषानुं जरुरी ज्ञान मेळववाने तेने पडे छे.

ए अराड करोड मनुष्यनी एक भाषा करवामां ग्रंथकर्ताओ, अनुवाद—तरजुमो करनाराओ अने बीजा अनुकरण करनारा माटे धंधानुं मोटुं क्षेत्र उत्पन्न थशे. बंगाली सिवाय बीजी देशी भाषामां एवां पुस्तक बनावनाराओनी एवी फरियाद छे के पुस्तक प्रसिद्ध करवानुं काम तेओने खोटथी करवुं पडेछे. अने तेम थवानुं कारण देखीतुंज छे के जुदी जुदी भाषा बोलनाराओनी संख्या ओछी ज छे. पण जो अराड करोड माणसनी एकज सामान्य भाषा होय तो पुस्तक प्रसिद्ध करनारा, न्युसपेपर वाळाओ विगेरेने एकज सामान्य भाषामां लखवानुं तेओनी मोटी उन्नतीनुं साधन थई पडशे.

होंशीआर अने विद्वान वर्ग आ जातने धंधे वळगवाने शक्तीवान थशे. वळी एक सामान्य भाषानी मारफते जुदी जुदी जातना अर्वाचीन शास्त्रोनुं ज्ञान साधारण लोकोमां फेलाववानुं बहुज सुगम थई पडशे. हालमां अंग्रेजी भाषामांथी तरजुमो करीने कोईपण अमुक शास्त्र प्रसिद्ध करवामां आवे छे, अने ए रीते तरजुमानो अने छपाईनो खरच बहोलो थई पडे छे. बारीक तपास करतां अने हिसाबनी गणत्री करतां मालम पडे छे के आ खरच अने अडचणो कंई जेवी तेवी नथी. जो एकज सामान्य भाषा होय तो मात्र तेज एकज भाषामां एकज वखत तरजुमो करवो बस थई पडे छे.

एकज सामान्य भाषामां धंधासंबंधी पत्र व्यवहार करवाथी देशनी अंदरनो एक जिल्ला साथे बीजा जील्लानो वेपार घणो वधी जशे अने सुगम थई पडशे. अने ते रीते वेपारीओने सारो नफो थशे.

एकज सामान्य भाषा थवाथी राजप्रकरणमां पण मोटो फायदो थशे कारणके सरकारना सीवील अने लष्करी अमलदारोने घणी अने जुदी जुदी भाषाओ शीखवाने बदले एकज भाषा शीखवी पडशे. वळी तेथी अमलदारोनी बदली हिंदमां एक जिल्लामांथी बीजा जिल्लामां सहेलाईथी थई शकशे, अने जे जे जिल्लामां तेनुं जवुं थाय त्यांनी भाषा शीखवानी कटाकुट तेने करवी पडशे नहीं.

नेशनल कॉंग्रेसने पोतानी फर्यादो संगीन पायापर रजु करवाने हिंदुस्ताननी एक प्रजा ( Nation ) होवानी खरेखरी आवश्यकता छे; अने एक सामान्य भाषाना एक बंधारण—गांठ वगर खरेखरी प्रजा बनी शकेज नहीं पण मात्र लोकोनुं एक टोळुंज बनेलुं रहे छे.

एक गरीब माणसना पोताना घरमां दाटेलो एक खजानो होय पण तेनी तेने खबर नहीं होय तेज प्रमाणे हिंदी भाषा आपणा संबंधमां एवो एक गुप्त खजानो छे ते खजानो जडतां ते गरीब

माणसने जे आनंद थाय छे, तेवोज आनंद ए हिंदी भाषा आपणे सर्वेए चालु करवाथी प्राप्त थई शकशे. आपणा हाथमां एक प्रजाकीय भाषा लगभग तैयार ऊभेली छे. पण तेनो उपयोग करता नथी अने तेथी एकज देशमां जुदी जुदी मोटी १८ मुख्य भाषाओनी तमाम जातनी अगवडता आपणे भोगवी रह्या छीए.

एक जिल्लानी प्रजानी प्रीत बीजी जिल्लावाळा साथे कम जोवामां आवे छे, तेनुं मोटुं कारण एक सामान्य भाषा नहीं होवानुं छे.

बनारसमां नागरी प्रचारणी सभा स्थापित थई छे. तेओए सरकारमां अरजी करीने केटलाएक जिल्लाओमां उरदुने बदले नागरी भाषा सरकारी खाताओमां प्रचलित करी छे. तेओनो उद्देश आखा देश माटे एक सामान्य भाषा करवानो छे.

मुंबई इलाकाना केलवणी खाताए बे वर्ष पहेलां एक बुक कमीटी नीमी हती, ते कमीटीनो रीपोर्ट हवे बहार पडयो छे. तो आवे प्रसंगे चोथी पांचमी चोपडीओना धोरणथी हिंदी पाठो दाखल करवामां आवे तो सामान्य भाषानुं बीज दाखल थएलुं गणाशे. एवा पाठो सिंधी, गुजराती, मराठी अने केनरी ए चारे भाषानी चोपडीओमां एकज जातना दाखल थवा जोईए. एकज सामान्य भाषा चालु करवानी ए पण एक रीत छे के दरेक पुस्तक पोतानी देशी भाषामां पण बालबोध अथवा नागरी लीपीमांज छपाववुं. एक हिंदुस्थानमां अ.वेली लायब्रेरी पोतानी लायब्रेरीमां मराठी लीपीमां छपायलां मराठी पुस्तकोनो संग्रह करे छे त्यारे त्यां एकपण गुजराती लीपीमां छपायलुं पुस्तक जोवामां आवतुं नथी. मोडी अक्षरमां छपायलुं मराठी पुस्तक हिंदी तेमज गुजराती बंनेने नकामुं छे तेमज गुजराती पण हिंदी अने मराठीओने छे.

हालमां रजपुतानाना घणा देशी रजवाडाओ के ज्यां उरदु कोर्ट भाषा तरीके वपराती हती त्यां तमाम कारभार नागरी-हिंदी भाषामां चालवा लाग्यो छे अने धीमे धीमे हिंदी भाषा पोतानो पग मजबूत करती जाय छे.

शृंगार अने वैराग्य, वीररस अने हास्यरस वगेरेना काव्यो जे मझा अने आनंद हिंदी भाषामां आपे छे, तेवो आनंद बीजी भाषाओनी कविताओमां मळवो मुशकेल छे. हिंदुस्ताननी भाषामां सारां काव्यो रचनाराओमां सूरदास, तुलसीदास, चंदभाट, गंगकवि, केशवदास, बिहारीदास, ग्वालकवि, पद्माकर, भूखण, हरिश्चंद, बीरबलने वैतालकवि, सुंदरदास, सूरउदय, चिदानंदजी अने आनंद घनजी, कबीरजी, दादु वगेरे अनेक कविओना काव्योनुं भंडोल अखूट छे. प्रवीण सागर जेवा महान ग्रंथना कर्ता कविओ गुजरातना होवा छतां कवित सवैया वगेरे हिंदी भाषामांज रच्यां छे. गुजराती जाणनारी प्रजा पण काव्यो सांभळती वखते गुजरातीने बदले हिंदी भाषाने वधारे पसंद करती जणाय छे.

एक गुजराती नाटक कंपनी गुजरातमां खेलो भजवी शके छे, मराठी कंपनीओ दक्षिणमांज फावे छे. त्यारे हिंदी—उरदु नाटक कंपनीओ हिंदुस्ताननां एक छेडाथी बीजा छेडा सुधी फरीने दरेक रीते फतेहमंद थाय छे.

मुंबईमां स्थपायलां परमश्रुत प्रभावक मंडळ तरफथी " रायचंद्र जैन शास्त्रमाळा " दर बे महीने छपाववानु शरू करवामां आव्युंछे. मुंबईनी भाषा गुजराती छतां ए शास्त्रमाळानो प्रचार आखा देशमां थई शके ते हेतुथी हिंदी भाषामां छपाववानुं स्तुत्य पगलुं ए मंडळे भरी हिंदी जेवी सामान्य भाषानी बलके आखा हिंदनी अमूल्य सेवा बजाववा मांडी छे. मुंबईनी जैन कॉन्फरन्से पोतानो लांबो रीपोर्ट गुजराती अक्षरोमां न छपावतां बालबोध—नागरी लीपीमां छपावी हिंदमां वसता दरेक भागना जैनोने वांचवामां सहेलाई करी आपी छे अने उमेद राखवामां आवे छे के भविष्यमां ए कॉनफरन्सना रीपोर्टो हिंदी भाषा अने बालबोध लीपीमां छपावी हिंदना तमाम जैनोने एकत्र करवानु पगलुं भरशे !

बालबोध अक्षरो वांचवानो महावरो पण केटलाक जैनोने नथी तेओ आवी पद्धतिने कदाच शरुआतमां पसंद नहीं करे पण बालबोध लीपीना ज्ञानने अभावे ते भाईओ घणांखरा जैन पुस्तको के जे बालबोध लीपीमां छपायलां छे, ते वांचवाथी बेनसीब रही ज्ञानांतराय थायछे. तेओ धीमेधीमे बालबोध लीपी वांचवी शरू करशे तो घणा थोडा समयमां तेनो लाभ उठावी शकशे.

जेम हिंदी भाषामां मुंडा अक्षरने नामे ओलखाता अक्षरो वेपारी वर्ग विशेष करीने उपयोगमां ले छे, तेज मुजब गुजराती लीपी पण बालबोध अथवा प्राकृत हती पण सेहेलाईथी अने झडपथी लखी शकाय ते माटे वेपारी-वणिक वर्गे गुजराती अक्षरोनी वेपारी लीपी उत्पन्न करी हती अने तेनो प्रचार पारसी छापावालाओए प्रथम करवाथी हवे ते गुजरातनी सामान्य लीपी थई पडी छे.

हिंदी भाषानो प्रचार विशेष करवानो आ लेखनो उद्देश छे. आ लेख गुजराती भाषा अने बालबोध लीपीमां लखवानो हेतु मात्र ए छे के गुजरात अने दक्षिण वासी गृहस्थोने हिंदी भाषाना प्रचार माटे प्रयास करवानो छे; अने तेथी शरूआतमां तेओ पोतानी भाषामां सुगमताथी समजी शके.

आ रीते जोतां हिंदी भाषानो प्रचार विशेष करवाने माटे जे हिंदमां एकत्र प्रजा थवानी उमेद राखे छे, जेने स्वदेशाभिमान छे अने उन्नतिनी दाझ हैडे कोतरायली छे, तेवा दरेक हिंदीए उत्सुक थवुं जोईए.

---

# વાઘરીઓનું મહાપાપ.

( લખનાર-લાભશંકર લક્ષ્મીદાસ-જુનાગઢ. )

સંખ્યાબંધ તનદુરસ્ત, ઘાયલ થયેલાં તથા દરદી પક્ષીઓ, વાંદરાં વગેરે નાનાં જનાવરો આપણી પાંજરાપોળોમાં વખતો વખત જોવામાં આવે છે. કુદરતે જે બીચારાં જનાવરોને ઝાડેઝાડ ને જંગલે-જંગલ ઉડવા તથા કુદવાને સરજેલાં તેમને આ પ્રમાણે શા માટે જીવે ત્યાં સુધી કેદ રાખવામાં આવે છે એવો સવાલ પાંજરાપોળોના અધીકારીઓને પુછતાં એવો જવાબ મળે છે કે મહાજનના લોકો તેમને વાઘરીઓ પાસેથી છોડાવીને અંહીં મુકી જાય છે.

એ રીતે ઘાતકી વાઘરીઓ નરને માદાથી, માદાને નરથી, બચ્ચાંને માબાપથી છુટા પાડી, જાળથી કે બીજી રીતે પકડી, મહાજનની દયા ઉશ્કેરવાને ઘણી વખત પાંખ પગ કે બીજા કોઈ શારીરીક ભાગને જખમી કરી સેંકડો કમનસીબ મુંગાં જનાવરોને લાવે, અને તેમને આપણા દયાળુ ભાઈઓ પૈસા આપી છોડવે તેથી પેલા વાઘરીઓના પાપી ધંધાને હંમેશાં ઉત્તેજન મળે છે, અને તે રીતે તે મહાપાપ ચાલુ રહે છે તેને માટે ખરેખર કોણ જવાબદારછે તે સુજ્ઞ વાંચનાર સહેજ સમજી શકશે.

જુનાગઢમાં એક વખત વાઘરીના બે છોકરાઓ પોપટનાં કેટલાંક બચ્ચાંને પકડી લાવેલા, તે બીચારાંને પુરી પાંખ પણ ન આવેલી. ને તેમને કપડામાં બાંધીને તે છોકરા મહાજન પાસે આવ્યા. સારે નસીબે કેટલાક દયાળુ લોકો તેમને પૈસા આપવાને બદલે પોપટનાં બચ્ચાં સહીત પકડીને મારી પાસે લાવ્યા. મેં તે બીચારાં બચ્ચાંની સ્થીતી ઘણી દયાજનક જોઈ, તથા તેમના ખાલી માળામાં તેમની મા કેવી દુઃખી થતી હશે તેનો વીચાર કરતાં તેમને ચોરી લાવનારા ઘાતકી છોકરાઓને શીક્ષા કરાવવાની મને જરૂર લાગી. તેથી તેમને કોરટમાં ઉભા કરી મેં તેમના ઉપર જનાવરો ઉપર ઘાતકી-પણું વાપર્યાનું તહોમત મુક્યું અને તે સાબીત થવાથી તેમને પંદર કોરડાનો દંડ થયો. કહેવાની જરૂર નથી કે તે બે છોકરાને પાછા મેં કદી પણ જનાવર વેચતા જોયા નથી. જો એ પ્રમાણે દરેક શહેરના મહાજનના ગૃહસ્થો બીચારાં નીર્દોષ જનાવરોને પકડી લાવનારા ઘાતકી લોકોને પૈસા આપી તેમને ઉત્તેજન આપવાને બદલે તેમને કોરટમાં શીક્ષા કરાવવાનોજ ઠરાવ કરે તો થોડા વખતમાં તેમનો મહા-પાપી ધંધો આપોઆપ બંધ થઈ જાય અને તેઓને કોઈ નીર્દોષ ધંધો કરવાની ફરજ પડશે.

# મુંબઈ શ્રાવિકા શાળા.

( લખનાર-મી. ફતેહચંદ કર્પુરચંદ લાલન. મુંબઈ. )

**જૈન કોમના અભ્યુદયના સુચિન્હ દેખાડનારી શ્રી જૈન શ્વેતાંમ્બર કોનફરન્સની માંગલિક સ્થાપના થયા પછી જે જે લાભદાયક અને આનંદદાયક કોમની વૃદ્ધિ તરફ પગલાં ભરાય છે તેમાં મુંબઈ શ્રાવિકા શાળાની સ્થાપના પણ આપણે એક તેવું પગલું ગણીએ તેમાં કાંઈ અતિશયોક્તિ નથી.**

**અમદાવાદ શ્રાવિકા શાળાના જન્મ પછી આપણી જૈન કોન્ફરન્સ રૂપી માયાળુ માતાએ જે બીજી પુત્રીનો જન્મ આપ્યો છે તેનું નામ મુંબઈ શ્રાવિકા શાળા છે.**

**ગયા જેઠ શુકલ દશમીએ શ્રી ગોડીજી મહારાજના દેરાસરની પાછળ આવેલા ઉપાશ્રયના એક કુશાદે હોલમાં ઉપલી શાળાનો જન્મ થયો છે.**

આ શાળા ખરેખર માત્ર હાલતો દોઢમાસની કોમળ બાળા છે તથાપિ સૌ૦ બેન હીરાકુંવરની અમીદ્રષ્ટિયુક્ત રક્ષાથી અને મુખ્યત્વે કરી ધર્મ શિક્ષણના પુષ્ટિકારક દુધપાનથી આ બાળા ઉભય રીતે તન્દુરસ્ત અને વૃદ્ધિ પામતી જશે એવાં આશાજનક ચિન્હ ઘણાંએક માલૂમ પડે છે.

આ શુભ આશાજનક ચિન્હો સપ્રમાણ જણાય છે કારણકે સ્ત્રી કેળવણીમાં કે કોઈ પણ કેળવણીમાં ત્રણ પ્રકારનો વિકાશ હોવો જોઇએ એટલે કે સાંસારિક, માનસિક અને આધ્યાત્મિક. સાંસારિક વિષયમાં એટલે કે શીવવું, ભરવું, ગુંથવું વગેરેની તાલીમને માટે એક સ્ત્રી શિક્ષક આપણી કોન્ફરન્સ માતાએ યોજેલ છે. ગુજરાતી વાંચન તથા સહેલા ગણીતનું એક બીજાં સ્ત્રી શિક્ષકથી શિક્ષણ અપાય છે તેમજ સૌ૦ બ્હેન ચંચળ ધર્મ શિક્ષણ આપી આ બાળાનો હૃદયવિકાસ કરવામાં વગર બદલે મદદ આપતાં જણાય છે. આપણે જૈન બાંધવો અને બ્હેનો આપણી આશાને જો પુષ્ટિ આપ્યા કરીશું તો આપણી અમદાવાદ શ્રાવિકા શાળા રૂપી બાળાની આ લઘુ બાળા પણ તેવીજ ઉપયોગી અને હર્ષદાયક નિવડશે.

આ શાળાની માંગલિક સ્થાપના વેળા સૌ૦ બ્હેન હીરાકુંવરના શુભ પ્રયત્નથી આશરે સોએક બ્હેનો શ્રોતા તરીકે પંડિત લાલનનું જ્ઞાન મહત્તા વીશેનું વ્યાખ્યાન સાંભળવા આવ્યાં હતાં અને એ વ્યાખ્યાનથી પ્રસન્ન થઈ જાણે સૌ૦ બ્હેન હીરાકુંવરનો ઉપકાર માનતાં હોય તેવી રીતે આ સ્ત્રી શાળા વર્ગમાં ઘણીક બ્હેનોએ હાજર રહેવા કબુલ્યું હતું. તે પ્રમાણે હાલ પચાશથી સાઠ બ્હેનો હાજર રહે છે. પંડિત લાલનં પણ દરપખવાડીએ ધર્મ સબંધી સરળ વ્યાખ્યાન આપતા રહે છે. ગઇ વખતે નવકાર સ્મરણથી જે જે અમુલ્ય લાભો થાય છે તેમનું શ્રવણ કરાવ્યું હતું અને એક સુપ્રસિદ્ધ જૈન ગૃહસ્થના ધર્મપત્નિ તરફથી પુસ્તકોનાં ઇનામો અને પ્રભાવના થયાં હતાં. શુભમ્.

---

# સ્ફુટ વિચાર.

(લખનાર—એસીસ્ટંટ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ—મુંબઈ.)

**જૈન સાધુઓ અને ગુજરાતી સાહિત્ય.**

થોડા દીવસો ઉપર અમદાવાદ ખાતે જાણીતા સાક્ષર અને નવલ કર્ત્તા મી. ગોવર્ધનરામ માધવરામ ત્રીપાઠીના પ્રમુખપણા હેઠળ મળેલાં "સાહિત્ય પરીષદ"માં જૈન સાધુઓ અને ગુજરાતી સાહિત્યની તેમણે બજાવેલી સેવાના સંબંધમાં પ્રમુખસ્થાનેથી જે ઉદ્દગારો કાઢવામાં આવ્યા હતા તે સાંભળીને દરેક જૈન બંધુને આનંદ ઉત્પન્ન થયા વગર રહેશે નહીં. તેમના કહેવા પ્રમાણે ચૌદમી સદીમાં ગુજરાતી સાહિત્યના તેઓ આધાર રૂપ હતા કે જે વખતે દેશની ડોલમડોલ રાજકીય સ્થીતીને લીધે અન્ય પ્રજા વર્ગ તરફથી સાહિત્ય તરફ જરાપણ લક્ષ આપી શકાયું નહોતું. આ વખતે સાહીત્યની સ્થીતી વિષે બોલતાં તેઓ કહે છે કે "એવા યુગમાં ગચ્છના આશ્રયમાં રહેલા જૈન સાધુઓ જેટલું સાહિત્ય ટકાવી શક્યા તેનો અંશ પણ આ સંસારીઓ કેમ નહીં જાળવી શક્યા એ એમના આગલા ઈતીહાસથી સ્પષ્ટ થાય છે." ગુજરાતી સાહિત્યના જન્મ કાળમાં જેમ આપણા પવીત્ર મુનીરાજોએ ગુજરાતી સાહીત્યની સેવા બજાવેલી છે તેજ

પ્રમાણે તે પછીના વખતમાં પણ તેઓ તેના સબંધમાં પોતાથી બનતું કરવાને ચુકયા નહોતા. વળી તે પછીની દરેક સદિમાં પણ સારા સારા જૈન કવીઓ થયેલા આપણા જોવામાં આવ્યા છે જો કે તે વખતમાં છાપવાની કળાનો પ્રચાર નહીં હોવાના સબબથી તથા કાંઈક ધર્મ સબંધી ઈર્ષાના કારણથી તેઓ અન્ય ધર્મીઓમાં જોઈએ તેવા પ્રસિદ્ધિમાં આવ્યા હતા નહીં.

**ગુજરાતી જૈન સાહિત્ય એકઠું કરવાની જરૂર.**

આ પ્રમાણે આપણા સાધુ મુનીરાજોએ તેમજ શ્રાવક વર્ગે ગુજરાતી સાહીત્યમાં પોતાનો જે ફાળો આપ્યો છે તેને માટે આપણને ખરેખર મગરૂર થવા જેવું છે પરંતુ તેવું સઘળું સાહીત્ય એકઠું કરવાનો હજી સુધી કાંઈ પણ પ્રયત્ન થયો જણાતો નથી તે ખેદકારક છે. ના. બ્રીટીશ સરકારના કેળવણી ખાતા તરફથી પ્રગટ થયેલ "કાવ્યદોહન" માં તથા ના. ગાયકવાડ સરકાર તરફથી પ્રગટ થયેલી "પ્રાચિન કાવ્ય માલા" માં કેટલાએક સાધુ મુનીરાજોની કવીતાઓ છુટક છુટક પ્રસીદ્ધ થયેલી છે; પરંતુ તે સીવાય પણ ઘણાએક ગ્રંથો અપ્રસિદ્ધ રહેલા હોવા જોઈએ. આ ઉપરાંત શ્રી આનંદઘનજી, ચીદાનંદજી, યશોવિજયજી, હીરવિજયજી, વીગેરે વિદ્વાનોએ અધ્યાત્મ વિષય ઉપર ઘણાં સુંદર કાવ્યો રચેલાં છે. ગદ્યમાં પણ ઘણા ગ્રંથો હોવા જોઈએ. જો આ સઘળું સાહિત્ય એકઠું કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો ખરેખર આપણા પવીત્ર ધર્મની તેમજ ગુજરાતી સાહીત્યની સારી સેવા બજાવેલી કહેવાશે. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન જ્ઞાન પ્રસારક મંડળ વીગેરે સભાઓને આવું કામ ઉપાડી લેવા અમારી સુચના છે.

**બીહાર પ્રાંતના કેટલાએક મુસલમાનોનું શુભ પગલું.**

અમારા ધર્મ બંધુઓ તેમજ તમામ હીંદુભાઈઓ જાણીને ખુશી થશે કે બીહાર પ્રાંતમાં આવેલા સહસરામ ગામના મુસલમાનોએ ગૌમાંસ વર્જ્ય કર્યું છે. હંમેશાં માંસાહીક અભક્ષ્યોનો અહાર કરનાર મુસલમાન ભાઈઓએ જે આ સ્તુત્ય બાધા લીધી છે તે પણ જીવદયાના ઉત્તમ સિદ્ધાંતનીજ બલીહારી છે! આ પ્રમાણે તેવી અન્ય પ્રજાઓમાં પણ તેવો સુધારો થયેલો જોવાને આપણે આશા રાખીશું. ગમે ત્યારે મોડો વહેલો પણ દયાધર્મનો વિજયજ છે!

**જૈન ગ્રેડયુએટસ એસોસીએશન ઓફ ઈંડયા.**

વડોદરા ખાતે ભરાએલી ત્રીજી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મહાન સમારંભ વખતે આપણા ગ્રેજ્યુએટો અને વકીલો વિગેરેથી બનેલા આ નામના મંડળની સ્થાપના કરવામાં આવી હતી અને જેના હેતુઓ તથા નિયમો વિગેરે આ માસીકના પ્રથમ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. આ મંડળનું કાર્ય કોન્ફરન્સના સઘળા હેતુઓ પાર લાવવાને પ્રયત્ન કરવાનું છે અને તે પ્રમાણે અમને ખાત્રી છે કે મંડળના સઘળા ગ્રેજ્યુએટ અને વકીલ બંધુઓએ અત્યાર સુધીમાં પોતાથી બની શકે તેટલે અંશે પોતાની ફરજ બજાવી હશે અને બજાવતા હશે તેમજ પાટણખાતે ચોથી કોન્ફરન્સ મળે તે પહેલાં મજકુર એસોસીએશનના ઓ. સેક્રેટરીને યા પ્રમુખને પોતે કરેલાં કાર્યનો રીપોર્ટ મોકલી આપશે.

**જુદા જુદા પ્રાંતમાં જૈન ચૈત્ય તથા તીર્થ રક્ષક કમીટીઓ નીમાવાની જરૂર.**

**અમુક તીર્થની યા અમુક દેરાસરની** ગેરવ્યવસ્થા તથા આશાતના યા તેના ઉપર અન્ય લોકો તરફથી થતા હુમલાઓ તેમજ અનેક દેરાસરોનું અપુજ્ય રહેવું વિગેરે હકીકત વખતો વખત આપણા જાણવામાં આવે છે અને તે માટે કાંઈ ખાસ બંદોબસ્ત થવાની જરૂર છે. ભાઈબંધ "જૈન" પોતાના તા. ૧૬-૭-૧૯૦૫ ના અંકમાં જણાવે છે કે જાવરા શહેરમાં ત્યાંના દેરાસરજીમાં એક યતી આશાતના કરે છે તેને માટે તેનો મામલો કોર્ટની હેવડીએ ચઢયો છે અને તે યતીએ ત્યાંના દશ ગૃહસ્થો ઉપર કોર્ટમાં ફરીયાદ માંડી છે. વલી થોડા વખત ઉપર આંકલાવ ગામના ઉપાશ્રય સબંધી પણ આવી હકીકત અમારા જાણવામાં આવી હતી અને જ્યાં પણ એક યતીએ સંઘની મોટી મીલકતનો કબજો કર્યો હતો અને જેને લીધે ત્યાંના શ્રી સંઘને મોટી અગવડમાં ઉતરવું પડ્યું છે. વળી કાઠીયાવાડના કેટલાંક સ્થળોમાં આપણા વરઘોડા સબંધી પણ વારેઘડીએ તકરારો પડે છે. આવી રીતે ધર્મવિરૂદ્ધ વર્તન કરનારા કેટલા એક યતીઓ તથા અન્ય ધર્મીઓ તરફથી દેરાસર, ઉપાશ્રય તથા તીર્થોના સબંધમાં વખતો વખત ઠેર ઠેર વાંધાઓ ઉઠે છે અને જેને માટે શ્રી સંઘને ઘણીજ કનડગત થયાં કરે છે. આને માટે જો દરેક પ્રાંતના જુદા જુદા સ્થળોના મોભાદાર ગૃહસ્થો તથા વકીલો વીગેરેની બનેલી "જૈન ચૈત્ય અને તીર્થ રક્ષક" કમીટીઓ સ્થાપવામાં આવે અને તેના પ્રાંતોમાં આપણી આવી ધાર્મીક સંસ્થાઓ તથા મીલકતો રક્ષણ કરવાનું તથા તેની યોગ્ય વ્યવસ્થા થાય છે કે નહીં તેમજ તેના હીસાબ વીગેરે બરાબર રાખવામાં આવે છે કે નહીં તે વીગેરે બાબતો તેવી કમીટીઓને સોંપવામાં આવે તો ખરેખર કોઈ પણ ઠેકાણે ગેરવ્યવસ્થા ચાલવાનો સંભવ રહે નહીં અને આપણી ધાર્મીક સંસ્થાઓનો વહીવટ સારી રીતે ચાલ્યા કરે. આ સાથે આવી કમીટીઓ પોતાના પ્રાંતમાનાં બંધાતાં બંધાતાં અધુરાં રહેલાં દેરાસરોના તથા ઉપાશ્રયોનાં મકાનો પુરાં કરવા તરફ તથા જીર્ણ થતાં દેરાસરોના મકાનોનો ઉદ્ધાર કરવા તરફ તેમજ જે સ્થળોમાં દેરાસરજીની સવડ ન હોય ત્યાં તેવી સવડ કરી આપવા તરફ પણ જોઈતું લક્ષ આપી શકશે. આવી કમીટીઓ જોદરેક પ્રાંતમાં સ્થાપવામાં આવે તો જીર્ણોધ્ધાર તેમજ શુભ ખાતાઓના હીસાબોની ચોખવટને લગતા ઠરાવોનો પુર્ણ રીતે અમલ થઈ શકશે. અમે આશા રાખીએ છીએ કે જુદા જુદા પ્રાંતોના આગેવાનો અમારી આ સુચના તરફ યોગ્ય લક્ષ આપશે.

**નિરાશ્રીતો માટે ભેટ.**

સુરતમાં દશા શ્રીમાળી અમદાવાદી શ્રાવકોના બે પક્ષ છે તેમાંથી એક પક્ષના લોકોએ એવો ઠરાવ કર્યો છે કે એઓના પક્ષમાં જે કંઇ લગ્નાદિ અવસર આવે તે જૈનવીધિ પ્રમાણેજ કરવો એને તે સંબંધી ન્યાતીભોજન કરવું હોય તો દરેક ન્યાત દીઠ પાંચ રૂપીઆ સિઝાયત ફંડ (નિરાશ્રીત ફંડ) માં આપવા. પરંતુ કેટલાક ગૃહસ્થોને નિરાશ્રીતના પાંચ રૂપિયા ભારે પડવાથી તે **પ્રબંધ તોડી નાંખ્યો છે. છતાં પોતાને ત્યાં શુભ પ્રસંગમાં જ્યારે સેંકડો રૂપીઆ ખર્ચાય ત્યારે નિરાશ્રીતના પાંચ રૂપીયા ભારે પડે એના જેવું ખેદકારક અને દીલગીરી ભરેલું બીજું કંઈ હમારી ધ્યાનમાં આવતું નથી.**

**હાલમાં સદરહું પક્ષના શા. જમનાદાસ શાકરચંદને ત્યાં લગ્નપ્રસંગ હોવાથી તેનું સંપૂર્ણ કાર્ય જૈનવિધિ પ્રમાણે કરવામાં આવ્યું હતું અને જો કે પોતાના પક્ષમાં નિરાશ્રીત**

ફંડ બંધ કરવામાં આવ્યું છે તો પણ તેમણે રૂ ૧૦) અંકે દશ નિરાશ્રીતો માટે હમારી ઉપર મોકલી આપ્યા છે તે ઉપકાર સાથે સ્વીકારીએ છીએ અને તે સાથે એટલુંજ જણાવીએ છીએ કે દરેક જૈન ભાઇઓએ પોતાને ત્યાં શુભાશુભ પ્રસંગે થતાં ખર્ચો વખતે નિરાશ્રીતોને ભુલવા જોઈતા નથી.

ઉપર જણાવેલા સ્વામીભાઇઓને હમે જણાવીએ છીએ કે નિરાશ્રીતોને માટે ચાલતો પ્રવાહ બંધ કરવામાં આવ્યો છે તે ઘણું ખોટું તેમજ અંતરાય કર્મના દલીઆ બાંધવા જેવું છે. માટે તે સંસ્થા ફરીથી ચાલુ કરી અનાથ અને ગરીબ આપણા ધર્મબંધુઓને આશ્રય આપી પુણ્ય બાંધશો.

---

# समाचार संग्रह.

**बनारसमें पुस्तकालय.**

बनारस पाठशालाका गत मे मासमें उत्सव होनेके पश्चात् तारीख १ जूनको एक छोटासा जलसा हुवा जिसमें ज्ञानकी पूजा होनेके पश्चात् सेठ वीरचंदजी दीपचंदजी सी. आई. ई. के हाथसे पुस्तकालयकी स्थापनाका मुहूर्त कराया गया. मुनिमहाराज श्री धर्म विजयजीने इस पुस्तकालयमें श्री उमास्वाती वाचक, श्रीहरिभद्र सूरी, कलिकाल सर्वज्ञ श्री हेमचन्द्राचार्य और श्रीयशोविजयजी वगरह प्रसिद्ध आचार्योंके बनाये हुवे ग्रन्थ इकट्ठे करनेकी सूचना की. दूसरे दिन जलसा हो कर पाठशालाके नियमादिका काम हुवा.

**बनारसमें दिगाम्बर स्याद्वाद पाठशाला.**

"जैनमित्र" खबर देताहै कि गत ज्येष्ट शुक्ल १० के दिन बनारसमें मुम्बई निवासी दिगाम्बरी जोहरी माणकचंदजी पानाचंदजी की अध्यक्षतामें बडी धूमधामसे स्याद्वाद पाठशालाका मुहूर्त हुवा. श्वेताम्बर पाठशालाके साथही साथ दिगाम्बर पाठशाला भी कायम हुई है.

**पंजाबमें प्रान्तिक कोनफरन्सकी सूचना.**

"श्री आत्मानंद जैन पत्रिका" में श्री आत्मानंद जैन सभा" पंजाबके एक मेम्बरकी तरफसे दक्षिण प्रान्तिक कोनफरन्स तथा उत्तर विभाग गुजरात प्रान्तिक कोनफरन्सके मुवाफिक जनरल कोनफरन्सकी पुष्टिके लिये पंजाबके संघको सूचना दी गई है कि एक प्रान्तिक कोनफरन्सका पंजाबमें भी होना मुनासिब और जुरुरी है.

**उडमडमें आत्मानंद जैन सभा.**

उडमड जिला हुशयारपुर देश पंजाबमें जेष्ट सुदि ८ दिन धर्मकी वृद्धि के लिये "आत्मानंद जैन सभा" के नामसे एक सभा स्थापित हुई है.

**जीरामें बडी दीक्षा**—जीरा जिला फीरोजपुर देश पंजाबमें गत आषाढ सुदि १ सोमवारके दिन तीन साधु और पांच साध्वियोंकी बडी दीक्षा की क्रिया मुनि श्री हीरविजयजीके शिष्य पन्यांस श्री सुन्दरविजयजी गणीने कराई है.

**राजपुताना-पंजाबमें मुनिराजोंका चतुर्मास.** राजपुताना और पंजाबमें मुनिराजोंका चोमाशा नीचे मुजिब है.

| | |
|---|---|
| आचार्य श्री कमलविजयजी आदि .... .... .... | **रतलाम जिला माळवा.** |
| उपाध्याय श्री वीरविजययी आदि .... .... .... | **लशकर गुवालियार.** |
| मुनि श्री धर्मविजयजी दोलत विजयजी ( उपाध्याय श्री वीरविजयजीके शिष्य ) .... .... .... .... | **आगरा.** |
| मुनि श्री परमोद विजयजी आदि .... .... .... | **सादडी ( मारवाड )** |
| पन्यास श्री जस मुनिजी आदि .... ... .... | **बिलाडा ( मारवाड. )** |
| मुनि श्री हीरविजयजी, वल्लभ विजयजी, पन्यास श्री सुन्दर विजयजी आदि .... .... .... .... | **जीरा जिला फीरोजपुर.** |
| मुनि श्री उद्योत विजयजी आदि .... .... .... | **लुधियाना ( पंजाब )** |
| मुनि श्री चारित्र विजयजी आदि .... .... .... | **नारोवाल ( पंजाब )** |

**राजपुतानामें जैन विवाह विधिके मुवाफिक लग्न.** प्रतापगढ जिला राजपुतानामें जैन विवाह विधिके मुवाफिक चार लग्न हुवे जिनमेंसे प्रथम जैन श्वेताम्बर हुमड ज्ञाती धिया लक्ष्मी चंदजीके मध्य भ्राता शंकर लालजीका लग्न गांधी देवराजजीके लघु भ्राता बालचंदजीकी पुत्रिसे हुवा. वहां पर मंडपादि अनेक मांगलिक चिन्ह यथा विधि सुसज्जित थे. द्वारपर रक्त वस्त्रमें स्वर्णाक्षरसे स्वागत शब्द लिखा हुवा ऐसा प्रकाशमानथा कि मनुष्य उसकी तरफ अवश्य दृष्टि डालकर खुश होतेथे—विवाह खूब धूमधाम से हुवा. इस विवाहके रीति रिवाजसे खुश होकर इस ही के मुवाफिक तीन लग्न और जैन विधिसे हुवे. यह सब नतीजा कॉनफरन्सके अनुयाई धिया लक्ष्मीचंदजीकी प्रेर्णा और धर्म लागणीका है.

**देवगांवमें मूर्तियां निकली.** देवगांव जिला अजमेर ( राजपुताना ) में श्वेताम्बरी ११ प्रतिमायें पाषाण की अति मनोहर जमीनमेंसे निकली है और एक जैनीकी दुकानमे विराजती है. देवगांवमें श्वेताम्बर जैनका सिर्फ एक घर है इस कारण पूजाका प्रबन्ध ठीक तोर पर नहीं है. उन प्रतिमाओंकी आशातना टालनेका विचार चलरहा है जो नतीजा निकलेगा आगामी अंकमें प्रगट किया जावेगा.

**पंजाब यूनिवरसिटीकी परीक्षामें जयनी खास तोरपर 'जैन' दर्ज किये जावेंगे.**

हम खुशीके साथ प्रगट करते है कि हमारी प्रार्थना पर पंजाब युनिवरसिटीके रजिष्ट्रार साहबने अपनी चिठी नम्बरी ९०८ तारीख १३ जूलईके द्वारा इस बातको स्वीकार किया है कि पंजाब यूनिवरसिटीके तमाम इमतिहानो ( परीक्षाओं ) की दरखुवास्तोंमें एक खाना और जियादा बढाया जावेगा कि जिसमें जैनि विद्यार्थि अपने आपको जैनी लिखा करें. इस प्रकारके खाने के रखे जानेसे यूनिवरसिटीकी परीक्षाका नतीजा देखनेसे फोरन माळूम होसकता है कि अमुक २ परीक्षामें इतने जैनी पास हुवे.

**डायरेक्टरीका काम**

कॉनफरन्सके हेडऑफिस मुंबईमें जैनश्वेताम्बर डायरेक्टरीका काम धूमधामसे चलरहाहै. गुजरात, काठियावाडके श्रावकोंकी तरफसे इस काममें पूरी मदद मिली है. राजपूताना, पंजाब, पूरब, बंगाल, मदरास वगरह प्रांतोंमेंभी फार्म भेजे गये हैं.

**श्रीशत्रुंजय तीर्थ.**

श्रीशत्रुंजयतीर्थके मुतालिक पालीताणाके ठाकुरसाहब जैनियोंसे पूरा पूरा द्वेष बढाते हैं. रातदिन जैनियोंको तकलीफ देनेकी कोइ न कोइ घडंत होती रहती है और वह वह तरकीबें सोची जाती है कि जिनसे यात्रियोंको महान कष्ट सहन करना पडे. शेठ आणंदजी कल्याणजीके ट्रस्टी साहब बहुत सब्रके साथ काम चलारहे है और ठाकुरसाहबके हर कामकी नोंध लेकर अपने विद्वता और डाहापण से विचारपूर्वक काम कररहे है परन्तु अभी कोई अच्छा परिणाम नहीं आया है. ठाकुरसाहबको मुनासिब है कि, अब वह सब्र करके बैठे, इनसाफको हाथसे न छोडें क्योंकि बुराईका नतीजा हमेशा बुरा है.

**हेरॅल्डके ग्राहकोंको पञ्चाङ्ग मुफ्त मिलेगा.**

पंडित चमनलालजी ज्योतिषी रम्माल, दहली निवासीने अपनी तरफसे सम्वत १८५२ का पञ्चाङ्ग जन्त्री, नवरोज हमारे पास भेजकर इच्छा प्रगट करते है कि जैन कोनफरन्स हेरॅल्डके ग्राहकोंको पंचांगादि सिर्फ डाक महसूलका आधा आनेका टिकट वसूल होनेपर बिना मुल्य भेजा जावेगा. उक्त पंडितजीनें उदारताके साथ कोनफरन्सपर कृपा की है जिसके लिये उनको धन्यवाद दिया जाता है. हमारे वाचक वर्ग उक्त पंडितजीसे इस अमूल्य पंचांगको मंगवाकर फायदा उठावेंगे.

# प्रेरितपत्र.

## जैन श्वेतांबर कोनफरन्सना अधिपति तथा संपादक योग्य.

लखवानुं के जैन श्वेतांबर कोनफरन्स आप साहेबे चालु करी जैनोने लांबी ऊंघमांथी जगाड्या छे एटलुंज नहीं पण जैनधर्मनो मूल पायो जे ज्ञान-धार्मिक तथा सांसारिक-बंने प्रकारनुं छे जेमां एक भाग जे सांसारिक केलवणीमां आगळ वधेला ग्रेज्युएटोनुं एक मंडळ ऊभुं कीधूं छे तेथी जे केटलाको नाम जैनधर्मनुं धरावता छतां खराब सोबतथी अकृत्य तथा नास्तिक मार्गे दोराता हता ते मर्यादामां आवी पोताने तथा जैनधर्मने घणो फायदो करी शकशे.

पण गुजरात, दाक्षिण, मालवा. मारवाड, ज्यां जैन श्वेतांबरोनो मोटो जथो छे तेमां देरावासी साधुनी संख्या कमी छे; ते कमीमां ज्ञानवाला पण ओछा; ते ओछामां विहारमां शिथिल तेथी घणी जग्याए अन्य धर्म पालवा मंड्या छे. अने नवो उत्पन्न थएलो स्थानकवासी पंथ चोमेर फेलाइ गयलो छे. ते बंने एवा गाढा सम्बन्ध धरावे छे के बे सगा भाइ तेमां एक देरावासी बीजो स्थानकवासी; आथी ज्यांसुधी बंनेमां मतभेद होय त्यांसुधी उन्नति थइ शके नहीं. वली कोइ जग्याए बंनेने लग्न सम्बन्ध होवाथी सांकल माफक जोडाया छे.

मारवाड, गुजरातनी सरहदमां पालणपुर नवाबी राज्य छे. त्यांनो हुं मूल वतनी होवाथी मने पूर्ण अनुभव छे के त्यां बंनेमां संप हतो त्यांसुधी १००० एक हजार घर ओसवालनां हतां. कुसम्प थया पछी प्लेग दुकाल वगरहथी बंने पक्षना त्रणसो त्रणसो घर छे. स्थानकवासीमां आगेवान पीतांबरभाइ हाथीभाइ वैद मोटा छे. तेमना उत्तेजनथी त्रण चार बी. ए. तथा उंची डिगरी मेळवी छे. पण देरावासी अशांतताथी, स्थूलबुद्धिथी बीजा काममां दर वरसे लाखो रुपया खर्चवा छतां केलवणीने उत्तेजन न आप्याथी एक पण रत्न पाक्युं नथी. एक हाइकोर्ट प्लीडर वेलचंद उम्मेद धोलकामां छे, तेज पालणपुरनो देरावासी छे.

माटे जो स्थानकवासी केलवणी लीधेलाने आपनी विद्वताथी साथे जोडी तेमनुं लिष्ट जुदुं पाडी साथे राखो अने फी भले न आपे तो पण साथे जोडायाथी तेओ घणा उपयोगी थशे. मारे केटलाक स्थानकवासीथी सम्बन्ध छे,. छतां रुबरु न मळवाथी विशेष वात नथी. जो तेओ साथे जोडाय तो तेमनी मारफते तेमना अज्ञान साधुओ द्वेषबुद्धिथी श्रावकोने देरे जतां अटकावे छे एटलुंज नहीं पण अपूज्य मूर्तियो राखी मांगवा छतां श्रावको आपता नथी तथा क्लेश उत्पन्न थई श्रावकोनी मोटी खराबी थायछे ते अटके. जैनोनुं अमूल्य द्रव्य जे देहरां मूर्ति छे तेनो नाश थतो अटके.

देरावासी साधुओ विहारनी मंदताथी तथा जैनोनी टुंक दृष्टिथी एक ने एक जग्याए साधुओने रहेवा आग्रह करे छे तेथी भगवानना आज्ञानुं उलंघन थाय छे एटलुंज नहीं पण

पोताना चारित्रनुं दहन करे छे. आ मारा सांभलवामां तथा नजरे जोवामां आवेलु छे. जाहेर करतां तेवा जुजने लीधे गुणवंतोनी पण निंदा थाय माटे तेमने ठेकाणे लाववा माटे एक जैन-साधुओनुं ज्यां चोमासुं स्थिर रह्या होय त्यानुं लिष्ट करवु के बीजी साल चोमासुं बदलवानी खबर पडे.

## साधुना लिष्टमां नीचे मुजब हकीकत जोइए.

पोतानुं नाम. गुरु. संघाडो. गच्छ. दीक्षा. चोमासानुं स्थळ.

આવા મંડળથી અને તેમાં થતાં કાર્યોથી વ્યવહારિક સુખ મેળવનારને તે, અને ધાર્મિક સુખ મેળવનાર તે, અને બંને મેળવવા ઇચ્છનારને બંને સુખ મળશે. એટલુંજ નહીં પણ સમગ્ર જ્ઞાન–સમગ્ર સુખ–સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર સામર્થ્ય, સમગ્ર વૈભવ અને સમગ્ર લાભ એ વિગેરે પ્રાપ્ત કરવાને માટે આ કાળમાં આવા મંડળની જરૂરછે. તેમજ આવા મંડળના સદ્‌વિચારોનું અને તેમાં થતાં કાર્યોનું બળ વધારવાની અને તે વધારવા તેનો અમલ કરવા સૌ જૈન બંધુઓની પૂરજ છે. આવી આવી ઉચ્ચ પ્રવૃતીઓ થવા માટે થોડી મુદત અને ઝાઝા બળની જરૂર છે. કેટલાએક ભાઈઓ કદાચ એવો વિચાર કરતા હશે કે ત્રણ વર્ષમાં કોન્ફરન્સે શું કર્યું, તો તેના જવાબમાં એટલુંજ માત્ર બશ થશે કે–જેમ નાના નાના ઝરણાં એકઠા થઈ એક મોટી નદી બની

જાય છે તેમજ આપણી પાસે થોડા રૂપૈયા હોય તેના કરતાં ઘણાં માણસોના ઝાઝા રૂપૈયાનું એક મોટું ભંડોળ એકઠું થવાથી એક વેપારની મોટી પેઢી (મુંબઈ બેંક જેવી બેંકોમાં ઘણા માણસોના શેરોથી નાણા એકઠા કરવાથી, જેમ મોટી પેઢી) બની કરોડો રૂપૈયા પેદા કરે છે; તેમ વિવિધ વિચાર અને બળવાળા એક કાળે થતાં એક જાતના વિચારોથી સમર્થ થઈ બળ જામે છે અને તે વડે મોટા મોટા કઠણ અને ઉત્તમ કાર્યો સરલતાથી સાધી શકાય છે. જેથી આવું સમગ્ર હીત કરવાને મુદત અને બળની જરૂર છે અને તેવું બળ ધીમે ધીમે વધતું જાય છે એવું આપણે આ વખતે વડોદરા મુકામે જોયેલ છે. તે ઉપરથી આપણે ત્રણ વર્ષથી કરતા આવેલ કાર્ય આગળ ઉપર વધારે બળવાન થઈ, આપણાને બંને પ્રકારના સુખસાધનો સંપાદન કરાવશે તેમાં શક નથી. પરંતુ તેવું બોલવા કરતાં અથવા બીજો કાંઈ પણ વિચાર નહીં કરતાં આ મંડળની ઐક્યતામાં–તેના બળમાં–તેમાં થતા કાર્યોનો અમલ કરવામાં કેમ રૂચી થાય તેવા ઉપાયો દરેક જૈન બંધુઓએ યોજવાની તાત્કાળીક જરૂર છે. જેમ જેમ તેવા ઉપાયો યોજાતા જશે, જેમ જેમ તેના બળની વૃધ્ધિ થતી જશે, તેમ તેમ તેનો સમગ્ર લાભ આપણી કોમને સ્વભાવિક પ્રગટ થયા વિના રહેશે નહીં.

કોઈ મનુષ્ય કોઈ કામ અગર વેપાર તેમાં તોટો થશે તેવું સમજીને કરતોજ નથી, પરંતુ તેમાં પ્રમાણીકપણું, ખંત અને ઊદ્યમ સતેજ રાખશે તો તેમાં તે ફાવ્યા વિના રહેજ નહીં, તો આવા સમગ્ર હીત કરવાના હેતુવાળા આ મંડળને જો જૈન બંધુઓ (આપણે) ખંતથી મદદ કરીએ, તેના કાર્યોને માન આપીયે, તેમાં નિષ્કપટપણે અને નિર્અભિમાનપણે ભાગ લઈ તેમાં થતાં કાર્યોનો અમલ કરીયે, કરાવીયે અને આવા મંડળનું દીનપ્રતીદીન શ્રેય ઇચ્છીયે તો આપણું–આપણા કુટુંબનું–આપણી કોમનું શ્રેય થયા સિવાય રહેવાનુંજ નથી. (અપૂર્ણ).

---

# વાળાકુંચી

(લખનાર–ત્રીભોવનદાસ લહેરચંદ શાહ. એલ. એમ. એંડ એસ. પોરબંદર.)

વાળાકુંચી એ શબ્દથી સર્વ કોઇ જૈન મૂર્તિપૂજક જાણીતો હશેજ. તે સુગંધી વાળાની બને છે અને જુદી જુદી લંબાઇ તથા જાડાઇની બાંધવામાં આવે છે. વાળાકુંચી વિશે શું હશે અને આવી નીર્જીવ વસ્તુ માટે અંહિ શું લખવામાં આવ્યું હશે તે મનમાં તરત સવાલ ઉત્પન્ન થાય પણ વાંચક જનને વિચાર કરવાની બહુ તસ્દી આપવા પહેલાં ખેદયુકત એટલુંજ છે કે તે અત્યંત અનર્થ ઉપજાવનારી વસ્તુ છે; તે સુજ્ઞને નીચેની હકીકતથી જાહેર થશે.

આપણા ધર્મનો મૂળ પાયો "अहिंसा परमो धर्मः" છે અને તે આધારે જો કે સર્વત્ર અને હિંસાનો એકાંત ત્યાગ સંસારમાં રહીએ છઇએ ત્યાં સુધી કરી શકતા નથી પણ જેટલે દરજ્જે તે મૂળ આશય સચવાય તેટલો પ્રયત્ન કરીએ છઇએ. આપણા ધર્મમાં તે સાથે એમ પણ છે કે હિંસા કરવી, કરાવવી, તથા અનુમોદવી તે સર્વેથી અશુભ કર્મનો ઉદય થાય છે તે ઉપરાંત મન, વચન, કે કાયાના કોઇ પણનો યોગ થવાથી પણ અશુભ કર્મનો ઉદય થાય છે. એક અડદનો કુકડો કરીને વસુદેવ રાજાએ મારી નાંખવાથી તથા શ્રેણીક રાજાના વખતના એક કસાઇએ કુવામાં પાડાનું ચિંતવન કરીને ફક્ત લીંટા દોરવાથી અને તે પ્રમાણે મનના માઠા પરિણામથી પણ કેવું નાપાક કર્મ ઉપાર્જન કર્યું છે તે આપણા ઘણાના જાણવામાં છે; મતલબ કે ઉપરના ત્રીવિધ ત્રીવિધ ગણતાં નવ પ્રકારમાંથી ગમે તે પ્રકારે હિંસા કરવાથી અશુભ કર્મ પમાય છે, પછી તે હિંસા સૂક્ષ્મ કે બાદર જીવની હોય તોપણ તફાવત પડતો નથી. તોપણ વ્યવહારીક આંખે જોતાં સૂક્ષ્મ વનસ્પતિ કરતાં મોટી વનસ્પતિ, મોટી વનસ્પતિ કરતાં પશુને, પશુ કરતાં મનુષ્યને, મનુષ્ય કરતાં સાધુ સાધ્વિને અને સાધુ સાધ્વિ કરતાં તીર્થંકર મહારાજને ઉપદ્રવ કરવામાં બળવત્તર પાપકર્મ બંધાય છે. હવે તીર્થંકર મહારાજ પ્રત્યક્ષ હોય કે પ્રતિમા રૂપે હોય અને તેમને ઉપદ્રવ કરવામાં આવે તોપણ તે સરખુંજ ગણાય.

વાંચક જનને સ્વભાવિક મનમાં શંકા થશે કે અંહિ વાળાકુંચીના વિષય સાથે તીર્થંકર મહારાજની આશાતનાને શું સંબંધ છે ? આપણે જાણીએ છીયે કે દેરાસરોમાં પૂજા કરતાં પ્રભુજીને અંગલોહણ કરતાં પ્રથમ પ્રક્ષાલન કરવું પડે છે અને પછી વાસી ચંદનાદિ હોય તેને સાફ કરવાને વાળાકુંચી કે જે કલંકીત તથા અનર્થ ઉત્પન્ન કરનારી છે તેનો ઉપયોગ લેવાય છે. વાળાકુંચીને આવાં હલકાં વિશેષણો શા માટે લગાડવાં પડે છે તો કે તેના ઘસવાથી કેટલેક ઠેકાણે અજ્ઞાન પૂજારીઓ ખૂબ ભાર દઇને ઘસે છે તેથી પ્રભુજીનું અંગ (પ્રતિમા) ઘસાય છે અને તેમ દરરોજ ઘસાવાથી લાંબા કાળે તેનું એવું સ્વરૂપ થાય છે કે તેનું વર્ણન કરવું અશકય છે. આવી સ્થિતી ધાતુની પ્રતિમાની થાય છે એમ નહિ પણ આરસના બીંબની પણ તેવીજ અવસ્થા થાય છે. જેમ સર્વેથી કઠણ ગણાતા કાળમીંઢા પથ્થરને કુવા ઉપરની પણીઆરીઓના દોરડાના ઘસાવાથી ઉંડા કાપાઓ પડી જાય છે અને લાંબે કાળે ભાંગી જાયછે તો આરસપહાણ કે ધાતુની પ્રતિમાની શી વાત ! મોટી પ્રતિમા હોય તો બેડોળ થતી આકૃતિ એકદમ નજરે નથી પડતી પણ આંગળ આંગળની પ્રતિમા હોય તો એક બે વર્ષમાં તેનું રૂપ કેવું થાય છે તેનો અનુભવ પૂજા કરનારા જાણતા હશેજ. તથા હમેશાં સંપૂર્ણ પ્રક્ષાલન કરવાને બદલે વાળાકુંચીનો એક છેડો વારંવાર પાણીમાં બોળીને ઘસાય છે એટલે કે મૂર્તિ બરાબર સાફ થતી નથી અને તેથી વાળાકુંચીના કટકા થયેલ કુચડાનો ભાગ પ્રભુજીના અંગ ઉપર ખૂણે ખાંચરે ભરાઇ જાય છે અને પૂજાના નામને એબ લગાડે છે. ભાઇઓ ! શું આ થોડો અનર્થ કહેવાય ?

આપણે કોન્ફરન્સમાં જીર્ણોદ્ધાર, જુની વસ્તુઓનો સંગ્રહ કરવાનો વગેરે ઠરાવો કર્યા જઇએ છીએ ત્યારે બીજી બાજુ ઉપર લખ્યા પ્રમાણે વાળાકુંચીના ઘસારાથી બીંબ ઉપરના લેખ તેમજ પ્રતિમાના દરેક અવ્યવોને ઘસારો કરી જીર્ણ વસ્તુંનું નામ નીકંદન કરવાના પગલાં ભરીએ છીએ. આવી ભીન્નતા સૂચવે છે કે આપણે ખરે માર્ગે પ્રવર્તતા નથી તે અતિ શોકજનક છે. મારા વ્હાલા જૈન બંધુઓ ! જ્યારે અન્ય દેશ દેશની સરકારો સંગ્રહસ્થાન (Museum) બનાવી જુની વસ્તુઓનો સંગ્રહ કરેછે ત્યારે આપણે જીર્ણોધ્ધાર કરવાને બદલે જીર્ણ વસ્તુઓનો વિનાશ કરીએ છઇએ.

કોઇ એમ સવાલ કરે કે વાસી ચંદન વગેરે કેમ સાફ કરવું ? શું આપણેજ ત્યારે મૂર્તિપૂજકો છીએ. નહિ ! અન્ય ધર્મના લોકો પૂજા કરે છે, ચંદનાદિ વિલેપન કરે છે, પ્રક્ષાલન કરી સાપ્ર કરે છે, પણ તેઓ આપણી માફક અનર્થકારક વાળાકુંચી વગર સારી રીતે દોષ રહિત પૂજા કરે છે તો આપણે આપણી આ અજ્ઞાનતાનો નાશ કરવો જોઇએ તથા સુધારો કરવા મથન કરવું જોઇએ. પ્રભુજીના અંગ ઉપરનું ચંદન વગેરે સાપ્ર કરવાને રૂપાની સળીઓ બનાવીને ધોયેલ મલમલના પાટા વીટીંને ધીમે ધીમે સાફ કરીએ તો ગમે તે અવ્યવો સહેલાઇથી સાફ થઇ શકે. પણ તેમ કરવામાં ધિરજ તથા દર વર્ષે થોડા પૈસાનો ઉપભોગ આપવો જોઇએ. તો શું તે આપણાથી ન બની શકે ? ખાસ પૂજારીઓ આ કામ માટે રોકવામાં આવે છે અને જેનું કામ આખો દિવસ દેરાસરજીમાં પૂજા સંબંધી સાપ્ર સુફ કરવાનું છે, એટલે જે ધિરજની જરૂર છે તે પૂજારીઓ પૂરી પાડી શકે અને ભકિત યુકત જૈન ગ્રહસ્થો પૈસા સંબંધી સહાયતા આપી શકેજ તો આ બન્ને મુશ્કેલીઓ સહેલાઇથી દૂર થઇ શકે અને અનંતા પાપબંધનમાંથી આપણે શીઘ્ર મુકત થઇ શકીએ તેમાં સંદેહ નથી. કહેવત છે કે "When there is a will there is a way." તે પ્રમાણે વાળાકુંચીની આશાતના ટાળવા માટે નીચે પ્રમાણે ઠરાવો કરવાની આવશ્યકતા છેઃ–

(૧) જેમ પીંછાની ટોપીઓ, કચકડાની જણસો, ચામડાંના પુઠાં વગેરે નહિ વાપરવા કોન્ફરન્સે ઠરાવો કર્યા છે તેમ પૂજામાં વાળાકુંચી નહિ વાપરવા ઠરાવ કરવો.

(૨) કોન્ફરન્સના ઠરાવને દરેક જગ્યાએ અમલમાં મૂકવા બનતો પ્રયાસ કરવો જોઇએ.

(૩) વાળાકુંચી માટે પુરતું જળ વાપરવું અને સાપ્ર કરવા માટે રૂપાની સળી અને શુધ્ધ કરેલ કપડાનો ઉપયોગ કરતા રહેવું અથવા તો તેવો કોઇ બીજો ઉત્તમ ઉપાય યોજવો જોઇએ.

(૪) ધિરજ અને ખંતથી કામ કરનાર ગોઠી યા પુજારી રાખવા જોઇએ.

(૫) ઊપલા ઠરાવો અમલમાં બરોબર આવે છે કે નહિ તે માટે દરેક જગ્યાએ કમીટી નીમવી જોઇએ.

ઊપરના લેખમાં કોઇને ભિન્નતા જણાય તો મહેરબાની કરી આ પત્ર દ્વારાએ લખશો તો હું ઊપકારી થઇશ.

# "જૈન બંધુઓની પડતીનું એક સજડ કારણ અને તે નાબુદ કરવાની દરખાસ્ત."

( લખનાર–કેશવલાલ હીરાલાલ. )

જ્યારે હું મારા સ્વધર્મી ભાઇઓ તરફ નજર કરૂં છું ત્યારે ચમત્કારીક દેખાવ મારી નજરે પડે છે. તે એ છે કે કેટલાક મારા ભાઇઓએ હલકી કોમની ઓરતો સાથે સંબંધ કર્યો છે, કેટલાકે તેઓની સાથે જમવાનું શરૂ કર્યું છે, કેટલાકે તેઓના હાથનું રંધેલું જમવાનું શરૂ કર્યું છે, અને કેટલાક તો છચોક તેવા વર્ણની સ્ત્રીઓ સાથે ઘર માંડી બેઠા છે. જૈન ગ્રહુસ્થ કોલણ, વાઘરણ કે દરજીની રાંડીરાંડ, ધણીઆતી અને કુંવારી ઓરતોની સાથે ઘર માંડી બેઠા છે ! એટલુંજ નહીં પણ મુસલમાન ઓરત સુધાંત પોતાના ઘરમાં લાવ્યા છે, અને તેવા દાખલા આ દેશમાં મોજુદ છે. તેવાઓ તરફ સાધારણ રીતે આપણે સર્વ ધીક્કારની નજરથી જોઇએ છીએ, પણ તેઓનું આ નીચ કૃત્ય કરવાનું કારણ શોધી તે દુર કરવાનો પ્રયાસ કરવાનું ઘણાજ થોડાને મન થતું જણાય છે. આવી રીતે કરનારમાંથી ઘણાખરાઓનું કારણ એ નિકળે છે કે પચીસ ત્રીશ વર્ષની ઉમરે પહોંચ્યાં છતાં, ગુજરાન કરવા શકતીમાન થયાં છતાં, સ્વધર્મી અને સ્વજ્ઞાતીની કોઇ કન્યા મળી શકી નહીં, કારણ કે સ્વધર્મી વર્ગમાં કન્યાવિક્રયનો પ્રચાર વધી જવાથી હજાર બલકે તેથી પણ વધારે રૂપીઆ કન્યાના લીધા સીવાય ઘણા થોડા કન્યા પરણાવે છે. જુવાનીનું એકલા રહેવાનું દુઃખ વેઠવું, કામ ધંધાથી પરવારે ત્યારે એકલા ઘેર રહેવું, શોક આનંદમાં કોઇ સહભાગીની સીવાય વધારે પીડાવું એ બધું સહન ન થઇ શકવાથી ન છુટકે લાઇલાજ બનીને આ કુડું કૃત્ય તેઓને કરવું પડે છે.

મારી સ્વધર્મી બેહેનો તરફ નજર કરૂં છું તો જૈનશાળામાં અભ્યાસ કરતી બહેનોમાંથી કેટલીક ૧૪–૧૬–૧૮–૨૦ અને ૨૨ વરસ સુધીની કુંવારી નજરે પડેછે. ઉપાશ્રયમાં સામાયક પ્રતિક્રમણના વખત ઉપર ૨૦ વરસની અંદરની રાંડીરાંડો નીહાળું છું. આવા રંજ ઉપજાવનારા વખતે પણ તેઓની દયાજનક સ્થીતી તથા કમનશીબીનું કારણ શોધવા સ્વભાવીક મન થાય છે.

આ બધી પડતી સ્થીતીનું કારણ બીજા ઘણા કારણોમાંનું મુખ્ય એક માલુમ પડેછે. તેને "કન્યા વેચાણ" કહો કે "કન્યા વિક્રય" કહો. આ અધમ રીવાજથી આપણી જ્ઞાતીમાં મોટી ઉમરનાં સ્ત્રી પુરૂષો અવીવાહીત માલુમ પડે છે. કારણ કે હાલની ટુંકી કમાણીના અંગે હજારો રૂપીઆ આપીને પરણવાનું ઘણાખરાઓથી બની શકતું નથી. અને જ્યારે યોગ્ય ઉમર અને લાયકાતવાળા પાસેથી પૈસા નથી મળી શકતા ત્યારે પચાસ વરસ ઉપરાંતના અગર તો લુલા, લંગડા, આંધળા કે કોઇ પણ શારીરીક ખોડવાળા અગર પરધર્મવાળાને કન્યા આપે છે અને કાંતો સુકોમળ

કન્યાને પરદેશ કે જ્યાંની ભાષા પણ તે બીચારી સમજતી ન હોય ત્યાં પરણાવેછે. અને કદાચ યોગ્ય ઉમર અને લાયકાતવાળા સાથે પરણાવે છે તો તેની પાસેથી એટલા બધા પૈસા લુંટી લેવામાં આવે છે કે પરણ્યા પછી તો તેને નીર્ધન સંસાર શરૂ કરવો પડે છે. અને પૈસાની પુરી તંગીને લીધે સ્વતંત્ર ફાવતો ઉદ્યમ નહીં કરતાં કોઇ પણ હલકી નોકરીમાં પેસી મહા મુસીબતે બે પેટનું ગુજરાન ચલાવે છે. બુઢા સાથે પરણાવે છે તો કન્યા વેળાસર રાંડી યોગ્ય ઉમરની લાવો લેવા જેવડી થાય ત્યારે જીંદગી પર્યંત શોકજનક સ્થીતીએ પહોંચે છે. અને તેના અઘોર પરીણામો વર્ણવવા કરતાં વધારે સારી રીતે શમજી શકાય છે અને આબરૂની ખાતર તેવાં અઘોર કૃત્યમાં સગાવહાલાંઓને ભાગ લેવો પડે છે. શારીરીક ખોડવાળા સાથે પરણાવવાથી પ્રજા ખોડવાળી થવા દેહસત છે અને જો વળી ધણી ધણીઆણી વચ્ચે રાસ્તી નથી આવતી તો ઘરસંસાર ઘણી મુશ્કેલીવાળો થાય છે અને સંસારસુખની આશા રાખવી એ નીષ્ફળ જાય છે. પરધર્મવાળા સાથે પરણાવતાં કેટલી મુશીબતો પડે છે તે સુજ્ઞ ધર્મી ભાઇઓની જાણ બહાર નહીં હોય એમ ધારી હું આંહી લખતો નથી, અને બાળાઓને પરભાષાવાળા પરદેશમાં આપવી તે તો તેને દેશનીકાલની સજા કર્યા બરાબરજ છે.

માટે સર્વ સ્વધર્મી ભાઇઓની ઉન્નતી ઇચ્છનારા કન્યાવિક્રય તરફ ધીક્કારથી જોઇ તે રીવાજ નાબુદ કરવા પ્રયાસ કરવા સર્વને મારી વીનંતી છે. અને જે રીતે વિધવા વીવાહ ઉત્તેજક ગ્રહસ્થો તરફથી તેવા વીવાહને આશ્રય આપવા માટે ફંડ તથા મંડળીઓ સ્થાપન થઇ છે, તેવા હરકોઇ બંધારણ ઉપર આ દુષ્ટ રીવાજ બંધ કરવા "કન્યાવિક્રય નીષેધક ફંડ તથા મંડળીઓ" સ્થાપન કરી તે બાબત પગલાં ભરવાં અને જૈન કોમને એવા નીચ અને ગેરઆબરૂ ભરેલા રીવાજમાંથી બચાવવા તન, ધન, અને મન દઇ મહેનત લેવા હવે વખત આવી પુગ્યો છે.

---

## શ્રી જૈન (શ્વેતાંબર) ડાયરેક્ટરી.

ગુજરાત, કાઠીયાવાડ અને દક્ષીણના જૈન ભાઇઓને અગત્યની સૂચના.

ગુજરાત, કાઠીયાવાડ અને દક્ષીણના અમારા જૈનબંધુઓને વિનંતી કરવામાં આવે છે કે આ ભાગોનું કામ લગભગ પુરૂં થવા આવ્યું છે અને બે ત્રણ અઠવાડીયાં પછી તેને છાપવા સારૂ તજવીજ કરવાની છે તો જે ગૃહસ્થો તરફ ડીરેકટરીને લગતાં ફોર્મો મોકલવામાં આવ્યા હોય તેમણે બનતી તાકીદે જોઇતી હકીકત ભરીને અમારા તરફ રવાના કરવા કૃપા કરવી. ઉતાવળ કરવાની મતલબ એજ કે જુદે જુદે ઠેકાણેથી ફોર્મો ભરાઇને આવ્યા પછી અમારે તે ફોર્મોની તારવણી કરવી પડે છે અને તેમાં ઘણો વખત જાય તે સ્વભાવીક છે.

સઘળો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો.

એસીસ્ટંટ સેક્રેટરી

**શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સ.**

સરાફ બજાર—મુંબઇ.

# ચોથી કોન્ફરન્સ ભરવાના વખતના સંબંધમાં પાટણ નિવાસી જૈન બંધુઓને અગત્યની સૂચના.

---

(લખનાર—એસીસ્ટંટ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ—મુંબઇ.)

ગયે વર્ષ વડોદરા ખાતે ભરાયેલી ત્રીજી કોન્ફરંસના મેળાવડા વખતે ચોથી કોન્ફરંસ પોતાને ત્યાં ભરવાનું આમંત્રણ આપણા પાટણ નિવાસી જૈન ભાઇઓ તરફથી થતાં તે ઘણી ખુશી સાથ કબુલ રાખવામાં આવ્યું હતું અને તે પ્રમાણે ચોથી કોન્ફરંસનો મેળાવડો પાટણ ખાતે કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો હતો. આ પ્રમાણે ઠરવાથી અમારા પાટણ નિવાસી જૈન ભાઇઓએ તેને લગતી સઘળી તૈયારીઓ કરવા માંડી છે અને રીસેપ્શનકમીટી વીગેરે નીમી કોન્ફરંસને લગતા ખર્ચ વીગેરેને પુગી વળવા સારૂ ફંડ પણ શરૂ કર્યું છે અને અત્યાર સુધીમાં ત્યાંના ઉદાર વૃત્તિવાળા જૈન ભાઇઓ તરફથી સારી રકમો તે ફંડમાં ભરવામાં આવી છે. વળી કોન્ફરંસ ભરવા સારૂ કરવો જોઇતો પ્રાથમીક પત્રવ્યવહાર શરૂ કરવા તથા પોતાને ત્યાં ભરાનાર મહા મંડળના પ્રમુખપદ માટે યોગ્ય નરની પસંદગી કરવાને જોઇતી તપાસ વીગેરે કરવામાં પણ તેઓ ચુક્યા નથી. વળી મહા મંડળને સારૂ મંડપ તથા દેશના જુદા જુદા ભાગમાંથી આવનારા સ્વધર્મી પ્રતિનીધીઓ સારૂ ઉતારા વીગેરેની વ્યવસ્થા કરવા વીગેરે સઘળી તૈયારીઓ કરવામાં તેઓ અત્યારે ગુંથાઇ ગયા છે.

આપણી કોન્ફરંસ સાધારણ રીતે નવેંબર માસમાં ભરાય છે અને તેજ પ્રમાણે પાટણ શહેરમાં પણ આ મંડળનો મેળાવડો નવેંબર માસમાંજ અમારા પાટણ નીવાસી ભાઇઓ કરે તે સ્વભાવીક છે. પરંતુ વડોદરા ખાતે ભરાયેલા આ મંડળના ત્રીજા મેળાવડા પછી આ વર્ષના નવેંબર માસમાં નામદાર પાટવી કુંવરતથા તેમની મહોરદારની આ દેશમાં પધરામણી નક્કી થઇ છે અને તેથી કરીને તેની ધામધુમમાં રોકાઈ જઇને જુદા જુદા ભાગના જૈન શ્રીમંતો, અમલદારો અને બીજા પ્રતિષ્ટીત ગ્રહસ્થો તેજ માસમાં ભરાનારી આપણી ચોથી કોન્ફરંસમાં હાજર ન રહી શકે તે સ્વભાવીક છે. આ મહાન શુભ પ્રસંગે દેશના જુદા જુદા ભાગના મોટાં શહેરોમાં ભારે ધામધુમો કરવાની અત્યાર પહેલાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અને તેથી કરીને કેટલાએક આ ધામધુમો નજરે જોવા સારૂ તથા કેટલાએક આ માનવંતા પરોણાઓના દીદારના દર્શનનો લાભ લેવા સારૂ રોકાઇ જશે. વળી કેટલાએક મોહોટા અમલદારો તથા અમુક શહેરોના આગેવાનો તરીકેની પોતાની ફરજોને અંગે પોતાનું સ્થળ ન છોડી શકે એ બનવા જોગ છે. દાખલા તરીકે મુંબઈ, અમદાવાદ, ગ્વાલીયર, જેપુર, કલકત્તા વીગેરે સ્થળો કે જ્યાંની નામદાર પાટવી કુંવર અને તેમની મોહોરદાર જરૂર મુલાકાત

લેનાર છે ત્યાંના જૈન આગેવાનો, અમલદારો તથા અન્ય ભાઈઓને પોતાનાજ સ્થળોમાં રોકાઇ રહેવું પડે અને તેને લીધે તેજ અવસરમાં પાટણ ખાતે ભરનાર કોન્ફરંસમાં કદાચીત તેમનાથી હાજર રહી ન શકાય. નામદાર પાટવી કુંવરની આ દેશમાં થનાર પધરામણી ખરેખર જેમ અન્ય રાજ્યનિષ્ટ પ્રજાઓને આવકારદાયક છે તેમજ આપણી જૈન પ્રજાને પણ છે પરંતુ તેજ માસમાં પાટણ ખાતે ભરાનાર કોન્ફરંસમાં જુદા જુદા ભાગના જૈન ભાઇઓને હાજરી આપતાં અટકાવવાની તે કેટલેક અંશે અસર કરે તે નક્કીજ છે. આવાં કારણોને લીધે જો પોતાને ત્યાં ભરાનાર કોન્ફરંસ તેઓ બરાબર ફ્તેહમંદ બનાવવા ઇચ્છતા હોય તો આ વર્ષ સારૂ તેનો ભરવાનો વખત બદલવાની અમે અમારા પાટણ નિવાસી ભાઇઓને ખાસ ભલામણ કરીએ છીએ. વળી આ સાથે ગયા ઓગષ્ટ માસમાં આખા ગુજરાત પ્રાંતમાં પડેલા ભારે વર્ષાદે જે સંકટ ફેલાવ્યું છે તેથી પાટણમાં પણ હજારો ઘરો પડી જઇ ઘણું નુકશાન થયેલું આપણા જાણવામાં આવ્યું છે અને કોન્ફરંસની તૈયારીઓ કરવામાં રોકાયલા પાટણના અમારા જૈન ભાઇઓને પોતાના પડી ગયલાં ઘરો વગેરે સમરાવવામાં રોકાઈ જવું પડયું હશે. વળી આ સાથે જ્યારે પાટણમાં અમારા જાણવા મુજબ આશરે ૩૦૦૦ ઘરો પડી ગયાં છે તો જુદે જુદે ઠેકાણેથી પધારનાર ડેલીગેટોને ઉતારા વીગેરે આપવાની પણ તેઓને ઘણીજ અડચણ આવવા સંભવ છે.

આ સઘળા સંજોગો જોતાં અમારૂં તો એમ માનવું છે કે પાટણની કોન્ફરંસ ભરવાના વખતમાં ફેરફાર કરવાની ખાસ જરૂર છે અને જો તેઓ તેમ નહીં કરે તો અમારા ધારવા પ્રમાણે જુદા જુદા સ્થળોના આગેવાનો અને અન્ય ભાઇઓ પુરતી સંખ્યામાં કોન્ફરંસમાં હાજર રહી શકશે નહીં અને તેથી કરીને પોતાને ત્યાં ભરાનાર કોન્ફરંસ ફતેહમંદ બનાવવાની જે કુદરતી ઇચ્છા તેઓમાં હોય તે ઘણે અંશે પાર પડી શકશે નહીં. વળી આ સાથે પાટણ શહેરમાં ગયા ભારે વરસાદે જે આફત ફેલાવી છે તેની અસરથી કોન્ફરંસ ભરવામાં જે મોટી મોટી તૈયારીઓ કરવી પડે તે સર્વે તૈયારીઓ કરવાનું તેઓથી બની શકશે કે કેમ તે પણ શંકા ભરેલું થઈ પડયું છે કારણ કે સર્વે ભાઈઓ આ કારણને લીધે અન્ય વ્યવસાયમાં રોકાઈ ગયેલા હોવા જોઈએ. હવે જો કોન્ફરંસ ભરવાનો વખત આગળ લેવામાં આવે તો તે સાથે એટલું પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે તે બીનારસ ખાતે ભરાનાર કોંગ્રેસ અને મહાન પ્રદર્શન પછીજ રાખવો ઠીક થઇ પડશે કારણ કે કોંગ્રેસમાં ભાગ લેવા તથા દેશી હુન્નર અને કારીગીરીનું મહાન પ્રદર્શન નિહાળવા અમારા ઘણા શ્રીમંત જૈન ભાઇઓ જાય તે સ્વભાવીક છે. આ સર્વે બાબતો ધ્યાનમાં લેતાં પાટણ ખાતેની ચોથી કોન્ફરંસ ભરવાનો વખત મહા મહીનામાં રાખવો ઠીક થઈ પડશે અને તેથી અમે આશા રાખીએ છીએ કે, અમારા પાટણ નિવાસી સુજ્ઞ જૈન બંધુઓ અમારી આ સુચના ઉપર યોગ્ય લક્ષ આપી આભારી કરશે.

# સ્ફુટ વિચાર.

(લખનાર-આસીસ્ટંટ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ-મુંબઇ.)

**પુર્વની કલ્યાણક ભૂમીઓનો જીર્ણોદ્ધાર.**

પુર્વમાં આવેલી કલ્યાણક ભૂમીઓમાં ગયા જુન માસમાં જણાવેલ સર્વ ઠેકાણે જીર્ણોદ્ધારનું કામ ચાલી રહ્યું છે. શહાજાનપુરનું દેરાસર ઘણી મહેનત કરીને બાબુ રાયકુમારસીંગજીએ ઉઘડાવ્યું છે અને પુજા વિગેરે શરૂ થઇ ગઇ છે તથા મરમ્મત કરાવવાનું પણ ચાલુ થયું છે. આ બાબતમાં લખનારા બાબુ પરતાપચંદજી, બાબુ ચુનીલાલજી, અને બાબુ મોતીલાલજી કે જેમના લખાણ ઉપરથી બાબુ રાયકુમારસીંગજીએ આ બાબતમાં ત્યાં જઇને તજવીજ કરી તેમને ઘણોજ ધન્યવાદ ઘટે છે. ગયે વર્ષે આ મંદીરને વાસ્તે કોન્ફરંસ તરફથી રૂ. ૧૦૦ મોકલવામાં આવ્યા હતા અને તેજ રીતે જરૂર પ્રમાણે મોકલવામાં આવશે.

આઉદ પ્રાંતમાં શ્રી કંપલાજી પણ એક કલ્યાણક ભૂમી છે અને કોન્ફરંસ તરફથી તેના ઉદ્ધારનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

અજોધ્યાજીમાં ઘણુંખરૂં કામ થઇ ગયું છે. હવે ફક્ત થોડું કામ બાકી છે. ગયે વર્ષે આ કામ માટે રૂ. ૧૦૦૦)ની મંજુરી આપવામાં આવી હતી પરંતુ બાબુ રામચંદજીના સ્વર્ગવાસથી આ કામ બંધ પડી ગયું હતું. આ કામ માટે બાબુ રાયકુમારસીંગજી એક સારા માણસની શોધમાં છે; મળ્યેથી જલદીથી કામ શરૂ કરવામાં આવશે. શ્રી રાજગ્રહીજીમાં જીર્ણોદ્ધારનું કામ ચાલે છે. પહેલાં પુજા વીગેરેનો બંદોબસ્ત ઠીક નહોતો તેથી પુજારીઓનો પગાર વધારવામાં આવ્યો છે અને હંમેશા પુજા વીગેરે સારી રીતે કરવાને તેઓને તાકીદ આપવામાં આવી છે અને તે પ્રમાણે નીયમસર સારી રીતે પુજા વીગેરે થયાં કરે છે.

**કલકત્તા શ્રી શંઘનું દેરાસર અને તે સંબંધી ઝઘડો.**

કલકત્તામાં બરા બજારમાં ત્યાંના શ્રી સંઘનું એક દેરાસરજી છે. તે દેરાસરનો વહીવટ બાબુ હીરાલાલજી ઝોહુરી કરતા હતા પરંતુ થોડા વખત ઉપર કાંઈ કામ પ્રસંગે તેઓ દીલ્લી ગયેલા અને ત્યાં અચાનક ગુજરી ગયા. થોડા દીવસ બાદ મજકુર બાબુ હીરાલાલજીના પુત્ર બાબુ ચુનીલાલજી ઝોહરી, બાબુ સીખરચંદજી તથા બાબુ રીખવદાસજી અનુક્રમે સદહું દેરાસરજીના ટ્રસ્ટી, સીબાયત અને મેનેજર થઈ ગયા અને પોતાના વકીલ માર્ફતે જાહેર વર્તમાન પત્રોમાં તે મતલબની જાહેર ખબર છપાવી દીધી. આ ઉપરથી કલકત્તાના કુલ જૈન સમુદાયે એકમત થઈને તે બાબતમાં વિચાર કર્યો અને ઉપર જણાવ્યા મુજબના તેમના વર્તનને ગેરવ્યાજબી ગણ્યું અને તે દેરાસરજીનો

વહીવટ ચલાવવાને તથા બાબુ ચુનીલાલજી વીગેરે પાસેથી સદહું દેરાસરજીનો ભંડાર વીગેરે સંભાળી લેવાને ઝવેરી, મારવાડી, બાલુચરી અને ગુજરાતી સાથમાંથી દરેકના ત્રણ ત્રણ થઈને બાર ગ્રહસ્થોની કમીટી મુકરર કરવામાં આવી. મેંબરોના નામો નીચે પ્રમાણે છેઃ-રાય બદ્રીદાસજી મુકીમ બહાદુર, બાબુ મોતીચંદજી નખત, ચુનીલાલજી ભનસાલી, મુન્નાલાલજી પારખ, મંગલચંદજી, રીધકરણજી, માલચંદજી, પુનમચંદજી, હીરાલાલજી દુધેરીયા, જેઠાભાઈ જેચંદ, વલ્લભજી હીરજી તથા ઇંદ્રજી સુંદરજી. સદહું ત્રણ ગ્રહસ્થોને આ કમીટીએ ઘણી વખત કહેવડાવ્યા તથા લખ્યા છતાં તેઓએ ભંડારની સુંપરત કરી નહીં અને અયોગ્ય જવાબ આપ્યા. આ ઉપરથી શ્રી શંઘના હકને નુકશાન થતું હોવાથી તેમજ બીજા સ્થળોના તીર્થો તથા દેરાસરોને વાસ્તે એક ખરાબ દાખલો બેસતો હોવાથી ઉપર જણાવેલી કમીટીએ સદહું દેરાસરજીનો કબજો લેવાને કોર્ટમાં દાવો કર્યો છે.

**જૈન ડીરેકટરી.** હાલમાં ગુજરાત, કાઠીયાવાડ અને દક્ષીણ પ્રાંતની જૈન ડીરેકટરીનું કામકાજ મુંબઈની હેડ ઓફીસમાં ચાલે છે. ગુજરાત અને કાઠીયાવાડ કેટલાંએક મોટાં સ્થળો શીવાય લગભગ પુરાં થવાં આવ્યાં છે. કેટલાંએક મોહોટાં શહેરોની ડીરેકટરી નહીં આવેલી હોવાથી આ પ્રાંતો પુરા થયેલા કહેવાય નહીં અને તેથી તેની સંપૂર્ણ તારવણી તથા તે તે પ્રાંતોની સંસારીક સ્થીતી ઉપર રીપોર્ટ કરવાનું બની શકે નહીં અને તેને લીધે તે પ્રાંતોની ડીરેકટરી છપાવવામાં ઢીલ થવાનો સંભવ છે. આ પ્રાંતોના જે મોહોટાં સ્થળોની ડીરેકટરી તૈયાર થઈને આવી નથી તે સ્થળોના આગેવાનોને અમારી નમ્ર વિનંતી છે કે તેમણે પોતાના સ્થળોની ડીરેકટરી જેમ બને તેમ જલદીથી મોકલી આપવાની કૃપા કરવી કે જેથી કરીને ઉકત પ્રાંતોની ડીરેકટરી છપાવવાની તજવીજ કરવામાં સવડ પડે.

આ પ્રાંતોની ડીરેકટરીના સંબંધમાં અમારા અનુભવ ઉપરથી અમને એમ માલમ પડે છે કે મોહોટાં શહેરો કરતાં નાનાં ગામડાંના જૈન ભાઈઓ આવાં કાર્યોમાં વધારે ઉત્સાહી રહે છે અને આપણી દરેક ધાર્મીક હીલચાલમાં પોતાથી બની શકતી સર્વે પ્રકારની મદદ આપવા હંમેશાં તૈયાર રહે છે અને તેને માટે ખરેખર તેમને ધન્યવાદ ઘટે છે.

ગુજરાત અને કાઠીયાવાડ શીવાય દક્ષીણ, બરમા, બંગાલ, મધ્યપ્રાંત અને માળવા તથા મારવાડના કેટલાએક ભાગોમાં પણ આ કામ શરૂ થઇ ગયું છે. વળી આવતા માસથી કચ્છ પ્રાંતમાં પણ આ કાર્યની શરૂઆત કરવાની સર્વે ગોઠવણ કરવામાં આવી છે. ગુજરાત અને કાઠીયાવાડમાં બીજા પ્રાંતો કરતાં કેળવણીનો કાંઇક પ્રચાર વિશેષ હોવાથી તે પ્રાંતોમાંથી આ કાર્યમાં સારી મદદ મલી છે અને તે માટે પુષ્કળ ઉત્સાહ અનુભવવામાં આવ્યો છે. આ પ્રાંતો શીવાયના બીજા પ્રાંતોના અમારા જૈન ભાઇઓને આ મહત્વના કાર્યને સાંગોપાંગ પાર ઉતારવામાં બની શકે તેટલી મદદ આપવા અમારી ખાસ અરજ છે.

જીર્ણોદ્ધાર. આ વિષયમાં દેશના જુદા જુદા ભાગમાંથી પોતાને ત્યાંના મંદીરોના જીર્ણોદ્ધારને સારૂ મદદ માટે અમારા ઉપર પુષ્કળ અરજીઓ આવે છે અને તેથી તેને લગતા ફંડનો વિચાર કરતાં સઘળી અરજીઓ ઉપર ધ્યાન આપવું મુશ્કેલ થઇ પડે છે અને તેને સારૂ અમારા સર્વે ભાઇઓની ક્ષમા માંગીએ છીએ. આ બાબતમાં અમારે એક ખાસ સુચના કરવાની છે અને તે એ છે કે પોતાના સ્થળના દેરાસરનું પછી તે નવું હોય યા જુનું હોય તેનું કામ પોતાની ગુંજાશ ઉપરાંત ઘણા મોટા પાયા ઉપર ઉપાડવાની તે સ્થળવાળાઓ તરફથી ઘણીએક વખત ભૂલ કરવામાં આવે છે અને તેને લીધે તે દેરાસરોને ઘણી વખત બાહારથી જોઇએ તે વખતે યોગ્ય મદદ નહીં મળી શકવાથી ઘણુંજ નુકશાન થાયછે. મોટા પાયા ઉપર કામ ઉપાડીને તે નાણાની તંગાસને લીધે તેજ પ્રમાણે ચાલુ રાખી શકાતું નથી અને તેથી બાકી રહેલું અધુરૂં કામ પુરૂં કરવામાં જે વીલંબ થાય છે તે થયેલાં કામને નુકશાન પહોંચાડે છે. ઘણે ઠેકાણે આ પ્રમાણે થયેલું અમારી જાણમાં આવ્યું છે અને તેથી સર્વ સ્થળોના અમારા જૈન ભાઇઓને અમારી એક ખાસ સુચના છે કે પોતાને ત્યાંના દેરાસરનું કામ પોતાની પાસેનાં નાણાંના પ્રમાણમાંજ શરૂ કરવું કે જેથી કરીને આગળ ઊપર તે પુરૂં કરવામાં કોઈ જાતની મુશ્કેલી પડે નહીં. આ સંબંધમાં અમારા ગયા અંકમાં અમે જે સુચના કરેલી તે પ્રમાણે જુદા જુદા પ્રાંતોમાં જૈન તીર્થ તથા ચૈત્ય રક્ષક કમીટીઓ નીમવામાં આવે તો તે કમીટીઓ આવાં જીર્ણ થયેલાં દેરાસરો તથા નવીન દેરાસરો ઉપર દેખરેખ રાખે અને જીર્ણોદ્ધારનાં તથા નવાં કામો યોગ્ય રીતે થઇ શકે તેવી તજવીજ કરવાનું બની શકે. અમે આશા રાખીએ છીએ કે સર્વ સ્થળના અમારા ધર્મ બંધુઓ અમારી આ સુચના ઉપર યોગ્ય લક્ષ આપશે.

# अमारा धर्मबंधुओने विनंती.

केटलाअेक गृहस्थो के जेमने जुदा जुदा गामना आगेवानो तरीके गणीने आ मासीक मोकलवामां आवे छे तेओ छ छ महीना सुधी राखीने मासीक पाछुं वाळे छे तेमज केटलाएक गृहस्थो वी. पी. पण पाछुं वाळेछे. आम थवाथी कोनफरन्स फंडने जे नाहक खर्चमां उतरवुं पडे छे ते आवा गृहस्थोने शोभारूप नथी. जे गृहस्थोने लवाजम आपी आ मासीक राखवानी खुशी न होय तेमणे एक पोष्ट कार्ड लखी अमने ते विषेनी सूचना आपवी के तेथी अमने नाहक खर्चमां उतरवुं न पडे. हवेथी जे गृहस्थो अमने आ प्रमाणे नाहक खर्चमां उतारशे तेमनां नामो अमारे अमारी मरजी विरुध्ध आ मासीकमां प्रसिध्ध करवानी फरज पडशे जे मजकुर गृहस्थोने ठीक लागशे नहीं.

मासीकनुं लवाजम पण बनती त्वराए मोकली आपवानी सर्वेने विनंति छे.

एसीस्टंट सेक्रेटरी,

**श्री जैन श्वेतांबर कोनफरन्स.**

सराफ बजार—मुंबई.

**ધી ગુજરાત કેન્ડલ ફેકટરી અને એસ્બેસ્ટોસ વર્કસ, જુબીલી બાગ. તારદેવ, મુંબઇ.**

ધર્મિષ્ટ જૈન બંધુઓ માટે ખાસ ! !

**ચરબી અથવા બીજા પ્રાણીજન્ય પદાર્થો રહિત**

# પવિત્ર મીણબત્તી.

આવી જાતનું કારખાનું હિંદુસ્તાનમાં આ પહેલવહેલુંજ છે અને તેમાં સાધારણ બજારમાં મળતી પરદેશી મીણબત્તીઓમાં ચરબી વિગેરે હિંસાના તેમજ ધર્મ વિરૂદ્ધ પદાર્થો આવે છે, તેવા કાંઈ પણ પદાર્થ વાપર્યા વિના શુદ્ધ વનસ્પતિના તેલોમાંથી વાલસેટ, ગાડીની, પેનસીલ જેવી, નકશીવાળી વિગેરે મીણબત્તીઓ દરેક કદ, વજન અને રંગની બનાવવામાં આવે છે, અને જેની સરસાઇને માટે બીજી બનાવટની મીણબત્તીઓ સાથેના મુકાબલામાં જુદા જુદાં પ્રદર્શનોમાંથી પાંચ સોનાનાં અને એક ચાંદીનો ચાંદ મળવા ઉપરાંત, નામાંકિત વિદ્વાનો પાસેથી સેંકડો ઉત્તમ સરટિફિકેટ મળેલાં છે ભાવમાં પણ બીજી બનાવટો કરતાં સસ્તી છે, અને આ મીણબત્તીઓ કોઇપણ જાતના હિંસક પદાર્થો રહિત હોવાથી દેરાશરમાં વાપરવા માટે ખાસ ઉપયોગી છે, અને તેથી આપણા દેરાસરોમાં તેલની રોશની કરવામાં જે મેહનત અને માથાકુટ પડે છે, તે અમારી મીણબત્તીઓથી ઘણે દરજ્જે ઓછી થઇ જાય છે. વળી ઘણારા ધાર્મીક જૈન બંધુઓ કે જેઓ ઘર વપરાશ માટે ચરબીવાળી મીણબત્તીઓ વાપરતા નથી, તેઓને પણ આ મીણબત્તીઓ ખાસ ઉપયોગી થઇ પડશે, અને તેથી અમારા જૈન બંધુઓનું અમારી મીણબત્તીઓ તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

કિંમત તથા માહિતી માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા, તેમજ એક વખત અજમાયશ લેવા વિનંતી છે.

મોતીલાલ કશળચંદ શાહ જી. એમ. એ. સી.

**મેનેજર અને માલીક**—ધી ગુજરાત કેન્ડલ ફેકટરી અને એસ્બેસ્ટોસ વર્કસ.

જયુબિલીબાગ, તારદેવ—મુંબઇ.

---

**शुद्ध और चरबी रहित**

## पवित्र मोमबत्तीयां.

**खास जैन धर्मियोंके वास्ते.**

हमारे यहां मुखतलिफ् किसम वजन् सफेत मोंबत्तीयां बनती है. इस्की बनावटमें कोई नापाक जानवरोंका जुझ नहीं है. इस्की रोशनी दूसरी बतीयोंसे कम नही हय और ये उन्से ज्यादा देरतक जलती है. और इन्ही औसाफ् के सबब पांच सोनेके और एक चांदीका तमगा याने आलासनदें और सिवाय बहोतसी सनदें मिली हय. चूंके आपके यहां मोंबतीयां इस्तेमाल और फरोक्त होती है इस लिये अगर आप एक दफे हमारी बतीयां मंगवायेंगे तो आप को उन्की खुबीयोका यकीन होगा.

हमारा पताः—**मोतीलाल कशळचंद शाह. मेनेजर और मालीक**—गुजरात केन्डल फेकटरी ॲन्ड ॲस्बेस्टॉस वर्क्स, जुबिली बाग, ताडदेव, मुंबई.

# धर्माभिमानी जैन भाइओ, चेतो !!

आजकाल सघळाओ चरबीवाळा अपवित्र साबुओ वापरे छे; परंतु हवे ज्यारे ताडदेव, मुंबईनी धी होली सोप मेन्युफेकचारिंग कंपनीना चरबी वगरना, पवित्र बनावटना, मनोहर देखावना, मधुर सुगंधना अने विलायती मालने हरीफाईमां हठावे तेवा तेमज कींमतमां घणा सस्ताः—

## साबुओ



के जेणे मुंबइवाळा कोनग्रेसना प्रदर्शनमां सोनानो चांद मेळव्यो छे तेवा—

**हाउस होल्ड**—त्रण गोटीना एक बाकसना **छ आना. कपुरनो साबु**—त्रण गोटीना एक बाकसना **छ आना.**

**गुलाब, केवडो, हीना, खस**—दरेक जातना त्रण गोटीना एक एक बाकसना **दस आना.**

फेवरीट—( रीमेल जेवो ) एक डजन गोटीना **दस आना. बोम्बेबाथ**—एक डजनना एक बाकसनो **दोढ रुपियो.**

कारबोलिक—फाइव परसेन्ट—एक डजनना **दस आना.**

वगेरे जुदी जुदी जातना अने जुदी जुदी किंमतना नहावा-धोवाना साबुओ जे अमारे त्यां मळे छे ते शा माटे वापरता नथी ? प्राइस्लीस्ट मंगावो. रु. २९ अने तेथी वधारे किंमतनो माल मंगावनार वेपारीओने सारुं कमीशन मळे छे. वळी उत्तम चहा, स्वदेशी मीणबत्ती, स्वदेशी स्लेटपेनो, डा० बर्मन अने आर. हकीमनी पेटन्ट दवाओ तथा वखणातुं "सुंदरी विलास हेअर ऑईल" अमारे त्यां मळे छे.

सोल एजंट—**मोहनलाल चुनीलाल दलालनी कंपनी. भुसारी मोहल्लो—मुंबई.**

---

घणुं सुगंधी—घणुं सस्तुं !
स्त्रीओमां घणुं मानीतुं अने जाणीतुं

## सुंदरी विलास  हेर ऑइल

आ हेअर ऑइलनी सुगंधी मधुर अने मनोहर छे. वाळने वधारवानो एनामां खास गुण छे. आ तेलथी वाळ काळा, चळकता अने रेशम सरखा मुलायम बनेछे.एक बाटलीनी **कींमत छ आना.** टपाल खरच जुदुं.

**बी. एल. गुप्ता अेन्ड सन्स.**
भांत्राकाटो, पोयधुणी—मुंबइ.

# जाहेर खबर.

## मुनिमहाराजश्री अमरविजयजीकी रंगीन मूर्ति.

### जैन शालाओ अने लायब्रेरीमां भेट.

दक्षिण प्रान्तिक कोनफरन्सके उत्पादक मुनि अमरविजयजी महाराज तथा बालविजयजी महाराजकी रंगीन मूर्ति—जैन शालाओ, सभाओ, मंडलो, वर्गो अने उपाश्रयोमां राखवा सारू हमारा तर्फसें बे मुनि महाराजोकी रंगिन मूर्ति मुफत मोकली आपवामां आवशे. जैन शालाना आगेवानोए अवश्य मंगालेनी. टपाल खर्च वास्ते मात्र अडधा आनेकी टिकीट पत्रमां बीडवी. ठे. शा. भागचंद चुनिलाल. मु. आमलनेर. खानदेश.

---

### Important Notice To Jain Graduates.

Wanted three *bona-fide* Jain B. A's or M. A's of any Indian University of the Swetamber image-worshipping sect with Sanskrit as their Second Language to study Jain religion, Philosophy and Nyaya for two years in the Benaras Yashovijaya Jain Pathashala on a monthly scholarship of Fifty Rupees each Applications with testimonials of good conduct, behaviour and college career ought to be addressed as soon as possible to:—

*YASHOVIJAYA Jain Pathashala,*
*Moholla Nandan Sahahu, Benaras City.*

---

## જૈન લેખકોને જરુરનું—ઈનામ રૂ. ૧૧

"જૈનોનાં જાહેર ખાતાં અને તેની હાલની સ્થિતિ" એ વિષય ઉપર સૌથી સારો નિબંધ લખી મોકલનારને શ્રી **જૈન શુભેચ્છક મિત્ર મંડળ તરફથી** રૂ. ૧૧ નું ઇનામ આપવામાં આવશે.

છેલ્લામાં છેલ્લા આસો વદ ०)) પછી આવેલા લેખો ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં માટે લેખકોએ પોતાના લેખો તે મુદતની અંદર મોકલી આપવા તસ્દી લેવી.

ચંપાગલી, મુંબઈ. લી० શુભેચ્છક
તા० ૩૦—૮—૧૯૦૫ લલ્લુભાઈ કરમચંદ દલાલ.
ઓનરરી સેક્રેટરી.

## "વિદ્વાનોને અગત્યનુ"

જૈન શાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓની પરિક્ષા લઈ શકે તથા ભાષણ દ્વારા ઉપદેશ આપી નવીન સ્થાપન કરી શકે અને કાયમ ટકી શકે તેવી સ્કીમથી પાઠશાળાઓનુ બંધારણ કરી શકે તેવો એક અનુભવી જૈન ઈન્સ્પેકટર જોઈએ છે. પગાર લાયકાત મુજબ રૂ. ૧૫ થી ૩૦. અરજ કરનારાઓએ પોતાના ધાર્મીક અને વ્યવહારીક અભ્યાસ સાથે નીચેના શીરનામે લાયકાતના સર્ટીફીકેટો સાથે અરજ મોકલવી. તા૦ ૧૯—૮—૫

**લી૦ શા. વેણીચંદ સુરચંદ**

સેક્રેટરી.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ. મુ. મેસાણા.

---

## सेंकडो मेकरोमांथी चुंटी कहाडेलां चोकस भरुंसादार घडीआलो.

लांबी गेरंटी अने अयुक्त प्रसंशाना तडाका मारवा करतां एटलुंज *कहेवुं बस थशे के नहीं पसंद पडेलो माल* पाछो लई पुरा पैसा पाछा आपीशुं. जेओ घडीआळनी बाबतमां जरापण जाणकार हशे तेमने नीचेनी जाहेर खबर वांच्याथी मालूम पडशे के नीचे जणावेली घडीआळो तद्दन भरुंसादारछे अने ते माटे अमारी कींमतो बीजा वेपारीओ करतां लगभग २५ टका जेटली ओछी छे. दरेक घडीआळ चालु मध्यम कदनुं छे अने सुंदर काच कमान अने पेटी साथे मोकलवामां आवे छे.



कीं. रुपीया.

सीस्टम रास्कोप लीवर प्रीमा नं. १. ७ गेरंटी २ वर्ष

„ „ सीस्ता ६ „ १ वर्ष

„ „ रीता ५॥ „ १ वर्ष

„ „ चांदीना केसनुं १० „ २ वर्ष

हायर ग्रेड मेरीडीयन लीवर ११ अने १३ „ ३ वर्ष

„ „ चांदीनुं १५ अने १७ „ ३ वर्ष

„ „ नक्कर सोनानुं ४५ अने ५० „ ३ वर्ष

आठ दिवसनी चावीनुं चांदीनुं लीवर १६ अने २२ „ २-३

हाथना पटानुं नानुं मेरीडीअन चांदीनुं कीं. रु. १३ अने १७. गेरंटी २ अने ३ वर्ष.

चांदीनी गळानी चेन रु. १)=, १।, चांदीना होलमार्क छेडा रु. ३ थी ५. चांदीना संचामां बनावेला बटन तोलानो रु. १ नीकलनो छेडो ०।= पींच गोल्डनो छेडो रु. ४॥ थी ७ सुधी; पेकींग मुफत, पोष्टेज अने व्ही. पी. अधीक.

**मणीलाल सी मोदी, मेन्युफेकचरस एजन्सी.**

चंपागली—मुंबई.

**घडीआळो दुरस्त करवानुं काम पण व्याजबी पैसा लई करी आपवामां आवेछे.**

# ગોદરેજ અને બાઇસ.

## ત્રીજોરીઓ, તાળા તથા કળ બનાવનાર.

ગેસ કંપનીની પાસે, પરેલ, મુંબઇ.

ગોદરેજ અને બાઈસના કારખાનાનાં માલેક ઇંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળનાં વરાળનાં ઇન્જીનથી ચાલે છે. ગોદરેજ અને બાઈસની ત્રીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી ત્રીજોરીઓની માફક હોવાં છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીઆં સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથ વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ગોદરેજ અને બાઈસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી. આવી ખુબી ગમે એવી વેલાતી ત્રીજોરીમાં હોતી નથી.

ગોદરેજ અને બાઈસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઇનામ સોનાના ચાંદ મળ્યા છે.


---

# જૈનોને અગત્યની ખબર.

સમયાનુસાર ઉત્તરોત્તર જ્ઞાનની હાની થતી જોવામાં આવે છે તેના અભ્યુદયન, સહજ ચીન્હ જૈનશાળાઓ પાઠશાળાઓથી જણાવા લાગ્યાં છે પરંતુ ભણાવનાર માસ્તરોના અભ્યાસની ખામીથી જૈન શાળાઓનો અભ્યાસ અશુધ્ધતાવાળો દ્રષ્ટીગોચર થાય છે તેમ કેટલેક સ્થળે ફંડ છતાં માસ્તરો મળતા નથી. આ ખામી દુર કરવા ૧૫ જૈન ભાઈઓને મેસાણા શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં રાખી સારા અનુભવી માસ્તરો પાસે કેલવણી અપાવવાની અમોએ ગોઠવણ કરી છે. બોર્ડીંગની સવડ પણ અમોએ કરી છે. ઉમેદવારોએ પોતાની લાયકાતના સર્ટીફીકેટ તથા પોતાના વ્યવહારીક ને ધાર્મીક અભ્યાસ સાથે "શ્રી યશો વિજયજી જૈન પાઠશાળા, મુ. મેસાણા" એ નામથી અરજ મોકલવી. છ માસ અભ્યાસ કરાવ્યાં બાદ લાયકાત મુજબ રૂ. ૧૦-૧૫ના પગારથી ગોઠવણ કરવામાં આવશે. વધુ ખુલાસો પત્રદ્વારા મળશે. ત્રણ ચારને દાખલ કરેલ છે. વહેલો તે પહેલો.

શા. વેણીચંદ સુરચંદ

સેક્રેટરી.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ. મુ. મેસાણા.

Registered No. B 525.

वीर सम्वत् २४३१. ॐ विक्रम सम्वत् १९६२.

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference.
# HERALD.

(A CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स
# हरैल्ड.

Vol. I, No. 9. पुस्तक १, नम्बर ९.
September 1905. सप्टेम्बर सन १९०५.

*Conducted by,*
GULABCHAND
DHADDA
M. A,
JAIPUR.

*Published by*
THE JAIN S.
CONFERENCE
OFFICE.
BOMBAY.

संपादक—गुलाबचंद ढढ्ढा एम्. ए.
प्रकाशकर्ता
श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस—मुम्बई.

Annual Subscription with postage Re. 1.
वार्षिक मूल्य डाक महसूल समेत सिर्फ रु. १.

शान्ति सुधाकर प्रेस—बम्बई.

## विषयानुक्रमणिका.

—:o:—


| विषय. | पृष्ठ | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| A field for real workers......... | 289 | समाचार संग्रह .... .... .... | ३०९ |
| Notes and News ........ ......... | 294 | उप्योगी विचारो .... .... .... | ३११ |
| धर्मादाके खातोंका हिसाब .... .... | २९५ | स्फुट विचार .... .... .... | ३१२ |
| नरसिंहपुरके मंदिरका हिसाब .... | २९६ | श्री आबुजी देरासर.... .... .... | ३१५ |
| मी. गुलाबचंदजीका प्रयास.... .... | ३०० | आदरज गाममां थयेला ठरावो .... | ३१६ |
| जैन बंधुओमां संपनी आवश्यकता.... | ३०७ | जाहेर खबरो .... .... .... | ३१८ |



# विज्ञापन.

हरेक धर्माभिमानी जैनके लीये.

## श्री जैन श्वेतांबर डिरेक्टरी.

वॉलंटीयरोंकी जरुरत है.

गुजरात, काठीआवाड व दक्षिणमें जैन डिरेकटरीका काम खतम होनेकी तय्यारी है और एक दो पक्षमें खतम होगा. मध्यप्रांत, निजाम स्टेट, मद्रास इलाखा, सेंट्रल इंडिआ, मालवा, राजपूताना, मारवाड, इत्यादि मुलको, के जहां हिंदी और मारवाडी भाषा प्रचलित है उन मुलकोंकी श्वेतांबर मूर्ति पुजक जैनवस्तीकी डिरेक्टरी करनेके वास्ते वॉलंटीयरोंकी जरूरत है. कोनफरन्सकी ओरसें हम अपने प्रत्येक धर्मबंधुको अपने और अपनी आसपासके गांवोकी डिरेक्टरी तय्यार करनेको ओर अपने मुल्कमें श्री जैन श्वेतांबर वस्तीवाले गांवोंके नाम, उन गावोंकी पोस्टओफीस ओर जैन अग्रेसरका नाम, जीतना होसके उतना लिख भेजनेके वास्ते प्रार्थना करतें हैं और उमेद रखतें हैं की, हरेक महाशय हमको इस उत्तम कार्यमें मदद करेंगे.

**पत्रव्यहवार इंग्रेजी, गुजराती या साफ नागरी हरफोंमें करना चाहिए.**

पत्रव्यहवार करनेका पत्ता—

एसीस्टंट सेक्रेटरी,

**श्री जैन श्वेतांबर कॉनफरन्स.**

सराफ बजार, बम्बई.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैव शोकाः नकलहकलनाः नारिमारि.प्रचाराः,
नैवाध्यम् समाधिर्न च दुरदुरिते दुष्टदारिद्रतानो,
नाऽशाकिन्यो ग्रहानो न हरि करि गणव्याल वैतालजाला,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्ति भाजाम् ॥


The Jain Swetamber Conference Herald.

**Vol. 1** *September 1905.* **No. IX**


# A FIELD FOR REAL WORKERS.

(MOTICHAND GIRDHAR KAPADIA B.A., L L. B.)

It is a fact well known to all educated Jains taking interest in matters religious that there is a vast field of enquiry in Jain Literature, notably in that portion of it which is composed in Prakrit and Sanskrit. Such well-known authors as Haribhadra Sooree, Hemchandra Sooree, or Yasho Vijayji Upadhyaya are too well known to require any introduction. Speaking generally, these three personages stand very high in the Jain fermament and may be regarded as the great satellites moving round the wholesome preachings of Shri Jinas. The works composed by these authors are not only voluminous but require a lifelong study to appreciate the essence of the philosophy expounded therein.

According to tradition these three personages seem to have composed crores of verses and when we take into consideration the inroads of Mahomedans on the Jain libraries and temples and the profuseness of what little is preserved of these writers and especially of the former two of the aforesaid writers, the legendary statement of their voluminosity seems to be corroborated. To Hemchandra Sooree (more generally known as Hemacharya) who flourished in the eleventh century in the time of Maharajah Koomarpal is accorded the honor of composing thirty million verses. He used to take a leading part in all the

political movements and attend the Court house of Kumarpal almost daily, nevertheless in the solitary moments he could snatch from his busy life and the occasional seclusion he could attend to enjoy, he managed to compose the great works, the real specimens of his great, almost gigantic learning, wide experience, unceasing industry and masterly style. Portion of the writings of this great author that is extant at present, excites our amazement at the intellectual activity of this great person and serves to give great enthusiasm to real workers in the same field.

To a student of history it is a well-known fact that Mahomedan Emperors and Rulers, in their enthusiasm to convert many people to Islamism went against the natural trend of human nature in destroying the Shrines, physical and mental, of Hindoos and Jains. In this respect they acted contrary to the general tendency of human nature and whether and how far their destructive efforts were successful is a question of purely academic interest in the discussion of the subject under consideration, but this much, however, seems to be historically proved viz. that wherever and whenever they came across temples or libraries containing ancient and valuable manuscripts they seem to have taken the first opportunity of destroying the same.

Now some of the great works of these ancient and celebrated authors and benefactors of humanity have been preserved by the care of our forefathers who, in their anxiety to save this valuable treasure for the benefit of posterity, hit upon the plan of raising walls against these libraries in order that future generation may utilise the valuable contents thereof with advantage. Any one who sees the libraries (Bhandars) at Jaisalmer, Patan and Cambay is sure to be struck with the foresight, sagacity and wisdom of the founders. This is the inheritance which, in some cases, they preserved for future generations even at the risk or sacrifice of their own lives. The ancient custodians of these works seem to have been punctilious even in minor points such as durability of paper, palm-leaves, protection against insects, weather &c. But on this point it is necessary for us to go into detail.

The real question of importance to us is to consider the real value of this intellectual lore for the preservation of which our forefathers did not hesitate to give up their lives. The value of such great works as described above, under the circumstances that have happened, cannot be too exaggerated. The obstinacy of some of the custodians of these great

libraries of old manuscripts can be easily explained by a reference to the tendency of human nature to cling to ancient ideas and customs, which, in majority of cases, acquire sanctity in the minds of man after the original cause thereof disappears or is forgotten; and in some cases practice is invariably continued to be followed with blind confidence though the cause originating it has already been wiped off from the surface of the world. This generalisation is a grand truism for all oriental nations such as Indians who are always lagging backward in matters of progess But the most important question is an inquiry into the duties of the educated Jains who are responsible for the future progress of their community. The Jain community is unfortunately in sore need of real inquirers at a time when it is the most difficult thing for her sons to take higher education and thus to keep the community if not in the front, at all events on a level with other communities with regard to her social progress. It is quite apparent to a casual observer that the period under which the whole of India is now passing on is eminently a transitional period, and the duties and responsibilities of the leaders of a nation or a portion of it are tremendous under the peculiar surroundings and circumstances in which it is invariably placed on such a juncture. But even assuming that the Jain community cannot boast of possessing numerons geniuses amongst her sons, that those that are are too much occupied in their own vocation, that her children's calls to duties towards her are too many, that *real* workers amongst her children are very few, that education has done very little to raise the status of her sons to a higher standard of faith and morality and that fundamental reconstruction of many matters, social, moral, intellectual and spiritual is *sine qua non* for her welfare, ay, even for her existence, even granting all these facts, it must be admitted that a class of workers is required to lay bare to the general Hindu public as well as Europeans the grand inheritance which we have the good fortune to acquire through the wisdom of our ancestors mentioned above. The absolute protection and care of the aforesaid inheritance is not only desired merely for its own sake, but for the sake of the future welfare of the Jain community.

One thing is apparent on the superficial study of the Jain religious books that the tenets prescribed therein are such as to meet the requirements of every stage of human progress and it can be said to its credit that the whole system of Jain philosophy allows of its being adopted to time, place and circumstances, it being therein prescribed

that any change, not only in matters social but even in spiritual, can be effected by a person who has acquired a certain standard of religious education (technically called a "geetartha"). The highest Pontifix, looking to surrounding circumstances can effect changes in matters and manners deep-rooted and of bygone ages. This elasticity, unattended with its disadvantages, if allowed a free scope without any restriction, is a circumstance which must be noted in passing as shewing the beauty of the tenets prescribed by the Jain religious books. The question at issue is what are the duties of educated Jains herein. I now endeavour to throw some light on this aspect of the question according to my own ideas and lights.

The first and foremost thing to be taken up is the preparation of a list of manuscripts with the names of their respective authors, the number of verses each of them contains, the subject it deals with, the approximate date of its composition &c. The list must be brief and at the same time it must be exhaustive. It must be of such a form and dimensions that it may not lose its utility as a book of ready reference. That this list is the most important step towards securing many ultimate purposes is a fact, which I think, is not necessary to be impressed again and again. This list must include as many books as possible from the ancient libraries of Patan (which according to the writer's information are not less than ten), Jaisalmer, Cambay &c.

The next thing is the writing of a work dealing with all the important events capable of being investigated by a patient study of books, traditions and other materials. There are still many traditions amongst the Jains and they must be put in black and white. What and how much weight ought to be attached to a tradition is a question which can safely be left to the discretion of the inquirer who collects the materials. This history of the Jains must be prepared on broader principles and being full of instructive generalisations and reflections must be as complete as it can be made.

The next thing is the preparation of the lives of great personages, Acharyas and authors. It should be noted with a certain amount of satisfaction that amongst the Jains the dates of the accession of the Highest Pontifex (Soorees) on the spiritual throne and their deaths are unfailingly marked out and with few exceptions this must be taken as a fair guide. This aspect of the question is doubly satisfactory in view of the characteristic carelessness of the Indians as regard history in those days. The Jain authors at the end of most of the books have marked

out the date of its composition and though its being taken as a Vira, Vikram or Gupta date is controversial, in the majority of cases there is no question as to its being accepted as conclusive. The work proposed above requires a good deal of research into antiquarian matters and patient study for the collection and analysis of the materials. The writer would like to bring to the notice of *real* workers how assiduously and ingeneously Western scholars work for our religion. In a recent correspondence with Prof. Hermann Jacobi, he tried to prove the date of *Siddharshi* to be Vikram era from special tables for the preparation whereof he had taken days together. Is it not really worth imitating that a man in Germany should try so much for fixing the date of *Siddharshi* the well-known author of the Upa Miti Bhava Prapancha Katha ? Such things are prompting us the responsible children of the community, to work hard day and night. This incident is mentioned for the sake of impelling one to his duty; a real worker has his own way of working. The late Prof. Peterson has done something in this branch of the subject and though what he has done is really praiseworthy as chalking out a line for future workers, much still remains to be done and we are in bad need of his labours being supplemented by other masterly hands.

A still more important thing is the establishment of a general library of all available manuscripts. The necessity of such a central organisation is looked through for the Jains by Prof. H. Jacobi and he passingly observes in his last letter that though the efforts of the Jains are praiseworthy he really feels that there is want of organization. Of course this requires handsome donations from the rich, benevolent men of our community, who, I am glad to note, are doing their duties satisfactorily and if one succeeds in impressing upon minds of aristocracy the utility and possibility of such a central library all kinds of manuscripts must be preserved with a good deal of care. The copies must be correct or at least must be nearly correct, and they must be accessible to any person who wants to take advantage thereof and at the same time such an arrangement ought to be made that no copy may be lost, mutilated or destroyed. This is rather a question of detail which can be attended to at the proper time. Still more important, to which it is advisable to draw the attention of the would-be workers, is the point which ought to have taken the lead. All the above suggestions presuppose that the persons to whom this article is addressed are well-versed in religious lore. The necessity and use of study on an educated mind cannot be impressed too strongly. It is, of course, on the progress

of this class that the future of any community to which they belong depends and we hope that some of them whose tastes allow them to take up literature as their subject will do good to themselves and to the whole community by attending to the foregoing suggestions.

---

# NOTES AND NEWS.

The Jain Swetamber Committee of Gujranwalla (Punjab) express their satisfaction at our trying to move and obtaining assurance from the Punjab University to classify the Jains as a separate body in the several University examinations. In their letter of the 23rd August last, they write:—

" We the members of the Jain Swetamber Committee, Gujranwalla, are highly pleased to read the news in "The Jain Swetamber Conference Herald" about your getting a separate Column for the classification of the Jain students appearing in University examinations.

Be pleased to accept our heartfelt thanks for this praiseworthy work of yours.

May god grant you long life to be a boon to your community."

We may inform our readers that we are corresponding on this subject with the other Universities also and we hope to hear in return very shortly. We will then publish a detailed account of our correspondence.

We are glad to note that Mehta Sagar Karan of Jaipur has successfully passed the B. A. examination of the Allahabad University. We are also informed that Mr. Chotalal Trikamlal Parekh of Viramgam, who is Joint Secretary of the Benares Jain Sanskrit Pathsalla, has successfully passed the District Pleader's examination of the Bombay High Courts held in June last. We offer our congratulations to both the gentlemen on their success and fervently hope that they will utilise their learning for the betterment of their community and religion.

Seth Manakchand Panachand, President and Mr. A. B. Latthe M. A., Honorary Secretary of the Southern Marhatta Jain Association, have, on behalf of the Association, forwarded in June last, a memorial to the Registrar of the University of Bombay, to be submitted for their favourable consideration before the Syndicate of the Bombay University.

The Memorialists have prayed that Jain Literature and Philosophy which are by no means inferior to any other existing Literature and Philosophy ought not to be neglected, as hitherto, from the University Arts courses. They ought to receive proper attention at the hands of the University and be prescribed with advantage as Text-books for the several Arts examinations. We are anxiously waiting for the final decision of the application and the magnanimity of the said University.

A Digamber Boarding House has been opened by Seth Hookamchand at Indore, where religious instruction will be given to its resident students who will be also reading English up to the Arts Standard of the Indore College. We draw the immediate attention of our leaders towards the necessity of opening Boarding Houses at Bombay, Ahmedabad, Ajmre, Lahore and Allahabad as this sort of accomodation furnishes young Jain students ample opportunity of receiving religious training along with their College studies.

# धर्मादाके खातोंका हिसाब.

श्री जैन श्वेताम्बर कोनफरन्सनें जैनियोंके उद्धार और दुर्गतिसे बचानेके वास्ते बारम-बार धर्मादा खातोंके हिसाबोंको साफ रखकर प्रगट करने की सूचना दी है. उस हिदायतको उमदा समजकर और उसके मुवाफिक अमल करके गुजरात, काठियावाडके कई कारकुनोंनें अपने २ मुतालिक मन्दिर वगरहके हिसाबोंकी परताल करके पत्र द्वारा छपा कर प्रसिद्ध किया है. राजपूतानाकी तरफ या जहां जहां मारवाडी रहते है उन स्थलोंमें अब तक इस कामकी तरफ कुछ कम तवजह मालूम होतीथी परन्तु हम खुशीके साथ प्रगट करते है कि अब नर-सिंहपुरके श्रावक हरकचंदजी जीतमलजीनें श्री केसरयानाथजी महाराजके मन्दिरका हिसाब इस पत्रमें छपाकर प्रसिद्ध करनेके वास्ते भेजा है कि जो मुनासिब जगह पर इस पत्रमें प्रगट किया गया है. उस हिसाबके देखनेसे नीचे लिखी हुई बातोंका हाल और मालूम होना जरूरी है.

१. सम्वत १९३९ तक जो कुछ आमद खर्च हुवा हो उसका मुफस्सिल हिसाब उन महाशयोंको फोरन तय्यार करके पेश करना उचित है कि जिनकी निगरानी और संभालमें यह मन्दिर उस वक्त तक रहा हो.

२. जो रकम २१७४-) की सेठ धीरजमलजी कनकमलजीकी दूकानसे लेजाकर सम्वत १९५९ की सालमें इस मन्दिरके खाते जमा हुई उसका पत्तेवार हिसाब प्रगट होना चाहिये.

३. खर्चेकी तरफ जो रकमें लिखी हुई हैं उनकी सराहत होना चाहिये कि पूजारीको तनखुहा इस कदर, धूप, केशर, चन्दन, घ्रत वगरहमें खर्च इस कदर और अमुक मकानकी मरम्मतमें खर्च इस कदर हुवा.

જ્ઞાની માહારાજે ઉત્તર દીધો છે કે "હે રાજન્, એ બેનું તુલ્યપણું છે. કોઈ જગ્યાએ કર્મ પણ બળવાન છે, અને કોઈ જગ્યાએ ઉદ્યોગ પણ બળવાન છે. કોઈ જગ્યાએ જીવ પણ બળવાન થાય છે, અને કોઈ જગ્યાએ કર્મ પણ બળવાન થાય છે, માટે જીવ અને કર્મને પુર્વ કાળથીજ, એટલે અનાદિ કાળથીજ બંધાયલાં વેર છે. માટે જીવો નિશ્ચે કર્મ વશછે, અને કોઈ પ્રકારે જીવને વશ કર્મ છે. જેમકે કોઈ જગ્યાએ ધારણ કરનાર બળવાન છે, અને કોઈ જગ્યાએ ધારણ કરવા યોગ્ય વસ્તુ બળવાન છે. જો કે ભવમાં ભમતા જીવોને કર્મ અતિશય દુઃખ દે છે તોપણ ધર્મનો ઉપક્રમ, તે સર્વ કર્મનો પણ નાશ કરે છે. એમ જો ન હોય તો અનંતાનંત ભવથી સંચય કરેલાં માટે અનંતાં એવાં કર્મોને વશ કરી શાશ્વત મોક્ષને કેમ પામે? જુઓને, ચુલણી કુકર્મનો કરનાર એવો પણ દ્રઢપ્રહારી આ સંસારમાં ઉપક્રમથી મોક્ષ ગયા છે અને ચિલાતીપુત્ર અને રોહણિઓ સ્વર્ગે ગયા. માટે અનિષ્ઠ અને મોહાકૂર એવાં કર્મને નાશ કરવાને અર્થે ધર્માર્થી પુરૂષો બળવાન્ એવા ઉદ્યોગનેજ નિરંતર નિશ્ચે કર્યા કરે છે. સર્વ કર્મને વિષે નિરંતરજ દેહધારિઓ પરમ હિતકારી એવો ઉદ્યમ કરવો એજ શ્રેષ્ઠછે. અને જો સ્થિર રહે તો, ઉદ્યોગ વિના મનોવાંછિત એવાં ફળને નિશ્ચે પામે અને જે જગ્યાએ નાના પ્રકારનો ઉદ્યમ કર્યા છતાં પણ, કાર્ય સિધ્ધિ નજ થાય તો તે જગ્યાએ સમર્થ અને આકરૂં એવું કર્મજ અવશ્ય ભોગવવા યોગ્ય છે એમ જાણવું. કર્મને વશ થઈ વીર જીનેશ્વર નીચ કુલમાં અવતર્યા. મલ્લી તીર્થંકર સ્ત્રી રૂપે થયા, પરીક્ષિત રાજાનું મરણ થયું તથા નંદિષેણ અને આર્દ્ર કુમાર મું, પડવું થયું. બ્રહ્મદત્ત ચક્રવર્તીના નેત્રનો નાશ થયો. ભરત રાજાનો પરાજય થયો. કૃષ્ણ વાસુદેવ છતાં સર્વનો નાશ થયો. નારદને વિષે પણ મોક્ષપણું થયું. ચિલાતીપુત્રને વિષે પણ પ્રશમની પરણતી થઈ, ઈત્યાદિ જગાએ કર્મનું પ્રધાનપણું જાણવું. એ પ્રકારે કર્મ અને પોતાનું વીર્ય એ બે એક બીજાની સ્પર્ધા વડે તુલ્ય રૂપ એવાં સ્ફુટપણે દેખાતા છતાં આ જગતમાં જયવંતાં વર્તે છે. એ પ્રકારે કર્મ અને ઉપક્રમ એ બેનું તુલ્યપણું સાંભળીને રાજા કુકર્મનો નાશ કરવા રૂડે પ્રકારે, ધર્મનો ઉદ્યમ કરવામાં છે બુધ્ધિ જેની એવો થયો."

આપણે દરેક કામમાં ભાવિ બનનાર હશે તેમ બનશે એમ બોલીએ છીએ. એ ભાવી જે કર્મને લીધે મુકરર થયું હશે તે કર્મનું ઉપાદાન કારણ કોઈ વખતે બનેલું હોવું જોઈએ. અને જે વખતે તે કર્મનું ઉપાદાન કારણ બનેલું તે વખતના

વર્તમાનમાં કાંઈ પણ શુભાશુભ કાર્ય કરેલું હોવું જોઈએ. જો તે વખતના વર્તમાનમાં તે શુભાશુભ કાર્ય કરેલું ન હોત તો તેનું ભાવિ બનત નહીં. એટલે આજે આપણે જે જે સુખ દુઃખ ભોગવીએ છીએ તે પ્રથમ કરેલા શુભાશુભ કાર્યનું ફળ છે. એ ન્યાયે ભવિષ્ય સુધારવાને માટે વર્તમાનમાં સદઉદ્યોગની આવશ્યકતા છે.

આ ઉપરથી આપણે સારી રીતે સમજવાનું છે કે હરેક કાર્યમાં સારી રીતે ઉદ્યમ-પરાક્રમ-કરવાની જરૂર છે. જો પરાક્રમ કર્યા છતાં કાર્યસિદ્ધિ ન થાય તો તેવા વખતે નિરાશ નહીં થતાં ભવિતવ્યતાના વિચારને યાદ કરી મનને સમાધાનમાં રાખવું પણ ઉદ્વેગી થવું નહિ.

કોનફરન્સે કરેલા હરેક ઠરાવને ગતીમાં મુકવાને માટે જો આપણે અત્યંત ઉદ્યમ કરીશું તોજ તેનું પરિણામ સારૂં આવશે, નહીં તો ધારેલી કાર્યસિદ્ધિ જલદી થશે નહીં.

કોનફરંસ આપણને ન્હારી બાબતો ત્યાગ કરવા અને સારી બાબતો અંગીકાર કરવા સુચનાઓ કરે છે. એ સુચનાઓ કેટલી હિતાવહ છે તેનું કોનફરંસની સભામાં સ્પષ્ટીકરણ થાય છે. એ ઠરાવો-સુચના-નો અમલ કરવાની હરેક જૈનની ફરજ છે. સંઘની આજ્ઞાનું ઉલ્લંઘન આચાર્ય અને સાધુ મહારાજ પણ કરી શકતા નથી એમ શાસ્ત્રમાં ફરમાન છે, કોનફરન્સ એ પણ સંઘજ છે, તો પછી તેણે કરેલી સુચનાનો અમલ કરીએ નહીં એ એક સંઘની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યા બરાબર છે, અને તેથી આપણે પોતાના હિતની આડે આવીએ છીએ.

કોનફરન્સે કરેલા ઠરાવોનો અમલ કરવાથી પરંપરાએ ઉન્નતિ અને આત્મહિત થઈ મનોવાંછિત ફળની પ્રાપ્તિ થશે, એમ નિશ્ચય આપણે સમજવાનું છે. એ ઠરાવોની અંદર અતિશય ગુઢપણું રહેલું છે.

શાસ્ત્રમાં હરેક કાર્ય કરનાર, કરાવનાર અને તેની અનુમોદના કરનારને સરખા ફળની પ્રાપ્તિ બતાવેલી છે. કોનફરન્સે કરેલા ઠરાવોનો આપણે અમલ કરવો જોઇએ, તેનો અમલ કરાવવા પ્રયત્ન કરવો જોઇએ, અને તેનો અમલ કરનારની આપણે અનુમોદના કરવી જોઇએ, અને તેથી તે ઠરાવોનો જલદી અમલ થશે. એ ઠરાવોનો અમલ કરવાની હરેક જૈનની ફરજ છે, તો પણ કોનફરન્સની અંદર ભાગ લેનારની પહેલી ફરજ છે, કેમ કે તેઓ તેનું યથાર્થ સ્વરૂપ સમજેલા છે એમ આપણે માનવાનું છે. ને તેમ ન હોય તો તે ઠરાવો પસાર કરતી વખતે તેઓ પોતાનો વિરૂદ્ધ અભિપ્રાય દર્શાવ્યા સિવાય રહેતે નહીં. તેથી તેમણે તેનો અમલ કરવા માટે પોતાથી બનતો ઉદ્યોગ કરવાની ખાસ જરૂર છે. જેઓ કોનફરન્સની અંદર ભાગ લેનાર છે, તેઓ જો અંતઃકરણથી ઉદ્યોગ કરે તો ઇષ્ટ કાર્યની સિદ્ધિ જલદી પ્રાપ્ત થાય એ નિઃસંદેહ છે. હરેક સુધારો પોતાના ઘરથી કરવો જોઇએ એ સુધારાનું શુભ છે. કોનફરન્સે કરેલા ઠરાવોનો અમલ કરવા આપણે બીજાઓને ઉપદેશ કરીએ અને તેનો અમલ જો આપણે ન કરીએ તો પછી એ ઉપદેશ નિરર્થક છે. તેનો કોઇ અમલ કરશે નહીં પણ

જો આપણે પોતે તેનો અમલ કરી બીજાને તેનો અમલ કરવા ઉપદેશ કરીશું તો તેની અસર જલદી થશે.

સદ્ ઉદ્યોગનું ફળ પરિણામે સારૂં આવશે એવી આપણા મનમાં આપણે ખાત્રી રાખવી જોઇએ. આપણા શાસ્ત્રમાં દરેક ઠેકાણે એ બાબત સ્પષ્ટ ફરમાન છે, અન્ય દેશના લોકોનો ઇતિહાસ તપાસતાં આપણી તેવી ખાત્રી થાય છે. જાપાનની ઉન્નતિ તેના ઉદ્યોગનુંજ પરિણામ છે, એ દૃષ્ટિગોચર છે. મરહુમ જસ્ટીસ મહાદેવ ગોવીંદ રાનાડેનો એજ સિદ્ધાંત હતો કે દરેક સદ્ ઉદ્યોગનું પરિણામ સારૂં આવશે એવી ખાત્રીથીજ આપણે આપણા કામની શરૂઆત કરવી જોઇએ, જો કે સદ્ ઉદ્યોગનું પરિણામ તાત્કાળીક વખતે આપણને માલમ પડશે નહીં તો પણ તેની અસર થયા સિવાય રેહેવાની નથી. "દુનિયા જુકતી હૈ જુકાનેવાલા ચાહીએ." સમાજને સદ્રસ્તે લગાડનારનીજ ખોટ છે. માટે જો આપણને સમાજના ભલાની લાગણી હોય, તેની ઉન્નતિની અભિલાષા હોય, સમાજની ઉન્નતિ એજ આપણી પોતાની ઉન્નતિ છે એવી ખાત્રી હોય તો આપણે તન, મન અને ધનથી કોનફરન્સે કરેલા ઠરાવોનો અમલ કરવા, કરાવવા અને તેની અનુમોદના કરવા અત્યંત ઉદ્યમ કરવો એજ આપણી દરેકની ફરજ છે, તે ફરજ અદા કરી શાસનની ઉન્નતિ કરવાના વિચાર દરેકના અંતઃકરણમાં ઉદ્ભવ પામો એજ અંતઃકરણની જીજ્ઞાસા છે.

---

# હવે કરવું શું?

(અંક ૭ પૃ. ૨૩૪ થી ચાલુ.)

(લખનાર—મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ બી. એ. એલ એલ. બી. મુંબઈ.)

આપણે કોમ તરીકે ઘણા અગત્યના સવાલોનો નિર્ણય કરવાનો છે અને તે સંબંધમાં મહાભારત પ્રયાસ કરી કોમને સપાટીપર લાવવાની દ્રવ્યવાનોની સહાયતા વડે અનુભવી કેળવાયલા આગેવાનોની ફરજ છે, એ આપણે જોઇ ગયા. વળી કાર્યો એટલાં બધાં કરવાનાં છે કે કાર્યોની બહોળતા (સંખ્યા) અને તે સર્વ તરફ ધ્યાન આપવાની જવાબદારી સાધારણ મગજને તો મુંઝાવી નાખે છે, પાછા હઠાવી દે છે, સુસ્ત કરી નાંખે છે. તેથી એવી ઇચ્છા થાય છે કે કોઈ એવો સહેલો રસ્તો શોધીએ કે જેથી સર્વ કામો એ કાર્યની પછવાડે સ્વાભાવિક રીતે આગેવાનો તરફના પ્રયાસ કે ધ્યાન વગરજ થઈ જાય.

હવે એક તદ્દન સાદી સમજણમાં ઉતરે તેવી હકીકત તરફ ધ્યાન ખેંચીએ છીએ. એ હકીકત સાદી પણ બહુ વિચારવા જેવી છે. જૈન કોમના પ્રત્યેક મનુષ્યો એ વ્યક્તિ કહેવાય છે અને તેની અપેક્ષાએ જૈન કોમ એ સમષ્ટિ કહેવાય છે. વ્યક્તિનો સરવાળો અથવા સમૂહ એ સમષ્ટિ છે, તેથી વ્યક્તિના કાર્યનો સરવાળો એ સમષ્ટિના કાર્યનો સરવાળો એ સ્પષ્ટ છે. સમષ્ટિ એ વ્યક્તિથી જુદું કાંઇ પણ નથી.

અનેક બિંદુ મળીને થતાં વર્તુળરૂપ સમષ્ટિનાં અંગો વ્યક્તિરૂપ બિંદુઓ છે, સમષ્ટિના કાર્યના સરવામાં એક જાતનું સમુચ્ચય બળ પ્રાપ્ય છે જે ઘણું અગત્યનું છે પણ આ વિષય સાથે તેને સંબંધ નથી. યોગ્ય પ્રસંગે તેપર વિચાર કરવામાં આવશે. હવે એટલું સ્પષ્ટ છે કે વ્યક્તિ એ સમષ્ટિ શરીરનાં અંગો છે, અને પ્રત્યેક અંગ હાથ, પગ, કાન, મ્હોં, ચક્ષુ વિગેરે જ્યારે પોતપોતાને પ્રાયોગ્ય કાર્ય યથાયોગ્ય રીતે બજાવે છે ત્યારે સમષ્ટિનું કાર્ય બરાબર ચાલે છે; એટલે કે સમષ્ટિનું કાર્ય બરાબર ચલાવવું હોય તો તેની દરેક વ્યક્તિએ પોતાનું કાર્ય બરાબર કરવું. આ લંબાણ અલંકારનો સાર માત્ર એકજ છે કે પ્રત્યેક જૈને પોતાની ફરજ બરાબર રીતે બજાવવી અને જો પ્રત્યેક જૈન તેમ કરે તો સમષ્ટિનું કાર્ય યથાયોગ્ય સમયે રીતસર બન્યું જાય છે.

આ હકીકત તદ્દન સાદી છે. કોનફરન્સમાં વક્તાઓ વારંવાર તે સ્ફુટ શબ્દોમાં બોલી ગયા છે અને તદ્દન સામાન્ય બુદ્ધિથી પણ ખ્યાલમાં આવી શકે તેવી હકીકત છે. છતાં તે લખવાનું ખાસ પ્રયોજન છે, આ હકીકત પુનરાવર્તન કરવાની આવશ્યકતા છે અને તે એકજ છે. પ્રત્યેક જૈનને વારંવાર કહેવામાં આવે છે, પુનરાવર્તન કરવામાં આવે છે, છતાં તે પોતાની ફરજ બજાવતો નથી. કોનફરન્સના ભાષણ સાંભળી ખુશી થાય છે, પેપરમાં મેળાવડાની હકીકત વાંચી આનંદ પામે છે, વર્તમાન પત્રો કે માસિકના મીઠા મેવાની પ્રસાદી લઇ હર્ષ બતાવે છે, પણ બધું બતાવાયજ છે, થતું કાંઈ નથી; અથવા થાય છે તે પ્રયાસના પ્રમાણમાં બહુ અલ્પ થાય છે. એટલુ બધું અલ્પ થાય છે કે વ્યવહારૂ હિસાબમાં કાંઈ થતું નથી એમ કહીએ તો પણ ચાલે. એ સર્વનું કારણ શું ? આપણા આગેવાનો વખત, શક્તિ અને પૈસાને ભોગે કોમનું શ્રેય કરવામાં ઉદ્યત થયેલા છે, તેઓને માન મળે છે કે અપમાન મળે છે તેની પણ દરકાર કર્યા વગર પોતાનાં ધારેલાં દષ્ટિ બિંદુ તેઓ સાધ્ય રાખી શક્યા છે અને અમુક અપવાદ સિવાય ઘણાખરા આગેવાનો યોગ્ય રીતે પસંદ કરવામાં આવેલા છે. આવા આગેવાનો ચોતરફ પ્રયાસ કરી રહ્યાછે તે ઉપરાંત વિચાર કરનારાઓ પોતાના ફળદ્રુપ મગજને ભોગે પણ વિચારે છે, બોલે છે, લખે છે છતાં તમે મુંબઈની નોકારશીમાં જમવા જાઓ કે લગ્ન પ્રસંગે બોલાતા વિચારો જુઓ અથવા ગામડામાં જીવન વહન કરતા અપ્રમાણિક સુસ્ત અને મહત્વાકાંક્ષી વાણીઆ જુઓ તો તુરત જણાશે કે આવો મહાભારત ખરચ કરવા છતાં હજુ જૈન કોમ કેટલીક બાબતમાં તદ્દન હલકી પંક્તિ પર ઉતરી ગઈ છે અને હજુ ઉતરતી જાય છે.

આ ઉપરાંત બીજી અગત્યની બાબત એ છે કે જ્યારે અત્યારે સુધારા સુધારા એમ આપણાં મનમાં લાગી રહ્યુંછે, જ્યારે સામાન્ય સમજ શક્તિનો માણસ હેતુ ઉદ્દેશ સમજ્યા વગર એક સંસ્થા કે મહા સભાના બણગા ફુંક્યા કરેછે અને જ્યારે ઉપર ઉપરની હકીકત પરથી ઘણા માણસો એમ ભુલાવો ખવરાવનારો અભિપ્રાય બાંધી દે છે કે જૈન કોમ ઉચ્ચ સ્થિતિ તરફ કુચ કરે છે ત્યારે અનુભવ અવલોકન કરનારાએ અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે ખરેખરી સ્થિતિ શું છે અને કયું સ્થાન સુધારવા લાયક છે અને તે પર સુધારાનો ઘણ કયારે અને શા માટે પડવો જોઈએ

એ પર કોઇ બરાબર વિચાર કરતું ન હોવાથી જે જે સુધારા થાય છે તે ઉપર ઉપરના અને અવ્યવસ્થિત રીતે થાય છે, પણ હજુ અંદરખાનેથી મુળ ખવાતાં જાય છે. તાત્વિક કે વાસ્તવિક સુધારો થતો નથી, વાહ વાહ કે બાહ્ય સ્તુતિ થાય તેવા સુધારા-કાર્યો થાય છે. અનુભવીઓ આ દ્રષ્ટિ બિંદુથી વિચાર કરશે કે તુરત યોગ્ય દિશા હાથમાં આવી જશે. આ લેખથી જરાપણ નાહિંમત થવાનું કારણ નથી કારણ કે અત્યાર સુધીમાં ત્રણ વરસના પ્રમાણમાં આપણે ઘણું કર્યું છે, પરંતુ આ લેખનો ઊંશ એ છે કે હવેથી કાર્યરેખા અંકિત કરવા સારૂ અત્ર સ્થાપિત નિયમે યોગ્ય લાગે તો લક્ષપર લેવા. જૈન કોમ એ એવા સંજોગોમાં આવેલી છે કે જો કે તેના પુત્રો મોડા જાગ્યા છે છતાં કેટલાક ધર્મના યોગ્ય બંધનથી, અર્થશાસ્ત્રના નિયમનું તેના પુત્રોમાં જ્ઞાન હોવાથી, જીવનના કેટલાક ઉચ્ચ ઉદ્દેશોનો આવિર્ભાવ તેના પુત્રોમાં હોવાથી જાપાનની પેઠે તે થોડા વખતમાં ઉંચી સ્થિતિપર આવી જાય અને જો બરાબર કાર્યરેખા દોરવામાં આવે તો સર્વ કોમોથી આગળ વધી જાય. ત્યારે કાર્યરેખા કઇ દિશામાં અને શા માટે અંકિત કરવી તેનું દિગ્દર્શન કરાવી તે વિષયપર પ્રકાશ નાખવાનો આ લેખનો ઉદ્દેશ છે.

આપણે ઉપર જોઇ ગયા કે સમષ્ટિ શરીરનાં પ્રત્યેક અંગ જો પોતપોતાનું કાર્ય બરાબર રીતે બજાવે તો સમષ્ટિનું કાર્ય બન્યું રહે, અને તેની સાથેજ જોઈ ગયા કે વખત ધંધા અને વીચાર શક્તીના ભોગે ભાખેલાં ભાષણોનો, લખેલા વિચારોનો અને પસાર કરેલા સુધારાઓનો અમલ બહુ અલ્પ થાય છે. આમ થવાનું કારણ શું? કોન્ફરન્સમાં આવનારાઓ મોટે ભાગે સમજુ વર્ગના હોય છે, અને તેઓને અંતઃકરણથી એક બાબત ગ્રાહ્ય કે ઉપ[illegible] નથી, તેના પર યોગ્ય અમલ થતો નથી તેનું કારણ શું? [illegible] એક તો અમલ કરનાર વ્યકિત અસ્થિર અગર અવ્યવસ્થિત વિચારનો હોય અથવા તેના સંજોગો વિપરીત હોય. જે વ્યકિત પર આપણે વિચાર કરીએ છીએ તેજ જો અસ્થિર કે અવ્યવસ્થિત વિચારનો હોય તો તેને સુધારવા પ્રયાસ કરવો જોઇએ, જેનાં સાધનો ઉપદેશ અને કેળવણી છે જે પર વારંવાર વિવેચન કરવામાં આવે છે. અને તે વર્ગનાં માણસને સુધરવાનું વખત અને સ્થિતિ પરજ મૂકી શકાય. પુરૂષાર્થ ફલિતાર્થ થાય છે એ નિઃસંશય છે, પણ અત્ર તે અપ્રસ્તુત વિષય છે. પરંતુ આ વર્ગ ઉપરાંત બીજા કેટલાક માણસોને સંજોગો વિપરીત પડે છે એટલે અમુક વિચાર કે ઠરાવ આદરણીય લાગે છતાં તે પોતાના ઘરના કે ગામના માણસોને બંધ બેસતો થઇ ન પડતો પોતે અમલમાં મૂકી શકતો નથી, કેટલીકવાર તે વ્યકિતમાં હિંમતના વાંધાથી અથવા ચીવટની ખામીથી આમ બને છે, પણ કેટલીક વાર પુખ્ત માણસોને પણ સંજોગોને તાબે થવું પડે છે. આ બાબતમાં જસ્ટીસ તેલંગનો દાખલો સુપ્રસિદ્ધ છે. જેઓ સંજોગોને ઉત્પન્ન કરી શકે તેવા હોય અથવા સંજોગોપર અંકુશ ચલાવી શકે તેવા અસાધારણ બુદ્ધિવૈભવ અને શકિતવાળા હોય તેઓને બાદ કરીએ તો બાકીના માણસોના સંજોગો કેવી રીતે સુધારવા એ અગત્યનો સવાલ થઈ પડે છે.

હવે સંજોગો સુધારવા એટલે શું એ આપણે વિચારીએ. સંજોગ શબ્દમાં ઘરના માણસો, ગામના માણસો અને સાધુ વર્ગનો સમાવેશ થાય છે. હવે ઘરના માણસો પૈકી અનુભવી ડોશીઓ અને સ્ત્રી વર્ગ કેટલીકવાર અગત્યના સુધારાની આડે આવે છે તેઓને સુધારવાનો રસ્તો કેળવણીજ છે. ડોશીઓને ભણાવવી નથી, પણ જેમ તેઓ પોતાના અનુભવની ડાહી ડાહી વાતો કરે છે તેમજ જો તેઓની પાસે નીતિની સારી સારી વાતો વાંચવામાં આવે તો તેઓ બહુ મીઠાશથી સાંભળે છે એ અનુભવ સિધ્ધ છે. વળી તેઓનાં મનપર વાર્તાઓપરથી ઉપજાવેલો સાર બહુ સારી અસર પણ કરે છે, ફકત વાતની ઘડ બરાબર બેસારી તેઓને સમજણમાં ઉતરે તે રૂપમાં વાત કરવી જોઇએ. તેમજ ઘરની બાકીની સ્ત્રીઓને બાળા, સ્ત્રી, માતા તરીકેની તેમની ફરજો અને ધાર્મીક લાગણીથી થતાં ઐહિક અને પારલૌકિક સુખની સમજણ આપીને તેમજ શુધ્ધ વ્યવહાર, રસવતી પાચન, બાળ કેળવણી વિગેરે માનસિક તેમજ શારિરીક કેળવણીમાં ઉપયોગી જ્ઞાન આપી તેઓને અનુકુલ કરી દેવી જોઇએ. આવી રીતે ઘરના સંજોગો અનુકુલ થયા વગર અગત્યના કામો ખોરંભે પડી રહ્યાં છે.

હવે સંજોગોમાં ઘરના માણસો ઉપરાંત એક ગામના, એક કોમના સ્વધર્મી ઘણા માણસો બાકી રહે છે. પોતાનામાં અલ્પવિદ્યા કે બુદ્ધિ હોય છતાં પણ હરેક વ્યક્તિ કોમના કે સમૂહના મોટા અગત્યના સવાલોપર અભિપ્રાય આપવાને પોતાને હકદાર સમજે છે. આને લીધે કેટલીકવાર ઘણા અગત્યના સવાલો માર્યા જાય છે. એક અગત્યનો સુધારાનો વિષય હાલમાં લેતાં તેનો ઉત્પાદક સર્વને જણાવવા લાયક ફાયદા અને લાભો જાહેરમાં રજુ કરે છે, પણ તેનો અંતરંગ હેતુ શું છે અથવા તે સુધારણા થયા પછી કોમને કયે પગલે દોરવી છે એવી હકીકત ઉત્પાદકના 'મનમાં' હોય છે. આ હેતુ નહિ સમજનારા પણ અભિપ્રાય આપવાને હકદાર સમજનાર પ્રાકૃત માણસોથી ઘણા અગત્યના સવાલપર કોમ સુધારણા કરવાને તૈયાર છે છતાં મુંગી બેસી રહે છે. આવો મનુષ્ય સ્વભાવ છે, તેને દોરનાર અને સર્વ વિચારના પ્રતિકુળ કે અનુકુળ માણસોને પોતાના વિશાળ વિચાર અને ગંભીરતાની છાયા નીચે કાબુમાં રાખનાર અસાધારણ પુણ્ય, બળ અને પુરૂષાર્થવાળો એક વીર જન્મે તો તેની પાસે આ પ્રાકૃત વર્ગનું જોર ચાલતું નથી, બાકી આ વર્ગથી વારંવાર ગેરસમજુતી પણ બહુ ઉત્પન્ન થાય છે. આ વર્ગને સુધારવાનો રસ્તો કેળવણીજ છે. 'કેળવણી' શબ્દમાં ચાલુ નિશાળોમાં અપાતી અક્ષર અને તેના અર્થથી મળતી મગજની કેળવણી ઉપરાંત હૃદયની કેળવણીનો પણ સમાવેશ થાય છે; એટલે કે કેળવણીથી એકલું મગજ કેળવવું એ અત્ર ઉદ્દેશ નથી અને એકલી માનસિક કેળવણી લઇ પરીક્ષા પાસ કરનારાઓ તરફથી કોમે કાંઈ પણ આશા રાખવી નહિ. "કેળવણી" શબ્દમાં માનસિક કેળવણી ઉપરાંત પોતાના પુત્ર, સ્ત્રી, માતપિતા, બંધુ અને કોમ તથા દેશ અને મનુષ્ય જાતિ તરફ પોતાની શી ફરજ છે, શા માટે છે, દરેક કાર્યનો હેતુ શું છે એ સમજવાની અને તદનુસાર વર્તન કરાવવાની પ્રેરણા કરનારી નૈતિક કેળવણીનો પણ સમાવેશ થાય છે.

પુખ્ત વિચારથી કરેલા ઠરાવોની આડા આવનાર માણસોને પોતાની ફરજ શું છે એનો પૂરેપૂરો ખ્યાલ આપવાનો પ્રસંગ બને તો પછી જે અગત્યના સવાલનો નિર્ણય કરવા આપણે બેઠા છીએ તેનો નિર્ણય થઇ જાય. પોતાની ફરજ સમજવામાં આવે એટલે સાંસારિક સુધારા સર્વ થઇ જાય. કોમના હરેક પ્રાકૃત માણસ પોતાની ફરજ સમજે ત્યારે પછી પુત્રને નાની ઉમરમાં કોઈ પરણાવે નહીં, પોતે મોટી ઉમ્મરે વૃધ્ધાવસ્થામાં પરણે નહિ, વિધવાઓ ઓછી કેમ થાય અને તેના દુઃખ ઓછાં કેમ થાય તે પર વિચાર ચલાવવામાં આવે, અને મરણ જેવા હૃદયભેદક પ્રસંગે પર મિષ્ટાન્ન ઉડાવવાના ઘાતકી રિવાજને બંધ કરી દે. આવી આ સુક્ષ્મ અને સ્થુળ સાંસારિક બાબતોમાં ઉન્નતિ અને સુધારા થયા પછી તુરત રાજ્યદ્વારી અને નૈતિક ઉન્નતિ થાય છે એટલે ફરજ સમજનાર માણસ ઓછું તોલ, કપટ વ્યવહાર અસત્ય કે અપ્રમાણિક વાણીઆપણું કદિ કરવાનો ખ્યાલ કરે નહિ અને ઉચ્ચ વ્યવહારવાળા જીવનને સારો અમલ કે ઉંચા હોદ્દાવાલી જગાઓ પર આવતાં વાર લાગતી નથી. નૈતિક ઉન્નતિ એ ધાર્મીક ઉન્નતિજ છે અને તે ઉપરાંત ખાસ આત્મા તરફની ફરજનું ભાન થતાં પરલોક પ્રમાણનું પાથેય કરી રાખવાની શુભ બુદ્ધિથી આખું જીવન ધાર્મીક બની જાય છે. શારિરીક અને માનસિક ઉન્નતિ તો પેટા ભાગમાં આવી જાય છે. આ સર્વ એટલું બધું સ્વાભાવિક રીતે થઇ જાય છે કે જેમ રાત્રી પછી દિવસ આવે છે તેમ એક પછી એક પોતાની પછવાડે બીજાને ખેંચી લાવે છે, અને જાણે ફરજ સમજ્યા પછી ઉન્નતિ થઈ જવી એ વસ્તુ સ્વભાવનો અપવાદ વગરનો ધર્મ હોય એવું લાગે છે.

ત્યારે કોનફરંસ જમાનાને અંગે જે ફેરફાર કરાવવા માંગેછે તે વગર પ્રયાસે અને વગર ખરચે કરવાનો ઉપાય એ છે કે પ્રત્યેક વ્યકિતને પોતાની ફરજ શું છે એ સમજાવવું. એ ધોરણે કાર્ય રેખા અંકિત થાય તો સુધારાનો જે સવાલ શરૂઆતમાં આપણને બહુ મુશ્કેલ લાગતો હતો, બહુ દેશીય લાગતો હતો તે સવાલ એક નાની હદમાં અને અશકયતાના વર્ગમાંથી શક્યતાના વર્ગમાં એકદમ આવી જાય છે. હવે ત્યારે પ્રત્યેક માણસ પોતાની ફરજ શું છે એ સમજતાં કેવી રીતે શીખે ? તેના સાધનો પૈકી પ્રથમ સાધન ઉપદેશ અને બીજું સાધન કેળવણી અને અભ્યાસ છે. ઉપદેશથી અસર ઘણી થાય છે, પણ કેટલોક મહાભારત પ્રયાસ લઇને કરેલો ઉપદેશ પણ અસ્થિર મગજપર અસર કરતો નથી અથવા વાહવાહ બોલવા જેટલીજ અસર કરે છે જેનો અર્થ પણ અસર કરતો નથી એમજ થાયછે. આ પ્રમાણે હકીકત છે ત્યારે પોતાની ફરજનું ભાન કેળવણી દ્વારા અભ્યાસથી સારૂં પ્રાપ્ત થાય છે અને ત્યાર પછી સંસ્કારી મગજ પર જે ઉપદેશ કરવામાં આવે તે બહુ અસરકારક નીવડે છે. પોતાની ફરજ સમજાવવાનું એકલુંજ સાધન છે એમ કહેવાનો અત્ર ઉદ્દેશ નથી, પણ આ પ્રબળ સાધન છે એ હકીકત અવલોકન અને અનુભવથી સિધ્ધ થયેલી છે. ચાલુ જમાનાની પધ્ધતિ અનુસારે લીધેલી કેળવણીવાળા માણસને તેની ફરજનો ખ્યાલ સારો આપવામાં આવે છે અને જો કે વ્યવહારમાં

પોતાની ફરજ બજાવવાની બાબતમાં સંસ્કારી માણસો કેટલે અંશે સાફલ્ય જીવનવાળા થાય છે તે તેઓના સંજોગ, અભ્યાસ અને ચીવટ ઉપર આધાર રાખેછે, છતાં પણ કેળવણીથી તે વિષયનો ઉંચા પ્રકારનો ખ્યાલ આવે છે તે વાત લગભગ નિઃસંશય જેવી છે. ઈંગ્લીશ ભાષામાં 'સ્માઈલ્સ' જેવા લેખકોના પુસ્તકોથી ફરજનો સ્પષ્ટ અક્ષરોમાં ઉંચા પ્રકારનો ખ્યાલ પ્રાપ્ત કરાવવાનું અને બાળ મગજપર ઠસાવવાનું સાધન પ્રાપ્ત થાય છે અને પશ્ચાત જીવનમાં જો અનુકુળ પ્રયાસ કરવામાં આવે તો તે જીવન અનુકરણીય થઈ પડેછે. વળી આ કેળવણી સાથે અભ્યાસ, ટેવ અને ઉપદેશની જરૂર છે અને સાથે ધાર્મીક સંસ્કારોથી કેળવણી ફલિત થાય છે. આ હકીકત બહુ ઉપયોગી છે, પણ એનું વિવેચન યોગ્ય પ્રસંગ પર મુલતવી રાખવામાં આવે છે. અત્યારે તે પ્રસ્તુત નથી. (અપુર્ણ)

---

# સ્ફુટ વિચાર.

(લખનાર--આસીસ્ટંટ સેક્રેટરી, શ્રી જૈન શ્વેતાંબર કોનફરંસ-મુંબઇ.)

**શ્રી રત્નસાગરજી જૈન વિદ્યશાળા, સુરત.** હાલમાં લગભગ ચાર વર્ષથી સુરતમાં આ નામની શાળા ચાલે છે જ્યાં આપણાં બાળકોને ધાર્મીક કેળવણી સાથે વ્યવહારીક જ્ઞાન તથા જરૂરીયતવાળાં બાળકોને કપડાં લત્તાં, જમવા તથા રહેવા વીગેરે સાધનો પણ પુરાં પાડવામાં આવેછે. આ પાઠશાળા આજ સુધી કેટલાએક સખી ગ્રહસ્થોની વાર્ષીક મદદથી ચાલે છે અને તેના એક કાલજીવાલા તથા મહેનતુ ઓનરરી મેનેજર મી૦ ચુનીલાલ છગનચંદ શરાફના વહીવટ તળે દીનપરદીન વધારે ને વધારે સારૂં કાર્ય બજાવતી જાય છે. પરંતુ તેજ પ્રમાણે તે પોતાનું કાર્ય યોગ્ય રીતે બજાવતી રહે તેને સારૂ ચાલુ ખર્ચને પહોંચી વળવા સારૂ જોઈતું કાયમ ફંડ કરીને તેને ટ્રસ્ટના આકારમાં યોગ્ય ધોરણ ઉપર મુકવાની જરૂર છે અને તે માટે પોતાનો સખી હાથ આ ખાતા તરફ લંબાવવાને અમારા શ્રીમંત જૈન ભાઈઓને અમારી ખાસ વીનંતી છે.

આ શાળા કેવું કાર્ય કરે છે તે ચાલુ માસમાં સરકારી ડે. એ. ઈન્સપેકટર સાહેબ તરફથી લેવામાં આવેલ વાર્ષીક પરીક્ષાના પરીણામ ઉપરથી જણાઈ આવશે જે સંબંધમાં સુરતનું "ગુજરાત મીત્ર" પત્ર નીચે પ્રમાણે લખે છેઃ-

"મજકુર શાળાની વાર્ષીક પરીક્ષા તા૦ ૯ અકટોબરને સોમવારથી તા૦ ૧૪ સુધી લેવાઇ હતી. ઇંગ્લીશ ત્રણે ધોરણોનો અંગ્રેજી વિષય ડેપ્યુટી ઇન્સપેકટર મી. રણછોડદાસ ખંભાતીએ લીધો હતો. અંગ્રેજી ત્રીજા તથા બીજા ધોરણનું ૬૨ ટકા જેટલું પરીણામ આવ્યાથી ને તેમાં પણ અડધા કરતાં વધારે વિદ્યાર્થીઓએ ૫૦ ટકા કરતાં પણ વધારે માર્કસ મેળવ્યાથી ઇન્સપેકટર સાહેબે તે તરફ સંતોષ જણાવ્યો હતો. પહેલા ધોરણના છોકરાઓના શીક્ષણ સંબંધમાં મી. ખંભાતીએ કરેલા શેરામાં કેટલીક કીંમતી સુચના કરી છે. એકંદર આખી સ્કુલનું પરીણામ ૫૭.૩ ટકા જેટલું

આવ્યું હતું. પરીક્ષાના પરીણામ મુજબ અંગ્રેજી ત્રીજા તથા બીજા ધોરણમાં નીચે મુજબ સ્કોલરશીપો આવી છે:—

ગાંધી હેમચંદ નથુભાઇ સ્કોલરશીપ.

| | | |
|---|---|---|
| અંગ્રેજી ધોરણ ત્રીજું— | મી૦ મોતીચંદ શોભાગચંદ | ૩૨॥ |
| | મી૦ મંગલદાસ વખતચંદ | ૩૧॥ |
| | મી૦ નાનાભાઇ પ્રેમચંદ | ૩૧॥ |

ગાંધી અમીચંદ નથુભાઇ સ્કોલરશીપ.

| | | |
|---|---|---|
| અંગ્રેજી ધોરણ બીજું— | મી૦ ધનજી રામચંદ | ૩૨ |
| | મી૦ ખીમચંદ વ્રજલાલ | ૩૧ |
| | મી૦ રાયચંદ ધરમચંદ | ૩૧ |
| | મી૦ મગનલાલ જેઠાજી | ૩૧ |

પાસ થયેલા છોકરાઓને રીતસર પ્રમોશન અપાયું છે ને એ શાળામાં એક માસની રજા પાળવામાં આવી છે તે તા૦ ૧૬ નવેમ્બર ૧૯૧૨ના કારતક વદ ૩ ને રોજ પાછી ખુલશે."

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ અને જૈન પાઠશાળાઓ.**

આ નામનું મંડલ કેટલાએક વખતથી જૈન ધર્મની કેળવણી વધારવા સારૂ પ્રયાસ લે છે અને જ્યાં જૈન પાઠશાળા ન હોય ત્યાં નવીન પાઠશાળાઓ સ્થાપવામાં તથા મદદની જરૂરીઅતવાળી પાઠશાળાઓને મદદ કરવા પાછલ સારો શ્રમ લે છે. વળી જ્યાં જ્યાં જૈન પાઠશાળાઓ ચાલે છે ત્યાં તે પાઠશાળાઓના અભ્યાસ તથા સ્થીતી સંબંધી તપાસ કરવા સારૂ પોતાના તરફથી ખાસ પરીક્ષક મોકલીને તે પાઠશાળાઓની યોગ્ય તપાસ કરાવવામાં આવે છે. અત્યાર સુધીમાં આ મંડલ તરફથી નીમાયેલ પરીક્ષક તરફથી મેસાણા, વઢવાણ કાંપ, લીંબડી, વઢવાણ શેહેર, ધ્રાંગધ્રા, મુલી, રામપુરા, સાયલા, ચોટીલા, થાનગઢ, ચુડા, રાણપુર, ધોલેરા, પીંપલી, ધંધુકાં, લાઠીદડ, અલાઉ, બરવાળા, પાલીયાદ, બોટાદ, વીંછીયા, અને ટાટમ જૈન પાઠશાળાઓની લેવામાં આવેલી પરીક્ષાના રીપોર્ટો અમને મળ્યા છે અને તે સર્વે તપાસી જોતાં એમ માલમ પડેછે કે જો કે લગભગ સઘળે ઠેકાણે ભણનારાઓની સંખ્યા ઠીક હોય છે પરંતુ લગભગ ઘણી ખરી પાઠશાળાઓની નાણાં સંબંધી નબલી સ્થીતીને લીધે યોગ્ય લાયકાતવાળા માસ્તરોની તથા બીજાં સાધનોની ખામી જોવામાં આવેછે અને તેને લીધે વિદ્યાર્થીઓનો અભ્યાસ કેટલેક ઠેકાણે અશુધ્ધતાવાળો માલમ પડેછે. વાસ્તવીક રીતે જોતાં પોતાને ત્યાંની પાઠશાળાને યોગ્ય રીતે નીભાવવાની ફરજ સ્થાનીક સંઘનીજ કહી શકાય અને તેથી કરીને સ્થાનીક સંઘોએ પોતાને ત્યાંની પાઠશાળાઓને સારી સ્થીતી ઉપર મુકીને પોતાનાં બાળકોને યોગ્ય ધાર્મીક કેળવણી મળવાની તજવીજ કરવી જોઇએ. જો કે ખાસ જરૂરીયતવાળી પાઠશાળાઓને શ્રી જૈન શ્વેતાંબર કોનફરંસના કેળવણી ખાતા તરફથી તેમજ મજકુર મંડળ તરફથી પણ માસીક મદદ આપવામાં આવેછે. પરંતુ બહારની મદદ ઉપર આધાર ન રાખતાં દરેક ઠેકાણે વ્યાપાર આદી ઉપર તથા શુભ પ્રસંગોએ આવાં ખાતાંઓના નીભાવ સારૂ લાગા નાંખવામાં આવે તો આવા ખાતાંઓ ઘણીજ સહેલાઇથી અને સારી રીતે નભ્યા કરે. અમે આશા રાખીએ છીએ કે દરેક સ્થળવાળા જૈન ભાઇઓ અમારી આ સુચના તરફ યોગ્ય લક્ષ આપશે.

# પાટણ ખાતે ભરાનાર ચોથી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ચાલતી તૈયારીઓ.

ચોથી શ્રી જૈન (સ્વેતાંબર) કોનફરંસ પાટણ ભરવાની હોવાથી તે સંબંધી યોજના કરવા પન્યાસ પ્રતાપવિજયજી માહારાજ તથા કાંન્તિ વિજયજી માહારાજના પ્રમુખપદે નીચે શ્રી સંઘ એકઠો મળી નીચે પ્રમાણે કામો કરવામાં આવ્યાં હતાં.

૧—રીસેપ્શન કમીટીના પ્રમુખ તરીકે ઝવેરી જીવણલાલ પનાલાલ પુનમચંદને પસંદ કરવામાં આવેલા પણ તેઓ સાહેબે સ્વીકાર નહી કરવાથી, તે પદ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાને આપવામાં આવ્યું છે.

૨—રીસેપ્શન કમીટીના ચીફ સેક્રેટરી તરીકે નગર શેઠ હેમચંદ વસ્તાચંદને પસંદ કરવામાં આવ્યા છે.

૩—રીસેપ્શન કમીટીના જોઇન્ટ સેક્રેટરી તરીકે ઝવેરી મનસુખલાલ દોલતચંદને પસંદ કરવામાં આવ્યા છે.

૪—રીસેપ્શન કમીટીના ઉપપ્રમુખનું પદ શેઠ જેશીંગભાઈ ઝવેરચંદ ગમાનચંદ તથા શેઠ છગનભાઇ વાહાલચંદ તથા શેઠ લલુભાઇ નથુભાઈ તથા શેઠ હાલાભાઈ મગનભાઇને આપવામાં આવ્યું છે.

કોનફરંસ સંબંધી કામકાજ બજાવવાને નીચે પ્રમાણે કમીટીઓ નીમવામાં આવી છેઃ—

૧—વકીલ રતનચંદ વસ્તાચંદને કોરસ્પોંડેન્ટ કમીટીના સેક્રેટરી નીમવામાં આવ્યા છે.

૨—મંડપ કમીટીનું કામકાજ કરવાને વકીલ મી૦ મગનલાલ હરીચંદને સેક્રેટરી નીમવામાં આવ્યા છે.

૩—ભોજન કમીટીના માટે વકીલ મી૦ વાડીલાલ વીરચંદ તથા શેઠ રામચંદ નગીનદાસને નીમવામાં આવ્યા છે.

૪—ઉત્તારા કમીટીના સેક્રેટરીનું પદ શેઠ લહેરચંદ કરમચંદને તથા ઉપપ્રમુખનું પદ શેઠ મોહનલાલ લલુભાઇને આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

૫—હિસાબ કમીટીના પ્રમુખ તરીકે શેઠ પુનમચંદ મગનલાલને તથા સેક્રેટરી તરીકે વકીલ મી૦ ડાહ્યાલાલ વાડીલાલને કરવામાં આવ્યા છે.

૬—ફંડ કમીટીના પ્રમુખ શેઠ બાપુભાઈ લલુભાઈ તથા સેક્રેટરી શેઠ મણીલાલ લહેરચંદ, ઉપપ્રમુખ શેઠ વાડીલાલ ગોદડચંદ, જોઇન્ટ સેક્રેટરી શેઠ હીરાચંદ ખેમચંદને પસંદ કરવામાં આવ્યા છે.

ફંડ સંબંધીનું કેટલુંક કામ મુંબઇમાં પ્રથમ શરૂ કરી તે જારી રાખવામાં આવેલું પણ નહીં ચલાવતાં બંધ રહ્યું છે તે કામ અલ્પ વખતમાં સતેજ કરી પાછુ જારી કરવા કમીટી કાળજી કરશે એવી ઉત્કંઠા શ્રી સંઘ ધરાવે છે.

ચોથી જૈન (શ્વેતાંબર) કોનફરંસ પાટણમાં ભરાવવાની હોવાથી તેના ખર્ચના ફંડમાં પાટણના નીચે લખ્યા સદ્ ગ્રહસ્થોએ ઉદ્દારવૃતિથી ફંડમાં રકમો ભરીછે.

| | |
|---|---|
| ૧૦૧ | બાબુ પનાલાલજી પુનમચંદજી |
| ૫૧ | બાબુ અમીચંદજી પનાલાલજી |
| ૨૫ | બાબુ નાનકચંદજી પુનમચંદજી |
| ૫૧ | બાબુ ચુનીલાલજી પનાલાલજી |
| ૧૨૦૧ | શેઠ પાનાચંદ ઉત્તમચંદ કોટાવાળા |
| ૧૦૦૧ | શેઠ ઝવેરચંદ ગમાનચંદ |
| ૭૫૧ | શા. છગનલાલ વહાલચંદ |
| ૪૦૧ | શા. લલુભાઈ નથુભાઈ |
| ૧૫૧ | શેઠ મીઠાચંદ લાધાચંદ |
| ૧૫૧ | શેઠ હાલાભાઈ મગનભાઈ |
| ૨૦૧ | શા. લેહેરચંદ કરમચંદ |
| ૨૧૧ | શા. લખમીચંદ આલમચંદ |
| ૩૫૧ | સાંડેસરા હરીચંદ પરશોતમ |
| ૧૧૧ | શા. હેમચંદ ખેમચંદ |
| ૧૦૧ | શા. વાડીલાલ લલુચંદ ફુલચંદ |
| ૧૦૧ | ઝવેરી વીરચંદ જેચંદ |
| ૧૦૧ | શા. જેસીંગલાલ ઝવેરચંદ તથા લલુચંદ વસ્તાચંદ |
| ૮૧ | શા. લેહેરૂચંદ ઉતમચંદ |
| ૭૫ | શા. સુરજમલ ખુબચંદ |
| ૫૧ | શા. હેમચંદ ગગલચંદ |
| ૫૧ | શા. સુરજમલ સરૂપચંદ |
| ૫૧ | શા. નાહાલચંદ વેલચંદ |

કુલ રૂ. ૫૩૭૦

ઉપર પ્રમાણે ફંડમાં રકમો ભરાયેલી છે. ફંડનું કામ ચાલે છે. જે સદ્ગ્રહસ્થોને ફંડમાં રકમ ભરવાની હોય તેઓ પોતાની યથાશકિત મુજબ ભરશે એવી ઉમેદ રાખવામાં આવે છે. તારીખ ૧૪ અકટોબર સને ૧૯૦૫.

**હેમચંદ વસ્તાચંદ સહી**

ચીફ સેક્રેટરી-પાટણ.

વળી ના. ગાયકવાડ સરકારને કોનફરંસમાં પધારવા સારૂ તથા રાજ્ય તરફથી જોઈતી મદદ મેળવવા સારૂ શ્રી પાટણ સંઘે નામદાર ગાયકવાડ સરકારને નીચે પ્રમાણે અરજી કરી છેઃ-

*To,*

**His Highness the Maharaja Dhiraj**
**Shrimant Shri Sayaji Rao Gaekwar**
**Sena Khaskhel Shamsher**
**Bahadur of Baroda.**

May It Please Your Highness,

We, the members of the Jain Saugha, residing in Pattan, most respectfully beg to approach Your Highness with the following prayer, hoping confidently to meet with a gracious and fovourable consideration.

We humbly beg to kindly bring to Your Highness' notice that some three years ago the Jain Community, resident in whole India, founded an Association styled the Jain Conference with the object of promoting and introducing social, religious and educational reforms and progress among themselves.

We again take leave to humbly inform Your Highness that the same Conference was held last year in Your Highness' own capital, Baroda, when many important and weighty resolutions were passed regarding the above questions.

It is only but natural that a movement of this kind should be highly pleasing and grateful to an august and learned ruler who has at heart the advancement not only of his own subjects but of all the natives of India.

We learnt it with the greatest pleasure that Your Highness graciously condescended to grace the deliberations of the Conference at Baroda and offered valuable and weighty suggestions on the occasion.

Your Highness is probably aware that the 4th annual meeting of the Conference is to be held on and from the 25th of February in the historic City of Pattan in Your Highness' own territory. As a preliminary measure we have set on foot a subscription for the purpose and we hope independently to meet all the expenses from the fund so raised.

It would be no exaggeration to state here that the Pattan Jain Saugha made itself bold to invite the Conference to this city this year simply counting upon the support and co-operation of a father-like and zeolous Prince like Your Highness.

Your Highness will be surely gratified at seeing your subjects working out the problem of their own regeneration and will be highly stimulated in their efforts by your kind sympathy and able co-operation.

We earnestly pray to Your Highness to grace the Conference with your noble presence and open the proceedings of the same and express your noble views by way of guidance and advice therein, and honour the Conference with your visits as may be convenient to Your Highness.

Besides the above privilege we humbly beseech Your Highness for the following concessions:—

1. The Municipality of Pattan be asked to make all the arrangements about light, sanitation, and the repairs of roads &c, outside the Bagwada gate in and near the mill-compound and near the quarters of the delegates.

2. The Police Department here be required to look after the Conference Mandap and render all necessary assistance for the preservation of order.

3. The government offices and educational institutions be asked to furnish chairs, tables, benches, stools &c.

4. To temporarily place at the disposal of the Conference all the government buildings available for the accomodation of 3000 guests and delegates.

5. The local revenue officer be required to help us by supplying us with cart, escorts &c for conveyance.

6. The revenue and police officer at Pattan and Mehsana and the police officer of Pattan Mehsana-Railway be asked to render all assistance in their power.

7. All the furniture and other articles ordered for the Conference from Bombay, Ahmedabad, Baroda &c and the kit of delegates, visitors &c to the Conference may be allowed free of duty in Pattan.

8 The officer of the Khangi Department be required to supply flags, vanes &c to decorate the Mandap &c, 15 tents with their walls, one coach and four, four carriage and pairs free of any charge.

As Pattan is a town situated in the corner of Gujarat, it is difficult to get all the conveniences and appliances as would be obtainable in a city like Bombay, we have thought it most proper to approach Your Highness with the above prayer.

We are confident that Your Highness would graciously accede to our prayers contained in this application. We expect every kind of assistance from a noble and high-spirited ruler like Your Highness who is ever prompt and ready to assist all the movements regarding the social, industrial, moral development and advancement of this country at considerable self-sacrifice and inconvenience

In conclusion, we hope for the successful issue and termination of our labours with Your Highness' kind sympathy and liberal support and wish Your Highness long life, prosperity and immortal glory.

We beg to remain,

Your Highness' most obedient and loyal subjects.

**ધી ગુજરાત કેન્ડલ ફેકટરી અને એસબેસ્ટોસ વર્કસ, જુબીલી બાગ, તારદેવ, મુંબઇ**

ધર્મિષ્ટ જૈન બંધુઓ માટે ખાસ ! !

**ચરબી અથવા બીજા પ્રાણીજન્ય પદાર્થો રહિત**

# પવિત્ર મીણબતી.

આવી જાતનું કારખાનું હિંદુસ્તાનમાં આ પહેલવહેલુંજ છે અને તેમાં સાધારણ બજારમાં મળતી પરદેશી મીણબત્તીઓમાં ચરબી વિગેરે હિંસાના તેમજ ધર્મ વિરૂદ્ધ પદાર્થો આવે છે, તેવા કાંઈ પણ પદાર્થ વાપર્યા વિના શુદ્ધ વનસ્પતિના તેલોમાંથી વાલસેટ, ગાડીની, પેનસીલ જેવી, નકશીવાળી વિગેરે મીણબત્તીઓ દરેક કદ, વજન અને રંગની બનાવવામાં આવે છે, અને જેની સરસાઇને માટે બીજી બનાવટની મીણબતીઓ સાથેના મુકાબલામાં જુદા જુદાં પ્રદર્શનોમાંથી પાંચ સોનાનાં અને એક ચાંદીનો ચાંદ મળવા ઉપરાંત, નામાંકિત વિદ્વાનો પાસેથી સેંકડો ઉત્તમ સરટિફિકેટ મળેલાં છે ભાવમાં પણ બીજી બનાવટો કરતાં સસ્તી છે, અને આ મીણબતીઓ કોઇપણ જાતના હિંસક પદાર્થો રહિત હોવાથી દેરાશરમાં વાપરવા માટે ખાસ ઉપયોગી છે, અને તેથી આપણા દેરાસરોમાં તેલની રોશની કરવામાં જે મેહનત અને માથાકુટ પડે છે, તે અમારી મીણબત્તીઓથી ઘણે દરજજે ઓછી થઇ જાય છે. વળી અમારા ધાર્મિક જૈન બંધુઓ કે જેઓ ઘર વપરાશ માટે ચરબીવાળી મીણબતીઓ વાપરતા નથી, તેઓને પણ આ મીણબતીઓ ખાસ ઉપયોગી થઇ પડશે, અને તેથી અમારા જૈન બંધુઓનું અમારી મીણબતીઓ તરફ ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

કિંમત તથા માહિતી માટે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવા, તેમજ એક વખત અજમાયશ લેવા વિનંતી છે.

**મોતીલાલ કશલચંદ શાહ જી. એ. એમ. સ**

મેનેજર અને માલીક—ગુજરાત કેન્ડલ ફેકટરી અને એસબેસ્ટોસ, વર્કસ.

જ્યુબીલી બાગ, તારદેવ—મુંબઇ.

---

शुद्ध और चरबी रहित

## पवित्र मोमबत्तीयां.

**खास जैन धर्मियोंके वास्ते.**

हमारे यहां मुख्तलिफ् किसम वजन् सफेद मोंबत्तीयां बनती है. इस्की बनावटमें कोई नापाक जानवरोंका जुझ नहीं है. इस्की रोशनी दूसरी बत्तीयोंसे कम नही हय और ये उन्से ज्यादा देरतक जलती है. और इन्ही औसाफ् के सबब पांच सोनेके और एक चांदीका तमगा याने आलामनदें और सिवाय बहोतसी सनदे मिली हय. चूंके आपके यहां मोंबत्तीया इस्तेमाल और फरोक होती है इस लिये अगर आप एक दफे हमारी बत्तीयां मंगवायेंगे तो आप को उन्की खुबीयोका यकीन होगा.

हमारा पताः—**मातालाल कशळचंद शाह. मेनेजर और मालीक**—गुजरात केन्डल फेकटरी ॲन्ड ॲस्बॅस्टॉस वर्क्स, जुबिली बाग, ताडदेव, मुंबई.

# ગોદરેજ અને બાઇસ.

## ત્રીજોરીઓ, તાળા તથા કળ બનાવનાર.

**ગેસ કંપનીની પાસે, પરેલ, મુંબઇ.**

ગોદરેજ અને બાઇસના કારખાનાનાં માલેક ઇંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળનાં વરાળનાં ઇન્જીનથી ચાલે છે. ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી ત્રીજોરીઓની માફક હેવાં છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીઆં સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથ વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી. આવી ખુબી ગમે એવી વેલાતી ત્રીજોરીમાં હોતી નથી.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઇનામ સોનાના ચાંદ મળ્યા છે.

---

## अचल कीर्तिका द्वार

अर्थात्

वीर निर्वाण संवत २४३२ तथा सन १९०६ की

## ज्ञान वर्धक डायरी.

प्रिय पाठक यह केवळ डायरीही नही किंतु एक प्रकारकी शिक्षाप्रद पुस्तक है. इसमें तत्वज्ञान, वैद्यक, ज्योतिष, व्याख्यान निबंध, तीर्थ यात्रा, रेल–पोष्ट–तार–नियम आदिक करीब १०० विषय लिखे गये हे. मूल्य मात्र कागजकी जिल्द। = कपडेकी ०॥० हे थोडी बाकी हैं शीघ्र मंगाइए.

तथा ज्ञान वर्धक ( सिद्धांत रहस्य बोधक) मासिक पत्र जिस्में सिद्धांत चर्चाके सिवाय उत्तमोत्तम लेख व समाचार छपा करेंगे वा. मू. रु. १।मात्र होगा ग्राहक संख्यामें नाम लिखाईये

तथा हमारे स्वदेशोपकारक कार्यालयसे पवित्र साबन, सुगंधी तेल, दंत मंजन, मलम, ज्ञान वर्धक ( स्मरण शक्ति वर्धक ) चूर्ण पिशाच्यादि व्याधिनाशक धूप, हरमरजकी औषधी कागज रंगीन कार्ड लिफाफे स्टेशनरी आदि हर किस्मका देशी माल तथा बम्बइ आदिकी छपी हर प्रकारकी पुस्तक व जैन ग्रंथ तथा जापान चीनकी घडी आदिक सामान फायदेसे भेज जाता है. विज्ञप्ति मंगानेको ०)०॥ टीकीट भेजीए.

**पत्ता:–जे. पी. रामलाल कंचनलाल जनरल मरचंट**

एन्ड कमिशन एजेन्ट–खंडवा ( नीमाड. )

वीर सम्वत् २४३२. ॐ विक्रम सम्वत् १९६२.

उपायेन हि तत् ... न्नतु साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.


V... II.  पुस्तक १, नम्बर ११.

N... 1905.  नवेम्बर सन १९०५.


...ted by ...ULABCHAND DHADDA, M. A. ...R

Published by THE JAIN S. CONFERENCE OFFICE. BOMBAY.

सम्पादक गुलाबचंद ढड्ढा एम्. ए.

प्रसिद्ध कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस—मुम्बई.

Annual Subscription with postage Rs. 1.

वार्षिक मूल्य डाक महसूल समेत सिर्फ रु. १.


आर्य ... प्रेस, ... मुंबई.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैव शोकाः मकलहकलनाः नारिमारि प्रचाराः,
नैवोध्यम् समाधिर्न च दुरदुरिते दुष्टदारिद्रतानो,
नाइशाकिन्यो ग्रहानो न हरि करि गणव्याल वैतालजाला,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्ति भाजाम् ॥


# The Jain Swetamber Conference Herald.

Vol. 1 *November • 1905.* No. XI


## Religious and Moral Education.

( SOMABHAI B SHAH, PLEADER—KAIRA. )

1–That religious and moral education is a necessity among Jains as among other communities does not need demonstration. The latter species of education is inseparable from the former and hence the inculcation of the principles of universal morality is one of the functions of religious education which thus plays an important part in the formation of character so indispensable to success in every sphere of life. History teaches us that nations have risen and fallen with the rise and fall in the character of individuals composing the nations concerned. I here deal with the temporal advantages alone of religious education apart from spiritual Take the instance of a highly educated and intelligent man who, with all his intellectual equipment, has got no character and is capable of doing anything however dishonest and immoral. We will find him universally distrusted and despised with the consequence that he will not in the long run prosper in life whether he is a professional man, Government servant or merchant. He would be in a bad plight indeed, when he is seen in his true colours. Take the instance, on the other hand, of a man of a very moderate education and ability only but known to be honest and

upright. He will be found to prosper in the long run. And what is true of individuals is equally true of communities and nations. Character then is a great and valuable asset indispensable to prosperity.

2--Our community and the country once attained the zenith of prosperity, but the people were then highly religious and their morality was of a high order. But to day, the general condition of the masses is anything but satisfactory; it is simply deplorable and heart-rending in some places. What is the main cause of all this change and I would answer that the great majority of our people know little or nothing of religion and their character has fallen and this accounts for the decline in our material prosperity. Western education has certainly done a good deal towards raising our people's character but our Government Schools and Colleges do not as a rule touch religious education. It is different in European countries. In every public School in England, religious education is given along with secular, and much attention is paid to the building up of character of youths educated. In this country, in consequence of its different religions, castes and creeds, Government have not been able to undertake the task of giving religious education. This must therefore be done by the people themselves.

3--It may be asked whether there are the requisite arrangements for the imparting of religious education to our youths. The answer must, I am afraid, obviously be in the negative. There are Path-shalas in certain places where the boys and girls commit to memory Shastras in Maghdhi or Sanskrit generally without understanding them, but so far as I am aware the fundamental doctrines and philosophy of the religion are not taught in most of the institutions. There may be hidden advantages in learning things parrot like, but that is not what is meant by sound religious education. Religious education to be given to boys must, I venture to think, consist largely in the inculcation of the elementary principles of morality and religion with apt illustrations drawn as far as possible from our Shastras and our ancient History, the main object being to build up the character of the rising generation and to make them truly religious.

4—But the great problem remains how is this to be done? The foundation of a Jain College and High School where the requisite religious education could be given to the students would seem to be an excellent idea. The Aligharh College and the Central Hindu College at Benares have set examples worthy to be imitated. Surely

our community can afford the expenditure. It is to be earnestly hoped that our millionaires would give their best consideration to the proposal. It would be a practical charity. The advantages to accrue to the community would be permanent and far-reaching. A better proposal could hardly be put forward for the material advancement of the community. The many pernicious customs amongst us whose existence we so much deplore will of themselves gradually dis-appear with the spread of education of the right kind. It will I think, be conceded by the most enlightened portion of the community that proposals of this kind must receive our first attention and be preferred to costly religious processions after which we spend so much.

5—I would also have some text-books on our religion compiled on the lines of Mrs. Annie Besant's *Sanatan Dharam Series.* They must give in an intelligent and systematic manner the fundamental doctrines of religion and morality. They could then be used as text-books on religion in the institution referred to in para 4 above, if it comes into existence. They could also be used in local Pathshalas &c. They should be compiled in English which is to-day the common language in India, and then translated into the various Vernacular languages. It is a defficult and responsible task indeed. The gentleman undertaking the task must, besides being a profound scholar have studied our religion and philosophy. The compilation of the series is proposed for the use of youths as well as grown up persons. What a tremendous responsibility ? But if the necessity for a systematic and intelligent training in religion is admitted, the task must be undertaken by some self-sacrificing and capable scholar amongst us It is hoped some gentleman would come forward to respond to the call of duty. With sound religious and moral education given to our youths, surely they would make better men, and members of the community, better citizens and above all strong champions of the religion Any amount of sacrifice in money and energy would not therefore be too much for the purpose.

6—But if we are not fortunate enough to see a Jain High School and College of the sort adverted to above in the near future, the proposed compilation of Text books on Jain religion would serve its purpose to a limited extent only, though considerable, since the problem of making religious education a part of the Higher education would remain. The problem must be satisfactorily solved, if education is to bring all the manifold advantages it ought to. Is it imp-

to make religious education a part of the education given Government Schools and Colleges ? The chief objection seems to be th there is not one religion in this country but a large number of the the doctrines of which differ from one another so largely. But a there no eternal truths common to all the Hindu religions ? What a the opinions of men profoundly learned in the religions as regards th differences ? How many of those (I hope, few) amongst us who ca all religions other than our own false and revile the followers of othe faiths, themselves understand the differences in the various religiou doctrines ? No right thinking man, to whatever faith he may belong can help admiring the purity of our religion, the sublime truths it inculcates and our philosophy of a very high order and we do not nee to revile others. It is our privilege to follow our ancient and noble faith whose excellence needs no proof. But I strongly protest against some of our ignorant cor-religionists attacking other faiths and thereby offending the members following them. But this is a little necessary digression. Let me come back to the question whether the differences in the various faiths constitute a positive bar to the giving of religious education in Government Schools and Colleges ? Barring sub-divisions, the two great Hindoo religions in India are Vedantism and Jainism. There are no doubt differences in the doctrines of the two great religions, differences which at first sight look vital. But when they are narrowly examined, most of the differences at any rate will be found due to the different standpoints from which the two religions look at facts. It seems to me that the differences could safely be left out so far as the education of youths in schools and Colleges is concerned. They could be left for advanced studies to be prosecuted in manhood. It can not be denied that certain universal truths are common to both the religions. Let me take a concrete instance. Vedantism like Jainism accepts the *Karma* theory, but whereas according to us, *Karma* bears fruits without the intervention of any agency, according to Vedantism, fruits of actions are reaped through the agency of God. Now what is necessary for the purposes of a school education is the inculcation of the fundamental principle that "as we sow, so we shall reap". The instructions in sub-fundamental truths common to both the religions will meet the requirements of school education, in that it would tend to purify the minds of the youths, imbued as they will be with the eternal truths of religion, make them good and moral and would assist in the building up of

heir character. The general education of the kind would moreover, make its reccpients better fitted for special study of the doctrines peculiar to each of the faiths It is better to have some elementary notions of religion and philosophy before studying the doctrines peculiar to the different faiths. If religious series compiled on the lines as suggested above were approved by the leaders of the religions concerned, there would be no serious difficulty in the way of Government making some arrangements for imparting religious education in schools and Colleges. We may in that case confidently hope that Government would look upon religious education as a State concern. But we must pave the way for Government and show that we are agreed in this matter. I know this is a grand matter, and being myself a layman in religious matters, necessarily put forward the idea with some diffidence for the consideration of those qualified to speak with authority on the question. But if the scheme is found to be feasible, its advantages would be manifold. We see thousands converted to Christianity through the efforts of the European Missionaries to whose credit it must be said that they saved so many lives during the famine and who are doing so much in the matter of education. In the interest of the religions of the land and the spiritual well-being of the people, Hindus and Jains must cease fighting about the differences in the doctrines. They must, on the other hand, be able to make united efforts when necessary. They must for instance in times of famine make united and systematic efforts to alleviate the sufferings of their fellow-brothers. It would appear that a common religious education would be an important step in the interests of unity.

7—It is a pity that there must exist, in this progressive age, a wide gulf separating Swetambaris from the Digambari Jains. There are no serious differences in the religious doctrines of the two sections of the religion. There should be no difficulty in the way of a common religious education for the two sections of Jains. This would seem to be a comparativly simple matter. The two sections combined could do marvels in the matter of religious, moral and material advancement of the community. It is hoped that the laudable efforts of the leaders of the two sections to draw them closer together will be crowned with success.

# श्री फलोधी तीर्थपर कोनफरन्सके कर्तव्योंके विषयमें व्याख्या.

( हमारे प्रतिनिधिकी तरफसे. )

मारवाडमें श्री फलोधी पार्श्वनाथजी महाराजका तीर्थ मेडता रोड स्टेशनपर है,— यहां पर मारवाडी आसोज वुदि ९ और १० को प्रायः करके राजपूतानाका संघ इकठा होकर महोत्सव करता है. इस साल बारिशकी कमी रहनेसे और ठीक वक्त पर बारिश न होनेसे यह खयाल थाकि शायद यात्री कम आवें परन्तु इस तीर्थका ऐसा चमत्कार है कि इस सालभी हजारों यात्री पधारेथे. उत्सवके दोनों दिन शामके वक्त सभा हुई कि जिसमें हजारों मनुष्य मोजूदथे उनके समक्ष आसोज वुदि ९ की सभामेंतो कोन्फरन्सके कर्तव्योंपर भाषण दिया गया कि जिसको सुनकर सब लोग संतुष्ट हुए.

वक्तानें अपने भाषणको शुरु करते हुवे प्रकट कियाकि सबसे पहिले कोनफरन्स शब्दका अर्थ बतलाना बहुतही जुरुरी हे क्योंकि शब्दार्थके ठीक तोरपर मालुम न होनेसे अक्सर धोका हो जाताहे और प्रीतिकी जगह अप्रीति पैदा हो जातीहै. कोनफरन्सके मानि दो जियादा मनुष्योंका किसी विषयपर विचार करनेकेहैं. जहांपर हजारों और लाखों मनुष्योंके सम्बन्धमें विचार चलाना होतो उन कुल मनुष्योंका इकठा होना असंभव और नामुनासिब होजाता है इस लिये उनकी तरफसे कार्यवाही इस तरहपर होती है कि पृथक २ शहरों और गांवोंका समुदाय अपने २ शहर और गांवमें पचायति सभा करके अपनी तरफसे दोचार या कम जियादा विश्वास पात्र प्रतिनिधि चुनते हैं और उनको उस महा सभामें शामिल होकर अपने तरफसे विचार प्रगट करनेका और वहांपर जो बात करार पावे उसको मंजूर करनेका अखतियार दिया जाताहै. जिस समुदायका प्रतिनिधि जो बात महासभामें मंजूर करता है वह बात उस प्रतिनिधिकी कुल समुदायको कुबूल और मंजूर होती है. जैन श्वेताम्बर कोनफरन्समें हिन्दुस्थानके हरेक प्रान्तके समुदायकी तरफसे प्रतिनिधि पधारकर जो जो बातें जैन धर्म और समाजकी उन्नतिके वास्ते विचार पूर्वक तै करते हैं वह कुल बातें भारत वर्षिय जैन समाजको कुबूल और मंजूर होती है. इस कथनसे आपको मालुम हो सकताहै कि कोनफरन्स कोई हाथी घोडा या भयानक देव दानव नहीं है, न कोनफरन्ससे किसीका बिगाड करनेका मनशा है बलिक कोनफरन्स कुल जैन समाजकी एक महा सभा है जिसमें कुल समाजके समजदार, दयावान, धर्मवान, बुद्धिमान, विद्यावान, धनाडय विश्वासपात्र प्रतिनिधि शामिल होकर धर्म और समुदायकी उन्नतिके प्रस्ताव करते हैं. अगर किसी महाशयको यह खयाल होकि कोनफरन्स कुछ और चिज है और हम उससे भिन्नहैं तो यह उनका खयाल बेबुनियाद और सुधारके काबिल

है. कोनफरनसके अंदर हम और हमारे अंदर कोनफरन्स है; एक दूसरेसे अतिरिक्त हरगिज कायम नहीं रह सकता है; जैसे दूधके अंदर मखन, अग्निके अंदर उष्णता, हिमके अंदर शीत, पतिव्रता स्त्रीके अंदर शील उसही तरह जैन समाजके अंदर जैन श्वेताम्बर कोनफरन्स है. कुल अंगोपांग मिलकर शरीर कहलाता है उसही तरह कुल समुदायके महासभाका नाम कोनफरन्स है. जैसे शरीरके अंदर जट्टा खुराकको पचाकर शरीरके कुल हिस्सोंको पुष्ट करती है और शरीरके कुल हिस्से महनत करके पेटका भरण पोषण करते है इसही तरह कुल समुदाय मिलकर इस कोनफरन्सकी तरकीके उपाय तन मन धनसे सोचते हैं और कोनफरन्स अपनी तरफसे उन सबको पुष्ट करनेमें कमर बांधे तय्यार रहती है. किसी महाशयको यदि यह खयाल पैदा होकि हम कोनफरन्सके मातहत नहीं हैं या कोनफरन्सके कर्तव्य हमको मंजूर नहीं है तो यह खयाल उनका हरगिज दुरुस्त नहीं है क्योंकि इसमें अकसरी और मातहतीका बिलकुल कामही नहीं है; जैसा ऊपर कहा गया है हमसे अतिरिक्त कोनफरन्स नहीं है.

यह कोनफरन्स तीन वर्ष हुवे जब इसही तीर्थ भूमीपर इसही दिन पैदा हुई है और कुल जैन समाजके हितको बढानेवाली हुई है. कुल समाज इस पवित्र भूमीको, इस अपूर्व तीर्थको, इस शुभ दिनको और इस पुन्यवान सभाको बहुतही प्यारकी निगासे देखेंगे. श्री पार्श्व प्रभूकी कृपासे यह कोनफरन्स हमेशा तरकी पाती रहेगी और थोडेही समयमें इसके उत्तम कार्मोका नतीजा अछी तरह मालूम होजावेगा. इसकी उत्पत्तिका सम्बन्ध मारवाडसे होनेके कारण मारवाडी भाईयोंका फर्ज हैकि इसकी तरकीके लिये हरतरह कोशिश करें.

फलोधीके पश्चात् इस कोनफरन्सका दूसरा जलसा बम्बईमें हुवा और बम्बई निवासी जैनियोंके अथाह परिश्रमसे इस जलसेको कामयाबी हासल हुई, वह देखने वालेही जान सकते हैं शब्दोंमें वर्णन करनेकी सामर्थ नहीं है. उस समय विद्याप्रचार, निराश्रिताश्रय, जीर्ण मन्दिरोध्धार, जीर्ण पुस्तकोध्धार और जीवदयाके खातोंमें एकलाख मुद्रासे अधिक का चंदा हुवा और चार जनरल सैक्रेटैरी मुकर्रर किये जाकर उनकी सलाह और निगुरानीसे सब खातोंमें रुपया खर्च करना करार पाया. इसके पश्चात् बडोदामें तीसरा जलसा हुवाकि जिसको बडोदा निवासी जैनियोंनें और बडोदा नरेश और युवराजनें अथाह परिश्रम उठाकर फतहमंद किया. जैन नुमायशभी इस कोनफरन्सके साथ बडोदामें हुईथी कि जिसमें जैन धर्मके उपकरण वगरह दिखलाये गयेथे. अब इस महासभाका चोथा वार्षिकोत्सव पाटनमें होनेवाला है उसमेंभी आपलोग जुरूर शामिल होवे. जो जो काम इस कोनफरन्सनें किये हैं वह सब उसके मासिक पत्र "हरैल्ड के देखनेसे मालुम हो सकते हैं.

कई मनुष्योंको यह खयाल है कि यह कोनफरन्स आजकलके नव शिक्षित लोगोंकी तरफसे नया प्रचार है और जो नई बातहै वह नई होनेके कारण माननीय नहीं है परन्तु ऐसे सज्जनोंको आसानीके साथ समझाया जासकता है कि कोनफरन्सकी हमारे समाजमें नई प्रवृत्ति नहीं है किन्तु पुराने जमानेसे ही इसका प्रचार चला आता है. अलबत्ता समयानुसार सूरत शकलमें जुरूर फरक आजाता है परन्तु इससे चीजकी असलियतमें फरक नहीं आसकता है. छरी पालकर जो यात्रा गमनका शास्त्रोंमें हुकम है उसका मतलब यहही है कि जब यात्रा निमित्त संघ इकठा होगा तो उसमें पृथक २ शहरों और गांवोंके श्रावक श्राविका शामिल होंगे और उनमें परस्पर प्रीति बढेगी और जहांसे वह संघ पैदल रस्ते रवाना होकर तीर्थभूमिपर पहूंचेगा उसके अनन्तर जितने छोटे बडे गांव आवेंगे उन सब गांवोके संघ, मन्दिर, उपाश्रय, धर्मशाला, पुस्तक भंडार, पाठशाला, कन्या-शाला, वगरहके साथ उस संघका परिचय होगा और परस्पर प्रीति बढकर सुधारेका काम हाथमें लिया जावेगा; आपसके हालात मालूम होनेसे अपनी स्थितिके उन्नतिका रस्ता पकडा जावेगा. पहिले रेल वगरहके आसान जरीये आमदरफ्त न होनेसे पृथक २ गांवोंके संघों की मुलाकात तीर्थ यात्राके समय होतीथी अब रेलोंके चलजानेसे कुल समाजके प्रतिनिधि आसानीके साथ एक जगह इकठे होकर सुधारे बधारेका विचार करते हैं; इस कथनसे आपको पूरा विश्वास होना चाहिये कि जो काम इस वक्त आप साहेबोंने हाथमें लिया है वह नूतन नहीं है किन्तु प्राचीन है और इस काममें शामिल होकर इसमें हर तरहकी मदद देना अपना प्रथम कर्तव्य है.

इस कोनफरन्सका उद्देश्य किसी खास प्रान्त या खास जातिके वास्ते नहीं है, सर्व देशी है और मुख्य करके विद्या प्रचार, जीर्ण पुस्तकोध्धार, जीर्ण मन्दिरोध्धार, निराश्रिताश्रय, जीवदयाका काम इस महा सभाने पहिले हाथमें लिया है, इसहीके साथ साथ हानीकारक रीति रिवाजको दूर करना, आपसमें सम्प बढाना, जैन डाईरैक्टरीका तय्यार करना वगरह वगरह इस कोनफरन्सनें अपने हाथमें खुशीके साथ लियाहै और जिन जिन बातोंपर महा सभाने सुधारे बधारेका विचार किया है वह सब समयानुसार ठीक हैं. आजकल, जैन समाजमें विद्याका प्रचार बहुतही कम रह गया है और खास करके स्त्री वर्गकी शिक्षामेंतो जियादा गफलत की जाती हैं; माताओंके मूर्ख रहेनेसे संतानको किस तरह अछी तालीम मिल सकती है; स्त्रियोंकी मूर्खतासे कई अन्य दर्शनियोंके हानीकारक रीति रिवाज अपनि समुदायमें प्रवेश कर गये हैं मिथ्यात्वको बढाने वाले हैं. गुजरात, काठियावाडकी तरफ

शेठ लालभाई दलपतभाईके श्रमसे कइ पाठ शालायें और कन्याशालायें खुल गई है. राजपूताना में ऐसी शालावों की बडी भारी आवश्यकता है और सबसे पहिले आप साहबोंको इस तरफ लक्ष देने की जुरूरत है.

जिस तरह विद्याके प्रचारमें कोशिश की जाती है, वैसेही जीर्ण पुस्तकभंडारोंको खुलवाकर उनका उद्धार कराया जाता है और मन्दिरोंकी मरम्मत तथा पूजा वगरहका प्रबन्ध किया जाता है. हानीकारक रीति रिवाजमें अन्य तीर्थियोंके त्योहारको मानना, विवाहके समय व्यर्थ खर्च करना, आतशबाजी छोडना, वेश्यावोंका नाच कराना, बाल लग्न और वृद्ध लग्न करना, कन्याका पैसा खाना, नुकता करना, सोग संताप जियादा रखना या छाती माथा कूटना, जैन विधिके मुवाफिक शादीका नहीं करना इत्यादि शामिल हैं—इन सबके सुधारेकी कोनफरन्सकी कोशिश है.

मेरे इस कथनसे आप साहबोंको स्पष्ट रीतिसे मालूम होगया होगा कि कोनफरन्समें आप और हम सब शामिल हैं, कोनफरन्स अपनी कोमी समाज है जिसमें अपने प्रतिनिधि इकठ्ठे होकर अपनी उन्नतिके विचार किया करते हैं. बस आपका और हमारा और कुल जैन समुदायका फर्ज है कि इस हितवर्धक महासभाकी उन्नति हरतरहसे करें और इसके आश्रयसे अपना कल्याण करें.

---

## जैसलमेर पुस्तक भंडार.

जैलसमेरके पुस्तक भंडारके खुलवानेके और उसके अंदरकी पुस्तकोंकी टीप करानेके समाचार इस पत्रद्वारा हम पहिले प्रगटकर चुके हैं. यह प्राचीन भंडार किलेके अंदर है और इसके सिवाय शहर के उपासरोंमें कई और भंडार हैं. किल्लेके भंडारकी टीप तय्यार होनेके पश्चात् शहरके अन्यभंडारों की टीप और जीर्ण पुस्तकोद्धारके विषयमें मतभेद होनेसे कोनफरन्सका पंडित हीरालाल कई महीनोंसे जैसलमेर बैठा हुवा था और जनरल सेक्रेटरी मिस्टर ढढ्ढा और पंचान जैसलमेरमें इस मामलेमे एक अरसेसे पत्र व्यवहार हो रहा था कि इतनेहीमें रतलाम निवासी शेठ चांदमलजी जैसलमेर पहूंचे. उक्त सेठ साहब तथा ठाकुर शिवदान सिंहजी की सहायतासे अब पंचान जैसलमेरने शहरके उपासरोंके भंडारोंकी टीप भी कराना मंजूर कर लिया है.

हरकचंदजी जिन्दानी, सुगनमलजीबांफणा, मांगीलालजी संघवी, रतनलालजी महता, सागरमलजी पारख, हीरालालजी सावण सुखा, नथमलजी भंसाली, नवलमलजी निलानी,

केसरीमलजी पटणी, चुन्निलालजी जिन्दानी, भूरामलजी बहोरा, दानमलजी बागचार, हजारी मलजी कोठियारी, चुन्निलालजी बडेर, लालचंदजी फोफलीआ, चन्दनमलजी बरडीया, रतन लालजी गांधी, राजमलजी चोरडीया, और मगनलालजी तातेडकी सहीके साथ पंचान जैसलमेरनें आसोज बुदि ४ सम्वत १९६२ का लिखा हुवा पत्र हमारे नाम पर भेजा है. उसका सारांश यह है कि जैसलमेरके संघको कोनफरन्सके जो जो सुधारे के काम हैं, उनकी कोशिशमें इनकार नहीं है; सब समुदायकी सलाह लेनेमें किसी काममें देरी होजावे तो उसको और तरह पर खयाल न करें; लिखारियों (लेखकों) के लिये मन्दिरोंके पास ही किलेपर तजवीज की गई है. उनको एक दो मोतबिर शख्शोंकी निगरानीसे पुस्तकें और खुले पाने दिये जावेंगे, लिखारियों को अखतियार है कि चाहे जिस वक्त पुस्तकोंका मीलान करें, इस सूरतमें पुस्तकोंको किलेसे नीचे लानेकी जुरूरत नही है गरज कामसे है सो होवेहीगा; और जो पुस्तक जीर्ण होगई है उसकी नकल भी दुबारा होकर भंडारमें रखना हाल और आयंदा के जमानेमें हितकरी होगा इसलिये निहायत जुरूरी और मुनासिब है कि कोनफरन्स मंजूरी देवे और लिखारियों (लेखकों) को हिदायत कर दीजावे कि इसकी मालकी श्री संघ जैसलमेरकी है; और जिनजिन पुस्तकोंकी नकलों की कोनफरन्स को जुरूरत हो लिख भेजें सो कराकर भेजदी जावे और नीचेकी टीप (शहरके भंडारोंकी टीप) का काम पण शुरू करा दिया जावेगा; और इनमेंसे जो पुस्तक पहिले छप गये हों वहतो कोनफरन्सकी मरजी पर है छपवावें या नहीं (छपवावें) परन्तु जो पुस्तक इनमें से नहीं छपे हैं उसके लिये श्री संघका ऐसा लिखना है कि नही छपाई जावे क्यों कि इसमें असातनाका कारण है, जुरूरत हो तो लेख करा दिया जावे (नकल करा दी जावे ?); इसकी निगरानी के लिये जो शख्श मुकर्रर किया जावेगा उसकी तनखुहा जिमे कोनफरन्स के रहेगी; जीर्णोध्धारका काम शुरू होतेही नीचेके उपाश्रोंकी लिस्ट होना शुरू होजावेगा; श्री संघ जैसलमेरको धर्मकी उन्नति और सुधारेके कामोंमें पूरा खयाल है, किसीना आकबत अंदेशकी तरफसे कोई रोक टोक हुई तो श्री संघका जो फर्ज था अदा किया और आयंदा भी करता रहेगा मगर हरजे व खर्चेका जिमेवार श्री संघ जैसलमेर आपही खयाल करें कैसे हो सकता है. इसके सिवाय किलेपर जो मन्दिर हैं उनका सालाना खर्च दो हजार रुपयों का है और इस जमाने में खर्च पूरा पड नही सकता है इस वास्ते कोनफरन्ससे मदद होना जुरूरी है.

जैसलमेरके श्री संघके पत्रके सारांशसे मालूम हो सकता है कि श्री संघ जैसलमेर नें वाकई कोनफरन्स अर्थात भारत वर्षिय जैन समुदायके उपर बडा भारी उपकार किया है क्यों कि जिस भंडारनें प्राचीन कालमें शायदही हवा और रोशनीका फायदा उठाया

हो उसको कोनफरन्सकी कोशिशपर श्रीसंघ नें खोलकर टीप करादी और अब जीर्ण पुस्तकोद्धारका भी विचार प्रगट किया तो इस कार्य वाहीसे जो पुस्तकें कि गलकर नष्ट होजाती वह बदस्तूर कायम रहेंगे. अगरचे इस टीप के काम में बहूत समय और जियादा द्रव्य खर्च हुवा है परन्तु इसमें श्री संघ जैसलमेरका दोष नहीं मालूम होता है क्योंकि श्री संघके इस पत्रके लेखानुसार इस काममें रोक टोकका बखेडा किसी ना आकबत अंदेशाकी तरफ से डाला गयाथा कि जिसकी सफाई अब श्री संघनें अपना फर्ज समझकर करादी और आयंदा भी श्री संघ जैसलमेरकी यह ही कोशिश रहेगी. इस श्री संघके लेखसे हमको बहूतही हर्ष उत्पन्न हुवा है; श्री संघ जैसलमेरको कोनफरन्सके सुधारेके कामोंके साथ इत्तफाक है यह उनकी हम दर्दि और उत्तम समझका नतीजा है और जिसतरह पर अबतक चाहे किसी कारणसे कोनफरन्स की कार्यवाहीमें जो विलम्ब डाला गया आयंदा न डाला जावे क्योंकि पैसा व्यर्थ खर्च होना ठीक नही है; पुस्तकें किलेपर रखकरही लिखवाई जानेमें कोनफरन्सका कोई हर्ज नहीं है मतलब कामसे है. लेखक खोटी नहीं इसके वास्ते श्री संघ इकरार करता है कि लेखक हरगीज खोटी नहीं होवेंगे; जीर्ण पुस्तकोद्धारका काम कोनफरन्सनें अपने हाथमें लिया है परन्तु हाथमें पैसा होनेके मुवाफिक काम होसकता है. अलावा इसके जो पुस्तकें कई जगह मिल सकती हैं या छप चुकी हैं उनके उद्धारमें सकल संघका पैसा खुद जैसलमेरका संघही लगाना पसंद नहीं करेगा अलवत्ता जो अपूर्व पुस्तकें हैं उन पर जुरूर लक्ष दिया जावेगा. पुस्तकों के छपाने में जो असातना का खयाल प्रगट किया गया है, उसपर जो विचार अपने वर्तमान, बुद्धिमान, विद्वान मुनि मंडलका हो उसके मुवाफिक काम करनेका अपना फर्ज है मन्दिरोंकी सेवा पूजाके प्रबन्धके लिये कोनफरन्सकी तरफसे योग्य गोठवण हर जगह होती है, जैसलमेरतो एक तीर्थ भूमि है इस तरफ कोनफरन्स अवश्य ध्यान देगी.

गरजकि हम अपने जैसलमेरी भाईयोंका बहूतही उपकार मानते है और उनकी इच्छानुसार लिखारियोंका इन्तजाम करके जैसलमेर भेजनेके विचारमें हैं.

---

## श्री फलोधी तीर्थकी व्यवस्था.

### ( हमारे प्रतिनिधिकी तरफसे )

सम्वत १९५६ की सालमें श्री फलोधी तीर्थके रक्षण और सुधारके वास्ते " श्री फलोधी तीर्थोन्नति सभा " कायम हुई थी. इस सभाका प्रथम कार्य आपसमें सम्प बढानेका था कि जो इस तरह पार पडा कि इस सभाके द्वारा यात्रियोंमें परस्पर ओलखाण होकर प्रीति बढती

रही; इसहीके साथ साथ दूसरा काम तीर्थके उन्नतिके बाबत था चुनांचे जोजो बातें काबिल इन्तजामके देखी गई उनको हरसाल सभामें पेश करके सभाका ध्यान उस तरफ खेंचा गया, यात्रियोंके उतरनेके मकानोंकी कमी थी उसके वास्ते चंदा करके रहनेके वास्ते मकान बनवाये गये, श्री जैन श्वेताम्बर कोनफरन्सके लिये कोशिश करके इस महा सभाको इसही तीर्थ भूमीपर शुरू किया गया परन्तु इन कामोंमें फसे रहनेसे मन्दिरके हिसाब किताबकी परतालकी कार्यवाही अबतक नहीं होसकी हालांकी मेडताके संघनें हिसाब तय्यार करके परताल करानेके इकरार किया है. अबतक मन्दिरके रंग रोगेयरकी तरफ तवजह होसकी थी हालाँके प्रथम कोनफरन्सका एक प्रस्ताव इस विषयमें पास भी होचुका था परन्तु खुशीका मोका है कि इस साल नीचे मूजिब उन्नति देखनेमें आई:—

१. श्री पार्श्वनाथ स्वामीकी प्रतिमा बेलूरेतकी है उसपर लेप हुवा करताथा परन्तु आजकल यात्रियोंकी जियादा धूमधाम रहनेसे प्रतिमामें कई जगह खडे पड गये थे. अगरचे प्रभूके सोनाकी आंगी मोजूद है परन्तु वह मेडता रहती है और सिर्फ उत्सवके दिनोंमें धारण कराई जाती है इस लिये अब यह इन्तजाम किया गया है कि पक्षाल होकर अंग पूजाके पश्चात् फोरन ही आंगी धारण करादी जावे इसवास्ते नई रूपेरी आंगी तय्यार कराई गई है, और वह हमेशा धारण होती है जिससे प्रतिमाकी पूरी हिफाजत रहती है.

२. बगली प्रतिमाओं और शान्तीनाथ स्वामीके मन्दिरमें चोमुखजीके वास्ते रूपेरी आंगीयां तय्यार होगई हैं.

३. पहिले किसी प्रतिमाके चक्षू थे किसीके नहीं थे किसीके एकही चक्षू लगा रह गया था अब कुल प्रतिमाओंके चक्षू चढा दिये गये हैं.

४. मूल गभारेमें रंगत और काचका काम होगया है कि जो बहुतही मनोहर है और यात्रियोंके दिलोंको आकर्षण करता है. यह काम रंग मंडप और सभामंडपमें भी होजानेसे मन्दिरकी छबि बहुत अच्छी होजावेगी.

५. पहिले रंग मंडपके दोनों बगलों में आलियोंके अंदर प्रतिमायें विराजमान थीं परन्तु उनके आडा कोई कंवाड वगरह नहीं थे. उत्सवके समय हजारों मर्द औरत हरतरहकी समझके इकठे होते थे उनमेंसे कई औरतें प्रभूकी प्रतिमापर चढी हुई केशरको अपने हाथसे उतार कर जिस तरह भैरव, देवी वगरहकी मूर्तिपरसे सिन्दूर उतार कर टीका कर लेते हैं वैसेही उस केशरका टीका करलेती थी, इस औरतों की वे समझसे पूरी पूरी अशातना होती थी अव्वल तो बिना न्हाये धोये स्त्रियां प्रतिमाको स्पर्श करती थी, दूसरे प्रभूपर चढी हुई केशरको उतारकर उसका चांदला करती थी. अब इस अशातनाको टालनेकी गरजसे दोनों आलियोंके तानदार कपाट लगा दिये गये हैं जिससे प्रभूके दरशणभी होजाते हैं. और अब वह अशातना भी नहीं होती है.

६. झाड, हांडी, फानोशके मुंहपर जो पहिले रोशनीके समय कपडा नहीं लगाया जाता था अब कपडा लगाकर जीवोंकी जयणा की गई है.

७. श्री पार्श्वनाथ स्वामिके पास पहिले हरवक्त पीलसोतके ऊपर खुला दीपक जला करता था अब दोनों तरफ लाल टैनें लगाई हैं कि जिससे जीवोंकी रक्षा होती है.

८ श्री शान्तीनाथजीके मन्दिरके कोटकी मरम्मत और मन्दिरकी सफेदीका काम होगया है.

९ रसीदें छपाली गई हैं.

इन शुभ कार्यवाहीयोंके वास्ते "श्री फलोधी तीर्थोन्नति सभा" और मेडताके संघको धन्यवाद दिया जाता है परन्तु नीचे लिखी हुई बातोंपर इन दोनोंका ध्यान खेंचना मुनासिब समझकर उम्मीद करते हैं कि इन बातोंका भी बहुत जल्द इन्तजाम किया जावेगा:—

१ काचके काममें जो तीर्थंकरोंकी छबियां चित्राई गई हैं मोटी कलमकी हैं आयंदा ऐसी छबियां बारिक कलमकी खूब सूरत और मनोहर होना चाहिये.

२ वीतरागके मन्दिरमें सरागी श्रीकृष्ण और गोपियोंके कुतूहलकी या अन्यस्त्रियोंकी छबियां जो काचके काममें चित्री गई हैं बेमोका और नामुनासिब है आयंदा इसका पूरा खयाल रहे.

३ रंग और सभामंडपके अंदर रंग रीपियरका काम उत्सवके समयसे पहिले पहिले होजाना चाहिये.

४ जो अढाई द्वीप और अष्टापदजीके बडे पट्ट कोटडीयोंमें हैं, और उनको यात्रि लोग केशरके छांटोंसे खराब कर डालते हैं उनपर काच चढादिये जावें.

५ सेवग लोगोंको जो सेवा पूजाका काम करते हैं पूजाकी विधि और विवेक सिखलाया जावे.

६ जिसतरह अन्य जैन तीर्थोंपर कई खाते होते हैं और वहांके कारकुन यात्रियोंको सब खाते दिखलाकर हर खातेमें रकम भरवाते हैं उसही तरह इस तीर्थ परभी साधारण वगरह कई खाते होना उचित है और इस मन्दिरके मैनेजरको हिदायत होना वाजिब है कि वह मेहनत और तन देही करके यात्रियोंमें सब खातोंमें रकम भरवाया करे. इस तरह कार्यवाही करनेसे जो रकम मन्दिरके भंडारकी इसवक्त साधारण खातेमें लगरही है वह आसानीके साथ अदाहो जावेगी.

७ गत वर्षमें जो सज्जन हिसाबकी जांच परताल करके रीपोर्ट पेश करनेके वास्ते नियत हुवे हैं और अबतक फुरसत न होनेके कारण नियमित समयपर हिसाबको नहीं देखसके हैं उनका फर्ज है कि अब शीघ्रही हिसाब की जांच परताल करके उनको इस पत्र द्वारा प्रगट करें.

८ इस मन्दिरके इन्तजामके वास्ते पहिलेसे ट्रस्टिमुकर्रर हो चुके हैं परन्तु उनमेंसे कई ट्रस्टियोंकी जगह खाली होगई है इसलिये समयानुसार उन ट्रस्टियोंकी जगह नये ट्रस्टि मुकर्रर किये जावें.

९ मन्दिरके सदर दरवाजेके सामने जो मन्दिरकी टेकरी है और जिसपर करीब पंदरह वर्ष पहिले साधु चिदानंदजीनें आश्रम बनवाया था और जो इस वक्तभी मोजूद है उस टेकरीपर कोट खिचवाया जाकर एक छोटासा मन्दिर बनवाकर प्रभुकी प्रतिमा विराजमान की जावे.

१० जगहकी तंगी होनेसे श्री शान्तिनाथ स्वामीके मन्दिरमें यतिलोग उतरते हैं और उनके देखे देख गृहस्थभी उतरते हैं कि जिससे जिनचैत्यकी मोटी असातना होती है इस असातनाको टालनेके वास्ते उस मन्दिरके कोटके नीचे जुरुरतके मुवाफिक उतरनेके मकानात बनवाये जावें या टीनके छपर डलवाये जावें या तम्बु डेरे खरीदकर खडे किये जावें.

११ आसोज वुदि १० को जब प्रभुकी सवारी नाडासर पधारती है उसके आगे कई रंग बरंगे जंडे और एक मनोहर इन्द्रध्वज तय्यार कराकर चलाये जावें और प्रभुकी पालकीके पीछे रहनेको एक रथ तय्यार कराया जावे.

१२ यात्रियोंकी संख्या जियादा बढती जानेके कारण और रंग मंडपमें जियादा गुंजायश न होनेके सबबसे स्त्री वर्ग और पुरुषोंको समकाल दर्शन पूजाकी इजाजत देनेमें असातना होती है इस लिये दर्शन पूजाके भिन्न २ समय नियत कर दिये जावें.

१३ रंग मंडपके सिर्फ एक दरवाजा होनेसे यात्रियोंके अंदर जाने और बाहिर निकलनेमें बहुत धक्कम धक्की होती है इस लिये रंग मंडप की एक बगलमें यात्रियोंके निकलनेके वास्ते दूसरा दरवाजा निकलवा दिया जावे.

१४ मन्दिरके बाहिर और कोटके अंदर जो दूकानें हिन्दू, मुसलमान, हलवाई वगरहकी लगती है उन दूकानोंको वहांसे उठाकर यातो कोट बाहिर लगाई जावें या टांके और बारीकी दीवारकी तरफ लगाई जावें क्योंकी इन दूकानोंके मोजुदा स्थानपर रहनेसे पूजाकरने वाले यात्रि हिन्दू मुसलमान और विना स्नान किये हुये मनुष्योंसे स्पर्श होकर फिर पूजा करते हैं. यह बडा भारी असातनाका कारण है.

१५ स्त्री वर्ग जो कोटके नीचेही टट्टी बैठजाती हैं ठीक नहीं है मर्दों और स्त्रियोंके टट्टीके मैदान अलहदा अलहदा कायम करदिये जावें.

हम आशा करते हैं कि ऊपर लिखी हुई बातोंपर लक्ष दिया जाकर शीघ्र ही बन्दोबस्त किया जावेगा तो आयंदा और और बातोंकी सूचना देंगे कि जिनका इन्तजामभी बहुत ही जुरूरी होगा.

# હવે કરવું શું !

(અંક ૧૦ પૃ. ૩૪૭ થી ચાલુ.)

(લખનાર–મોતીચંદ ગીરધરલાલ કાપડીયા, બી.એ. એલ.એલ. બી. મુંબઇ.)

કેળવણી અને ખાસ કરીને ચાલુ જમાનામાં ઉપયોગી રાજકીય ભાષાની કેળવણી આપવાથી, તેના વધારાથી કોનફરન્સનો મોટો ઉદ્દેશ પાર પડે છે તેથી હવે તે કેવી હોવી જોઇએ અને તે બાબતમાં કેવાં કેવાં સાધનોની જરૂર છે તે પર જરા વિચાર કરીએ.

કેળવણી બે પ્રકારની છે તે આપણે ઉપર જોઈ ગયા. મગજની કેળવણી અને અંતઃકરણની કેળવણી મગજની કેળવણીથી યાદશક્તિ, તર્કશક્તિ, પ્રથક્કરણ શક્તિ, સંમીલન શક્તિ વિગેરે ખીલે છે; ખીલે છે એટલે કે સત્તારૂપે રહેલી શક્તિઓનો પ્રકટપણે આવિર્ભાવ થાય છે; જ્યારે અંતઃકરણની કેળવણીથી સદસદ્વિવેક, કાર્યાકાર્ય જ્ઞાન, વર્તનનું સ્થાપન, જીવનનો ઉદ્દેશ વિગેરે ભાવના ખીલે છે. આ બંને પ્રકારની કેળવણીની જરૂર છે. એકલી મગજની કેળવણીથી અનેક અકાર્યો થઈ જવાનો સંભવ રહે છે અને કેટલીકવાર કેળવાયલાપર આ જમાનામાં આક્ષેપ થાયછે તે મગજની ખીલવણી સાથે નૈતિક કેળવણીની પશ્ચાતતાને આભારી છે. વળી જો એકલી નૈતિક કેળવણી આપી હોય તો તર્ક શક્તિ વગર ગાડરીયા પ્રવાહ જેવું વર્તન થાય છે અને એથી પણ જીવ જેવો લાભ થતો નથી. સમષ્ટિ તથા વ્યક્તિના લાભ માટે તેટલા માટે ખાસ જરૂરનું છે કે દરેક અભ્યાસીને માનસિક અને નૈતિક કેળવણી મળે. નૈતિક કેળવણીના બહોળા અર્થમાં ધાર્મિક કેળવણીનો સમાવેશ થઇ જાય છે.

માનસિક કેળવણીનાં સાધનો ઉત્પન્ન કરવાની બહુ જરૂર છે. ચાલુ જમાનામાં વ્યાપાર, ઉદ્યોગ કે વકીલાત વિગેરે કોઈ પણ ધંધામાં ફતેહ મેળવવા માટે તેની ખાસ જરૂર છે. જે અલ્પ વ્યાપાર આપણી કોમના હાથમાં રહ્યા છે તે જાળવી રાખવા માટે પણ કેળવણીની જરૂર છે. એવાં સાધનો ઉત્પન્ન કરવાની વિશેષ જરૂર એટલા માટે છે કે વખત જતાં કેળવણી મોંઘી થતી જાય છે. ગરીબ વર્ગ ફી તથા પુસ્તકોનો ખરચ અને ગુજરાનના સાધનો એક સાથે કરી શકતા નથી અને ધનવાન વર્ગના બાળકો મહેનત કરી અભ્યાસ કરવાની દરકાર કરતા નથી ગરીબ અને મધ્યમ વર્ગ ન અભ્યાસ કરે તો ભુખે મરે અને કોમપર નિર્વાહ કરે એવો વખત આવી લાગ્યો છે અને ધનવાન વર્ગ ન ભણે તો અરસપરસ કજીઆમાં અથવા મોજ શોખમાં જીવન તુચ્છ કરી ધનનો નાશ કરે છે અને પોતે ગરીબની પંક્તિ પર ઉતરી જાય છે. મધ્યમ વર્ગના લોકો ભણી શકે તેટલા માટે વારંવાર બોલાતી નીચેની સુચનાઓ ધ્યાનપર લેવાની ખાસ જરૂર છે.

આપણી કોમ અત્યારે જે સંજોગોમાં છે તે વખતે તેને સ્વતંત્ર જૈન કોલેજની બીલકુલ જરૂર નથી. કોલેજ જો એલ્ફીસ્ટન કોલેજ કે સેન્ટ જેવીયર જેવી

કોલેજો સાથે હરીફાઈ કરી શકે તેવા પ્રોફેસરોને પોતે લાવી શકે તેવી સ્થિતિમાં જ્યારે જૈન કોમ હોય ત્યારેજ વિચાર કરવો. વળી એવી કોલેજમાં અભ્યાસ કર નારાઓને બીજી કોમના વિદ્યાર્થીઓની હરીફાઈ અને અનુકરણનો અવકાશ રહેતો નથી તે મોટો ગેરલાભ છે. તે ઉપરાંત કોલેજ નીભાવવા માટે ઓછામાં ઓછો પંચોતેર હજારનો વાર્ષીક ખરચ થવા જાય છે. વળી કોલેજથી જે લાભ મેળવવાની ધારણા છે તેજ લાભ તેથી વધારે સારા આકારમાં થોડે ખરચે મળી શકવાનાં સાધન યોજી શકાય તેમ છે.

જો મોટો ખરચ કરી તંદુરસ્ત જગાએ એક સારી બોર્ડીંગ કરવામાં આવે તો તે પાછળ સારા મુકામ માટે મુંબઇ શહેરમાં રૂપીઆ એક લાખનો ખરચ કરવો જોઈએ. બોર્ડીંગ માટેની જગામાં ઘણી બાબત યાદ રાખવાની છે. હવાવાળી જગા હોવી જોઇએ, તેની નજીકમાં ગડબડ ન હોવી જોઇએ, લત્તો તંદુરસ્ત હોવો જોઈએ, જ્યાં આવવાનાં સાધનો ટ્રામ, ટ્રેન ગાડીનું સ્ટેશન નજીકમાં હોવાં જોઇએ. આવા પ્રકારની તંદુરસ્તીના સર્વ નિયમથી યુક્ત બોર્ડીંગનો ખરો અર્થ ત્યારેજ ફલિત થાય છે કે જ્યારે તેમાં ખાવા પીવાનું મફત આપવામાં આવે. મુંબઈ શહેરમાં આપણે જે બોર્ડીંગની યોજના કરીએ છીએ તેમાં જો ૩૦ વિદ્યાર્થીઓને બોર્ડર તરીકે રાખ્યા હોય તો તેઓનો ખાધા ખરચ, કોલેજ ફી અને પુસ્તક ખરચ મળી સરાસરી વાર્ષીક ખરચ દરેક વિદ્યાર્થીએ બસે રૂપિયા ગણતાં છ હજાર રૂપિયા થાય અને તેના સુપ્રીન્ટેન્ડેન્ટ તથા લાયબ્રેરી વિગેરેનો ખરચ ગણતાં વાર્ષીક કુલ ખરચ આઠ હજારનો થવા જાય છે. હવે આવા ત્રીશ વિદ્યાર્થીઓ સાથે વિશાળ મુકામમાં બીજા ત્રીશ વિદ્યાર્થીઓ પોતાના ખરચે (Paying Boarders તરીકે) ત્યાં રહી શકે. વળી કેટલાક વિદ્યાર્થીઓને લાયકાત પ્રમાણે અડધી ફીથી દાખલ કરી શકાય અને કેટલાકને સ્કોલરશીપ દ્વારા પણ મદદ કરી શકાય. આવી રીતે કરવા ધારેલી બોર્ડીંગ માટે મુકામના એક લાખ રૂપિયા ઉપરાંત બેથી ત્રણ લાખનું નીભાવ ફંડ જોઇએ. હવે ત્યાં શું થાય તે વિચારીયે. આવી બોર્ડીંગમાં વિદ્યાર્થીઓને દરરોજ એક કલાક ધર્મનું જ્ઞાન આપવામાં આવે, ત્યાં તેમને જૈન ધર્મના ઉંચા તત્વોનું રહસ્ય સમજાવવામાં આવે અને ત્યાં તેમનાં માનસિક તત્વો ખીલવવાનો યત્ન વિદ્વાન અને અનુભવી તેમજ સુશિક્ષિત માણસોની દેખરેખ નીચે કરવામાં આવે, તો ભવિષ્યમાં તેઓ નૈતિક અને ધાર્મીક જ્ઞાનના અભ્યાસી થઈને બહાર પડી પોતાની જાતને, કોમને અને દેશને મહા લાભકારી નીવડે છે. બોર્ડીંગમાં દેરાસર વિગેરેની જોગવાઈ હોય અને ભક્ષ્યાભક્ષ્યના વિવેકથી હાલના સાયન્સ પ્રમાણે પણ કેટલો ફાયદો થાય છે, તેની વિચારણા પૂર્વક તે સંબંધી ઉપદેશ અને સંસ્કાર પાડવામાં આવે, તો હાલની કેળવણીમાં બાલ્યાવસ્થાના સંસ્કારની જે ખામી જણાઈ આવે છે તે પૂરી પડે. વળી બોર્ડીંગની અંદર એક કોમના બંધુઓ વસતા હોવાથી ભ્રાતૃભાવ વધેછે અને ભવિષ્યમાં તેના ઉપાસકો જો કાંઇ મોટી યોજના હાથ ધરવા માંગે તો એકદમ જોડાઈ શકે છે. એ ઉપરાંત કોમના ખરચે ભણેલા વિદ્યાર્થીના મનમાં

બાલ્યાવસ્થાથીજ એક જાતનું કે મને માટે માન અને કોમ તરફ ફરજનું ભાન રહે છે અને આપણે અભ્યાસ કરીને જે પરિણામ મેળવવા ઇચ્છીએ છીએ તે એજ છે મહેરબાન હેરલ્ડના સંપાદકે જૈન કોલેજની જરૂરીઆતના સંબંધમાં એક લેખ લખ્યો હતો અને તેને ત્યાર પછી મી૰ પારેખ જેવા સમર્થ વિદ્વાને ટેકો આપ્યો હતો, પણ વિચાર કરવાથી સ્પષ્ટ જણાશે કે કોલેજ કરવાની યોજના ખરચાળ છે, કોમને માથે મોટા બોજા સમાન છે અને જ્યારે તેના લાભો અચોકસ છે, ત્યારે તેનાથી મેળવવા ધારેલા લાભો બોર્ડીંગથી અવશ્ય મળે તેમ છે.

મુંબઇ શહેરમાં બોર્ડીંગ કરવા સારૂ શેઠ ગોકલભાઇ મુલચંદ તરફથી સારી રકમ, મળી છે એમ પેપરમાં વાંચ્યું છે. જો ઉક્ત નિયમ ધ્યાનમાં રાખી ફ્રી બોર્ડરો રાખવાને, વશાળ નિયમ લક્ષ્યપર લેવામાં આવશે તો શ્રી જૈન કોનફરન્સનો એક મહાન હેતુ પાર પડશે. આ બાબત ઘણી અગત્યની છે. ઘણા ખાતાઓમાં ખરચ કરવાનો છે પણ અત્યારે એવા પ્રકારનો ખરચ મજબુતીથી કરવાની જરૂર છે કે જે ખરચને પરીણામે આવતો જમાનો બધા સવાલો પોતાની મેળેજ ઉપાડી લે. બોર્ડીંગ જેવી મહાન યોજના હાથ ધરવામાં અનુભવીઓની સલાહ અને ધનવાનની મદદની બહુ જરૂર છે. મુંબઈ શહેર જૈન કોમનું અને આખા હિંદુસ્તાનનું મધ્ય બિંદુ છે, ત્યાં ઘણા મોટા પાયા ઉપર બોર્ડીંગ હોવાની જરૂર છે. ત્યાં બોર્ડીંગ થવાથી આખા દેશના જૈનોને લાભ મળશે એ નિઃસંદેહ જેવું છે. એક એવી યોજના હાથ ધરવાની જરૂર છે કે જેથી બોર્ડીંગ માટે મોટું ફંડ થઇ જાય. એ બાબતમાં ખરચ કરવો તે નિરાશ્રિતને આશ્રય આપવા જેવું છે કારણ કે તેથી પરંપરાએ અનેક નિરાશ્રિત થતાં બચે છે; એનાથી જીવદયા સચવાય છે, કારણકે એના ઉપાસકો ધર્મરાગી થશે, એનાથી જ્ઞાનનો ઉદ્ધાર થશે, એનાથી મંદિરનો ઉદ્ધાર થશે, એનાથી સાંસારિક રિવાજો સુધરશે, એનાથી ધાર્મીક આસ્થા મકકમ પાયાપર બંધાશે અને પરિણામે એમાંથી બન્ને ભવ સુધરશે.

મુંબઈ શહેરમાં મહોટા પાયાપર બોર્ડીંગની જરૂર છે, તેમજ બીજા શહેરોમાં પણ કોલેજ હોય ત્યાં મુકામની જરૂર છે. ભાવનગરમાં વિદ્યાર્થીની સગવડ સારૂ ત્યાંના શ્રી સંઘ તરફથી આવા મુકામ હવાવાલી જગાએ તૈયાર કર્યા છે અને તેનો લાભ વિદ્યાર્થીઓ સારી રીતે લે છે. તેવીજ રીતે વડોદરા, અમદાવાદ, અજમેર, અલ્લાહબાદ, કલકત્તા વિગેરે શહેરોમાં પણ કવોર્ટર્સ થવાની જરૂર છે. એ બાબત સ્થાનિક છે અને સ્થાનિક આગેવાનો ધારે તો ઓછે ખરચે યોજના કરી શકે અને તે અમલમાં પણ મુકી શકે. જો મુકામ તૈયાર થાય તો મધ્ય બિંદુ આપણા હાથમાં આવી જાય, ત્યાર પછી ફ્રી બોર્ડરો રાખવા માટે ગામના અમુક અમુક ગ્રહસ્થોને આગ્રહ કરી શકાય, એટલેકે અમુક વિદ્યાર્થીનો સઘળો ખર્ચ એક ગ્રહસ્થ આપે એવી ગોઠવણ થઇ શકે, મોટું ફંડ ન બને ત્યાં સુધી મુંબઇમાં પણ ઉપરની હકીકત ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે.

બોર્ડીંગથી લાભ કેટલા છે તે અત્ર પુનરાવર્તન કરવાની જરૂર નથી, પરંતુ જ્યાં સુધી એવા પ્રકારની બોર્ડીંગ ન થાય ત્યાં સુધી સ્કોલરશીપો આપવી. સ્કોલરશીપમાં જો હરીફાઇનું તત્વ દાખલ કરવામાં આવ્યું હોય તો એવડો લાભ થાય છે. એક તો હરીફાઈને લીધે વિદ્યાર્થી પોતાનો અભ્યાસ બહુજ સારી રીતે કરે છે, તેમાં મહેનત લે છે, ખંત રાખે છે અને સર્વ હકીકત સમજવા યત્ન કરે છે. એ ઉપરાંત બોર્ડીંગમાં રહેવામાં માનભંગ સમજનારા પણ ઉત્સાહથી અભ્યાસ કરી તેનો લાભ લઇ શકે. આ વર્ગ મોટી સંખ્યામાં છે અને તેઓને કેળવણી આપવામાં સ્કોલરશીપોની ખાસ જરૂર છે.

પ્રાથમિક અભ્યાસ માટે બહુ ખરચ કરવાની જરૂર નથી. એનું કારણ એ છે કે માબાપો ગમે તેમ કરીને પણ બાળકોને પ્રાથમિક કેળવણી આપે છે. ફકત અશેષ કર્તવ્ય એટલુંજ રહેછે કે તેઓને સાથે સાથે ધાર્મીક કેળવણી મળે એવા પ્રકારની શાળા ઉઘાડવી. ચાલુ અભ્યાસની પદ્ધતિથી ધાર્મીક સંસ્કાર થવાનો પ્રસંગજ આવતો નથી અને તેથી ભણેલાઓને માથે ધર્મપર અનાસ્થાનો આરોપ વ્યાજબી થાય છે. અભ્યાસક્રમ બોજારૂપ નહોવા સાથે લાભકારી હોવો જોઇએ. હાલમાં પાઠ શાળાઓમાં શરૂઆતમાં પ્રતિક્રમણ ગોખાવવામાં આવે છે તે લાભકારી હો કે ન હો પણ નૈતિક ને ધાર્મીક કેળવણીથી આપણે ફરજના ભાનની જે અસર ઉત્પન્ન કરવું માંગીયે છીયે તે તો મુખપાઠથી થતી નથી એ સ્પષ્ટ છે. તેટલા માટે સાદી શિક્ષાએ સાદા દ્રષ્ટાંતોની ઉપયોગી પણ સહેલી ચોપડીઓ અને તે પણ અભ્યાસના પ્રમાણમાં ચડતી ઉતરતી મેળવવા વિદ્વાનોને ભલામણ છે. નિશાળના અભ્યાસ ઉપરાંત આવી પાઠશાળાઓમાં જો દરરોજ અરધો પોણો કલાક અભ્યાસ કરાવવામાં આવે તો નિશાળની કેળવણીમાં જે ઓછાશ રહે છે પુરી થઇ જાય. આશા છે કે પન્નાલાલ બાબુના રૂપિયાની વ્યવસ્થા કરવા માટે બંધાયલા મુકામમાં કેવા પ્રકારનો અભ્યાસ કરાવવો એ સવાલનો તેના જવાબદાર ટ્રસ્ટીઓ નિર્ણય કરે તે પહેલાં અનુભવીઓની સલાહ લઈ ઉપરની હકીકત લક્ષ્યપર લેશે.

સાથી વધારે અગત્યની ભલામણ માબાપોને કરવાની છે. પોતાના બાળકની જીદંગી સુધારવી એ તેમની ફરજ છે. પોતાના પુત્રો પ્રમાણિકપણે નિર્વાહ કરી શકે એવી સ્થિતિમાં તેઓને મૂકવા એ પ્રત્યેક પિતાની પ્રથમ ફરજ છે. જ્યારે મોટો વારસો (ધનનો) આપી જવાની ફરજ કોઈ પિતાને માથે નથી, ત્યારે જીવન વ્યવહારના યોગ્ય સાધન યોજી આપી વ્યવહાર કુશળ બનાવવાં એ પ્રત્યેક માબાપનો ધર્મ છે. કેળવણીના વિષયમાં યોગ્ય રીતે ધ્યાન આપવાથી માબાપની ફરજ બરાબર બજાવાય છે. નિશાલની કેળવણી આપવા ઉપરાંત ઘેર નીતિ અને ધર્મનાં સંસ્કારોનું આરોપણ કરવાથી આ ફરજ લગભગ પરિપુર્ણ થાય છે. જે સમજે તેને માટે આ છેલ્લા વાકયમાં જોઈએ તેટલું કહેવામાં આવ્યું છે.

જેટલી જરૂર પુત્રને કેળવણી આપવાની છે તેટલીજ જરૂર પુત્રીને કેળવણી

આપવાની છે. સ્ત્રી કેળવણી સંબંધમાં અત્યંત બહુ બોલાયું છે તથા લખાયું છે. અત્ર એટલુંજ કહેવાની જરૂર છે કે તેથી બહુજ લાભ છે. કોનફરંસની બાબતમાં શું કરવું એ સવાલનો જવાબ ટુંકા વખતમાં ભવિષ્યની પ્રજા આપી શકે એવી સ્થિતિમાં તેઓને મુકવાની આપણે આપણી ફરજ સમજતા હોઈએતો અત્યારની બાળાઓને એકદમ સુશિક્ષિત બનાવી દેવી કે જેથી તેઓ માતા અને ઘરના શિરછત્ર વડીલ તરીકે ઉચ્ચ સંસ્કારવાળા પુત્રોને કોમ સમક્ષ બહાર પાડી કોમનું ભવિષ્ય સુધારે. આ સવાલ સર્વથી વધારે અગત્યનો છે.

કેળવણીને અંગે સંસ્કૃત કેળવણી, ધાર્મિક ઉપદેશકો, ફાઈલોલોજીકલ રીસર્ચીસ (જુના વખતના ઇતિહાસ લેખો વિગેરેની શોધ ખોલ), મોટી લાઇબ્રેરીનું સ્થાપન વિગેરે વિગેરે અનેક વિષયો છે, પણ તે ચાલુ વિષયની સાથે અપ્રસ્તુત છે. આ લેખની મતલબ એ છે કે કેળવણી અને સમજણ એવા પ્રકારની આપવી જોઈએ કે જેથી પ્રત્યેક વ્યક્તિ પોતાની ફરજ શું છે એ સમજતાં શીખે, સમજે અને કોમને લગતા દરેક કાર્યોમાં પોતાની સ્થિતિ શક્તિ અને સંજોગાનુસાર પોતાનો ભાગ આપે. પછી દરેકના મનમાં એમજ રહે કે આપણી ફરજ છે અને અત્યારે જનરલ સેક્રેટરીઓ અથવા પ્રાંતિક સેક્રેટરીઓની ફરજ છે એવો ખોટો ખ્યાલ કરી થોડા અપવાદ સિવાય લગભગ આખી કોમ બેસી રહી છે અને દરેક રવિવારે જૈનમાં બીજા માસિકોમાં શું આવેછે તે વાંચીને ઉંચુ જોવામાં તેની પરિપુર્ણતા થઈ જાય છે એ સ્થિતિનો છેડો આવશે-ઉલટાઇ જાશે. પછી જનરલ સેક્રેટરીના એક ફરમાન ઉપર આખી કોમના અંતઃકરણ એક સાથે એક દિશામાં એકસંપથી કામ કરશે અને તે સ્થિતિ પ્રાપ્ત કરાવવી એજ આગેવાનોનું કર્તવ્ય છે, એમાંજ જવાબદારીની પરિપુર્ણતા થાય છે અને પ્રત્યેક નેતાનું એજ દ્રષ્ટિ બિંદુ હોવું જોઈએ. કેળવણીથી આ ઉપરાંત આડકતરી રીતે તો બીજા અનેક લાભ થશે એ પર વિવેચન કરવાની જરૂર નથી, પણ જો પશુ જીવનમાં માનુષી જીવન જીવવાની ઇચ્છા હોય, જો સંસારમાં રહી મોક્ષ સુખની વાનકી લેવાની ઇચ્છા હોય તો જ્ઞાન-કેળવણી એજ ઉપાય છે.

આ સિવાય ઉપદેશથી પણ ઘણો લાભ થાય. કેળવણીનાં ફળ મેળવતાં ઓછામાં ઓછાં ત્રીશ વરસ જશે દરમ્યાન મુનિ મહારાજો ફરજનું જ્ઞાન આપેતો પુલ્પીટ (પાટ) પરથી નીકળતા શબ્દોમાં જે અસાધારણ માન શ્રાવકોના હૃદયમાં હજુ વસેલું છે તેમાં બહુ વધારો થાય. ફરજનું ભાન આપવું એ કોનફરંસનો ખાસ ઉદ્દેશ છે અને મુનિ જીવનનું એ એક અચલિત સાધ્ય બિંદુ છે. એવી રીતે મુનિ મહારાજાઓ આ બાબત જ્યારે ઉપાડી લેશે ત્યારે કોનફરંસનું કાર્ય નિયમના વર્ગમાંથી નીકળી જશે.

કામ ઘણું છે, વાટ વિશાળ છે, સાધ્ય બિંદુરૂપ દિપક બહુ દૂર છે, તેના દૂરથી કિરણો દેખાય છે, પણ ડુંગર જોઈને ડરવાનું નથી, સમુદ્ર જોઈને અટકવાનું નથી. એક ટ્રેઈન નથી મોટો ડુંગર પાંચ મિનિટમાં ચડી જવાશે, એક સ્ટીમરથી

અગાધ સમુદ્રનો પાર પામી શકાશે. એને માટે વ્યક્તિમાં ફરજનું જ્ઞાન વધારવું" આગેવાનોએ નિસ્પૃહ વૃત્તિ રાખવી, માન કરતાં કામ ખાતર કામ કરવું, પોતાની મોટી જવાબદારી અને સાધ્ય ધ્યાનમાં રાખવું, મોટાઇ કરવામાં મહાલાભ તેમજ મહાનુકશાન છે એ લક્ષમાં રાખવું, અને માન કે એવા બીજા કોઇ પણ સ્થુળ બદલાની આશા વગર કાર્ય રેખા અંકિત કરવી, યોજનાઓ કરવી, યોગ્ય સલાહ લેવી અને વીરના શાસનનો વિજય ડંકો વગાડવો. ભવિષ્ય સારૂં છે એ નિઃસંદેહછે, પણ તેને ખોદી કાઢવા માટે અસાધારણ પ્રયાસની જરૂર છે.

---

# जैन यंगमेन्स एसोसिएशन ऑफ इन्डियाकी ओरसे सर्व जैनी भाइयोंसे प्रार्थना.

प्यारे भाइयो !

आप अच्छी तरह जानते हैं कि इस समय हमारी समाजको दो वस्तुओंकी बड़ी आवश्यक्ता है. एकतो मेल अथवा ऐक्यता और दूसरा पारस्परिक सहायता अथवा मैत्री भावसे कार्य करना. इन दोनोंके अभावसे होनेवाले बुरे परिणाम समाचार पत्रोंद्वारा पूर्णतया प्रगट किए जा चुके हैं. इसीका एक बुरा परिणाम यह है कि हमारे कई जाति हितैषी उत्साही भाइयोंका परिश्रम तथा शक्ति व्यर्थके सामाजिक और धार्मिक झगड़ोंमें नष्ट हो रहे है. यदि आज हम हिल मिलके कार्यकरना प्रारंभ करें तो जो लौकिक झगड़े—जैसे मुकद्दमे बाजी वगैरह—आज हमारी समाजमें दिखाई देते हैं वे एकदम बंद होजावें, और फिर हमारी उन्नति कैसे शीघ्र होती है उसका विचार आपही करलें.

इन्हीं आपसी झगडोंका एक बुरा परिणाम यहभी है कि अन्यधर्मी स्वतंत्रतापूर्वक बिना रोकके हमारे पवित्र तथा प्राचीन धर्मपर आक्षेप कर रहे ह. इतनाही नहीं बरन् कई असभ्य द्वेषी मनुष्यतो यहांतक बढ गए हैं कि, हमारे तीर्थंकरोंकोभी गाली देते नहीं लजाते. भाइयो ! हम विश्वासपूर्वक कहते हैं कि, यदि इन आपसके झगड़ोंका शीघ्र अन्त न हुआ, तो ए लोग औरभी स्वतंत्रतासे ऐसा करने लगेंगे.

उपर समाजकी जिस दुर्दशा की ओर संकेत किया गया है उसको सर्वसाधारण नहीं जान सकते. अशिक्षित तो उसपर विश्वासही नहीं करेंगे बरन् इस कथनको पढ़कर उसकी ओर हंसेंगे ; परन्तु हमारा कर्तव्य है कि हम अपनी आंखें खोलकर जातिकी वास्तविक दशा देखें,

इस दुर्दशाके कारणोंका विचार करें और एक्यतापूर्वक इन कारणोंको दूर करनेका प्रयत्न करें तथा वर्तमान प्रणाली धर्म व जातिका **सुधार** करें.

भाईयो ! हमारे अन्य देशबान्धवोंकी ओर देखिये वे किस प्रकारसे अपने २ धर्म तथा जातियोंकी उन्नतिके लीये प्रयास कर रहे है. किस प्रकारसे वे देशकी नाना जातियोंको जातीयताके एक सूत्रसे बांधकर देशमें राष्ट्रता पैदा करनेका प्रयत्न कर रहे हैं. जिस समय देश हितैषियोंका ध्यान देशकी एक्यता की ओर झुका है उस समय यह देखकर हमें बड़ा शोक होता है कि हमारी जैन कौमके दोनों संप्रदाय अथात् दिगंबरी और श्वेतांबरी आपसमें एक्यता करके सुधार नकरें. हम देखते हैं कि दोनों संप्रदायोंके एकही सिद्धांत है. यदि कुछ अंतर है तो वह कुछ अधिक महत्वका नहीं है भेद केवल व्यवहारका है. हम दोनों उन्हीं चौबीस तिर्थकरोंको पूजते हैं. हमारे प्रधान सिद्धांतभी एकही हैं फिर हम नहीं कह सकते कि क्यों हमें हिल मिलकर न रहना चाहिये ? हम यहभी मानते हैं कि समय पड़नेसे हमारी कौमके दो भग हो गयेथे आज वह समय नहीं है. यदि मानभी लिया जायकी हमारे सिद्धांतोंमें कुछ अंतर है, परन्तु इससे यह नहीं सिद्ध होता कि हमें एक्यतापूर्वक काम न करना चाहिए. इस बातमें हमें पश्चिमके वैज्ञानिकोंसे शिक्षा लेना चाहिये. उनके सिद्धांत प्रथक् होते भी वे एक दूसरेसे प्रेम करते हैं और मनुष्य जातिकी भलाइके लिए हिलमिलकर विज्ञानकी उन्नति करते हैं अतएव हमेंभी हिलमिलकर कार्य करना चाहिए.

हम यह स्वीकार करते हैं कि एक संप्रदायवाले अपने पूर्वजोंके समाज पूजाकी प्रणालीको छोड़ दूसरी संप्रदायकी प्रणाली स्वीकार न करना चाहिये, परन्तु हम कहते हैं कि वे चाहे उस प्रकारसे पूजन करें, पर ऐसे कई कार्य क्षेत्र हैं जिनमें दोनों संप्रदायवाले मिलके काम कर सकते है और जैन जातिकी उन्नति कर सकते हैं. सामाजिक सुधार, लौकिक उन्नति और पश्चिमी विद्वानोंके जैनधर्म संबंधी कुविचारोंको दूर करना इत्यादि ऐसे कार्य हैं कि जिनसे **दिगंबरी तथा श्वेतांबरी** दोनोंका समान संबंध है और जो केवल दोनोंके ऐक्यसेही किए जा सकते हैं. इसी एक्यता और मित्रता उत्पन्न करनेके अभिप्रायसे जैन यंगमेन्स एसोसिएशन कायम की गईथी, परन्तु शोक विषय है कि कई सज्जनोंने उसके उद्देश्यको नहीं समझा अथवा उलटा समझ लिया. इसीसे सर्व साधारणने उसको केवल दीगंबरी सभा समझली यह उनकी भूल है. सभाके नियम और उद्देश्योंके देखनेसे आपको जान पड़ेगा न तो यह सभा केवल दिगंबरियोंके लिए है और न केवल श्वेतांबरियोंके लिए है, परवह समग्र जैनजातिकी भलाईके लिए स्थापित की गई है. गतवर्ष सभाके वार्षिकोत्सव पर ऐक्यताका प्रस्ताव Resolution पास करके, दोनों संप्रदायोंके नेताओंसे पत्र व्यवहार करके और अंग्रेजी "जैनगजट"के द्वारा दिखा दियागया है कि सभा दोनों संप्रदायोंके मिले हुए परिश्रमसेही जातिकी उन्नति करना चाहती है.

गतवर्ष तक बहुत थोडे श्वेतांबरी भाई सभामें शामिल थे. इस वर्ष मि. गुलाबचंद ढड्डा मि. उमरावसिंग टंक और अन्यभद्र पुरुषोंने पत्रोंद्वारा सभाके साथ सहानुभूति प्रगट करते हुए सभाकी आवश्यक्ता को स्वीकार किया है. मि. गुलाबचंद ढड्डाने हमें विश्वास दिलाया है कि शिक्षित श्वेतांबरी ऐक्यताके पक्षमें हैं.

भाइयो ! हम आपसे प्रार्थना करते हैं कि आप इन बातोंपर विचार करें और यदि योग्य समझेंतो सभाके सभासद होना स्वीकार करें. सभाका वार्षिकोत्सव इस वर्ष सहारनपुरमें ता. २९ और २६ दिसेंबरको होगा. आशा है कि आप आकर अपने विचारोंसे सभाको कृतार्थ करेंगे.

विश्वासहै कि आप इस प्रार्थना की ओर अवश्य ध्यान देंगे.

आपका कृपाभिलाषी और समाजका सेवक,

**चेतनदास, बी. ए.**

जनरल सेक्रेटरी–प्रयाग.

# जैनियोंके साल तमामकी सखावत वगरहके हिस्साबके प्रगट होनेकी आवश्यक्ता.

पिछले समयसे इस वक्तका समय कुछ और रंग ढंगका है और उस रंग ढंगके मुताबिक अपना वर्ताव होना मुनासिब है. क्योंकि नदिके प्रवाहमें बहनेवाला ठीक रस्तेपर चलता है इधर उधर टक्कर नहीं खाता न इधर उधर चलने वालोंकी जैसे उसको पश्चाताप करना पडता है. देखा देख और होडाहोडसे कामभी जियादा होता है और कुछ हिम्मतभी बंध जाती है. हमारे घरका हाल हमको भली प्रकारसे मालूम हो जानेके इरादेसेही डाईरेक्टरीका काम गर्मागरमीके साथ चलाया गया है. बम्बईके कारपोरेशननें कई कारणोंसे सन १९०१की मर्दुम शुमारीको खास बम्बई शहरके लिये सही और ठीक न समझकर विचार किया है कि उस शहरकी मर्दुम शुमारी फिर की जावे जब, लाखों रुपयोंके खर्च को उठाकर सरकारकी तरफसे हर दस साल मर्दुम शुमारीसे फायदेमंद नतीजे निकाली जाते हैं इसही तरहपर किसी खास समाज, फिर्के या धर्मकी तरफसे अपने समाज, फिर्के या धर्म के बाबत कार्यवाही की जावेतो उस समाज, फिर्के और धर्मको अवश्य फायदा पहुंचता है. कुल हिन्दुस्थानके जैनियोंकी डाइरेक्टरी जब सम्पूर्ण तय्यार होजावेगी उस वक्त कुछ फायदा देगी परन्तु इस समय हमारा यह अभिप्राय है कि सन १९०५ के अंदर जो जो शुभ कार्य जैन समाजमें हुवे हों उनका सबको हाल दरयाफत किया जा कर इस पत्रद्वारा

उनको प्रगट किया जावे ताकि उनपर कुल समुदाय लक्ष्य देकर अपना कोम और धर्मकी आगामी व्यवस्था पर विचार करें.

हमारे खयालके मुवाफिक नीचे लिखी हुई बातोंका हाल अवस्य मालूम होना चाहिये:—

( १ ) धर्मादा कि जिसमें शामिल है अनाथाश्रम, निराश्रिताश्रम स्वामिवात्सल्य, जीर्ण मन्दिरोद्धार, जीर्ण पुस्तकोध्दार, नये मन्दिरकी तामीर, पूजनकी व्यवस्था, पुस्तकालय स्थापन, तीर्थयात्रा व साधू मुनि दर्शणार्थ गमन, अठाई महोत्सवादि धर्म महोत्सव, उज्जमणा, सात क्षेत्रोंमें द्रव्यका व्यय, विद्यादान, प्रभावना, विद्यालय, औषदालय, बोर्डिंगहाउस, कीर्तिदान, बिंब प्रतिष्ठा, धर्मशाला, उपाश्रय, संघ निकालना, पांजरापोल, जीवदया, किसीशुभ कार्यमें चंदा, आरति, पक्षाल और प्रथम पूजाके घृतकी बोली वगरह वगरह.

( २ ) जैनधर्मको किस किस साधू, साधवि, श्रावक, श्राविकाके उपदेशसे किस किस समय और कहांपर अन्य कितने मनुष्योंने अंगीकार किया और उनके साथ जैन समुदायका व्यवहार किस मुवाफिक रहा.

( ३ ) जैन समुदायमेंसे कोन कोन किस किस वक्त किस किस कामके लिये हिंदुस्थानको छोडकर अमेरीका, यूरोपादि प्रदेशोंमें गये और किसकिस जगह कितने कितने दिन ठहरे, वहां पर खान पानका और धर्मका आचार विचार किस ढंगपर रखा और आचार विचार शुद्ध पाला होतो उसमें क्या क्या दिक्कतें पेशआई, परदेश गमनसे क्या क्या नफा नुकसान हुवा, और हिन्दुस्थानमें वापस आनेपर उनके साथ जैन समुदायनें क्या बर्ताव किया.

( ४ ) जैन समुदायमें किसकिस यूनिवरसिटीके कोन कोनसी परीक्षामें किस किसनें किस दर्जेमे पास करके कोन कोनसी डिगरी हासल की, मसलन एम. ऐ., एलएल. बी; एल, एम, एंड, एस; एल, आर. सी. पी; एल. सी. ई. वगरह वगरह और इनाम, वजीफा, मैडल वगरह क्या क्या हासल किया.

( ५ ) सरकारी अथवा रजवाडी ओहदोंपर कोन कोन किस जगह मुकर्रर हुवे और किस किसने ओहदे आवरू और तनख्वाहमें तरक्की पाई.

( ६ ) सरकारसे या देशी राज्यसे किस किसनें क्याक्या इज्जात, आवरू, जागीर, इनाम वगरह पाई.

( ७ ) इस सालमें कोनकोन आगेवान धर्मात्मा, विख्यात साधू, साध्वि और श्रावक, श्राविकाका स्वर्गवास हुवा, और उनकी यादगारमें क्याक्या शुभकार्य किये गये.

(८) किस किस साधू मुनिराजनें धर्म और समुदायकी तरक्कीके वास्ते क्याक्या उपाय किये.

(९) किस किस जगह कौन कौनसे मंडल, सोसाईटी, सभा, वगरहें कायम होकर क्या क्यों काम किया.

(१०) जैन विवाह रीतिके मुवाफिक किस किस प्रान्तमें कितने कितने लग्न हुवे और इसके खिलाफ कितने और जैन लग्न विधिके जियादा प्रचारमें लानेकी क्या कोशिश की गई.

(११) खोटे रीति रिवाज किस किसके उद्योगसे कहां कहां बंद हुवे और आयंदा बंद करनेके लिये क्याउपाय किया गया.

यह फहरिस्त सिर्फ बतौर याददाश्त ऊपर दर्ज की गई है, इसमें और कई प्रकारकी बातोंका समावेश होसकता है. इस तरहकी खबर साल दर साल प्रगट होते रहनेसे जैन समुदाय की स्थितिका निश्चय होता रहेगा और जिसजिस जगह कमी देखनेमें आवे उसके सुधारेका प्रयत्न कियाजावे तो थोडेही कालमें जियादा उन्नतिहो सकती है. इसलिये पाठक गणसे हमारी खास प्रार्थना है कि वह इन बातोंपर पूराध्यान देवेंगे और इन बातोंकाया और कई बातोंका जिनका उनको इल्महो हमारे पास पूरावृतांत भेजेंगे. लेखमें सतो अपनी कीर्तिको बढाकर लिखाजावे न न्यून करके लिखाजावे.

## पाटनमें चौथी कॉनफरन्स.

पाटनके संघनें अब बहुत तेजीके साथ कोनफरन्सके कामकाजको शुरु करदिया है. जुदि जुदि कमिटीयां नीमकर उनके द्वारा सब काम चलाते हैं. सभा मंडपके वास्ते पाटन स्टेशनके नजदीक जो जमीन सेठ पूनमचंद करमचंद कोटावालोंकी है वह पसंद की गई है. उसमें मंडपके खडे करनेकी जगह चांक दी गई है और इस कामके वास्ते तथा कुरसियोंके वास्ते ठेका दे दिया है. मंडप इतना जंगी होगा कि जिसमें पाच छ हजार प्रतिनिधि और विजिटर लोग बैठ सकें. मंडपका दरवाजा बहुत सुंदर बनाया जावेगा और सदर दरवाजह और मंडपके दरवाजहके बीचमें दूब और दरख्त वगरह लगये जाकर बागीचेकी सूरत बना दी जावेगी. मंडपके पासही एक टीनकी छावनका बडा मकान है उसमें प्रदर्शनार्थ चीजें रखी जावेंगी. इस कुशादा मकानमें प्रभूकी प्रतिमा बिराजमान की जाकर उत्सव किया जावेगा, बीचमें कनात लगाई जाकर प्रदर्शनकी चीजें रखी जावेंगी जिनमें खास करके जो प्राचीन भंडार पाटनमें है उनमें जो अमुल्य पुस्तकें ताड पत्रोंपर हैं वह सब उस प्रदर्शनमें रखी जावेंगी. इसके सिवाय जो साहब अपने अपने शहर, गांव या प्रान्तकी बनी हुई स्वदेशी चीजें नुमायशके वास्ते भेजेंगे वहभी उसमें रखी जावेंगी मसलन सांगानेरकी छपी हुई, छींटें रूमाल, डुप्पटे वगरह, चन्दनके खिलोणे, संगमर्मरके बरतन, मालपुराके चकूमें, धुधी वगरह. मारोटकी रेजीयां इत्यादि

स्वदेशाभिमानी सज्जन जोजो स्वदेशी चीजें भेजेंगे वह रखी जावेंगी. इस पाटनके कोनफरन्समें सामिल होनेसे धर्म और जातोन्नतिके सिवाय बहूत पुरानी पुस्तकोंके दरशणका और स्वदेशी चीजोंके देखनेका लाभ मिलेगा. मंडपमें जो पांच हजार कुरसियोंका इन्तजाम पाटनके संघनें किया है यह उनकी चातुर्यका पूरा सूबूत है क्योंकि हिन्दुस्थानके किसी प्रान्तमें एसा कोईभी जैनी नहीं होगाकि जो इस मोकेपर पाटनमें हाजर न होकर प्राचीन पुस्तकोंके दरशण न करना चाहताहो. पाटनके भंडार बहूत प्राचीन हैं जिनमें अपूर्व शास्त्र मोजुद हैं. अबतककी रूढीके मुवाफिक इन भंडारोंके रक्षकोंनें इन भंडारोको किसीको दिखलाना पसंद नहीं किया है परन्तु मुनिश्री कान्ति विजयजीके अथाग परिश्रमसे इस मोकेपर उन पुस्तकोंके दरशण हो सकेंगे.

कोनफरन्समें चर्चनेंके लिये पाटनके संघनें नीचेके विषयोपर विचार किया है और उनको जगह जगह भेजकर राय तलब की है और दरखुवास्त की है कि इनके सिवाय जो विषय इस वक्त उपयोगी हों या इनमें कमी बेशी करनीहो उसकी इत्तला फोरन दी जावे. विषय नीचे मुजिब चुने गये हैं:—

१ केलवणीनें उत्तेजन आपवा बाबत

क. धार्मिक　　ख. व्यवहारिक

२ जीर्ण मन्दिरोद्धार

३ जैन प्राचीन पुस्तकोद्धार

४ जैन शालोपयोगी पुस्तकमालानी योजना और रचवा बाबत

५ प्राचीन शिला लेखो वगेरेनी-शोध खोल

६ जीवदया

क. जीवोनी थती हिंसा तथा तेमना ऊपर गुजरतुं घातकीपणुं बनता प्रयासे अटकाववा बाबत

ख. पांजरापोलो जे स्थलोमां होय ते सारि स्थितिमां राखवा तथा जे स्थले न होय ते स्थले नवीन स्थापन करवानी योजना करवा बाबत.

ग. त्रस जीवोनी अत्यंत विराधना पूर्वक बनती चीजो उपयोगमां न लेवा बाबत

घ. बीजा हरेक प्रयत्ने जीवदयाना कार्योने उत्तेजन आपवा बाबत

७ मुनि महाराजोंनी कोनफरन्स भरवानी खास अगत्यता बाबत.

८ दान, धर्मादा या शुभ वगरह खाताना हिसाबनो वार्षिक रीपोर्ट प्रसिद्धिमां लाववा बाबत.

९ स्वधर्मिभाइ योनें आश्रय

क निराश्रितोनें　　ख. गरीबोने उद्योगे लगाडवा वगेरे प्रकारनी मदद आपवा बाबत

ग. कोनफरन्सना खर्चे हिंदुस्थान बाहरनी कला कौशल्यतामां प्रवीण थवामाटे जैन युवानोने मोकलवा अने ते हुन्नरो जैन कोममां दाखल करवानी योजना करवा बाबत

१०. प्राचीन सिस्टम प्रमाणें जैन लोकोनी अरसपरसनी तकरारनी दाद न्यायाधीश मारफत नही लेतां लवादथी लेवा बाबत

११. हानी कारक रिवाजो:—

क. बाललग्न ( नानपणमां लग्न ) नहीं करवा बाबत

ख. वृद्ध विवाह ( पुरुष बुढापामें लग्नकरे ) तेनो प्रतिबंध कराववा बाबत

ग. कन्याविक्रय ( दीकरीना पैसा लेवा ते ) नो अटकाव करवा बाबत

घ. एक स्त्री छतां बीजी स्त्री करवानो प्रतिबंध करवा बाबत

ङ. लग्न वगरह जैन विधिथी करवा बाबत

च. मरण पाछलना जमणवारो बंध करवा बाबत

छ. मरण पाछल रडवुं कूटवुं ओछु करवा बाबत

ज. खोटां फर्जियात खर्चो कमि करवा बाबत

झ. बीजा जे विशेष प्रकारना हानीकारक रिवाजो होय ते दूर करवा बाबत

ट. जैनधर्मनी कन्याओ अन्य धर्मिने आपवानो प्रतिबंध करवा बाबत

१२. स्वधर्मि भाईओमां कुसंप होय ते दूरकरी ऐक्य करवा बाबत

१३. स्वदेशी मालनें उत्तेजन आपवा बाबत

१४. पर्युषण वगरह तेहवारना दिवसोमां अन्यमतना तेहेवारनी रजा पालवामां आवे छे तेवी रजा पलाववा दरेक राज्यमां मांगणी करवा बाबत.

१५. कोनफरन्सना ठरावो प्रमाणे जे स्थले अमल थयो होय तेनी नोंध लेवा बाबत

१६. प्रांतिक कोनफरन्सो भरावानी अगत्यता बाबत

१७. कोनफरन्सनुं बंधारण मजबूत करवा बाबत

हम आशा करते हैं कि पाठक इन विषयोंपर विचार करके अपने विचारके सारांशको चीफ सैकेटैरी पाटन कोनफरन्सके नामपर भेजेंगे या हमारे पास भेजेंगे तो हम इस पत्रद्वारा प्रगट कर देंगे.

---

इत्तला—जिस महाशयनें अपनें आपको "मुनि महाराजना उपदेशथी जैन अभिलाषी" के गुप्तनाम पत्तेसे लेख भेजा है उस सज्जनको मालूम होकि जबतक तुम अपने नामकी सहीके साथ इस लेखको नहीं भेजोगे हम उसको इस पत्रमें प्रगट नही करसकते हैं.

**एक भूलकी शुद्धि**—गतांकमें हमनें कच्छ मांडवीकी पाठशालाके बाबत जो चंदा २२००० रुपयोंका प्रगट किया है वह दर असल २२००० कोरी हैं और एक रुपयेकी करीब पांच कोरी होती हैं. अब वह चंदा ४९००० कोरीको पहुंच गया है.

**कच्छमांडवीमें नवपदजीकी पूजा**—मुनि श्री हंसविजयजीके उपदेशसे कच्छ मांडवीके श्रावक समुदायनें श्री नवपदजीके मंडलकी पूजा बडे ठाठसे कराई जिसमें श्रीपाल चरित्रानुसार हीरे नंग २०, माणक नंग ९, पन्ना नंग २९, रिष्टरत्न नंग २७, मोती ६७–९१–७०–९० और सोन्हेरी पुष्प २६ रखेथे. उपाश्रयको साजकर उसमें यह रचना की गईथी. आरति वगरहके घृतकी बोली करीब ६०० कोरीके हुई. साधू विहारसे इसही तरह पर धर्मोत्सव होते हैं.

---

# શા. લલુભાઈ જેચંદ માર્ફત મેવાડમાં થયેલા જીર્ણોધ્ધારનો ટુંક રીપોર્ટ.

(મીતી મારવાડી–શંવત ૧૯૬૧ના અશાડ શુદ ૧૧થી શંવત ૧૯૬૨ના શ્રાવણ શુદ ૧૫)

હમારા વાંચકોને સારી પેઠે ખબર હશે કે કેટલાએક વર્ષોથી પાટણવાળા પરોપકારી ગ્રહસ્થ શા. લલુભાઈ જેચંદ મુંબાઈનાં દેરાસરો તથા આગેવાનોની મદદથી મેવાડમાં આવેલાં જીર્ણ દેરાસરોનો ઉદ્ધાર પોતાની દેખરેખ નીચે કરાવે છે અને જેના અત્યાર અગાઉ વર્તમાન પત્રોમાં પ્રગટ થયેલા હીસાબ તથા રીપોર્ટ તેમના જોવામાં આવ્યા હશે. ગયા વર્ષે પણ તેમનીજ તરફથી મેવાડનાં કેટલાંક જીર્ણ દેરાસરોનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને જેને માટે મુંબઇના દેરાસરોમાંથી ટીપ કરવામાં આવી હતી તથા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસના જીર્ણોદ્ધાર ફંડમાંથી પણ રૂ૨૦૦૦ની રકમની મંજુરી આપવામાં આવી હતી. મારવાડ મેવાડ જેવા વીકટ પ્રદેશોમાં તાઢ તડકો તથા વેરાન જંગલો અને પહાડોમાં મુસાફરી કરવાની હાડમારી ભોગવીને આ ખરેખરી ધર્મની લાગણીવાળા ગ્રહસ્થે કેટલાંએક ઠેકાણે કામો શરૂ કર્યા હતાં જેની ટુંક વીગત નીચે પ્રમાણે છે.

ગયે વર્ષે માહા મહીનામાં તેઓ અત્રેથી નીકળીને શ્રી રાણકપુર ગયા. જ્યાં શેઠ ગોકલભાઈ મુલચંદ પણ આવેલા હતા તેમની સાથે શ્રી રાંણકપુરના દેરાસરજીમાં જે જે ભાગ જીર્ણ થયેલો તે તપાસ્યો તથા તે સમરાવવાને લગતું કામકાજ થતું હતું તે જોયું. ત્યાંથી દેસુડીની નાલ ચડીને ચારભુજા ગામમાં આપણું એક દેરાસર કે જે ઘણું વિશાળ છે પરંતુ જે જીર્ણ થઈ ગયેલું છે તેનો ઉદ્ધાર કરાવવાના સંબંધમાં ગામવાળાઓને એકઠા કર્યા અને જોઇતી મદદ આપવાનું કહીને તે દેરાસરના જીર્ણોદ્ધારનું કામ શરૂ કરાવ્યું. ત્યાંથી રૂપજી તથા લાંબોલી ગામોમાં જઇને ત્યાં પણ તેવીજ રીતે કામો શરૂ કરાવ્યાં. ત્યાંથી આગરીયા થઈને રાજનગર આવ્યા અને ત્યાં પણ કામો શરૂ કરાવ્યાં. તે વખતે તેમને તાવની બીમારી લાગુ પડવાથી એક માસ પોતાને વતન પાટણ ગયા અને ત્યાંથી પાછા ઉદેપુર ગયા. રસ્તામાં ચંડાવળ સ્ટેશને ઉતરી એક કોશ ઉપર સુડાવા ગામમાં નવા શહેરવાળા ભંડારીજી તથા શેઠ ગુલાબચંદજી ગદૈયાની માર્ફતે ત્યાંના દેરાસરનું કામ શરૂ કરાવ્યું જેની પ્રતિષ્ટા માગશર શુદ ૧૩ના રોજ થનાર છે. ત્યાંથી બીલાડે થઈને

કાપેડાં ગયા. ત્યાં એક પ્રતિમાજી પરઘર સહીત લીલવર્ણના ઘણા મનોહર છે. દેરાસરજી ચાર મજલાનુ શીખરબંધી પથ્થરનું ૪ ચોમુખજીનું છે અને ફક્ત એકજ પ્રતિમાજી છે. રૂ૨૦૦૦થી રૂ૩૦૦૦ ખરચવાની ખાસ જરૂર છે. આ દેરાસર જોધપુરની પાસે છે અને એક મોટું તીર્થ છે. હાલમાં તેની સાર સંભાળ બરાબર નથી. તે જોઇને નવા શહેર થઇને ઉદેપુર જતાં શ્રી કરેડાજી ગયા. અહીં નવું સ્ટેશન થયું છે. ત્યાં કામ શરૂ કરાવ્યું. આ પણ એક મોહોટા તીર્થની જગ્યા હોવાથી એક ધર્મશાળાની ખાસ જરૂર છે અને તેને માટે ટીપ કરતાં મુંબઇવાળા શેઠ નગીનદાસ કપુરચંદે રૂ૫૦૦, શેઠ બદનમલજી શેઠીયા રૂ૧૫૧ તથા ગામ કપાસણવાળાઓએ રૂ૩૬૦ ભર્યા. તે ટીપ બીજા ગામોમાં ગઇ છે. આ કામ ખાસ મદદ કરવા જેવું છે. હાલમાં ત્યાં વાસણ ગોદડાં થોડાં થોડાં કરાવ્યાં છે અને જાત્રાળુઓ પણ આવે છે. દેરાશરમાં ચોકનું કામ ચાલે છે. કરાડા સ્ટેશન ઉદેપુર અને ચીતોડની વચ્ચે છે અને ૯. પાટીયું લગાવેલું છે. ખાસ ઉતરવા જેવું છે.

ઉદેપુરથી પં કોસ ઉપર શ્રી શાંતિનાથજીની મોહોટી પ્રતિમાજી છે. વળી દેલવાડામાં ત્રણ બાવન જીનાલયના મોહોટાં દેરાસરો છે અને હાલમાં પાંચ વ. ઉપર ૧૨૫ પ્રતિમાજી નવાં નીકલ્યાં છે. તે પણ ખાસ દર્શન કરવા લાયક છે. ત્યાર પછી આજુ બાજુના ગામોમાં ફર્યા. આવતી વખત ૨-૪ ઠેકાણે જીર્ણોદ્ધારમાં મદદ કરવાની કબુલાત આપી કામો શરૂ કરવાની ગોઠવણ કરી છે.

ચીતોડ ગઢ ઉપર એક દેરાસરજી બંધાતાં બંધાતાં કામ બાકી રહી ગયેલું છે, પ્રતિમાજી ઉપાશ્રયમાં છે અને દેરાસરજીમાં એક માતાજી બેસાડી રાખ્યાં છે. કેટલાંએક વર્ષ થયાં દેરાસરજીના શીખરનો એક ભાગ બાકી રહી ગયેલો તે માટે ચીતોડ ગઢ ઉપર શ્રાવક લોકો રહે છે તેમને આ કામ સારૂ રૂ૧૦૦ની મદદ આપી અને તેઓ કામ કરાવવામાં સારી મહેનત લે છે. શીવાય મારવાડમાં આવતી વખત એક બે ઠેકાણે ઉતર્યા તો ત્યાં પણ કામ કરાવવાની જરૂર છે. ત્યાંથી તેઓ પાટણ થઇને મુંબઈ આવ્યા. તેમની તરફથી જે જે કામો શરૂ કરાવવામાં આવેલાં તથા જે જે પુરાં થયા તથા ચાલુ છે તેમજ તેમની તરફથી તથા ગામવાળાઓ તરફથી થયેલ મદદ વીગેરે નીચે પ્રમાણે છેઃ-

૫૦- ૬-૦ શ્રી કરાડાજીમાં ૧૩૦૦ વર્ષનું જુનું દેરાસર બાવન જીનાલયનું.

૬૬- ૨-૦ શ્રી શવીનાખેડા ઉદેપુરથી એક માઇલ. સંપ્રતિ રાજાના વખતનું બંધાવેલું દેરાશર.

૩૨- ૪-૬ શ્રી બહાર ગામોમાં પરચુરણ મદદ કરેલી તે.

૨૫૩- ૨-૦ શ્રી લખાવલી ઉદેપુરથી ૩ કોસ. આપણી તરફથી ૧૯૪-૧૩-૬ ગામ તરફથી રૂ૬૮-૪-૬

૫૬-૧૧-૬ શ્રી ઈવાલ.

૮-૧૪-૦ શ્રી દેલવાડા.

૩૫૨– ૧–૬ શ્રી કોઠીઆરા. આપણી તરફથી રૂ૩૦૯–૧૩–૬ ગામ તરફથી રૂ૪૨–૪–૦
૪૩– ૯–૩ શ્રી જીલવાડા–દેસુલીની નાલ ઉપર. આપણી તરફથી રૂ ૩૧–૧૫–૬ ગામ તરફથી રૂ૧૧–૧૦–૯.
૨૦૨– ૨–૦ શ્રી ચારભુજા. આપણી તરફથી રૂ૧૦૨–૨–૦ ગામ તરફથી રૂ૧૦૦)
૫૪૩– ૯–૯ શ્રી શેવંતરીના બે દેરાસરમાં આપણી તરફથી રૂ૩૯૩–૯–૯ ગામ તરફથી રૂ૧૫૦)
૨૩૮– ૮–૬ શ્રી લાંબોડી. આપણી તરફથી રૂ૮૮–૮–૬ ગામ તરફથી રૂ૧૫૦
૧૦૮–૧૪–૬ શ્રી આગરીઆ. આપણી તરફથી રૂ૪૮-૧૪–૬ ગામ તરફથી રૂ૬૦
૧૬૫–૧૧–૩ શ્રી પોટલા. આપણી તરફથી રૂ૬૫–૧૧–૩ ગામ તરફથી રૂ૧૦૦
૧૪૪– ૧–૬ શ્રી લાખોલા. આપણી તરફથી રૂ૪૪–૧–૬ ગામ તરફથી રૂ૧૦૦
૧૪૮– ૦–૬ શ્રી શીંગપુર. આપણી તરફથી રૂ૪૮–૦–૬ ગામ તરફથી રૂ૧૦૦

શ્રી ગામ કઠાર. અહીંઆ ૩૫ વર્ષ ઉપર દેરાસર બંધાવાનું શરૂ કરેલું પરંતુ કાંઈ કારણોથી બંધ રહી ગયેલું તે ગયે વર્ષે તેઓ પાસે શરૂ કરાવી રૂ ૧૦૦૦ ગામવાળાઓ પાસે ખરચાવ્યા તેમજ આપણી તરફથી રૂ ૧૫૦ના આશરે ખરચાયા છે અને હાલ પણ કામ આપણી મદદથી ચાલે છે.

૨૦૩–૧૫–૩ શ્રી ઘાટા. આપણી તરફથી રૂ૨૮–૧૫–૩ ગામ તરફથી રૂ૧૭૫
૫– ૨–૦ શ્રી મોખરૂંડા નવું દેરાસર બંધાવવાનું મીત્રી મુહુર્ત કરી આવ્યો તેનું ખરચ, આ ગામવાળાઓને ઉપદેશ આપી રૂ૧૦૦૦–૧૫૦૦ સુધી ખરચવા ગોઠવણ કરી છે.
૪૯૭– ૩–૦ શ્રી રાજનગર આગલું કામ ઘણા વખતથી ચાલે છે. ત્યાં પાણીની જરૂર હતી તેથી ટાંકું કરાવ્યું. ડુંગર ઉપર ચોમુખજીનું દેરાશરછે.
૧૪– ૩–૦ શ્રી કુંટવા પ્રતિષ્ટા કરાવી. ગામવાળાઓએ પ્રથમ રૂ ૨૦૦૦ ખરચી દેરાસર બનાવ્યું હતું તેમાં આ સાલ રૂ૧૦૧૧ ગામવાળાઓએ ખરચ્યા અને આપણી તરફથી રૂ૧૦૩–૩–૦ શીવાય આરસના પાટીયાં નંગ ૨૫ તથા પ્રતિષ્ટા થતી વખતે સામગ્રી આપી. પ્રતિષ્ટા વખતે રૂ૧૪૦૫ની ઉપજ થઈ અને તેની મદદથી દેરાસરજીમાં પુજા વગેરેનો બંદોબસ્ત બરાબર રહે તેવી ગોઠવણ કરવામાં આવી છે.

આ પ્રમાણે તેઓ તરફથી કામકાજ કરવામાં આવ્યું છે. ખરચની બતાવવામાં આવેલી રકમો ઉપરથી જોઈ શકાશે કે જ્યાં જ્યાં તેઓએ કામો કરેલાં છે તેમાંનાં ઘણાં ખરાં ઠેકાણે ગામના લોકો તરફથી પણ જીર્ણોદ્ધારના કામમાં મદદ મેળવી છે. તેઓએ પોતાના જાતી ભોગ અને લાગણીથી જે કામ કર્યું છે તેને માટે તેમને ઘણીજ શાબાશી ઘટેછે અને અમારી ખાસ ભલામણ છે કે હજી પણ જ્યાં મારવાડ મેવાડમાં ઘણે ઠેકાણે કામ કરાવવાં જેવાં છે ત્યાં તેમની માર્ફતે કામો કરાવવાં અને તે માટે અત્રેના તેમજ બહાર ગામનાં આગેવાન દેરાસરોના વહીવટદારો તથા જુદા જુદા જીર્ણોદ્ધારના ખાતાંઓને આ કામમાં યોગ્ય મદદ આપવા અમારી ખાસ ભલામણ છે.

# વર્તમાન ચર્ચા.

**ખરેખરૂં પુણ્યનું કામ**–ભાવનગર સંસ્થાનમાં રોહીશાળા નામે ગામ આવેલું છે. તે નિંગાળા સ્ટેશનની પાસે આવેલું છે. ભાવનગર સંસ્થાન મોટું છે, તેમાં ચાર લાખ માણસની વસ્તી છે, અને જૈનોની સંખ્યા પણ સારી–૨૦૦૦૦ ઉપર છે ભાવનગર તળમાં જૈનોની વસ્તી ૪૦૦૦ની છે. અને તેમાં પણ શેઠ કુંવરજી આણંદજી ધાર્મીક અને રાજકીય હીલચાલોમાં જૈન ધર્મને બહુજ ફાયદો થાય તેવી રીતે કામ લેનાર એક આગેવાન પુરૂષ છે. પૂર્વ અને પશ્ચિમ એ બે પ્રદેશોમાં મુખ્ય તફાવત છે તે એજ કે જેવી દયા પૂર્વ સમજ્યું છે–અને તેમાં પણ જે સુક્ષ્મ ઉત્તમ દયા–જીવદયા–જૈનો સમજ્યા છે–તેનો બહુજ થોડો અંશ પશ્ચિમ સમજે છે. આપણા સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથજી પારેવા પરની કરૂણાને લીધેજ અતિ ઉત્તમ પદ પામ્યા હતા. મનુષ્ય જન્મનું સાર્થક સાધુ મુનિરાજો માટે નિવૃત્તિ, જ્ઞાનધ્યાન અને ઉપદેશમાં છે, ત્યારે ગ્રહસ્થોને માટે બની શકે તે પ્રમાણે શ્રાવકોનાં બાર વ્રતો પાળવામાં અને ઉપકારી કામો કરવામાં સમાયલું છે. મનુષ્ય સામાન્ય રીતે જે પુણ્ય કરે તેના કરતાં અનેકાનેક ઘણું પુણ્ય જીવ દયામાં–હજારો જીવ રહેંસાતા અટકાવવામાં–સમાયલું છે. ઢોરો પાળવાનું કામ કાઠીઆવાડમાં મુખ્યત્વે ભરવાડો, રબારીઓ વિગેરે કરે છે. તેઓ ગાય, ભેંસ, ઘેટાં, બકરા વિગેરે પાળીને તેના પર પોતાનો નિર્વાહ ચલાવે છે. પશ્ચિમનો સંબંધ આપણી સાથે થયો તે પહેલાં જીવહિંસા આપણામાં હાલ કરતાં ઘણીજ થોડી હતી. વાંદરા અને કુરલા જેવા હમેશાં હજારો જીવને રહેંસી નાખતાં સંચાઓવાળા કસાઇખાના તે વખતે હતાંજ નહિ. કદાચ એમ પણ હોય કે આગલું હિંદુસ્તાન–આવા બધા પાપના અભાવે–સુખી પણ હોય. ઘોકડા તથા બકરા કાંઇ ઉપજતું સાધન હોતાં નથી. તેથી તેઓ અવતરે કે તરત અથવા થોડા દિવસનાં થતાંજ તેમને ભરવાડો વગડામાં મરણ શરણ થવા મુકી દેતા. ગાય, ભેંસ વિગેરે દુધાળાં જનાવરોને, પણ તેઓ કમાણી કરાવતા હોય તે કરતાં વિશેષ કીમત ઉપજે તો અથવા દુષ્કાળના વખતમાં થોડી કીમતે પણ ઢોરો કસાઇઓને વેચવામાં આવતાં. મુંબઇના પ્રસિદ્ધ ઝવેરી રેવાશંકર જગજીવનને ભરવાડોના ભગત લખા ભગવાને આ વાત કરી પોતાથી બની શકતી મદદ આપવા વિનતિ કરી રેવાશંકરભાઇએ જૈન કોન્ફરન્સ ફંડમાંથી રૂ ૧૦૦૦) તથા બીજા જૈન શેઠીઆઓની સહાયથી રૂ ૮૦૦૦) આશરે ભેગા કરી એવી ગોઠવણ કરી કે રોહીશાળા મુકામે સર્વ ભરવાડોએ ભેગા થવું અને ત્યાં ભરવાડોના મહંત રઘુવીરદાસજી તથા બીજા ભગતોની સમક્ષ ભરવાડો પોતાનાં ઢોર ન વેચે–કસાઇઓને મારી નાખવા ન આપે–અને નાના દૂધમલ બચ્ચાંઓને રખડતાં મૂકી ન દે, એવું તેઓ પાસે કબુલ કરાવવું. ઉક્ત કુંવરજીભાઇ, રેવાશંકરભાઇ, કોન્ફરંસના પ્રતિનીધી મી૦ ટોકરસી નેણસી તથા બોટાદના બીજા ગૃહસ્થોની સમક્ષ મહંત રઘુવીરદાસજી, બીજા ભગતો અને ભરવાડોએ ઉપલી વાત કબુલ કરી પોતાનાં આત્માનું બહુજ શ્રેય કર્યું છે અને અનંત ભવનું બહુ ઉત્તમ ભાતું સાથે બાંધી લીધું છે. આવું અતિ ઉત્તમ પુણ્ય કરનાર જીવને ધન્ય છે. એવું જીવતરજ સાર્થક છે. કહેવા કરતાં કરી બતાવવું એ કહેવતનું ઘણું સરસ દૃષ્ટાંત છે. આ કામમાં ભાવનગરના નામદાર મહારાજા સાહેબ તથા તેમના અમલદાર વર્ગે પણ ઘણી દિલસોજી બતાવી છે. ઠરાવ માત્ર મોઢેનો નહિ પણ સહીવાળો થયો છે. ભરવાડ જેવી ભોળી કોમ પોતાના મહંતનું વચન કાયમ પાળશે અને હજારો જીવો બચાવ્યાની આશિષ લેશે. તે પુણ્યમાં, આ હીલચાલમાં ભાગ લેનાર દરેક જણનો, હિસ્સો છે. અમે આશા રાખીએ છીએ કે આવી પ્રતિજ્ઞાઓ બીજા જીલાના ભરવાડો પણ લે, અને ખરા અંતઃકરણથી પાળે.

**આ માસિક**—વિષે એક દિશાએ એવું લખાયું છે કે "અમે તેનું ભવિષ્ય તેના જન્મ સાથે આંકેલું છે." મતલબ કે તે ચાલી શકવાનું નથી. કોન્ફરન્સ એ સૌથી આવશ્યક અને જૈનોના હિતની સંસ્થા છે; એ તો નિર્વિવાદ છે. તેના તરફથી જે કામો થતાં હોય તે જણાવવા માટે તથા જૈનોનું સામાન્ય શ્રેય થવા માટે તે સંસ્થાનું વાજીંત્ર પણ હોવું જોઈએ. આવા એક આખા સમુહના વાજીંત્ર માટે ઊપલા શબ્દો બહુ ભારે પડતા છે. ટીકા કરનાર પોતે પણ કબુલ કરશે કે અગવડોને અંગે જરા મોડું થાય પણ ખરૂં. આ માસિક ત્રણ ભાષામાં ચલાવવું પડે એ તો સ્પષ્ટજ છે. તે બંધ થાય એવું ઇચ્છવા કરતાં સુધરે એવું ઇચ્છવું બસ છે.

**પાલીતાણા અને ભાટો**-ભાટ લોકોએ પાલીતાણાની કોરટમાં શેઠ આણંદજી કલ્યાણજીના માણસો અને મુનિ દીપવિજયજીપર માર માર્યાની જે ફરિયાદ કરી હતી તે કેસનું રાજીનામું અપાયું નથી, પણ હજી તે કેસ ઉભોજ છે.

**મી૦ દુર્લભજી**—પાલીતાણાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય મુનીમ મી૦ દુર્લભજી હાલ રજાપર ગયા છે, અને પાછા હાજર થાય એવો થોડોજ સંભવ છે. તેમની જગ્યાપર ખરે ખરા કાબેલ જૈનનીજ નીમણુંક થવા જરૂર છે. કારણ કે જૈન પોતાના ધર્મનું અથવા સંઘનું ભાગ્યેજ બગાડવા તૈયાર થશે, જ્યારે બીજી જ્ઞાતિના માણસો પૈસાની લાલચે અથવા બીજી કોઇ સ્થિતિમાં સંઘને હેરાન કરતાં વાર લગાડશે નહિ.

**મીલો**—અમદાવાદના પ્રસિદ્ધ શેઠો મીલમાલેકો છે અને તેથી નિરાશ્રિત જૈનોને સહાય આપવા સમર્થ છે. જૈનો તદન નિરક્ષર હોતા નથી, તેથી કારકુન તરીકે અને બીજી ઘણી રીતે મીલ ઉદ્યોગમાં કામે લાગી શકે. હાલ સ્વદેશી હિલચાલને પરિણામે બીજી જે નવી મીલો થવાની છે તેમાં પણ ઉપલી સુચના લક્ષમાં લેવા શેઠોને નમ્ર વિનંતિ છે. અર્થ પ્રાપ્તિ માટે વેપાર અને નોકરી બન્નેની જરૂર છે. જૈનોના હાથમાં ઘણે ભાગે વેપાર તો થોડો ઘણો છે, પરંતુ સટો, જે શ્રાવકોમાં ઘણો છે, તેઓની પાયમાલી કરનારો છે, તે ધંધાને ખરેખર અસર કરવી હોય તો બની શકે તેટલા સટોરીઆઓને આવી રીતે કામે વળગાડી દેવા એ બહુજ ઉતમ છે. અત્રેના એક શેઠે તેવી રીતે ૩ જણને સટામાંથી ઉગારી ધંધે લગાડયા છે. આ સુચના લક્ષમાં લેવાથી કોમનું હિત થવા સંભવ છે.

**પ્રતિમાજી**—પાલણપુરમાં તા૦ ૨૫-૧૦ ૧૯૦૫ ના રોજ એક મુસલમાનના ઘરના પાયામાંથી શ્રી પાર્શ્વનાથજી તથા તેમની સાથે બીજી ૧૦ મૂર્તિઓ સંવત ૧૩૩૫ની સાલની નીકળીછે. જે દેરાસરોમાં પ્રતિમાજીની ખુટ હોય ત્યાં આવી પ્રતિમાજીઓ પુજન માટે રહે તો વધારે સારૂ.

**જામનગરના વકીલ ચતુરભુજની માતુશ્રી ગુજરી જતાં** રોવા કુટવાનું બંધ રાખ્યું હતું અને ગળેલ પાણીથીજ નહાવાની સગવડ કરી હતી. ઘણા ગામોમાં હજી અણગળ પાણીએ નહવાય છે, તેઓએ પોતાના આત્મહિત માટે ગળેલ પાણીએ, નહાવું ઉત્તમ છે. આવી ઝીણી બાબતોમાં પણ દયા આત્માને અમુક અંશે ઉચ્ચ સ્થિતિએ લઇ જાય છે.

**જામનગર સંસ્થાનમાં** ઘણે ઠેકાણે વરસાદની તાણથી આપણા જૈનભાઇઓને ઘણું ખમવું પડયું છે અને કેટલાક ભાઇઓ એવી કઢંગી સ્થિતિમાં આવી પડયા છે કે તેમને ગુજરાન માટે પણ મુશ્કેલી થઇ પડી છે. તેવા એક ગામના-ડઆ સંગના-લાચાર જૈનભાઇઓ માટે ઉઘરાણાનું ફંડ કાઢી "જૈન" પત્રે શુભ શરૂઆત કરી છે. શકિત પ્રમાણે જૈનભાઇઓ તેમાં મદદ કરશે એમ પ્રાર્થના છે.

## દક્ષણી જૈન બંધુઓને અમુલ્ય માંડવગઢ તીર્થની યાત્રાનો લાભ.

આ તીર્થ દક્ષીણમાં ઘણું નજીક આવેલું છે પરંતુ ઘણા ખરા દક્ષણી ભાઈઓને આ તીર્થની બીલકુલ માહીતી નહીં હોવાથી તેઓ તે અમુલ્ય જાત્રાનો લાભ લઈ શકતા નથી.

ધુલીઆ શહેરથી પકી સડક આગ્રા રોડ જાયછે તે ઉપર ધુલીઆથી વીસ કોસ શીરપુરછે ને ત્યાંથી ૮૦ મૈલ ગુજરી ગામછે ને ત્યાંથી પાંચ ગાઉ તીર્થ છે. રેલ ગાડીએ ઈંદોર ઉતરવું ને ત્યાંથી ગુજરી ગામ વીસ કોસ છે ને ઇંદોરથી તથા ધુલીઆ તરફથી ભાડુતી ગાડી મળેછે. રાત દીવસ મારગ વહેતા રહેછે.

દોહરો.

માંડવગઢનો રાજીઓ, નામે દેવ સુપાસ;
રીખવ કહે જીન સમરતાં, પહોંચે મનની આશા.

દક્ષણી બંધુઓ આ તીર્થનો લાભ લેશે ને યાત્રા કરતી વખતે હમોને યાદ કરશે.

**મુની બાલવિજયજી—આમલનેર.**

---

## જોઇએ છે.

મેટ્રીક પાસ થયેલ તથા સંસ્કૃતની બે બુક ભણેલા, થોડા, ઘણા ધાર્મીક બોધવાલા ધર્મીષ્ટ અને સુશીલ સાત વિદ્યાર્થીઓ નિચે લખેલ ગૃહસ્થો તરફથી લાયકાત મુજબ રૂ૧૫) સુધીની માસીક સ્કોલરશીપ આપીને દાખલ કરવાના છે.

૧-બાબુ ચુનીલાલજી પનાલાલજી મુંબાઇવાલા તરફથી.

૨—બાબુ ચુનીલાલજી પનાલાલજીના ધણીઆણી બાઈ ભીખી બેન તરફથી.

૨—બાબુ ચુનીલાલજી પનાલાલજીની દીકરી બેન તારાબાઈ તરફથી.

૧-શા૦ નાગરદાસ પુરશોતમદાસ શ્રી રાણપુરવાલા તરફથી. એવી રીતે ઉપર મુજબના સાત વિદ્યારથીઓને મેહેસાણા પાઠશાલામાં દાખલ કરી વરસ ૨) સુધી કાવ્ય, જીવ વિચાર, નવ તત્વ, દંડક, બ્રહુત સંઘરણી, ક્ષેત્ર સમાસ, કર્મગ્રંથ અને ભાષ્ય વિગેરે પ્રકરણોનો સારી રીતે અભ્યાસ કરાવી શીક્ષક તરીકે તૈયાર કરવાના છે. અભ્યાસ થઈ રહયા બાદ તેમને વરસ ૨) સુધી રૂ૨૦ વીશના પગારે અમારી બતાવેલી નોકરી કરવી પડશે નહિતો અમારા તરફથી મળેલ સ્કોલરશીપનાં નાણાં મજરે આપવાં પડશે ઊમેદવારોએ પોતાની લાયકાત તથા ધાર્મિક અભ્યાસ અને વ્યવહારીક જ્ઞાન સાથનું તથા શરીર તંદુરસ્તીની ખાત્રી માટે ડાકટર યા આબરૂદાર ગૃહસ્થની સહીના સરટીફીકેટ સાથે નીચેના શીરનામે અરજી કરવી.

**શા૦ વેણીચંદ સુરચંદ**
સેક્રેટરી, શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મુ૦ મેસાણા.

---

## जाहेर खबर.

श्री जैन कॉन्फरन्स ऑफीसनुं ठेकाणुं बदलवामां आव्युं छे. पत्र व्यवहार नीचेने सरनामे करवोः—

**श्री जैन श्वेतांबर कॉन्फरन्स,**
**पायधुनी, कोलसा मोहल्ला-मुंबई.**

# ગોદરેજ અને બોઇસ.

## તીજોરીઓ, તાળા તથા કળ બનાવનાર.

ગેસ કંપનીની પાસે, [illegible], મુંબઈ

ગોદરેજ અને બોઇસના કારખાનાનો માલીક ઈંગ્લાંડ અને [illegible]માં રહીને [illegible] બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ [illegible] સામાનથી તીજોરીઓ બનાવે છે. એ સાથે ચાળીસ થોડાની બળતાં વગરના [illegible] છે.

ગોદરેજ અને બોઇસની તીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી તીજોરીઓની [illegible] હોવાં છતાં કીમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ તીજોરીઓ આગમાં કાગળીઆં સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથે વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાના [illegible] બોલાવવામાં આવશે.

ગોદરેજ અને બોઇસની તીજોરીઓ ચાવી કે હાથે [illegible] ખુલી જાય એવી વેલાતી તીજોરીઓ હોતી નથી.

ગોદરેજ અને બોઇસની તીજોરીઓને દરેક પ્રદર્શનમાં [illegible] મળ્યા છે.

---

घणुं सुगंधी—घणुं सस्तु !

स्त्रीओमां घणुं मानीतुं अने जाणीतुं



सुंदरी विलास [illegible] ऑइल.

[illegible] हेअर ऑइलनी सगंधी मधुर अने मनोहर छे, [illegible] [illegible] [illegible] काळा, चळकता अने रेशम जेवा मुलायम करे छे, [illegible] [illegible]

बी. एम. गुप्ता. [illegible]

[illegible]

वीर सम्वत् २४३२.  ॐ  विक्रम सम्वत् १९६२

उपायेन हि तत् साध्यं, न यत् साध्यं पराक्रमैः

# The Jain Swetamber Conference HERALD.

(A CONFERENCE MONTHLY JOURNAL CONDUCTED IN ENGLISH AND VERNACULAR.)

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हैरैल्ड.

Vol. I, No. 12. पुस्तक १, नम्बर १२.

December 1905. डिसेम्बर सन १९०५.

*Conducted by.*

GULABCHAND DHADDA M. A. JAIPUR.

*Published by,*

THE JAINS CONFERENCE OFFICE. BOMBAY.

संपादक—गुलाबचंद ढढ्ढा एम. ए.

प्रगट कर्ता

श्री जैन श्वेतांबर कॉन्फरन्स ऑफिस, मुंबई.

Annual Subscription with postage Re. 1

वार्षिक मूल्य डाकका मूल समेत सिर्फ रु. १.

इंदुप्रकाश स्टीम प्रेस-मुंबई.

## विषयानुक्रमणिका.


| विषय. | पृष्ठ. | विषय. | पृष्ठ. |
|---|---|---|---|
| Appeal to Jain leaders. ... | 385 | પૂર્ણ થતું આ માસિકનું નવું વર્ષ. ... | ૪૦૪ |
| Going to England. ... ... | 387 | જૈન શ્વેતાંબર કોન્ફરન્સ-હાલ તે શું કરે છે?... ... ... ... | ૪૦[illegible] |
| मिस्टर गुलाबचन्दजी ढढ्ढाका प्रयास.... | ३८८ | દિગંબર જૈનબંધુઓ અને કેળવણી. | ૪૧૧ |
| ચોથી જૈન કોન્ફરન્સ. ... ... | ૩૯૨ | જૈનોના જાહેર ખાતા અને તેમની હાલની સ્થિતિ. ... ... | ૪૧૨ |
| જીવદયા સંબંધમાં એક લેખ. ... | ૩૯૩ | આ પત્ર અને તેના ગ્રાહકો... ... | ૪૧૩ |
| ચર્ચાપત્રનો સાર. ... ... ... | ૩૯૪ | हाय! आर्यावर्त! .... .... | ४१४ |
| વર્તમાન ચર્ચા. ... ... ... | ૩૯૫ | | |
| નવીન સમાચાર સંગ્રહ. ... ... | ૩૯૯ | | |
| ગ્રંથાવલોકન. ... ... ... ... | ૪૦૩ | | |



# विज्ञापन.

### हरेक धर्माभिमानी जैनके लीये.

## श्री जैन श्वेतांबर डिरेक्टरी.

### वॉलंटीयरोंकी जरुरत है.

गुजरात काठीआवाड व दक्षिणमें जैन डिरेकटरीका काम खतम होनेकी तय्यारी है और एक दो पक्षमें खतम होगा. मध्यप्रांत, निजाम स्टेट, मद्रास इलाखा, सेंट्रल इंडिआ, मालवा, राजपूताना, मारवाड इत्यादि मुलको, के जहां हिंदी और मारवाडी भाषा प्रचलित है उन मुल्कोंकी श्वेतांबर मूर्तिपूजक जैनवस्तीकी डिरेक्टरी करनेके वास्ते वॉलंटीयरोंकी जरूरत है. कोन्फरन्सकी ओरसें हम अपने प्रत्येक धर्मबंधुको अपने ओर अपनी आसपासके गांवोंकी डिरेकटरी तय्यार करनेको ओर अपने मुल्कमें श्री जैन श्वेतांबर वस्तीवाले गांवोंके नाम, उन गांवोंकी पोष्टओफीस ओर जैन अग्रेसरका नाम, जीतना होसके उतना लिख भेजनेके वास्ते प्रार्थना करतें हैं और उमेद रखतें हैं की, हरेक महाशय हमको इस उत्तम कार्यमें मदद करेंगे.

**पत्रव्यवहार इंग्रेजी, गुजराती या साफ नागरी हरफोंमें करना चाहीये.**

पत्रव्यवहार करनेका पत्ता—

एसीस्टंट सेक्रेटरी—**श्री जैन श्वेतांबर कॉन्फरन्स.** कोलसा मोहोल्ला, **बम्बई.**

॥ ॐनमः सिद्धेभ्यः ॥

नो रोगाः नैव शोकाः नकलहकलनाः नारिमारि प्रचारा,
नैवार्धिना समाधिर्न च दुखदुरिते दुष्टदारिद्रतानो;
नो शाकिन्यो ग्रहानो न हरि करि गणव्याल वैतालजालाः,
जायन्ते पार्श्वचिन्तामणि नति वसतां प्राणिनां भक्ति भाजाम् : ॥

The Jain Swetamber Conference Herald.

Vol. I.] *December 1905.* [No. XII

# APPEAL TO JAIN LEADERS.

## (L. S. Kothari, B. A. Mount Abu.)

The Jain community of India, a most influential part of the commercial gentry of India, must have realized by this time that the present is the year of famine and scarcity all over the country. During this life-destroying time the condition of those who live from hand to mouth, and with great difficulty earn their daily bread is beyond comprehension. A larger number of the higher classes of men in India, following as they are the vocations such as service-state or private, charity and so on, can at least manage to keep their body and soul together in such times. But the class that has its existence solely dependent on trade and agriculture, knows no way how to maintain life in such difficult times. Although the present drought is general almost all over the country, yet it has assumed a most pitiable shape in Rajputana. In this province, these afflicted days have just been on the heels of the time of "Chhappan" and "Sathia" the effects of which have not at all disappeared. As you all know trade flourishes only in plentiful times. In days of adversity it, which in India really speaking can not be called even "trade," has no existence whatever. To those who have studied the character of Indian trade and traders it must have been quite clear that it is nothing more than a post office work on the side of products. The Jain traders of India have hardly taken to the "productive lines" of political

economy. The work of an average Indian trade is generally confined to the agricultural products; when these fail, he must lose his source of living for the time being and draw upon what he might have saved during his "working seasons." This is generally the case of an average fellow. But it is a well known fact that Rajputana is a province of arid sands and barren hills. There are no large cities therein. The population is chiefly scattered over numerous villages and hamlets when the work of a trader is closely concerned with an agriculture. The happiness and pain, the prosperity and misery of one is inextricably interwoven with those of the other. In such places the failure of monsoon sounds the death knell to both classes. And they are both thrown on the mercy of those who take care to spare them.

The people are generally under the impression that the Jains being the leading men in the commercial class, are a very wealthy community. We wish that their idea had been a correct one when its mean were to be taken. No doubt these were the times when Jains were in a most affluent state. But the loss of Indian trade and industry and a setting in of many adverse years in succession has made the name of "Jain wealth" hollow. Several other causes in addition to those described above, have made an average Jain verge on the state of a famished man. In respect of his wealth therefore the public is under complete misapprehension. From the census of 1901 it is clear that the Jain has lost its reproductive stamina, and forms one of the waning communities of the world. The people at large are deluded by their sights of big Seths that are found in cities and towns. But those who like to study the real condition of the Jain community must look to other centres of population. Let them go to villages and gâms. Any how in ordinary times the Jain villagers might be managing to live in and keeping their social position well nigh untouched. But in famine times such as at present when their work stands still and their resources exhausted by the continued pressure of past unfavourable days what must be their condition? You Jains of towns! Can you even imagine it? Hundreds of thousands of your fellow brothers are silently succumbing to the pangs of hunger. Your last dreadful "56" year has made many wives widows unprotected and many young boys parentless. You Jains of cities! Will you please for a moment condescend even to think over what plight must overtake them now in the present famine stricken days? You Jains of big towns of Rajputana, you wealthy seths of Marwar and Ajmir! will you never awake from your sleep, will you be content to see thousands of your Jain sisters and brothers of small villages of Rajputana going into the gapping throat of "Death" and never try to extend your helping hand to them? Your wealth is transient. Some day or other it must change hands. Take up your ancestral record and see how many generations ago your

forefathers were oppulent in the same degree as you are at present! Learn then a lesson from the past. The name only of those will live who sacrifice them for the sake of their fellow beings. You millionaires of Bombay, Calcutta and Rajputana! please get up and organize means to save the life and honour of your fellow Jains at least who are now sure to be deprived of their bare necessaries. You heirless seths! why should you have the path to destroy your estate by the course of putting ignorant and alien boys in the whole possession of your riches? Why do you not spend portion of it almost in the noble cause of serving your fellow beings in general and Jains in particular? The present is the time when you will earn an immortal name. Organize the funds and open Jain houses in large centres, *e. g.* Beawar, Ajmer, Jaipur, Ahmedabad, Patan (Gujrat), Baroda, Bombay, Dehli and the like places. Save the living figures, who are in no way worst placed in Nature than your dignified selves. I want to speak more. If you have a true heart, I am sure this will certainly go home to its depth. Let me only once more remind you "be immortal by saving hungry lives." If your hands are narrow, cut off your luxuries from your mode of living. Simple bread and coarse cloth is enough for a man.

*Mount Abu.*
*22-10-1905* } L. S. KOTHARI. B. A.

---

# GOING TO ENGLAND.

## An Apeal to the Jains.

---

It has now been seen by all the thinking men of our country that India's salvation requires among other things the going to foreign countries. Many of the youths of the best families of our community go to Europe either with a view to qualify themselves for a profession or service such as is not open to those who receive education in India or with a view to enter into commercial relations with Europe. In the absence of arrangements for Hindu food on board the steamer, some of those who are commanded by their conscience and religion to eat no animal food eat not only flesh but cow's flesh alike abhorred by the carnivorous and the vegetarian Hindus. Will the Jains discuss and solve the problem of vegetarianism on a steam ship successfully conferring a boon both upon the vegetarian passengers and their confiding relatives who wish and trust that their son, nephew or husband should do nothing that is fundamentally opposed to the basic principle of their religion, and therefore a great sin?

If the Jain Conference will be kind enough to favour my suggestion with their consideration they will find that an expense of a few thousand rupees will be required for retaining a couple of Hindu Servants on each steamer carrying Hindu passenges and renting a small Kitchen for Hindu arrangements. In many cases the passengers themselves or their relatives would be ready to incur extra expense towards defraying this cost if all the vegetarian leaders have the zeal and the energy to work in this direction.

MANILAL MAGANLAL M. A. L.L. B.

ADEN 18-10-05 Shyamji's India House, London.

---

# मिस्टर गुलाबचन्दजी ढड्ढाका प्रयास.

कन्याविक्रय और मन्दिरोंकी सेवा पूजाके इन्तजामके बाबत मिस्टर ढड्ढानें नीचे मुजिब प्रयास करके हरगांवके पंच महाजनोंसे उनके दस्तखती दस्तावेज हांसल की है:—

१. कस्बा शोडा....तारीख २० सितम्बर सन १९०५ शुभ सम्वत १९६२ मिति आसोज सुदि ६ बुधवार मुताबिक तारीख २० सितम्बर सन १९०५ कस्बा शोडा तहसील व निजामत मालपुराके पंच महाजन सरावगी, औसवाल, अगरवाला, महेश्री इकटे होकर यह विचारा कि कन्याविक्रय शास्त्रके विरुद्ध है और कन्याका पैसा लेनेसे लेनेवालेको कुछ फल प्राप्त नहीं होता बल्कि उसका जियादा बुरा हाल होजाताहै और लौकिकमेंभी यह बात निंदनीय है इसलिये हम सब पंच महाजनोंनें आजसे आयंदा श्रीजीको हाजर नाजर समजकर अपने धर्म ईमानके साथ यह प्रतिज्ञा करते हैं कि आज पहिले तो कन्याका किसीनें कुछ लियाहो या न लियाहो लेकिन आजसे आयंदा कन्याका एक पैसाभी घरमें नहीं लेवेंगे बल्कि अपनी शक्ती साइू दाम खर्चकर कन्याकी शादी कर देवेंगे अगर कोई शख्स किसी वक्त मन बिगाडकर इस प्रतिज्ञाके खिलाफ कन्याका पैसा लेलेगा तो उसका न्याति और पञ्चायति व्यवहार चारों तर्होंसे बंद किया जावेगा और वह पञ्चायति के बाहिर समझा जावेगा क्योंकि इसतरहसे पैसा लेने वालेका सत्यानाश जाता रहताहै. अलबता जिस पंचायतमें जो दस्तूर पंचायति खर्च, नेग, ध्वजा वगरहका कदीमसे चला आता है और वह नेग बीरादरीके पंच इकठे होकर चुकाते है वह अभी बदस्तूर जारी रहेगा लेकिन कन्याके निमित्त कोई पैसा नहीं लिया जावेगा. अगर किसी बीरादरीमें किसी शख्सकी हालत एसी नहीं होवेकि जो कन्याके शादीके वक्त ज्योनार करके पंचायतिको जिमासके तो उसके ज्योनार करनेकी कोई जरूरत नहीं है. न हम लोग उसको किसी तरहका मोसा या टूंचणा मारेंगे और अपने घरकी रोटी खाकर

उस भाईके आगे होकर सबजणे उसके मकानपर इकठे होकर मदद देकर शादी करा देवेंगे. यह ठहराव हम सबनें एका मोजूदी राजी खुशीसे किया सो हम सबको मंजूर है. इस ठहरावपर सबनें अपने अपने दस्तखत राजीखुशीसे कर दिये हैं उसकी पाबंदि रहेगी और यह अस्ल ठहराव दस्तखति जुमले पंचान सिपुर्द नाजिमजी साहब श्री गुलाबचंदजी किया जावे कि यह ठहराव जैन कोनफरन्सके पत्रमें छपवा दिया जावे और इसकी एक नकल सबके दस्तखति कस्बेकी पंचायतिमें रहै:—

| | |
|---|---|
| द. सुंदरलाल सोनी सरावजीका | द. भूरामल कोठियारी औसवालकरका |
| द. चैनसुख पटवारी बकलम गोरीलाल. | द. कोठियारी मिसरी मलका |
| द. मन्नालाल अगरवाला बकलम छोगालाल | द. कोठियारी धोंगलमलका |
| द. मिसरीलाल अगरवालाका | द. हजारीमल चूराका |
| द. छोगालाल अगरवालाका | द. बखतावरमल बोराका |
| द. हंसराज सोनीका | द. हीरालालका बकलम गणेश |
| द. बछराज जागटाका | द. श्रीलाल पटवारीका |
| द. जवाहरचंद बैदका | द. शोनाथ जागटीयाका बकलम |
| द. नेमीचंद बैदका बकलम जवाहरके | द. श्रीलाल पटवारी |
| द. बीजराज नोलखाका | द. शोदासका बकलम श्रीनारायण |
| द. सूरज करणजाजू बकलम बछराज | द. रामचंदर जवर बकलम श्रीनारायण |
| द. शंकरलाल सोनी बकलम हंसराज | द. गणेश कावलाका |
| द. कल्याण बक्ष सोनी बकलम हंसराज | द. बहादरमल बकलम दानमल |

द. सोदास

---

## २. मोजा नीमेडा-तारीख १ अक्टोबर १९०५

सम्वत १९६२ मिति आसोज सुदि ३ इतवार मुताबिक तारीख १ अक्टोबर सन १९०५ पंच महाजन सरावगी महेश्वरी सिकने मोजा नीमेडा परगना फाजी राज्य सवाई जयपुरनें इकठाहोकर विचार किया तो कन्याका रुपया लेकर परणाना ( शादी करना ) धर्म शास्त्र और लोकविरुद्ध पाया आजतक तो जो काम किया या नहीं किया वह सब धका परन्तु आजसे आयंदा पंच महाजनोंमें लडकीका पैसा लेकर शादी नहीं की जावेगी बल्कि लडकी को सरधा मुवाफिक सेर घृतहोमकर परणा दी जावेगी अगर किसी भाईकी सरधा लडकीके व्याहमें जिमाणेकी नहो तो उसको ज्योनार करनेकी जुरूरत नहीं हम सब भाई घरकी रोटी खाकर आगे होकर लडकीका बापने मदद देकर शादी करा देवेंगे ज्योनार

नहीं करनेका ठोंचका देवेंगे नहीं. यह ठहराव हमनें अपनी राजीखुशी नाजिमजी साहब मालपुराका गुलाबचंदजीके समझानेसे किया सो हमको मंजूर है. अगर आपसे आयंदा लडकीके निमित रुपया लेना किसीकाभी साबित होजावे तो लेनेवाला जात पंचायतके बाहर होगा और पंचायति न्योता सब बंद किया जावेगा अलबत्ता हमारे बडेरोंनें जो पंचायति दस्तूर नेमोंका बांन्धा है सो बराबर लेते रहेंगे यह ठहराव हमनें अपनी राजी खुशीसे किया सो मंजूर है कुल ब्रादरीनें राजी खुशीसे दस्तखत करदिये सो मंजूर है यह नविश्त नाजिमजीके सिपुर्द कीजावे कि इसको महासभाके पत्रमें छपवादेवें और दूसरी नविश्त सबके दस्तखति पंचायति मन्दिरमें रहे——

द. पन्नालाल संघी बकलम लखमीचंद
द. जोहरीलाल संघी
द. रोडूलाल संघी
द. पन्नालाल बाकलीवाल
द. भोलूतोसनीवाल
द. शोदास तोसनीवाल
द. नाथू महाजन
द. पांचूलाल संघी
द. बालाबक्ष पापडीवाल बकलम रोडूलाल
द. भूरालाल
द. कनहीराम
द. छबीलपक्ष जैथल्याका
द. घासीलाल छापरवाल
द. रामनारायण छापरवाल

द. गणेश सोमाणी
द. ऊंकार सोमाणी
द. जमनालाल
द. रामचंदर
द. जगन्नाथ जैनज्या
द. भूरामल तोसनीवाल
द. रामचंदर दरल्या
द. जवाहरलाल सोनाली
द. सुन्नालाल बज
द. दयाल कात्तराका
द. छोगालाल
द. गंगाबक्ष
द. शोदास
द. गिरधरलाल

---

# आगरानिवासी श्रावक समुदायको सूचना.

मुनि महाराज श्री दोलतविजयजीनें आगरेमें चतुर्मास किया था और कोनफरन्सके प्रस्तावके मुवाफिक आगरामें पाठशाला खोलनेका उद्योग किया था उसका यह नतीजा निकला कि चंद साहबोंनें पाठशालाके निभावके वास्ते महावारी चंदा भरा परन्तु आपसके तनाजेकी वजहसे ऊपर नीचे नाम लिखे जानेके मिथ्याभिमानसे इस शुभ कार्यमें विलंब हुवा. हमको जहांतक खबर मिली है उससे पाया जाता है कि आगराके चोधरीजीमें और एक अन्य गृहस्थमें आपसके देनलेनके बाबत तकरार होकर गालीगुफ

तारकी नोबत पहूंची कि जिस कारणसे उस अन्य मनुष्यके एक मातबर सबंधिनें उसका पक्ष लेकर जातमें और धर्ममें किसी कदर झगडा डाला. यह खयाल ठीक नहीं है अब प्रतिपक्षियोंनें यह सवाल उठाया है कि चोधरीको सबके ऊपर अपने दस्तखत करनेका अधिकार नहीं है चोधरीजीको यह उज्र है कि शाही वक्तसे यह काम चोधरायतका हमारे कुटुम्बमें चला आता है और उस समयसे हमारे दस्तखत सबके ऊपर होते हुवे चले आते हैं यह उज्र दोनों पक्षका कहांतक सही है हम नहीं कह सकते हैं क्योंकि इस बातका फैसला उस वक्त हो सकता है कि जब दोनों पक्षवाले किसीपर भरोसा करके उसके रोबरू अपने उजरात और सनदें पेशकरें परन्तु इस समय इतना कहना अनुचित नहीं होगा कि अवलतो इस टंटेका उठनाही जैन धर्मके विरुद्ध है कारण कि अपने पिछले कृत्योंका फल तो हम इस वक्त पा रहे हैं और इस वक्त जो भले बुरे कृत्य करेंगे उनका फल आगामि कालमें अवश्य पावेंगे, इस बातपर गोर करके हर जैनीको चाहिये कि अपने झगडे टंटेको फोरन तै करके बुरे कर्मोंके बंधनसे निवृति पावे. प्राणीमात्र अपने भाईबंद हैं क्योंकि सबका उत्पात्तिस्थान एकही है फिर दूसरेके साथ बैरभाव रखकर संसारको बढाना जैनधर्मके असूलके खिलाफ है दूसरें अगर किसी तीव्र दुष्ट कृत्यके जोरसे इस वक्त यह सुमति उत्पन्न नहोसके तो इस बात-पर विचार करना अवश्य है कि यह झगडा धर्म कार्यमें विघ्न डालने वाला क्योंहो? धर्म कार्यके चंदेका चिठा संसारीक कार्यसे कुछ सम्बन्ध नही रखता इसके चिठेमें कुछ ऊचे नीचेका खयाल नही होना चाहिये था परन्तु इस पञ्चम कालनें अपना पूरा पूरा जोर दिखलाया. खैर अगर यह ही माना जावेकि धर्मकार्यमें भी नामकी अपेक्षा जुरूर होती है तो इस कार्यको चलानेके वास्ते हम एक अच्छी तरकीब बतलातेहैं कि जिस ढंग पर चलनेसे जो साहब चाहवे वहही अपना नाम सबके ऊपर मांड सकताहै. वह यह है कि एक बडा कागज लिया जावे और उसमें एक दायरा, सरकिल (Circle) खेंचा जावे उस सरकिलमें जो साहब चाहवें वह नाम लिखदें और अपने नामको सन्मुखलेकर अपना नाम ऊपर समझलें तो दूसरोंके नाम उनके नजदीक नीचेही पढनेमें आवेंगे. कामके किसी तरहपर चलानेकी यह एक उम्दा तरकीब है. पाठशालाके काम होनेसे और उसमें अपनि संतानको धर्म शिक्षा मिलनेसे अपनी और अपनी संतानके आत्माका कल्याण होनेके सिवाय जैन धर्मको बडाभारी लाभ पहूंच सकता है. हम आशा करते हैं कि हमारे आगरानिवासी भाई इस बातकी तरफ अवश्य ध्यान देकर जिस पाठशालाके खोलनेका उन्होंनें नियम किया है जुरूर खोलेंगे और उस मथुराके चौबेके पुत्र की जैसे ऊपर नीचेके नामका मिस लेकर इस उत्तम कामसे हाथ न धो बैठेंगे.

---

# ચોથી જૈન કોન્ફરન્સ.

આવતી કોન્ફરન્સને માટે દરેક જાતની તૈયારી ચાલે છે, એમ અન્ય સ્થળે જણાવાયું છે. એક બાબત તો આજ વિચારવા જેવી છે કે આપણામાં જે હાનિકારક રીવાજો છે તે દુર કરવા માટે શુભ હેતુઓવાળો દરેક જણ ઘણા વખતથી ઇચ્છતો હશે. પણ પોતે એકલો શું કરી શકે એમ ધારી તેને બેસી રહેવું પડતું હશે. એવા ઘણા માણસો ભેગા થવાથી એ રિવાજો કેવી રીતે નીકળી જઈ શકે છે તેનો પુરાવો કોન્ફરન્સની હયાતી દરમ્યાન ઘણી જગાએ થએલા સુધારાઓ છે. જેવું વાવવું તેવુંજ લણવાનું છે. પરંતુ વાવ્યા પહેલાં જમીનને ખેડવી જોઇએ છે કે જેથી કરીને જમીન પોચી પડે અને જે બહુજ કઠણ ભાગ હોય તે પાસેના ભાગને નડતર સમાન થઈ પડે નહિ. આવીજ રીતે કોન્ફરન્સને ખરેખર ફતેહમંદ બનાવવા—જૈન કોમની ધાર્મિક, શારિરિક, ઔદ્યોગિક વગેરે અનેક પ્રકારની ઉન્નતિ કરવામાટે પહેલાં જે બાધક રિવાજો હોય તે દૂર કરવા જોઇએ. બાધક દૂર કર્યા પછીજ સાધક કરવાથી સાધક ખરેખરું ફતેહમંદ થઇ શકે છે. જીવને બાધક અઢારે પાપસ્થાનો દૂર કર્યા પછી—જમીન શુદ્ધ થયા પછીજ—પુણ્યનાં કાર્યો ખરેખરી અસર કરી શકે છે.

પ્રતિનિધિઓનું કામ પોશ શુદ ૧૫ પહેલાં—એટલે કોન્ફરન્સ પહેલાં ૧॥ મહિને—પૂરું થઈ જશે, એમ લાગે છે, કારણકે પ્રતિનિધિ પત્રિકાઓ પોશ શુદ્ધ ૧૫ પહેલાં ભરીને મોકલવાની છે.

દેરાસરના વહિવટના હિસાબો ચોખા રાખવા તથા બતાવવા બાબતની સામાન્ય ફરિયાદ છે તો તે વિષે એટલુંજ બસ છે કે ગયા વર્ષ દરમિયાન જે ગામોના શેઠોએ રીપોર્ટ બહાર પાડયો હોય અથવા જોવા ખુલ્લો મૂક્યો હોય તેવાઓનાં નામો આભાર સાથે મંડપમાં જાહેર કરવા, તેમનાપર કોન્ફરન્સ ઑફીસ તરફથી આભાર પત્ર લખવો અને જે ગામો માટે પત્રોમાં ફરિયાદો થઇ હોય તેમની પાસે કારણ દર્શક ખુલાસો માગવો તથા બીજા સર્વ ગામોના શેઠોપર નામું અને હિસાબ તૈયાર છે કે કેમ તે પૂછાવવું. આવી યોજના ઇષ્ટ છે. ભાષા જેમ બને તેમ મૃદુ રાખવી. આ ઠરાવની આવશ્યકતા બહુ છે. સર્વ સાધુ મુનિરાજોને નમ્ર વિનતિ કે જે પ્રદેશમાં તેઓ વિચરતા હોય ત્યાં કોન્ફરન્સનો ઉદ્દેશ, તેની આવશ્યકતા, તેના લાભ, તેમાં પ્રતિનિધિ મોકલી ભાગ લેવાની જરૂરીઆત વિગેરે બાબતો તેઓ સ્પષ્ટ ઠસાવવા યત્ન તથા કૃપા કરશે તો સાધુવ્રતનું અને જૈનભાઇઓનું અમુક હિત થશે.

ચર્ચાવવાના જે વિષયોનું લીસ્ટ પત્રિકાસાથે સામેલ છે તે પરથી જણાય છે કે ઘણાખરા વિષયો દના તેને તેજ છે અને નવા જે ઉમેર્યા છે તે પણ ઠીક છે.

મુનિમહારાજાઓની કોન્ફરન્સ થવાની આવશ્યકતા બાબત જે વિષય ચર્ચાવવા ધાર્યો છે તે અમને બહુ ઇષ્ટ લાગે છે. સાધુ એ ચતુર્વિધ સંઘનું સૌથી અગત્યનું પહેલું અંગ છે, તેઓમાં કોઇ કોઇ બાબતમાં વિચારવા જેવું છે એ તો શાંત ચિત્તથી વિચાર કરતાં તેઓ પણ કબૂલ કરશે. અમે, હાલ તુરત કઈ બાબતમાં તેઓને વિચાર કરવાનો છે, તે બતાવવા કરતાં તેઓની મુન્સફી પરજ છોડીએ છીએ. જૈનોમાં ૮૪ ગચ્છમાંથી જેટલા વિદ્યમાન હોય તેઓમાંથી જેઓ સાથે મળીશકે તેવા સાધુઓ, અને છેવટ તેમ બની શકે નહિ તો વૃધ્ધિચંદ્રજી મહારાજ, આત્મારામજી મહારાજ, મોહનલાલજી મહારાજ, સાગર ગચ્છના મહારાજ, વિધિપક્ષ ગચ્છના મહારાજ, વિગેરેએ તો અવશ્ય ભેગા થઈ કંઇ વિચારવું જરૂરનું છે.

કન્યાવિક્રય રીવાજનાં ઘણાં કારણોમાંનું એક કારણ દેશની નિર્ધનતા છે. નિર્ધનતાનું પરિણામ એક કન્યાવિક્રયજ નથી, પણ મૃષાવાદ, અદત્તાદાન, માયા વિગેરે અનેક છે. દેશમાં તેમાં ખાસ કરી કાઠીઆવાડ,

કચ્છ, ગુજરાત, જ્યાં જૈનભાઇઓની વસ્તિ બહુસારી છે, તે ભાગ એક યા બીજી રીતે ખેડપર બહુ આધાર રાખનારો છે. ખેડમાટે હાલ ૮—૯ વર્ષ ઉપરા ઉપર નબળાં આવવાથી તેમની બહુ દુર્દશા થઇ છે. માટે જે જૈન બંધુઓ હુન્નર સાથે સંબંધ ધરાવતા હોય, કારખાના યા મીલો સાથે સંબંધ ધરાવતા હોય તેઓ સહજ સમજી શકશે કે સ્વધર્મીબંધુઓને મદદ કરવા જેવું બીજું પુણ્ય નથી. માટે આ ઉપરથી અમારી એટલીજ વિનતિ છે કે જેમ બને તેમ જૈન બંધુઓનું આર્થિક હિત વધુ જોવું.

કૉન્ફરન્સના ઠરાવો પ્રમાણે જેટલા પ્રમાણમાં જે સ્થળે અમલ થયો હોય તે બધી બાબતો એક પુસ્તકના આકારમાં દર વર્ષે જળવાઇ રહે તો બહુ ઉત્તમ થાય.

વિષયો ૧૭ બહુ ઉત્તમ, વિચારવા લાયક, સૂચના પ્રમાણે શક્તિ અનુસાર અમલ કરવાલાયક છે. દરેક રીતે પાટણ કૉન્ફરન્સ વિજયવંતી નીવડો, એવી સાનિધ્ય દેવને નમ્ર પ્રાર્થના છે.

---

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હરૈલ્ડનાં આધિપતિ સાહેબ.

**સાહેબ,**

વિ. મોજે ટીંટોડા તાલુકે કલોલના કોળી લોકો દરસાલ પાડાનો વધ કરતા હતા, તે હવે પછીથી નહિ કરવા બદલનો એક દસ્તાવેજ સંવત ૧૯૧૪ માં કરી આપેલો, ને તેના જમાન મોજે વાંસજડા તાલુકે કલોલનાં કોળી લોકોને આપેલો છે, તે દસ્તાવેજ મારે હાથ લાગવાથી તેની નકલ નીચે ઉતારી મોકલી છે, તો શ્રી સકળ સંઘની જાણ ખાતર આપણા માનવંતા માસિકમાં છાપી પ્રસિદ્ધ કરશો, કે જેથી લાગતા વળગતાઓને તેની તપાસ ચલાવવામાં, અને જો તે પ્રમાણે ઘાતકી કૃત્ય થતું હોય તો, તે બંધ કરવામાં સહાયભૂત થઈ શકે. એજ વિનંતિ. તા. ૩૧—૧૧—૧૯૦૫.

શ્રી સકળસંઘનો સેવક.

**સોભાગચંદ મોહનલાલ શાહ.**

# અસલ ઉપરથી નકલ.

સંવત ૧૯૧૪ ના આસો વદ ૬ ને ગુરૂવારને દને કસ્બે કડીનાં મહાજન સમસ્ત, તથા કલોલના મહાજન સમસ્ત તથા ગામ મોજે ટીંટોડાના મહાજન સમસ્ત, જોગ લખી આપનાર મોજે ટીંટોડાના કોલી મતાદાર સલતાન દોલા તથા જેઠા અબલા તથા હમીર નારણ તથા રણછોડ હાંસજી તથા પાના સોના વિગેરે ગામ સમસ્ત, તથા કરશનપુરાના ભાઇ, ભત્રીજા કિંવા પરૂણા સુદ્ધાંત સમસ્ત અમો અમારી રાજી ખુશીથી તથા અકલ હુશીઆરીથી લખી આપીએ છીએ કે,—

અમારા ગામમાં અમો દરસાલ પાડા મારીએ છીએ, તે આયંદે મારવા નહીં ને તે બાબતે અમોને મહાજને કહ્યું તે સર્વે અમો કબુલ કરી, હવે પાડા મારવા નહીં, ને તે બાબત તમોએ અમોને રૂ. ૨૦૧ અંકે રૂપીઆ બસો એક આપ્યા છે તેની તપશીલ નીચે મુજબ છે:—

૧૦૧ અમોએ પાડા મારેલા તે બાબત સરકારે અમારો દંડ કરેલો તે તમોએ આપ્યા છે તે.

૫૦ અમારા ગામમાં ધરમાદા દેવડી કરી માતા પધરાવ્યા તેના આપ્યા.

૫૦ અમોને જમાડ્યા બાબતના આપ્યા.

———

૨૦૧

અને કોઈ પણ એક આજે કાઈપાડા મારવા બંધ કર્યા છે, તો હવેથી કોઈ દિવસ મારીશું નહી, અભરામ ને દાદ્રે વેચવા સુરજ ચંદ્રની સાખે પાડા મારવા બંધ કર્યા છે, તો હવેથી કોઈ દિવસ તફાવત પડે તો દર પાડે રૂ. ૫૦૦ પ્રમાણે દંડના આપીએ. તે સર્વે બાબતનાં પળાવવાના જમાન મોજે વાસજડા પ્રમાણે કડીનાં ગામનાં કોલી ઉમેદ રતુ, તથા રાણા ધના, તથા હીરા રાયભાણ, તથા સગણ નાથા વિગેરે ગામ સમસ્તને આપ્યા છે, તે ઘર ઘર આપે તથા પલાવે ઉપર લખ્યા પ્રમાણે સહી છે.

અમો જમાનીદાર લખી આપીએ છીએ. કન્ટીટોળાવાળા કોઈ દિવસ પાડા મારશે તો ઉપર મુજબ દંડ આપીશું, તથા મારનારને લાવી રજુ કરીશું, ને તે બાબત સરકારમાં પણ અમો લખી આપ્યું છે. સબબ ચાંદા સુરજની સાખે લખી આપ્યું છે તે સહી છે. મીતી.

| અતર | મતુ |
|---|---|
| ૧ | પગી સલતાન દોલા મતુ |
| ૧ | પગી જેહા અભલાનું મતુ |
| ૧ | પગી હમીર નારણનું મતુ |
| ૧ | પગી પાના સોનાનું મતુ |
| ૧ | પગી રણછોડ હાંસજીનું મતુ |
| ૧ | પગી ઉમેદ રતુનું મતુ |
| ૧ | પગી રાણા ધનાનું મતુ |
| ૧ | પગી હીરા રાયભાણનું મતુ |
| ૧ | ઉપલી બધાનું મતુ |

| અતર | સાખ |
|---|---|
| ૧ | પગી ધના કેશાની સાખ |
| ૧ | પગી નાથુ કમાની સાખ |
| ૧ | પગી ચેલા રાસેનાની સાખ |
| ૧ | પગી રાણા ધનાની સાખ (બાવલુ) |
| ૧ | પગી હીરા રાયભાણની સાખ |
| ૧ | ખાડી જેહા ભાથી સાખ |
| ૧ | ખાડી સમના જેસંગની સાખ |
| ૧ | પગી મોડજી ઉકાની સાખ |
| ૧ | પરભુલાલ નાણુની સાખ |
| ૧ | દેશાઈ મહાસુખરામ નરસીદાસ સાખ |
| ૧ | મુજુખાં નાથેખાની સાખ |
| ૧ | કસ્બે કડીના મતાદાર સમસ્તની સાખ દા. ધરમદા બાજી |
| ૧ | નારણ નરસીંહ દાસની સાખ |

# ચર્ચાપત્રોનો સાર.

**મુનિ માણેક**—દક્ષિણ ખાનદેશ વિગેરેમાં સુજ્ઞ મુનિઓના વિહારથી બહુજ લાભ થયો છે, પણ સ્ત્રીઓના આત્મહિત માટે સુજ્ઞ સાધ્વીજીઓના વિહારની બહુ જરૂર છે. શ્રાવિકા એ સંઘનું ચોથું અંગ છે તથા તેના સુધારા ઉપર તો ખરા સુધારાનો મુખ્ય આધાર છે. દક્ષિણ ખાનદેશમાં ગોરજીઓ સાધુના વેશે રહી પુસ્તકો લખાવવાને બહાને રૂપિયા ધૂતેછે અને તેજ રૂપિયાથી કુકર્મ કરેછે. તેથી મારવાડીનો મોટો ભાગ ઢુંઢીયા થઇ ગયોછે. આ મારવાડીઓ દેશમાં તેમજ મહાદેવ, બાલાજી, મારૂતી વિગેરે મિથ્યાત્વી દેવોની જાત્રાએ જાયછે અને તેમનાં વ્રત પાળેછે. ગુજરાતના વિદ્વાન સાધુઓ આવા જૈનોપર ઉપકાર કરી નવકલ્પી વિહાર કરશે તો જૈનશાસનને બહુજ દીપાવશે.

**જૈનધર્મ પ્રતિપાલક મંડળ.**—ગામ કાગળવાળા, ગામ કોગળીવાળા તથા ગામ આકુલવાળા ત્રણ ગૃહસ્થો ૧૯૫૭ માં ગુજરાતમાંથી ચાર કન્યા રૂ. ૮૦૦૦) આપવા ઠરાવી લાવ્યા હતા. તેમાંથી એક કન્યા રૂ. ૩૦૦૦) આપવાનું કબુલાવી આપી હતી. બીજી એક કન્યા રૂ. ૩૦૦૦) આપવા કબુ-

લાખી આપી અને ત્રીજી કન્યા રૂ. ૯૫૦૦) લઇ આપી હતી. આ પ્રમાણે ૩ કન્યાના રૂ. ૯૫૦૦) ઉપજાવ્યા. આ રીતે ૧ કન્યા તથા રૂ. ૧૫૦૦ નો ચોખ્ખો નફો મેળવ્યો. આવી રીતે થાય છે એમ જાણવાથી સર્વને ખેદ થશે. આવો કન્યાવિક્રયનો રિવાજ કેટલો ખરાબ છે ! પણ આમાં તો કન્યાનો વેપારજ થયો છે. સામાન્ય કન્યાવિક્રયમાં પિતાજ ધંધા પ્રમાણે રૂપિઆ લે છે, પણ આમાં તો કન્યાઓના પિતાઓએ લીધા પછી તેના પર નફો મેળવી વિક્રય થયો છે. આ બાબત અતિ નિંદ્ય છે. માટે કન્યા વિક્રય કરતા માબાપોએ પણ પોતાની કન્યા એવી રીતે ન આપવી કે જેથી તે ફરીથી વેચાય.

**મુનિ, પ્રભાસપાટણ:**—હોળીના પર્વ માટે અત્રેની ઓશવાળની જ્ઞાતિએ આશરે રૂ. ૫૦) ને ખર્ચે લાકડાનો એક આકાર નિર્લજરૂપવાળો બનાવ્યો છે. અને તે દેરાની ખડકીના નાકાપર સ્થાપન કર્યો છે. તે ખડકીમાં દેરાં ૮ છે. નોરતામાં બ્રાહ્મણ લોકો ઓશવાળના હાથથી વિધિપૂર્વક કન્યાનો હોમ કરાવે છે. તે એવી રીતે કે શ્રીફળપર કન્યાનો આકાર કરી ચક્ષુમાં અંજન આંજે, ઘાટડી ચુંદડી ઓઢાડી હોમાવે છે. આ બહુ નિર્દય કામ છે.

આ બાબત વિષે ત્યાંના અગ્રેસરોને અમારી નમ્ર વિનંતિ છે કે હોળી તથા નોરતા માટે ઉપલી બંને બાબત જણાવી છે તેમ હોય તો તે સુધારવાની પૂરી જરૂર છે. નીતિ વિના ધર્મ હોઇજ શકે નહિ તો હોળીના નિર્લજ દેખાવમાં તમને નીતિ લાગે છે ? વળી તે મિથ્યાત્વી પર્વ છે. કોઈ રીતે આત્માનો ઉદ્ધાર કરતું નથી, તો તે પર્વમાં થતી ક્રિયા છોડી દઇ ધર્મ ધ્યાનમાં વળવું બહુ ઉત્તમ છે. નોરતાં માટે પણ ઉપલીજ સૂચના બસ છે.

---

# વર્તમાન ચર્ચા.

**કૉન્ફરન્સના ઉપદેશકનો પ્રવાસ**—મિ. ટોકરશી નેણશી ઉપદેશ અર્થે મેવાડના ભાગમાં ગયા છે અને ત્યાંની મુસાફરી દરમ્યાન પહેલાં તેઓ જાવરા ગયા છે. ત્યાં તેમણે બે મીટીંગો ભેગી કરી હતી, જેમાં આશરે ૧૦૦૦ માણસ ભેગું થયું હતું. ભાષણોની અસર શ્રોતાઓ ઉપર સારી થઇ હતી, પણ કુસંપને લીધે કંઈ ઠરાવો થઈ શક્યા નથી. ત્યાં જૈન ભાઇઓનાં આશરે ૨૦૦ ઘર છે. ૩ મંદિર છે. ત્યાં હાલમાંજ પ્રતિષ્ઠા મહોત્સવ થયો છે. ત્યાંથી તેઓ મંદસોર ગયા છે. ત્યાં પણ ત્રણ મીટીંગો ભરી હતી. ઉપદેશની અસરથી બે જૈન પાઠશાળા સ્થાપવા નક્કી થયું છે. એક પરામાં અને બીજી શહેરમાં સ્થપાશે. વાર્ષિક રૂ ૬૦૦) ના ખર્ચનો બંદોબસ્ત થયો છે. વિશેષ એ થયું છે કે કૉન્ફરન્સે કરેલા ઠરાવોનો અમલ કરવાનો વિચાર કરવા માટે ૧૫ મેમ્બરોની એક સભા થઈ છે. ત્યાં પણ જૈન ભાઈઓના ૨૦૦ ઘર છે, અને ૮ દેરાસર છે. ત્રીજી સભામાં થએલા ઠરાવો નીચે પ્રમાણે છેઃ—( ૧ ) દારૂખાનું કોઇ પણ પ્રસંગે ફોડવું નહિ, આ ઠરાવથી આર્થિક તથા આત્મિક બન્ને લાભ થશે. ( ૨ ) ૨૦ વર્ષની ઉમર સુધીના સ્ત્રીપુરૂષોનાં મૃત્યુનાં મિષ્ટાન્નો જમાડવાની અને જમવાની બંધી કરવામાં આવે છે. આ ઠરાવનું કારણ એમ છે કે ઉપદેશક ત્યાં ગયા તે પહેલાં થોડેજ દિવસે ૧૪ અને ૧૦ વર્ષની ઉમરનાં માણસોનાં મૃત્યુ થતાં મિષ્ટાન્નો થયાં હતાં. આ ઠરાવ પણ આવસ્યક અને પ્રશંસનીય છે. ઉપદેશક ડીરેકટરીના કામને માટે પણ સાથે સાથે પ્રેરણા કરે છે. તેઓ લખેછે કે " આ ભાગમાં મુનિવિહારજ નથી. અનેક પ્રાચિન મંદિરો ગામેગામ જીર્ણ પડેલાં છે. માત્ર નામે શ્રાવક રહી નવકાર મંત્ર પણ ન જાણે એવી શ્રાવકોની સ્થિતિ છે. મંદસોરના શેઠને દેવદ્રવ્યનો ચોખ્ખો હિસાબ બહાર પાડવા સૂચના છે."

**ડબાસંગના જૈનો**—હિંદુસ્તાન એક વિશાળ ખંડ જેવો છે. રશિયા બાદ કરતાં બાકીનું આખું યુરોપ હિંદુસ્તાન જેવડુંજ છે. યુરોપના દેશો ઘણાખરા હુન્નરપર આધાર રાખનારા છે. તોપણ વખતો

વખત મોઘવારી અને દુકાળની અસર ત્યાં પણ જણાય છે. તો પછી હિંદુસ્તાન જેવો સંતોષી દેશ, જ્યાં નશાબ ઉપરજ વધુ આધાર રાખવાની વૃત્તિ છે, થોડું રળીને થોડું ખર્ચવાપર સંતોષ છે, તથા ખેતીપરજ જેનો ૮૦ ટકા આધાર છે. એવા દેશમાં ઉપરા ઉપરી ૧૦ વર્ષ નબળાં આવે ત્યારે જોઇએ તેવા કરકસરીઆ માણુસની પણ એકઠી કરેલી થોડી મૂડી ઘસડાઈ જાય, તદ્દન નિરાધાર અવસ્થા થઈ જાય, અને બીજાનો આશરો ન મળે તો મરણ શરણ થવું પડે તેમાં શું નવાઈ જેવું ! મદ્રાસ ઇલાકામાં આપણી વસ્તી બહુ આછી છે, પંજાબ તથા બંગાળ ઇલાકામાં જરા જરા ઠીક છે, તથા મુંબાઈ ઇલાકો, રજપુતાના અને દક્ષિણમાં આપણી વસ્તી સારી છે. મુંબાઈ ઇલાકામાં જામનગર નામે દેશી રાજ્ય છે, ત્યાં ઘણા ભાગમાં આ વર્ષ બીલકુલ વરસાદ ન થવાથી ઉપરા ઉપરી ૧૦ વર્ષથી સહન કરતા આવેલા ખેડુ જૈન ભાઇઓને અતિશય સોસવું પડયું છે. ત્યાંના પ્રસિધ્ધ, સરલ સ્વભાવી અને પ્રમાણિક વકીલ ચતુર્ભુજે ધર્મબંધુઓના લાભ અર્થે નિઃસ્વાર્થે જે મહેનતનું પારમાર્થિક કામ ઉપાડયું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેમણે "જૈન" માં મોકલેલા રીપોર્ટપરથી જણાય છે કે આશરે ૨૭૬૦ માણસો તદ્દન નિરાધાર સ્થિતિમાં, આશરાને દરેકરીતે યોગ્ય છે. તેમાંથી આશરે ૨૧૫ માણસોને અમદાવાદના સખી જૈન મીલમાલેકોએ પોતાની મીલોમાં કામે લગાડી દીધા છે. બાકીના માણસોને કામ અથવા આશ્રય આપવાની બહુજ જરૂર છે. જે જૈન બંધુઓ ખરેખરૂં આત્મસાર્થકનું દાનદેવા ઈચ્છતા હોય તેને માટે આના કરતાં વધારે પાત્ર ક્યાંથી જડી શકે ! તેઓને મદદ અર્થે શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસે-પણ રૂ ૭૦૦ મોકલી આપ્યા હતા. વરસ આખું નિભાવવા માટે રૂ. ૨૭૬૦૦ ની જરૂર છે તો વકીલ ચતુર્ભુજ તથા "જૈન" પત્રે ઉઘાડેલ ફંડને દરેક બંધુ શકિત અનુસાર–ફૂલ નહિ તો ફૂલની પાંખડી એ રીતે—શુભ અશુભ પ્રસંગે મદદ કરશે તો બહુજ ઉત્તમ થશે. અમદાવાદમાં આવેલ તે જૈન બંધુઓ માટે બીલકુલ લૂગડાં નહિ હોવાથી લૂગડાં ફંડ જે મી. ભગત તરફથી ઉઘાડવામાં આવ્યું છે તે પણ દરેકરીતે મદદને લાયક છે.

**જોઈએ છે**–પારસી કોમ વ્યાપારની બાબતમાં, નોકરીની બાબતમાં, સ્વતંત્ર ધંધાઓ–વકીલ, દાક્તર, ઇજનેર–માં અતિશય સારી સ્થિતિમાં છે, એ તો નિષ્પક્ષપાત અવલોકન કરનારને સહજ સમજાશે. તેઓમાં ભિખારીઓ ગણ્યા ગાંઠ્યા માલૂમ પડશે. તેઓમાં પણ ગરીબ વર્ગ છે, એટલું કબૂલ કરતાં પણ આપણે જોઇ શકીએ છીએ કે બીજી કોઈ પણ હિંદુસ્થાનમાંની કોમ કરતાં તેઓ કેળવણી અને ધનની બાબતમાં આગળ પડતા છે. તેઓના સંસાર માટે પારસી પત્રકારો પણ બૂમ પાડે છે. પરંતુ તેઓની ઉપલી બંને બાબતો અનુકરણીય છે. વ્યાપારની બાબતમાં તથા નોકરીની બાબતમાં પણ જ્યાં સુધી પારસીને પારસી મળે ત્યાં સુધી તેઓ બીજાને રાખતા નથી, એ બાબતનો પાંચ વર્ષથી અનુભવ છે. "જામે જમશેદ" પત્ર પણ જોતાં જણાશે કે પારસી નોકરો માટે "ફરરોખ" તખલ્લુસથી એક પારસી ગૃહસ્થ જ્ઞાતિબંધુઓ માટે કેટલી મહેનત કરે છે. ડા. તવડીઆ કોલમ પણ તે બાબતની સાક્ષી પૂરે છે વળી બીજા શેઠો પણ નોકરો માટે નોટીસ આપતાં પારસી જોઇએ છે એમ સ્પષ્ટ લખે છે. આ ઉપરથી જ્ઞાતિ અભિમાન કેવું કામ કરી શકે છે તે સહજ સમજાશે, મુંબઇમાં ઘણા જૈન ભાઇઓ નોકરી વિના મૂંઝવણમાં ફરે છે. તેથી અમે એમ ધાર્યું છે કે જે જૈન શેઠોને નોકરો જોઇતા હોય તેમણે તથા જે જૈન બંધુઓને નોકરીની ઇચ્છા હોય તેમણે આ ઓફીસ તરફ લખવું. તેઓનું એક લીસ્ટ આ ઓફીસે રાખવામાં આવશે અને બની શકતી સગવડ બંને પક્ષને આપવા યત્ન થશે. આ બાબત જૈન શેઠોએ અવશ્ય લક્ષમાં લેવા જેવી છે. જૈન નોકરો રાખવાથી સ્વધર્મી બંધુઓને ઠેકાણે પાડી શકાશે તથા તેઓના પુણ્યનું અમુક કારણ તેઓ થઈ પડશે. નોકરી માટે ઇચ્છતા જૈનબંધુઓ તો અરજ કરશે, પણ જૈન શેઠોને આ સૂચના બહુ આવશ્યક છે. દિગંબરી જૈન બંધુઓએ આવી રીતે લાભ મેળવ્યો છે, કારણ તેઓના ઉત્તર હિંદુસ્થાનમાં પ્રગટ થતા એક પત્રે–જૈન ગેઝેટે–

આવું કામ શરૂ કર્યું હતું અને તેમાં તેને યશ મળ્યો છે. તો અમને પણ સંપૂર્ણ આશા છે કે જૈન શેઠો આ કામ ફતેહમંદીથી પાર ઉતારવા પોતાથી બનતું કરશે.

**આવતી કોન્ફરન્સમાં ડેલીગેટો**—આવતી કોન્ફરન્સ પાટણમાં ફાગણ શુદ ૨-૩-૪ ભરાવાની છે તેને માટે તૈયારી અત્યારથીજ ચાલતી જોઇ આનંદ થાય છે. છાપવાના કામ સંબંધી તેઓની પૂછપરછ પરથી એમ ધારી શકાય છે કે તે ભાઈઓ આ કોન્ફરન્સ સંપૂર્ણ ફતેહથી પાર ઉતારશે. કોન્ફરન્સનું મુખ્ય અંગ પ્રમુખ તથા તે પછી ડેલીગેટો અને વીઝીટરો છે. ડેલીગેટો ભલે થોડી સંખ્યામાં જાય પણ તે કંઈ કરી શકે તેવા હોય તો વધારે સારૂં. કોન્ફરન્સમાં ઝાઝી હાજરીથી ફાયદો છે એ તો સ્વતઃસિદ્ધ છે પરંતુ બની શકયા પ્રમાણે હાજરીના પ્રમાણમાં ઉત્તમતા મળી શકે તો બહુ સારૂં. બીજું ધ્યાનમાં રાખવાનું એ છે કે ડેલીગેટ—પ્રતિનિધિ—પણું સહેલું કામ નથી. માણુસ જેમ ગરીબ અને ઓછી સમજણવાળો હોય તેમ તેને માથે ઓછી જબાબદારી હોય છે, પણ જેમ તે પૈસાદાર થાય અથવા જેમ તેની બુદ્ધિ વધતી જાય તેમ તેની જવાબદારી પણ વધતીજ જાય છે. પ્રતિનિધિ તરીકે બીરાજી આવ્યા પછી શક્તિ અને સંજોગ અનુસાર દરેક પ્રતિનિધિએ પોતાની સભા, જ્ઞાતિ અથવા ગામના સ્વધર્મી બંધુઓનું હિત કરવા લક્ષમાં રાખવું જોઇએ. ઇંગ્લંડ, જર્મની, અમેરિકાના એકત્ર સંસ્થાનો વિગેરે જે દેશો હાલ કેળવણી અને ધનની બાબતમાં આપણાથી દરેક રીતે ચઢીઆતા છે તે દેશોની સભાઓમાં બીરાજતા પ્રતિનિધિઓને દરવર્ષે પોતાને ચુંટી કાઢનારાઓ સમક્ષ પોતાની કારકીર્દીનો હિસાબ આપવો પડે છે. ને તેમાં જો ચુંટનારાઓ પ્રસન્ન થયા નહિ તો પ્રતિનિધિને પોતાનું પદ છોડી દેવાનો પ્રસંગ આવે છે. હજી આપણા દેશમાં સર્વથી મહાન સભા નેશનલ કોંગ્રેસ છે અને તે પણ પ્રતિનિધિ ચુંટવાની બાબતમાં સખ્ત અને સ્પષ્ટ નિયમો કરી શકતી નથી એ સત્ય છે. પણ તેટલા ઉપરથી આપણે હારી જવું જોઇતું નથી. હજી આપણી કોમના ચુંટી કાઢનારાઓ નિયમોની એવી સમજણ ધરાવતા નથી કે જેથી પ્રતિનિધિને મુશ્કેલી પડે. પરંતુ પ્રતિનિધિઓએ પોતેજ અગ્રપુરૂષો હોઇને, જ્ઞાતિનું અને ધર્મનું શ્રેય કેમ થાય તે વિચારી તે માટે નિયમો ધારી વર્તવું જોઇએ. આ પત્રના પ્રસિદ્ધ લેખક શ્રીયુત મોતીચંદ કહેતા આવ્યા છે કે દરેક વ્યક્તિનું કામ એજ કોન્ફરન્સનું કામ છે. અમે ફરીથી અહીં ભાર મૂકીને કહીએ છીએ કે કોન્ફરન્સ એ જડ વસ્તુ છે. તેનું ચૈતન્ય જૈન કોમ છે. એટલું ખરૂં કે જે કામ દરેક જૈન ન કરી શકે તે કોન્ફરન્સ કરી શકે, પણ સાથે આ પણ તેટલુંજ સત્ય છે કે દરેક પ્રતિતિધિ અને દરેક જૈન બંધુ પોતાની ફરજ સમજી તે બજાવવા યત્ન કરશે તેના પ્રમાણમાંજ કોન્ફરન્સે કર્યું કહેવાશે. માટે પ્રતિનિધિ બંધુઓ, આપની ફરજ બરોબર બજાવશો એમ આશા છે. હજી આપણો દેશ કેળવણી તથા ધનની બાબતમાં એટલો પછાત છે—પ્રાથમિક કેળવણી તો આપણી કોમમાં સામાન્ય રીતે ઠીક છે, પણ મધ્યમ અને ઉંચી કેળવણી આપણામાં હજી બહુજ ઓછી છે—કે નિયમથી કામ કરવાને બદલે સગવડથી કરવું પડે છે. દાખલા તરીકે એક માણુસને પાટણ કોન્ફરન્સમાં જવું હોય, પરંતુ બધી યોગ્યતા છતાં ધનવાન ન હોય તો તે જઈ શકે નહિ. જ્યારે બીજો માણસ પ્રતિનિધિ તરીકે જઈ જ્ઞાતિનું શ્રેય કરવા યોગ્ય ન હોય તો પણ તેને જવાની સવડ હોય તો તે જાય. મતલબ કે પ્રતિનિધિઓ યોગ્ય ચુંટવા જોઇએ.

**સ્કોલરશિપ**—માંગરોળ જૈન સભા એ મુંબઇનું એક બહુજ અગત્યનું ખાતું છે એમ તો કહ્યા વિના ચાલતું નથી. છેલ્લાં વર્ષમાં તેણે બે નૂતન પ્રયોગો શરૂ કર્યા છે, એક જૈનો માટે ફ્રી રીડીંગરૂમ અને બીજો વિદ્યાર્થીઓને સ્કાલરશિપ આપવાનો. પહેલો પ્રયોગ તદ્દન સફળ નીવડયો છે. એ અનુભવસિદ્ધ છે. જ્ઞાન એ બે પ્રકારના છે, ધાર્મિક અને વ્યવહારિક. આ વાંચનશાળાંથી જે ગરીબ જૈન ભાઇઓ પત્ર ખરીદીને વાંચવાની સ્થિતિમાં ન હોય, તે ભાઇઓ સવારનો અથવા

એવો વખત નકામો ગાળવાને બદલે અહીં વાંચનથી જ્ઞાન મેળવે છે. આ પુણ્યના કારણિક મેમ્બરોજ છે, કારણ કે દરેક મેમ્બર છુટુંછુટું આવું ઉત્તમ કામ જવલે કરી શકે, જ્યારે સાથે મળીને આવું ઉત્તમ કામ તેઓ કરી શક્યા છે. સંપથી શું થઇ શકે તેનું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. જૈન ભાઇઓ, આ દાખલો ધ્યાનમાં રાખજો. આવુંજ ઉત્તમ કામ સ્કોલરશિપનું તેઓએ શરૂ કરવા ધાર્યું છે, તેમાં ફતેહ પામે એમ ઇચ્છા છે. આવીજ રીતે માંગરોળ શ્રીમાળી સમાજ તરફથી છગનલાલ નાગજી નામના વિદ્યાર્થીને મેટ્રીકની પરીક્ષા પાસ થવા માટે શેઠ વસનજી નથુનું રૂ૦ ૧૦૦નું ઇનામ મળ્યું છે. અમે ખરા અંતઃકરણથી ઇચ્છીએ છીએ કે જૈનભાઇઓ કેળવણીમાં જેમ બને તેમ તેમ વધુ પૈસા ખર્ચે, અને જ્ઞાતિનો ઉદ્ધાર કરે.

**બાબુ પનાલાલજી જૈન પાઠશાળા.**—મુંબઇમાં વસવું એ બહુજ ખર્ચાળ છે. સુરતી ભાઇઓ અને થોડાક અમદાવાદી ભાઇઓ સિવાયનો ઘણો ખરો ભાગ સાધારણ અથવા ગરીબ સ્થિતિનો નોકરીઆત વર્ગ હોઇ પોતાનાં બચ્ચાં માટે કેળવણીના ખર્ચની બાબતમાં અથવા દવાની બાબતમાં બહુજ મુઝાય, તે સ્વાભાવિક છે. માંગરોળ જૈન સભાએ કેળવણીની બાબતમાં ગરીબ જૈનબાળકોના બહુજ આશિર્વાદ લીધા છે. પરંતુ હજી તે બન્ને બાબતોમાં આશ્રયની ઘણીજ જરૂર છે. તેવી જરૂર પૂરી પાડવા માટે પાટણના રહીશ બાબુ પનાલાલ પુનમચંદે ફ્રી હાઇસ્કુલ તથા દવાખાનું કાઢવા જે રૂ૦ ૪ લાખની સખાવત કરી છે તે માટેનું મકાન પાયધુણીપર તૈયાર થઇ ગયું છે. થોડા વખતમાં શિક્ષકો રાખી કામ શરૂ થશે. જેમ બને તેમ જલદી થવા નમ્ર સૂચના છે. ધન મેળવ્યાનું સાર્થક આવા જ્ઞાતિબંધુઓના લાભના કામો કરવામાંજ છે. કીર્તિને માટે નહિ પણ ફરજ સમજીને જે પુણ્યકાર્ય થાય છે તેમાં ખરેખરો પુણ્યબંધ થાય છે.

**દેવદ્રવ્ય અને રંગુનના જૈનો.**—ત્યાં રહેતા જૈન બંધુઓ દેવદ્રવ્ય સંબંધી બહુ ચોકસ રહે છે, કારણકે ગયે વર્ષે રૂ. ૩૯ તથા આ વર્ષે પણ રૂ. ૩૯ સુકૃત ભંડારના તેમણે આંહી મોકલી આપ્યા છે. ભાઇઓ, ધ્યાન રાખો કે દૂર દેશાવર રહેતા જૈનો કેવા ચોકસાઇથી વર્તેછે! આટલુંજ નહિ પણ દેરાસરના વહીવટ કરનાર એક ગૃહસ્થ પોતાને દેશ જવા ઇચ્છેછે ત્યારે દેરાસરનો તમામ હિસાબ વિગેરે કેવી રીતે બીજા સંઘની પસંદગીના માણસને સોંપીદેછે તે વિષે ત્યાંથી એક પત્રથી જણાય છે કે ઝવેરી મનસુખલાલ દોલતચંદ, જેની પાસે આઠ વર્ષથી આવક, ઘરેણા તથા મહાજનના વાસણનો હિસાબ હતો તે, પોતાને દેશ જવાનું હોવાથી, તેમણે દેરાસરના ચોપડા, દેરાસરના મકાનનો દસ્તાવેજ, દેરાસરનું રૂ૦ ૮૫૦૦) નું લેણું હતું તે, તથા રોકડા રૂ. ૪૭) વિગેરે શા. મૂળજી તેજશી તથા કરમસી હેમરાજને સોંપી દીધું છે. દેશમાં રહેતા બંધુઓ! પરદેશમાં રહીને પણ ધર્મસાધન કેવી ઉત્તમ રીતે થઇ શકે છે તેનો આ દાખલો ધ્યાન રાખીને વાંચશો.

**જૈનહિતવર્ધકગૃહ, અમદાવાદઃ**—ઝવેરી લલુભાઇ રાયજીએ રૂ૦ ૨૫૦૦૦ જૈનભાઇઓના હિત માટે જૂદા કહાડી તે રકમનો ઉપયોગ એવા રીતે કરવાનું જાહેર થયું છે કે ગરીબ ભાઇઓ ત્યાં આવ્યા પછી ધંધે લાગતાં વખત લાગે, તે દરમ્યાન તેમને ખાવાની સગવડ કરી આપવી, અને જે ધંધો શીખવા માગતા હોય તેમને શીખવાની ગોઠવણ કરી આપવી. આ બહુ ઉત્તમ હેતુથી સ્થપાયલું ગૃહ દાતા અને આશ્રય લેનાર બંનેને લાભકારક છે. આપણા પૂજ્ય સાધુજીઓ, જે આત્મધ્યાનમાં નિમગ્ન રહી ઉદરપૂર્ણા કરે છે, તે પવિત્ર વર્ગને બાદ કરતાં આપણામાં પણ થોડા ઘણા ખોટા હાડકાનાં માણસો હોય છે, જેઓ કામ કરવા વગર પોષણ માગે છે. પણ કુદરતનો ક્રમજ એવો છે કે મહેનત પછીજ ફળ મળે. અને મહેનત વગરનું ફળ લાંબો વખત ટકે નહિ. આપણામાં ઉદાર માણસો ઘણા છે, પરંતુ તે ઉદારતાની દિશા કોઇ કોઇ જગ્યાએ ફેરવવાની આવશ્યકતા છે. અમુક અંશે જમણવારની જરૂર છે, પણ બહુજ વરાઓની જરૂર નથી. આ પ્રમાણે હાલના પ્રવાહમાં નહિ તણાતાં ઝવેરી લલુભાઇએ અમદાવાદમાં, સુરતી ઝવેરી ભાઇઓએ

સુરતમાં અને અહીં ભોજનગૃહ કાઢી જ્ઞાતિભાઈઓની બહુ ઉત્તમ સેવા બજાવી છે, અને અમુક અંશે આત્મશ્રેય કર્યું છે.

**અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગશાળાઃ**—અમદાવાદ એ જૈનોની બાબતમાં રાજનગર છે, એ તો સ્પષ્ટજ છે. ત્યાં એવી ઘણી હીલચાલો થાય છે કે જેનો આશય ઉત્તમ છે, અને ફળ પણ ઉત્તમ છે. પારસી ભાઈઓ શ્રીમાન—આપણાથી ઘણે વધુ દરજ્જે—છે, અને તેથી તે લોકો ન્યાતવરા, પાર્ટી, વિગેરેમાં ખર્ચવા પછી પણ હોસ્પીટલફંડ, સેનીટેરીયમ ફંડ, સુવાવડ ખાતાં, વિગેરે ઘણા ઉપયોગી ખાતાંઓ સારી રીતે ચલાવી શકે છે. તેઓમાં પણ આખા ખાઉ—હાડકાંના હરામીઓ—ને ભીખ માગતા જોવામાં આવ્યા છે, પણ તેઓ માત્ર આંગળીના ટેરવા પર ગણ્યા ગણાય તેટલાજ. જ્યારે આપણામાં તે સંખ્યા પ્રમાણમાં વધુ છે. સ્ત્રીઓ માટે તો આપણો સંસાર એવો છે કે પુરૂષ રળીને લાવે અને સ્ત્રી ખાય. પણ તેમાં પણ મરકીના હંગામમાં જો રળનાર ચાલ્યો ગયો તો કુટુંબની—સ્ત્રીવર્ગની બૂરી દશા થાય છે. આવા અડીભીડીના પ્રસંગો માટે તૈયાર રહેવું—કંઈ સ્વતંત્ર ધંધો શીખી રાખવો—તે બહુ શાણપણની—પાણી પહેલાં પાળ બાંધવાની—રીત છે. આ ઉદ્યોગ શાળામાં સરાસરી દરરોજની હાજરી પણ બહુ સારી રહે છે. કુલ સંખ્યા કરતાં લગભગ અર્ધી હાજરીથી ઓછી હાજરી રહે છે, પણ હિંદુ સંસારમાં જ્યાં એવું બનવું તદ્દન અસંભવિત હતું ત્યાં એવું બનતું જોઈ આનંદ થાય છે. જો વધુ મદદ મળે તો આ ખાતામાં બીજા ઉદ્યોગો પણ શીખવી શકાય તેમ છે. ઉદાર જૈન ભાઈઓ અને બહેનો માટે આ ખાતું આશ્રયને ખાસ પાત્ર છે. તેના વ્યવસ્થાપકોને ખરા અંતઃકરણથી મદદ કરવા શહેર અમદાવાદના ગૃહસ્થો તો ધ્યાન રાખે તેમાં નવાઈ જેવું નથી, પણ બીજા ગૃહસ્થોને પણ મદદ માટે પ્રાર્થના છે.

---

# નવીન સમાચારસંગ્રહ.

**ચોથી કૉન્ફરન્સ**——પાટણના સંઘતરફથી બહાર પડેલ આમંત્રણ પત્રિકા જોતાં અતિ આલ્હાદ થાય છે. કેટલોક પ્રભાવ ભૂમિનો હોય છે. જૈન ધર્મની ધ્વજા ફરકાવનાર રાજા કુમારપાળ તથા શ્રીમાન હેમચંદ્રાચાર્યની જીંદગી વહન કરેલું સ્થાન કેટલુંક આકર્ષણ કરે એ સ્વાભાવિક છે. અણહિલપુર પાટણ એ કેટલું બધું જાનું શહેર છે? વસ્તુપાળ તેજપાળ——એ ભાઈઓ, જે કુશળ પ્રધાનો ગણાઈ ગયા છે——ઉદાયન અને બહાડમંત્રી તથા આબુનાં પ્રખ્યાત કારીગીરીવાળા દેરાસરો બંધાવનાર વિમળશાહની જન્મભૂમિ અને નિવાસસ્થાન છે, એટલુંજ નહિ પણ પંચાસરા પાર્શ્વનાથનુ પ્રાચિન તીર્થ છે, વળી જ્ઞાનનું પ્રદર્શન પણ ભરવાનું છે. મુનિરાજનો યોગ પણ સારો છે. આવો બધો લાભ જરૂર લેવા શક્તિવાન બંધુઓને દૃઢ સૂચના, વિનતિ અને ભલામણ છે. આવા પ્રસંગો વારંવાર આવતા નથી, વરસમાં એક વખતજ આવે છે, તેનો લાભ બનતાં સુધી અવશ્ય લેવોજ જોઈએ. પ્રદર્શનમાં જોવા જેવું ઘણું છે. પ્રદર્શનમાંના તાડપત્રપરના લેખો, સ્વદેશી વસ્તુઓ વિગેરે સર્વ જોવા જનારને આલ્હાદ આપશે, એ નિઃસંદેહ છે.

**નવું મંડળ**—કચ્છમાંડવીમાં લાઈબ્રેરી, જીવદયા, નિરાશ્રિત, વિદ્યોત્તેજક અને ધાર્મિક અનામત એ પાંચે ખાતાં સહિત મી. માણેકચંદ જેઠાભાઈના પ્રમુખપણા નીચે જૈન મિત્ર મંડળ ખોલવામાં આવ્યું છે.

**નવી પાઠશાળા**—જીલ્લા ખાનદેશ ગામ શિરપુરમાં મુનિરાજશ્રી અમરવિજયજીના ઉપદેશથી ...ના નામની એક પાઠશાળા ઉઘાડવા માટે ત્યાં ટીપ કરવામાં આવીછે તેમાં રૂ ૧૩૪૮) ભરાયાછે.

મહારાજ સાહેબના ઉપદેશથી પ્રાંતીજ, શિરસાલા, રાજુલા, જલગામ વિગેરે ગામોમાં પણ પાઠશાળા થઇછે. દક્ષિણમાં વિચરતા એક મુનિરાજ, કૉન્ફરન્સના ઉપદેશક ટોકરશી નેણશી તથા જામનગર તાબે લાલપુરના એક ગૃહસ્થના ચર્ચાપત્રો ઉપરથી તથા આ પાઠશાળાના સ્થાપન ઉપરથી અમને સૂચન થાયછે કે મુનિવિહાર જે હાલ ઘણે ભાગે કાઠીઆવાડનાં અમુક સ્થળો તથા ગુજરાતમાં અમુક સ્થળો માંજ સંકોચાઇ રહેલો છે તે આવા સ્થળોમાં, જ્યાં શ્રાવકોને બહુજ જરૂર છે, ત્યાં થવા નમ્ર વિનંતિ છે. પૂજ્ય મુનિરાજો, આપ સર્વ પરિગ્રહનો ત્યાગ કરી આત્મસાધન અને પરસાધન નિમિત્તે જીવન વહન કરો છો, તો આવા ક્ષેત્રોમાં આપ બહુ બહુ જીવોનું કલ્યાણ કરી શકશો, એ આપ લક્ષમાં લેશો, એવી નમ્ર સૂચના છે.

**હેન્ડબીલ**—કૉન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરીઓ પોતાના વિભાગમાં વસતા બંધુઓને કૉન્ફરંસ વિષે સૂચના તથા ખબર આપતું હેન્ડબીલ બહાર પાડે એ બહુ ઉત્તમ તથા ઇષ્ટ છે. વડોદરા કૉન્ફરન્સ પછી તેવી રીતે શેઠ કુંવરજી આણંદજી ભાવનગરવાળાએ બાબુ બુદ્ધસિંહજીના પ્રમુખપણા નીચેજ ભાવનગરમાં જૈન સમુદાય એકઠો કર્યો હતો તથા ભાષણ કર્યું હતું. તેવીજરીતે હાલ રજપુતાના—માલવા—ના પ્રાંતિક સેક્રેટરી લક્ષ્મીચંદ ઘીયાએ પોતાના વિભાગના બંધુઓ માટે હેન્ડબીલ બહાર પાડયું છે, જેમાં કૉન્ફરન્સે કરેલા ઠરાવો, સેક્રેટરીઓના વિભાગી કામો વિગેરેનું અચ્છીરીતે વર્ણન કર્યું છે. સર્વ પ્રાંતિક સેક્રેટરીઓએ પોતાના વિભાગમાં આવીરીતે જાગૃતિ રાખવી જરૂરી છે.

**પાઠશાળાનું સ્થાપન**—જીલા નીમચ ગામ જાવદમાં શેઠ બાગમલ માનમલે કર્યું છે. ૫૦ છોકરાઓ અભ્યાસ કરેછે.

**કૉન્ફરન્સ આફીસ તરફથી** થતું એક મુખ્ય કામ ડીરેકટરીનું છે. આશરે ૨૭૦૦ ગામની વસ્તીની ગણત્રી થઇ ગઇ છે અને હરરોજ વધુને વધુ ગામોની ગણત્રી થઇને આવ્યે જાય છે.

**હાલનો જમાનો** એવો છે કે જેમ બને તેમ વધુ મિલનસાર થઇ કામ કરવું. પારસીઓની ચડતીનું એક કારણ તેજ છે. નામદાર પ્રીન્સ ઑફ વેલ્સ અહિં પધાર્યા ત્યારે શોભા કરીને તથા સર ડેવીડ સાસુનને માનપત્ર આપીને ઝવેરી મંડળે પોતાની ફરજ બજાવીછે અને કોમનું સારૂં કહેવરાવ્યું છે. દરેક પ્રસંગે મંડળોએ ભાગ લેવો આવશ્યક છે.

**જામનગરના વકીલ ચતુર્ભુજની માતુશ્રી ગુજરી જતાં** રોવા કુટવાનું બંધ રાખ્યું હતું અને ગળેલ પાણીથીજ નહાવાની સગવડ કરી હતી.

**મી. સુરચંદ બદામી** જેઓ અત્યાર સુધી સુરતમાં વકીલાત કરતા હતા, તેઓ અમદાવાદમાં એકટીંગ સબ જજ નીમાયા છે. જૈન અસલના વખતમાં રાજાઓ હતા, પ્રધાનો હતા તથા સતાવાળા પણ હતા. હાલ એકે જૈન રાજા અથવા પ્રધાન જોવામાં આવતા નથી. ગણ્યા ગાંઠ્યા જૈનો મોટા ઓધ્ધાપર અમલદારો છે. તેમાં આ એક વધારો થયો જોઈ હર્ષ થાય છે. આ ગૃહસ્થ અત્યાર સુધી કૉન્ફરંસના કાર્યમાં ભારે ઉલટથી ભાગ લેતા હતા એટલુંજ નહીં પણ સુરતની શ્રી રત્નસાગરજી વિદ્યાશાળામાં સઘળી વ્યવસ્થા કરતા હતા. જૈન કોમનું બની શકતું શ્રેય કરવા નમ્ર વિનતિ સાથે અભિનંદન દઇએ છીયે.

**ધર્મશાળા**—અત્રેના દિગંબરી શેઠ માણેકચંદ પાનાચંદે ગિરગામના નાકાપર જે ધર્મશાળા પોતાના પિતાજીના સ્મરણાર્થે બંધાવી છે તે પાછળ તેમણે સખી દિલથી સવા લાખ રૂ. ખરચ્યા છે. તેમણે અત્યાર સુધીમાં અમદાવાદમાં રૂ. ૭૦૦૦૦) ને ખર્ચે બોર્ડિંગ, કોલ્હાપુરમાં પણ ૩૨૦૦૦) ને ખર્ચે બોર્ડિંગ, તથા અહિં પણ એક બોર્ડિંગ બાંધી સખાવતનો—ધર્મ કરવાનો—બહુ ઉત્તમ દાખલો બેસાડ્યો છે. જૈનો સખાવત ઓછી કરે છે, એમ નથી, પણ આ દિશાએ હજી થોડી છે, અગર જોકે

જરૂર તો બહુ છે. શ્રીમાનો અરસપરસ સંબંધ વધારવાના જે અનેક સાધનો જરૂરના છે, તેમાં આવી જાહેર સંસ્થા પ્રતિષ્ઠિત ગૃહસ્થોને હાથે ખુલ્લી મુકાવવી એ પણ પશ્ચિમના નવા રીવાજ પ્રમાણે દાખલ થયેલું એક માન છે. આવું માન સરકારમાં પ્રતિષ્ઠિત અગ્રેસર વણિક ગૃહસ્થ સર હરકીશનદાસને મળ્યું હતું. ધર્મશાળામાં ૪૦ કુટુંબો સગવડે રહી શકે તેમ છે, કુવો પણ સાથે છે, તથા ભાષણો માટે લેક્ચર હૉલ પણ બાંધેલો છે.

**આહુની યુનીવર્સીટીમાંથી આ વખતે પસાર થયેલા યુવાનો**—ની સંખ્યા સાધારણ રીતે સંતોષકારક છે.

**એલ. સી. ઇ.**—અમદાવાદના સોમચંદ કેશવલાલ તથા ગોંડલવાળા ડાહ્યાભાઈ બાલાભાઈ.

**ઇન્ટરમીજીયેટની**—પરીક્ષામાં રામપુરવાળા ચતુરદાસ કાળીદાસ તથા કૉન્ફરન્સના જોઇન્ટ જનરલ સેક્રેટરી શેઠ વીરચંદ દીપચંદના પુત્ર સારાભાઈ, જે બીજા વર્ગમાં પાસ થયા છે, તથા જેમને ગીબ્ઝ પ્રાઈઝ મળ્યું છે.

**પહેલી એલ એલ. બી. માં**—મી. કેશવલાલ અમથાશા અને મી. મંગળદાસ જમનાદાસ.

**બીજી એલ એલ. બી. માં**—ગોધાવાળા સોની ન્યાલચંદ લક્ષ્મીચંદ, જે ગોધામાં પહેલાજ ડબલ ગ્રેજ્યુએટ છે; મેંદારી વેલજી આણંદજી, જેમણે અહિંની કૉન્ફરન્સ વખતે અથાગ શ્રમ લીધો હતો; તથા મી. મકનજી જુઠા. તેમને અમે ખરા અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ.

**બી. એ માં** ભાવનગરવાળા મહેતા લલુ મોતીચંદ, ડૉક્તર મોહનલાલ પોપટલાલ. મી. હલસુખભાઈ લલુભાઇ વિગેરે.

**દવાખાનું**—અહિંના પ્રખ્યાત ઝવેરી ધરમચંદ ઉદેચંદે સુરતમાં એક ધર્માદા દવાખાનું કાઢ્યું છે.

**નૅશનલ કાગ્રેસ અને સોશ્યલ કૉન્ફરન્સ**—કાગ્રેસમાં અત્રેના દશા ઓશવાળ જ્ઞાતિ તરફથી મેઘજી ખેતશી, જૈન કલબ તરફથી અમૃતલાલ રામચંદ તથા ઝવેરી મંડળ તરફથી મગનલાલ માણેકલાલને બનારસ સેશનમાટે પ્રતિનિધિ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા છે. સોશ્યલ કૉન્ફરન્સ માટે આર્યન સોશ્યલ યુનીયન તરફથી પંડિત ફતેચંદ કપૂરચંદ લાલનને પ્રતિનિધિ તરીકે ચુંટી કાઢવામાં આવ્યા છે.

**લગ્ન**—અત્રેના વકીલ લખમશી હીરજી મેશરીની પુત્રીના લગ્ન જૈનવિધિ મુજબ થયાં છે. તેઓ અત્રેની કૉરપોરેશનના બહુ મીલનસાર મેમ્બર હોવાથી ઘણા પ્રસિદ્ધ ગૃહસ્થો તથા સ્ટીમર રીનાઉન પરના થોડાક અમલદારો આ લગ્નક્રિયા પ્રસંગે હાજર હતા. લગ્નક્રિયા વૈદિક હોય યા જૈન હોય પણ જ્યારે તેનો અર્થ તથા તાત્પર્ય સમજવામાં આવે ત્યારેજ તે ખરેખરી ઉપયોગી છે. ક્રિયા એ ભવિષ્યના જોડાને જોડનાર સાંકળ છે. જૈન લગ્નવિધિ સમજણ પૂર્વક કરવામાં આવે તો તેમાં એટલો બધો ઉચ્ચ અર્થ રહેલો છે કે છેવટે અમે બન્ને મોક્ષ પણ સાથે જઇએ, એમ જોડું ઇચ્છેછે અને બોલેછે.

**મરણ**—અત્રેના પ્રસિદ્ધ મારવાડી વ્યાપારી શેઠ ચંદાજી ખુશાલચંદ, જેમણે આદીશ્વરના દેરાના હિસાબની ચોખવટ કરાવવામાં બહુજ મહેનત લીધી હતી તેનું ભવિષ્ય થયું છે. આથી એક હિમતવાન માણસની ખોટ પડીછે.

**જીર્ણોદ્ધાર**—પાટણના રહીશ શા લલુભાઈ જેચંદ જેઓ હાલ મેવાડમાં જીર્ણોદ્ધાર માટે પ્રયાસ કરેછે તે લખેછે કે કાપેડાજીમાં મૂર્તિ દેરાસરના નીચેના ભાગમાં અવ્યવસ્થિત રહેતી, તે દેરાની વ્યવસ્થા કરાવી છે. ત્યાંહી ૫—૭ ગામોમાં આશાતના બહુજ છે. મુડાવા ગામમાં પ્રતિષ્ઠા કરાવી છે જે વખતે ઉપદેશક બાબુ ચીરંજીલાલે કૉન્ફરંસના હેતુઓ ઉપર ભાષણ આપ્યું હતું ને રૂ. ૩૦૦૦ ) આશરે ઉત્પન્ન થયું છે. ખમરોટનું દેરાસર સમુ કરાવવા માટે એવી ગોઠવણ કરી છે કે ત્યાં રૂ. ૭૦૦ ) ઉઘરાણાથી ભેગા કરવા અને રૂ ૨૦૦ ) ની મદદ કૉન્ફરંસ તરફથી થાય. આ રૂ ૨૦૦ મોકલી આપવામાં આવ્યાછે.

---

**ચોથી કોન્ફરન્સના પ્રમુખ**—પાટણ ખાતે મળનારી ચોથી જૈન કોન્ફરન્સના પ્રમુખ તરીકે આપણી કોમમાં પ્રસિદ્ધ, નામદાર સરકારમાં પણ પ્રતિષ્ઠિત તથા કોન્ફરન્સના રેસીડંટ જનરલ સેક્રટરી શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. ની ચુંટણી થઇ ગઈ છે. પ્રમુખની ચુંટણી બહુ ઉત્તમ થઈ છે, અને તેઓ સાહેબના શુભ હસ્તથી શરૂ થતું કોન્ફરન્સનું કાર્ય વિજયવંતુ નિવડશે એવી દરેક આશા અને ઇચ્છા છે.

**નવા વર્ષનું ખેતાબનું લાસ્ટ**—અખિલ હિંદુસ્તાનમાં સર્વ શ્વેતાંબરી ભાઇઓમાં માત્ર આંગળીના ટેરવાપર ગણાય તેટલાજ સરકાર તરફથી માન અને પ્રતિષ્ઠા પામેલા પુરૂષો છે. મુંબઇ ઇલાકામાં પ્રથમ પદે અગ્રગણ્ય, ચોથી કોન્ફરન્સના ચુંટાએલા પ્રમુખ તથા અનુભવી વૃદ્ધ ગૃહસ્થ શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. છે. તે સિવાય શેઠ વસનજી ત્રીકમજી ( કચ્છના ) અને શેઠ હિરાચંદ મોતીચંદ ( સુરતી ) રાવ સાહેબનો ખેતાબ પામેલા છે. ઉપરાંત ગોડીજીના દેરાસરના ટ્રસ્ટી શેઠ માણેકચંદ કપુરચંદ ( પુનાવાળા ) તથા પન્ના સ્ટેટના એડમીનીસ્ટ્રેટર, અને તેજ રીતે જૈનોમાં એકજ અગ્રગણ્ય અમલદાર મી. બાલાભાઈ મંછારામ ( અમદાવાદ વાળા ) પણ રાવ બહાદુર થએલા છે. બંગાળા તરફ જોતાં પણ બીજી કોન્ફરન્સના પ્રમુખ રાય બહાદુર બાબુ બદ્રીદાસજી કાલિકાદાસજી, ત્રીજી કોન્ફરન્સના પ્રમુખ બાબુ રાય બહાદુર બુદ્ધ સિંહજી તથા રાય બહાદુર સીતાબચંદજી છે. આ પ્રમાણે સાત ગૃહસ્થોને ખેતાબ મળેલા છે, તેમાં એકજણનો વિશેષ વધારો જોઇ અમને આનંદ થાય છે. સુરતના રહીશ, અત્રેના પ્રસિદ્ધ ઝવેરી શેઠ નગીનદાસ ઝવેરચંદને રાવબહાદુરનો ખેતાબ મળ્યો છે. અમે સમજીએ છીએ કે સુરતમાં સેંટ ઍંડ્રુઝ લાયબ્રેરીસાથે હૉલ બંધાવી આપવા માટે તેમણે રૂ. ૨૫૦૦૦) આપવાનું જાહેર કર્યું છે, તે ઉદારતાને અંગેજ આ પીછાન થઈ છે. મી. નગીનદાસ બહુજ ધર્મના રાગી છે. વળી તેમણે કોન્ફરન્સના ફંડમાં પણ રૂ. ૫૦૦૦) ભર્યા હતા, અને સુરતમાં જૈન ભાઇઓની રત્ન સાગર પાઠશાળાના ફંડમાટે પણ તેમણે એક સારી જેવી રકમ કાઢેલી છે, કે જેના વ્યાજ તરીકે પાંચ વર્ષના રૂ. ૫૫૦૦) તેમણે આપેલા છે. અત્રેની શેઠ છોટાલાલ નગીનદાસની મોતીની સીન્ડીકેટ કે જે આખી દુનીઆમાં સૌથી મુખ્ય મોતીની પેઢી છે તેના તેઓ મુખ્ય ભાગીદાર છે. આ પ્રમાણે લાયક નરને લાયક માન મળેલું જોઈ દાતા નામદાર સરકારનો અમે આભાર માનીએ છીએ, તથા ભાગ્યશાળી શેઠ નગીનદાસને પણ ખરા અંતઃકરણથી મુબારકબાદી ઇચ્છી એવી વિનંતી કરીએ છીએ કે જૈન કોમનું જેમ બને તેમ ભલું કરશો. કોઇ એમ સવાલ કરશે કે ખેતાબ મળ્યાથી વિશેષ શું છે? જવાબ ટૂંકો ને ટચ છે. પારસી જેવી નાની કોમમાં કેળવણી અને ધનના પ્રતાપે મિલનસારી સ્વભાવથી ઘણા ગૃહસ્થો સરકારમાં માન પ્રતિષ્ઠા અને ખેતાબો પામેલા છે. તેઓની કોમના કોઇ સવાલની બાબતમાં તેઓ કેવા ફાવી શકેછે તે વારંવાર દૃષ્ટાંતોપરથી જણાયછે. તેવીજરીતે આપણી કોમમાં પણ સરકારમાન્ય ગૃહસ્થોનો વધારો થાય તેમાં શ્રેયજ છે. આ સંબંધે એક અગત્યની સૂચના અમે કરવા માગીએ છીએ કે આત્માર્થી જનોએ ખેતાબ મેળવવા માટેજ સારાં કામો કરવાં નહિ પરંતુ જ્ઞાતિભાઇઓનું શુભ થાય એ હેતુથીજ કામો કરવાં. શેઠ નગીનદાસે પુત્રલગ્ન પ્રસંગે પણ કોમમાટે સારાં કામોમાં રૂ. ૨૫૦૦૦ ખર્ચવા એલાહેદા કાઢ્યા છે.

**બોર્ડીંગને ભેટઃ**—જૈન કૉલેજ કરતાં બોર્ડીંગની અતિશય આવશ્યકતા છે એમ રા. મોતીચંદના લેખપરથી સ્પષ્ટ થાય છે. અહિના શેઠ રતનજી જેચંદે ભાવનગર દશાશ્રીમાળી બોર્ડીંગના મકાન ભાડામાટે દરવર્ષે રૂ. ૭૫ લેખે પાંચવર્ષસુધી આપવાનું કબૂલ કર્યુંછે, અને તે પણ પુત્રલગ્નનિમિત્તે. ઉદાર ગૃહસ્થોએ નિમિત્ત તથા ઉદારતાનો પ્રકાર ધ્યાનમાં લેવા જેવો છે. કોન્ફરન્સ આવાં કામો તરફ લક્ષ દોરેછે, અને આવા ગૃહસ્થો કોન્ફરન્સનું ચૈતન્ય છે.

**હિંદી એડીટર:**—રા. ગુલાબચંદજી ઢઢાના જમાઇના ભવિષ્યથી તથા રા. ઢઢાને જેપુરસ્ટેટમાં ત્યાંના મહેરબાન રેસીડેંટ સાહેબસાથે દુષ્કાળ પ્રસંગે કામગીરીપર જવાનું હોવાથી તેઓ સાહેબ કામમાં બહુ રોકાયલ છે, તેથી આ વખતે હિંદી લખાણ બહુ થોડું આવી શક્યું છે, તે માટે હિંદી વાંચકોની ક્ષમા ચાહીએ છીએ.

**જીર્ણોદ્ધારમાટે મંજૂરીઓ.**—પાટણના રહીશ નિઃસ્વાર્થ આત્માર્થી શેઠ લલુભાઈ જેચંદને મારવાડમાં જીર્ણોદ્ધાર કરાવવા માટે રૂ. ૨૦૦૦) ની મંજૂરી આ ઓફીસ તરફથી આપવામાં આવીછે. વળી કાઠીઆવાડમાં આવેલ પ્રાંગધ્રાપાસે ગાળા ગામનું દેરાસર કે જે ૮૦૦ વર્ષનું જૂનુંછે તેના ઉદ્ધાર માટે રૂ. ૩૦૦) સુધીની તથા જામ ખંભાલીયાના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૨૦૦) સુધીની મંજૂરી આપવામાં આવી છે.

**પુસ્તકોદ્ધાર:**—પાટણના ભંડારોનું લીસ્ટ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેસલમીરમાં પણ જુના પુસ્તકોના ઉદ્ધારઅર્થે નકલો કરવાનું કામ ચાલે છે.

**પ્રશંસનીય ઉદારતા:**—ગુજરાતમાં આવેલા બીલીમોરાના શેઠ ઠાકોર જીવાજીની વતી શેઠ ભુદરાજી ભિખાજી મારફતે બીલીમોરાવાળા અત્રેના શેઠ કેશરીચંદ ભાણાભાઇએ કોન્ફરન્સના જીર્ણોદ્ધાર ખાતામાં રૂ. ૨૦૦૧, તથા જીર્ણ પુસ્તકોદ્ધાર ખાતામાં રૂ. ૧૦૦૦, ભર્યાછે.

**કચ્છ મંજલરેલડીયામાં ઉત્સવ**—મુનિરાજશ્રી હંસવિજયજી કે જેઓ કચ્છ દેશમાં વીચરે છે તેમના વીહાર દરમીયાન મંજલરેલડીયામાં આઠ દીવસ સુધી અઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો હતો તથા આઠ દીવસ સુધી પાખી પાળીને ઘણા જીવોને વિશ્રામ આપવામાં આવ્યો હતો. એ અઠાઈ તપ થયા તથા પોસ સુદી ૫ ના દિવસે વરઘોડો નીકળ્યો. ગામના પ્રમાણમાં દેવ દ્રવ્યની વૃદ્ધિ પણ ઠીક થઈ. કોટડી, રાયનજર, બાયટ, નાણપુર, માંડવી આદિ ગામોના શ્રાવકોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો. સ્વધર્મ વાત્સલ્ય પણ થનાર છે. આ પ્રસંગ ઉપર દુષ્કાળ પીડિત જામનગર જીલ્લાના શ્રાવકોને ભૂલવામાં આવશે નહિ. તેમને મદદ અર્થે પણ રૂ. ૨૫૦ મોકલવામાં આવશે. ખરૂં સ્વામીવાત્સલ્ય આનું નામ છે! આવું સ્વામી વાત્સલ્ય કરવાની હરએકની ફરજ છે. આ સર્વે મુનિવિહારનીજ બલીહારી છે !!

---

# ગ્રંથાવલોકન.

**ધર્મસંગ્રહ**—પંડિત શ્રી માનવિજયજીગણિ વિરચિત આ પુસ્તક ૨૬૪ પાનાનું છે. ટાઈપ, કાગળ તથા બાંધણી ઉત્તમ છે. પૂઠું પાકું મજબૂત છે. આ પુસ્તક શ્રી મુંબઈના કચ્છી ભાઇઓ તરફથીજ ઘણે ભાગે મદદ પામેલા, શ્રી પાલીતાણા મધેના શ્રી જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી, અત્રેના શ્રીમાન શેઠ વસનજી ત્રિકમજીની કંપનીના ખર્ચે છપાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. કિંમત લખી નથી. રાવસાહેબ શેઠ વસનજી ત્રિકમજી જે. પી. નો ફોટોગ્રાફ પણ સાથે આપેલ છે. મુખપૃષ્ઠ ઉપર જૈન ગ્રંથમાળા પુસ્તક પહેલું લખેલ છે, તેથી હર્ષસાથે અનુમાન થાય છે કે આ ગ્રંથમાળામાં બીજાં પુસ્તકો પ્રગટ થશે ખરાં. કોઇ પણ દેશની ચડતીનો આધાર જ્ઞાન, કળા અને હુન્નરપર રહેલો છે. જ્ઞાન ઐહિક અને પારલૌકિક એ જાતનું છે. પશ્ચિમના જે દેશો અત્યારે સમૃધ્ધિની બાબતમાં ઘણેજ દરજ્જે ચઢીઆતા છે, તે માત્ર ઐહિક જ્ઞાનથીજ છે. એટલે કે અતિશય ઉદ્યોગ કરીને આ સંસારમાંજ કેમ સુખી થવું તે વિષેનું જ્ઞાનજ બહુધા તેઓ ધરાવે છે. પૂર્વ અને તેમાં પણ ખાસ કરી હિંદ ધર્મોની જન્મભૂમિ

અને નિર્વાણ સ્થાનકે, અટલું થઈ છે કે આપણામાં કેટલેક અંશે ખોટી રીતનાં દાન વિગેરે દાખલ થઈ ગયું છે, પરંતુ સમગ્ર રીતે લેતાં ધર્મના તત્વો તથા ક્રિયાકાંડની બાબતમાં પશ્ચિમ પૂર્વ પાસેથી ઘણું મેળવી શકે તેમ છે. નિષ્પક્ષપાત દૃષ્ટિથી પણ એટલું તો લાગે છે કે જૈન ધર્મ સર્વથી શ્રેષ્ઠ એટલા માટે છે કે દયામયજ હોઇને તેનો દરેક બાબતો બહુજ સ્પષ્ટ, વિસ્તારથી, ભેદ, પેટાભેદ સહિત એવી રીતે સમજાવેલી છે કે તેમાંથી જેટલું ગ્રહણ થાય તેટલું સારું છે. પ્રશંસાર્થના ઉત્તમ છે. વાસના રહિત કર્મથીજ જીવન સાફલ્ય છે, એવું કહેવામાં આવ્યું છે તે સત્યજ છે. અનુબંધ ચતુષ્ટય પણ ઉત્તમ રીતિ સમજાવાયું છે. પ્રત્યેક ગ્રંથમાં આ ચતુષ્ટય જણાવાય તો ઉત્તમ થાય. આ ગ્રંથ ૧૪૬૦૨ શ્લોકનો છે. દરેક પાનામાં અર્ધ પાનું ઉપર સંસ્કૃતનું તથા નીચે અર્થ આપેલ છે તેથી બન્ને રીતે ઉપયોગી છે. વાંચકને સુગમ પડે તથા બન્ને વાંનાં સાથે જળવાઇ રહે. આ ગ્રંથના ૪ અધિકાર છે. પહેલામાં ગૃહસ્થનો સામાન્ય, તથા બીજામાં વિશેષધર્મ, ત્રીજામાં સાપેક્ષ યતિધર્મ અને ચોથામાં નિરપેક્ષ યતિધર્મ વર્ણવ્યો છે. આ ગ્રંથ સંવત ૧૭૩૧ ના વૈશાક શુદ ૩ ના રોજ અમદાવાદમાં પૂર્ણ થયો છે. શ્રી માનવિજયગણિ સંબંધી ગુરૂપરંપરા નીચેના વૃક્ષપરથી જણાશે.

હીરવિજય સૂરિ—અકબરને પ્રતિબોધનાર

|

વિજયસેન સૂરિ

|

તિલક વિજય

|

વિજયાનંદ સૂરિ

|

માનવિજય સૂરિ—આ ગ્રંથના કર્ત્તા.

અત્યારે સાત ક્ષેત્રમાં જ્ઞાન, ચૈત્ય તથા પ્રતિમાનો જીર્ણોધ્ધાર, શ્રાવિકાઓને કેળવણી તથા નિરાશ્રિત, અપંગ સાધર્મિભાઇઓને આશ્રય એ મુખ્યત્વે આદરવા યોગ્ય છે, અને તેમાં પણ શ્રીમાનો પુસ્તકો તરફ આવો ભક્તિભાવ રાખે એ જાણી આનંદ થાય છે. પુસ્તક દરેક રીતે ઉત્તેજન પાત્ર છે. આ ગ્રંથમાં બે અધિકારનુંજ વર્ણન છે; હવે પછીના ૨ અધિકાર બીજા પુસ્તકમાં છપાવશે એમ સંભવે છે. આઠ પ્રકારના વિવાહ, બુધ્ધિના આઠ ગુણ, સમ્યકત્વનાં લક્ષણ, ભેદ, તથા તે ઉત્પન્ન કરવાની બે ગાત, મિથ્યાત્વનું સ્વરૂપ, પ્રકાર તથા પહેલા પાંચ અણુવ્રત એટલી બાબતો ખાસ લક્ષમાં લેવા જેવી છે.

---

# પૂર્ણ થતું આ માસિકનું પ્રથમ વર્ષ.

આ અંક વર્ષનો છેલ્લો અંક છે, અને તે સાથે એક વર્ષના નાના બાળકનું પ્રથમ વર્ષ પૂર્ણ થાય છે. તેમના જે વિષયો ખાસ મનન કરવા લાયક છે, તે વિષે ટુંકામાં જણાવવું પ્રાસંગિક છે. હેરલ્ડનો અર્થ દૂત અથવા ખેપીયો થાય છે. કૉન્ફરન્સ હેરલ્ડ એટલે કૉન્ફરન્સના કામકાજનું વર્ણન કરનાર પત્ર. જૈન ગ્રેજ્યુએટ્સ ઍસોસીએશનના જે નિયમો આપ્યા છે તે તથા ગ્રેજ્યુએટોનાં નામોનું લીસ્ટ કેવું ઉપયોગી છે તે પ્રસંગેજ માલૂમ પડી શકશે.

મી. ઢઢ્ઢાનો લેખ "તીસરી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ" બહુ ઉપયોગી છે. કૉન્ફરન્સની આવશ્યકતા શું છે, તેનાથી અદૃશ્ય પણ કેવા કેવા લાભ છે, તેના પરના આરોપો [illegible] દલીલો છે વિગેરે

બાબતોનું દલીલથી યુક્તિ પુરઃસર વિવેચન થએલું છે. એક ઇંગ્રેજી વિષયમાં નામદાર ગાયકવાડ સરકારે આપણે માટે ઉચ્ચારેલો અભિપ્રાય અને તે પરનું વિવેચન ઉત્તમ છે. "શ્રી વીર ભગવાનના ચરિત્ર ઉપરથી ગ્રહણ કરવાનો બોધ" બહુજ અચ્છો લેખ છે.

ત્રીજા અંકમાં મી. ઢઢ્ઢાએ જૈન કૉલેજની સ્થાપના વિષે ઇંગ્રેજીમાં વિષય લખ્યો છે તથા તે પછીના એક અંકમાં મી. મોતીચંદ કાપડીઆનો જૈન કૉલેજ કરતાં બોર્ડીંગની જરૂર છે એ બન્ને વિષયો સાથે વાંચવા જરૂર છે. નાવારસ બચ્ચાંઓ માટે એક રક્ષક મંડળી ઉભી થવા વિષેનો લેખ પણ વિચારવા જેવો છે કૉન્ફરન્સ ઑફીસ શું કરે છે? એમ પૂછનારને માટે પહેલું તો એ જણાવવાની જરૂર છે કે ઉપદેશક. મી. ટોકરશી નેણશીએ શું શું કર્યું છે તે ત્રીજા અંકમાં અને આ અંકમાં જણાશે. વળી ડીરેકટરીનું કામ બહુજ મુશ્કેલ છે. અત્યારસુધી આશરે ૩૦૦૦ ગામની ડીરેકટરીનું કામ પુરૂં થયું છે અને આખી ડીરેકટરી છપાયા પછી આપણુને આપણી સ્થિતિ બહુજ સારી રીતે માલૂમ પડી આવશે, અને કઈ દિશામાં કામ કરવાની આવશ્યકતા છે તે સ્પષ્ટ જણાશે. વળી કૉન્ફરન્સને ખર્ચે અહીંની બોર્ડીંગ તથા કન્યાશાળા ચલાવવામાં આવે છે. "જીવદયા પ્રચાર કરવાનો યોગ્ય રસ્તો" એ વિષયમાંની સૂચના સુકૃતદાન કરનારને બહુજ ઉપયોગી છે. હાલ જે ઘણાં ખરેખરાં શુભ કામોમાં પૈસો વાપરેલો ઉગી નીકળે તેમ છે, તેમાંનું આ એક છે. ગુજરાત તથા દક્ષિણની એ બંને કોન્ફરન્સના રીપોર્ટો, તે માટેની ગોઠવણો વિગેરે બાબતો જાણવા જેવી છે. રીપોર્ટ સામાન્ય રીતે નીરસ લાગે, પરંતુ જે ઉચ્ચ વિચારો આગળ આપણે જાણ્યા હોય, તેના તેજ વિચારોનો આ એક થર પડવાથી તે ઉચ્ચ વિચારો બહુજ દૃઢ થતા જાય છે. ચોથા અંકમાં The problem of the day માં નેતાઓની ફરજ કેવી અને કેટલી ગંભીર છે તે મનનને લાયક છે. વિદ્વાન, ધનવાન્, બુદ્ધિમાન્ એ દરેક ઉપર બહુજ ફરજ લટકેલી છે, તેનું આ વિષય દિગ્દર્શન કરાવે છે. વકીલ મૂળચંદ નથુભાઇ જૈન શાસ્ત્રના બહુ સારા જાણકાર હતા, અમુક બાબત કયા નયથી કહેવામાં આવી છે તે સારી રીતે સમજતા, અને સમજાવવા યત્ન કરતા. તેમના મૃત્યુથી કોન્ફરન્સના કામને, ભાવનગરના સંઘને તથા આત્માનંદ સભાને બહુ નુકસાન થયું છે. છઠા અંકમાં કોન્ફરન્સે શું કર્યું અને શું કરે છે તે આપેલું છે.

સાતમા અંકમાં શત્રુંજય તીર્થની બાબતમાં પ્રચલિત રીવાજની દૃઢતા એ વિષયપર મી૦ ઢઢ્ઢાનો લેખ બહુ વિદ્વતાથી ભરેલો છે. મી૦ કાપડીઆનો વિષય "હવે કરવું શું" વાંચવા જેવો, વિચારવા જેવો તથા બની શકે તેટલું ફરજનું ભાન કરાવે એવો છે.

આઠમા અંકમાં Are we advancing એ વિષય વિચારવા જેવો છે. કોન્ફરન્સની અગત્ય વિષે મી૦ વલ્લભદાસની લેખિનીનો પ્રયાસ સ્તુત્ય છે. વાળા કુંચીનો વિષય પણ વિચારવા જેવો છે.

"જૈન બંધુઓની પડતીનું એક સજડ કારણ" વ્યવહારિક વિષય છે—વાંચવા જેવો છે.

દશમા અંકમાં પરદેશ ગમન વિષે ઇંગ્રેજી લેખ વિચારવા જેવો છે.

આ સિવાય સ્ફુટ વિચારમાં કેટલાક વિષયો બહુ સારા વાંચવા જેવા છે. પોસ્ટેજ સહિત રૂ. ૧ માં આવી રીતે પત્ર નીકળતું રહે છે તેમાં નિઃસ્વાર્થ લેખકોએ બજાવેલી સેવા માટે પુરા અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ, અને આવતા વર્ષમાં પણ તેવીજ રીતે આ પત્રને દીપાવશે એમ સંપૂર્ણ આશા છે. વિષયો ઘણા મનન કરવા જેવા છે. જૈનોમાં હજી કરવાનું ઘણું છે, સુધારાની જગા બહુ છે, પરંતુ આપણી કોમ વ્યાપારી હોવાથી જ્ઞાન તરફ, વાંચન તરફ અને જાહેર સવાલો તરફ બહુજ થોડું ધ્યાન આપે છે. ઇંગ્લાંડમાં એવાં ધુરંધર પત્રો પડ્યાં છે કે જેનો સોમો ભાગ પણ અહીંના પત્રો ખપી શકતા નથી. ત્યાં વિકટોરીયનવાળા અથવા એવા

સામાન્ય ધંધો કરવાવાળો પણ દેશ પરદેશ સંબંધી, પોતાની બાબતો સંબંધી ધ્યાન રાખે છે, જ્યારે આપણા દેશીભાઈઓ આગળ વધેલા હોય તેઓ પણ વાચન-મનનમાં ઓછા હોય છે, એનું મુખ્ય કારણ કેળવણીનું ઓછાપણું છે. કેળવણી વધારવાને અમારા ઉપદેશક, સેક્રેટરીઓ તથા આ માસિક પોતાથી બનતું કર્યાં જાય છે. વિચાર કરતાં માલૂમ પડશે કે જે લેખો ખાસ ગણાવ્યા છે તે ઉપરાંત બીજા પણ ઉત્તમ લેખો આ વર્ષમાં આવ્યા છે—આ તો માત્ર ઉપર ટપકેથી જોતાં પણ વાચનનો પુરો બદલો વાળી આપે એવા વિષયો-પુનરાવર્તન માટે ભલામણ કરવા યોગ્ય-વિષયો ગણાવ્યા છે. આ વર્ષે અમારાથી બની શકતી સેવા બજાવી આ નવા વર્ષમાં અમારાથી બની શકતું વાચન પૂરું પાડી વાચકવર્ગની સેવા બજાવીશું, એમ જણાવી લેખ પૂર્ણ કરીએ છીએ. સર્વજ્ઞ ભગવાન, અમારી તે આશા પરિપૂર્ણ કરો અને જૈન બંધુઓના હિતના કામમાં આ માસિકને મદદ આપો.

---

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરંસ—હાલ તે શું કરે છે ?

આપણી કોન્ફરન્સ શું કામ કરે છે તે જો કે કોઈ પણ રીતે ગુપ્ત રાખવામાં આવતું નથી તેમજ તેના હિસાબ, ચોપડા અગર તેના દરેક કાગળો કોઈ પણ જૈન જોવા માગે તેને માટે ખુલ્લા છે અને કોઈ પણ પ્રકારનો પ્રશ્ન થતાં મુંબઈની ઓફીસ ખાતેથી સત્વર જવાબ આપવામાં જરા પણ ઢીલ થતી નથી; તે છતાં પણ કોન્ફરન્સ શું કરે છે એવા પ્રશ્નો કેટલાક મહાશયો કરે છે; એટલુંજ નહીં પણ "જૈન" જેવું આગેવાન પત્ર પણ તે બાબતની નોંધ લે છે તેથી અમને જરા આશ્ચર્ય લાગે છે અને તેજ કારણથી આ લેખ લખવાની ફરજ પડે છે.

સંવત ૧૯૬૦ આખરનો આ કોન્ફરંસના કામકાજનો હિસાબ તથા રીપોર્ટ વડોદરા ખાતે ભરાયલી ત્રીજી કોન્ફરંસ વખતે જૈન પ્રજા સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો અને તેમાં બીજી કોન્ફરંસ મુંબઈમાં મળ્યા પછી તેના સેક્રેટરીઓને કેવી અડચણ પડી હતી તે તથા તેવી મુશ્કેલીઓ પડવા છતાં પણ સેક્રેટરીઓએ જે કામ કર્યું હતું તેનું લંબાણથી વિવેચન શ્રીસંઘની પાસે રજૂ કર્યાં છતાં "કોન્ફરંસના નાણાં સેક્રેટરીઓ કેમ ખર્ચી નાંખતા નથી" એવા પ્રશ્નો થાય છે. આવા પ્રશ્નો કરનાર ગૃહસ્થોને નમ્ર વિનંતિ છે કે તેઓએ તસ્દી લઇ કોન્ફરન્સ ઓફીસને પોતાના ચરણકમલથી પવિત્ર કરી હોત તો ઘણે દરજ્જે તેઓ સાહેબનાં મનનું સમાધાન થયું હોત અથવા તેટલી તસ્દી ન લેતાં તેઓએ એકાદ પત્ર લખ્યો હોત તો પણ તેઓ સાહેબના મનને સંતોષ મળત. પણ તેમ ન કરતાં કર્ણોપકર્ણીય વાતો કરવાથી યા કહેવાવવાથી ખરી હકીકત લક્ષગત ન થતાં તેઓશ્રીના મનને સંતોષ મળ્યો નથી તેથી અમે દિલગીર છીએ.

વળી કેટલાએક તરફથી એમ પણ કહેવામાં આવે છે કે દર મહીને કોન્ફરંસના કાર્યનો રીપોર્ટ તથા હીસાબ આ માસિકમાં શા માટે પ્રગટ કરવામાં આવતો નથી ? આ સંબંધમાં અમે જણાવવાની રજા લઇએ છીએ કે મુંબઈની ઓફીસ કે જ્યાંથી આ માસિકને પ્રગટ કરવાની વ્યવસ્થા થાય છે તેમાં થતાં કામકાજની વખતો વખત નોંધ લેવામાં આવેલી છે, બાદ હીસાબ તથા બીજી ઓફીસોના કામકાજના રીપોર્ટો દર મહિને ત્યાંથી નહી મળી શકતા હોવાથી આપી શકાતા નથી, જો કે વખતો વખત તે ઓફીસોને લગતી મહત્વની બાબતો પણ શ્રીસંઘ સમક્ષ મૂકવાને અમે ચુક્યા નથી; બાકી બધી ઓફીસોના એકંદર વાર્ષિક રીપોર્ટ તથા હીસાબ વર્ષ આખેરીએજ પ્રગટ કરી શકાય અને તે પાટણ ખાતે મળનારી કોન્ફરંસ વખતે નિયમ મુજબ કરવામાં આવશે. છેવટ કોન્ફરંસ તરફથી નીકળતા માસિકમાં કોન્ફરંસ શું કરે છે તેની સવિ-

સ્તર હકીકત પ્રતિ માસે જોવાની ઇચ્છા રાખનારાઓ પ્રત્યે અમે નમ્રપણે જણાવવાની રજા લઈએ છીએ કે માસિકના વ્યવસ્થાપકો પોતાને મોંહડે પોતાના વખાણ કરી દર માસે માસિકમાં પોતાના કાર્યો જણાવી આત્મશ્લાઘા કરવાનું ઉચિત ધારતા ન હોવાથી, આવી રીતે પણ હકીકત જાણવાની ઇચ્છા તૃપ્ત ન થવાથી તેવા ઇચ્છકોને પણ હેરૅલ્ડના સંપાદક તરફથી અસંતોષ મળવાનું કારણ મળ્યું છે તેને માટે પણ ક્ષમા યાચ્યા સિવાય હમારી પાસે બીજો માર્ગ નથી.

જેમ બીજા વર્ષની હકીકત ત્રીજા વર્ષની શરૂઆતમાં કોન્ફરંસ મળતાં રજુ કરવામાં આવી હતી તેમ આ વખતે પણ થયું હોત અને થશે પણ પાટણનિવાસી ભાઇઓના અનિવાર્ય કારણોને લઇને કોન્ફરંસ ભરવાની તારીખ ફાગણ માસમાં ઠરાવવાથી હવે કોન્ફરંસ પ્રત્યે શું કર્તવ્ય છે તેનો વિચાર કરવાને બની આવે તેને માટે સંક્ષિપ્ત રીતે અત્રે ઉલ્લેખ કરવાનું યોગ્ય લાગ્યું છે જો કે કોન્ફરંસ ભરાતાં સુધીમાં આ નીચે જણાવેલા આંકડામાં ફેરફાર થશે, અને હકીકતમાં પણ ફેરફાર થશે, તો પણ આજ સુધીમાં શું સ્થિતિ છે તે દર્શાવવા આ નીચે ઉપર ઉપરથી આશરે જે આંકડા લખ્યા છે તે ઉપર વિચાર કરી, કરવા યોગ્ય સૂચના કરવાનું અથવા કર્ત્તવ્ય વિચારી હવે પછી કોન્ફરંસને આથી સારી સ્થિતિમાં મુકવાનો વિચાર કરવાની અમે સર્વ જૈન સાક્ષરોને અને શ્રીમાન તેમજ ધર્માનુરાગી ભાઇઓને વીનંતી કરીએ છીએ.

છેલ્લા વાર્ષિક રીપોર્ટમાં જણાવ્યા મુજબ બીજી કોન્ફરંસ વખતે ધર્મોન્નતિ કરવાને વગર માગ્યે ઉદાર જૈન બંધુઓ તરફથી ઉત્સાહપૂર્વક ભરવામાં આવેલા રૂ. ૧૧૮૮૪૫–૧૨–૦ માંથી સંવત ૧૯૬૦ ના આશો માસસુધીમાં રૂ. ૯૧૨૮૦–૮–૦ વસુલ આવ્યા હતા અને આ સાલમાં એટલે સંવત ૧૯૬૧ ની આખેર સુધીમાં પાછલી ઉઘરાણીના તથા વડોદરા ખાતે ભરાએલા રૂપૈયામાંથી બીજા રૂ. ૯૫૦૦ આશરે વસુલ આવ્યા છે એટલે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૦૦૮૦૦ કોન્ફરંસના હાથમાં આવ્યા છે.

આ રૂપીઆ પૈકી માત્ર રૂ. ૧૬૦૦૦ ને આશરે સંવત ૧૯૬૦ માં ખર્ચ થયો હતો અને શેઠ ગોકળભાઈ મુળચંદે બાંધવા ધારેલાં જૈન બોર્ડીંગમાં આપણી તરફથી જે રૂ. ૨૫૦૦૦ આપવા કબુલ કર્યાછે તે અને સંવત ૧૯૬૧ માં જે રૂ. ૨૬૦૦૦ ખરચ થયો છે તે ગણતાં વર્ષ આખેરીએ આપણા હાથમાં રૂ. ૩૩૦૦૦ સીલક રહ્યા. વલી ત્યાર બાદ આ વર્ષ કારતક અને માગશર માસમાં રૂ. ૬૦૦૦–૭૦૦૦ નો ખરચ થયો છે અને પાટણ ખાતે કોન્ફરંસ ભરાય ત્યાર સુધીના ચાલુ ખરચને ગણતાં તે વખતે મુળ ફંડમાંથી આપણા હાથમાં આશરે રૂ. ૨૫૦૦૦–૩૦૦૦૦ સીલકમાં રહેવા સંભવ છે.

પુરતી સંભાળ અને કરકસરથી ખરચ કરવામાં જુદી જુદી વખતે જુદે જુદે નિમિત્તે મદદ માંગનારા સાહેબોને દીલગીર કરવાનું કામ પણ ફરજને લીધે કરતાં છતાં કુલ રકમમાંથી માત્ર ¼ જેટલી રકમ આ વખતે કોન્ફરંસ તરફથી નીમવામાં આવનાર સેક્રેટરી સાહેબોને ખરચવાને સોંપવાનું થવાનો સંભવ છે.

કોન્ફરંસે જે કાર્યો કરવાનો વિચાર કર્યો છે તે કાર્યો એટલાં મોટાં છે કે હાલમાં ભરાયલી રકમથી વીશ કે પચીશ ગણી રકમ સેક્રેટરીઓને સોંપવામાં આવી હોય અને પછી તેઓ આળસ કરે યા છૂટે હાથે નાણાં ન ખરચતાં મોટાઇને માટે પૈસા રાખી મુકે તોજ વિવેચકોને વિવેચન કરવાનું સાધન મળે તેમ છે. બાકી જેમ ત્રણ દીવસના ઉપવાસીને માત્ર પારણું કરાવવામાં થોડું સાકરનું પાણી અને થોડા ચણાના દાણા મળે અને તે તેને જેમ સંભાળ પૂર્વક વાપરે તેમ મુગલાઇના સમય પછી જૈન મંદીરોની, જૈન શાસ્ત્રોની તથા જૈન ભાઇઓની થયેલી ખેદકારક સ્થિતિ સુધારવામાં લાખ સવા લાખની રકમ માત્ર બોરમાં ચટણી જેવી છે અને તેમની મહોળી હાજતોના પ્રમાણમાં આજ કારણને લીધે કોન્ફરંસ તરફથી થયેલાં કાર્યો સામાન્યપણે પ્રેક્ષણ કરનારની નજરમાં આવતાં નથી.

હાલમાં જે કાર્યો કરવાનો કોન્ફરંસ તરફથી આરંભ થયો છે તે જેમ એક ગ્રંથકાર મંગળાચરણમાં શ્રીકાર અથવા ૐકાર લખે તેવો છે અને ખરેખરો ગ્રંથ જેમ મંગળાચરણ કર્યા પછી લખાય છે તેમ જનસમુહની નજરમાં આવે અને શાસનની શોભા વધારે તેવાં કાર્યો તો હવે પછી થનાર છે અને આવાં મહત્વનાં કાર્યો કરવાને કોન્ફરંસ કાર્યવાહકો તો માત્ર શ્રીસંઘના દાસ બની પોતાની ફરજ અદા કરવામાં તત્પર રહેશે પણ તેને સાધનો પુરાં પાડવાનું કામ શ્રીસંઘનું છે અને તત્ સબંધી વિચારો અને યોજનાઓ કરવા દરેક ગામના શ્રીસંઘના આગેવાન ગ્રહસ્થોને નમ્રતા પૂર્વક અમારી વિનંતી છે. જો હવે પછીને માટે કોન્ફરન્સની સ્થીતિ હાલ છે તેનાથી સારી કેમ થાય તત્સંબંધી કોન્ફરન્સ ઓફીસને અથવા આપણા આગેવાન 'જૈન' પત્રમાં આ વિષય ચર્ચાવામાં આવશે તો તેવા ગ્રહસ્થનો અમે ઉપકાર માનીશું પણ ચર્ચા કરતાં કોઇ વ્યક્તિ ઉપર વાત ન થાય અથવા કોઈના મનમાં વિખવાદ ઉત્પન ન થાય તેવા સારા શબ્દો અને સભ્ય લેખો લખવાની અમારી ભલામણને અયોગ્ય માનવાનું થશે નહિ એમ ઇચ્છી ખાતાવાર ટુંકાણમાં અત્યાર સુધીના થએલાં કાર્યોનું દિગ્દર્શન કરાવી વિશેષ હકીકત જાણવા માટે કોન્ફરન્સ થતાં સુધી પોતાની જીજ્ઞાસાને થોભાવી રાખવા વિનંતી કરીશું.

## કાર્યવ્યવસ્થામાં ત્રીજી કોન્ફરન્સ પછી કરવો પડેલો ફેરફાર.

વડોદરા ખાતે ત્રીજી કોન્ફરંસનું કામ સમાપ્ત થયા બાદ કાર્યની અંતર વ્યવસ્થા કરવા માટે જનરલ સેક્રેટરીઓની મીટીંગ થઈ હતી, અને બીજી કોન્ફરંસ વખતે ઠરાવેલા નિયમે કાર્ય કરતાં અડચણ જણાયાથી તે નીયમોને બદલે નીચે પ્રમાણે વ્યવસ્થા નક્કી કરવામાં આવી હતી.

બીજી કોન્ફરંસમાં દરેક સેક્રેટરીને જુદા જુદા ખાતાઓનાં કામ કરવાની ભલામણ કરવામાં આવેલી અને તેને માટે અમુક રકમો મંજુર કરવામાં આવેલી તે સંવત ૧૯૬૦ ની સાલના રીપોર્ટને પાને ૪ થી ૮ સુધીમાં આપના જોવામાં આવશે. આ વ્યવસ્થાને ઠેકાણે દરેક સેક્રેટરીઓએ પોતાના વિભાગમાં સર્વ બાબતો ઉપર લક્ષ આપવાનો ઠરાવ થયો અને તે વખતે કોન્ફરંસના હાથમાંની સીલીક રકમ જરૂર પ્રમાણે ખર્ચવાનું ઠરાવવામાં આવ્યું હતું અને તેમ કરવાથી પહેલાની વ્યવસ્થા મુજબ જોડીયા સેક્રેટરીઓની મંજૂરી લેવામાં જે કાળ જતો હતો તે અડચણ દુર કરવામાં આવી હતી. આવી રીતે દરેક સેક્રેટરી પોતાના ઠરાવેલા વિભાગમાં પોતાની ઇચ્છાનુસાર સ્વતંત્ર રીતે કાર્ય કરવાને શક્તીવાન્ થયા હતા.

આ વ્યવસ્થા પ્રમાણે દરેક સેક્રેટરીએ પોતપોતાના વિભાગમાં ઉત્સાહપુર્વક કાર્યો કરવાનો આરંભ કર્યો હતો. તે બદલનો સવિસ્તર રીપોર્ટ પાટણ ખાતે ભરાનાર કોન્ફરંસ વખતે આખા વર્ષના હીસાબ સાથે આપની સમક્ષ રજુ કરવામાં આવશે, તો પણ હાલ તુરત કોનફરંસના ચારે સેક્રેટરીઓ તરફથી કરવામાં આવેલાં મહત્વનાં કાર્યોની ટુંક નોંધ આપીને સંતોષ માનીશું.

**કોન્ફરંસ નિભાવફંડ.** આ ફંડમાં ભરાયલી કુલ રકમ રૂ. ૧૮૭૫૦ માંથી રૂ ૧૩૦૯૪ વસુલ આવ્યા છે અને તેમાંથી ગયા વર્ષ આખર સુધીમાં રૂ ૬૩૦૦નો ખર્ચ થયો છે એટલે આ ખાતામાં હવે રકમ થોડી રહીછે; કોન્ફરન્સને જાગતી રાખનારો અને તે દ્વારાએ કામો કરવાનું મુખ્ય સાધન આ નિભાવ ફંડ છે. જેમ મીલમાં તમામ સાંચાઓ ચલાવવાનો આધાર એનજીન અને બોઇલર ઉપર છે તેમજ કોન્ફરન્સના સર્વે કાર્યોના સંબંધમાં આ નિભાવ ફંડ તમામ કામ કરવાના સાધન રૂપ છે. તેથી તેમ આ વર્ષે યોગ્ય સુધારો વધારો કરવા સાથે તે ખાતાની નાણાં સંબંધી હાલત જરૂર સુધારવા જેવું છે.

**પુસ્તકોદ્ધાર.** આ બાબતમાં મોટા પાયા ઉપર કામ ચલાવવાની જે કેટલીક યોજના થઇ હતી અને જે મંજુર પણ થઈ હતી પરંતુ 'જૈન' પત્ર અને કેટલાએક મહાશયોની વિરૂદ્ધતાથી અને બીજા કેટલાએક કારણોથી આ યોજનાને અમલમાં મુકવામાં આવી નહોતી પરંતુ પુસ્તકોદ્ધારનું કામ પુર્ણ જોસથી ચાલે છે. જેસલમેરના ભંડારની ટીપમાંથી કેટલાએક અપૂર્વ ગ્રંથો લખવાનું તથા ત્યાંના જીર્ણ થઇ ગએલા અને સેજસાજ અધુરા અથવા ત્રુટક ગ્રંથોનો ઉદ્ધાર કરવાનું કામ શરૂ છે, તેમજ પાટણના ભંડારોની ટીપમાં રહેલી અપુર્ણતા દુર કરાવવાનું કામ પણ હાથ લેવામાં આવ્યું છે, શીવાય લીંબડી, પાલનપુર વીગેરે બીજાપણ કેટલાએક નાના મોહોટા ભંડારોની ટીપો એકઠી કરવામાં આવી છે અને વધુને વધુ સ્થળોએથી એવી પુસ્તકોની ટીપો એકત્ર કરવાનો પ્રયાસ ચાલુ છે. જોકે જેસલમેરના પુસ્તક ભંડાર સંબંધમાં વખતો વખત પડેલી અડચણોને લીધે શરૂઆતમાં કામ જોઇએ તેટલું જોરથી ચાલી શકેલું નહીં અને તેથી આ ખાતામાં અત્યાર સુધીમાં થયેલો ખર્ચ જુજ છે એટલે કે, તેમાં ભરાયલા કુલ રૂ. ૧૯૦૦૦ માંથી રૂ. ૧૭૨૮૫ વસુલ આવેલા અને તેમાંથી માત્ર રૂ. ૨૦૦૦ નો ખર્ચ થયો છે. તો પણ માત્ર જેસલમેરના ભંડારો કે જેનો ઉદ્ધાર કરવાનું હવે શરૂ કરવામાં આવ્યું છે તેના ઉદ્ધારમાંજ હાથમાં રહેલી રકમ ખર્ચાઇ જાય તેવું છે. ભંડારની ટીપ પૂર્ણ થતાં સુધી મોટા પાયા ઉપર ગ્રંથો લખાવવાનું અને શોધાવવાનું કામ હાથ ધરવાથી વખતે ઘણા ઉપયોગી અને અપૂર્વ ગ્રંથો નાણાની તંગીને લીધે પ્રસિદ્ધિમાં આવતા રહી જવાને સબબે આ બાબત વિલંબ કરવાનું ઉચિત ધારી કાર્યની વ્યવસ્થા કરવામાં આવી છે. જેઓની પાસે જ્ઞાન ખાતાના પૈસા હોય તેઓને વિનંતી છે કે આ પ્રસિદ્ધ ભંડારની ટીપ જોઇ પોતાની પાસે જ્ઞાન ખાતાના પૈસા રાખવાને બદલે અપૂર્વ જ્ઞાન પોતાના ભંડારમાં રાખવાનું કારણ ઇચ્છી પોતાને જે જે ગ્રંથોની આવસ્યકતા લાગે તે તે ગ્રંથોની નકલો માંગવામાં આવશે તો તેની નકલો કરતાં તથા શુધ્ધ કરતાં જે ખર્ચ લાગે તેજ માત્ર લઇ માંગેલા પુસ્તકોની નકલો જેમ બને તેમ વેળાસર પુરી પાડવા આ કાર્ય કરનારાઓની ઇચ્છા છે. મુની મહારાજાઓને પણ આપણા મૂળ આધાર રૂપ આ જ્ઞાનના કામમાં પૈસા ખર્ચાવવા સુજ્ઞ અને ધનવાન ગૃહસ્થોને ઉપદેશ કરવા પરિશ્રમ લેવા વિનંતી છે. અત્રે ઓફીસ ખાતેથી જેસલમેરાદિ જે જે ભંડારોની ટીપો થઈ છે તે, મંગાવનાર ને માત્ર નકલ કરાવવાનો અને કાગલનો તથા ટપાલનો ખર્ચ આપવાથી તે ટીપોની નકલ સત્વર પોંચાડવામાં આવશે.

**મંદિરોદ્ધાર.** આ ખાતાનું કામ પૂર્વ તરફ તથા મેવાડ અને મારવાડમાં ચાલુ છે. તેમાં કુલ રૂ. ૨૦૦૦૦ ભરાયલા તે પૈકી રૂ. ૧૭૦૦૦ વસુલ આવ્યા છે અને તેમાંથી રૂ. ૪૦૦૦ નો સં. ૧૯૬૦ સુધીમાં ખર્ચ થયો છે. ગઈ સાલમાં બાબુ રાયકુમારસિંહજી માર્ફત કેટલું ખર્ચ થયું તેનો હીસાબ આવ્યો નથી પરંતુ સં. ૧૯૬૧ ની સાલમાં અત્રે રૂ. ૨૦૦૦ નું ખર્ચ થયું છે. આ બાબતમાં, અત્રેની ઓફીસ તરફથી શેઠ લલુભાઇ જેચંદ માર્ફત મારવાડ અને મેવાડના દેરાસરોના જીર્ણોદ્ધાર તરફ મુખ્ય ધ્યાન આપવામાં આવે છે અને ગયા વર્ષે મેવાડના દેરાસરોમાટે રૂ. ૨૦૦૦ સેંકશન કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મારવાડના દેરાસરો માટે રૂ. ૨૦૦૦ નું સેંકશન કરવામાં આવ્યું છે. આ સેંકશન થયેલી રકમો જેમ જેમ જોઇએ છે તેમ તેમ મોકલવામાં આવે છે, તેમની માર્ફતે મેવાડનું કામ એવી રીતે કરવામાં આવે છે કે, તેને માટે મુંબઇમાં એક ટીપ કરવામાં આવી અને તેમાં જૈન કોન્ફરંસ તરફથી રૂ. ૨૦૦૦ ભરવામાં આવ્યા અને મુંબઈ શહેરના જુદાં જુદાં દેરાસરોમાંથી રૂ. ૪૦૦૦ ભરાયા. આ રૂ. ૬૦૦૦ થી જુદે જુદે ઠેકાણે કામ શરૂ કરવામાં આવ્યું. તે સાથે જે ગામમાં કામ શરૂ કરવામાં આવ્યું તે ગામવાળાઓ પાસેથી પણ અમુક ફાળો મેળવવાની તજવીજ કરવામાં આવી હતી જે સંબંધમાં આ માસીકમાં પ્રગટ થયેલા રીપોર્ટમાં જોવામાં આવ્યું હશે. મારવાડના સંબંધમાં પણ એવીજ વ્યવસ્થા કરવામાં આવી છે. આવી રીતે થોડી રકમથી પણ વધારે કામ કરવાની ગોઠવણ કરવામાં આવે છે અને તેથી આ ફંડ કે જેમાં પણ જુજ રકમ છે તેમાં વધારો થવાની ખાસ જરૂર છે.

**નિરાશ્રિત અને કેળવણી.** નિરાશ્રિત અને કેળવણી ફંડમાં ભરાયલી રૂ. ૪૩૦૦૦ ની રકમમાંથી, સંવત ૧૯૬૦ અને ૧૯૬૧ માં ખર્ચાયેલા રૂ. ૧૬૦૦૦, બાદ કરતાં વધતી રકમમાંથી બોર્ડીંગ માટે કબુલેલા રૂ. ૨૫૦૦૦ આપતાં રહેલી સીલક તદન નજીવી છે અને હાલમાં પણ આ ખાતાઓમાં ખર્ચ ચાલું છે. કેળવણીને અંગે વિદ્યાર્થીઓને સ્કોલરશીપો તથા પાઠશાળાઓને મદદ અપાય છે. ડભાસરાના જૈનોને મદદ અર્થે રૂ. ૭૦૦ તેમજ ગોહીલવાડમાં ગયે વર્ષે ચાલેલા સંકટ વખતે રૂ. ૧૨૦૦ ના આસરે તથા રાજપુતાનામાં રૂ. ૧૦૦૦ મોકલવામાં આવ્યા હતા. વળી તે સાથે જુદે જુદે ઠેકાણે સાધારણ સ્થિતિના કુટુંબોને તથા વિધવાઓને મદદ મોકલવામાં આવે છે.

**જીવદયા.** જીવદયાના ફંડમાં રૂ. ૧૭૦૦૦ ભરાયલા તેમાંથી રૂ. ૧૪૦૦૦ વસુલ આવેલા છે, અને તે પૈકી સં. ૧૯૬૧ આખર સુધીમાં રૂ. ૪૦૦૦ નો ખર્ચ થયો હતો. આ કાર્ય માટે તેમજ કોન્ફરંસના બીજા હેતુઓ ઉપર પણ ભાષણ કરવા સારૂ ઉપદેશક ફરે છે જે વિષેનો સવિસ્તર રીપોર્ટ સ્થળ સંકોચને લીધે વાર્ષિક રીપોર્ટમાં આપવામાં આવશે.

**ડીરેકટરી.** વળી આ સાથે ગયા વર્ષમાં ડીરેકટરીનું મહાન કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું અને જે હાલમાં પણ ચાલુ છે. અત્યાર સુધીમાં લગભગ ૩૦૦૦ ગામોની હકીકત આવી છે અને હરરોજ વધુને વધુ ઠેકાણેથી આવતી જાય છે. આ ખાતાને અંગે ગયા વર્ષ આખર સુધીમાં રૂ. ૨૫૦૦ નો ખર્ચ થયો હતો અને કામ સંપૂર્ણ થવા માટે તેથી બીજો દોઢો ખર્ચ થવાનો સંભવ છે. આ ઉપરથી જોવામાં આવશે કે આ મહાન કાર્ય કેવી રીતે કરકસરથી કરવામાં આવે છે. આ કાર્ય પૂર્ણ થશે ત્યારે કોન્ફરંસના કાર્યની કઇ દીશાઓમાં જરૂર છે તેની ચોકસ રીતે આપણને માહિતી થશે અને તે પૂર્ણ થશે ત્યારેજ આપણે અત્યારે શું સ્થિતિ ભોગવીએ છીએ તથા તથા તે સ્થિતિ સુધારવા સારૂ શું માર્ગો ગ્રહણ કરવાની જરૂર છે તેનો આપણને ખરો ખ્યાલ આવી શકશે.

**જૈન કોન્સફરન્સ હેરલ્ડ.** આ માસિકને અંગે પણ ગયા વર્ષ આખર સુધીમાં રૂ ૧૩૦૦ ખેંચાય છે અને ધીમે ધીમે વસુલ આવતા જાય છે અને આવશે, તોપણ આ માસીક કોન્ફરંસ ફંડને બોજા રૂપ ન થઇ પડે તેની ખાસ સંભાળ રાખવાની જરૂર છે અને તેટલા માટે તેના ગ્રાહકોને તેમનું ચઢેલું લવાજમ મોકલી આપવા નમ્ર વિનંતિ છે. હાલના કરતાં પણ માસીકને વધારે લોકપ્રિય બનાવવા સારૂ લખાણ સંબંધી અમે ખાસ ગોઠવણ કરવા ધારી છે, જે કેટલેક અંશે આ અંકમાં અમલમાં મૂકેલી જોવામાં આવશે.

## શ્રી લાલબાગ જૈન બોર્ડીંગ અને મુંબઇની શ્રાવિકાશાળા.

વળી કેળવણી તથા નિરાશ્રિત ખાતાઓને અંગે મુંબઈ શહેરમાં વિદ્યાર્થીઓની સગવડ સાચવવા તથા સાધારણ સ્થિતિના વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ આપવા શ્રીલાલબાગ જૈન બોર્ડીંગ પણ કોન્ફરંસને ખર્ચે ચલાવવામાં આવે છે. તેમાં જોઇતાં સઘળાં સાધનો પુરા પાડવામાં તથા સરાસરી દર મહિને ૮ વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ માટે રૂ. ૧૦૦–૧૨૫ નું માસીક ખર્ચ છે. વળી શ્રાવિકાઓને ધાર્મિક, વ્યવહારિક તથા ભરવા ગુંથવાની કેળવણી આપવા અર્થે કોન્ફરંસના ખર્ચે શ્રી ગોડીજી પાર્શ્વનાથજીના ઉપાશ્રયમાં રૂ. ૭૫ ના માસિક ખર્ચથી શ્રાવિકા શાળા ચલાવવામાં આવે છે, જેનો લાભ અત્રેની શ્રાવિકાઓ સારી સંખ્યામાં લેતી માલમ પડે છે.

કોન્ફરંસ મળે તે પહેલાં જુદા જુદા ખાતાઓને લગતી ટુંક હકીકત જૈન પ્રજા સમક્ષ રજુ કરીને સવિસ્તર રીપોર્ટ પાટણ ખાતે જોવા સારૂ સબુરી રાખવા અમારા સુજ્ઞ જૈન ભાઇઓને વિનંતિ કરી આ લેખ સંપૂર્ણ કરીએ છીએ.

# દિગંબર જૈન બંધુઓ અને કેળવણી.

ભારત વર્ષીય દિગંબર જૈન મહાસભાનો જે વાર્ષિક મહોત્સવ સહરાનપુર ખાતે અહિંના મી૰ માણેકચંદ પાનાચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે થયો હતો તે પ્રસંગે લાહોરના એકઝીક્યુટીવ એન્જીનીયર રાય ફુલચંદજીએ જે કોઇ વિદ્યાર્થી સ્કોલરશિપ લઈ હુન્નર ઉદ્યોગની કેળવણી લેવા તૈયાર થાય તેને માસિક રૂ. ૧૦૦ લેખે ૩ વર્ષ સુધી સ્કોલરશિપ આપવાનું જાહેર કર્યું હતુ. અને તે માગણી ખંડવાના મી. માણેકચંદે સ્વીકારી હતી. આ ઉપરથી કેટલાક વિચારો સ્વાભાવિક રીતે ઉદ્દભવે છે. આપણો દેશ લગભગ તદન ખેતીપર આધાર રાખનાર છે. આપણો—જૈનબંધુઓનો—ઘણો મોટો વર્ગ વ્યાપારી છે. થોડોક વર્ગ નોકરીઆત પણ છે. જે વ્યાપારી વર્ગ છે તે કાં તો દાણાનો, રૂનો, સુતરનો, કાપડનો, ધીરધારનો, મોતીનો અથવા એવા કોઇ ધંધા કરે છે. જો વર્ષ નીષ્ફળ જાય તો દાણા, રૂ, સુતર, કાપડ, ધીરધાર વિગેરે ઉપર આધાર રાખનાર વ્યાપારીઓને એક યા બીજી રીતે ખેડુત સાથે લેણદેણનો સંબંધ હોય છે. જો ખેડુતજ બિચારો પોતાનું અને પોતાનાં બચ્ચાંઓનું ભરણ પોષણ કરવા સમર્થ ન હોય તો પછી તે પોતાનાં લેણદારોને કેવી રીતે કંઇ આપી શકે ? એવા નબળા વર્ષમાં રૂ, સુતર તથા દેશી કાપડનો વેપાર કરનાર બંધુઓ પણ જરાએ ફાવી શકે નહિ એ સ્પષ્ટ છે. પરદેશથી દાણા અથવા કાપડ મંગાવનાર ફાવે, પણ તેઓ સંખ્યામાં બહુ ઓછા હોય છે. માટે હિંદુસ્તાન દેશ, જે હાલ તદન નિર્ધન અવસ્થામાં આવી ગયો છે અને આવતો જાય છે તેનો ઉદ્ધાર તેજ આપણા જૈનબંધુઓનો ઉદ્ધાર છે. અત્યાર સુધી આગલા વખતમાં આપણી જરૂરીઆતો બહુ થોડી હતી, થોડા ખર્ચની અને ટકાઉ હતી. હાલની જરૂરીઆતો ઘણી મોજશોખની, વિશેષ ખર્ચાળ અને તકલીદી છે. આગળ હિંદુસ્થાન એકલી ખેતી તથા થોડાક હાથનો હુન્નર એ બેથી પણ ભરણપોષણ કરી, આબરૂ ઇજતથી વ્યવહાર ચલાવી, ધર્મધ્યાન કરી ચલાવી શકતું હતું અને તેથી મોટાં કારખાનાં અથવા બહુજ મોટા રાક્ષસી ઉદ્યાગોની તેને જરૂર ન હતી. હાલ સમય તદન ફરી ગયો છે અને ફરતો જાય છે. એકલી ખેતી ઉપર આધાર રાખીને હિંદુસ્તાન અગાઉના જેવું ટટાર રહી શકે એ તદન ન બની શકે તેવુ છે. માટે જેમ બને તેમ ઉદ્યોગ—હુન્નરો વધારવા એમાંજ દેશની—તથા જૈનબંધુઓની—ચડતી સમાયલી છે. આવા કોઇ દીર્ઘ દષ્ટિવાળા વિચારથી રાય ફુલચંદજીએ જે પગલું ભર્યું છે તેની પ્રશંસા કરવાને અમારી પાસે પુરતા શબ્દો નથી. તેમણે એક એવી શરૂઆત કરી છે કે જેનું શુભ અનુકરણ દરેક જ્ઞાતિહિતાર્થી શ્રીમંતોએ—લક્ષાપતિઓએ—કરવા અચુક ધ્યાનમાં રાખવું જોઇએ. દીગંબરી ભાઇઓમાં એક ગૃહસ્થ એકઝીક્યુટીવ એન્જીનિયર જેવા મોટા હોદ્દાપર બિરાજે છે એ જાણીને પણ અમને સંતોષ થાય છે. જેમ સાધારણ રીતે મનાતું આવ્યું છે તેમ એક ખાતામાં જે જ્ઞાતિનો ઉપરી હોય ત્યાં તેજ જ્ઞાતીના ઘણા માણસો દાખલ થાય છે. તેજ પ્રમાણે એક જૈન અમલદાર પણ બનતાં સુધી ધર્મબંધુત્વ દયાદૃષ્ટિથી જૂએ એ તદન સંભવિત છે. આપણા શ્વેતાંબરી બંધુઓમાં આવા મોટા ઓદ્દાપર કોઇ ગૃહસ્થ હજી સુધી જાણવામાં આવ્યા નથી. તો તે સંબંધી એટલીજ નમ્ર સૂચના કે બની શકે ત્યારે દરેક જૈન બંધુઓને સહાયભૂત થવા ધર્મના બંધનથી દરેક શક્તિમાન જૈનબંધુ બંધાયેલ છે. વિશેષ એક બીજી તનું સૂચન થાય છે કે દેશનું—અને તેને અંગે જ્ઞાતિનું—ભવિષ્ય સુધરવાનો સંભવ વધુ નજદીક દીસે છે. કારણ કે જ્યારે દેશમાં ઉદય નહિ થવાનાં જે કારણો હોય તે જોવાં અને તેને દૂર કરવા પ્રયત્ન કરવો—અરે, પ્રયત્નની ઇચ્છા પણ કરવી—એ બહુ દુષ્કર છે ત્યારે શ્રીમાન સંસ્કૃત તરફ મોટી સખાવતમાં નહિ દેતાં કેળવણી જેવી સૌથી અગત્યની બાબત માટે સખાવત—અને તેમાં પણ હાલની જરૂરીઆત પ્રમાણેની હુન્નરની કેળવણી માટે સખાવત— કરે, એ દેશના ઉદયનુંજ ચિન્હ છે. હાલ આપણે જોઇશું તો માલુમ પડશે કે

# हाय! आर्यावर्त !

## एक दयानंदी महाशयका धोका देना ।

( श्री आत्मा जैन पत्रीका परसे ).

थोडाही समय गुजराहै कि आर्यसमाजके उपदेशक पंडित शंभुदत्त महाशय ने " जैनमत समीक्षा " नाम किताब बनाकर जैनसमाजका अतीव दिल दुखाया था परंतु सरकार गवर्मेंट बहादुरने इस कामके बदले पंडित शंभुदत्तजी साहिबको सजा पात्र ठहराकर पांच सौ रुपयोंका जुर्माना किया जो प्रायः प्रसिद्ध है. ऐसा होनेपरभी ना माल्म आर्यसमाजके उपदेशकोंको समाजकी तर्फसे क्या फायदा मिलता है? या समाजको ऐसे ऐसे उपदेशकोंसे क्या फायदा मिलता है कि जो झूठी झूठी अपनी मति कल्पना की बातें लिखकर पबलिकको धोखा देने और दूसरों के दिल दुखाने के काममें अपना सर्वस्व मानना स्वीकार किया जाता है? आज " तहकीकात तालीम जैन मजहब " नामा एक छोटासा १६ पृष्ठका ट्रेकट हमारी दृष्टि पडा जो " पंडित चंद्रभानुशर्मा उपदेशक डी० ए० वी० कालेज लाहौर-साकन सुनपत जिला देहली—और पंडित मुरारीलाल शर्माका" बनाया हुआ है, जिसकी भदीसी और धोका देनेवाली रचना को देख मनमें यही आता है कि इन बिचारोंका कर्मोंने कैसे नाच नचाने शुरू किये हैं कि जो इस पापी पेटके वास्ते दश बीश रुपैयेकी लालचसे सरासर झूठ बोलके या लिखके दुनियाको धोखेमें डाल आपना परलोक बिगाडनेका उद्यम कर रहे हैं? परंतु इसमें इन बिचारोंके क्या आधीन है, इनके स्वामी महात्मा श्रीमद्दयानंद सरस्वतीजी की तालीम ही इस प्रकारकी है कि उसके माननेवालोंका दिल जबरन वैसे ही कामोंके करनेमें आनंद मानता है, यदि इस बातका किसीको अनुभव करना हो तो वह उर्दूमें छपा " हाय! हाय!! नियोग " और गुरमुखीमें छपा " दंभनिवारण " दोनों पुस्तकोंकी सैर कर लेवे, मतलब कि इस ट्रेकट में पंडित चंद्रभानुशर्मा आदिने सत्यार्थप्रकाशमें लिखी स्वामीजीकी आज्ञाका अनुकरण और पालन जहां तक होसका पूरा पूरा किया माल्म देता है, बेशक गुरुभक्त ऐसे ही होने चाहियें, जैसा कि स्वामीजीनें कहींका थोडासा पाठ लेकर अपना दिल पसंद अर्थ लिखकर आनंद माना है किसीके बदले किसीका नाम लिख मारा है? *

इसी प्रकार " तहकीकात तालीम जैन मजहब " ट्रेकटमें किया गयाहै जिसकी सिरफ दो बातें बतौर नमूनेके यहां लिखकर हम अपने जैनी भाइयोंको खबरदार करना चाहते हैं कि देखना पंडितजीके लेख पर ही विश्वास करके धोखे में न आजाना, हां बेशक, जिस जिस जगहका नाम देकर पंडितजीने धोका देना चाहाहै उस उस जगहके पाठके साथ पंडितजीके लेखका मुकाबला जरूर करना चाहिये और उसके परमार्थको जरूर बिचारना चाहिये, पंडितजीका लेख स्वतः जबाब देदेवेगा कि बेशक झूठ है ॥

---

* देखो पंडित जगन्नाथदास मुरादाबादवालेकी किताबें तथा स्वामी आलाराम सागर संन्यासीकी किताबें ॥

पंडितजी साहिब लिखते हैं कि " जैनमतकी तालीम है कि जैनी बवक्त हाजत रातको बकुत लकड़ी वगैरहके बरतनमें जरूरत रफा करके सुबहके वक्त जंगलमें उसे मदफून करते हैं.*

वाह ! पंडितजी साहिब ! खूब !!! अखबार हितकारीको आपन जैनशास्त्र माना होगा, अफसोस है आपकी इस धोखे देनेवाली अकल पर. पाठकगण ख्याल करें कि पंडितजीकी बुद्धि कैसी सच्ची तहकीकात करनेवाली है ? पंडितजीको पहिले ध्यानसें यह लेना जरूरी था कि अखबार हितकारीमें जो लेख है किस प्रकरणमें, किस मतलब पर है, परंतु देना तो धोखा था फिर देखने या सोचनेकी जरूरत ही क्या थी ? और यदि देखा और सोचा भी होगा तो भी जान बूझके ही धोखा देनेके वास्ते या जैनियोंकी झूठी बुराई लोगोंके दिलमें ठसानेके वास्ते यह परिश्रम कियाहो तो क्या आश्चर्य है ? क्योंकि स्वामीजी की तालीम सत्यार्थप्रकाशमें जाहिर कर रहीहै कि झूठ बोलनेसे अगलेका मत खंडन होता होवे तो वो झूठ अच्छा है. देखो सत्यार्थप्रकाश सन् १८८४ का छपा.

बस यही काम पंडितजी साहिबने भी किया है. अच्छा, पंडितजी साहिब अपने आपको किसी तरां आनंद करें परंतु वाचकवर्गको अखबार हितकारीका लेख जरूर देखने योग्य है सो यदि अवसर हुआ तो फिर कभी इसी पत्रिकामें दिया जावेगा, यहां तो केवल पंडितजीका धोखा ही साबत करना जरूरी है कि पंडितजी जैन मजहबकी तहकिकातमें जैनमतके सिद्धांतोंके बदल अखबारमें किसीकी लिखी बातका सबूत देते हैं, वाह पंडितजीकी पंडिताई ॥

फिर पंडितजी साहिब लिखते हैं कि जैनमतकी तालीम है कि जैनीको स्थूळ (ज्यादह) झूठका त्याग, रत्नकरंड सफा ६८" वाह पंडितजी साहिब ! खूब प्रमाण दिया जाता है ! भला आपने जो स्थूल शब्दका अर्थ ज्यादह लिखा है क्या कदापि वो भी रत्नकरंडमें लिखा है ? कदापि नहीं, तो भला आपका दिया रत्नकरंडका प्रमाण क्या काम आया ? सिवाय धोखेके और कुछ भी नहीं है ? क्योंकि स्थूल पदका अर्थ ज्यादह यह आपने आपने घरकी डालदिया है जो कि आपकी विद्वत्ताकी एक बडी भारी निशानी है. क्यों पंडितजी साहिब स्थूल पदका ठीक यही अर्थ है जोकि आपने किया है ? यदि यही अर्थ है तो क्या आपके स्वामीजीका और आपका जो यह ख्याल है कि ईश्वरने सूक्ष्मसे स्थूल सृष्टि बनाई सो स्थूल शब्दसे आप यही अर्थ लेते होंगे कि ईश्वरने बहुत ज्यादह सृष्टि बनाई ! यदि ऐसे न मानोगे तो फिर आपका किया अर्थ गधेका शृंग हो जावेगा ॥

इस अवसर पर हम अफसोस जाहिर करे बिना रह नहीं सकते कि एक तरफ तो लाला लजपतरायजी साहिब आदि लायक साक्षर महाशय देशोन्नति के लिये इत्तिफाक करनेके लिये ठिकाने ठिकाने उपदेश दे कर अपना उत्तम विचार लोगोंके दिलमें जमा रहे हैं और एक तरफ पंडित शंभुदत्तजी, पंडित चंद्रभानुजी, पंडित मुरारीलालजी साहिब वगेरह आर्यसमाजकेही ऊपदेशक हर एक मत के मानने-

* देखो अखबार हितकारी माह दिसंबर १९०४ "

मतोंके दिल दुखानेवाले नयेसे नये ट्रैक्ट बना बना प्रसिद्ध करते हैं ! अब मुकाबला करना चाहिये कि जो कुछ असर लोगों के दिलमें पंडित साहिबों के ट्रैक्ट करेंगे वो असर लाला साहिबो के उपदेश करेंगे ? कदापि नहीं, क्योंकि जिस धर्मके पीछे लोग अपने जीवन कुरबान करते हैं उस अपने धर्मकी बुराई करने वालोंके साथ इतिफाक किस तरह हो सकता है ? इस बातका सबसे पहिले बंदोबस्त होना जरूरी है और वो यही है कि सब मतोंवाले इस बातकी प्रतिज्ञा करलेवेंकि कोई मत किसी मतसंबंधि किसी प्रकारकी किताब न छपावे ! और यह काम खास करके आर्यसमाजकी तरफसे ही प्रथम बंद होना जरूरी है. क्योंकि दूसरे के मजहबको बुरा भला कहने वाली जितनी किताबें छप चुकी है सबको प्राय: समाजने ही उत्तेजित किया है, परंतु यह काम होना मुश्कल सा माळूम होता है क्योंकि जिन लोगों ने प्राय: अपनी आजीविका ही इससे चला रखी है वो ऐसी बातको क्यो पसंद करेंगे ?

एक किताब गुरुमुखी मे सिक्खोकी तरफसे छपी है जिसका नाम "हरामजादा कौन याने आर्योंके बे वजा हमलेका मुंह तोडवां जवाब" है, जबकि ऐसे ऐसे खोटे शब्द एक दूसरोको कहे लिखे जाते हैं तो इसका आखरी फल इत्तिफाक ( संप ) होगा या और कुछ ? पहिले समाजकी तरफसे सिक्खोंको बुरा कहा लिखा गया तब ही सिक्खोने बदलेका जबाब दिया है अन्यथा सिक्खोको कोई जरूरत न थी, प्राय: बहुत ठिकाने देखने और सुननेमें आया है कि लोगोंसे चंदा इकठा करके उसीसे उन्हीं लोगोंको बुरा भला कहा लिखा जाता है, बात यह बनी कि "तेरा ही जुता और तेरा ही सिर." और अकसर बिचारे लोगोंको जबरन कुछ न कुछ देना जरूर पडता है क्योंकि खासकर ऐसे ऐसे मामलोंमें कितनही हाकम वकील वगैरेहका लोगोंको लिहाज पड जाता है और डर भी होता हैं कि शायद मैं इस बातमें इनकारी हूंगा तो यह मेरा काम विगाड देगा ! और खास करके ऐसे काममें जाहिरा या पोशीदा जिस किसी मतवाले हाकमका जोर लगता हो लगे बिना नहीं रहता है, इस वास्ते यदि गवर्नमेंट हाकम और वकीलो की बाबत कोई खास बंदोबस्त करे तो क्याही अच्छा हो ! जो बिचारे लोक नाहक मारे लिहाजके या डरके दंडे जाते हैं वह बच जावे !!

एकदा प्रस्तावेजीरा तहसील जिला फिरोजपुरमें फसल अनाज के वक्त पर हाजर होकर उपदेशक उपदेश देकर यतीम यतीम ( गरीब ) के नामसे कई साल अनाज इकठा कर ले जाते रहे, लोक बिचारे मारे लिहाज और डरके देते रहे, उपदेशकोंको भी रस पड गया ! आखिर किसीने मुंह चढकर पूछी कि साहिब ! आप यतीमखानेमें यतीमके लिये हमसे चीज ले जाते हैं. आपके यतीमखानेमें परवरिश पाये वह यतीम हमको क्या फायदा देवेंगे ? आपकी तालीमको सीख कर हमको बुरा भला कहनेके सिवाय और क्या कुछ फायदा देवेंगे ? उपदेशक साहिब जबाब न दे सके ! बस इतनेमें ही बुद्धिमान् लोक समझ जावें !! ॐ शांतिः !!

एक जैनी जिज्ञासु !

## हींदी वांचकोनी याचवामां आवती क्षमा.

आ वखतना अंकमां घणो खरो भाग गुजराती लखाणनोज छे एनुं कारण ए छे के आ मासीकना संपादक मी. गुलाबचंदजी ढढा तेमना जमाईना स्वर्गवासथी तथा हालमां राजपुतानामां जे भयंकर दुष्काळ चाले छे ते संबंधमां जेपुर स्टेटना में. रेसीडेंट साहेब साथे तेमना जील्लामां तेमने फरवा जवानुं थवाथी हेरल्ड माटे पुरतुं हींदी मेटर तेओ मोकली शक्या नथी अने ते माटे आ मासिकना हींदी वांचकोनी क्षमा याचवामां आवे छे.

---

## જાહેરાત.

ચોથી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરંસમાં પ્રતિનિધી ( ડેલીગેટ ) તથા વીઝીટર તરીકે ભાગ લેવાની ઈચ્છા ધરાવનાર સર્વે સદ્ ગૃહસ્થોને જણાવવામાં આવે છે કેઃ-

મંડપની બેઠકની ટીકીટો અત્રે પ્રતિનિધીઓ આવ્યા પછી આપવામાં આવતી હતી જેથી વખતસર ટીકીટો મળતી નહીં હતી, ટીકીટ મેળવવામાં કેટલોક ત્રાસ થતો હતો, અને વખત નકામો જતો હતો. તે સબંધમાં વિચાર કરી નિચે પ્રમાણે ગોઠવણ કરવામાં આવેલી છેઃ-

૧ પ્રતિનિધી ચુંટાઈ આવવાનું લીષ્ટ મોકલતાની સાથે પ્રત્યેક પ્રતિનિધી દીઠ, ડેલી ફીના રૂ ૨' પ્રમાણે મનીઑર્ડરથી અગર બીજી રીતે અમોને તે નાણું મળે તેવી રીતે મોકલી ટીકીટો મંગાવી લેવા મહેરબાની કરશો.

૨ પ્રેક્ષક ( વીઝીટર ) ને જણાવવામાં આવે છે કે મંડપની બેઠકમાં પહેલા વર્ગની ફીના રૂ. ૩) ત્રણ અને બીજા વર્ગની ફીના રૂ. ૨ બે રાખવામાં આવેલા છે. બીજા વર્ગમાં ગેલેરીની ગોઠવણ કરવામાં આવેલી છે, વાસ્તે પ્રત્યેક વીઝીટરે પોતાની જે બેઠકમાં બેસવાની ઇચ્છા હોય તે વર્ગની ટીકીટો નાણું મોકલી મંગાવી લેવાની તજવીજ કરવી. પાછળથી મંગાવનારને સવડ પ્રમાણે બેઠક મળશે અને તે બદલ કોઈ પ્રકારની તકરાર સાંભળવામાં આવશે નહીં.

૩ ટીકીટોનું વેચાણ તા. ૧૫ માહે ફેબ્રુવારી સન ૧૯૦૬ પછી કરવામાં આવશે નહીં.

૪ ટીકીટના પૈસા કોઈપણ કારણથી પાછા આપવામાં આવશે નહીં. તા. ૩૧ ડીસેંબર ૧૯૦૫.

**હેમચંદ વસ્તાચંદ.**

**ચીફ સેક્રેટરી, ચોથી જૈન ( શ્વેતાંબર ) કોન્ફરન્સ. પાટણ.**

# ગોદરેજ અને બાઇસ.

## તીજોરીઓ, તાળા, તથા કળ બનાવનાર.

**ગેસ કંપનીની પાસે, પરેલ—મુંબઇ.**

ગોદરેજ અને બાઇસના કારખાનાનાં માલેક ઈંગ્લંડ અને જર્મનીમાં રહીને ત્રીજોરી બનાવવાનું કામ શિખ્યા છે અને ત્યાંના જેવીજ રીતથી અને તેવાંજ સાંચા કામથી ત્રીજોરીઓ બનાવે છે. એ સાંચા ચાળીસ ઘોડાનાં બળના વરાળનાં ઇન્જીનથી ચાલે છે. ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ દરેક રીતે ઉત્તમ વેલાતી ત્રીજોરીઓની માફક હોવાં છતાં કીંમતમાં ચાળીસ ટકા ઓછી છે.

એ ત્રીજોરીઓ આગમાં કાગળીયા સલામત જાળવી રાખવાની જામીનગીરી સાથે વેચવામાં આવે છે.

જાહેરમાં કરેલા આગના બે ફતેહમંદ અખતરાનો હેવાલ મંગાવેથી મોકલવામાં આવશે.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓ પારકે હાથે ખરી ચાવીથી પણ ઉઘડતી નથી. આવી ખુબી ગમે એવી વેલાતી ત્રીજોરીમાં હોતી નથી.

ગોદરેજ અને બાઇસની ત્રીજોરીઓને દરેક પ્રદર્શનમાં પેહેલાં ઇનામ સોનાના ચાંદ મળ્યા છે.

---

**घणुं सुगंधी–घणुं सस्तुं !**

स्त्रीओमां घणुं मानीतुं अने जाणीतुं.

**सुंदरी विलास**  **हेअर ऑईल**

आ हेअर ऑईलनी सुगंधी मधुर अने मनोहर छे. वाळने वधारवानो एनामा खास गुण छे. आ तेलथी वाळ काळा, चलकता अने रेशम सरखा मुलायम बने छे. एक बाटलीनी **कींमत छ आना.** टपाल खरच जुदुं.

**बी. एल्. गुप्त एन्ड सन्स.**

त्रांबाकांटो. पायधुणी–मुंबई.